No Pages to Display

गांधी स्मृति ग्रंथालय
भावनगर

P
0.50
5/11-25

23123

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

આ પુસ્તક .....દિવસ રાખી શકાશે.

DCT

ગુજરાત વિદ્યાપીઠ

સંસ્થાકિય પત્રિકા

વર્ષ ૨૫ :] જાન્યુઆરી, ૧૯૫૦ [અંક ૧

પૂર્ણ સ્વાતંત્ર્ય

પૂર્ણ સ્વાતંત્ર્ય મળ્યું : એટલે કે આપણા દેશની ઉન્નતિ કરવાની પૂર્ણ સત્તા આપણા હાથમાં આવી. આપણા ઘડવૈયા હવે આપણે બન્યા. આ પ્રજાસત્તાક રાજ્ય આપણે સ્થાપ્યું એટલે શું?

સ્વાતંત્ર્ય આવ્યાનો આનંદ કયારે કરી શકીશું? જ્યારે સ્વાતંત્ર્ય ટકાવવાની જવાબદારી આપણે સૌ ઓળખીશું અને દેશનું ઉજ્જવળ ભાવિ ઘડવાની શક્તિ મેળવીશું ત્યારે જ.

તેથી જ આપણે કેળવણી ઉપર વધારે ભાર મૂકવાનો છે; સત્ય અને અહિંસાના પાયા ઉપર જીવન રચવાની કેળવણી ઉપર ભાર મૂકવાનો છે. મનનું શિસ્ત-સ્વયંશિસ્ત અને નિયમનમાં રહેવાની શક્તિ મળે એ જાતની કેળવણી ઉપર હવે આપણે ભાર મૂકવાનો છે.

તા૦

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા

છુટક નકલ
છ આના

: આશ્રયદાતા :
સ્વ. ગિજુભાઈ બધેકા

: સંપાદક :
તારાબેન મોડક

: સહસંપાદક :
જમુભાઈ દાણી

અનુક્રમણિકા

બાળ વિભાગ

૧. હ્યો.....યોર ... ... પ્રતમચંદ શાહ
૨. બાપુજીની મીઠી વાતો ... બાબાભાઇ ઢેઢી
૩. હિંદનું સ્વરાજ્ય ... ... જમુભાઇ દાણી
૪. બાપુનું મૃત્યુ મહાન ... અમૃતભાઇ જાની
૫. અજીત કેમ સુધર્યો ... ... પુરુષોત્તમ પટેલ
૬. ભાઇનો પ્રેમ ... ... જશભાઇ પટેલ

૧. આપણું પૂર્ણ સ્વાતંત્ર્ય ... ... તારાબેન
૨. એક માતાની નોંધ ... ... લી. મ.
૩. સ્વાર્થલક્ષી સંતોષ ... ... પ્રતમચંદ શાહ
૪. બાળકોનું કોમ—(૨) ... ... તારાબેન
૫. બાળમંદિરમા વ્યાકરણ ... શેષ નામલે
૬. બે માતાઓ ... ... કપિલા ઠાકોર
૭. બે ચિત્રો ... ... ઇશ્વરોપાધ્યાય
૮. સન્માન સમારંભ ... ...

તંત્રીની નોંધ

નૂતન હિંદ

હિંદના ઇતિહાસમાં આ માસની ૨૬મી તારીખ સુવર્ણ અક્ષરે મંડાશે. જે સ્વાતંત્ર્ય કાજે હિંદી મહાસભા આટઆટલું મથી, જેની પાછળ અસંખ્ય દેશશહીદોએ બલિદાન આપ્યાં, જે હિંદની સેવામાં ગાંધીજી જેવા વિરલ વિભૂતિની આહૂતિ અપાઇ, એ હિંદ આજે જગતની મહાપ્રજાઓ વચ્ચે એનું વિશિષ્ટ સ્થાન લેવા સદ્‌ભાગી બન્યું છે. પણ ઋષિઓનું ને ગાંધીજીનું ગણાય એવું હિંદ આજે રહ્યું છે ખરું? એનો જવાબ આજની પ્રજાએ આપવાનો છે. નૂતન હિંદના નવ-નાગરિકોનું ઘડતર આજ આપણે હાથ છે. ગાંધીજી, મૉન્ટેસોરી અને ગિજુભાઇનાં સ્વપ્નાંની સિદ્ધિ શિક્ષકોને હાથે આજે સોપાઇ છે. વર્તમાન ભલે નિરાશાજનક જણાય, પણ ભાવિની આશા પ્રગટાવી, ઉપાસના માંડી, વિજય સાધ્ય કરવો એ કાર્ય નૂતન શિ. સંઘનાં નૂતન શિક્ષકોને શિર છે. આપણને એ સાધનાનું પ્રભુ બળ આપો.

સન્માન-સમારંભ

બાળશિક્ષણનું કાર્ય કરી રહેલ મુંબઇની ત્રીસ સંસ્થાઓએ મળીને શ્રી. તારાબેન મોડકનું ભવ્ય સ્વાગત આ માસે કર્યું. તારાબેનનો એ પ્રસંગનો આનંદ, એમને મળેલા હારતોરાથી નહોતો પણ અનેકની ઉભરાતી લાગણી દેખાતી તેનો, અને એમની દ્વારા સૌ ત્યારે બાળશિક્ષણનો વધુ સત્કાર કરી રહ્યા હતા એ વિચારે હતો. આ સમારંભનો સંપૂર્ણ હેવાલ આ અંકમા જ અન્યત્ર પ્રગટ કરેલ છે.

દુઃખદ અવસાન

વર્ષો સુધી સંઘના કાર્યમા મૂક જ ઉત્સાહે લઈ સેવા કરનાર ભાઇશ્રી રતનલાલ ખાંડવાળા સુરતના આપણા સુંદર કાર્યકર્તા હતા. દક્ષિણ ગુજરાતનું કાર્ય એમને પ્રમુખપદે વિકસ્યું હતું. એમના અવસાનથી નૂ. બા. શિ. સંઘને તથા એના જેવી બીજી અનેક સંસ્થાને મોટી ખોટ પડી છે. એમની સેવાભાવનાનું સ્મરણ કરી અમે એમને અંજલિ આપીએ છીએ ને ચિરશાંતિ પ્રાર્થીએ છીએ. એમના કુટુંબને આ આઘાત સહેવાનું પ્રભુ બળ આપો.

(ચૂંટણી અને લવાજમ માટે કવરપેજ ન. ૩ જુઓ)

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૫ : અંક ૧] મુંબઈ [જાન્યુઆરી, ૧૯૫૦

આપણું પૂર્ણ સ્વાતંત્ર્ય

આ માસમાં ભારતવર્ષમાં આપણું પ્રજા-સત્તાક રાજ્ય સ્થપાશે. જે સ્વાતંત્ર્ય માટે આપણે છેલ્લાં સો વર્ષથી ઝંખતા હતા તે પૂર્ણપણે આપણા હાથમાં આવશે.

આજથી બરાબર વીસ વર્ષ પહેલાં આપણા દેશના લોકપ્રિય નેતા જવાહરલાલ નહેરુને હાથે આપણે પૂર્ણ સ્વાતંત્ર્યની ધજા ફરકાવીને આપણો ધ્યેય જગત આગળ જાહેર કર્યો હતો. તે વખતે એવી અભિલાષા રાખવી એ પણ મહાન ગુન્હો હતો. તે માટે પણ હજારોને ને લાખોને ત્યારે સરકારની જેલમાં જવું પડયું હતું. મહાત્માજીના નેતૃત્વ નીચે ત્યાર પછી આપણે એક કરતા એક ચડિયાતી અહિંસક લડાઈઓ લડયા અને આખરે સ્વાતંત્ર્યને પંથે પળ્યા. તેની પૂર્ણાહુતિ હવે થાય છે. પારતંત્ર્યની બેડીઓ પૂર્ણાંશે તૂટી ગઇ છે, અને સર્વોપરિ આપણું ભાવિ ઘડવાનો, આપણા દેશને સુખી, સમૃધ્ધ ને ઉજ્જવળ કરવાનો અધિકાર આપણે હવે પ્રાપ્ત કર્યો છે. એ અધિકાર મેળવવા માટે આપણે ઘણું સહન કર્યું છે; ઘણો ભોગ આપ્યો છે; ઘણું બલિદાન હસતે મોઢે આપ્યું છે. એને માટે આપણે સૌએ એકત્ર થઇને બધી શકિત એકત્ર કરી હતી. તે માટે આપણે સૌ સૈનિક થયા હતા. આપણે સૌ સૈનિકનું શિસ્ત શીખ્યા હતા અને તે મેળવ્યું હતું.

આપણે ઘણી કેળવણી મેળવી. એક મહાત્મા આપણા નાયક હોવાથી આપણને શુધ્ધ ને સાચી કેળવણી મળી છે. આપણને ઊંચા આદર્શો મળ્યા છે. સાચી માનવતાના પંથે રહેવું, ને જીવન ઝીલવું, ઊંચ નીચ કે એવા કોઇ પણ કૃત્રિમ ને અન્યાયમૂલક ભેદભાવ રાખવા નહિ: શોષણ રહિત સમાજરચના ઉત્પન્ન કરવી– એ બધું આપણે જાણ્યું છે. આપણા આગળના પંથ ઉપર આ અજવાળું આપણને ચોખ્ખું મળ્યું છે. હવે આપણે એ રસ્તે ચાલવાનું બાકી રહ્યું છે.

પૂર્ણ સ્વાતંત્ર્ય મળ્યું: એટલે કે આપણા દેશની ઉન્નતિ કરવાની પૂર્ણ સત્તા આપણા હાથમાં આવી. આપણા વડવૈયા હવે આપણે બન્યા. આ પ્રજાસત્તાક રાજ્ય આપણે સ્થાપ્યું એટલે શું? એનો અર્થ એ કે આ બધી સત્તા હવે આપણા હાથમાં– એટલે પ્રજાના હાથમાં–આવી. આપણી વરસોની આશાઓ ને આકાંક્ષાઓ ફળીભૂત થઇ માટે આપણે આજે આનંદ કરીશું. એ તો ઠીક છે: પણ સાથે સાથે આપણી ફરજોને હવે ઓળખવાનું પહેલું કામ આપણે કરવાનું છે. સ્વાતંત્ર્ય આવ્યાનો આનંદ કયારે કરી શકીશું? જ્યારે સ્વાતંત્ર્ય ટકાવવાની જવાબદારી આપણે સૌ ઓળખીશું અને દેશનું ઉજ્જવળ ભાવિ ઘડવાની શકિત મેળવીશું ત્યારે જ.

સ્વતંત્ર થયા એટલે હવે 'આપણી જાતને આપણે અનેક રીતે કેળવવી રહી. હવે બધું કામ 'બીજા-પારકા–સત્તાવાળાઓ કરતા નથી' એમ કહી બીજાનાં ઉપર દોષ મૂકી આપણે છૂટી શકીશું નહિ. હવે એ જવાબદારી આપણી જ છે એ ઓળખવું જોઇએ.

હવે આપણે આપણી જાતને ખૂબ સખ્ત શિસ્તથી કેળવવી પડશે. આપણે અત્યાર સુધી દબાએલા હતા, સ્વતંત્ર ન હતા. તેથી પોતાની જવાબદારીથી સ્વતંત્ર કેમ રહેવું, તે પણ જાણતા ન હતા. આજે સખ્ત રીતે આત્મપરીક્ષણ કરવાનો

દિવસ છે. આજે આપણી ખરી કેળવણી-ની શરૂઆત કરવાનો પવિત્ર દિવસ છે.

આપણું નૈતિક પતન કેટલું ઘોર છે તે આપણે આજે જોવાનું છે. નૈતિક પાયા વગરનું માનવી જીવન એ તો રેતી પર બાંધેલા મહેલ જેવું છે આપણે કેટલા ટૂંકી દૃષ્ટિવાળાં છીએ કે આપણું સાચું હિત પણ આપણે જોઈ શકતા નથી! નાના નાના ને ટૂંકા સ્વાર્થમાં જ પડીએ છીએ ને તેમ કરીને આપણા દેશને પાછો પરતંત્ર બનાવવાનો ખાડો આપણે જાતે જ ખોદી રહ્યા છીએ છતા આ વાત આપણે સમજતા નથી. આજે તો વર્ષોની ગુલામી અવસ્થા પછી. સ્વાતંત્ર્ય જાળવવાને શક્તિ-હીન એવા આપણે બનેલા છીએ; એ જ વધારે દેખાય છે. તેથી જ આપણે કેળવણી ઉપર વધારે ભાર મૂકવાનો છે; સત્ય અને અહિંસાના પાયા ઉપર જીવન રચવાની કેળવણી ઉપર ભાર મૂકવાનો છે. મનનું શિસ્ત—સ્વયંશિસ્ત અને નિયમનમાં રહેવાની શક્તિ મળે એ જાતની કેળવણી ઉપર હવે આપણે ભાર મૂકવાનો છે.

આજની સૌથી મોટામાં મોટી જરૂરિયાત તે અન્ન ધાન્યની નથી; કાપડની નથી કે મકાનોની નથી આજની એક જ ખરી જરૂરિયાત છે ને તે કેળવણીની. જાતને કેળવવાની જરૂરિયાત તે ખરી જરૂરિયાત છે. અન્ન વગર રહેતાં આપણને આવડે છે. આપણા બાપદાદાએ અનેક વસ્તુ વગર ચલાવવાની ને ભૂખ્યા તરસ્યા રહેવાની આપણને ટેવ પાડી છે. આપણા દેશની આબોહવા એટલી અનુકૂળ છે કે કપડાં વગર આપણે જીવી શકીએ તેમ છીએ ને વાંસનાં ને ઘાસનાં ઘરોથી ચાલી શકે તેમ છે. એટલે ખરી જરૂરિયાત તો છે નૈતિક બળ કેળવવાની. જે અધોગતિએ આજે આપણે માનસિક રીતે પહોંચ્યા છીએ તે ઓળખવાની જરૂરિયાત મુખ્ય છે ને તેની ઊંચે આવવાનો પ્રયત્ન—સર્વ શક્તિ એકીને કરવાની જરૂરિયાત મુખ્ય છે.

હવે આપણે સરકારને, રેલવેને કે કોઈને પણ છેતરશું તે આપણી જાતને જ છેતરવા જેવું છે તેથી કોઇનું નુકશાન થવાનું હોય તો તે આપણું જ છે; કોઇ મરી જવાનાં હોય તો આપણે જ મરી જવાનાં છીએ એટલે આ દરેક વાત બરાબર રીતે સમજવાની છે ને બીજાને સમજાવવાની છે. નહિ તો આપણે પ્રયત્નથી મેળવેલું સ્વરાજ આપણે જ હાથે ખોઇ બેસશું.

તારાબેન મોડક

એક માતાની નોંધ

(લી. મ.)

તા ૧૨–૮–૪૦ ઉમ્મર ૨ વર્ષ

સ્થળ: અ.

હમણાં લગભગ સૂર્યોદય પહેલાં છએક વાગે *ને હું ગાઈને ઉઠાડું છું. 'ચિડિયાં ચૈા ચાની', 'તુમ જાગો મોહન પ્યારે' એમ દેશકાર, ભૈરવ, ભૈરવી, વિભાસ આદિ રાગો ગાઉં છું; બીજાં ગીતો અને પ્રભાતિયા પસન્દ કરવા છે. પ્રાતઃ સ્મરામિ। પ્રાતર્નમામિ। પ્રાતર્ભજામિ। ના શ્લોકો ઉચ્ચારું છું. શૌચાદિ પછી સૂર્યનું દર્શન કરી *બાગમા જાય છે. નોકર તેની પાછળ ચાલે પણ બોલે નહીં એમ સૂચના આપી છે. એમ તે એકલો રમે અને ફરે છે.

લગભગ પખવાડિયાથી શ્રી. મ. ભાઇ સવારે ૧૦–૧૧ ના સમયે આવે છે. કોઇવાર દિલરુબા એકલું વગાડે છે, તો કોઇવાર તેની સાથે મ. ભાઇ ગાય છે. *બીજી પ્રવૃત્તિ કરતો હોય છે; કોઇવાર સ્થિરચિત્તે સાંભળે પણ છે. કોઇવાર મંજીરા લઈ * 'રઘુપતિ રાઘવ' ની ધૂન કરે છે. કોઇવાર નાચવા માંડે છે. તે વખતે હું પણ અભિનય સાથે નૃત્ય કરું છું. તે જુએ છે અને તેમ કરવાનો યત્ન કરે છે. હજી તેને ગવાતા ગીતોમાં રસ નથી પડયો; પણ તેનું કારણ મને એ લાગે છે કે કાવ્ય તરીકે તે

બહુ રુચિકર નથી. ગીતોનો ભાવ પણ બાળકને આકર્ષે તેવો નથી. હવે અમે બીજાં ગીતો તેની આગળ મૂકી જોઈશું. સામાન્ય રીતે બાલગીતો તરીકે ખપતાં ગીતો ઘણાં જ ક્ષુલ્લક હોય છે. તેમ છતાં સંગીત દાખલ કરવાથી બધી પ્રવૃત્તિમાં તલ્લીનતા આવે છે. શાન્તિ અને એકસ્વરતાનું તત્ત્વ મૂર્ત થાય છે. સંગીત દાખલ કર્યા પછી આસપાસના વાતાવરણમાં કેટલી પૂર્ણ શાન્તિ હોવી જોઈએ તેનો અમને ખ્યાલ આવ્યો અને તે જાળવવાનો અમે યત્ન કરવા માંડયો છે.

રમવાના ઓરડા (Playroom)માં અગરબત્તી તથા પ્રદીપ રાખ્યા છે. તેથી વાતાવરણ સુન્દર, સ્નિગ્ધ અને ઓજસ્વી લાગે છે. મન શાન્ત બને છે; તેને અગરબત્તી ચેતાવવી ગમે છે. તે રૂની દિવેટ બનાવે છે અને ચાંદીની દીવીમાં ઘી પૂરે છે.

હ. ભાઈએ તેને કૃષ્ણના બાલજીવનનો પરિચય વાર્તા દ્વારા આપવો શરૂ કર્યો છે.

*એ માછલી અને નાનકડા કાચબા રમવાના ઓરડામાં પાળ્યાં છે. દેડકાનાં બચ્ચાં પણ બરણીમાં રાખ્યાં છે. પ્રાણીજીવન, તેમનો વિકાસ અને હિલચાલ *ને રસિક લાગે છે. રેશમના કીડા પણ ઉછેરવા માંડયા હતા. પણ કોણ જાણે કેમ બધા મરી ગયા. ફૂદાં, પતંગિયાં વગેરે પણ જોવા માટે થોડીવાર બરણીમાં રાખી છોડી દે છે. લાકડાનાં ઢાંકણાંની બરણીઓ તે માટે કરાવી છે.

રસ્તા પરથી જતા હાથીને મેં અહીં બોલાવ્યો હતો. તેની પર બધાં છોકરાંઓ બેઠાં હતાં. * પણ બેઠો. તેને બૂબ લહેર આવી.

હમણાં સાફસુરીનું કામ તેને બહુ ગમે છે. સાબુથી ડસ્ટર અને ટેબલ ધોવાં, પાણી રેડવું, ઘસવું, લૂછવું, કેરું કરવું, પોતાં મારવાં, વાળવું ઇત્યાદિ.

રંગની મેળવણીનું કામ વચ્ચે તેણે બૂબ ઉત્સાહથી લીધું હતું. ગયે મહિને લાલ રંગ આપ્યો હતો. પછી પીળો રંગ આપ્યો. લાલ અને પીળો મિશ્રણ કરવાથી કેસરી થાય છે. તે તેણે કરી જોયું. પછી વાદળી રંગ આપ્યો. વાદળી અને લાલથી જામ્બલી, અને પીળાથી લીલો રંગ થાય છે. તે ચમત્કાર જેવું લાગ્યું. રંગની બૂકી મંગાવી કાચના પ્યાલાઓમાં પાણીમાં મેળવી પછી એક બીજા સાથે ભેળવી, મિશ્ર રંગોની ઉત્પત્તિનો પાઠ પ્રયોગ દ્વારા તેણે અનેકવાર કરી લીધો. મલમલના કકડા પણ પાણીમાં બોળી, રંગીને સૂકવ્યા. આ પ્રમાણે રંગની રમતમાં થોડા દિવસ તો બૂબ તન્મયતા અનુભવી.

હમણાં કાતરકામ પૂર જોસમાં ચાલે છે. દિવસમાં બે ચાર વાર કાતર લઈને બેસે છે. પહેલા તો કાતર ઝાલતાં જ ફાવતું નહોતું. તે આવડયું. પછી કાગળ કાતરતાં મુશ્કેલી નડી. તે પણ આવડયું પછી બે સીધી લીટી વચ્ચે કાપવાનું શરૂ કર્યું. હવે એક જ લાંટી પર સીધું કાપી જાય છે. કાગળને વાળીને તથા કાપીને જાળી પાડતાં પણ શીખે છે. સાથે સાથે કાગળમાં ફૂલ, પતંગિયાં, બતકો, મોટરો, ઈત્યાદિ આકારો કાપીને બીજા કાગળ પર ચોંટાડિયે છીએ. પૂંઠાંમાંથી ઘર ઇત્યાદિ મોડેલ કરી ચોંટાડીને બનાવીએ છીએ.

ઊનને રીલ ઉપર વીંટવાનું. સોય પરોવવાનું, કાણાં પાડેલાં પૂંઠામાં ભરવાનું, ઇત્યાદિની શરૂઆત થઈ ચૂકી છે. આ પ્રવૃત્તિમાંથી વસ્ત્રોનાં નામો પર તે ચઢી ગયો. મમીનાં, પપ્પાનાં અને બાબાનાં ઉપયોગી કપડાંનાં નામો સાંભળવામાં, ઉચ્ચારવામાં અને પારખવામાં તેને બૂબ મઝા પડી. 'સાડી', 'કબજો', 'બમીસ', 'પહેરણ', 'કોટ" 'ટોપી', 'મોજા', 'બંડી', 'ઝભલું', 'ચડ્ડી', વગેરે તો તેણે પોતે જ ઓળખ્યાં.

માટીકામમાં બહુ રસ પડયો છે. એક દિવસ તેમાંથી અલંકારો બનાવીને પોતે પહેર્યાં. અમે બનાવી આપ્યાં તેમાંથી તે અલંકારોનાં નામ બોલવા લાગ્યો. 'કુંડળ', 'હાર', 'માળા', 'બાજુબન્ધ' 'પગનું કડું', 'હાથનું કડું", 'બંગડી', 'વીંટી' 'કંદોરો'.

દફ્તરપેટી ઘણા દિવસ પછી પાછી લેવી શરૂ કરી છે. હવે આખો મીંચીને અથવા પાટા બાંધીને ગોઠવવાનો પ્રયત્ન શરૂ કર્યો છે.

લોખંડની ભૌમિતિક આકૃતિ, (Metal insets) ના દેસે આકારો લેવા શરૂ કર્યાં છે. એક જ કાગળ ઉપર તે ફેરવીને, જુદી જુદી રીતે મૂકીને, ચિતરવામાં રસ પડે છે, અને આશ્ચર્ય લાગે છે.

હમણાંથી *ની સ્થિરતા અને એકાગ્રતા ખાસ ધ્યાન ખેંચે તેવા થયા છે. તેનામાં સ્વભાવ અને દેખાવની સૌમ્યતા અને પ્રસન્નતા તથા શાન્તિ પણ ખૂબ છે. બાળકો તેમ જ મોટેરાં સાથે છૂટથી ભળે છે. તેનામાં (self-conciousness) ક્ષોભ નથી. તે બાળકો સાથે સંપીને રમે છે, અને વસ્તુની આપ લે કરે છે. તે મીઠાશથી વાત કરે છે અને વહાલ કરે છે. તેના આ વર્તનથી બીજાં બાળકો ઉપર સારી છાપ પડે છે. ઘણીવાર પાછળ રહીને મેં જોયું છે તો તેનાથી મોટાં અને દાદાગિરી કરે તેવાં તોફાની છોકરાંઓ જ્યારે તેની સાથે રમે છે ત્યારે તેમના વર્તનમા તદ્દન પરિવર્તન આવેલું જણાય છે. *ની કુટિરનું સ્થાન એટલું તો મોહક બન્યું છે, કે આ ઉદ્યાનમાં આવતાં પાડોશીઓ અને સંબંધીઓનાં બધાં બાળકો ત્યાં જ ભેગાં મળે છે. વળી સોમ અને શુક્રવારે પણ બાળકોની મિજલસ હોય છે; તેથી *ને અન્ય બાળકો સાથે હળવા ભળવાનું ખૂબ મળે છે. આ મિલનોથી એને ચોક્કસ ફાયદો થયો છે.

ગત માસમા અમે સરખેજ, શાહઆલમ, સાણંદનું માતાનું મન્દિર, હાંસોલ તરફ નદી અને આંબાવાડિયે ગયાં હતા. ખૂબ મજા પડે છે. દર વખતે કાંઈક નવીન જોવાનું મળે છે. શાહઆલમના મિનારા ઉપર ચડવાનો તથા ઊંચેથી જોવાનો અનુભવ અપૂર્વ હતો. શહેરીજીવન અને પોતાના ઘરના સાંકડા વાતાવરણમાં બાળકો એટલા બધા ગોંધાયેલાં રહે છે કે આવાં પયટનોથી તેમનામા નવો પ્રાણ પૂરાય છે. હું પણ આવી ઉજાણીઓને ઉત્કંઠાથી વધાવું છું. વળી ઉજાણીમાં પાત્રો ગોઠવવાનું, પીરસવાનું તથા છેવટે પાછું બધું આટોપી લેવાનું કાર્ય હાથે જ કરીએ છીએ. તેમા તેઓ ખૂબ ઉત્સાહ બતાવે છે; તેમાંથી કાંઈક શીખે છે પણ ખરા.

એક દિવસ શા.થી પાછા ફરતા રાત્રે *એ મને કહ્યું, "મને આ.એ માર્યું." મેં કહ્યું. 'વહાલા! કાંઇ નહીં. ભૂલી જવાનું...આપણે તેવું નહીં કરવાનું" ડોકું ઊંચું કરી કહે, 'સારું'. ત્યાર પછી તેણે ફરીને તે પ્રસંગ સંભાર્યો નથી તેમ કોઇને માર્યું પણ નથી.

—: સ્વાર્થલક્ષી સંતોષ :—

ભૂતમયંદ શાહ

સંતોષ એ તો જીવનનું અણમૂટ ધન છે. સાત્વિક આનંદ છે. મહામૂલી મૂડી છે. તુલસીદાસજીએ કહ્યું છે :–

ગોધન ગજધન, વાજીધન ઔર રતનધન ખાન
જબ આવે સંતોષધન, સબ ધન ધૂલી સમાન ॥

એક અંગ્રેજ લેખકે, પણ સંતોષ વિષે કહ્યું છે કે :–

"Not enjoyment but contentment is the pleasure of life." એટલે સંતોષની મહત્તા મનુષ્યના જીવનમાં કેટલી ઊંચી છે એની કલ્પના તો સહુ કોઈ કરી શકે છે, પણ મોટે ભાગે એની વ્યાખ્યા અંગત વિકાસ, અંગત લાભ અને અંગત આનંદમા જ સમાઈ જાય છે. ફક્ત પોતાના સંતોષ માટે સહુ કોઈ તલસે છે, પોતાનો જ સ્વાર્થ સાધવા મથે છે. પરિણામે દુનિયામાં એક એવા પ્રકારનુ ઝેરી વર્તુળ ઊભું થાય છે કે જેથી સહુ સંતોષ માને છે કે મેં મારો લાભ સાધ્યો, મેં બીજાને છેતર્યા. અને છતાંયે ઘણીવાર પોતે જ છેતરાય છે.

શાક–'માર્કેટ'મા જોશું તો શાક ખરીદનાર માગે છે નમતું. વાવરણ એ આપે પણ છે. ગ્રાહક સંતોષ માને છે એણે વાવરણને છેતરી ખરી રીતે

કોઇ છેતરાતું નથી. વાંચણુ પહેલેથી જ ઘડો રાખે છે કે દાંડી મારીને નમતું બતાવે છે. પકડાય એટલે લાચાર બની બહાના શોધવા માંડે છે. બન્ને પોતાનો સ્વાર્થલક્ષી સંતોષ અનુભવે છે. દર્દી ઘણીવાર ડોકટરના બીલમાંથી કાપકૂપ કરે છે અને સંતોષ માને છે કે મેં ઓછું આપ્યું પણ એને ખબર નથી કે ડોકટરે પહેલેથી જ ઘોડાગાડીનો ચાર્જ એક જ લતામાં જવા છતાંયે ત્રણે દર્દીઓના બીલમાં જુદો જુદો ચઢાવ્યો છે.

વિદ્યાર્થી માને છે કે બીજા શિક્ષકો દસ લે છે ત્યારે આ શિક્ષકે મારી પાસેથી ટ્યુશનના આઠ લીધા; કેવું સસ્તામાં પતયું! પણ એને ખબર નથી કે શિક્ષકે એકને બદલે આઠ બાળકોનો ટ્યૂશન-વર્ગ સાથે જ ચલાવ્યો અને એક જ કલાકમાં બેંશીની કમાણી કરી.

ઘણી સ્ત્રીઓ માને છે કે અમે ભાવ કસીને માલ ખરીદ્યો. દુકાનદાર પાસે બે પૈસા ઓછા કરાવ્યા. એમને ખબર નથી કે પહેલેથી એણે એક આનો ચઢાવીને ભાવ કીધો હતો.

આમ સામાન્ય રીતે સમાજમાં જ્યાં ને ત્યાં ચાલતું હોય છે. દરેક સંતોષથી માને છે કે બીજાને છેતરે છે; અને છતાંય પોતે છેતરાય છે. કારણ એનો સંતોષ પ્રામાણિક આપવા લેવાના સિદ્ધાન્ત પર નહિ પણ સ્વાર્થના પાયા ઉપર રચાયેલો હોય છે.

ચતુરચંચુ

બાળકોનું કામ (૨)

તારાબેન મોદક

બાળકોનાં કામો કહો કે રમતો કહો બાળકોના વિકાસ માટે ખૂબ મહત્વનાં છે. કારણ તેમાંથી જ તે જીવનશિક્ષણ મેળવતું હોય છે. પોતાને આગલા જીવન માટે તૈયાર કરતું હોય છે. આ આપણે ગયા લેખમાં જોયું. આજે બાળકોનાં કામોનું, તેથી પણ વિશેષ કેટલું મહત્વ છે અને બાળકોના ઘડતરમાં તેનાં કામોનો કેટલો મોટો ફાળો છે તે જોઇએ.

બાળકો અનેક કામો કરે છે. બારો કે બાળક શાક સુધારે છે કે ઓરડો વાળે છે. તેમ કરતાં કરતાં તે એક જીવનઉપયોગી એવું કોઇ કામ કેમ કરવું તે શીખે છે. તે શીખવાથી તેના જીવનની "ન આવડવાની" એક મુશ્કેલી દૂર થાય છે. એટલે કે કામની દૃષ્ટિએ જોઇએ તો તે શાક સુધારતાં કે કચરો વાળતાં કે બુતાન બીડતાં શીખી ગયું; પણ એ સ્થૂળ દૃષ્ટિ થઇ. બાળક તે પ્રવૃત્તિ કરતાં કરતાં ઘણું જ મહત્વનું માનસિક શિક્ષણ લેતું હોય છે. ઘણી જ મહત્વની તાલીમ લેતું હોય છે. પોતાનું ચારિત્ર્ય ઘડતું હોય છે. એની આપણને કલ્પના જ હોતી નથી. આ ખરા લાભોની દૃષ્ટિએ, તે કામ કરતાં શીખવું એ વાત તો ગૌણ બની જાય છે. જેમકે બાળક દળતું હોય છે. દળતાં શીખવું કે કચરો વાળતાં શીખવું એ વસ્તુ ખાસ મહત્ત્વની નથી. પણ આ બધાં કામો, વારંવાર કરવાથી થતો અભ્યાસ ને તેમાં પડતી મજા ને આનંદમાંથી બાળક ઘણું જ ઊંડું શિક્ષણ લેતું હોય છે. અને તે જ ખરી મહત્ત્વની વાત છે. દળતાં ન આવડે તો તેમાં શું થયું? શાક સુધારતાં ન આવડે તો શું? આગળ જતાં શીખી લેશે. એટલે જીવનવ્યવહારનાં કે ઈન્દ્રિયશિક્ષણનાં કે કળાનાં કે કોઇ પણ કામ બાળક કરતું હોય તેમાં તે કામ શીખવું એ ખરા મહત્ત્વની વાત નથી. ખરા મહત્ત્વની વાત તો બાળક જે મેળવે છે તે જ ખરી કેળવણી છે.

બાળક આ કામોમાંથી પોતાની આવડતો વધારે છે. તેથી તેનો આત્મવિશ્વાસ વધે છે. તેથી તેનું વ્યકિતત્વ ખીલે છે. શરૂમાં બાળકને એક નાની વાત પણ આવડતી નથી. જેમ કે પાણીનો પ્યાલો જાતે ઉપાડી મોઢે લગાડવો ને ઢોળ્યા વગર પાણી પીવું. અથવા તો ભરેલો પ્યાલો એક જગ્યાએથી બીજે લઈ જવો, કે એવી એવી અનેક વાતો જે શરૂમાં જરાપણ ફાવતી નથી તે સતત પ્રયત્ન ને

પુનરાવર્તનથી બાળક સાધ્ય કરે છે. તેથી તેનો આવડતનો પ્રદેશ વધે છે. જાણે કે બાળક રોજ ને રોજ એક એક નવો પ્રદેશ જીતે છે, ને આજુ-બાજુની દુનિયા ઉપર કાબુ મેળવે છે. આમરે તે તેના ઉપર રાજ ચલાવતુ થઇ જાય છે. મૂળની બધી અસહાયતા, ન આવડવાપણું નીકળી જાય છે. બાળક આત્મવિશ્વાસથી દુનિયામા હરીફરી શકે છે. આ કેટલી મોટી વાત બાળક મેળવે છે ? મેં કેટ-લાંયે માણસો જોયાં છે કે મોટી ઉંમરે, સારી સ્થિતિમાં છતાં, સમાજમા બેસીને બાતાપીતાં ડરે છે. મોસંબી કે કેરી બાતા ન ફાવે તો ? આપણી ફજેતી થશે; માટે જ્યા ચાર લોકો વચ્ચે બાવા પીવાનું હોય ત્યારે તેને અડવું જ નહિ; નથી જોઇતુ, અથવા નથી ભાવતું કહીને તેઓ બાવાનું ટાળે છે. આવી જ રીતે બીજાં પણ ઘણાં કામોની બાબતમા ઘણા લોકોને આત્મવિશ્વાસ જ હોતો નથી. તેનું મૂળ બાળપણમા પોતાની જાત પ્રત્યે જે અવિશ્વાસ હોય છે, અથવા ઉત્પન્ન કરી દેવામા આવે છે તેમા હોય છે. ઘણીવાર લાડથી બાળકને કશું કરવાની આપણે બંધી કરીએ છીએ. કેટ-લીક વાર શ્રીમંતાઇને કારણે બાળકોને ગમતાં કામો કરવાની 'ના' પાડવામા આવે છે. કોઇવાર તેનાથી ઢોળાશે, ફૂટશે કે બગાડ થશે એની મોટાંઓને બીક હોય છે, તો કોઇવાર સ્વચ્છતાની બોટી કલ્પના કે માંદા પડવાની બીક હોય છે. આવા અનેક કાર-ણોથી બાળકોને કામ કરવાની અણઆવડત કાઢી નાખીને તે સબંધની આવડત બીલવવાની તક મળતી નથી, તેથી તે કામમા અણઆવડત રહે છે પણ એ બહુ મોટું નુકશાન નથી. પણ બાળકના આવડતના પ્રદેશો જેમ જેમ વધતા જાય ને તેથી તેનામા આત્મવિશ્વાસ વધે છે તે જો ન થાય તો બાળકના વ્યક્તિવિકાસની દૃષ્ટિએ તેને ઘણું જ ગંભીર નુકશાન પહોચે છે.

ઘણીવાર તો આપણા બોલવાથી જ બાળક પણ તેમ જ માને છે જેમકે આપણે કહીએ 'આ તને નહિ આવડે.' પછી બાળક પણ માની લે છે કે 'આ મને નહિ આવડે' આપણે કહીએ કે 'આ તારાથી ઢોળાશે.' બાળક પણ માને કે હા, મારાથી ઢોળાશે. એ પ્રકારનાં અનેક અવિશ્વાસનાં સૂચનો આપણે કહીએ છીએ ને બાળક તે ગ્રહણ કરે છે ને તેમ જ માનતું થઈ જાય છે. આ વજન હું નહિ ઉપાડી શકું; બચ્ચુથી મારો હાથ કપાશે; બારી પર ચઢું તો હુ પડીશ ને મારો પગ ભાંગશે ને હું લંગડો થઇશ; કાચનું વાસણ હું લઉં તો ફૂટશે; આવાં અનેક સૂચનો, બાળક આપણે બોલેલા વેણ-માંથી ગ્રહણ કરી સંઘરી રાખે છે. તેથી તેના પોતા પ્રત્યેના અવિશ્વાસમાં વધારો થતો જાય છે. પરિ-ણામે તે જગત આગળ આત્મવિશ્વાસથી ઊભું રહી શકતુ નથી. તેથી તે પ્રયત્નશીલ થતું નથી. મુશ્કેલીને ટક્કર દેવાને તૈયાર થતું નથી. પણ મુશ્કેલી છે એટલે શું થાય એમ હતાશ થઇ જાય છે.

એનાથી ઊલટું *પરિણામ કામ કરતા બાળ-કમા દેખાય છે. તે એક પછી એક વિજય મેળવતું જાય છે. નવો નવો પ્રદેશ જીતનાર સમ્રાટની માફક વિજયી દેખાય છે. તે આનંદથી બોલી ઊઠે છે: 'મને આ આવડે છે.' 'મને તે આવડે છે' 'શું ? બીરી ઉપરથી પહેરણ ઉતારવું છે ? હું લાવીશ. પહેલી બારી પર ચડીને મારી ફૂટપટ્ટીથી હું તે આમ લઇ લઇશ'; 'તેને રોજ નવું નવું ભાન થાય છે કે મને તે આવડે છે. તેથી જે આવડે છે તે સંબંધમાં તો તેને આત્મવિશ્વાસ ઉત્પન્ન થાય જ છે, પણ ન આવડનારાં કામોની બીક લાગતી નથી; પણ શીખી લેવાની હોશ જાગે છે. તેને આત્મવિશ્વાસ હોય છે કે તે તો શીખી લઇશું. ઘડીકમાં નહિ આવડે તો વધારે વખત મહેનત કર્યા કરીશું એટલે આવડી જશે. નહિ કેમ આવડે ?

આ વાત મનુષ્યના આગળના જીવનમાં અત્યંત મહત્ત્વની છે. તેના જીવનની હારજીત આના ઉપર આધાર રાખે છે. મુશ્કેલીનો સામનો કરી પરિસ્થિતિ ઉપર સ્વાર થવાનું શિક્ષણ મળવું જોઇએ. તેઓ બાળપણના કામોમાંથી બાળકો મેળવે છે, ને તેથી જ એ કામો અત્યંત કિંમતી છે.

બાલમંદિરમાં ભાષાશિક્ષણ

વ્યાકરણ : અવ્યય

લેખાંક : ચોથો

ત્રીજા લેખમાં વિશેષણની મૈખિક રમતનો વિચાર થયો હતો. આ લેખમાં અવ્યયનો વિચાર કરીએ. અવ્યયના બધા મળીને ચાર પ્રકાર છે. નામયોગી, ક્રિયાવિશેષણ, ઉભયાન્વયી, અને ઉદ્‌ગારવાચક. આ ચારે અવ્યયનાં કાર્યો ભિન્ન ભિન્ન છે. ૨॥ થી ૪ વર્ષની વયના બાળકની ભાષામાં સામાન્ય રીતે નામયોગી અને ઉભયાન્વયી અવ્યયનો વધારે પ્રમાણમાં ઉપયોગ થતો હોય છે. આ દૃષ્ટિથી નામયોગી અવ્યયની મૈખિક રમતનો પહેલો વિચાર કરીએ.

નામયોગી અવ્યય

બોલતી વખતે નામયોગી અવ્યય આપણે નામ સાથે જોડીને બોલીએ છીએ. એનું કાર્ય એટલે બે નામ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરવો. વિશેષત: બે વસ્તુઓનું પરસ્પર સ્થાન કેવું છે અથવા બે વસ્તુની પરસ્પર સ્થિતિ કેવી છે એ નામયોગી અવ્યય દ્વારા સ્પષ્ટ થાય છે. ઉપર, નીચે; આગળ, પાછળ; પાસે, દૂર; પહેલાં, પછી વગેરે નામયોગી અવ્યયનો નિશ્ચિત ઉપયોગ સમજવામાં આપણે બાળકને સહેલાઈથી મદદ કરી શકીએ આ દ્રષ્ટિથી આપણે રમતો યોજી શકીએ. બધાં જ નામયોગી અવ્યયો રમતમાં યોજી શકાતા નથી, રમતનો ઉદ્દેશ આ પ્રકારના શબ્દોનું કાર્ય સ્પષ્ટ થાય અને તે દિશામાં કાંઈક માર્ગદર્શન થાય એ છે.

સાધનનું વર્ણન

બજારમાં જુદી જુદી વસ્તુઓના સટ (સેટ) તૈયાર વેચાતા મળે છે. દા. ત. ચાહનો સટ, ઢીંગલીનો સટ, રમતનો સટ, સોફા સટ, રસોઈના વાસણનો સટ, પોસ્ટ ઓફિસનો સટ, આંગણાડીનો સટ, એરોડ્રોમનો સટ, વગેરે. હજી આ યાદી વિસ્તારી શકાય અને એમાં બાલભોગ્ય વિવિધતા લાવી શકાય. પ્રત્યેક સટ અને તેમાંનાં જુદાં જુદાં રમકડાં નાનાં બાળકોને વ્યવસ્થિત રીતે કાઢતાં મૂકતાં ફાવે એવી સગવડવાળી એક નાની લાકડાની પેટીમાં રાખવાં જોઈએ. આ પેટી બજારમાં તૈયાર વેચાતી ન મળે તો જો લાકડાની કરાવી લેવી જોઈએ. નહિ તો રમકડાંની ભાંગફોડ વધારે થશે.

સાધનનો હેતુ : નામયોગી અવ્યયનો ઉપયોગ ચોક્કસ રીતે જાણવો.

પૂર્વતૈયારી : સાધારણ રીતે બાળક બધાં રમકડાનાં નામોથી પરિચિત થયું હોવું જોઈએ.

વય : સામાન્ય રીતે આ રમત ૩ થી ૪ વર્ષની વયનાં બાળકોને રમવી ગમે છે.

સ્વાધ્યાય નિદર્શન

કોઈપણ પ્રકારનું માર્ગદર્શન આપ્યા વગર આ રમકડાંઓ બાળકોને આપ્યાં હોય તો બાળકો પોતે પોતાની મેળે એમાંથી કંઈક રચના કરવામાં લાગી જાય છે. સર્જનવૃત્તિને જે પોષણ મળે છે તેનું અત્રે મહત્વ નથી. બાલમંદિરમાં આ જ રમકડાંઓ એક વિભાગમાં સર્જનવૃત્તિને પોષક થાય એ દ્રષ્ટિથી વાપરવાના હોય છે જ્યારે અહીં એ ભાષા વિકાસની દ્રષ્ટિથી વાપરવાનાં હોય છે; એની જાણ બાળકોને જરૂર કરાવવી. આનાથી બાળક સ્વયં-ઇચ્છાથી રમવાની રમતો અને અમુક વિશિષ્ટ પદ્ધતિથી રમવાની રમતોનો ફેર સમજવા લાગે છે.

જેવી રીતે અન્ય મૈખિક રમતો માટે આપણને નાસ્તાનો સમય અનુકૂળ લાગ્યો, તે જ સમય આ રમત માટે પણ અનુકૂળ છે. ચારે બાજુ ફરતા બાળકો બેઠાં હોય; વચ્ચે એક ચોકી (ટેબલ) પર કોઈ પણ એક રમતનો સટ મૂકવો. અને બાજુમાં એક બીજી ખાલી ચોકી મૂકવી. ધારો કે દિવાનખાનાનો સટ લીધો છે.

શિક્ષક જુદાં જુદા બાળકોને નીચે પ્રમાણે કહે અને દિવાનખાનાની રચના કરવાનું, નામયોગી અવ્યયોનો ઉપયોગ કરીને બતાવે.

શિક્ષક : રૂપાબેન, ચોકી ઉપર ગાલીચો પાથરો.
હંસાબેન, ગાલીચાની વચમા ટેબલ મૂકો.
વિક્રમભાઇ, ટેબલની પાછળ એક ખુરશી મૂકો.
શ્રીકાન્તભાઈ, ટેબલની આગળ બીજી ખુરશી મૂકો.
શ્વેનીબેન, ટેબલની ઉપર ફૂલદાની મૂકો.
પલ્લવીબેન, ફૂલદાનીની અંદર ફૂલો મૂકો.
પૂર્ણિમાબેન, ટેબલની નીચે કચરાની ટોપલી મૂકો.

આવી રીતે જુદા જુદાં બાળકોને આ રચના કરવા કહેવું. જુદા જુદા સેટની આવી રીતે રચના કરાવવાથી–એટલે નામયોગી અવ્યયોનો અર્થ સમજીને રમત રમવાથી– આ રમત ભાષાની થઇ જાય છે.

ગુજરાતીમા સ્થળવાચક ક્રિયાવિશેષણ અવ્યય અને નામયોગી અવ્યય વચ્ચેનો ભેદ શિક્ષકે સ્વય બરાબર સમજી લેવો જોઇએ. તેથી શકય હોય ત્યા ક્રિયાવિશેષણ અવ્યય છોડી દઇને નામયોગી અવ્યયનો ઉપયોગ કરી શકાય એવાં વાકયો શિક્ષકને યોજતા ફાવે.

ઉભયાન્વયી અવ્યય.

આ અવ્યયનું કાર્ય એના નામ પ્રમાણે જ છે. એટલે બે શબ્દો અથવા વાકયો જોડવાનું કાર્ય એ કરે છે. એમાંથી બે વાકયો જોડવાની રમત આગળ ઉપર લેખી રમતમાં લેવા જેવી છે. બે શબ્દને જોડવાનું કાર્ય મૌખિક રમત દ્વારા સ્પષ્ટ બતાવી શકાય છે. ઉભયાન્વયી અવ્યયની સંખ્યા અન્ય શબ્દની સરખામણીમાં ખૂબ જ મર્યાદિત છે. આપણી વાતચીતમા સામાન્યત: અને, અથવા, પરંતુ, પણ, અગર વગેરે ઉભયાન્વયી અવ્યયોનો ઉપયોગ રમતદ્વારા બતાવી શકાય તો તે બાળકોને ઉપયોગી થઇ પડશે એમાં જરાં પણ શંકા નથી.

સાધનનું વર્ણન.

આ રમત માટે વિશેષણ પેટી જેવી જ પેટી કરાવી લેવી. એમા નાની મોટી વસ્તુઓ મૂકવી. દા. ત. લીલી ગોટી, સફેદ ગોટી, દડો–(નાનો–મોટો) ચકરડી, ફૂલો.

હેતુ: ઉભયાન્વયી અવવ્યોનો ઉપયોય સ્પષ્ટ કરવો.

પૂર્વ તૈયારી: પેટીમાંની વસ્તુઓનો પરિચય થએલો હોવો જોઇએ.

વર્ગ: ૩ થી ૪.

સ્વાધ્યાય નિદર્શન.

નાસ્તાનો જ સમય આ રમત માટે અનુકૂળ થઇ પડે છે.

શિક્ષક બાળકો પાસે વસ્તુઓ માગીને રમત રમે.

શિક્ષક : લીલી ગોટી લાવો.
લીલી અને સફેદ ગોટી લાવો.
લીલી અથવા સફેદ ગોટી લાવો.
લીલી અગર સફેદ ગોટી લાવો.
લીલી, પરંતુ લીલી મોટી ગોટી લાવો.

વગેરે વાકયો દ્વારા બાળકો પાસે વસ્તુઓ માગવાથી આ રમત ઉપયોગી થઈ પડશે.

(ચાલુ)

શેષ નામલે

બે મા તા ઓ

કપિલાબેન ઠાકોર

(૧)

તારા જન્મી ત્યારે એના ડાબા હાથમા બોડ હતી. તારાની બાએ એને માટે જન્મથી જ કકળાટ કરવા માંડયો. તારાના દેખતાં કંઇનું કંઈ એ બોલતી. "મારે નશીબે ભગવાને તને કેમ ઠૂંડી બનાવી; કોણ જાણે તારું શું થશે ; તને કોણ લેશે ?" તારાની બા પછી તો એને બહુ હોંશથી ન્યાત જાતમાં કે મિત્રમંડળમા લઇ જતી નહીં.

તારા પણ ધીમે ધીમે પોતાનો હાથ બતાવતા ગભરાતી. તારાના નાના મગજમા મોટી ને બોટી

વાતો આવતી. 'મારું શું થશે ?' એના જીવનમાંથી આત્મવિશ્વાસ અને આનંદ હવે ઊડી ગયાં હતાં. માએ ઉડાડી નાખ્યાં હતાં.

તારા મનમાં રોજ બળાપો કરતી હતી. ગરબામાં ફરતી નહિ. હાથ સંતાડતી. લોકોથી ડરતી રહેતી.

તારા મિત્રવદને બધામાંથી છૂટી પડી, સંતાતી ને દુઃખી થતી જીવતી.

(૨)

મિતા જન્મી ત્યારે એની માને બે પુત્રો પર એક પુત્રી જન્મી. માને પુત્રીની બહુ જ હોંશ હતી, પણ મિતા જન્મી ત્યારે એના એક હાથમાં ખોડ દેખાઇ. મિતાની બાને તરત જ વિચાર આવ્યો, દીકરીનો અવતાર ને આ ખોડ! મિતાની બા નિરાશ થઇ ગઇ. થોડા દિવસ ચિંતા રહી પણ પછી તે બધું મનમાં ને મનમાં સમજતી ને મૂંગી રહેતી.

મિતાના હાથ માટે મા બહુ ઉપચાર કરતી. સાથે સાથે 'એક હાથે પણ અનેક પ્રવૃત્તિઓ થઇ શકે' એવું એવું કહી મિતામાં આત્મવિશ્વાસ કેળવતી. "મિતા! જો આ કર. તારાથી જરૂર થશે. તારા જમણા હાથને ડાબા હાથથી થોડી મદદ કરી ધીમેથી આ કર."

મિતાને જાણે કંઇ જ ખોડ નથી એવું વર્તન માતાએ રાખ્યું. "મિતા, જમણો હાથ ટૂંકો હોત તો બહુ જ મુશ્કેલી પડત, પણ પરમેશ્વરનો પાડ માન કે ડાબો જ હાથ વાંકો છે!" આવું કહી મા એને અંતરે આનંદ જ જગવતી.

મિતાના શિક્ષણ પર મિતાની બા વધુ ધ્યાન આપવા લાગી.. મિતાને નૃત્યકળા શીખવી. એના કપડામાં રસ લેવા લાગી. ચિત્રકળામાં પણ થોડો હાથ રહે તેમ કર્યું. મિતાને આમ તો કોઇનો ડર લાગતો નહિ, એ તો એકલા જમણે હાથે બધું કરતી ને કહેતી. "એક જ હાથથી પણ થાય છે ખરું." પોતાના અને બીજી છોકરીઓના ભવિષ્યમાં મિતાને કંઇ ફેર દેખાતો નહિ. પ્રસન્નવદને તે બધે ફરતી; નાચતી, લખતી, વાંચતી, આનંદ કરતી.

મિતાની બા એને ચિંતામાં ઝબોળવાને બદલે પ્રસન્નવદને ઉછેરતી ને કહેતી. "મિતા, જ્યારે આપણો એક હાથ ટૂંકો હોય ત્યારે બે હાથની શક્તિ આપણા એક હાથમાં ભગવાન કેવી આપે છે!'

આવું સાંભળી સાંભળી મિતાએ પણ બે હાથની શક્તિ એક હાથમાં કેળવી.

મિતા હસતી, રમતી, ઘૂમતી; કોઇથી બીતી નહિ, સંતાતી નહિ.

તારા રડતી, સંતાતી, બીતી; આત્મ તિરસ્કારમાં જીવતી.

મિતા અને તારામાં કેટલો ફેર ?
મિતાની બા અને તારાની બામાં કેટલો ફેર ?

બે ચિત્રો

(૧)

છાનો માનો બેસને !

રમેશભાઈ રવિવારને દિવસે તેમના બાપુજી, બા, બહેન, ભાઈ–બધાંની સાથે બગીચામાં ફરવા ગયા હતા. બધા બગીચામાં આવ્યા, એવા પહેલાં તો થાક ખાવા બેઠાં. રમેશભાઇ તો આમતેમ ફરવા માંડયા. એટલામાં તેમની બા બોલ્યાં કે અલ્યા રમેશ, તારા પગ શાના છે ? અમે બધાં તો અહીં આવ્યાં તે થાકી ગયાં. રમેશભાઇ તો કહે કે બા મને તો અહીં બધું જોવાની બહુ મઝા પડે છે. બાગમાં જુદી જુદી જાતના છોડ હતા, ફૂલ હતાં, મીઠો પવન આવતો હતો ને ફૂલની સુગંધી આવતી હતી. રમેશભાઇએ તો પહેલાં ફરીને બધું જોઇ લીધું પછી તેમના બાપુજીને કહે કે બાપુજી, તમે

કેમ બેસી રહયા છો? મારી સાથે ચાલોને. પેલા છોડ ઉપર શાનાં ફૂલ છે તે મને કહોને. તેમના બાપુજી કહે કે તે ફૂલ તોડીને અહીં લાવ પછી હું તને કહું. રમેશ કહે કે બાપુજી, ફૂલ તોડીને લાવીએ તો કોઈ વઢે નહિ? પાછા તેના બા બબડયા. "મુઆ, ઘેરે જંપતો નથી અને કંઈ બહાર જઈએ તો પણ જંપીને બેસ નહિ." રમેશભાઈ તો કંઈ બોલ્યા નહિ, અને પાછા ફરવા જતા રહયા. રમેશભાઈ છોડ આગળ ગયા અને ફૂલને હાથ અડાડીને જોતા હતા ત્યા તો માળી આવ્યો. અને એકદમ બૂમ પાડીને કહ્યું કે " એ છોકરા, કેમ ફૂલ તોડે છે?" માળી તો રમેશભાઈના બાપા પાસે ગયો અને કહે કે પેલો છોકરો તમારો છે? તેને બોલાવોને, અમારાં ફૂલ તોડે છે. રમેશભાઈની બાએ બૂમ પાડીને કહયું કે છાનો, માનો બેસને.

(૨)

બેઠવાડ.

બાલમંદિરમાથી બચુભાઈ છૂટયા. તેમનામાં અનેક ઊર્મિઓ ઉછળતી હતી હું બારીઓથી પાણી રેડતી હતી એટલામા ગમ્મતથી ચાલ્યા આવતા તેઓ બેઠવાડના પાણીમાં ચાલ્યા. એટલામાં એક ડોશી તાડૂકયા: અલ્યા એ આંધળા, આખે દેખાય છે કે નહિ જરા જો તો ખરો, આ શું છે? આમ કૂદતો કૂદતો હેંડયો જાય છે તે બેઠવાડનુ ભાન છે?

ડોશીમાના આ વેણ સાભળી બચુભાઈ તેમની સામે તાકી રહ્યા તેમની ગમ્મતથી ચાલવાની ઊર્મિ શમી ગઇ, અને મ્હોં પર સહેજ ભયનાં ચિહ્ન જણાયા. આથી મને બૂબ દર્દ થયું. પરિણામે મારે વચમા પડવું પડયું. મેં ડોશીમાને સમજાવવાનો પ્રયત્ન કર્યો; એ તો બાળક છે. તેનામા કંઈ સમજણ છે કે બેઠવાડમા ન ચલાય! બિચારાને નકામી ગાળો શા માટે દો છો?

ડોશીમાથી આ ન જીરવાયું. બેસને હવે છાની માની. તને ત્યારે શું તે બેઠવાડમાં ચાલે તે સારું લાગે છે?

મને થયું ડોશીમા તે કેવાં છે?

દ્વિરાચાર્ય

તારાબેનના સત્કાર અર્થે
મુંબઇમાં સન્માન-સમારંભ

ભારતના બાળશિક્ષણના કાર્યમાં જેમણે અદમ્ય ઉત્સાહ દાખવી સંગીન સેવા કરી છે તેવા શ્રી. તારાબેન મોડક, નૂ. બા. શિ સંઘના પ્રતિનિધિ તરીકે ઇટલીની મોન્ટેસોરી પરિષદમાં જઈ આવી, યુરોપની બાળશિક્ષણની સંસ્થાઓનું નિરીક્ષણ કરી દેશ પાછા ફર્યા છે એ પ્રસંગે, મુંબઈની ત્રીસ બાળશિક્ષણ સંસ્થાઓ તરફથી તા ૭-૧-'૫૦ના રોજ પાર્લામેન્ટરી મંત્રી શ્રીમતી ઈંદુમતીબેન ચીમનલાલને અધ્યક્ષપદે વનિતા વિશ્રામ ખંડમા એક સન્માન-સમારંભ યોજાયો હતો. તેમાં નીચેથી સંસ્થાઓએ ભાગ લીધો હતો.

નૂતન બાળશિક્ષણ સંઘ મુબઇ શાખા, શિશુવિહાર મંડળ, ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળ, ફોર્ટ હિંદુ સ્ત્રી મંડળ, કપોળ મહિલા સમાજ, ભાટિયા સ્ત્રી મંડળ, વનિતા વિશ્રામ, ભગિની સમાજ, જૈન મહિલા સમાજ, મુંબઇ પ્રાતિક બાલકનજી બારી, જૈન યુવક સંઘ, શાસ્ત્રી હોલ ભગિની સમાજ, શિક્ષક સંઘ, સાન્તાક્રુઝ ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળ, ગોવીંદજી માધવજી બાલમંદિર, હંસરાજ પ્રેમજી શિશુશિક્ષણ મંદિર, લાડ મહિલા મંડળ, શિશુ મંદિર અંધેરી, આર્ય મહિલા સમાજ, વલીઅહદ અલીનર્સરી, મારુંગા ગુજરાતી મંડળ, આદર્શ બાળમંદિર બાર, વનિતા વિકાસ મંડળ, હિંદુ મહિલા સમાજ, વિલેપારલા બાળમંદિર, કલ્યાણ બાલમંદિર, ક્ષત્રિય શિશુ વિહાર, વિનય વિદ્યાલય, મહિલા મંડળ અંધેરી, મોડર્ન સ્કુલ

આ પ્રસંગે શ્રી. ઈન્દુબેન અને શ્રી. તારાબેન ઉપરાંત શ્રીમતી જયશ્રીબેન રાયજી, બાબીબેન, અનુતાઈ, ગોપાળરાવ કુલકર્ણી, સુશીલાબેન માધવજી, પરમાણંદ કાપડીઆ, સેવક ભોજરાજ, કાન્તાબેન માંડવાળા, પૂનમચંદ શાહ, ઈશ્વરભાઈ અને પ્રભુભાઈએ ટૂંકાં પ્રવચનો કર્યાં હતાં.

શ્રી. તારાબેનનો સત્કાર કરવા માટે જ્યારે એક પછી એક સંસ્થાના પ્રતિનિધિ સુતરહાર કે ફૂલહાર લઈ અર્પણ કરવા માંડયા ત્યારે દૃશ્ય બહુ લાગણીભર્યું બન્યું હતું. સૌને લાગતું હતું કે આજે તેઓ તારાબેનનું જ માત્ર નહિ પણ હિંદના બાળશિક્ષણની સેવાનું પણ સન્માન કરી રહ્યા હતા.

સમારંભનો ટૂંક સાર નીચે મુજબ છે.

શ્રી. જયશ્રીબેનરાયજી:-

બાલસેવા એ મોટી સેવા છે. શ્રી તારાબેને અને તેઓ જેમને પોતાના ગુરુજી માને છે એવા પૂજ્ય ગિજુભાઈએ હિન્દને બાળસેવાની નવીન દૃષ્ટિ આપી છે. સમાજ સેવામાં બાલસેવા એ સાચી સેવા છે. તારાબેન મૂગાં સેવક છે. તેમણે કાઠીઆવાડથી સેવા કરવાની શરૂઆત કરી; આજે તે આખા હિન્દમાં ફેલાઈ છે. તેઓ લાંબુ જીવે અને દેશની સેવા કરે એવી પ્રાર્થના છે.

શ્રી. ગોપાળરાવ કુલકર્ણી:-

આપણે આજે શિષ્યભાવે મુ. તારાબેનનો સત્કાર કરવા મળ્યા છીએ. મુ. તારાબેને આટલી ઉંમરે યુરોપના દેશોમાં હિન્દનું ગૌરવ વધાર્યું છે. તેમણે દરેક સ્થળે ફરીને હિન્દની કેળવણી સંબંધી બધે સંદેશ આપ્યો છે. હું મુંબઈ કોંગ્રેસ તરફથી તેમનું સ્વાગત કરું છું.

શ્રી. સુશીલાબેન માધવજી:-

શ્રી તારાબેન તો બાલશિક્ષણપ્રેમી ગિજુભાઈનું કાર્ય પૂર્ણ કરે છે. તેઓ બાળકોનું કામ કરવા સદા તત્પર રહે છે. મીઠાશથી વર્તે છે. સાદું જીવન ગાળે છે. બાળકેળવણીમાં સમાજને દોરવવા એ સો વર્ષો જીવો.

શ્રી. પરમાનંદ કાપડીઆ:-

બાળશિક્ષણમાં તેમની એકનિષ્ઠા મેં જોઈ છે. તપસ્વી માફક કામ કરે છે. ગુજરાત મહારાષ્ટ્રની અપૂર્વ સેવા એમણે કરી છે. ગુજરાતી, મરાઠી કાર્યકર્તાઓ કોઈ પણ જાતના ભેદભાવ વગર ત્યાં કામ કરે છે. એ એમનો પ્રતાપ છે. એ એમની સેવાનું ફળ છે. તેમનું બાળસાહિત્ય-શિક્ષણ સાહિયનો ગ્રંથ છપાય તો ઘણો લાભ શિક્ષકોને થાય.

શ્રી. દાદા સેવકભાઈ:-

શ્રી તારાબેન બાળકોની સેવા કરે છે. એક વખત એવો આવશે જ જ્યારે દરેક જણ બાળ સેવામાં લાગશે.

શ્રી. કાન્તાબેન માંડવાળા:-

ગિજુભાઈનું જીવનકાર્ય તારાબેન કરી રહ્યાં છે. બાળકોની ઉન્નતિ માટે, શિક્ષણપત્રિકા મારફત એમણે માબાપોની દૃષ્ટિ ફેરવી છે; બાળમંદિરો દ્વારા નવો શિક્ષણક્રમ તેમણે આપ્યો છે. પરદેશમાં તેમણે આપણા દેશની કેળવણીની પ્રવૃત્તિની જાણ કરી છે.

શ્રી. પૂનમચંદ શાહ:-

આપણી મા પરદેશથી પાછી આવી છે. આપણે માટે જવાબદારીઓ લાવી છે. તેમના હાથ પગ આપણે છીએ. એમની સાધના આપણી ઉપાસના બનો. આજે આપણે આ પ્રસંગથી બાળશિક્ષણનો સત્કાર કરીએ છીએ.

શ્રી. ઈશ્વરભાઇ:-

આવા સંમારંભોને વહેવાર માત્ર ન બનાવતાં આપણે કાર્ય કરીએ, એ વધુ જરૂરી છે.

શ્રી. ઈન્દુબેન:-

આપણે બાળસન્માન માટે મળ્યાં છીએ. તારાબેને સન્માન સ્વીકારતાં સંકોચ રાખવો જોઇએ નહિ. કારણ આપણે વ્યકિત તરીકે એમનું સન્માન નથી કરતાં, પણ તેમની ભાવનાનું સન્માન કરીએ છીએ. આ હાર તો પ્રતીક છે. તે બાળભાવનાનું પ્રતીક છે.

અહીં જોડાયલી સંસ્થાઓ બાળમંદિરો ચલાવે છે. એ જ સાચું સન્માન છે. એ રીતે બધા કેંદ્રિત થયા છે; એ ભવિષ્યની પ્રેરણા રૂપ છે. એમણે પરદેશમા હિન્દનું માન વધાર્યું છે, એ ગૌરવની વાત કરે છે. એમની નજર આગળ હિન્દના કરોડો બાળકો છે. બાળમંદિરો પુષ્કળ પૈસાથી જ ચાલે એ ભાવનાને તારાબેને ફેરવી છે. આપણા દેશને અનુકૂળ બોરડીમાં તેમણે આ માટે કાર્ય શરૂ કર્યું છે. આજે દુનિયામા બાળકો તરફ દૃષ્ટિ બદલાઈ છે. જૂના કાળમાં બાળકોને સંસ્કાર આપવાનું મુશ્કેલ ન હતું. સમાજના જીવનમાંથી બાળકોને સંસ્કાર મળી રહેતા.

આજે યુગ બદલાયો છે. દેશમા જાગૃતિ લાવવા બાળપ્રવૃત્તિની જરૂર હતી ગિજુભાઈ અને તારાબેન દેશના નીચલા થરના બાળકોમા કેમ પરિવર્તન થાય તેને માટે વિચારી રહ્યાં છે તેમની એક યોજના પણ સરકાર આગળ પડી જ છે. મુંબઈ સરકારની નીતિની સ્પષ્ટતા કરતા મારે જણાવવું જોઈએ કે સરકાર બાળકેળવણીની જરૂર સ્વીકારે છે. પણ પૈસા ઉપર તેનો આધાર રહેલો છે. મુશ્કેલીઓ છે.

આમ છતાં બીજી પ્રાંતીય સરકારો કરતા મુંબઈ સરકાર વધુમા વધુ ખર્ચ કેળવણી પાછળ કરે છે.

૨ થી ૭ વર્ષની કેળવણીની જરૂરિયાત વિશે બે મત નથી. પણ આ આજે કાંઈ થઈ શકે નહિ. બીજા દેશોમાં એ નથી. એ માટે પૈસા પણ નથી. ગાંધીજી પણ માનતા કે માતામાં સારામા સારા સંસ્કાર ઊભા કરવા. આથી કરતુરબા ટ્રસ્ટમા બાલનિક્ષણનું કામ મૂકેલું જ છે.

ટાગોરનું પ્રાર્થના-ગીત મુશ્કેલીમાથી હું રસ્તો કરું એવી તાકાત આપ. એ તારાબેને સારું કરી જીવી બતાવ્યું છે. પ્રેમ કોઈ રૂકાવટ સહન કરી શકતો નથી. પ્રભુ તેમને રસપ્રદ લાંબુ આયુષ્ય આપે. આપણો પ્રેમ કાર્યમા પરિણમે.

શ્રી તારાબેન મોડક

સુતરહાર મળ્યા તે જોતાં, 'સન્માન' શબ્દ સ્વીકારું છું. તેની સાડી વણાવાશે અને તમારી યાદગીરી રહેશે.

આજની મુશ્કેલીમાથી રસ્તો કાઢવાની દૃષ્ટિએ આપણે બધાએ કેળવણીનું કામ ઉપાડવું જોઇએ. પરદેશમા બાલશિક્ષણ ફરજીઆત નથી પણ તેનો પ્રચાર-પસાર ઘણો છે. એટલે ફરજીઆત જેવું જ કાર્ય છે બેનોની સંસ્થાઓની મારફતે બાળસંસ્થાઓનું કાર્ય ત્યા ચાલે છે. અહીંની સ્ત્રી-સંસ્થાઓ એ ઉપાડે તો જરૂર રસ્તો નીકળશે. ગરીબો-અનાથ અને શ્રીમંતોની શાળાઓ મેં જોઇ; તેમા કોઇ જાતનો ભેદ ન હતો. ત્યાંની શાળામાં ગરીબાઇ લાગતી નથી. શ્રીમંતો માટે કંઈ કરવાની જરૂર નથી, એ માન્યતા ખોટી છે. અત્યંત ગરીબ અને શ્રીમંત એ બંનેના બાળકો માટે કરવા જેવું છે. બાળક તરીકે બધાં એક છે.

પરદેશમાં પ્રાથમિક શિક્ષણ ૧૪ વર્ષ સુધી છે. ત્યાના લોકો શારીરિક સ્થિતિ પર ખૂબ ધ્યાન આપે છે. શાળા તરફથી ત્યાં દૂધ મફત અપાય છે. પૈસા લેવાય તે જૂજ. જમણ પણ લગભગ સરતું અપાય છે. સ્વીટ્ઝર્લેન્ડ જેવામા તો કપડા, બૂટ વગેરે શાળા તરફથી અપાય છે, અને ખર્ચ ઇન્કમ ટેક્ષમાંથી લેવાય છે અન્ન પૂરું પાડવું, શારીરિક તપાસ, ૧૧મે ૧૩મે વર્ષે માનસિક તપાસ થાય છે

સમાજ, મ્યુનિ, સરકાર વગેરેનું ધ્યાન કેમ ખેંચાય ! તે આપણે જોવાનું છે. પ્રજાસત્તાક રાજમાં પ્રજાનું ધાર્યું થાય છે. સરકાર પ્રજાના સાથ વિના જે કાર્ય કરે છે તેમાં પૈસા વેડફાઈ છે. સરકાર જે બાળશિક્ષણને મદદ આપે છે તે સહાનુભૂતિ જેવું છે. સરકારને આપણે એ માટે ફરજ પાડવી જોઈએ. આપણે બધા સંગઠિત થઈને કાર્ય કરીએ તો એ પણ થઈ શકશે.

બા લ વિ ભા ગ

લ્યો.....બોર

—:o:—

બોરવાળી આવી; લ્યો મીઠાં મીઠાં બોર (૨)
ટોપલીમાં લાવી, એ મીઠાં મીઠાં બોર (૨)
પાવલીનાં શેર આપ્યાં લ્યો.....બોર
બાનનાં બે વાર આપ્યાં લ્યો.....બોર
પાકાં પાકાં લાવી એ મીઠાં મીઠાં બોર (૨)
તાજાં તાજાં લાવી એ મીઠાં મીઠાં બોર (૨)
.....બોરવાળી.

જંગલની ઝાડીએથી, દૂર દૂર વાડીએથી;
વીણી વીણી લાવી, એ મીઠાં મીઠાં બોર (૨)
મોટાં મોટાં લાવી, એ મીઠાં મીઠાં બોર (૨)
.....બોરવાળી.

તમે નાનાં બાળ આવો, ગોઠિયાને સાથ લાવો;
સહુ સાથ મળીને બાએ, એ મીઠાં મીઠાં બોર (૨)
લેવા રોજ રોજ આવો, એ મીઠાં મીઠાં બોર (૨)
.....બોરવાળી.

કરી ટોપલી આ બાલી, હવે બોરવાળી ચાલી
ભાઇ, કાલ તમે લેજો, એ મીઠાં મીઠાં બોર (૨)
બેન, કાલ તમે લેજો, એ મીઠાં મીઠાં બોર (૨)
.....બોરવાળી.

પૂનમચંદ શાહ

બા પુ જી ની મી ઠી વા તો

તમે બે મિત્ર એકમેકને મળો ત્યારે કેટલો આનંદ થાય છે ! અને ઘણાં વર્ષો પછી મળ્યા હો તો આ આનંદ અનેકગણો વધારે છે. બે મિત્રોના ભેટવામાં મીઠાશ હોય છે, કારણ ત્યાં નિર્મળ પ્રેમ હોય છે. બે મહાન પુરુષો પરસ્પર મળે છે ત્યારે પણ ત્યાં અપૂર્વ મીઠાશ હોય છે. તે ગંગાયમુનાનો ભેટો હોય છે, તે ચંદ્રસૂર્યનો ભેટો હોય છે ! પરમેશ્વરનો તે ભેટો હોય છે; સમર્થ રામદાસની અને સંત તુકારામની એક વેળા આવી જ મુલાકાત થઈ હતી. એક નદીના કિનારે આ બે સાધુ બોલવાના હતા એથી હજારો લોકો ભેગા થયા હતા. પ્રવચન વખતે એકે પાણીમાં પથ્થર નાખ્યો; બીજાએ આકાશ સામે આંગળી ચીંધી. પછી બંને ચાલ્યા ગયા. તેનો અર્થ શો? એક જણ

બોલ્યો, "પાણીમાં પથ્થર ડૂબે છે તે પ્રમાણે આ લોક સંસારમાં ડૂબે છે" બીજો બોલ્યો, "શું કરશું ? પ્રભુની ઇચ્છા."

પરંતુ આજે હું તમને બાપુજીની વાત કહેવાનો છું. યરવડા તુરંગમાં મહાત્માજીએ ૧૯૩૨માં ઉપવાસ શરૂ કર્યા હતા. હરિજનોને હિંદુ સમાજથી કાયમને માટે વિખૂટા કરી નાખવાની અંગ્રેજોની ચાલ્યાજી હતી. મહાત્માજીને એ વાત પસંદ નહીં. દેહનો એક ભાગ કરવતથી છૂટો થાય એ કોનાથી સહન થઈ શકે ? ને હિંદુ સમાજની એથી તો કાયમની નામોશી થાય. મહાત્માજીએ એથી ઉપવાસ શરૂ કર્યા. ઇંગ્લંડના તે વેળાના પ્રધાન મેકડોનલ્ડે આપેલો ચુકાદો પાછો ખેંચાવવા માટેના આ ઉપવાસ હતા. દોડા દોડ શરૂ થઇ. યરવડા તુરંગ, ભારતનું રાજકીય-ચર્ચાક્ષેત્ર થયું. પંડિત મદન મોહન માલવીય આવ્યા. રાજાજી તથા ડો. બાબાસાહેબ આંબેડકર આવ્યા. છેવટે ડો. બાબાસાહેબને મંજૂર થાય એવા પુના- કરાર થયા. બધાને આનંદ થયો.

તે વેળા યરવડામાં ઉપવાસ છૂટવાને સમયે કોણ કોણ હતા ? દેશબંધુ દાસના પત્ની વાસંતીદેવી આવ્યા હતા. દેવી સરોજિની હતા, મદનમોહન હતા, અને ગુરુદેવ રવીન્દ્રનાથ હતા. તે મહાત્માજીની પાસે આવ્યા. આંબાના ઝાડ નીચે મહાત્માજીનો ખાટલો હતો. રાષ્ટ્રપિતા ત્યાં પડ્યા હતા. ઉપવાસ છૂટવાના હતા. રવીન્દ્રનાથ મહાત્માજીની નજીક ગયા તે મહાન કવિ ભાવનાથી ભરેલા હતા. તે વળ્યા. મહાત્માજીના બધા ઉપર ડોક મૂકીને કવીન્દ્ર-ગુરુદેવ છોટા બુલકાં માફક રડ્યા. તે દૃશ્ય આંખ સામે આવતાં હું કેટલીય વેળા ગદ્‌ગદિત થયો છું. તમને પણ નથી લાગતો આ પ્રસંગ અતિ પાવન ને મધુર ? ભારતમાંના બધ સત્યં, શિવં, સુંદરમ્ તે વેળા યરવડામાં એકત્ર થયા હતા મહાન પ્રસંગ. પ્રણામ તે પવિત્ર મંગલ પ્રસંગને.

બાબાભાઇ ઠેઠી

(મરાઠી પરથી)

હિંદનું સ્વરાજ્ય

રમેશ હવે સ્વતંત્ર હિન્દી બન્યો છે. એ કહે છે કે હવે સ્વરાજ્ય મળ્યું-મને ફાવે તેમ કરું. રાત્રે મોટેથી રેડીઓ વગાડું; દિવસે ઘાંટા પાડું; ટ્રેઇન-ટ્રામમાં ટિકિટ વગર રખડું. ગમે ત્યાં કચરો નાખું. મારા કરતાં નાનાં હોય તેને હેરાન કરું, મારું ફાવે તો ભણું નહિતર નદી કાંઠે રખડું. બા-બાપા કહે તેમ કદી ન કરું. મને વળી પૂછનાર કોણ ? અંગ્રેજો હતા તે ગયા; હવે તો આપણા પ્રમુખ અને આપણા પ્રધાનો. હું તો કોઇનું નહિ સાંભળું. બસ ! હું સ્વતંત્ર છું.

પરેશ પણ હિંદી હતો. હિંદને સ્વરાજ્ય મળ્યું; હિંદની પ્રજા હવે પોતે પોતાનું રાજ્ય ચલાવશે. એના આનંદનો પાર ન હતો. એ કહેતો કે સ્વ-રાજ્ય, એટલે મારા પર મારું રાજ્ય. હવે હું બીજાની સગવડ જોઇશ. બીજાને મદદ કરીશ. હું જાતે જ હવે સાચો નાગરિક બનીશ. પાસે બેઠેલાને અડચણ થાય એમ મોટેથી નહિ બોલું. મારું આંગણું અને મહોલ્લો હું સાફ રાખીશ શાળામાં હું જાતે મારા પાઠ કરીશ. હિંદ મારો દેશ છે હું સારો તો હિંદ સારો; મારા હિંદને હું મહાન બનાવીશ.

જમુભાઇ દાણી

"બાપુનું મૃત્યુ મહાન"

પૂજ્ય મહાત્મા ગાંધીજી એક વખતે ઓરિસાને પ્રવાસે ગએલા; ત્યાંથી તેઓ જગન્નાથપુરી ગએલા. પૂ. બાપુને ત્યાં ગયા પછી સમજાયું કે આ "જગન્નાથ"નાં દર્શન, આપણી કઠિન સેવા ઊઠાવતી હરિજન જાતિને થતાં નથી. એટલે તેમણે હરિજનો માટે મંદિર ખુલ્લું મૂકાવવા પ્રયત્નો કરી જોયા. પરંતુ આપણા મન ઉપર ચડેલ વર્ષો જૂનો મેલ એમ ઘડીકવારમાં પીગળે! મંદિર ખુલ્લું ન મૂકાયું એટલે બાપુજી દર્શન કર્યા વગર પાછા ફર્યા.

૧૫ ઓગસ્ટ સને ૧૯૪૬ને દિને હિંદને સ્વરાજ્ય મળ્યું: ૩૧ જાન્યુઆરી ૧૯૪૭ના દિને બાપુજીનું ખૂન થયું. આ સમાચાર વાયુવેગે દેશ પરદેશમાં પહોંચી ગયા. બાપુના મૃત્યુના દુઃખદ સમાચાર જગન્નાથપુરીની જનતાએ પણ સાંભળ્યા; તેમને આથી દિલમાં અત્યંત દુઃખ થયું. કારણ કે તેમણે વર્ષો પહેલાં બાપુનું કહ્યું માન્યું ન હતું. તેમણે સંતના દિલને દુભવ્યું હતું. આથી આજે જનતાએ ભેગા મળી હરિજન માટે મંદિરનાં દ્વાર ખુલ્લાં મૂકી દીધાં અને એ રીતે બાપુ જે જીવતાં નો'તા કરી શકયા તે તેમના મૃત્યુએ કરી દીધું. એટલે બાપુનું મૃત્યુ મહાન નહિ તો બીજું શું?

અમૃતભાઇ જાની

અજીત કેમ સુધર્યો!

અજીતના માબાપ પૈસાદાર હતા; તે ઘણા મોજશોખથી ઊછરેલો હતો; તેને એક બૂરી આદત પડી ગએલી. કોઇ કોઈ વાર તે પૈસા ચોરતો.

અજીતને ઘેર એક નોકર હતો. તેનું નામ હતું પુનમ! પુનમ ચાલાક છોકરો હતો. તેની સાથે અજીતનો જીવ ગોઠી ગયો હતો. અજીત પુનમના કહ્યા પ્રમાણે વર્તતો. પરંતુ આ ચોરીની ટેવ છોડતો નહિ. પુનમે વિચાર્યું કે આની ટેવ મારે છોડાવવી.

એક દિવસ અજીતે ટેબલ ઉપર મૂકેલા દસ આનામાંથી બે આના ઉપાડી લીધા. પુનમે તે જોયું. તેણે વિચાર્યું કે હું આ વાત નહિ જણાવું તો તે ચોરી કરતાં વધુ શિખશે, અને ઘરના શેઠ મારા ઉપર વહેમાશે કે ચોરી તો પુનમે જ કરી! એટલે પુનમે શેઠના સાંભળતાં કહ્યું, "અજીતભાઇ! એ દસ આનામાંથી બે આના શા કામ માટે લીધા?"

અજીત તરત જ શરમાઈ ગયો. શેઠે તે સાભળ્યું, અને તેની તપાસ કરી. અજીતને પૂછ્યું. "બે આના શા માટે લીધા?"

અજીતે તો ચોરી કરી હતી! એટલે એકદમ તે જવાબ આપી શકયો નહિ; શેઠ

સમજી ગયા, અને તેને કહ્યું. "જો તારે પૈસા જોઇતા હતા તો મારી પાસે માગવા હતા ને? ચોરી કરવી એ તો પાપ છે, અને ગુન્હો છે; તું મોટો થઈશ; ત્યારે આ ટેવને લીધે તારા ઉપર કોઇ વિશ્વાસ રાખશે નહિ."

પુનમ બોલ્યો, "અજીતભાઇ ! શેઠને આપણા ઘરમાંથી પૈસા ચોરાતાં મારો ઉપર વહેમ ન આવે? હું રહ્યો નોકર! પણ ચોરી તો કદાપિ ન કરું. તમે પણ હવે પૂછ્યા સિવાય પૈસા ન લેશો!"

નોકર અને બાપનું કહેવું સાંભળી અજીત ગળગળો થઈ ગયો, અને કહ્યું, "પિતાજી ! મારી બરોબર ભૂલ થઇ છે, અને પુનમે તે સુધારી છે. હવેથી હું આમ પૂછ્યા સિવાય કોઈ પણ ચીજ નહિ લઉં.

બાપ અને નોકર બેઉ આ સાંભળી રાજી થયા.

પુરુષોત્તમ હરિભાઇ પટેલ.

ભા ઇ ના પ્રે મ

એક ગામમાં બે ભાઇબહેન રહેતાં હતાં. ભાઇનું નામ રમેશ અને બેનનું નામ રમા. બન્ને ભાઈબહેન નાનાં હોવા છતાં તેમની વચ્ચે અસાધારણ સ્નેહ હતો. કદી તેઓ એકમેક સાથે લડતાં, ઝગડતાં નહિ. તેમ જ તેઓ બીજાઓની સાથે પણ ટંટા ફિસાદ કરતાં નહિ. આથી આ ભાઇબહેનની જોડી આખા ગામમાં ખૂબ વખણાતી.

જો કોઈ વખતે ભાઇ સહેજ પણ માંદો થયો હોય તો તે આખો દિવસ બહેન અશાંતિમાં પસાર કરતી. તેમ જ ખાતી પણ નહિ. તે જ પ્રમાણે ભાઇને પણ દુઃખ થતું. તેમના સારા સ્વભાવને લીધે તેમને દરેક જણ બોલાવતું.

એક દિવસની વાત છે. રાત્રે અચાનક ઘરમાં આગ લાગી. તેમાં બહેન ઝડપાઈ અને સખત દાઝી. ડોકટર સાહેબે કહ્યું કે જો કોઇ માણસ પોતાના શરીરની થોડી જીવતી ચામડી ઉતારીને આપે તો જરૂર આ બહેન સાજા થાય, નહિ તો નહિ! જીવતી ચામડી ઉતારી આપવા કોણ તૈયાર થાય? પણ તરત જ તેનો ભાઇ રમેશ તૈયાર થયો; તે બોલ્યો. 'ડોકટર સાહેબ, મારા શરીરમાંથી આપને જોઇએ એટલી ચામડી ઉતારી લો.' ડોકટર તો આટલા નાના છોકરાની હોશિયારી ને બહાદુરી જોઇને અજાયબી પામી ગયા અને ઘણી જ ચાલાકીથી થોડી ચામડી ઉતારી લીધી. રમેશ નાનો હોવા છતાં પણ સહેજ દુઃખ પામ્યો નહિ. જ્યારે તેની બહેન સાજી થઈ ત્યારે તે ખૂબ ખુશ થયો.

તમો પણ તમારા ભાઇ—બહેન પર આવો જ પ્રેમ રાખજો.

જશભાઇ ઝ. પટેલ

ગિજુભાઈ જયંતિ

આદર્શ બાલમંદિર, બાર

તા. ૧૫ નવેમ્બરે બારના આદર્શ બાળમંદિરમાં બાળકોની સભા રાખવામાં આવી હતી. પ્રમુખશ્રીને ચતુરેને ઉપાધ્યાય હતા. ગીત, નૃત્ય, ભજનના કાર્યક્રમ ઉપરાંત ગિજુભાઇ સંબંધે વાતો કહેવામાં આવી હતી.

તા. ૧૯ મીના રોજ બાળકોનું સરઘસ નીકળ્યું હતું. 'ગિજુભાઈ અમર રહો' અને બાલમંદિર તથા બાલવાડીના કાર્યને અનુરૂપ સૂત્રો પોકારતું અને બાળગીતો ગાતું બાલવૃંદ બધે ફર્યું હતું. શ્રી. હિં. ગ. અંજનિયાના પ્રમુખપદે મનોરંજક કાર્યક્રમ પણ યોજાયો હતો.

બાલકનજી બારી, બાર

તા. ૧૩ મીના રોજ લક્ષ્મીનગર હોલમાં શ્રી. સેવક ભોજરાજને પ્રમુખપદે બાળકોની સભા મળી હતી. અન્ય કાર્યકર્તાઓ પણ હાજર હતા. ગિજુભાઇનો પરિચય આપ્યા બાદ વાતો અને ગીતોનો કાર્યક્રમ રાખેલો.

ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળ, મુંબઇ

સ્વ. ન. જે. વીરજી બાલમંદિરમાં શ્રી. કોકિલાબેન મહેતાને પ્રમુખપદે સમારંભ રાખેલો. બાળકો અને શિક્ષકોએ મળી ગિજુભાઇના ફોટા પાસે રંગોળી પૂરેલી. ભજન બાદ ગિજુભાઇનો પરિચય અપાયો હતો. પછી બાળકોએ જ ગિજુભાઈ કેવા સરસ-મિત્ર, મૂછાળી મા હતા—એ વિષે પોતાના શબ્દોમાં જણાવ્યું હતું. 'ગિજુભાઇ ઝિન્દાબાદ'ના ઉદ્‌ગારો સાથે સૌ છૂટા પડેલા.

સ્વ. હં. પ્રે. ઓફ્ શિશુશિક્ષણ મંદિર

બધાં બાળકો ભેગાં મળ્યાં હતાં, અને ગિજુભાઈના પરિચય બાદ એમની વાર્તાઓ, ગીતો, જોડકણાં વગેરે સંભળાવવામાં આવ્યાં હતાં. બાળકો થોડી રમતો પણ રમ્યાં હતાં. બાણગંગાથી શરૂ કરી ચોપાટી સુધીમાં બધે ભીંતપત્રો ચોંટાડી 'બાલવાડી' વિષે પ્રચાર કર્યો હતો.

વ્ય. મંડળની ચૂંટણી

૧. છેલ્લો દિવસ પાંચમી ફેબ્રુઆરી.
૨. મતપત્રક કવરમાં બીડી, ઉપર 'વ્ય. મંડળની ચૂંટણી' એવું જરૂર લખો, નહિતર પત્રક નકામું થશે.

પત્રિકાનું લવાજમ

તમે તમારું લવાજમ ન ભર્યું હોય તો તરતજ મોકલી આપવા વિનતિ છે;

ફેબ્રુઆરીની પત્રિકા વી. પી. થી રવાના થશે, એની નોંધ લેશો.

બાલમંદિરનાં બાળકોને

ગિજુભાઇની વાર્તા

'બોલે કુણ સરસ્વતી'

કોઠને અઢલે એક રૂપિયામાં

(પોસ્ટેજ જુદું)

બાને પ્રાને રંગીન ચિત્રો : શબ્દે શબ્દે સુંદર કથા

:: લખો : ::

શ્રી મંત્રી, નૂતન બાળશિક્ષણ સંઘ

શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.—

જેયંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ, મુંબઈ ૧.

ટે. નં. ૨૦૪૪૩ ટેલીગ્રામ: Deshikothi

ક્યાંથી ખરીદી કરશો ?

મુંબઇના

સૌથી અપ-ટુ-ધ-મિનિટ સ્ટોરમાં પધારો

સુતરાઉ, ગરમ તથા રેશમી કાપડ ફરનીશીંગ તથા હાઉસહોલ્ડ લિનન બનારસી સિલ્ક સાડીઓ, જુદા જુદા દિલજીત રંગોમાં — બ્લાઉઝ પીસીઝ, લેધર ગુડ્ઝ

ભેટ આપવા લાયક નોવેલ્ટીઝ
ઊંચી કવોલિટીનો માલ
તાજ્જી ભાવથી મળશે.

બોમ્બે સ્વદેશી કોઓપરેટીવ સ્ટોર્સ, લિમિટેડ.

સર ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ મુંબઈ.

: શાખાઓ :

મહાત્મા ગાંધી રોડ, પૂના — જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ

જરૂરી માહિતી

પત્રવ્યવહાર વખતે સભ્ય નંબર લખો તો અમારું કાર્ય ઘણું સરળ થાય.

પ્રત્રિકાના લેખો માટેનો પત્રવ્યવહાર શ્રી. જમુભાઇ દાણી બ્લેવેટસ્કી લોજ, મુંબઇ ૭ ને સરનામે કરવો.

લવાજમ, ગ્રાહક, સભ્ય વગેરે માટેનો પત્રવ્યવહાર શ્રી. બાબીબેન મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬ ને સરનામે કરો.

નિરીક્ષણ કાર્યને માટે બાલવાડી, બોરડી-ગોલવડ થઈને; બી. બી. સી. આઈ. રેલ્વે-એ સરનામે લખો-

શિક્ષણ પત્રિકા

હિંદી—મરાઠી—ગુજરાતી
લવાજમ ચાર રૂપિયા
પરદેશમાં ૯ શિલિંગ
છુટક નકલ ૭ આના
—પત્રવ્યવહાર—
શ્રી. બાબીબેન મુલજી
'શિક્ષણ પત્રિકા' કાર્યાલય
શાંતારામ નારાયણ લેન, મુંબઈ ૬.

આગ—અકસ્માત—જિંદગી

મોટર દરિયાઈ વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને સંતોષકારક મહેનતાણું :
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—
૩૧૫-૩૨૧ પ્રોસ્પેકટ ચેમ્બર્સ, હોર્નબી રોડ
મુંબઇ.

પ્રકાશક : શ્રી બાબીબેન મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ ૬.
મુદ્રણ સ્થળ: રમેશ પ્રિન્ટીંગ વર્કસ ૮ પારેખ સ્ટ્રીટ, પ્રાર્થના સમાજ, મુંબઈ ૪.

ગુજરાત વિદ્યાપીઠ

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૫ :] ફેબ્રુઆરી, ૧૯૫૦ [અંક ૨ :

સ્વાતંત્ર્યના સૂર

સ્વાતંત્ર્યનાં વાદ્યો વાગ્યાં.
ગગન ભેદીને ગાજી ઊઠ્યાં.
હૃદયના તાર ઝણઝણી ઊઠ્યા,
હર્ષથી હૃદય નાચ્યું
સ્વતંત્ર! મારો દેશ સ્વતંત્ર! પૂર્ણ સ્વતંત્ર!
મેં ડોક ઊંચી કરી,
સ્વાભિમાનથી ચારે કોર જોયું.
શું દેખાયું?
નૈતિક અધઃપાત! વ્યક્તિગત સ્વાર્થ!
સત્તાનો મદ! સત્તાની લોલુપતા!
સ્વમતનો દુરાગ્રહ! પરનિંદાનો વોય!
હૃદય ચીરીને ઉદ્‌ગાર નિકળ્યો.
હે પ્રભુ, અમને બળ આપ; સન્મતિ
આપ કે જેથી આ મળેલું સ્વાતંત્ર્ય અમે
ટકાવી શકીએ, અમારા મનોરાજ્યના ઊંચા
શિખર પર પહોંચી શકીએ, ને કહી શકીએ:
"સ્વતંત્ર ભારતકી જય!"

તા૦

વાર્ષિક લવાજમ
ત્યાર રૂપિયા

છૂટક નકલ
છ આના

: આધતંત્રી :
સ્વ. ગિજુભાઇ બધેકા

: સંપાદક :
તારાબેન મોડક

: સહસંપાદક :
જમુભાઇ દાણી

અનુક્રમણિકા

બાળ વિભાગ

૧. સોમાભાઇની ગાય ... ... શ્રી નયન
૨. ગામને ગોંદરે ... ... પૃનમચંદ
૩. છોકરા–છોકરાની વાત ... ... અ. જાની
૪. જીવરામ ઝાડુવાળો ... ... કપિલા ઠાકોર

૧. અંતર્મુખ બનીએ ... ... તારાબેન
૨. એક માતાની નોંધ ... ... લી. સ.
૩. કાન્તાબેનનો કચવાટ ... જયંત શુકલ
૪. સાચા શિક્ષક બનીએ ... ... બાલમુકુંદ
૫. બે ચિત્રો ... ... ઇશ્વરાચાર્ય
૬. ધ્યેયલક્ષી ધંધો ... ... પૂનમચંદ
૭. માબાપ ને બાળકો ... ... પુ. પટેલ
૮. ચૂંટણીનું પરિણામ ... ... મંત્રી
૯. બાળકોનાં રમકડાં ... ... ર. અમીન

તંત્રીની નોંધ

ચૂંટણી

આ જ અંકમાં બીજે સ્થળે વ્યવસ્થાપક મંડળની ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. નૂ. બા. શિ. સંઘના લગભગ ત્રણ હજારથી વધારે સભ્યો છે; તેમાંથી માત્ર ૬૪ ના મતો જ ગણવામાં આવ્યા છે, એ વાત ચોંકાવનારી છે.

ગુજરાતી ૪૫, મરાઠી ૧૮ અને હિંદી ૧ એમ મતો આવ્યા છે, એટલે લગભગ ગુજરાતી ૨.૮ ટકા, મરાઠી ૨.૮ અને હિંદી .૧ ટકા મતો આવ્યા. ગુજરાત–કાઠિયાવાડમાં ગયાં ૨૫ વરસોથી કામ ચાલે છે. તે પ્રમાણમાં માત્ર ૪૫ જણ જ મતપત્રકો ભરીને મોકલે તે પરથી કેટલી ઉદાસીનતા છે તે દેખાય છે! મરાઠીમાં પૂના શાખા હમણાં હમણાં જ કામ કરવા લાગી છે; તે જોતાં તેમનું પ્રમાણ બહુ ખરાબ ન કહેવાય. જો કે ૧૮ કરતાં વધુ વધારે લોકો મત મોકલી શકયા હોત. હિંદીમાંથી માત્ર એક જ મત આવે એટલે પૂરી ઉપેક્ષાવૃત્તિ જ ગણાય. હિંદી વિભાગમાંથી એક પણ ઉમેદવાર ન ઊભા રહયા તે જ એક દુઃખજનક વાત હતી. તેમાં એક હજાર જેટલા સભ્યોમાંથી માત્ર એક, ને તે પણ બોરડીમાં રહેનાર મરાઠીભાષિક સભ્યનો જ મત ભરાઇને આવ્યો! પોતે ભાષામંત્રી. તંત્રી શાખાના મંત્રી ને પ્રમુખ ને બીજા ઘણા સીધો સંબંધ ધરાવવાવાળા છે તેમાંથી કોઇને, મતપત્રક ભરવાનું મન થયું નહિ એ તો દુઃખજનક પરિસ્થિતિની પરિસીમા જ કહેવાય! ખરું જોતાં તો હિંદી શિક્ષણપત્રિકામાં વખતસર જાહેરાત નહોતી થઈ માટે તે ચૂંટણીને એક મહિનો લંબાવવી પડી. નહિ તો ડિસેંબરમાં જ એ થઈ હોત. એમ છતાં કોઇને મત મોકલવાનું યાદ ન આવ્યું તે વાત ઘણી જ વિચિત્ર કહેવાય!

સંઘની શાખામાંથી પણ દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને નાગપુર શાખાના કાર્યવાહી મંડળમાંથી પણ કોઇએ–મંત્રીએ પણ નહિ–મતપત્રક ભરવાની તસ્દી લીધી નથી. સંઘ સાથે જોડાએલાં બાલમંદિરોના પ્રતિનિધિ કે શિક્ષકોમાંથી પણ બહુ જ થોડાના મત આવ્યા છે.

એકંદરે લોકશાસન પદ્ધતિનું શિક્ષણ હજી આપણે લેવાનું બાકી છે એમ કહેવું પડે છે. છતાં રાજકીય ને બીજી ચૂંટણીમાં કાંઈ નહિ તો ચૂંટણી વખતે તો જાગૃતિ ને ઉત્સાહ જોવામા આવે છે. આપણા સંઘમાં કાર્યકર્તાઓ, શાખાઓ, સંચાલકો બધા જ એ સંબંધમાં ઉદાસીન કહો કે નિદ્રિત હોવાથી સામાન્ય સભ્યોમા જાગૃતિ ન બતાવે તો નવાઇ નથી.

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૫ : અંક ૨] મુંબઇ [ફેબ્રુઆરી, ૧૯૫૦

અંતર્મુખ બનીએ

ગયા મહિનાની આખરે આપણે પ્રજા સત્તાક રાજ્યસ્થાપનાનો ઉત્સવ ઉજવ્યો, અને ચાર દિવસ પછી સર્વોદય દિન પાળ્યો. દર વર્ષે આ બે દિવસો એક પછી એક આવવાના. આ જાણે કે આપણા દેશ માટે એક ઈશ્વરી ઘટના બની ગઈ છે. પ્રજાના હાથમાં સત્તા આવી, પોતાનું ભાવિ ઘડવાની પૂર્ણ સત્તા આવી તેનો માત્ર આનંદ કરીને બેસી રહીશું, માત્ર રોશની, શોભા શણગાર ને પાનપાન કરીને વિરમીશું તો બહુ વધુ દિવસ એ ઉત્સવ કરવાના આવશે નહિ; એની જાગે સતત જાગૃતિ કરાવવા માતર, ઉત્સવની મનઃસ્થિતિ છોડીને–અંતઃર્મુખ થઇને–આત્મપરીક્ષણ કરવાનો દિવસ આવે છે. પ્રજાસત્તાક રાજ્યની ખરી સ્થાપના માટે અને તેની મજબૂતી માટે તો સર્વોદયની જ જરૂર છે. આપણા વહાલા બાપુજીનું લોહી તે દિવસે આપણા દેશના પાટનગરમાં રેડાયું. ઘટના તો અત્યંત દુઃખદ થઈ, પણ જાણે આપણા જેવા મહા નિદ્રામાં પડેલા, ઘોરતા દેશને જગાડવા માટે આ એક વિધિઘટના બની ન હોય! મોટો આઘાત લાગ્યા વગર આ મહા નિદ્રા કેમ ઊડી શકે! દર વર્ષે દેશનો સ્વાતંત્ર્ય-દિન અને તરત સર્વોદય દિન સાથે સાથે આવશે અને આપણને યાદ આપશે કે જે કાજે આપણાં પિતાનું લોહી રેડાયું તે કામ હજી અધૂરું જ છે. ચાલ ઊઠ અને કામે લાગ. "સત્ય ને અહિંસાને જીવનમાં લાવ."

સર્વોદય દિન એ આત્મલક્ષી બનવાનો દિવસ છે–અંતર્મુખ બનવાનો દિવસ છે. બાપુનો આદેશ સંભારીને આપણે તે પાર પાડવામાં શું કર્યું, તેનું આત્મપરીક્ષણ કરવાનો દિવસ છે. નવા નિશ્ચયો કરવાનો દિવસ છે અને તે નિશ્ચયો પાર પાડવાનું મનોબળ ઈશ્વર આપણને આપે, તે માટે પ્રાર્થના કરવાનો એ દિવસ છે.

આપણે બાળશિક્ષકો આજે શું નિશ્ચયો કરીશું? આપણા દેશની આજથી સૌથી મોટી જરૂરિયાત મને તો નૈતિક બળ વધારવાની લાગે છે. ડગલે ને પગલે અસત્ય ને અપ્રમાણિકતાનું સામ્રાજ્ય દેખાય છે. કાળા બજારમાંથી વસ્તુઓ લાવીને આપણાં બાળકોને ખવડાવશું ને ઓઢાડશું તો તેથી શું આવતી પેઢી મનથી મજબૂત અને દેશને ઊંચે લાવનાર થશે? રૂપિયો આઠ આના આપીને કે લીલી નોટોથી કોઇનો હાથ દાબીને કામ કરાવી લેવાથી કોને લાભ થવાનો છે? આપણે કહીએ છીએ કે કાળા બજાર કરનારને, પાવડી લેનારને, લાંચ રૂશ્વત લેનારને પકડીને સજા કરવી જોઈએ. પણ કાળા બજારમાંથી માલ લેનારા કોણ છે? પાવડી આપનારા કોણ છે? હાથ ભીનો કરાવનાર કોણ છે? અનેક રીતે સાચા મોટાનો વિચાર કર્યા વગર તાત્કાલિક સુખ કે લાભ જોઈને વર્તનારા તો આપણે જ બધાં છીએ ને! અને આપણાં બાળકોને તે જ અનૈતિક હવામાં આજે આપણે ઉછેરીએ છીએ. પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે સત્યને કોરે મૂકીને જીવવાના પાઠો એમને આપીએ છીએ. આપણે બાળશિક્ષકો થઇને પણ તે જ કરવા મથીએ છીએ. બાળકોના અને તેમનાં માબાપોના ગુરુ થવાનો આપણે દાવો કરીએ છીએ. પછી એક મોટો મુદ્દો આગળ કરીએ છીએ. 'આખી દુનિયા લહેર કરે છે ને મોજમજા ઊડાવે છે ને શું શિક્ષકે જ એકલાએ મરવું?, હા, ભાઈ હા. કોઇએ તો બાપુનો સત્યનો ઝંડો ઊંચો રાખવો જોઈશે ને? એની પાછળ મરી ફીટવું જોઈશે ને? જીવનના

સાચા રસ્તા પર અજવાળું પાડનાર જ્યોત જલતી રાખવી જોઇશે ને ?

આપણા હાથમા નાના બાળકો છે. તેમની આંખો આપણી સામે તાકીને જોયા કરે છે. તેમનાં સંસ્કારક્ષમ મનો આપણા પાસેથી સંસ્કારો ચૂસી લે છે. આપણી આસપાસની હવામાંથી તેમને સત્ય ને અહિંસાના જ સંસ્કારો મળવા જોઇએ. તે માટે તો એ સિદ્ધાંતોને આપણે આપણા જીવનમા પ્રથમ ઉતારવા જોઇએ

આપણા દેશને નૈતિક અધ:પતનથી બચાવવો એ આજની પહેલી જરૂરિયાત છે. એટલે આપણે પોતે જ આપણા જીવનનો પાયો નૈતિક બનાવીએ અને બાળકોને પણ તે જ રસ્તો જીવનથી બતાવીએ. આટલું કરીશું તો જ અમર રહેશે બાપુના સત્ય ને અહિંસા !

તા. ૨૯-૧૧-૪૦ મોડક.

એક માતાની નોંધ

(લી. મ.)

તા. ૧૨ : ૮ : ૪૦ : ઉમ્મર : ૨ વર્ષ

સ્થળ : અ

આ મહિનામા *નો શારીરિકવિકાસ સરસ થયો છે. વજન અને ઊંચાઇ સારાં વધ્યાં છે, અમેરિકન ધોરણે ત્રણ વર્ષના બાળકનો જે વિકાસ લેખી શકાય તેવો વિકાસ, આજે બે વર્ષની વયે તેણે પ્રાપ્ત કર્યો છે.

રોજ સવારે તે પાંચ વાગે જાગે છે પણ બાટલામાં પડી રહીને દૂધ પીએ છે. લગભગ પાંચ-૬ વાગે હું સ્નાનાગારમાંથી બહાર આવું છું; એટલે તે કહે છે, 'બહેનજી, ગાને.' એટલે તેની આગળ હું બેસું છું. ગીતની પસંદગી તે કરે છે; શું ગાવું તેની સૂચના આપે છે, ટૂકો સંભારે છે અને પૂછે છે 'એ શું ગાયું ?' એટલે પછી હું તેનો અર્થ સમજાવું છું.

હું ગાઉં છું.

'ચિડિયા ચ્યોં ચાની

ચકલી કી સૂનો બાની'

તેનો અર્થ સમજાવતા પહેલાં હું કહું છું 'બાબા સાભળ !'

બાબો કહે છે, 'ચકલી બોલે છે.'

પછી હું આગળ ગાઉં છું.

'કહતી જશોદા રાણી,

જાગો મેરે લાલા'

જશોદામા છે ને તે કૃષ્ણને કહે છે, કે ચકલી બોલે છે, મારા વહાલા, તુ જાગ.'

*કહે છે, 'હું આ જાગ્યો.'

એ પ્રમાણે ગીતનો અર્થ સમજે છે અને તે પોતાને જ લાગુ પડતું હોય તેમ માને છે.

પછી ઊઠીને સવારીનો વેશ ધારણ કરી બાગમાં જાય છે. માથે ટોપી, જોધપુરી બ્રિચીસ અને ઘૂંટણ સુધીના બૂટ (jack boots) તેના પપા નાના હતા ત્યારનું એક નાનકડું ટટ્ટુ છે; *એ તેનું નામ 'લખોટી' પાડયું છે. લગામ લાલ રંગની છે. ટટ્ટુ પર બેસી બાગમા તે ચારેક ચક્કર લગાવે છે, અને આનંદના ઉદ્‌ગારો કરતો જાય છે. સવારી કરીને 'લખોટી'ને થાબડીને તેને ગોળ ખવડાવે છે અને કહે છે, 'લખોટી ! કાલે આવજે'

તેને ટ્રાઇસિકલ પર ફરવામાં પણ બહુ મઝા પડે છે. હજી પેડલ મારતાં આવડતું નથી પણ પગથી તેને હડસેલતો બધે ફરે છે.

ગયા મહિના પ્રમાણે ૧૦ થી ૧૧॥ માં અન્ય-પ્રવૃત્તિઓ ચાલતી હોય ત્યારે સંગીત પણ રાખ્યું છે. મ. ભાઇ દિલરુબા સાથે ગાય છે. હવે તબલાં પણ રાખ્યાં છે. ગીતોમાં ફેરફાર કર્યો છે. ગૂજરાતી અને હિન્દી શિષ્ટસાહિત્યમાંથી અમને બાલભોગ્ય લાગ્યાં છે તેવાં ગીતોની પસંદગી કરી છે.

મીરાંબાઈનું 'બોલ મા બોલ મા બોલ મા રે,—
રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા.'
'મુજ અબળાને મોટી મિરાંતબાઇ,
શામળો વરેણું મારે સાચું રે.'
નરસિંહ મહેતાનાં 'મહેલો ગાજે' ને માંડવ નાચે,
'સખી, આજની ઘડી રળીઆમણી.'
તુલસીદાસનું 'જાગીએ રઘુનાથકુંવર, પંછી બનબોલે.'
'રઘુપતિ રાઘવ' ની ધૂન

આ ગીતો ભાવપૂર્ણ છે. ભાષા તેની સરલ અને હલક છટાદાર છે. ❋ ને તે બધાં બૂબ ગમે છે. કોઈવાર દેખીતી રીતે લાગે કે તેનું ધ્યાન સંગીતમાં નહીં પણ ઇતર પ્રવૃત્તિમાં રોકાએલું છે પણ તેના પરની સંગીતની અસર કોઇ બીજી ક્ષણોમાં જણાઈ આવે છે.

'બોલ મા'ની પહેલી ત્રણ ટૂંકો કંઠસ્થ થઇ ગઇ છે, અને 'રઘુપતિ રાઘવ' બરોબર રાગમાં ગાય છે. બીજાં ગીતો હજી કંઠસ્થ થયાં નથી એટલે તે ગાઇ સંભળાવવાનું મને કહે છે. એ રીતે સ્વર અને શબ્દોનું સ્મરણ ચોક્કસ કરી લેવા યત્ન કરે છે અને ગીતોનો અર્થ પૂછે છે.

હવે સંગીતને અન્ય પ્રવૃત્તિઓથી જુદા સમયે રાખવાથી ❋ પર તેની કેવી અસર થાય છે તેનો પ્રયોગ કરી જોવા વિચાર કર્યો છે.

ચિત્રદર્શન તથા વર્ણનમાં તેને બૂબ રસ પડયો છે. તેને માટે છૂટાં ચિત્રો, સચિત્ર પુસ્તકો અને માસિકો તેને આપ્યાં છે. તેથી તેનાં અવલોકન અને ભાષાજ્ઞાન સમૃદ્ધ બન્યાં છે. ખાસ કરીને પશુ–પક્ષીનાં ચિત્રો તેની આગળ મૂકયાં છે, તથા તેમનાં નામો તથા ખાસિયતો તેની આગળ રજૂ કર્યાં છે.

આ માસમાં એબટ (Abbot) ની 'જીગસૉ-પઝલ' (jig-saw puzzle) માં સૌથી વધારે રસ તેણે બતાવ્યો છે. સૌથી પહેલાં મોટરની પઝલ આપી હતી. તે પછી ટ્રેન, ઘોડો, આગબોટ, ઘેટાંનાં બચ્ચાંની અને છેવટે સસલાની પઝલ આપી છે. તેની ગ્રહણશક્તિની ઝડપ અને ચોકસાઇ આશ્ચર્ય-કારક છે. આમાં દરેક ટુકડા પર કયું અંગ છે તે બરોબર પારખી શકાય તેટલી આંખ કેળવાઇ હોય તો જ પઝલ ગોઠવી શકાય. વળી તેની ચાવી (clue) પકડવા માટે બુદ્ધિ તીવ્ર હોવી જોઇએ. આ રમતમાં તેને એટલો તો રસ પડયો છે કે દિવસના બે–ત્રણવાર તે લઇને તે ગોઠવવા બેસી જાય છે.

ભૌમિતિક આકૃતિઓની છ ખાનાંની પેટીના આકારો પહેલા સેટના કાર્ડ ઉપર ગોઠવવાનું કામ તે ચોકસાઈથી કરે છે.

ઘ્રાણેન્દ્રિય કેળવવા માટે અમે સુગન્ધી પદાર્થોની એક પેટી બનાવી છે. તેમાં કેસર, બરાસ, અમ્બર, કસ્તુરી, ચન્દન, કપૂર, બસના વાળા, કોડિયો, લોબાન, કંદ્રૂપ, ગુલાબની પાંદડીઓ, અગરુ, અષ્ટગન્ધ, કપૂર કાચલી અને ગૂગળની શીશીઓ મૂકી છે. આ આપવામાં ઘ્રાણેન્દ્રિય કેળવવાનો અને સાહિત્ય અને વૈદકમાં આવતાં કેટલાંક નામોનો પરિચય કરાવવાનો અમારો હેતુ છે. આ દ્રવ્યો સૂંઘવામાં અને તેનાં નામ ઉચ્ચારવામાં ❋ ને બહુ મઝા આવે છે.

એક દિવસ હ. ભાઇ પાટિયા પર એકડો લખતા હતા; ❋ નું ધ્યાન ત્યાં ગયું.

'શું લખો છો?'

'એક.'

'ના, એકડો',

પછી કહે, 'હું પણ લખું છું.' એમ કહી એકડો કાઢયો. ત્યાર પછી હ. ભાઈએ તેને એકડાનું સાદું કાર્ડ અને રેતિયો એકડો આપ્યો. આંગળી ફેરવી અને ફેરવાવી. બીજે દિવસે કહે 'બીજો એકડો નથી ?' એટલે હ. ભાઈએ દસ સુધીના કાર્ડો કાઢયાં તથા 'આ બગડો' 'આ તગડો' ઇત્યાદિ કહ્યું. પછી અંકગણિતની પટાવાળી લાંબી સીડી તેની આગળ મૂકી. ગણવાની, કાર્ડ મૂકવાની ઇત્યાદિ આખી ક્રિયા તેના સહકારથી કરી. આમ એક જ પ્રયોગમાં ગણતરીનું ત્રણ વાર પુનરાવર્તન થયું.

(૧) કબાટમાંથી લાકડીઓ લાવવા અને ગોઠવવામાં

(૨) કાર્ડ મૂકવામાં

(૩) કબાટમાં પાછા મૂકી આવવામાં

તેને આ રમત બહુ ગમી ગઇ છે. મીંડું, એકડો અને બગડો સારી રીતે ઓળખે છે. એક સામટી દસ સુધી સંખ્યા બોલી જાય છે. પણ મને લાગે છે કે તેને વસ્તુઓ ગણવાનું કહીએ અથવા વસ્તુઓ પડી હોય અને પૂછીએ કે કેટલી છે તો તે ગણી ન શકે. એકથી વધારે હોય તો બે, ત્રણ, ચાર એમ ગમે તે સંખ્યા તે કહી નાંખે. તેનો અર્થ એમ થાય છે કે એક અને બાકીની સંખ્યાઓ એકથી વધારે એવો ભેદ તેના મનમાં આવી ગયો છે.

લાંબી સીડીની લાકડીઓની ઉકેલગાડી કરવાનું તથા તેનો ઘોડો કરી ચાલવાનું એ અમારી ગેર-હાજરીમાં કોઈ ચાકર પાસેથી શીખી ગયો હતો.

તે એક કટોકટી ભરી (Critical) અવસ્થા-માંથી પસાર થઈ ગયો છે એનાં કેટલાંક ચિહ્નો મારા જોવામાં આવ્યાં છે. તેને ખૂબ પ્રવૃત્તિ જોઈએ છે. અપ્રવૃત્ત રહે તો રીસ કરે છે અને તે વખતને જો સંભાળી ન લઈએ તો હઠ અને છેવટે રડવા પર ચઢી જાય છે. આ વખતે અમારામાં સહાનુભૂતિ સમજૂતી, સમયસૂચકતા, દક્ષતા (comman sense) અને ધીરજ અખૂટ હોય તો જ તેનામાં હમણાં જે complexes અને problems નથી તે આવતાં અટકે. તેનામાં will અને assertiveness ખીલતાં જાય છે. તેને યોગ્ય પ્રવાહ (channel) માં વાળવા જોઈએ. એ માટે માતાની સતત હાજરી કેટલી આવશ્યક છે તે મને વધારે સ્પષ્ટ થયું છે.

દર અઠવાડિયે પર્યટનો ચાલુ છે. એક વખતે સા. આશ્રમ તરફના નદીના ભાઠામા અને બે વખતે ના. ઘાટ ગયા હતાં. ત્યા નદીની રેતમાં ખૂબ રમ્યાં; લાડવા, દેવડી અને કોટ બનાવ્યા. ફરવા બોઘા અને પાણીમા ચાલ્યાં. છેવટે નાહયાં અને તર્યાં. આ પ્રમાણે *બે તરવાની શરૂઆત કરી છે.

એક દિવસે ઈલેકટ્રીક પાવરહાઉસ જોવા ગયાં હતાં; ત્યા કોલસા ઉપાડવાનું અને લઈ જવાનું યંત્ર હતું. તે જોવામા છોકરાઓને ખૂબ જ રસ પડયો.

તેની જિજ્ઞાસાવૃત્તિ વધારે તીવ્ર બનતી જાય છે. થોડા જ વખત પર રાત્રે અગાશીમાં મને કહે, 'પવન કયાંથી આવે છે?' આજ સુધી 'આ શું છે?' એમ પ્રશ્ન પૂછતો હતો. હવે તેની ઉત્પત્તિ પર જાય છે.

— કાન્તાબહેનનો કચવાટ —

સ્થળ : કાન્તાબહેનનું ઘર.

પાત્રો

કુમુદબહેન—શિક્ષિકા.
કાન્તાબહેન—બાળકના વાલી.
સરલાબહેન—બાળમાનસ સમજતી માતા.
જમનાબહેન—વૃદ્ધ ડોશી

કુમુદબહેન–કેમ કાન્તાબહેન, શું કરવા માંડયું ?

કાન્તાબહેન–કુમુદબહેન, તમે અહિંયાં કયાંથી ?

કુમુદબહેન–અમારા શિક્ષકોની તો ફરજ જ છે કે બાળકની સંભાળ માબાપો જો બરાબર ના રાખતા હોય તો તેમની પાસે જઈ એમને રસ્તો બતાવવો.

કાન્તાબહેન–કુમુદબહેન, જો સાચું પુછાવો તો ખરી વાત એ છે કે તમારાં બાલમંદિરોએ તો માબાપ સામે છોકરાંને બોલતાં કરી દીધાં છે. મારી આ પાંચ વર્ષની દક્ષા તમારા બાલમંદિરમાં જ્યારથી આવતી થઈ છે ત્યારથી ભાઇસા'બ તોબા, તોબા. કોલસો-લઈ ભીંત ચીતરે છે, ખુરસી પર ચડી ફોટાઓને ફોડે છે: માટીનાં ઘર બનાવે છે ને આખો દિવસ હાથ ઊંચાનીચા કરીને ગીત ગાયા કરે છે. અને વળી હું કંઇ પૂછું ત્યારે સરખો જવાબ પણ નથી આપતી. શું તમે બાલમંદિરમાં આવું શીખવો છો ? અને વળી તમે તો એવું કહો છો કે બાલમંદિર તો બાળકને ઉછેરવાનું સાચું સંસ્કારકેન્દ્ર છે.

કુમુદબહેન–કાન્તાબહેન, એમાં જરાપણ શંકા નથી. બાલમંદિર બાળકોનો સાચો ખોરાક છે. એનો અર્થ એ નથી કે બાલમંદિર જ બાળકોને ઉછેરી શકે છે. પણ માબાપોની બાળકોને ઉછેરવામાં રહેલી ઊણપો બાલમંદિર પૂરી કરે છે.

કાન્તાબહેન–શું કપાળ પૂરી કરે છે. રોજ જમવા ટાણે એના બાપ સાથે બેસે છે, ત્યારે એના બાપને શિખામણ આપે છે. 'પપ્પા હાથ ધોઇને બેસો.' વળી રોટલી આવાની શરૂઆત કરે ત્યાં તો કહેશે કે પપ્પા, પ્રાર્થના કર્યા વગર ના મોંવાય; અને બધું પીરસાઇ જાય ત્યારે જ જમાય. આવું કાલું કાલું બોલી, પાંચ વર્ષની છોકરી શિખામણ આપે તે શું સ્વચ્છંદતા નથી ? આ તે માબાપનું પૂરક કહેવાય કે માબાપનુ કરવત કહેવાય. તમારા બાલમંદિરોથી તો હું કંટાળી. શું થાય ! આ તો ઘરમા તોફાન કરે એના કરતાં બે કલાક ઘરમાં શાન્ત રહે, એટલા માટે બાલમંદિરમાં છોકરાને મૂકવાનાં, નહીં તો વળી તેમને બાલમંદિર શાં...!

કુમુદબહેન–તમને જે 'શિખામણો' લાગે છે તે જ જો તમે બરાબર સમજો તો લાગશે કે એ બહેને આટલી નાની ઉંમરમા કેટલા સુંદર સંસ્કાર મેળવ્યા છે. હાથ ધોઇને જમવું, સમૂહમાં જમવું, જમતી વેળા ધીરજ રાખવી, બધું પિરસાયા બાદ જમવું, વગેરે જે તેણે ગ્રહણ કર્યું છે તે બરોબર બાલમંદિરને જ આભારી છે, એથી તો તમારે રાજી થવું જોઇએ.

સરલાબહેન–(પ્રવેશ કરીને) કેમ, કાન્તાબેન, બેબી કયાં ગઇ ? ઉષા એને કયારની યાદ કરે છે.

કાન્તાબહેન–આવો સરલાબહેન, બેબી તો તેના પપ્પા સાથે આજ દુકાને ગઇ છે. કયારની કજિયા કરતી હતી તે એને એના પપ્પા સાથે મોકલી છે.

સરલાબહેન–અરે કુમુદબહેન,તમે અહિંયા !

કાન્તાબહેન– આ આપણા માબાપોને સમજાવવા આવ્યા છે.

સરલાબહેન–કુમુદબહેન, બરોબર તમારા બાલમંદિરે તો મારાં બાળકોને એવા સંસ્કાર આપ્યા છે કે મને તો થાય છે કે બાળકો આવી રીતે શરૂઆતથી જ સંસ્કારી બને તો આખા સમાજનો રંગ પાંચ પચ્ચીસ વર્ષે બદલાઈ જાય.

કુમુદબહેન–સરલાબહેન, તમે તો બાલમંદિરના વખાણ કરો છો અને કાન્તાબહેન તો બાલમંદિરને માબાપનું કરવત કહે છે; આ કંઈ સમજાતું નથી.

કાન્તાબહેન–સરલાબહેનના અનુભવ તો જાણો.

કાન્તાબહેન–શું સરલા ! તારી બેબી બહુ ડાહી થઈ ગઈ લાગે છે. મારી બેબીને તારી બેબી સાથે જ બાલમંદિરમાં મૂકી છે પણ હું તો તોબા તોબા પોકારી ગઈ છું.

સરલાબહેન–એમાં તોબા તોબા પોકારવાનું શું હતું ? મને પણ લાગતું હતું કે આ બાલમંદિરે તો બાળકોને ફટવી મૂકયાં છે પણ મને જ્યારે સાચી સમજ પડી ત્યારે જ લાગ્યું કે બાલમંદિર કરતાં માબાપો જ એમાં વધારે દોષિત હોય છે. જ્યારે મને એક બાલમંદિરના શિક્ષકભાઈએ બેબીની આખી પરિસ્થિતિ સમજાવી ત્યારે મને લાગ્યું કે આપણે માબાપો બાળકોના કજિયાને, હઠને ને તેના તોફાનને, સમજતા નથી, અને તેનો વિચાર પણ કરતા નથી ને બાળક ઉપર એકદમ માબાપપણું દાખવી દઈએ છીએ ને કુમળા બાળક પર આપણા ધોકા જેવા હાથનો ઉપયોગ કરીએ છીએ.

કાન્તાબહેન–અરે સરલા ! તને તે વળી એવું શું સમજાવ્યું કે ડાહી ડમરી થઈ ગઈ. તું આ અત્યાર સુધી તો બાળકોને મારતી અને બાળકોને ગાળો સિવાય તો વાર્તા નહોતી કરતી. આ એકદમ તારા ઉપર બાલમંદિરે જાદુ કર્યું કે શું ?

સરલાબહેન–અત્યાર સુધી તો હું બાળકોને ન સમજી શકી અને બાળકોને મારવામા અને માબાપનું વડીલપણું દાખવવામાં મારો છોકરો જૂઠું બોલતો થયો, ચોરી કરતો થયો અને મારામારી કરતો થયો. રોજ ફરિયાદ લઈને આવે છે.

કાન્તાબહેન–અરે, આ મારી બેબી એમ તો સાચું બોલે છે પણ હજુ નાની છે તે પૂરતી સમજ નથી કે કોને શું કહેવું અને શું બોલવું. આ બાજુના પાડોશી પેલા પરસન બહેન રોજ ને રોજ કંઈ માંગવા આવે અને મને એવો કંટાળો આવે કે જે તે હું ના જ પાડું થોડા દિવસ પહેલાં એ લોટ ચાળવાની ચારણી માગવા આવ્યા હતા. મારી સાથે વાત કરતા ત્યારે બેબી ઊભી ઊભી સાંભળતી હતી. તે તરત જ અંદર ચારણી લેવા દોડી ગઈ. મને ખબરેય નહિ. મેં તો પરસન બહેનને કહ્યું કે ચારણી ભાગી ગઈ છે; ત્યાં તો દોડતી દોડતી બેબી ચારણી લઈને આવી, અને કહ્યું કે લ્યો પરસન બહેન. મારું તો બોન, એવું મોઢું પડી ગયું કે વાત જ નહિ.

સરલાબહેન–એ જ આપણી ભૂલ છે એ બેબી સાચું શિક્ષણ પામી છે. એણે ઉદાર ભાવના કેળવી છે; લાગણી કેળવી છે.

જમનાબહેન–અરે કાન્તા, બાલમંદિરની મેતીજી આવી છે ને ! ઊભી રાખ એને. આ મારી છોકરીને ફટવી મૂકી છે. જુઓ, આ તમારી પાસે શીખેલી છોકરીએ આયનો ફોડી નાખ્યો, હવે એને મારે નહીં તો શું પંપાળે ? અમેય નાના હતા પણ આવું તોફાન નહીં. મારા બાપા તો એવી મારે કે ફરી તેમની સામે ઊભા જ ના રહીએ. ઘરમા આવે કે તરત ભાગી જઈએ. એક વાર આ છોકરીનેય હું મીઠી દોર કરી દઈશ.

કુમુદબહેન–પણ જમનાબહેન, આયનો શી રીતે ફૂટયો એ તમે એને પૂછ્યું હતું અર્રં ?

જમનાબહેન–એમા પૂછવાનુ શું ? આ ખુરસી પર ચઢી કંઈક કરવા જતી હતી ત્યા આયનો નીચે પડયો ને ફૂટી ગયો. મેં જોયો કે તરત જ બેચાર તમાચા લગાવ્યા કે એ બહાર ભાગી ગઈ. પછી એને પૂછવું શું ?

સરલાબહેન–જમનાબહેન, તમારી જેમ જ મારે પણ એક વાર આવું જ થયું હતું. મારી ઉષાએ પંદર રૂપિયાનો આયનો ફોડયો પણ એને મેં મારી નહીં. મેં એને પૂછ્યું કે આયનો શી રીતે ફોડયો ? તો મને કહે કે મારું ફ્રોક

ખીલી પર ભેરવવા જતી હતી ત્યાં આયનો કૂદી ગયો. મેં કહ્યું, 'તારે મને કહેવું હતું ને!' ત્યારે મને એ કહેવા લાગી 'ના, મારું કામ મારે જ કરવું જોઈએ. એ બાળમંદિરમાં મને બહેને શીખવ્યું છે.

જમનાબહેન—એટલે તમારી છોકરીને પછી કંઈ તમે બોલ્યા જ નહિ, અને નુકસાન થવા દીધું? આવું તો ડગલે ને પગલે થશે તે કાંઈ ઓછું સાંખી લેવાશે! છોકરા ઉપર તો કાબુ રાખવો સારો.

સરલાબહેન—જમનાબહેન, મેં નુકસાન થવા દીધું પણ ભવિષ્યમાં બીજું નુકસાન ન થાય તેની પણ મને અસર પડી. પછી તે બેબીને મેં એ પહોંચી શકે ત્યાં ખીલી લગાડી આપી હવે રોજ તે તેની જગાએ બરાબર ફ્રોક લટકાવે છે. આવી રીતે જો આપણે ઊંડા ઊતરી રસ્તો વિચારીએ તો જરૂર નીકળે છે.

કાન્તાબહેન—એ તો ઠીક, પણ કોલસો લઈને ભીંત ઉપર લીટા પાડી ભીંત ગંદી કરે તેને શું કરવું? શું લીટા કરવા દેવા?

સરલાબહેન—ના, તેને પેનસીલ આપશો તો ભીંત પર લીંટા નહિ પાડે. પછી તો તે કાગળમાં પાડયા કરશે.

કાન્તાબહેન—સરલા. આ તારી વાત સાચી, લાગી છે. આ બધું તને કોણે શીખવ્યું? અમને પણ આવું જરા જરા કહેતી રહેજે. અમે તો બોન ભણેલા નહિ ને? એટલે આવું બધું ન સમજીએ.

જમનાબહેન—સરલા, તારી વાત તો સાચી. હું તો હવે ઘરડી થઈ; પણ મારી વહુને શીખવજે કે એની બેબીને એ બરાબર સંભાળે. અમે તો બહેન જૂનાં બોબાં થયાં હવે!

કુમુદબહેન—બહેન, તમને જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે અમને કહેજો; અમારા શિક્ષક-સમાજની તો એ ફરજ છે. અમે તમારાં બાળકોના મૂંઝવતા કોયડા જરૂર ઉકેલવા મથીશું; તમારાં બાળકો, અમારાં ય બાળકો છે ને!

જયંત શુકલ

સાચા શિક્ષક બનીએ

બરું પૂછો તો શિક્ષકનો સાચો સાથી બાળક જ છે. બરી પળે જો બાળક માંદું પડે, ગેરહાજર રહે, કે હઠ કરે તો શિક્ષકની બાજી બગડી જાય છે.

બાળકને પૂરેપૂરો લાભ આપશું એવો આપણે દાવો કરીએ છીએ પણ આપી શકતાં નથી, તેમ તેની પાસેથી લઈ પણ શકતાં નથી; કેમકે એમના પ્રત્યેની આપણી પૂરેપૂરી ફરજ આપણે બજાવતાં નથી. જો ફરજ બજાવીએ તો જરૂર બાળક આપણને અકથ્ય ફળ આપે.

જે બાળક આપણને ભાઈ, ભાઈ અને બહેન બહેન કરીને પ્રેમથી બોલાવતું આવે અને આપણા બાલમંદિરમાં કિલકિલાટ કરી આનંદના ફોરમ ફેલાવી દે; જતાં જતાં પણ 'ભાઈ, નમસ્તે,' 'બહેન, નમસ્તે,' કહે, અને રસ્તે પણ તેના વાલી સાથે જતાં આ 'મારા ભાઈ,' 'આ મારાં બહેન' કહીને ટહૂકે એના તરફ આપણો વર્તાવ કેવો હોય છે?

હું જાણું છું કે આવાં ઘણાં બાળકો બાલ-મંદિરમાં આવે છે. પણ કેટલાંકને આપણે બોલાવતાં પણ નથી. કેટલાંકને વળી ધુત્કારી નાખીએ છીએ, કેટલાકને વળી વધુ માનથી બોલાવીએ છીએ. આ બધું શા માટે? શિક્ષકને મન તો બધાં બાળક સરખાં. જે બાળકો સામે આપણે જોતાં પણ નથી, તે બાળકો શું કરે છે તે જોઈશું તો બબર પડશે કે તેઓ કેવી કુતૂહલતાથી, કેવી આશાથી, અને

કેવી પ્રેરણાથી આપણી સામે જુએ છે. જરૂર તેઓ મનમાં વિચારતા હશે કે આ અમને કેમ બોલાવતાં નથી? આપણે તે બાળક પાસેથી કામ લેવું છે, અને તેમને ધુત્કારવા પણ છે અથવા તેમના પ્રત્યે બેદરકાર રહેવું છે; એ બેઉ સાથે કદી નહિ જ બને.

અમુક બાળકો પ્રવૃત્તિ વગરનાં બેઠાં હોય છે. અમુક બહાર ફરતાં હોય છે પણ એ તરફ આપણી નજર બોછી જાય છે. આપણી લાપરવાહીથી કહો કે બેદરકારીથી કહો, પણ આપણે બાળકની પ્રગતિને રૂંધીએ છીએ. તેમના અમૂલ્ય સમયનો દુરુપયોગ કરીએ છીએ, કુમળાં ફૂલનાં મન દુભવીએ છીએ. આપણે આપણી ફરજ ચૂકીએ છીએ અને આજુ-બાજુના આપણા બાળસમાજને ત્રાસરૂપ થઇ પડીએ છીએ—એમ કહીએ તો બોટું નથી.

સાચો શિક્ષક પહેલા બાળકનું મન જીતી લે છે. તેની એકેએક પ્રવૃત્તિ ઉપર લક્ષ આપે છે અને રૂંધવાને બદલે માર્ગદર્શક બની જાય છે અને પછી જ પોતે નિરાંતે બેસે છે; એ જ એનો અધિષ્ટાતા દેવ છે, એનું એને ભાન હોય છે

બાલમુકુંદ ભટ્ટ

બે ચિત્રો.

કેમ ના પાડે છે?

'બાપુજી, કયાં જાઓ છો? હું ફરવા આવું?

'ના અત્યારે નહિ; કાલે આવજે.'

રમેશ છાનોમાનો મનમાં વિચારતો બેસી રહ્યો. 'શા સારુ બાપુજી તેમની જોડે ફરવા લઇ જવાની ના પાડતા હશે?'

બીજા દિવસની સમી સાજે રમેશના બાપુજી કયાંક બહાર જવા તૈયાર થયા; તેમને જોડા પહે-રતાં જોઇને રમેશે કહયું, 'બાપુજી, 'ઊભા રહોને; હું ધોયેલાં ચડ્ડી બમીસ પહેરી લઉં.'

'કયાં આવવું છે?'

'તમારી સાથે ફરવાને.'

'હું કાંઇ ફરવા જતો નથી. મોટો ફરવાવાળો ન જોયો હોય તો! ભણવું ગણવું કાઇ નહિ ને ભાઈને ફરવું છે. જા, ભણવા બેસ ભણવા.'

રમેશ બિચારો ત્યાંથી છાનોમાનો ચાલ્યો ગયો. દફતર ઉઘાડી ચોપડીમાં મોં નાખી ભણવા બેઠો. પણ એને વિચાર આવતો હતો કે ફરવા લઇ જવાની બાપુજી કેમ ના પાડે છે?'

આમ કેમ!

બેનો ભેગી મળીને રમતી હતી. તેમાંથી એક બેનની પાસે ચિઠ્ઠીની પેટી હતી. બન્ને બહેનો એક બીજાને બતાવીને તેમનો કાર્યક્રમ કરતા હતા. ઇન્દુબેન અને સુધાબેન બન્ને લેખનના બોરડામા ભણવા માટે બેઠા હતા. સુધાબેન એક ચિત્રપેટી લઇ આવ્યા ને થોડાંક ચિત્રનાં પાટિયા કાઢી કહે, 'ઇન્દુ, ઇન્દુ, જો કેવું છે?' ઇન્દુ હાથમા લઇને કહે 'હા, હા.' સારું છે.

તે પછી ઇન્દુબેન સ્પર્શેન્દ્રિયની પેટી લઇ આવ્યા અને તેમા રહેલા કપડાના ટૂકડા કાઢી કહે, 'સુધા, સુધા, જો કેટલું સુવાળું છે?' સુધાએ હાથની બે આગળીઓ વચ્ચેની હાથની ચપટીમા સ્પર્શના ટુકડાને લઇ તેણે કહયું 'બહુ સુંવાળું છે.'

બન્ને પરસ્પર સ્પર્શના જ્ઞાનવિકાસને માર્ગે રમતા વિકાસ પામતા હતાં.

હીકવાર રમ્યા. કપડાના ટુકડા બરાબર વ્યવસ્થિત પેટીમા ગોઠવી સુધાબેન મૂકી આવ્યાં. ઇન્દુબેન એમની ચિત્રની પેટીમા જેમતેમ મૂકી સુધાબેનની પૂઠે પૂઠે ચાલ્યા. એક વ્યવસ્થાને પોતાની બનાવી છે; બીજી વ્યવસ્થાથી અલિપ્ત છે. સુધા વ્યવસ્થાપૂર્ણ કામ કરતી હતી ઇન્દુને તે જોવું ગમતું હતું પણ એનાથી કરી શકાશે કે કેમ એની શંકા હતી.

બન્ને એક જ બાલમંદિરનાં બાળકો છે; છતાં આમ કેમ?

ઇશ્વરાચાર્ય

—: ધ્યેયલક્ષી ધંધો :—

વ્યક્તિગત વિકાસ સાધતાં અને પ્રામાણિક જીવન જીવતાં જીવતાં આગળ વધતા રહેવું અને ઈશ્વરના સામ્રાજ્યમાં બંધ બેસતાં થવું એ જ જીવનનું પરમ લક્ષ્ય હોઈ શકે. શિક્ષણ અને સાહિત્ય, ધંધો અને રોજગાર, કલા અને કારીગરી આ બધાં એ માટેનાં સાધનો છે. સાધ્ય જેટલું ઊંચું એટલી સાધનમાં શુદ્ધતા પણ જળવાઈ રહે, અને અણિશુદ્ધ આચરણ ટકી રહે તો જ આ ધ્યેયને પહોંચી વળાય

એકે એક ધંધો પવિત્ર છે, અને ઉપયોગી પણ છે; બીજાને ઉપયોગી થવાય એ રીતે જીવવું અને આડખીલી ન થાય એ રીતે કામ કરવું એ જ સેવાની સહેલામાં સહેલી વ્યાખ્યા છે. જીવન એ એક સળંગ પ્રવાહ છે. માનવ શરીર એ એકેએક અંગોપાંગની વ્યવસ્થિતતા અને કર્તવ્યક્ષમતાનું સંમિશ્રણ છે. સમાજજીવન એ જ રીતે એક બીજાનું સહાયક અને પૂરક છે; સંહારક અને ઘેચક નહિ.

એકે એક ધંધો સેવાભાવી છે અને ધ્યેયલક્ષી દ્રષ્ટિ માગી લે છે. કોઇ ધંધો ઊંચો નથી, કોઈ નીચો નથી. વકીલ અને વાઘરી બન્ને એક રીતે તો એક સરખા જ ગણાય, જો બન્ને પોતપોતાની રીતે પોતાનું કાર્ય કરતા રહે તો સમાજની સુવ્યવસ્થામાં પોતાનો હિસ્સો આપે; પોતાની વ્યાજબી મહેનત કરતાં પાઈ પણ વધારે ન લેવી અને હક્ક પૂરતો જ નફો ચઢાવી કિંમત લેવી એમાં જ ધંધાની સાચી પ્રમાણિકતા છે.

એકે એક ધંધોદારીમાં આ જાતની ધ્યેયલક્ષી સમજણ આવે તો સમાજની સિક્કલ બદલતાં બહુ વાર ન લાગે. જે કોઈ ધંધાને આપણે સ્વેચ્છાએ સ્વીકાર્યો છે કે પછી અનિચ્છાએ પણ જેમાં આવી ભરાણા છીએ એને ઉજ્જવળ બનાવવો એનું નામ જ જીવનની સાચી સાર્થકતા.

પ્રભુદાસ શાહ

માબાપ અને બાળકો

ઘણા માબાપોને પોતાનું બાળક કયા વર્ગમાં ભણે છે; તેની ખબર હોતી નથી. તો તે શું ભણે છે તેના ખબર તો કયાંથી હોય? આપણે જીવન વ્યતીત કરીએ છીએ. જીવનમાં દુઃખ સહન કરીએ છીએ. કંઈક કમાઇએ છીએ. આ બધું શા માટે? એનો જો વિચાર કરીએ તો સમજાશે કે આપણે બાળકોની જવાબદારી આપણે માથે છે એટલા માટે.

ત્યારે બાળકો માટે આટલો શ્રમ ઊઠાવીએ, છતાં તેમની પરિસ્થિતિનો ખ્યાલ માબાપોને ન હોય એ ઘણું જ નવાઈ ભરેલું કહેવાય.

નાનપણમાં બાળકો ઉપર કાળજી રાખવામાં આવતી નહિ હોવાથી તેમનામાં ખરાબ ટેવો અને ખરાબ સંસ્કારો પડી જાય છે. જે મોટપણે, કાયમ રહે છે. કહેવત છે કે 'કુમળું ઝાડ જેમ વાળીએ તેમ વળે.' પરંતુ પાકું થયા પછી તે વળતું નથી. તેમ બાળકને સારી ટેવો પાડવા નાનપણથી જ ચીવટ રાખવી જોઈએ.

બાળકને ચાલતાં, બેસતાં, ઊઠતાં, ખાતાં, ભણતાં, ફરતાં, હસતાં, આવડવું જોઇએ; બધાને બધાને નવાઈ લાગશે કે બેસતાં, ઊઠતાં કે ચાલતાં, ખાતાં આવડવામાં શું છે? તેમાં વળી શીખવવાનું શું? પરંતુ દરેક ક્રિયા આવડત માગી લે છે; વ્યવસ્થિત ક્રિયા થાય તે જ આવડયું કહેવાય. દરેકના નિયમો હોય છે. એ નિયમ પ્રમાણે જ ક્રિયા થવી જોઇએ, દાખલા તરીકે, નહાતો આવડવું એટલે પાણી બચ જેટલું વાપરવું. ડિલ ચોળીને નહાવું, શરીરના દરેક ભાગ ઉપરથી મેલ દૂર થાય, અને પાણી બચ પૂરતું જ વપરાય; તેને નાહ્યા કહેવાય. એ પ્રમાણે દરેક ક્રિયાનું સમજવું.

બાળક એ મનુષ્યવાડીનું બોલતું ફૂલ છે. તેઓ ભવિષ્યના નાગરિકો છે. તેમને સર્વાંગી કેળવણી આપવામાં આવે તો જ ઘરની, ગામની અને દેશની આબાદી થવાની છે. તો જ આપણું અને સમાજનું કલ્યાણ થશે.

પુરુષોત્તમ હ. પટેલ

નૂતન બાલશિક્ષણ સંઘ

કાર્યકર્તાઓનું સંમેલન

નૂતન બાલશિક્ષણ સંઘનું કાર્ય આગળ વધાવવાની દ્રષ્ટિએ તેમજ બાલમંદિરોનું કાર્ય વધારે સંગીન ક્રમ બને તે દ્રષ્ટિએ વિચારણા કરવા નૂ. બા. શિ. સંઘના કાર્યકર્તાઓનું એક સંમેલન તા. ૨૫, ૨૬, ૨૭ ફેબ્રુઆરી '૫૦ સુંબઇના પરામાં એટલે મલાડ (આદર્શ દુગ્ધાલય)માં રાખવા ધાર્યું છે; તો તે પ્રસંગે પ્રતિનિધિઓ અવશ્ય આવે એવી વિનતિ છે.

શનિવાર તા. ૨૫ મી સવારે નવ વાગે કાર્યકર્તાઓની ચર્ચા અને કામ સંબંધીની વિચારણા થશે.

રવિવાર તા. ૨૬ સવારે ૯ થી ૧૨ તથા ૨ થી ૬ બાલમંદિરોના કામના પ્રગતિવિષયક વિષયો ચર્ચાશે.

સોમવાર તા. ૨૭ મી સવારથી સાંજ સુધી કોઇ પાસેના સ્થળે પર્યટને જવાનું છે.

મહત્વની સૂચના:—તમારા તરફથી કોણ અને કઇ ગાડીમા આવનાર છો તે ત્રણ દિવસ પહેલાં જણાવવા કૃપા કરશો.

હંસરાજ સોરાબજી પબ્લિક સ્કૂલ

નવગુજરાત, અંધેરી, ટેલીફોન : ૮૬૪૬૭

તારનું સરનામું : 'રાજહંસ'

દિવાન બહાદુર કૃષ્ણલાલ મો. ઝવેરી, શ્રી. કનૈયાલાલ મા. મુનશી, શ્રી. મુલજી ગુલચ્છોડદાસ, શ્રી. ધરમસી મુલરાજ ખટાઉ અને શ્રી ચરણદાસ મેવજી

બાઇ કમીબાઇ ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ

એમની દેખરેખ હેઠળ ચાલતી આદર્શ છાત્રાલયવાળી આ શાળા

નવા સત્ર માટે તા. ૬ ઠ્ઠી માર્ચ ઉઘડશે

અનુભવી, કાર્યકુશળ અને વિદેશીય વિદ્યાપીઠોની શિક્ષણવિષયક ઉપાધિ પ્રાપ્ત કરેલા શિક્ષકો: પૂરેપૂરી સગવડોવાળા યોજનાપૂર્વક બંધાએલાં સુંદર અને વિશાળ મકાનો: વિદ્યાર્થી પર વ્યક્તિગત દેખદેખ: અનુકૂળ અને સુંદર વાતાવરણ: શારીરિક, બૌદ્ધિક અને નૈતિક વિકાસ પ્રત્યે લક્ષ: વિવિધ પ્રગતિકારક પ્રવૃત્તિઓ.

એ આ શાળાની વિશિષ્ટતાઓ છે

કોઇ પણ કોમના વિદ્યાર્થીને પ્રાથમિકથી અગિયારમા ધોરણ સુધીના કોઇ પણ વર્ગમાં દાખલ કરી શકાશે. પ્રાથમિક વિભાગના બાળકો તરફ બાળશિક્ષણ નિષ્ણાત શિક્ષક અને અનુભવી મેટ્રનની ખાસ દેખરેખ. બહુ ઓછી જગ્યાઓ ખાલી છે.

પ્રવેશપરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીઓને જ દાખલ કરવામાં આવશે.

સર્વ ખર્ચના સમાવેશ સાથે વર્ષની ફી રૂ. ૧૫૦૦ છે. શિષ્યવૃત્તિ માટેની પરીક્ષામાં બહુ ઊંચા નંબરે ઉત્તીર્ણ થનાર હોશિયાર, લાયક વિદ્યાર્થીને માસિક રૂ. ૨૫ થી રૂ. ૧૨૫ સુધીની શિષ્યવૃત્તિઓ.

પ્રોસ્પેકટસ અને અન્ય માહિતી માટે લખો યા મળો:—

પ્રિન્સિપાલ : ડો. ધીરેન્દ્ર ડી. મહેતા

સિધ્ધાંતાલંકાર, પીએચ, ડી (મ્યુનિચ-જર્મની)

નૂ. બા. શિ. સંઘના
વ્યવસ્થાપકમંડળની ચૂંટણીનું પરિણામ

પહેલા જાહેર કર્યું હતું એ પ્રમાણે, તા. ૫-૨-૫૦ ને રવિવારે સાંજે ચાર વાગે મતગણુત્રી થઈ હતી. મતપત્રિકા તપાસવાનું કામ શ્રી તારાબેન મોડકને ઘેર, એમની સમક્ષ સૌ. મનુતાઈ આગટે તથા શ્રી હેમલતા માળવીએ કર્યું હતું. એકંદરે ૬૭ મતપત્રકો ભરાઈને આવ્યાં હતાં. તેમાંના બે, ૧૯૪૯ વર્ષના સભાસદ ન હોવાથી, તથા એક મતપત્રક, એક જ વ્યકિતને બે વાર મત ન અપાય એ ધોરણ રાખેલું તેથી, રદ કરવામાં આવ્યા હતા. ઊભા રહેલા ઉમેદવારોને નીચે પ્રમાણે મત મળ્યા હતા :—

શ્રી તારાબેન પ્રેમચંદ	૩૯
,, જમુભાઈ દાણી	૫૧
,, બાબીબેન મૂલજી	૪૫
,, કમળાશંકર પંડિત	૫૬
,, બકુલાબાઈ અભ્યંકર	૧૯
,, કાન્તિલાલ કારિયા	૧૦
,, મૂળદેવ પંડયા	૧૮

આ ઉપરથી નીચેના ઉમેદવારો ચૂંટાઈ આવેલા જાહેર કરવ.માં આવ્યા છે.

આજીવન સભ્યમાંથી: શ્રી. તારાબેન મા. પ્રેમચંદ
સહાયક સભ્યમાંથી: ,, જમુભાઈ દાણી.
સક્રિય સભ્યમાંથી : ,, બાબીબેન મૂળજી અને
,, કમળાશંકર પંડિત.

તા. મોડક,
મુખ્ય મંત્રી, નૂ. બા. શિક્ષણ સંઘ.

સરલા—સદન

સર્વદેશીય બાલશિક્ષણકેન્દ્ર
જુહુ રોડ, પારલા.

શિ શુ કુંજ — કિ શો ર કુંજ

૩ થી ૬ વરસનાં બાળકો માટે બાળમંદિર
પ્રાથમિક ધોરણ ૧ થી ૩ માટે કિશોરકુંજ
ટૂંક સમયમાં જ શરૂ થનાર કિલ્લોલકુંજ

અદ્યતન પદ્ધતિ સુંદર વાતાવરણ ભવ્ય ઇમારત

બાર, સાંતાક્રુઝ, પારલા, અંધેરીનાં બાળકોને
લાવવા લઈ જવા માટે
બસની વ્યવસ્થા

ફેબ્રુઆરીમાં ઑફિસ સવારના ૮॥ થી ૧૦॥ સુધી ખુલ્લી રહેશે.
નવા બાદ શાળા ૧ લી માર્ચે ઊઘડશે. સમય : ૧૧ થી ૪॥

સરલાબેન નાણાવટી
સંચાલક

જમુભાઇ દાણી
પ્રિન્સિપાલ

બાલમંદિરનાં બાળકોને

ગિજુભાઇની વાર્તા **'બી કણ સ સ લી'** દોઢને બદલે એક રૂપિયામાં
(પોસ્ટેજ જુદું)
પાને પાને રંગીન ચિત્રો : શબ્દે શબ્દે સુંદર કથા
લખો :-શ્રી મંત્રી, નૂતન બાળશિક્ષણ સંઘ, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬.

બાળકોનાં રમકડાં

શિક્ષણ–પત્રિકાના વાચકોને બાળકોને બાળ દુનિયાનો અચ્છો અચ્છો ખ્યાલ આવી ગયો હશે કહેવાતા હો કે એ દુનિયા જ જુદી છે. પશુ પંખી, જનજનાવરની સૃષ્ટિ જેમ નિરાળી છે, તેમ બાળકની ય દુનિયા છે અને તેના રસિયાઓ જ તેમાં દાખલ થઈ શકે છે

આપણી મારફ તેમને પણ મોજશોખ છે. આપણી જેમ તેમને સ્વાદ છે. તેમની પણ પસંદગી છે. આપણે કરીએ એ એમણે કરવું જ જોઇએ. આપણે વાંચીએ, લખીએ એવું એમણે વાચવું લખવું જોઈએ; આપણે ખાઈએ તેવું તેમણે ખાવુ જોઇએ અને આપણે ફરીએ, બેસીએ ત્યા એમણે ફરવું, બેસવું જોઇએ એમ નથી. અને તેથી જ આપણી જેમ દુનિયા છે એટલે આપણા જેમ મિત્રો, આપણી જેમ મોઢકો, આપણું જેમ વાંચન, આપણું નાટક સીનેમા, આપણી રમતો અને આમોદપ્રમોદનાં સાધનો તેમ તેમનેય તેમના મિત્રો તેમનું વાંચન, તેમના ફરવા હરવાના સ્થળો અને અને તેમના રમતગમત અને આનંદનાં સાધનો છે.

આપણે બાળદુનિયાને પિછાની ન શકવાથી આપણી અને તેમની વચ્ચે અંતર છે. આપણાથી તે ભાગે છે. આપણાથી બીએ છે.

આપણે નજીકનું ભવિષ્ય ઉજ્જવલ જોવુ હશે, તેનાં મીઠાં ફળ આપવા હશે તો બાળદુનિયાને ઓળખીને તેને અનુકૂળ થવુ જોઈશે.

બાળકને શું ગમે છે, તેનામા શું ભર્યું પડયું છે તેનો ખ્યાલ બાળકોએ એકઠા કરેલાં રમકડાની નીચેની યાદી આપશે. આ અને આમા રહી ગએલી એવી ઘણીએ ચીજો બાળકોને હૈયાના હાર જેટલી વહાલી હોય છે પણ તેની અવગણના કરીને આપણે ઘરમાંથી ફેંકી દઈએ છીએ; પાછી બાળક વળી કયાંકથી તે ફરી શોધી લાવે છે ને સંગ્રહ કરે છે. આપણે 'આ તને શી જીદ છે' કહીને નાંખી દઈએ છીએ. આપણા ટેબલ ઉપરથી કોઇ આપણી કલમ કે પેનસીલ નાંખી દે તો આપણને શુ થાય? બાળકને તેની વહાલી વસ્તુ ફેંકાઈ જતી જોઈ શું થતું હશે?

બાળક તેની ઉંમર અને કક્ષા પ્રમાણે ઘણી વસ્તુઓ લાવે છે ને પોતાની જાતે ફેંકી પણ દે છે. ફરી બીજી લાવે છે એમ ઘટમાળ તેની ચાલ્યા કરે છે. દરેકે દરેક વસ્તુ પાસેથી તે કંઇનું કંઈ મેળવતો રહે છે તેને આપણે નાહકની પ્રવૃત્તિ કેમ કહીશું? અને તેથી જ બાળકને ધીરજથી જોયા કરવાનુ અને એની પાસે ધીરે પગલે જવાનું બાળ-દુનિયાના દાતાઓએ કીધું છે.

બાળકોની વહાલી વસ્તુઓ અને પ્યારાં રમકડાની યાદી તપાસીએ.

નાના મોટા ખીલા
નાનાં મોટાં જૂનાં તાળા
જૂનાં ચંપલ
જૂનાં બૂટ
ઊતરી ગએલા ટ્યુબ, ટાયર
માટીની ગોળીઓ
માટલીનાં ઠીકરડા
તૂટેલી નાળો
ભાંગેલી ઈંટો, રોડા
કબુકા
મણકા
દિવાસળીના ખાલી બોકસ
કાગળના ટૂકડા
નાની મોટી છબીઓ
ચિત્રો
હથોડી
સાંણસીનું એક પાખિયું
મોગ્યો
દંડીકા
ડબલા, ડબીઓ
ઈંડીપેનના બોકસ
પેનના ટૂકડા
કાચના કકડા
દેવ, દેવીઓ
પથરા
કાચલીઓ
પાન
લીમડાની સળીઓ
કૂંચીઓ
ફૂટેલી બંગડીઓ વગેરે વગેરે.

રતિલાલ અમીન

ઈશ્વર તારાં

(મંદિર તારું વિશ્વ કૃપાળું—એ રાગ)

ઈશ્વર, તારાં રૂપ નિરાળાં
ગાએ ગુણીજન સારા રે;
જ્યાં દેખું ત્યાં ત્યાં તું ઊભો
કરું હું દર્શન તારાં રે...
ઈશ્વર તારાં..... ૧

ઝાડ રૂપે મૂળે જઈ બેઠો,
માટી રૂપ મિનારે રે;
જળ-સ્થળમાં આકાશે પણ તું
રૂપ ધરે નિરાળાં રે...
ઈશ્વર તારાં..... ૨

તૃણ રૂપે કણ કણમાં પણ તું
દીન જનોના દ્વારે રે;
હરનિશ તારા હરિગુણ ગાતા,
આતમના દરબારે રે...
ઈશ્વર તારાં..... ૩

વિશ્વરૂપ ઈશ! અમ બાળકને
મંત્ર મુકિતનો દેજે રે;
ભવસાગર આ પાર ઊતરતાં
તુજ ચરણોમાં લેજે રે...
ઈશ્વર તારાં..... ૪

શ્રીકાન્તભાઈ જોષી

યુરોપના પ્રવાસ નિધિનો હિસાબ

મારી વિનતિને માન આપી ગયા જુલાઈમાં લગભગ ૩૦૦ જણાએ મારી પ્રવાસઝોળીમાં પોતાની ભેટ ધરી. એ સિવાય, મુંબઈ સરકાર તરફથી ૨૦૦૦ રૂપિયા પ્રવાસની મદદ તરીકે મળ્યા. રૂા. ૧૦૦ થી ઉપરની રકમો નીચે પ્રમાણે મળી છે.

મુંબઈ સરકાર	૨૦૦૦
ના. મહારાજા સાહેબ, વાંસદા.	૨૦૦૦
ડૉ. ર. ગો. મોડક	૧૦૦૦
શ્રી સરલાબેન સારાભાઈ	૫૦૦
શિશુવિહાર મંડળ	૫૦૦
શ્રી કાંતાબન રૂઈયા	૫૦૦
,, ચંદુભાઈ મોહનલાલ	૨૫૦
,, સરોજબન યોધ	૨૦૦
,, બાબીબેન મૂલજી	૨૦૦
ડૉ. રમણીબાઈ	૧૦૦
ના. મંગળદાસ પકવાસા	૧૦૦
શ્રી ગંગુતાઈ પટવર્ધન	૧૦૦
,, વસુમતી મહેતા	૧૦૦
,, કમળાબેન શાહ	૧૦૦
ડૉ. વત્સલા મોડક	૧૦૦
,, મનોરમા દામલે	૧૦૦
,, રતિલાલ કપિતાન	૧૦૦
,, અંબાલાલ સારાભાઈ	૧૦૦
ડૉ. ઝિરાડ	૧૦૦
ના. દાદાસાહેબ માવળંકર	૧૦૦
શ્રી માલિનીબાઈ પરાંજપે	૧૦૦
,, કમળાશંકર પંડિત	૧૦૦
,, નરોત્તમદાસ શાહ	૧૦૦
,, દે. વિ. શ્રીખંડે	૧૦૦
,, મનુતાઈ આગટે	૧૦૦
,, કેળકરબંધુ (૩)	૩૦૦

આ સિવાય પચાસ, પચીસ, દસ અનેકે આપ્યા છે મુંબઈના બાલશિક્ષકોએ આવી જ રકમો ભેગી કરી મને રૂા ૧૧૫૮ની થેલી આપી તેમ જ સુરતમાં દક્ષિણ ગુજરાત શાખા તરફથી રૂા. ૧૨૨ ભેગા કરવામાં આવ્યા હતા.

આ પ્રમાણે અત્યાર સુધીમા રૂ. ૧૩,૧૩૯ ભેગા થયા. પાસે એક પાઈ ન હતી ત્યારે માત્ર એક છાપેલી વિનતિને માન આપી એક મહિનાની અંદર તેર હજાર રૂ. જેટલી રકમ ભેગી થાય ને હું વિમાનમાર્ગે યુરોપ જઈને ત્રણ મહિનામા નઉદ્દેશ ફરીને આવું એ તો સિંડરેલાની વાર્તામા પરીની જાદુઈ કાંડીથી બનેલા સુખમય સ્વપ્નવત્ જ લાગે છે. પણ આ તો સત્ય સૃષ્ટિમાં બનેલી હકીકત છે એ નિર્વિવાદ છે.

આ નિધિનો વિનિમય કેવી રીતે થયો તે નીચે આપ્યું છે. ત્રણ મહિનામા વધારેમા વધારે દેશો ને તેમાંની વધારેમા વધારે સંસ્થાઓ ને સ્થળો જોઈ નાખવાના પ્રયત્નમા થોડો વધારે ખર્ચ લાગે છે. અથવા એમ કહીએ કે આવો ખર્ચ કરવાની જોગવાઈ હતી એટલે જ આટલુ હું ફરી શકી. વિમાનની ટિકીટો લીધી હતી છતા કેટલોએક પ્રવાસ અમે ટ્રેનમા કર્યો. તેના પૈસા હજી આવવાના છે. તે લગભગ ૨૫૦ રૂ. હશે એમ ધારું છું. એટલે અંદાજે સાડાનવ હજારનો ખર્ચ થયો એમ કહી શકાય. મેં ખરીદેલાં પુસ્તકો અને ચિત્રો વગેરે વસ્તુ શિશુવિહાર અને બાલવાડી ખોડીમાં આપવામા આવી છે.

જમા રકમ

રૂ. ૧૩,૧૩૯

ખર્ચ રકમ

પ્રવાસની તૈયારી	૯૫૦–૦–૦
પ્રવાસ ખર્ચ	૫૩૫૦–૦–૦
વિમાન, ટ્રેન, ટેકસી. બસ વગેરે હોટેલ, ભોજન ને પરચુરણ	૨૭૮૫–૦–૦
પુસ્તકો, ચિત્રો વગેરે	૫૨૫–૦–૦
	૯૮૬૦–૦–૦
શિલક	૩૨૭૯–૦–૦
	૧૩૧૩૯–૦–૦

આ શિલક પ્રવાસનિધિ તરીકે અલગ રાખી છે. તેનો ઉપયોગ અમેરિકા જવાનો યોગ કોઈવાર આવે તો થઈ શકશે; નહિ તો બીજા કોઈને ભણવા મોકલવાનો વખત આવે તેમા થઈ શકશે. માટે હજી પણ આ નિધિમાં જેમને રકમ ભરવાની ઈચ્છા હોય તેમને તે મારા ઉપર મોકલી આપવા વિનતિ છે.

મોટી રકમો આપી તેમનાં નામો સહેજ જાણ માટે છાપ્યા છે. બાકી તો આવી પ્રેમની આપલેમા કોઈ રકમ નાની મોટી હોતી નથી. આપનારનો ભાવ સરખો જ હોય છે. શક્તિ પ્રમાણે રકમ નાની મોટી હોય. તેથી તમામ રકમો સરખી જ કિંમતની હું મારા મનથી ગણું છુ અને તે માટે મારા દરેક મિત્ર અને વિદ્યાર્થીની હું આભારી છું.

તારાબેન મોડક

બા. લ. વિ. ભા. ૧

ગામને ગોંદરે....

ગામને ગોંદરે ગાડું આવે
ગાડું આવે
નાનો નાગર એ હાંકા લાવે
હાંકી લાવે.....ગામને ગોંદરે.

નાની શી પોતડી ને,
પગમાં છે મોજડી;
અંગે અંગરખી, પહેરી આવે,
પહેરી આવે.....ગામને ગોંદરે.

ફોફાં એ ફોલતો ને,
શીંગચણા ફાકતો;
ફાળિયું સમાળતો, ચાલ્યો આવે,
ચાલ્યો આવે.....ગામને ગોંદરે.

બળદોને હાંકતો ને
પૂંછડું આમળતો
ડચકારા ડચડચ દેતો આવે
દેતો આવે.....ગામને ગોંદરે.

પૂળાનો ભાર ભર્યો
ઊંચે આકાશ ચઢ્યો
માથું એ છાયામાં ઢાંકી આવે
ઢાંકી આવે.....ગામને ગોંદરે.

પૂનમચંદ શાહ

"છોકરા-છોકરીની વાત"

એક હતો છોકરો ને એક હતી છોકરી.
છોકરો રહે મહેલમાં ને છોકરી રહે ઝૂંપડીમાં.
છોકરાને જરીજામા ને છોકરીને ફાટેલ લૂંગડાં.
છોકરાને ખાવા મિષ્ટાન ને છોકરીને સૂકા રોટલા.
છોકરો જાય નિશાળે ને છોકરી ડોળાં ચારે.
છોકરો મોજડી પહેરે ને છોકરીને કાંટા ભોંકાય.
છોકરો તાનેમાને ને છોકરી સુકલકડી.
છોકરો રમ્યા કરે ને છોકરી દળ્યા કરે.
છોકરો પૈસે સુખી ને છોકરી શરીરે સૂકી.
આ જગતમાં આવું હોય?

અમૃતભાઈ જાની

સોમાભાઈની ગાય

આવો રે આવો; સૌ ચાલો રે ચાલો—
જોવા સોમાભાઇની ગાય (૨)

મોટી-મોટી બે આંખો લાંબું-લાંબું મોઢું
ઢોલ જેવાં પેટ જેને લાંબું પૂંછડું મોટું,
લીલું ઘાસ ખાય એ તો સૂકું ઘાસ ખાય.
પણ દૂધ મજાનું પાય.
પેલા સોમાભાઈની ગાય....આવો.

ગામની ગાયો ભેગી થઇને
હસતી રમતી ફરવા જાય.
ફરફર ડુંગરની વચ્ચે,
ઝરણાં કાંઠે ચરવા જાય.
સાંજે ઘેર આવે
હમ્મે હમ્મે કહી બોલાવે.
પેલો, સોમાભાઇનો નાનો બાબો
ઉપર બેસી જાય.
આ તો બહુ મઝાની ગાય....આવો.

ચાંદલા જેવા શિંગડાં
એના સસલા જેવા કાન,
ડાહી-ડમરી ગણતાં
એનું રાખે સૌ કોઈ માન;
મીઠું મીઠું દૂધ આપે
પેંડા બરફી થાય.
આ તો રંગબેરંગી ગાય...
આવો...રે....આવો; ચાલો, રે ચાલો.

શ્રી "નયન"

"ટહુકાર" નામના લેખકના અપ્રગટ સંગ્રહમાંથી

23123

જીવરામ ઝાડુવાળો

શિયાળાની અંધારી સવાર હોય કે કડકડતી ઠંડી હોય પણ જીવરામ ઝાડુવાળાના ઝાડુનો સુ સુ સુ સુ અવાજ રોજ આવતો. જીવરામ કોઇ દિવસ ખાડો પાડતો નહિ. જીવરામને રોજ જુએ તે બધાં ઓળખતાં. જરા ગટર ભરાઇ ગઇ હોય તો નાનો છોકરો પણ આવી જીવરામને કહી જતો: "જીવરામ, ગટર ભરાઇ ગઇ છે; જરા બૂચવાળાને દેખે તો બોલાવજે." જીવરામનું કામ હતું ચોકકસ. તે કહે એટલે બૂચવાળો આવી જાય ને ગટર સમી પણ કરી જાય.

એક દિવસ લલિતાએ બારીએથી મોટી, ફૂટેલી બરણી ઉપરથી ફેંકી. સવારના અંધારામાં જીવરામના જ પગમાં એનો કાચ ભરાઈ ગયો. તરત જ જીવરામે ખેંચી તો કાઢયો, પણ કેટલું બધું લોહી નીકળ્યું! જીવરામ તો જબરો હતો. બીજું કોઇ હોય તો બરાડા જ પાડત. બીજે દિવસે જીવરામ લંગડાતો લંગડાતો પણ કામે આવ્યો. પણ પછીથી તો એનાથી પગ જ ન મૂકાય. મહિનો જીવરામ ઘરમાં રહયો; પછી ઘરમાં કેટલું'ક રહેવાય!

લંગડાતો લંગડાતો જીવરામ એક વાર લલિતાને મળ્યો. નાનો ઢેડો પડી ગએલો એટલે જોવા માટે લલિતા નીચે ઊતરી હતી.

લલિતાએ તરત જ પૂછ્યું, "કેમ જીવરામ, મહિનાથી કંઈ દેખાયો નહિ?"

"અરે બહેન, આ પગમાં કાચ ભરાયો ને મહિનો બાટલે સૂતો; હજુ પણ લંગડાઉં છું."

લલિતાને તરત જ યાદ આવ્યું; એણે જ તે દિવસે મોટી, ભાંગેલી શીશી ઉપરથી નાખી હતી; એની જ એ ભૂલ હતી.

જીવરામ પાછો બોલ્યો.

"હજુ ય કામે ન આવત લલિતા-બહેન, પણ પછી તો નોકરી જાય ને! ઘરમાં બૈરી છોકરાં બાય શું?"

લલિતાને થયું કે અરે રે! એકાદ છાપામાં વિંટાળીને, નીચે ઊતરીને, કાચ ઝૂણામાં મૂકી આવી હત તો જીવરામ બાપડો આમ બાટલે ન પડત ને! મારી કેવી મોટી ભૂલ!

કપિલા ઠાકોર

નૂતન બાલશિક્ષણ સંઘ

શિક્ષણ-પત્રિકા
લેખોનો પત્રવ્યવહાર
: ગુજરાતી :
શ્રી. જમુભાઇ દાણી
એલેવેટરસ્કી લૉજ, મુંબઈ. ૭.
: મરાઠી :
શ્રી. માલિનીબાઇ પરાંજપે,
૨૦૨-૧ સદાશિવ પેઠ, પૂના ૨.
: હિન્દી :
શ્રી. કાશીનાથજી ત્રિવેદી
૫૧, નંદલાલપુરા લેન, ઈંદોર (મધ્યભારત)

સંઘ-સભ્ય

સામાન્ય	૪ ૩.	સક્રિય	૪ ૩.
સહાયક	૭ ૩.	સંસ્થા	૧૦ ૩.

આજીવન સભ્યો

હિતેચ્છુ	૧૦૦ ૩.	શુભેચ્છક	૨૫૦ ૩.
દાતા	૫૦૦ ૩.	પ્રદાતા	૧૦૦૦ ૩.

હિન્દી પત્રિકા
ગુજરાતી ,,
મરાઠી ,,

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

સંઘમંત્રીઓ :— શ્રી. તારાબેન મોડક—બાલવાડી, બોરડી—ગોલવડ થઈને
શ્રી. બાબીબેન મૂલજી—શાંતારામ ના. લેન, વાલકેશ્વર, મુંબઇ ૬

શું આનો અર્થ એમ સમજવો કે બાલ-શિક્ષણ વિષેની આપણી લાગણી માત્ર હોઠ પર જ છે; ખરા અંતઃકરણના તાર હજી હલ્યા નથી?

એમ કહેવું કે બીજે થાય છે તેમ, ઉમેદવારો અનિચ્છનીય એવો પ્રચાર કરીને "મને મત આપો" એમ કહીને સ્પર્ધા ઉત્પન્ન કરી, સભ્યોને જગાડતા નથી, તેથી મતદારો ગાઢ નિદ્રામાં પડેલા રહે છે!

એટલું તો ખરું જ કે આપણા મતદાનનો અધિકાર આપણે યોગ્ય ને વિચારપૂર્વક વાપરવો એ પણ આપણું, તે કાર્ય પ્રત્યેનું એક કર્તવ્ય છે એનું ભાન આપણને હજી થયું નથી, એમ દુઃખ સાથે કહેવું પડે છે.

અભિનંદન

બહુમતિથી ચૂંટાઈને આવેલા સભ્યોને અમે હાર્દિક અભિનંદન આપીએ છીએ. તે બધાં ઘણાં વર્ષોથી આ ક્ષેત્રમાં કામ કરી રહ્યાં છે ને પોતાના કાર્યથી જાણીતાં છે. તેથી તેઓ ચૂંટાઈને આવ્યા તે યોગ્ય જ થયું ગણાય.

પણ જે ન ચૂંટાયાં તેમને પણ કાર્ય પ્રત્યે ઘણો પ્રેમ ને શ્રદ્ધા છે. અમને ખાતરીથી લાગે છે ઘણાંઓને મત આપતી વખતે એમ લાગ્યું હશે કે બન્નેને મત આપી શકાય તો સારું. શ્રી. બકુળાબહેન અધ્વર્યુ અને શ્રી. મૂળદેવ પંડ્યા આ ક્ષેત્રમાં નવા નવા જ આવવા ઈચ્છતાં હતાં. શ્રી. કાંતિલાલ કારિયા પણ વ્ય. મં. માં નવા હશે પણ બાલશિક્ષણનગર વખતે તેમની લાગણી, કાર્યશક્તિ અને કાર્યની પાછળ સ્વાર્થત્યાગ કરવાની વૃત્તિ ખૂબ જ દેખાઈ આવ્યાં છે. કાર્યના આગળ વધવાની દૃષ્ટિએ નવાં નવાં માણસો કાર્ય કરવાં મળી આવે એ ખૂબ જ જરૂરનું ને ઈષ્ટ હોય છે. કારણ તેમનામાં નવો ઉત્સાહ હોય છે. તેમ જ તેઓ કોઈ એક જ પ્રકારની કાર્યપદ્ધતિ કે વિચાર-સરણીમાં ગોઠવાઈ ગએલાં હોતાં નથી.

આ ઘણુ જણા આ વખતે ચૂંટાઈને વ્યવસ્થાપક મંડળ ઉપર ન આવ્યા તો પણ તેઓ સંઘના કાર્યમાં તો રહેશે જ અને પોતાની કાર્યશક્તિનો લાભ બાલશિક્ષણને વધુ તેટલો વધારે આપશે એવી અમે આશા રાખીએ છીએ.

શ્રી બકુળાબહેનને પૂના અને નાગપુર એ બન્ને ક્ષેત્રોમાં કામનો સંપૂર્ણ અવકાશ છે. શ્રી મૂળદેવ પંડ્યા ગુજરાત શાખામાં વધારે ઉત્સાહથી કામ કરી સર્વત્ર જ્ઞાત થાય તેમ બની શકશે. અંતે શ્રી કાંતિલાલ કારિયાને મુંબઈનું વિશાળક્ષેત્ર તેમની પાસે જ છે. તેમના કેટલાયે મિત્રો આજે કામ કરે છે. તેમની સાથે વેગથી, તેઓ આ કાર્ય આગળ ધપાવશે જ એવી ખાતરી છે.

ચૂંટાઈને આવ્યા છે તેમાં શ્રી તારાબેન પ્રેમચંદ જેવા એક અત્યંત કાર્યદક્ષ અને સમર્થ કાર્યકર્તા સંઘને મળ્યા તે માટે ઘણો જ આનંદ થાય છે. તેમની શાંત, સમતોલ અને ઊંડી દૃષ્ટિ તેમ જ અત્યંત વ્યવસ્થિત રીતે કામ કરવાની પદ્ધતિનો લાભ હવે મધ્યસ્થ કાર્યાલયને થશે તે ઘણી જ આવકારદાયક વાત છે.

શ્રી બાબીબેન મૂળજી, શ્રી જમુભાઈ દાણી ને શ્રી કમળાશંકરભાઇ પંડિત ગયાં છ વર્ષથી વ્યવસ્થાપક મંડળ ઉપર કામ કરતાં જ હતાં. આવા અનુભવી અને સમર્થ કાર્યકર્તાઓ સંઘને મળ્યા છે તેથી ઘણો જ આનંદ થાય છે. ખાસ કરીને શ્રી બાબીબેન જે ઉત્સાહ અને દક્ષતાથી શિક્ષણપત્રિકાની આખી જવાબદારી સંભાળે છે તે ધ્યાનમાં લેતાં તેઓ ન ચૂંટાયા હોત તો જ નવાઈ ને વિચિત્ર લાગત.

શ્રી પ્રભુભાઇ ઉપાધ્યાય પહેલાં જ ચૂંટાયા છે. તેમને પણ અમે આવકારીએ છીએ. શાંતિથી, પ્રામાણિકતાથી ને એકનિષ્ઠાથી સતત પોતાનું કામ કર્યે જ જવાની તેમની વૃત્તિથી તેઓ મુંબઈની બહાર પણ હવે વધુ જાણીતા થશે. શ્રી કમળા-શંકરભાઈ, શ્રી કાંતિલાલભાઇ, શ્રી નામલે વગેરેની જેમ પ્રભુભાઈ . ગિજુભાઇના જૂના શિષ્યમાંના એક છે. તેથી સંઘના કાર્ય માટે તેમને એક વિશેષ પ્રકારનું પોતીકાપણું લાગે છે.

આ સર્વને ફરી એક વાર અમે અભિનંદન આપીએ છીએ અને આવકારીએ છીએ.

તંત્રી

REGD. NO. 2241

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.

દરેક સાધન શાસ્ત્રીય પદ્ધતિથી નિષ્ણાતોની નજર તળે બનાવવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર ખાસ બાલમંદિરોને ૬૦ ટકા કમિશન આપવામાં આવે છે.

લખો–મંગાવો.

નૂતન શિક્ષણ-સાધનાલય એન્ડ આર્ટ વર્ક્સ લી૦

સુરેન્દ્રનગર–સૌરાષ્ટ્ર

શિક્ષણ પત્રિકા

હિંદી—મરાઠી—ગુજરાતી

લવાજમ ચાર રૂપિયા

પરદેશમાં ૯ શિલિંગ

છૂટક નકલ છ આના

—પત્રવ્યવહાર—

શ્રી. બાળીબેન મૂલજી

'શિક્ષણ પત્રિકા' કાર્યાલય

શાંતારામ નારાયણ લેન, મુંબઈ ૬.

આગ–અકસ્માત–જિંદગી

મોટર, હરિયાઈ વર્કમેન્સ કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને

સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—

૩૧૫–૩૨૧ પ્રોસ્પેકટ ચેમ્બર્સ, હોર્નબી રોડ

મુંબઇ.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેયંદ તલકશી એન્ડ સન્સ,

૧૪૬, હોર્નબી રોડ, મુંબઈ ૧.

ટે. નં. ૨૦૪૪૩ ટેલીગ્રામ: Deshikothi

ક્યાંથી ખરીદી કરશો ?

મુંબઇના

સૌથી અપ-ટુ-ધ-મિનિટ સ્ટોરમાં

પધારો

સુતરાઉ, ગરમ તથા રેશમી કાપડ ફરનીશીંગ, તથા હાઉસહોલ્ડ લિનન બનારસી સિલ્ક સાડીઓ, જુદા જુદા દિલજીત રંગોમાં — બ્લાઉઝ પીસીઝ, લેધર ગુડ્ઝ

ભેટ આપવા લાયક નોવેલ્ટીઝ

ઊંચી કવોલિટીનો માલ

વાજબી ભાવથી મળશે.

બોમ્બે સ્વદેશી કોઓપરેટીવ સ્ટોર્સ, લિમિટેડ.

સર ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ મુંબઈ.

: શાખાઓ :

મહાત્મા ગાંધી રોડ, પૂના — જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાળીબેન મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ ૬.
મુદ્રણ સ્થળ: રમેશ પ્રિન્ટીંગ વર્ક્સ ૮ પારેખ સ્ટ્રીટ, પ્રાર્થના સમાજ, મુંબઈ ૪.

ગુજરાત વિદ્યાર્થી પરિષદ દ્વારા સંચાલિત

શિક્ષણ પત્રિકા

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા

છૂટક નકલ
છ આના

બાળકને

બાળકમાં બુદ્ધિ છે, શક્તિ છે.
તે ક્રિયાશીલ ને પ્રયત્નવાદી છે.
એ થાકતું નથી, નિરાશ થતું નથી.

એના માર્ગમાં આડે ન આવો.
એના વિકાસને ન રૂંધો.

એને કામ કરવા દો.
એને જોવા દો.
એને અનુભવવા દો.

એનો માર્ગ સરળ કરો.
એની મુશ્કેલી દૂર કરો.

એ જે કાંઈ
કરે અને શીખે,
તે એને
કરવા અને શીખવા દો.

: આદ્યતંત્રી :
સ્વ. ગિજુભાઈ બધેકા

: સંપાદક :
તારાબેન મોદક

: સહસંપાદક :
જમુભાઈ દાણી

અનુક્રમણિકા

૧. યુરોપમાં બાળશિક્ષણ ... તારાબેન
૨. બાલમંદિરમાં ભાષાશિક્ષણ... નામેલે
૩. ચાર ચિત્રો ... ... ઇશ્વરાચાર્ય
૪. નૂ. બા. શિ. સંઘની બેઠક... ... ...
૫. દ. મૂ. બાલમંદિર–મલાડ સંમેલન ...

બાળ વિભાગ

૧. જામશે કે? ... ... વિમળા પંડ્યા
૨. મૂળ નાથા ... ... રતિભાઈ અમીન
૩. રમાની ચોપડીઓ ... કપિલા ઠાકોર
૪. ત્યાગી મહાત્મા ... બાબાભાઈ
૫. આનું નામ મિત્રતા... જશભાઈ

ભાવનગરનું શ્રી. દક્ષિણા મૂર્તિ ભવન

નૂ. બા. શિક્ષણ સંઘના ઉપપ્રમુખ શ્રી નાનાભાઈ ભટ્ટ તથા આ સંસ્થાના સ્થાપક સ્વ. શ્રી. ગિજુભાઈ બધેકાએ આ જ સંસ્થામાં આજીવન સભ્ય થઈને સતત ૧૮ વર્ષ સુધી નૂતન બાલ શિક્ષણનું કાર્ય યશસ્વી રીતે કરીને આખા હિન્દુસ્તાનમાં એનો પ્રચાર કર્યો હતો. લગભગ બાર વર્ષ પહેલાં આ સંસ્થા એના મૂળ સ્વરૂપમાં બંધ કરવામાં આવી. બાળમંદિર વિભાગ માત્ર ચાલુ રાખવામાં આવ્યો હતો. બંધ થવાનાં કારણોમાં, મુખ્ય કારણ શ્રી. નાનાભાઈ ભટ્ટને શિક્ષણનું કાર્ય ગામડામાં લઈ જવું હતું તે, અને શ્રી. ગિજુભાઇને એક જ સંસ્થામાં બંધાયેલા ન રહેતાં છૂટા રહીને વધુ વિશાળ ક્ષેત્રમાં કામ કરવાની ઈચ્છા હતી તે–હતાં.

ગયાં દસ વર્ષોમાં આ સંસ્થા મૂળ જ ડગુમગુ સ્થિતિમાં ચાલુ હતી....ભવનની સર્વ મિલ્કતનું શું કરવું એનો ભાવનગર કોર્ટમાં કેસ ચાલતો હતો, અને કોર્ટનો ચૂકાદો આવે એ પહેલા સૌરાષ્ટ્રનું વિલિનીકરણ થઈ ગયું; આથી તે પ્રશ્ન એમ જ રહ્યો હતો.

આથી અન્ય સર્વ મકાનો ભાડે આપીને ભાડાની રકમમાંથી શ્રી. દ. મૂ. બાલમંદિર ડગુમગુ સ્થિતિમાં ચાલુ હતું. આ વખતના જાન્યુઆરી મહિનાના કોર્ટના ચૂકાદા પ્રમાણે નવું વિશ્વસ્ત મંડળ નિમવામાં આવ્યું, અને સર્વ સ્થાવર મિલ્કત, રોકડ રકમ અને સંસ્થાનો કારભાર ચલાવવાની સંપૂર્ણ સત્તા તેના જ હાથમાં સોંપવામાં આવી. વિશ્વસ્ત મંડળમાં શ્રી. સરલાદેવી સારાભાઈ શ્રી. તારાબેન મોડક એ બન્ને સૌરાષ્ટ્ર બહારના હોઈને, તથા તેમનું નૂ. બા. શિક્ષણનું કાર્ય લક્ષમાં લઈને નિમવામાં આવ્યા. બાકીના ત્રણ સભ્યો–સૌરાષ્ટ્રના મુખ્ય કાર્યકર્તા શ્રી. નારણદાસ ગાંધી, શ્રી. જાદવજી મોદી, અને શ્રી. મનુભાઈ પંચોળી છે. શ્રી. ગાંધી એ મહાત્માજીના ભત્રિજા છે, અને રાજકોટમાં ઘણાં વર્ષોથી કોંગ્રેસનું તેમ જ બાદી કાર્યાલયનું કાર્ય કરતા આવ્યા છે. શ્રી. મોદી પોતે ભાવનગરના એક પ્રસિદ્ધ સમાજ–કાર્યકર છે. પોતે વકિલ હોઈને આ વખતે કાયદા મંડળના અધ્યક્ષ છે. શ્રી. પંચોળી હાલમાં ભાવનગરથી થોડે દૂર આંબલા ગામમાં શ્રી. નાનાભાઇએ ગ્રામ-દક્ષિણામૂર્તિ કરીને ગયાં બાર વર્ષથી જે સંસ્થા ચલાવી છે તેના મુખ્ય કાર્યકર્તા છે. આ પાંચ વ્યક્તિ ઉપરાંત, સૌરાષ્ટ્રના શિક્ષણખાતાના મંત્રી અને ડી. પી. આઇ. એમ કરીને વિશ્વસ્ત મંડળમાં સાત જણની નિમણૂક થઇ છે. ફેબ્રુઆરીની ૧૨ મી તારીખે એની પહેલી બેઠક થઈ અને એ અંગેના સર્વ કાગળપત્ર તથા માલમિલ્કતની તપાસ કરવામાં આવી. ત્યાર પછી આ સંસ્થાનું કામ ફરીથી, પહેલાની જેમ ઉત્સાહથી તેમ જ ધગશથી શરૂ કરવા માટે યોજના કરીને કાર્યની શરુઆત કરવી–એમ ઠરાવવામાં આવ્યું. આ સભામાં ખાસ આમંત્રણને માન આપીને શ્રી. નાનાભાઈ ભટ્ટ અને શ્રી. નરેન્દ્ર ગિજુભાઈ બધેકા હાજર રહ્યા હતા.

ભાવનગર સ્વ. ગિજુભાઇની મુખ્ય કાર્યભૂમિ હતી, એ દ્રષ્ટિથી નૂ. બા. શિક્ષણ-સંઘની વ્યક્તિઓને શ્રી. દ. મૂ. બાલમંદિર એ એક તીર્થધામ જ લાગે છે. આથી ૧૯૪૭ માં સંઘના કાર્ય-

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૫ : અંક ૩] મુંબઈ [માર્ચ, ૧૯૫૦

યુરોપમાં બાળશિક્ષણ

(૧)

યુરોપના મારા પ્રવાસમાં મેં શું જોયું તે કહેવા, મને ઘણા જણ કહે છે. ત્યારે દરેકને જુદું જુદું કહેવા કરતાં 'શિક્ષણ પત્રિકા'માં આપ્યું હોય તો પ્રવાસવર્ણન સાંભળવાની ઇચ્છાવાળાઓની ઇચ્છા તૃપ્ત થશે એ વિચારે આ લેખમાળા લખવા શરૂ કરી છે.

અહીંથી જતાં આંતરરાષ્ટ્રીય મોન્ટેસોરી પરિષદ માટે અમે ૭ જણ સાથે નીકળ્યાં હતાં, પરંતુ, પાછળથી વહું કરીને અમે ત્રણ જણાએ જ પ્રવાસ સાથે કર્યો હતો. એટલે જ્યાં જ્યાં 'અમે' શબ્દનો ઉલ્લેખ આવે છે ત્યાં ત્યાં શ્રી શશીકલા પંડિત, શ્રી ઈંદુબેન શાહ અને હું છીએ એમ સમજવું. આ અમારું—એટલે ત્રણેયના પ્રવાસનું વર્ણન છે; સંસ્થા અને શિક્ષણવિષયક જે વિચારો છે તે માત્ર મારા છે એમ સમજવું.

અમે અભ્યાસની દૃષ્ટિએ જે જુદા જુદા દેશોની શિક્ષણસંસ્થાઓ જોઈ, અને તે ઉપરથી જે વિચારો આવ્યા તે જ અહીં દર્શાવીએ છીએ. આ ઉપરાંત અમને જેમ જેમ સગવડ મળી તેમ તેમ જોવા લાયક સ્થળો, કલાગૃહો, તેમજ એકંદર દેશ, એમની રહેણીકરણી, બાગબગીચા, ખેતીવાડી, દવાખાનાં, પ્રદર્શનો, નાટકો વગેરે જે જે જોવામાં આવ્યાં ને જોયાં અને જેટલો વધારે પરિચય કરી શકાયો તેટલો કર્યો: તેનું વર્ણન આપી શકાય એમ નથી. ત્રણ મહિનામાં અમે એક પરિષદમાં હાજરી આપી અને નવ દેશ જોયા; એટલે બહુ જ ઊંડાણથી અભ્યાસ કરવો શક્ય ન-હતો. તો પણ ઉપર ઉપરથી જોતાં, જે જે જોયું અને જેની મન ઉપર ઊંડી છાપ પડી તે વિષયે હું થોડુંક લખું છું. અમે જે સંસ્થાઓ જોઈ તેના ત્રણ વિભાગ પાડી શકાય; એક, પૂર્વ પ્રાથમિક એટલે ૬ વરસની અંદરના બાળકો માટેની નર્સરી અથવા બાળશાળા; બીજો વિભાગ તે પ્રાથમિક; એટલે ૬ થી ૧૪ અથવા ૧૬ વરસ સુધીના બાળકોના શિક્ષણની સંસ્થા; ત્રીજો વિભાગ એટલે આ સિવાયની અન્ય સંસ્થાઓ.

બાલમંદિર.—

ઇટલીમાં અમે ગયા ત્યારે ઉનાળાની રજા ચાલતી હોવાથી અમને કોઈ પણ બાળશાળા જોવા મળી નહિ. પણ પરિષદ વખતે પ્રતિનિધિઓના અવલોકન માટે ગેનરેમોમાં ચલાવવામા આવી હતી તે મોન્ટેસોરી પદ્ધતિની આદર્શ શાળા હતી તે જ પ્રમાણે હોલેંડમા આમસ્ટરડામ શહેરમા બાળશાળા જોયેલી તેવી જ આ ઉત્તમ હતી એટલે કે આ બે શાળાઓનું સવિસ્તર વર્ણન એકાદ બંધમાં કરું તો આપણે ત્યાના શિશુવિહાર અને બાલમંદિરોના સંચાલકોને એ ઘણું માર્ગદર્શક બની શકશે આ સિવાયની જે બાળશાળાઓ જોઈ તેમાની કેટલીક મોન્ટેસોરી પદ્ધતિથી ચાલતી હતી અને કેટલીક કિન્ડરગાર્ટન પદ્ધતિથી ચાલતી હતી એને વિષે થોડુંક વિવેચન કરીશ.

ઇટલીમા મેડમ મોન્ટેસોરી લગભગ બાર વર્ષના ગાળા પછી આવ્યા હતા; આ સમય દરમિયાન ઇટલીમા જે કોઇ બીજા મોન્ટેસોરી શિક્ષકમંડળો હતા તેઓએ થોડું ઘણું કામ ચાલુ રાખ્યું હતું. પણ યુદ્ધકાળમાં તેઓને પણ પોતાની આ પ્રવૃત્તિ બંધ કરી નાખી જવું પડ્યું. કેટલાકોને તો ભૂમિગર્ભ પ્રવૃત્તિ ચલાવવી પડી હતી. તેથી ત્યા

ધર્મમંદિરોના બાનગી ટેકા હોવાથી આ કામ ચલાવવું અશકય હતું. આજની ઘડીએ ઇટલીમાં મોન્ટે. શાળા લગભગ નહિ જેવી જ છે એમ કહીએ તો ચાલે. જે ચાલતી હતી તે અમને જોવા મળી ન હતી. ઉત્તરના વિભાગમાં સ્વિટઝરલાંડના પેસ્ટેલોજીની પદ્ધતિ ઉપર ચાલતી શાળાઓ વધારે પ્રમાણમાં જોવામાં આવી. આવું થયું હતું છતાં ઇટલીમા ફેરફાર થયેલો દેખાયો. આ વખતે ઠેકઠેકાણે ડો. મોન્ટે.નાં વ્યાખ્યાનો થયાં. તેમને વિદ્યાપીઠો અને સરકારી શિક્ષણખાતા તરફથી આમંત્રણો મળ્યાં. ઉપરાંત, ઉટલીમાં જોરદાર હતા તે ધર્મમંદિરોના સંચાલકોએ તેમનું સન્માન કરી એમની પદ્ધતિનો પ્રચાર કરવાની ઇચ્છા દર્શાવી. તેથી કરીને યુરોપમાં મોન્ટે. પદ્ધતિનું મુખ્ય કેન્દ્ર ઇટલીમાં રહેવાનો સંભવ છે. મેડમ મોન્ટે. ઇટલીના હોવાથી આ ઉમરે પોતાની માતૃભૂમિમાં રહેવા ઇચ્છે એમાં કાંઈ નવાઇ જેવું નથી.

હાલમાં મોન્ટેસોરી પદ્ધતિનો વધુ પ્રચાર હોલંડમાં દેખાય છે. તેથી આ પદ્ધતિ કેટલેક અંશે સરકારમાન્ય થઇ છે. સુધરાઇની અનેક શાળાઓમાં ૩ થી ૧૪ વર્ષ સુધી મોન્ટે. પદ્ધતિથી કામ ચાલે છે; અને કેટલીક શાળાઓમાં તો ૧૪ થી ૧૮ વરસ સુધી પણ આ પદ્ધતિને અનુસરીને અભ્યાસ કરાવવાનો પ્રયાસ ચાલે છે. એટલે કે આ ઉપરની શાળાઓમાં મોટે ભાગે ઠરાવેલા અભ્યાસ, નવાં સાધનોની મદદ વડે અને જુદી જુદી યોજના કરીને ચલાવવામાં આવે છે. એને ડોલ્ટન પદ્ધતિની શાળા કહેવામાં આવે છે. પરંતુ સંપૂર્ણપણે આ શાળાને મોન્ટે. પદ્ધતિથી (Advanced Mantessori) ચાલતી શાળા કહેવાય નહિ. ૩ થી ૬, ૬ થી ૯ અને ૯ થી ૧૨ નાં વર્ષોની ઉંમરનાં બાળકો માટે એ શાળા છે; ત્યા પૂર્ણપણે મોન્ટે. પદ્ધતિ સ્વીકારવામાં આવે છે. આ એ શાળાઓ બાનગી છે. કારણ, સરકારી અનેક કાયદાઓ હજુ સુધી તેમને નડે છે. દાખલા તરીકે, છ વરસ પહેલાં લેખન, વાચન, ગણિત શીખવી શકાય નહિ; એ કાયદો બદલાયો નહિ હોવાથી જો સરકારી ગ્રાન્ટ લે તો તેની પાછળ નિરીક્ષણ અને તેને અંગેના કાયદાઓ સ્વીકારવા પડે છે; અને એમના કામમા ખલેલ પહોંચે છે. આ કારણે સો ટકા મોન્ટે શાળાઓ બાનગી પ્રયાસોથી ચલાવવામા આવે છે. તેના એક બે અનિષ્ટ પરિણામ જોઈ શકાય છે. એક તો આ શાળામાં ફી બહુ જ રાખવી પડે છે. એથી, આ શાળાઓનો લાભ શ્રીમંત વર્ગનાં બાળકો જ લઇ શકે છે બીજું પરિણામ એ આવ્યું છે કે તેમને જગ્યા અને સાધન–સમૃધ્ધિની દૃષ્ટિએ પૂરતી જગ્યા મળતી નથી. એટલે શકિતશાળી કાર્યકર્તાઓ છે, લાભ લેનારી પ્રજા ઉત્સુક છે છતાં એમની શાળાના મકાનો વગેરે ભવ્ય નથી થઇ શકતા. રમવા માટે પૂરતી જગ્યા નથી, બાગ બગીચા નથી, પ્રાણીજીવન અથવા વનસ્પતિ–જીવનના અભ્યાસ કરાવનાર ઉત્તમ શિક્ષકો છે પણ તેમને શહેરમા આવેલા બગીચામાં વિદ્યાર્થીઓને અભ્યાસ માટે લઈ જવા પડે છે. આ પદ્ધતિ શિક્ષક માટે ચાલે પણ શાળાના બાળકોની દૃષ્ટિએ એ મોટી ખામી ગણાય આમ હોવા છતા તેમાંની આ શાળા સારામા સારી મોન્ટે. પદ્ધતિવાળી છે એમ જણાવવામા આવે છે પણ એટલું ખરાબ લાગે છે કે ગયાં છેલ્લા ૪૦ વર્ષોથી મેડમ મોન્ટે.ની પદ્ધતિ ચાલુ હોવા છતાં એમની પદ્ધતિથી ચાલતી નમૂનેદાર શાળા આખા યુરોપમા અથવા અમે જે જે દેશો જોયા એમા આ એક જ છે એમ કહેવું પડે છે; અને તે પણ આવી જગામા અને અનેક અડચણો સાથે ચાલે છે ! બીજી શાળાઓ માટે જ્યારે મોટા મોટા મકાનો, વિશાળ ક્રીડાગણો અને સુંદર બગીચાઓ તથા સાધનની વિપુલતા છે, ત્યારે મોન્ટે. શાળાની આવી સ્થિતિ હોઈ શકે એ ખરેખર શોચનીય છે.

મોન્ટે. ટ્રેનિંગ કોલેજની પણ આવી જ દશા. છે કિન્ડરગાર્ટનથી ચાલતી બીજી રીતે પ્રાથમિક શિક્ષણ માટેની ટ્રેનિંગ કોલેજને માટે, મોટા મોટાં મકાનો અને સાધનસમૃદ્ધિ દેખાય છે. મોન્ટે ટ્રેનિંગકોલેજ, માત્ર હોલંડમાં એક, છોકરીઓની હાઇસ્કુલના વિશાળ મકાનમા તેની કૃપાથી મળેલી

એકાદ ઓરડીમાં ચાલે છે. ત્યાં બે વરસનો અભ્યાસ-ક્રમ છે; પણ એ બધાં માટે એકી સાથે બેસવાની જગા નથી. કારણ ઓરડો એક જ છે. એટલે એક મંડળીને ગામની શાળામાં મોકલી આપવામાં આવે છે. ઈંગ્લાંડમાં પણ આવી જ સ્થિતિ છે. અમે ગયા ત્યારે એમને એક જરાક મોટું મકાન મળ્યું હતું, અને તેથી તેઓ ત્યાં શાળા ચલાવવાનો વિચાર કરતા હતા. બીજી ટ્રેનિંગ કોલેજ આના પ્રમાણમાં ઠીક ઠીક મોટી હતી, પણ ફ્રોબેલ ઈન્સ્ટીટયુટ અથવા આવી સંસ્થાની તુલનામાં બહુ જ નાની અને ગરીબ અવસ્થામાં ચલાવવામાં આવે છે એમ લાગ્યું.

પેરિસમાં આવી જ એક નાની ટ્રેનિંગ કોલેજ ચાલે છે. તે વધુ સારી હતી પણ મુશ્કેલી તો એમને ય એ જ હતી. મકાન અને સાધનોની દૃષ્ટિએ આવી સ્થિતિ છે છતાં ય સંસ્થામાં ઉત્તમ, વિદ્વાન અને મોન્ટે. પદ્ધતિમાં પૂર્ણ વિશ્વાસ રાખનારા અને તેને માટે સર્વસ્વનો ત્યાગ કરવાવાળા અને સમર્પણ કરનારા સ્ત્રીપુરુષ કાર્યકર્તાઓ જોવા મળ્યાં એથી અમને વધારે શોક થયો, કોઈપણ નવી વસ્તુ સ્થાપિત કરતાં વરસો વીતી જાય છે; એટલું જ નહિ પણ એની પાછળ જીવન અર્પણ કરનારી અનેક વ્યક્તિઓ જોઈએ છે. બલિદાન પણ જોઈએ છે. આજે આ ક્ષેત્રમાં ચીવટાઈથી કામ કરનાર વર્ગ આ કોટિનો છે. આટલા મોટા પ્રવાહમાં પોતાને પસંદ પડેલા તત્ત્વને વળગી રહીને શ્રદ્ધા ગુમાવ્યા વગર અનેક અડચણોમાંથી માર્ગ કાઢી, સતત પ્રયાસ ચાલુ રાખી અને પ્રસિદ્ધિ અથવા જલદી યશ મેળવવાની આકાંક્ષા રાખ્યા વગર પોતે સ્વીકારેલું કાર્ય ચીવટથી ચાલુ રાખવું એ જ આ કાર્યકર્તાઓનું મોટાપણું છે. એકાદ સ્વતંત્ર લેખમાં આ બધાંનો થોડો પરિચય આપવાનો મારો વિચાર છે. તેમને વિષે વધુ માહિતી હાલમાં નહિ મળવાથી, પછીથી આપીશ.

મોન્ટેસોરી શાળા :

અમારા પ્રવાસમાં અમે એકંદરે નીચે પ્રમાણેનાં મોન્ટે. પદ્ધતિથી ચાલતાં બાલમંદિરો જોયાં. તે બાબત થોડીક નોંધ ઉમેરું છું

૧. સ્વિટ્ઝર્લેંડના લ્યુસર્ન અને ફ્રેન્ટમાં મોન્ટે. પદ્ધતિ વિશેષ પ્રમાણમાં સ્વીકારવામાં આવેલી છે. લ્યુસર્ન શહેરમાં ટ્રેનિંગ કોલેજ સાથે પૂર્વપ્રાથમિક શાળાના બે વર્ગો જોડવામાં આવેલા છે. પહેલા વર્ગમાં ઉત્તમ રીતે કામ ચાલતું હતું. સ્વતંત્ર ચિત્રો દોરવાનું કામ ઘણું જ સારું લાગ્યું. મ્યુઝિકલ બેલ્સ (સા–રે–ગ–મ ની ઘંટડીઓનું સાધન) એક છોકરીએ ઉત્તમ રીતે વાપરી દેખાડયું. મોન્ટેસોરીનાં સાધનો સુદ્ધાં વાપરવામાં આવતાં હતાં. એક વિશેષ સાધન દેખાયું તે બાળકો વાપરી શકે એવડું નાનું. છાપખાનું. સ્વિટ્ઝર્લાંડ, ફ્રાન્સ, બેલજીઅમ વગેરે દેશોમાં આવાં છાપખાનાનાં નાનાં યંત્રો દરેક શાળાના નાના વર્ગમાં દેખાય છે. કેટલીક શાળામાં મોટાં બાળકો પોતાનાં માસિકો છાપી કાઢે છે. એટલું જ નહીં પણ ચિત્રોના બ્લોક સુદ્ધાં તૈયાર કરી માસિકો સચિત્ર બનાવે છે. આ મોન્ટેસોરી વર્ગમાં બાળકો જેમ પેટીમાંથી મૂળાક્ષરો કાઢી શબ્દ તેમ જ વાકય બનાવે છે તે જ પ્રમાણે છાપખાનાની પેટીમાંથી ટાઈપ કાઢી ગોઠવતાં અને પછી તે ઉપર રોલવતી શાહી લગાડી લખાણ છાપી કાઢતાં હતાં. આવા પ્રકારનું યંત્ર આપણે ત્યાં વાપરી જોવા જેવું છે એમાં શંકા નથી. આપણી ભાષાની ટાઈપ ગોઠવવાની પેટી વગેરે ત્યાં જ બનાવવાં જોઈએ.

આના ઉપલા વર્ગમાં તો લેખન, વાચન, ગણિત અને હસ્તકામ પર બૂબ જ ભાર મૂકવામાં આવેલા જણાયો. તેના ઉપલા વર્ગ તો પ્રાથમિક-શાળા હતી એટલે ટાઈમ ટેબલ, શિક્ષકોએ શિખાડવું, વર્ગ પાડી સમૂહ–શિક્ષણ વગેરે સર્વ બાબતો હતી.

બીજી વસ્તુ એટલે ત્યાં બે થી પાંચ વર્ષનાં બાળકો પહેલા વર્ગમાં ન હોતાં. ચાર વર્ષ પૂરાં કરી પાંચમું વર્ષ શરૂ કરવાવાળાં નાનાં બાળકો સર્વત્ર હતાં. વધારે નાનાં બાળકોને લેવામાં કાયદો આડે આવે છે એમ જણાવ્યું. અહીં શિક્ષિકાઓ ઠીક ઉત્સાહી અને મોંટેસોરી પદ્ધતિમાં શ્રદ્ધાવાળી હતી પરંતુ તે આખી શાળાના પ્રમાણમાં

તેઓનો ભાગ ૧/૧૦ જેટલો જ દેખાયો. પ્રાથમિક-શાળા ખૂબ જ મોટી. ત્યા બીજી બાબતોમા સારી સુધારણા પણ પધ્ધતિની બાબતમાં થોડો જ વિકાર થયેલો દેખાયો. આ સિવાય સ્વિટ્ઝર્લાંડમા એક પણ મોંટેસોરી શાળા અમારા જોવામા આવી નહીં.

જીનીવામાં એક વિશેષ પધ્ધતિવાળી સારી બાલશાળા અમે જોઇ. પણ તે જુદી જ પધ્ધતિવાળી હતી તેથી એનું વર્ણન અહીં ઓપ્યું નથી. કિંડર ગાર્ટન અને બીજી પદ્ધતિની શાળાઓમાં તેમનો સમાવેશ થશે.

૨. ફ્રાન્સનાં પેરિસ શહેરમાં એક Childrens' Home નામની શાળા જોઇ. શાળા ચલાવનારી શિક્ષિકા તરુણ અને વિદ્વાન હતી. તેમનું નામ મિસ બર્નાર્ડ. તેમણે મોંટેસોરી ડિપ્લોમા ઉપરાંત માનસશાસ્ત્રનો અભ્યાસ કરેલો હોવાથી યુધ્ધકાળમાં (displaced children) નિર્વાસિત બાલકોની વચ્ચે કામ કર્યું હતુ. તેમને ત્યા એક નાનો ટ્રેનિંગ વર્ગ ચાલતો હતો. એમની શાળા સારી હતી પરંતુ જગા બહુ જ થોડી હોવાથી વિકાસ કરવા માટે અવકાશ ઓછો. એક મોટો હોલ અને એક નાની લાબી ઓરડી એટલી જ જગા હતી. ત્યા ૫૫ છોકરાઓ અને ૧૦/૧૨ છોકરીઓનો વર્ગ ચાલતો. આ બાઇને યુધ્ધને લીધે વિકૃત માનસ પામેલાં બાળકોના કામનો અનુભવ સારા પ્રમાણમાં છે. આ શાળામાં માનસિક અવલોકન અને નાની નાની વિકૃતિઓનો માનસિક દૃષ્ટિએ ઉપચાર કરવામાં આવે છે, સેન રેમોની પરિષદમા આ બાઇએ પોતાની શાળાના વિકૃત બાળકો અને તેમનો ઉપચાર એ વિષય પર ભાષણ આપ્યું હતું. આ બાઇ ઉંમરમા ઘણી જ નાની હોવા છતા તેમનો અનુભવ ઘણો જ દેખાયો. યુધ્ધકાળમા વિવિધ, વિચિત્ર અને હૃદયને હચમચાવી નાખનારા અનુભવ મળેલા હોવાથી આ બાઇ અકાળે વૃધ્ધ થઈ જશે એમ લાગે છે. પરંતુ તે અત્યારે અકાળે વૃધ્ધ થએલી સ્ત્રી જેવી દેખાતી નથી. ફકત શાતપણે અને વિશેષે ઓરડીમા ભરાઇ વિચાર કરવાની તેને ટેવ પડી હતી. સ્વભાવે મિલનસાર, ઉત્સાહી અને તે જ પ્રમાણે આનંદી પણ દેખાઇ. પરંતુ શાળાનો બોજો ઠીક પ્રમાણમા હોય એમ દેખાતું. કારણ તેની શાળા બાનગી તેમની પોતાની હતી. સરકારી ગ્રાટ મળે છે કે નહીં તે બરાબર યાદ નથી હોય તો થોડી જ હશે. એમની સાથે એની માતુશ્રી વ્યવસ્થાનું કામ જુએ છે. તેણે ૧૯૩૯ મા મેડમ મોંટેસોરીનો કોર્સ કર્યો પણ યુધ્ધકાળમાં તેમનાથી શાળા ખોલી શકાઇ નહીં. ૧૯૪૪ મા ૬ બાળકોથી શાળા શરૂ કરી ૧૯૪૫ મા ત્રણ જ બાળકો રહ્યાં એટલે શાળા બંધ કરી. ત્યાર પછી ૧૯૪૬ માં શરૂ કરી ત્યારે પંદર જ બાળકો હતા. હાલમાં ૫૫ બાળકો છે. જગા નાની હોવાથી વધુ લઈ શકાય એમ નથી એક નાનો અને એક મોટો એમ બે વર્ગ છે. બે શિક્ષિકા અને પોતે એમ ત્રણ જણા કામ કરે છે. તેમનું કહેવુ એમ છે કે યુધ્ધપરિ-સ્થિતિને લીધે બાળકોમા જ્ઞાનતંતુઓની નબળાઇ વધુ દેખાય છે. વધુમા જેઓ યુદ્ધકાળમા જન્મ્યાં એટલે હાલમા જેઓ ૭ વર્ષના છે તેમનામા આ પરિણામ જોવામા આવે છે એટલુ જ નહી પરંતુ તરુણ છોકરીઓમા સુધ્ધાં આવો ફેર જોવામાં આવે છે.

પહેલાની માફક તેઓનાં મન સુદૃઢ અને સમતોલ જણાતાં નથી તેમની શિક્ષિકાઓ અને વિદ્યાર્થીઓને વિષે તે બાઇ જણાવે છે કે તેઓને કોઇ કોઇ વખતે ભય લાગે છે તેમ જ હિસ્ટીરિયા સુધ્ધા આવે છે એ માનસશાસ્ત્રની વિશેષ અભ્યાસી હોઇ તેમની પાસેથી યુદ્ધને લીધે માનસિક વિકૃતિ વિષે ઘણું સાંભળવાનું મળ્યું બાકી ફ્રાન્સમાં માનસિક તપાસ અને મનોવિકૃત બાળકો પર ઇલાજ વગેરે વિષયો પર પુષ્કળ પ્રમાણમા કામ કરવામા આવે છે અને ત્યાં માનસશાસ્ત્રની મોટી મોટી સંશોધનશાળાઓ છે. એ વિષે આગળ ઉપર જણાવીશ.

૩. ઈંગ્લાંડમા લંડન શહેરમાં એવી એક નાની શાળા જોઇ પેરીસમાંની બાળા કરતા પણ નાની તેને પણ બે જ ઓરડી પણ તે બહુ જ

નાના; એક પહેલે માળે અને બીજો બીજે માળે. બાળકોની ફી પર નિર્ભર રહેલી એ જ શિક્ષિકા અને ૪૦ બાળકો. સેંટ બાર્થલોમ્યુના રેકટરની પત્ની મીસીસ વોલબેંક આ શાળા ચલાવે છે. નજદીકમાં જ ચર્ચ હોવાથી ચર્ચની પાછળ આવેલી થોડી ખુલ્લી જગા બાળકોને રમવા માટે મળે છે. ત્યાં તેમને સવારે દૂધ આપવામાં આવે છે. પછી શાળાનું કામ શરૂ થાય છે. ચર્ચ પાસેથી તેમને બે નાના ઓરડાઓ વાપરવા મળેલા છે. પણ તેમાં જતાં આવતાં તરત જ માલમ પડતું કે જગા બૂબ જ નાની છે. બાળકોના કોટ મૂકવા માટે સીડી નીચે જ થોડી જગા કરવી પડી હતી.

આવું હતું છતાં પણ આ યુવાન બાઈ બૂબ જ ઉત્સાહી અને શ્રદ્ધાવાન જણાઇ. પોતે જ ભૂગોળ, ગણિત વગેરેનાં સાધનો બનાવે છે. તેમની પાસે એક જ વર્ગ હોવાથી સામાન્ય દેખરેખ એ જ રાખે છે. આ શાળાનું કામ ટેલીવાઈઝ કરવામાં આવ્યું હતું તે ઘણું જ સારું દેખાયું એમ તે બાઈ કહેતી હતી. અહીં રા થી ૩ વર્ષનાં બાળકો થોડાં હતાં. ૪/૪॥ થી ૬ વર્ષ સુધીનાં બાળકો ઘણાં હતાં તેથી ઘણું ખરું લેખન, વાચન, ગણિત, અને ભૂગોળનું કામ દેખાતું હતું.

આટલી ઉત્સાહી અને કર્તવ્યભાવવાળી બાઈ હોય તેને આટલી નાની જગામાં ત્યાંને ત્યાં જ સારી રીતે કામ કરવાના પ્રયત્ન કરતાં જોઇ ઘણી જ નવાઇ લાગી. પણ મોંટેસોરી શાળાની આવી સ્થિતિ હોય! એવો વિચાર આવવાથી ઘણું દુઃખ થયું.

વર્ગમાં ગયા એટલે બાળકોને હાલવા ચાલવાની જગા જ નહીં. કારણ આ નાના ઓરડામાં ડેસ્કસ મૂકવામાં આવેલાં, ત્યાંને ત્યાં જ બાળકો ઊઠતાં, સાધનો લેતાં અને મૂકતાં. તેની જ માત્ર નવાઇ લાગે છે. તેમને ત્યાં ઉપલા વર્ગમાં બાળકોની ઘંટ વગાડવાની નવી પદ્ધતિ જોઇ. કોઇએ ઘંટ વગાડયો એટલે સર્વે બાળકોએ તે તરફ ધ્યાન આપવાનું. પછી બાળકોએ પોતાને ફાવે તેટલે મોટે અવાજે વાંચી દેખાડવાનું. બાળકોએ 'થેંકયુ' બોલી પછી પોત પોતાને કામ લાગી જવાનું. શિક્ષકને પણ કંઈ કહેવાનું હોય અથવા વાંચી દેખાડવાનું હોય તો તેમણે પણ ઘંટ વગાડવાનો. બાળકોને આમાં ઠીક આનંદ આવતો હતો. અને કેટલાંક ધીમેથી વાંચનારાં બાળકો ઘંટ વાગતાં જ જોરથી વાંચી દેખાડતા એટલે કે તેમને મોટેથી વાંચવાનું ઉત્તેજન મળતું. પરંતુ દર પાંચ મિનિટે બાળકો પોતાનું કામ પડતું મૂકે છે, ઘંટ તરફ ધ્યાન આપે છે એ ઇષ્ટ દેખાતું નથી. ઉલટું પોતાના કામમાં વધારેમાં વધારે વખત એકાગ્ર થવું એ ઇષ્ટ છે. સાધન સાધારણ જાતનાં દેખાયાં. એકંદરે શીખાણી ઉપલા મધ્યમ વર્ગની શાળા હોઇ, આટલી નાની અને તૂટી ફૂટી દશામાં ઇંગ્લાંડમાં હોવાથી મોટી નવાઇલાગી.

બાઇની ચીવટ અને ઉત્સાહથી કામ કરવાની રીત જોઇ ઘણી જ નવાઇ લાગી.

(અપૂર્ણ)

તારાબેન મોડક

બાલમંદિરમાં ભાષા શિક્ષણ

વ્યાકરણની મૌખિક રમત

લેખાંક પાંચમો

ચોથા લેખમાં અવ્યયમાંના શબ્દયોગી અવ્યય અને ઉભયાન્વયી અવયવનો વિચાર કર્યો; આ પછી રહેલા અવ્યયો—એટલે ક્રિયાવિશેષણ અને ઉદ્‌ગારવાચક અથવા કેવળપ્રયોગી અવ્યય. અવ્યયના ઉપયોગથી ભાષામાં ભાવનાનો સારો વિકાસ થઈ શકે છે. આ દૃષ્ટિથી આ અવ્યયની રમત કેમ થઈ શકે એનો હું વિચાર કરું છું. અત્યાર સુધી દર્શાવેલી વ્યાકરણની દૃષ્ટિથી ભાષા-વિકાસક રમતોનું એક વિશિષ્ટતંત્ર શિક્ષકોના લક્ષમાં આવ્યું જ હશે. પ્રત્યેક રમતમાં સ્વયં-

સૂચનાનો ઉપયોગ મહત્ત્વનો છે. તે જ પ્રમાણે બાળકોની હિલચાલને એમાં અવકાશ મળે એવી પણ યોજના છે. બાળકોનું લક્ષ કેન્દ્રિત કરવાની દ્રષ્ટિથી શકય તેટલો તેમાં વસ્તુઓનો (મૂર્ત) ઉપયોગથી રમતો કરી છે. આ દ્રષ્ટિ રાખીને કેવળ-પ્રયોગી અવ્યયની રમત થવી જોઇએ.

વળી એમની રમત સ્વાભાવિક હોવી જોઇએ. એમાં કૃત્રિમતાને શકય તેટલો ઓછો અવકાશ મળવો જોઇએ. આ દ્રષ્ટિથી કોઈ કેવળપ્રયોગી અવ્યયની રમત યોજી શકે તો જરૂર હું તેનો સ્વીકાર કરીશ.

ક્રિયાવિશેષણ અવ્યય

વિશેષણ અને નામનો જે સંબંધ હોય છે, તે જ સંબંધ ક્રિયાવિશેષણ અને ક્રિયાનો હોય છે. એનાથી ક્રિયાના અર્થની મર્યાદા નિર્માણ થાય છે. ક્રિયાવિશેષણના આ નિશ્ચિત કાર્યનું સ્વરૂપ સ્પષ્ટ કરવાની દૃષ્ટિથી ક્રિયાવિશેષણની રમતની યોજના હોવી જોઇએ.

વિશેષણની પેટી પ્રમાણે જ આ રમતના સાધન માટે ૮"×૧૨"×૨"ની એક લાકડાની પેટી બનાવવી. આ રમતમાં ઉપયોગી થઈ પડે એવી વસ્તુઓ અને શિક્ષકો માટે, પાઠનાં કાર્ડો પેટીમાં રાખવાં. ક્રિયાવિશેષણનો ઉપયોગ દર્શાવવા માટે કાર્ડ પર નીચે પ્રમાણેના પાઠો લખેલા હોવા જોઇએ. સૂચનરૂપે નીચે એકાદ બે વાકયો આપ્યાં છે; પરંતુ શિક્ષકો આવા અનેક પાઠો સ્વતંત્ર રીતે લખી શકે છે.

(૧)

ક્રિયા : તાળી પાડો.

શિક્ષક : તાળી પાડો.

(બાળક તાળી પાડે છે.)

શિક્ષક : આમ નહિ કાંઈ!

બાળક : કેવી પાડું ત્યારે?

શિક્ષક : જોરથી તાળી પાડો.

(બાળક જોરથી તાળી પાડે)

શિક્ષક : આવી રીતે નહિ, કંઇ!

બાળક : સારે કેવી રીતે?

શિક્ષક : ખૂબ જોરથી તાળી પાડો.

(૨)

ક્રિયા : કૂદકો મારો.

શિક્ષક : કૂદકો મારો.

(બાળક કૂદકો મારે છે.)

શિક્ષક : આવી રીતે નહિ.

બાળક : કેવી રીતે મારું?

શિક્ષક : (બાળકે ઊંચો અથવા લાંબો કૂદકો માર્યો હોય તે પ્રમાણે.)

શિક્ષક : ઊંચો કૂદકો મારો.

(બાળક ઊંચો કૂદકો મારે.)

શિક્ષક : અંહ! આમ નહિ.

બાળક : ત્યારે કેવી રીતે?

શિક્ષક : ખૂબ ઊંચો કૂદકો મારો.

(૩)

ક્રિયા : ઘંટડી વગાડો.

શિક્ષક : ઘંટડી વગાડો.

(બાળક ગમે ત્યાં, ગમે તેમ ઘંટડી વગાડે છે.)

શિક્ષક : અહીં નહિ.

બાળક : ત્યારે કયા વગાડું?

શિક્ષક : (દિશા સૂચવી) ત્યાં વગાડો.

(બાળક બતાવેલી દિશામાં ઘંટડી વગાડે છે.)

શિક્ષક : અહીં અને આવી રીતે નહી, કંઈ!

બાળક : તો કેવી રીતે-વગાડું?

શિક્ષક : ત્યાં ધીરે ધીરે ઘંટડી વગાડો.

(બાળક ત્યાં ધીરે ધીરે વગાડે.)

શિક્ષક : ત્યાં નહિ!—ત્યાં નહિ, કંઇ!

બાળક : ત્યારે કયાં ?

શિક્ષક : ત્યાં દૂર દૂર ધીરે ધીરે વંટોડી વગાડો.

(૪)

ક્રિયા : ડબ્બી ઊઘાડો.

શિક્ષક : આ ડબ્બી ઊઘાડો.

(બાળક ડબ્બી ઉઘાડે છે.)

શિક્ષક : અંહુ, આમ નહીં.

બાળક : તો કેવી રીતે ?

શિક્ષક : બૂબ ધીરેથી ઊઘાડો.
(બાળક બૂબ ધીરેથી ડબ્બી ઉઘાડે છે.)

શિક્ષક : અરે! પણ ત્યાં નહીં ઉઘાડવાની!

બાળક : ત્યારે કયાં ?

શિક્ષક : (દિશા સૂચવીને) ત્યાં ધીરેથી ઊઘાડો.

(બાળક સૂચવેલી દિશામાં ધીરેથી ઉઘાડે.)

શિક્ષક : અંહ! પણ અત્યારે નહિ ઉઘાડવાની કંઈ!

બાળક : ત્યારે કયારે ?

શિક્ષક : ત્યાં ધીરેથી કાલે ડબ્બી ઉઘાડવાની છે.

(બાળકો હસે છે.)

ઉપર પ્રમાણે ક્રિયામાં અર્થ નિશ્ચિત કરવાની દૃષ્ટિથી બાળકને જ કયાં, કયારે, કેવી રીતે વગેરે પ્રશ્નો પૂછવા પડે એવી રીતે પાઠમાંનાં વાકયોની યોજના હોવી જોઈએ. "પાણી ભરો" "ફૂલદાની ભરો" "ફૂલદાની લઈ જાઓ" વગેરે જેવી અનેક ક્રિયાઓ લઈ શકાય.

પૂર્વ તૈયારી :–નામ, વિશેષણ વગેરેની રમતો આ પહેલાં બાળકો રમી ગયેલાં હોવાં જોઈએ; જેથી એમને રમતનું તંત્ર સમજ પડે.

વય :–૩।। થી ૪।।.

સ્વાધ્યાય–નિદર્શન :–આ રમતમાં રમતની પેટી અન્ય રમતો પ્રમાણે વચમાં નમૂકતાં, તે શિક્ષકની સામે હોવી જોઈએ. પેટીમાંનાં કાર્ડોનો સેટ, શિક્ષકે કાઢી, તેમાં કયા ક્રમ પ્રમાણે પાઠ આપવો છે એ પહેલેથી નક્કી કરવું અને તે પ્રમાણે કાર્ડ જોઈ તેમ જ ગોઠવી રાખવાં. આગળ પર વપરાયેલાં કાર્ડો કાઢી નાખવાં. પાઠમાં દર્શાવ્યા પ્રમાણે જુદાં જુદાં બાળકોને બોલાવી રમત રમવી. શરૂઆતમાં શિક્ષકે પોતે રમતમાં ભાગ લેવો. આવી રમતનો બરાબર પરિચય થઇ જવાથી બાળકો પોતે અંદર અંદર આ રમત રમવા લાગે છે.

(અપૂર્ણ) **શેષ નામલે**

ચાર ચિત્રો

(૧)

પ્રવીણની પરીક્ષા ચાલે છે. આજે પરીક્ષાનો બીજો દિવસ છે.

બપોરનો વખત છે. ઘરમાં બા–બાપુજી અને બીજાં, ચિત્રવિચિત્ર વાતોમાં ગૂંથાયેલાં છે. પ્રવીણને એ વાતોમાં રસ પડે છે. પ્રવીણને વાંચવું ગોઠતું નથી. પુસ્તકને એકકોરે ધરી બા–બાપુજીની પડખે લીન થઇ શાંત રીતે વાતોનો આનંદ માણે છે.

'અલ્યા, એ પરીક્ષા છે. કાંઇ ગમ પડે છે! વાંચવા બેસ વાંચવા. ત્યાં કંઇ આ બધી વાતો નથી ચિતરવાની તે અહીં આવી બેઠો છે. "પણ મને મજા પડે છે ને!।'

"ઊઠ. ઊભો થા. અને જા ઓરડામાં જઈ વાંચ. સમજયો! ઊઠે છે કે નહિ ?" પ્રવીણને વાતોમાં રસ છે, પણ શું કરે ? એને થાય છે. મૂઈ આ પરીક્ષા!'

(૨)

હું મારા એક સગાને ત્યાં ગયો હતો. ત્યાં મને બચુની બાએ પૂછ્યું, "શંભુભાઈ, આ બચુને આખી પ્યાલી ભરી દ્રાક્ષાસવ અપાય?"

"ના, તેને માટે તો અડધી પ્યાલી પણ વધારે છે." મેં સમજણ પાડી.

બચુની બાએ રોજના નિયમ પ્રમાણે અડધી પ્યાલી ભરી દ્રાક્ષાસવ બચુની સામે ધર્યો, પણ બચુ તો રડવા લાગ્યો. એટલે બચુની બાએ મારી તરફ ચપ્પુ ફેંકયું; "લ્યોને શંભુભાઈ, આ બચુનાં નાક-કાન કાપી નાખોને. તોફાન કરે છે."

મેં એનો વિરોધ કર્યો: "તમે આ રીતે બાળકને શા માટે ડરપોક બનાવો છો?"

"ભૈશાબ, એમ ન કરીએ તો માને જ નહીં તો."

પણ મારી સમજાવટ પછી તેમણે પોતાની ભૂલનો સ્વીકાર કર્યો.

"બચુભાઈ, આમ આવો; જો. કેમ, શા માટે રડો છો?" મેં પૂછ્યું

"એ...એ...મને દરરોજ એક પ્યાલી ભરી દ્રાક્ષાસવ આપતી હતી અને આજે અડધી પ્યાલી આપે તે શેનો લઉં?" બચુભાઇએ મને ફરિયાદ કરી.

એટલામાં બચુની બા અડધી પ્યાલી દ્રાક્ષાસવ અને અડધી પ્યાલી પાણી ભેગું કરીને લાવ્યા: "લે છૈયા, તેં તો હેરાન કરી નાખ્યાં."

બચુને બાની આ કરામત સમજાઈ નહીં, ને આખી પ્યાલી દ્રાક્ષાસવ માની પી અને રમવા ચાલ્યો ગયો.

(૩)

પ્રમીલા અને કોકિલા એક જ બાલમંદિરનાં બાળકો ને ખાસ બેનપણીઓ છે. તેઓ બન્ને સાથે જ રમે છે.

આ વર્ષે પ્રમીલાના ભાઇએ મેટ્રિકની પરીક્ષા આપી હતી. આજે તેનું પરિણામ બહાર પડવાનું હતું. ઘરનાં બધાં છાપાની રાહ જોઈ રહ્યાં હતા. ત્યા તો છાપું આવ્યું ને ઝટપટ ઉઘાડી જોયું તો પ્રમીલાનો ભાઈ પાસ થયો હતો. ઘરમાં આનંદ આનંદ થઈ રહ્યો.

એ આનંદને કારણે પ્રમીલાના બાપુએ આઇસ્ક્રીમ પાર્ટી ગોઠવી હતી. તેમાં સગા સંબંધીઓ અને મિત્રો આવતા હતા. પરંતુ પ્રમીલાની બેનપણી કોકિલાને કોઇએ આમંત્રી નહોતી. કોકિલા અહીં તહીં ફરતી જાય ને વિચારતી જાય કે આ બધા આવ્યા અને કોકિલા નહિ? જો કે તેના મો પર આનંદ હતો પણ અંતરમાં તેને આ ડંખ લાગ્યા કરતો હતો.

તેને થયું. લાવને બોલાવી લાવું. પણ–થયું કે બા બાપુજીની રજા સિવાય કેમ બોલાવાય! તે હિંમત એકઠી કરી, ખચકાતી ખચકાતી બા પાસે ગઇ અને કહ્યું, "આ આટલા બધાં આવ્યા ને કોકિલા કેમ નથી આવી? હું તેને બોલાવી આવું?"

બાએ 'હા' કહી ને તે હર્ષથી દોડતી કૂદતી પહોચી કોકિલાને ઘરે કોકિલાને કહ્યું, 'ચાલ બેન. મારી બાએ કહ્યું છે તે આઇસ્ક્રીમ ખાવા'

"તો ઊભી રહે. હું મારી બાની રજા લઇ આવું."

પ્રમીલાને થયું, લાવને હું જ તેની બા પાસેથી રજા લઇ આવું. કોકિલાને કદાચ ના પણ પાડે. એ તો ગઈ કોકિલાની બા પાસે અને કહ્યું, "કોકિલાને મારી બા આઇસ્ક્રીમ ખાવા બોલાવે છે તે લઇ જાઉં?"

કોકિલાની બાએ 'હા' કહી. બન્ને હરખાતા હરખાતાં પ્રમીલાને ઘેર ગયાં ને આનંદ લહેર ઉડાવી.

(૪)

પ્રવીણભાઇ ત્રણ વર્ષના હતા. અક્ષરોનાં નામો લઈ ગંમતમા જ વાચતા થઇ ગયા. તેમના પિતા પણ બાલકેળવણીમાં રસ ધરાવતા હોઇ તેનાં પુસ્તકો વાચી, તેની સલાહ પ્રમાણે પ્રવીણભાઇને

કેળવવા મથતા. વળી પ્રવીણભાઇના પિતા એક શિક્ષક પણ હતા.

પ્રવીણભાઇ ચાર વર્ષના થતાં તેમને બાલમંદિરમાં મૂકવામાં આવ્યા. તેમણે બે વર્ષ ગાળ્યાં. તે પછી પ્રાથમિક શાળામાં જવાનું શરૂ કર્યું. અહીં તેમની શક્તિઓ વિશે બૂબ જ કદર થવા માંડી. અહીં તેઓ પહેલે નંબરે રહેતા. પણ રવિવારની રજા પડે ને બાલમંદિરમાં દોડી જતા. જ્યારે જ્યારે બાલમંદિરના 'ગુરુજી' તેમને રસ્તામાં મળતા ત્યારે હુતથી 'ગુરુજી'ને પગે વીંટળાઇ જઈ ગુરુજી પાસેથી વહાલની ચૂમી લેવરાવતા.

વળી તેઓ રોજ બાલમંદિરમાં આનંદથી જતા, પણ જ્યારથી તેઓ પ્રાથમિક શાળામાં જતા થયા ત્યારથી તેમને અઠવાડિયામાં બે દિવસ શાળામાં નહીં જવાની ટેવ પડી.

તેમના પિતા શિક્ષક છે એટલે તેમને મારે તો નહિ જ, બલ્કે સમજાવે.

તો પછી આમ કેમ ?

ઇશ્વરાચાર્ય

નૂ. બા. શિ. સંઘના વ્યવસ્થાપક મંડળની બેઠક

તા. ૧૧–૩–૫૦ ને રોજ મુંબઇમાં ટી. એન. માળવી બાળમંદિરમાં નૂ. બા. શિ. સંઘના વ્ય. મં. ના નવા ચૂંટાએલા તથા જૂના નિવૃત્ત થતા સભાસદોની આ વર્ષની પહેલી બેઠક મળી હતી.

શરૂઆતમાં પ્રમુખશ્રી સરલાબેન સારાભાઇએ, જૂના સભ્યોએ ગયા ત્રણ વર્ષ દરમિયાન આપેલા સહકાર માટે આભાર માન્યો હતો, અને નવા ચૂંટાઇને આવેલા સભ્યોને આવકાર આપતાં દરેકનો ટૂંકો પરિચય આપી, સૌ કામને બૂબ વેગ આપી સંઘનું કામ દીપાવશે એવી આશા વ્યક્ત કરી હતી.

શ્રી સરલાબેને, નવા પ્રમુખ કોઇ બીજા ચૂંટાય તો સારું એમ દરખાસ્ત મૂકી હતી. શ્રી તારાબેન મોડકે એને ટેકો આપતાં કહ્યું હતું કે ૨૫ વર્ષ સુધી તેને તે જ પ્રમુખ ને મુખ્ય મંત્રી રહ્યાં છે. હવે જો નવું લોહી ન આવે તો સંઘનું કામ આગળ કેમ ચાલે! નવા માણસો તૈયાર થવાં જ જોઈએ. એના ઉપર ચર્ચા થઈ. તત્ત્વ સૌને પસંદ હતું; પણ તુરતમાં ફેરફાર કરવા કોઇ ઇચ્છતા ન હતાં; તેથી આખરે નીચે પ્રમાણેની ચૂંટણી થઈ હતી.

પ્રમુખ —**શ્રી સરલાબેન સારાભાઇ**

ઉપપ્રમુખો—**શ્રી નાનાભાઇ ભટ્ટ** અને
,, **માલિનીબાઇ પરાંજપે**
મુખ્યમંત્રી —,, **તારાબેન મોડક**
સહમંત્રી —,, **બાબીબેન મૂળજી**
કોષાધ્યક્ષ —,, **તારાબેન મા. પ્રેમચંદ**

એ ઉપરાંત, શ્રી પ્રભુભાઇ ઉપાધ્યાય શાખા ને ભાષામંત્રીની સાથેનું કામકાજ તેમ જ શ્રી કમળાશંકર પંડિત સંમેલનો, સંસ્કાર–વર્ગો તથા પ્રદર્શનો યોજવા બાબતના કામકાજમાં મુખ્યમંત્રીને મદદ કરે એમ ઠરાવવામાં આવ્યું.

બેઠક એકંદરે ૬ કલાક ચાલી. પહેલું કામ હોદ્દેદારોની ચૂંટણીનું થયું. ત્યાર પછી ૧૯૪૯ ના જમા ખર્ચનો તકતા પ્રમાણે ગયા સાલની આવક રૂ. ૪૨૭૦૩–૩–૯ અને બધા વિભાગોનો મળી ખર્ચ ૩૮૪૧૭–૧૨–૩ મંજૂર કરવામાં આવી હતી. અહીં એટલું નોંધવું જોઇએ કે ગઇ સાલ મુંબઇમાં નૂ. બા. શિ. ની મુંબઇશાખા અને શિશુવિહાર મંડળે સાથે મળીને ૧૯૪૮ માં ભરેલ બાલશિક્ષણ નગરમાંથી થએલા નફાની મુંબઇ શાખાના ભાગની રકમ–રૂ. ૧૨૫૦૦–તે શાખાએ નૂ. બા. શિ. સંઘને આપી હતી. તેથી આ સાલની રૂ. ૩૬૪૭ જેટલી ખોટ પૂરી થઇને

થોડી રકમ સંઘ પાસે બચેલી દેખાય છે. દર બે વર્ષે દરેક શાખા આવો કોઈ વિશેષ કાર્યક્રમ કરી અથવા ફાળો કરી, સંઘના મધ્યસ્થ કાર્યને આર્થિક મદદ કરે તો સંઘે હાથ ધરેલાં કામોને તે યોગ્ય રીતે પાર પાડી શકે.

ત્યાર પછી ૧૯૫૦નું અંદાજપત્ર વિચારવામાં આવ્યું અને વાર્ષિક રૂ. ૪૧૨૦૬ ના ખર્ચના અંદાજને મંજૂરી આપવામાં આવી. આ વખતે લગભગ રૂ. ૧૦૦૦૦ ની ખોટ કાગળ ઉપર દેખાય છે. પણ ઘણીવાર ધારેલો ખર્ચ કોઈ કોઈ કારણસર થતો નથી. તેમ જ ધાર્યા કરતાં વધારે આવક પણ થઈ જાય છે. એટલે આ વર્ષની જેમ પ્રત્યક્ષ ખોટ ૩ હજાર સુધી જ આવે એ સંભવિત છે; નેં તેટલી શિલક આજે હાથ ઉપર છે. ઉપરાંત આ વખતે મલાડમાં કાર્યકર્તાઓનું સંમેલન મળ્યું હતું. તેમની સૂચના પ્રમાણે સંઘે આ વખતે એક અર્થસમિતિ નીમી છે. તેણે સંઘના કાર્ય માટે દર વર્ષે નાણાં ઉઘરાવવાની તેમ જ પૈસા કમાવાની પણ યોજના ઘડવી અને પાર ઉતારવી એવી અપેક્ષા રાખવામાં આવી છે. જેમનાં નામો સમિતિ ઉપર છે તે બધાં જ સમાજમાં વજન અને પ્રતિષ્ઠા ધરાવનારાં છે અને સંઘનું બાળશિક્ષણનું કાર્ય, દેશના હિતની દૃષ્ટિએ અત્યંત અગત્યનું છે એટલે, આવી અર્થસમિતિ નવી યોજના ઘડી તેની પાછળ પોતાની શક્તિ ખર્ચશે તો જરૂર સંઘનું કાર્ય વધારે સંગઠિત અને મજબૂત થઈને વધારે પાકા પાયા ઉપર મૂકવાનું ઘણું જ મહત્ત્વનું કામ થશે; તે માટે નિરીક્ષણકાર્ય, તથા શિક્ષકોના ક્લાસ વર્ગો અને જૂના શિક્ષકોને તાજા કરવા, સંચાલકોને ટ્રેનિંગ આપવી વગેરે અનેક યોજનાઓ છે જ. એમાંથી કેટલુંએક કામ માણસોના અભાવે અટકયું છે. નાણાંની વ્યવસ્થા થાય તો નવાં માણસો મેળવવાનું તેમ જ તેમને તૈયાર કરી લેવાનું કામ સહેલાઈથી હાથ ધરી શકાશે.

એ ઉપરાત સંઘે ગામડાનાં જે બાળકોના શિક્ષણનું તેમ જ ગામડાનાં બાલશિક્ષકોને ટ્રેનિંગ આપવાનું કામ ઉપાડયું છે. તે ક્ષેત્રમાં ખૂબ જ કામો બાકી છે. આજે એક અધ્યાપન મંદિર અને વસતીગૃહ, બાલવાડીઓ અને એક બુનિયાદી તાલીમ શાળામા જ કામ ચાલી રહ્યું છે. પરંતુ તે ઉપરાંત વધારે ઊંડા જઈને અમુક નકકી કરેલા વિભાગનાં બધાં બાળકોના શિક્ષણની યોજના અને તે સંબંધેના પ્રયોગો કરી આદર્શ ઊભો કરવાનું કામ બાકી છે. આજના દેશ આગળના બહુ જ અગત્યના પ્રશ્નોમાંનો આ એક પ્રશ્ન હોઈ તે સંબંધે વહેલામાં વહેલી તકે કામ કરી યોગ્ય માર્ગદર્શન કરાવવાની ફરજ નૂ. બા. શિ. સંઘ જેવી ૨૫ વર્ષથી બાલશિક્ષણના જ ક્ષેત્રમાં એકધારું કામ કરનારી સંસ્થા ઉપર છે. તેથી આ અર્થસમિતિની કલ્પના ઘણી જ આવકારદાયક છે.

ગયા છ વર્ષમાં જે બંધારણ–ધારા મુજબ સંઘનું કામકાજ ચાલ્યું છે તે ફરીવાર તપાસી, તેમાં જરૂરી ફેરફારો ઘટે તો વિચાર સૂચવવા માટે આ બેઠકમાં એક પેટા સમિતિ નીમાઈ. તેમજ સંઘના પગારી કાર્યકર્તાઓના પગારનું ધોરણ ઘડી અને એકંદર સેવાના નિયમો વિચારીને એ વ્ય. મંડળ આગળ મૂકવા માટે પણ એક પેટા સમિતિ નીમાઈ. આ બન્ને અગત્યનાં જ હતા.

આ ત્રણે સમિતિના સભ્યો નીચે પ્રમાણે છે.

અર્થ–સમિતિ :–શ્રી તારાબેન પ્રેમચંદ, શ્રી બાબીબેન મૂળજી, શ્રી ચંદુલાલ મોહનલાલ, શ્રી સરોજબેન યોધ, શ્રી સુશીલાબેન માધવજી, શ્રી નિર્મળાબેન હંસરાજ, શ્રી શાતાબેન પારેાડીયા અને શ્રી ઝમકુબેન ભવાનજી, શ્રી ચંદુલાલ વ્યાસ, શ્રી કાંતિલાલ કારિયા (નિમંત્રક)

બંધારણ સમિતિ :–શ્રી તારાબેન પ્રેમચંદ, શ્રી માલિનીબાઈ પરાંજપે, શ્રી બાબીબેન મૂળજી, શ્રી ચંદુલાલ મોહનલાલ, શ્રી તારાબેન મોડક, (નિમંત્રક)

સેવાધારાધોરણ સમિતિ :–શ્રી શેષ નામલે, શ્રી સ. આ. કેળકર, શ્રી કમળાશંકર પંડિત અને શ્રી તારાબેન મોડક (નિમંત્રક)

હિંદી તથા મરાઠી વિભાગ વિકસાવવાની બાબતમાં વિચારણા થઇ. અત્યાર સુધી મરાઠી ભાષામંત્રીનું કામ કરનારા શ્રી કમલિનીબાઈ દામલેએ તેમની તબિયતને કારણે રાજીનામું આપ્યું હતું; હવે મરાઠી વિભાગના ભાષામંત્રીનું કામ પૂના શાખાને સોંપવામાં આવ્યું. હિંદી વિભાગ માટે શ્રી કાશીનાથજી ત્રિવેદી તથા ઇંદોર શાખાના મંત્રી શ્રી શાલિનીબાઈ મોઘેની સાથે મંત્રણા કરી મુખ્ય મંત્રીએ યોજના નક્કી કરવી એમ ઠરાવવામાં આવ્યું. ગુજરાતી વિભાગ માટે ઉંઝા બાલમંદિરના આચાર્ય શ્રી શાંતિલાલ રાવળને માનદ ભાષામંત્રી નીમવામાં આવ્યા. આ પ્રમાણે શાખાનું કામ ફરીવાર જોસભેર ચલાવવાની દૃષ્ટિએ યોજના કરવામાં આવી છે.

શાખાઓના વિભાગમાં શાખાના સભ્યોની મહેનતથી અથવા બીજી રીતે જેટલા સંઘના સભ્યો હોય તેમના ૮ આનાના લવાજમમાંથી અર્ધો ભાગ તે તે શાખાને મળે એવી ભલામણ મલાડ સંમેલનની હતી. તેના ઉપર ઘણી ચર્ચા થઇ. ઘણા-ખરાનો તત્ત્વ તરીકે વિરોધ હતો છતાં શાખાઓના કાર્યકર્તાઓની આ જાતની માગણી વારંવાર આવ્યા કરે છે માટે, એકાદ વર્ષ માટે તેમ કરીને જોવું એવા વિચાર ઉપર સૌ આવ્યા; ને એમ ઠરાવવામાં આવ્યું કે શાખાઓની નવી ચૂંટણી થઇ તે સક્રિય થયા બાદ આ પ્રશ્નની વ્યાવહારિક મુશ્કેલીઓ શાખાઓ સાથે વિચારીને પછી તે બાબતમાં નિર્ણય લેવો.

મલાડ સંમેલનમાં વિચારાએલી બાલમંદિરો વધારે સારું કામ કરવા લાગે એ દૃષ્ટિએ ટ્રેઇન્ડો અને ટ્રેઇન્ડ શિક્ષકો માટે તથા સંચાલકો માટે ટ્રેનિંગ સંબંધેની યોજનાને આવકાર આપવામાં આવ્યો. તેમ જ નિરીક્ષણ વધારે નિયમિત અને ઉપયોગી થાય એ દૃષ્ટિએ વિચાર કરવામાં આવ્યો; અને મુખ્ય નિરીક્ષક શ્રી તારાબેન મોડકને યોગ્ય પગલાં લેવા સૂચવવામાં આવ્યું. આમ છ કલાકની વિચારણા પછી ઘણા મહત્ત્વના પ્રશ્નો પર યોગ્ય ચર્ચા કરી નિર્ણયો લઇને સભા બરખાસ્ત થઈ.

મંત્રીઓ.

નૂતન બાલ–શિક્ષણ સંઘના કાર્યકર્તાઓનું મલાડમાં સંમેલન.

તા. ૨૫–૨૬ ને ૨૭ ફેબ્રુઆરી ૧૯૫૦ ના દિવસોએ મુંબઇના ઉપનગર મલાડ ખાતે આદર્શ દુગ્ધાલયના આબાંવાડિયાની મધુર અને શીતળ છાયામાં નૂ. બા. શિક્ષણ સંઘના કાર્યકર્તાઓનું એક સફળ સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં મુંબઇ, પૂના, બોર્ડી. દ. ગુજરાત, મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્રમાંથી બાલમંદિરના શિક્ષક–પ્રતિનિધિઓ તથા શાખા–પ્રતિનિધિ થઇને આશરે ૫૦ પ્રતિનિધિઓ આવ્યા હતા. સંમેલનનું કાર્ય ચાર બેઠકો દ્વારા કરવામાં આવ્યું હતું. બેઠક સવારમાં તેમ જ બપોરના મળતી હતી. તા. ૨૬ મીને રવિવારે બધા જ શિક્ષકો તેમ જ તા. ૨૭ મીના પર્યટનમાં પણ બધાં ભાગ લઇ શકે એવી વ્યવસ્થા કરવામા આવી હતી.

આ સંમેલનમાં આવેલા પ્રતિનિધિઓની રહેવાની, જમવાની તથા અન્ય સગવડો શ્રી. બાબીબેન મૂળજી તથા શ્રી. વનુબેન ઉપાધ્યાયે સુંદર રીતે કરી હતી. રહેવાની તથા સંમેલનના બેઠકની જગ્યા આપીને, તેમજ પ્રવાસ વગેરે માટે લોરી આપીને આદર્શ દુગ્ધાલયના સંચાલકોએ ઉત્તમ રીતે વ્યવસ્થા કરીને સંમેલનને સફળ કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

સંમેલનની પહેલી બેઠકનું પ્રમુખસ્થાન શ્રી. માલિનીબાઈ પરાંજપેએ, બીજી બેઠકનું શ્રી. તારાબેન પ્રેમચંદે તથા ત્રીજી બેઠકનું શ્રી. તારાબેન મોડકે સ્વીકાર્યું હતું. એમાં સંઘના કાર્યના વિકાસાર્થે વિવિધ વિષયો ઉપર ભાષણો તથા ચર્ચા થયા હતા, તથા સંઘના ઇતિહાસ તથા ચાલુ કાર્યનો ઉલ્લેખ, સંઘના વિભાગોની ચૂંટણી તથા બંધારણનો સમાવેશ થાય છે. તેમાંથી કંઈક સૂચનાઓ

સંઘના વ્યવસ્થાપક મંડળ આગળ વિચાર માટે મૂકવામાં આવી હતી. કંઈક સૂચનાઓ શિક્ષક, સંચાલક તથા સામાન્ય જનતા આગળ કરવામાં આવી હતી જે નીચે પ્રમાણે છે.

(૧) **સંઘનો વિસ્તાર કરવો:** બાળ શિક્ષણ-રસિકોએ જુદા જુદા વિભાગોમાં શાખા સ્થાપીને સંઘના કાર્યને વેગ આપવો તથા સંઘનો વિસ્તાર કરવો.

(૨) **કાર્યકર્તાઓ:** આ કાર્ય માટે નવીન કાર્યકર્તાઓ તૈયાર કરવા તથા મેળવવા જોઈએ. સંઘ તરફથી એ માટે પ્રયત્ન થવો જોઈએ.

(૩) **શિક્ષણ પત્રિકામાં ફેરફાર:** શિક્ષણ પત્રિકામાં સફળ પ્રચારાર્થે યોગ્ય ચિત્રો હોવાં જોઈએ, તથા લેખોમાં યોગ્ય ફેરફાર થવા જોઈએ. વળી લેખો સામાન્ય જનતા સમજી શકે તથા ગ્રહણ કરી શકે એવા હોવા જોઈએ.

(૪) **પાયાની કેળવણી:** પાયાની કેળવણી તથા નૂ. બા. કેળવણીનો સમન્વય કઈ રીતે થઈ શકે એ સંઘે જોવું જોઈએ.

મોન્ટેસરી સંઘ: આ સંઘ મુંબઇ તેમ જ અન્ય સ્થળોએ સ્થાપાયો છે; તેની સાથે સંઘને સંબંધ શો હોય એ ઉપર વાતચીત થઈ હતી.

શાખાની આર્થિક સધ્ધરતા પર વિચારણા: શિક્ષણ પત્રિકાના લવાજમના રૂા. ૩॥ બાદ કરીને વધતા સભ્યદીના રૂા. ૦-૮-૦ ના બે ભાગ કરવા. અડધો ભાગ મધ્યસ્થને આપવો તથા અડધો ભાગ શાખાએ પોતાની પાસે રાખવો; જે શાખા પોતાના કાર્યના વિકાસાર્થે વાપરી શકે. તે ઉપરાંત શાખાએ દર વર્ષે મધ્યસ્થને રૂા. ૧૦૦) આપવા.

સંઘની આર્થિક સધ્ધરતા: સંઘ અને શાખાની આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરવા માટે children's empesion અને એનો નફો સંઘને આપવો. આ empesion ને સફળ રીતે ચલાવી બતાવવાની તથા એની જવાબદારી સ્વીકારવાની તયારી શ્રી. કાંતિલાલ કારિયાએ બતાવી હતી. એ કાર્યને મૂર્ત સ્વરૂપ આપવા માટે એક આર્થિક સમિતિ નીમવી એમ સૂચવવામાં આવતાં એને માટે થોડાંએક નામોની પણ સૂચના થઈ હતી.

નિરીક્ષણ કાર્ય: બાળમંદિરમાં હાલ જે પ્રમાણે નિરીક્ષણ ચાલે છે એનાથી બાળ-શિક્ષણમા જોઈએ એટલો વિકાસ સાધી શકાતો નથી. આથી નિરીક્ષકો ઉપર ફક્ત નિરીક્ષણની જ જવાબદારી રહે તો નિરીક્ષકો વ્યવસ્થિત રીતે નિરીક્ષણ કાર્ય કરી શકે અને સંસ્થાને યોગ્ય માર્ગદર્શન આપી શકે.

આને માટે વિભાગવાર નિરીક્ષકો હોવા જોઈએ એમ ઘણાંનું માનવું હતું.

વળી ૧૦-૧૨ બાળમંદિરોનો એક સમૂહ કરીને એને માટે વેતન આપીને એક માર્ગદર્શક નીમવા જે એક એક બાળમંદિરમાં ઘણા દિવસ રોકાઇને, પ્રત્યક્ષ કામ કરીને માર્ગદર્શન આપે એવી વ્યવસ્થા થાય.

બાળમંદિરનો શૈક્ષણિક વિકાસ

બાલમંદિરના શૈક્ષણિક વિકાસાર્થે શકય તેટલા ટ્રેઈન્ડ શિક્ષકો રાખવા અને ટ્રેઈન્ડ ન હોય તો તેમને ટ્રેઈન્ડ કરાવી લેવાની વ્યવસ્થા કરવી.

ટ્રેઈન્ડ શિક્ષકોને તાજા થવા માટે ત્રણ-ત્રણ વર્ષે સંસ્કાર-વર્ગ થવા જોઈએ. શિક્ષકોએ સંસ્કાર-વર્ગમાં હાજર રહીને, અથવા લેખ-નિબંધ વગેરે લખીને પોતાનું પ્રમાણપત્ર ફરી ફરીને તાજું કરાવી લેવું જોઈએ.

સંચાલકો: સંચાલકોને પણ બાળશિક્ષણમાં વધુ રસ લેતાં કરવાં તથા કાર્યમાં સમજપૂર્વક ભાગ લેવા માટે એમની ટ્રેનીંગની પણ વ્યવસ્થા થાય તો સારું.

પત્રિકાનું કાર્ય: ભાષાવાર ત્રણ વિભાગ કરીને પ્રત્યેક વિભાગનું વ્યવસ્થાપક મંડળ હોવું જોઈએ અને મધ્યસ્થ વ્યવસ્થાપક મંડળમા આ મંડળના પ્રતિનિધિને લેવા જોઈએ.

ભાષા-મંત્રી: ભાષા-મંત્રી વેતન લઈને કાર્ય કરે તો કાર્ય વધુ સુંદર રીતે થાય. વધારામાં આ મંત્રીઓ પોતાના વિભાગમાં માર્ગદર્શનનું કાર્ય કરે.

મરાઠી વિભાગ: મરાઠી વિભાગમાં એક જ શાખા હોવાથી એ વિભાગનું ભાષામંત્રીનું

(વધુ માટે જુઓ પૃષ્ઠ નં. ૩.)

બા. ક. વિ. ભા. ૧

માર્ચ, ૧૯૫૦

જ આશે કે ?

તીખી ડાળ, મગની મગની.
ખાટી કઢી, છાશની છાશની.
ખારી ભાજી, મોરડની મોરડની.
કડવી ભાજી, મેથીની મેથીની.
તૂરી ચટણી, કોઠાની કોઠાની.
ગળી રોટલી, ઘઉંની ઘઉંની.
મોળા ભાત, ચોખાના ચોખાના

વિમલ પંડ્યા

ખૂબ ના હો

કાગને ડોળે રાહ જોઇ. ખૂબ રાહ જોઇ. માળો મેઘલો. ન આવ્યો ! વા વાય, વાદળ ચઢે ને વિખરાઇ જાય. વા વાયા જ કરે.

કૂવાનાં પાણી ઊંડાં ગયાં. તળાવ બોડાં સૂકાઇ ગયાં. ઢોર ઢાંખરનાં ઘાસ ખૂટવા માંડ્યાં અને ધરાઇને પાણી પીવાનાએ સાંસાં પડવા લાગ્યાં.

સૌ મેઘરાજની રાહ જુએ. સૌ કહે, આ કુંડીઆ માનવી કાજે નહિ તો આ અબોલા જીવો માટે તો આવ; જનજનાવર પંખી માટે આવ; અને આ રાતીપીળી દુનિયા તારા વિના ટકશે કેવી રીતે ! અષાડ તો ગયો. શ્રાવણે ય પૂરો થવા આવ્યો.

નાનાં છોકરાંને શરીરે જ્યાં ત્યાં ઢીમચાં થવા લાગ્યાં. કોક કહે, "ભાઇએ કેરી ખૂબ ખાધી જણાય છે. અરે ભાઇ ગરમી તો અસહ્ય છે! ૧૧૬ ડીગ્રી ગરમીમાં રહેવાય કેમ! હવે તો બાપુ તોબાહ !

કોક પ્રભુનો માનવી કહે, ભાઈ તમને તો બે પાંચની પડી છે. એ હજાર હાથવાળાને આખીયે દુનિયાની પડી છે. એણે નક્કી કર્યું હશે તે દિવસે વરસાદ તૂટી પડશે; પછી રોકયો રહેશેએ નહિ."

અને એમ જ થયું. આવ્યો, એ આવ્યો, અને ખાટલા ગાદલાં ઠેકાણે મૂકતાં મૂકતાં, શેરીઓમાં સૂકવેલા દાણાદુણી ઘરમાં લેતાં લેતાં એ તો તૂટી પડયો. અમે તો ચદ્દી ટેનીસ ફ્રોગાવી દઇ ચોગાનમાં કૂદમકૂદ કરવા લાગ્યા. કેટલાક જણા હીરા કાકાને ત્યાં પડતા બંધે જઇને ઊભા રહ્યા. પાણી ઉડાડવા લાગ્યા.

બધે શીતળ શીતળ થવા લાગ્યું. ત્યાં તો ઉતાવળી ઉતાવળી બા આવી. પાણીનું બેડું ભરવા ગઇ હતી તે કૂવેથી આવી. અમને જોઇ તાડૂકી "અલ્યા રોયા, આમ વરસાદમાં નવાય? ચાલ ઘેર."

મેં કહ્યું 'આ આવ્યો બા.' પણ કોને ઘેર જવું ગમે! ગોઠીઆઓની આ મઝા કોણ છોડે! ઘણે દહાડે વરસાદ આવ્યો છે તો નાહવા દો ને!

કચેરીમાંથી છૂટીને બાપા ઘેર આવતા દેખાણા. અમે ઘણોય સંતાવા પ્રયત્ન કર્યો, પણ તે આવી પહોંચ્યા. મને જોઇ બોલ્યા "અલ્યા રમણીયા! કયારનો અહીં આ ધમાચકડીએ ચડ્યો છે? માંદા પડવું છે? ચાલ ઘેર."

મન તો ઘણુંય ના પાડે પણ કરવું શું? બાપાજી વચમાં વાત કરવા ઊભા રહ્યા. અમે ગાપચી મારી, તેમની આંખ આડા કાન કરી ઘર તરફ જવાનો ઢોંગ કરી નાઠા—બીજે રસ્તે-તળાવ તરફ. ગામનું પાણી એકઠું થઇ આ રસ્તે ખળખળ દોડતું. મોટી નદી વહી રહી હતી. વરસાદ ધીમો પડ્યો હતો. અમે તો નદીમાં કૂદીએ, કૂદીએ અને દોડીએ. બાને કોણ સાંભળે! બાપાને જે કરવું હશે તે કરશે. જે ઘર તરફ જાય તેને મારી નાંખીએ.

પેલા છગનને બાપડાને તેની બા ખેંચી ગઇ. પેલો સુરેશ બાપાની બીકે ઘર ભેગો થઈ ગયો. અમે તો ખૂબ નાહ્યા—ધરાઇને નાહ્યા.

—રતિભાઇ અમીન

રમાની ચોપડીઓ

રમાના દાદા કેટલાક દિવસથી હૉસ્પિતાલમાં હતા. એમને લકવા થયો હતો. રમા રોજ હૉસ્પિતાલમાં જતી ને કોઇ ચોપડી સાથે લઈ જઈ ત્યાં વાંચતી. રમાના દાદા પાસેના દર્દી પણ રમાની આ વાતો સાંભળવા લાગ્યા. દર્દીઓના હાથ કે પગ ભાંગ્યા હોય પણ મગજ તો સાબૂત એટલે સૌને એ વાર્તાઓ સાંભળવી ગમતી.

રમાને થયું 'લાવને ઘરમાં જે થોડી ચોપડીઓ પડી છે તે લઇ જાઉં. પડોશમાં જીતુભાઈ પાસે પણ થોડી છે. એ કંઇ ના નથી જ પાડવાના.' રમા ચોપડીઓ લઇ ગઇ ને કેટલાય દર્દીઓને તે આપી. કોઇ દર્દીને દુઃખ થતું ત્યારે તે ચોપડીનાં ચિત્રો જોઈ તેઓ વખત કાઢતા, ને દુઃખ ભૂલવા મહેનત કરતા.

એક દિવસ જો રમા ન આવે તો બધાં પૂછતાં, "આજે રમા કેમ નથી આવી?"

ઘણી વાર દર્દીઓને કોઈ જ મળવા આવતું નહીં. કોઇની મા કામે જાય. કોઇની બહેન ભાઇ—ભાંડુને રાખે. સૌને રોજનું કામ તો બહું જ ને? દર્દીઓ આમ એકલાં પડતાં.

થોડા દિવસ પછી નલિન કરીને એક નાનો છોકરો હૉસ્પિતાલમાં આવ્યો. પીડાથી

એ રહતો હતો. એનો પગ મોટર તળે ચગદાઇ ગયો હતો. રમાના પડોશમાં બાળાબેનને ત્યાં જાતજાતની બાળવાર્તા ને ચિત્ર–ચોપડીઓ. આવતી. રમા નલિન માટે તે લઇ આવી; પછી તો નલિનનું રહવાનું જ ઊડી ગયું.

એ રોજ કહેતો, "રમાબેન, આ ચોપડીઓ પૂરી થઇ; નવી લાવશો?" વખત જતાં રમાના દાદા તો સાજા થઈ ઘેર આવ્યા, પણ રમા તો બધાં જ દર્દીઓને યાદ રહી ગઇ.

રમા તે દિવસથી ચોપડી, ચોપાનિયાં ભેગાં કરી ઈસ્પિતાલમાં આવી આવતી. કોઇ મળે તો પણ તેને કહેતી,

"જૂની ચોપડીઓ વેચશો નહિ;
જૂનાં ચોપાનિયાં વેચશો નહિ.
ચિત્રપુસ્તકો વેચશો નહિ.

હું ઇસ્પિતાલના દર્દીઓને વાંચવા આપી આવીશ."

કપિલા ઠાકોર

ત્યાગી મહાત્મા

સાને ગુરૂજી શિક્ષક હતા. અમલનેર એ તેમનું કાર્યક્ષેત્ર. તે જગ્યાની 'પ્રભાત હાઇસ્કૂલ'માં તે ભણતા હતા. ત્યાગી માણસોના એકદમ ગુણ દેખાતા નથી. ગુરૂજી ત્યાગી હતા. પ્રત્યેક વાતમાં ત્યાગ જોઇએ એમ તે કહેતા. પોતે એ મુજબ આચરણ પણ કરે. બાળકોને શિષ્યવૃત્તિ પણ આપે. તેટલા પૈસા બચાવવા ઓછું જમે. બાળકો માટે કષ્ટ સહન કરવાની તેમની તૈયારી ખરી. તેમણે વિદ્યાર્થીઓ માટે આનંદભવન તૈયાર કર્યું હતું. એવા સાનેની એક વાત છે.

સાને શિક્ષક હતા. એમ. એ. ભણેલા માણસ હતા, પણ તેમને ગર્વ નહોતો, શરમ ન હોતી. સેવાધર્મ તે ઓળખતા. શાળાની બહાર ખાદી લઇ તે વેચવા જતા. આમ જ તે એક વેળા ૪૦૦ રૂપિયાની ખાદી લઈ વેચવા માટે બહાર પડયા. પ્રત્યેક જગ્યાએ તે થોભતા. ખાદી લેવા માટે નમ્રતાથી સમજાવતા. ફૂલો ઊગે એટલે માળી આવે જ છે: એને બોલાવવો નથી પડતો. તેમ જ લોકો તેમની આસપાસ ટોળેબંધ ભેગા થયા. ભાવ પૂછયો. બહુ મોંઘી લાગી. કેટલાકને લેવાનું મન થતું, તો એમની પાસે પૈસા નહોતા. સાનેને ગ્લાન મુખો જોવાં ન હોતાં, તેણે ૨૦૦ રૂપિયાની ખાદી સકરમાં ઉધાર આપી. ૨૦૦ રૂપિયાની વેચી, પાછા આવ્યા. મિત્રોએ પૂછયું–"કેમ સાને, ખાદી ખપી?" સાનેએ ઉત્તર આપ્યો– "ખપી, ૨૦૦ રૂપિયાની ઉધાર આપી, અને ૨૦૦ રૂપિયાની વેચી". મિત્રો ખડખડાટ હસ્યા, અને ફરીથી બોલ્યા –કેમ સાને, ભોળપણ લાગ્યું તમને? કેવું આ ભોળપણ? ૨૦૦ રૂપિયા પાછા મળશે એવી આશા છે તને!

"–આશાનો શું પ્રશ્ન પૂછો છો! મળશે તો લઈશું, નહીં તો ૨૦૦ રૂપિયા ગયા. મેં ૨૦૦ રૂપિયાનો ત્યાગ મારા બાંધવો માટે કર્યો એનો આનંદ મળશે ને! મારા બાંધવોના અંગ ઉપર ખાદી જોતાં જ હું ફૂલાઇશ! હું ધન્ય થઇશ."

અનુ:–બાબાભાઇ દેહી

—: આનું નામ મિત્રતા :—

જૂના જમાનાની વાત છે. શાળામાં શંકર માસ્તર આવ્યા એવી જ તેમની પહેલી નજર તો સામેની દિવાલ ઉપર ગોઠવેલી ઘડિયાળ ઉપર પડી. કોઈ દિવસ નહિ ને આજે તે ઘડિયાળ ભાંગેલી માલમ પડી. શંકર માસ્તર મૂળથી જ ક્રોધી એટલે આજે જ્યારે તેમણે પોતાની પ્રિય ઘડિયાળને ભાંગેલી હાલતમાં દીઠી ત્યારે તેમનો ક્રોધ કાબુમાં રહ્યો નહિ. તરત જ તેઓએ છોકરાઓને ધમકાવવા માંડયા. કોઇપણ છોકરાએ કબૂલ કર્યું નહિ કે ઘડિયાળ મારાથી ભાંગી છે. આખરે શંકર માસ્તરે છગન નામના વર્ગના તોફાની છોકરાને ઊભો કર્યો અને પૂછ્યું 'કેમ છગન, ઘડિયાળ તેં ભાંગી છે ને?'

'છગન આમ તો તોફાની હોવા છતાં આજે શંકર માસ્તરે એકદમ સોટી સંભારી અને છગનના શરીર ઉપર સડાક દઇને ચોડી દીધી. ઘડીભર તો છગન ભોંય ઉપર બેસી ગયો. એટલામાં દૂરના બૂણા-માંથી એક વિદ્યાર્થી ઊઠયો અને બોલ્યો, સાહેબ, એ ઘડિયાળ મારાથી ભાંગી છે, સર્વ છોકરાઓ તેના તરફ જોવા લાગ્યા તો એ વર્ગનો સૌથી હોશિયાર અને ચાલાક ગણાતો વિદ્યાર્થી રમણ હતો.

માસ્તર પણ અજાયબીમાં પડી ગયા. કદી નહિ ને આજે રમણે ઘડિયાળ ભાંગી! 'કેમ રમણ, તેં કેમ ઘડિયાળ ભાંગી? જાણે છે આની શી સજા થશે તે? મેં પરમ દિવસે જ નોટિસ કાઢી હતી કે શાળાની કોઈ પણ ચીજને જે કોઈ પણ ભાંગશે કે ચોરી જશે તો તેને શાળામાંથી બરતરફ કરવામાં આવશે?'

"હા, સાહેબ એટલા માટે જ મેં કબૂલ કરી દીધું", રમણે શાન્તિથી જવાબ આપ્યો.

પણ માસ્તરના માન્યામાં આ વાત આવી નહિ. છગન પણ અજાયબીમાં પડી ગયો. પણ તરત જ ભાનમાં આવી ગયો અને ઘૂંટણીએ પડીને બોલ્યો, 'ના સાહેબ, એ ઘડિયાળ મારાથી ભાંગી છે. મને જ બરતરફ કરો. રમણે તો મારો પક્ષ ખેંચીને પોતે પોતાને માથે ગૂનો ઢોળી લીધો છે.

શંકર માસ્તર આ બે મિત્રોની મિત્રતાથી ખૂબ રાજી થયા અને બીજા વિદ્યાર્થીઓને કહ્યું, "જુઓ, મિત્રતા તો આનું નામ! માટે આજે હું એમના આ ગૂનાની માફી આપું છું."

જશભાઇ ઝ. પટેલ

કર્તાઓનું પહેલું સંમેલન ભાવનગરમાં આ બાળ-મંદિરમાં ભરવામાં આવ્યું હતું. પહેલાની જેમ બાલ અધ્યાપન મંદિર, વગેરે સર્વ સંસ્થા બરાબર રીતે અહીં શરૂ કરવી એવી સંઘની પ્રબળ ઇચ્છા હોવાથી, ત્રણ વર્ષ પહેલાં બગસરામાં ભરાયેલા સૌરાષ્ટ્ર શાખાના સંમેલનમાં એક એવો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો કે એ સંસ્થા ચલાવવાનો અધિકાર સંઘે માગી લેવો. પરંતુ કોર્ટના ચૂકાદા પ્રમાણે એ ફક્ત વિશ્વસ્ત મંડળને જ સોંપવામાં આવતો હતો, શ્રી સરલાદેવી તેમ જ શ્રી. તારાબેનને વિશ્વસ્ત મંડળમાં રહેવા સંબંધી સૌરાષ્ટ્ર સરકાર તરફથી પૂછવામાં આવ્યું ત્યારે એમણે એ કાર્યનો સ્વીકાર કર્યો. એમાં સંઘની જ પ્રબળ ઇચ્છા હતી. હવે નવીન ઉત્સાહથી અને ઉમંગથી, સ્ફૂર્તિથી બાલમંદિરનું કાર્ય પૂર્વવત્ ચાલુ કરીને; સંઘના કાર્યકર્તાઓનું એ એક પ્રેરણા

(અનુસંધાન પાનું ૧૨)

કાર્ય તે શાખાને જ સોંપવું એવું મરાઠી શાખા તરફથી સૂચન હતું.

સાધન: બાળમંદિરોમાં સાધનનો ઉપયોગ બરાબર વૈજ્ઞાનિક રીતે થવો જોઇએ. એના ઉપયોગ માટે શિક્ષકોએ કાળજી રાખવી. વિશેષત: ગણિત અને ભાષાનાં સાધનોનો ઉપયોગ બૂબ જ ઓછા પ્રમાણમાં થાય છે એમ નિરીક્ષકોને દેખાઇ આવ્યું છે.

સાધન બનાવવા વિષે: સાધનો શક્ય તેટલાં પોતાના ગામમાં જ બનાવવાનો પ્રયત્ન કરવો. ત્યાંના વાતાવરણમાં મળતી ચીજોનો ઉપયોગ કરીને ત્યાંનાં જ કારીગરો પાસેથી બનાવી લેવાં. બોર્ડીમાં ત્યાં જ સાધનો બનાવાય છે તેના નમૂના પ્રત્યક્ષ બતાવવામાં આવ્યા હતા.

બાળમંદિરમાં ગવાતાં ગીતો: બાળ-મંદિરમાં ગવાતાં ગીતો પર પણ રસમય અભિનય સાથે ચર્ચા થઈ હતી. તે દરમિયાન, લોકગીતનો સંગ્રહ કરવો એવી પણ એક સૂચના આવી હતી. બાલગીતોમાં અભિનય વધારે પડતો તેમ જ કૃત્રિમ ન થઇ જવો જોઇએ એ સૂચના પણ હતી.

બાળનાટકોના પોશાક: બાળકોના સ્વાભાવિક અભિનયમાં મુશ્કેલી આવે એ રીતની વેશભૂષા બાળનાટકોમાં ન હોવી જોઇએ.

ઉપરના વિષય ઉપર શ્રી. તારાબેને પ્રવચન કર્યું હતું, અને શ્રી. જયંતભાઇ શુકલે અભિનય કરી બતાવ્યો હતો.

આ રીતે સમગ્ર ચર્ચા સાથે બે દિવસનું સંમેલનનું કાર્ય બૂબ શાંતિપૂર્વક પાર પડયું હતું.

તા. ૨૭ મી ને સવારે મહાડથી ચાર માઇલ દૂર આવેલા મનારી બેટે બધાં પર્યટને ગયા હતા. ત્યાં શ્રી. તારાબેને તથા શ્રી માલિનીબેને ઉત્સાહથી રમતગમતમાં ભાગ લીધો હતો. આ રીતે આ સંમેલન તથા પર્યટન દ્વારા સંઘના કાર્યકર્તાઓ એક બીજાના વધુ નિકટના પરિચયમાં આવ્યા હતા. આવતે વર્ષે ઉત્તર ગુજરાત શાખાએ આવું સંમેલન એમની બાજુ ભરવાની ઇચ્છા દર્શાવી હતી.

મંદિર બને એવી આશા વ્યકત કરે છે. શ્રી દક્ષિણા-મૂર્તિ ભવનના તેજ પ્રમાણે દ. મૂર્તિ બાલમંદિરના અને બાલ અધ્યાપન મંદિરના જૂના વિદ્યાર્થીઓએ ફૂલ પાંદડી રૂપે થોડી મદદ કરી અને ભવનના જૂના દાતાઓ મનમાં લઇ જવાબદારી સમજે. સૌરાષ્ટ્રના અને વિશેષ કરીને ભાવનગરની ધનિક જનતા પણ થોડી સહાનુભૂતિ દર્શાવે, અને શિક્ષણ માટે વિશેષ રસ ધરાવતી સૌરાષ્ટ્ર સરકાર હોઇને શરુઆતમાં જરુરી એવી મદદ સરકાર તરફથી થાય તો આ સંસ્થાને પૂર્વવત્ વિકસતા.....બિલકુલ સમય લાગશે નહિ.

ગિજુભાઇના પુત્ર શ્રી. નરેન્દ્ર બધેકા દ. મૂ. બાલમંદિરના આચાર્ય તરીકે ત્રણ વર્ષથી કામ કરે છે. એમના જ નેતૃત્વ હેઠળ આ સંસ્થાનો વિકાસ યોગ્ય દિશામાં અને પૂર વેગમાં થશે એમાં લેશ માત્ર પણ અમને શંકા નથી.

જોઇએ છે

બાલમંદિર માટે અનુભવી, ટ્રેઇન્ડ મોન્ટે.. શિક્ષક

-: જલદી લખો :-

ડો. સોમાલાલ કાળિદાસ

મંત્રી, ડભોઇ બાળકેળવણી મંડળ,

ડભોઇ (જિ. વડોદરા)

REGD. NO. 2241.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી
માઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય,
ક્ષમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક
હિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં
ધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે
મો અથવા આ બધું નજર સમક્ષ જોવા
અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ, મુંબઈ ૧.

ટે. નં. ૨૦૪૪૩ ટેલીગ્રામ: Deshikothi

ક્યાંથી ખરીદી કરશો ?

મુંબઇના

સૌથી અમ-દુ-ખ-મિનિટ સ્ટોરમાં
પધારો

સુતરાઉ, ગરમ તથા રેશમી કાપડ
ફરનીશીંગ તથા હાઉસહોલ્ડ લિનન
બનારસી સિલ્ક સાડીઓ, જુદા જુદા
ડિલજીત રંગોમાં — બ્લાઉઝ પીસીઝ,
બેચ્ચર ગુડ્ઝ

ટોટ જાપવા લાયક નોવેલ્ટીઝ
ઉંચી ક્વોલિટીનો માલ
વાજબી ભાવથી મળશે.

બોમ્બે સ્વદેશી કોઓપરેટીવ સ્ટોર્સ, લિમિટેડ.

સર ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ મુંબઈ.

: શાખાઓ :

મહાત્મા ગાંધી રોડ, પૂના — જેમ્સ સ્ટ્રીટ, સિકન્દરાબાદ

નૂતન બાલશિક્ષણ સંઘ

સભ્યત્વ

સામાન્ય સભ્ય રૂા. ૪ સક્રિય સભ્ય રૂા. ૪
સહાયક સભ્ય રૂા. ૭
સંસ્થા-જોડાણના પ્રતિનિધિ રૂા. ૧૦

આજીવન સભ્યો

પ્રદાતા રૂા. ૧૦૦૦ દાતા રૂા. ૫૦૦
શુભેચ્છક રૂા. ૨૫૦ હિતેચ્છુ રૂા. ૧૦૦

વધુ માહિતી માટે લખો –
શ્રી બાબીભેન મૂલજી
શાંતારામ નારાયણ લેન, મુંબઇ ૬.

શિક્ષણ પત્રિકા

હિંદી—મરાઠી—ગુજરાતી
લવાજમ ચાર રૂપિયા
પરદેશમાં ૯ શિલિંગ
છૂટક નકલ ૭ આના
—પત્રવ્યવહાર—
શ્રી. બાબીભેન મૂલજી
'શિક્ષણ પત્રિકા' કાર્યાલય
શાંતારામ નારાયણ લેન, મુંબઇ ૬.

આગ—અકસ્માત—જિંદગી

મોટર દરિયાઈ વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું :
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય
મંગાવો.
ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—
૩૧૫–૩૨૧ પ્રોસ્પેકટ ચેમ્બર્સ, હોર્નબી રોડ
મુંબઇ.

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાબીભેન મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ ૬.
મુદ્રણ સ્થળ: રમેશ પ્રિન્ટીંગ વર્કસ ૮ પારેખ સ્ટ્રીટ, પ્રાર્થના સમાજ, મુંબઈ ૪.

ફૂલ અને કાંટા

સંસ્કારિતા

હિંદુ પંચ

વર્ષ ૨૫ :] એપ્રિલ, ૧૯૫૦ [અંક ૪ :

વાર્ષિક લવાજમ

ચાર રૂપિયા

છૂટક નકલ

૭ આના

કેળવણીકાર

રાજશાસન એટલે આજની પ્રજાનું ઘડતર; કેળવણી એટલે આવતી કાલની પ્રજાનું ઘડતર. જગતમાં જે સાચો કેળવણીકાર છે એ આવતી કાલની પ્રજાને ઘડે છે.

કેળવણીકાર સમો અન્ય કો પ્રજા ઘડનારો નથી. કેળવણીકાર પ્રજાબળની મહાશક્તિ છે, પ્રજાનો હાથ છે, વિધાત્રીની લેખિનીનો અણિઆગ્ર છે.

કવિ નાનાલાલ

: આદ્યતંત્રી :

સ્વ. ગિજુભાઈ બધેકા

: સંપાદક :

તારાબેન મોડક

: સહસંપાદક :

જમુભાઈ દાણી

અનુક્રમણિકા

એપ્રિલ, '૫૦

૧. મુજ પ્રાર્થના ... ... શ્રીકાન્ત જોષી
૨ શિક્ષા કે ઉપાય ? ... ... તારાબેન મોડક
૩. ગિજુભાઈ કેવા હશે .. ... શારદા ભટ્ટ
૪ મૂંઝવતા બાળકો . ... દેવદત્ત પટેલ
૫. દ. મૂ. વિશ્વસ્ત મંડળનુ નિવેદન
૬. બારડોલી બાલશિક્ષણ નગર
૭. યુરોપનું બાલશિક્ષણ . ... તારાબેન

બાલ વિભાગ

૧. ચાલો બેસવા ... ... મૂળદેવ પંડ્યા
૨. અજબ સાહસ ... ... જશભાઈ પટેલ
૩. લક્ષ્મીને સૂઝયું ... ... કપિલા ઠાકોર
૪. સુરેશ ને દિનેશ ... ... પુરુષોત્તમ પટેલ

સંપાદકની નોંધ

દક્ષિણામૂર્તિનું નવજીવન:

શ્રી. દ મૂ. ભવનના નવા વિશ્વસ્ત મંડળ તરફથી મળેલું નિવેદન આ અંકમા અન્યત્ર પ્રગટ કરતા ખૂબ જ આનંદ થાય છે જે સ્થળેથી ગુજરાતને બાળશિક્ષણની નવી દ્રષ્ટિ લાધી, જ્યાથી નિષ્ણાંતોએ નવી પ્રેરણા પીધી, જ્યા ગિજુભાઈએ જીવનની અખંડ તપશ્ચર્યા કરી બાલપ્રભુની નવદ્રષ્ટિની સ્થાપના કરી, એ સ્થાનમા સંજીવન ભરવાના આ પ્રયાસો, ભવિષ્યના કંઈ કંઈ સ્વપ્નાઓ ઊભા કરી જાય છે. ગુજરાત અને સૌરાષ્ટ્રની મહાન ખોટ એથી પૂરાશે કી. તારાબેન મોડક પોતે પણ ત્યા જઈ સક્રિય સહાય આપવા બેસવાના છે એ શિક્ષકો, માબાપો અને સૌરાષ્ટ્ર સરકારને માટે અત્યંત ઊજળો દિવસ છે. બાલશિક્ષણના યાત્રાસ્થળ જેવું ગિજુભાઈનુ બે બાલમંદિર અજબ આકર્ષણ પામો એવી અભ્યર્થના છે

મુ. બા. શિક્ષણસંઘની કદર:

વર્ષોથી આપણું સંઘ અને સંઘના મુખ્ય કાર્યવાહકો બાળશિક્ષણની દિશામા જે કાર્ય કરી રહ્યા હતા એની કદર થોડા વખતથી મુંબઈ સરકાર સારા પ્રમાણમા કરી રહી છે એ અભિનંદન પાત્ર છે આ વર્ગમે મુંબઈ સરકારે જુદા જુદા જિલ્લાઓમાથી કેટલાક પર્વ પ્રાથમિક શાળાનિરીક્ષકોને, શ્રી તારાબેન પાસેથી તાલીમ લેવા અને એમના હાથ તળે ચાલી રહેલા કામનુ નિરીક્ષણ કરી નવીન પ્રેરણા અને દ્રષ્ટિ લેવા મોકલ્યા છે. એ સર્વ નિરીક્ષકોને આ કાર્ય માટેના ઊંડો રંગ છે અને એમણે લીધેલી નવી દ્રષ્ટિ અને ઉત્સાહ તુરો જ્યા જ્યા જશે ત્યા પથરાશે એવી આશા છે. આ નિરીક્ષક મંડળી હમણાં ત્રિશુવિદ્યાલય ભાઈ નામલે પાસે અભ્યાસ કરી રહેલ છે અને પછી ગામબાળશિક્ષણનું કાર્ય અવલોકવા બોરી જશે સંઘનું કાર્ય આમ વિસ્તરતું જાય છે અનેસંગીન બનતું જાય છે એ સૌને માટે આનંદની વસ્તુ છે

નિરીક્ષક-સંચાલક વર્ગનું ઉદ્ઘાટન

ઉપલા વર્ગનું ઉદ્ઘાટન ગઈ તા ના રોજ મુંબઇ રાજ્યના શિક્ષણ પ્રધાનમંત્રીના પર્સનલ સેક્રેટરી મંત્રી શ્રી. ઇંદુમતીબેન ચી બોરને નમ્ર હસ્તે થયું હતુ પ્રાર્થના બાદ શ્રી. તારાબેન પ્રેમચંદ શેઠ તરફથી સૌનું સ્વાગત કર્યું હતું. સંઘ સંસ્થાને ચાલી રહેલા કાર્ય અને તેની પ્રગતિનોધ્યાત આપ્યો હતો.

ત્યારબાદ શ્રી. તારાબેન મોડકે આવા વર્ગોના હેતુ, શિક્ષણની બદલાતી દ્રષ્ટિ અને આ સામે પડેલા વિશાળ કાર્યનો ખ્યાલ આપ્યો . તથા

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૫ : અંક ૪] મુંબઇ [એપ્રિલ, ૧૯૫૦

મુજ પ્રાર્થના

ઓ સુખ-દુઃખના દેવાવાળા
દુઃખ દે તો તું ધીરે દેજે,
સુખ દે તો તું હરનિશ મારા
હૃદયામાં આવી રહેજે, ઓ સુખ-દુઃખના.

લોક વિસારે સુખમાં જ્યારે
દુઃખમાં હું ફરિયાદ કરું;
રોજ સવારે કે સંધ્યાએ
રામ રામ પોકાર કરું.
ઓ સુખ-દુઃખના.

પ્રેમ-જ્યોત પ્રગટાવી તારી
આવાસે અજવાળું કરજે,
પ્રેમ-મંત્ર જગમાં ફેલાવવા,
મારામાં શક્તિ દેજે.
ઓ સુખ-દુઃખના.

શ્રીકાન્ત જોષી

શિક્ષા કે ઉપાય ?

બાલમંદિરમાં એવા અનેક પ્રસંગો આવે છે કે, બાળકોને શિક્ષા કરવી એમ શિક્ષકોને લાગે છે કારણ બાળકો જે કાંઈ કરે છે તે ચલાવી લેવાય એવું હોતું નથી. દાખલા તરીકે, કેટલાક છોકરાઓને બીજાં બાળકોને મારવાની, ચિડવવાની, અથવા તો બીજાં બાળકોનું કોઇ કાર્યમા વિઘ્ન નાખવાની ઇચ્છા થાય છે. આ બધી વસ્તુઓ બાળકનું અસામાજિકપણું દર્શાવે છે. સમાજમા ચાલતા સર્વ સામાજિક ગુણો બાળકમાં લાવવા જ જોઇએ, સમાજમાં ચાલતા નિયમો એણે પાળવા જ જોઇએ; રમત કરતાં એક બીજાની સંમતિથી મારામારી અથવા કુસ્તી-મસ્તી ચાલે છે, તે ઠીક છે પરંતુ આપણને ગમ્મત લાગે છે, માટે કોઇને ગાલ પર ચીંટિયો ભરે, કોઇને ધક્કો મારીને પાડી દે, કોઇને પછવાડેથી ધક્કો દે, એવું કેટલાક બાળકો કરે છે, તે ચલાવી લેવું જોઇએ નહિ. કયારેક કયારેક, બાળકો ગમતમાં અથવા તો મજાકમા જ નહી પરંતુ ગુસ્સામાય આવું કરે છે, કયારેક તેના મનમા દુનિયા ઉપરનો અથવા તેના પર જુલમ કરવાવાળી વ્યકિત ઉપરનો ગુસ્સો, કોઇની ઉપર પણ ઉતારવો જોઇએ, એમ તેને લાગે છે કેટલાક બાળકો ચીડિયા સ્વભાવના હોય છે, જેથી બીજાઓનું બોલવુ, ચાલવુ, ગમવુ, એવુ કાંઇ જ એમને ગમતુ નથી. કોઇ જરા તેની નજીક આવે છે તો તરત જ તેને ગાલ પર લગાવી દે છે અથવા તો ધક્કા મારે છે.

આ બધા અસામાજિકપણાનો સાચો ઉપાય તો એ જ છે કે તેને ગુસ્સો કેમ આવે છે, તે શા માટે ચિંડાય છે, આ બધી કાઢીને તેનો ઉપાય કરવો. અથવા તો તેને વિનોદ અથવા ગંમત પડે તે પ્રકારનો આનંદ આપીને સામાજિક નિયમોનું પાલન કરાવવું એ જ સાચો રસ્તો છે. પરંતુ ઘણા બાળકો એટલાં નાનાં હોય છે કે તેને સમજાવવું શકય નથી બની શકતું. પરંતુ "આ કરવાનું નથી"

એટલો જ હુકમ કરીને તેને અટકાવવામાં આવે છે. ઘણા બાળકો નિયમોની સૂચના એકાગ્રચિ-તે સાભળે છે. કેટલાકમા થોડી વિકૃન્તિ અથવા તો કેટલીક ટેવ ઘર ઘાલી બેઠા હોય છે એવા બાળકોની ટેવ અથવા મનસ્વીપણું જતા વખત લાગે છે. પરંતુ તે ટેવ જતા સુધી, બીજાં છોકરાઓને મારવાનું એ ચાલુ રાખે તે ચલાવી લેવુ જોઈએ નહિ. બીજાઓને મારે ત્યારે તરત જ તેને મારતા અટકાવવું જોઈએ. એ વખતે શિક્ષકે, કોઈ પણ રીતે તેને સમજાવીને તેને તે કાર્ય કરતા અટકાવવું જ જોઈએ. શિક્ષકની આ ફરજ છે. ત્યારબાદ બીજા ઉપાયોની શરૂઆત–એટલે કે– તે બાળકોને બોલાવીને તેને સારી રીતે સમજાવીને તેની તે બોડ કઈ રીતે જાય તેનો ઉપાય શિક્ષકે વિચારવો જોઈએ

બીજે એક વખતે શિક્ષકને મુશ્કેલી ઊભી થાય છે. બાળકો જેવું તેવું બોલતા હોય છે, અને કહીએ તેથી દૂર રહે છે. એ વખતે શિક્ષકે એનો કોઈ ઉપાય લેવો જોઈએ, અથવા તો એ શા માટે આમ કરે છે તેની શોધ કરવી જોઈએ.

પરંતુ પહેલા પ્રકાર માટે અથવા તો બીજા માટે ઉપાય કરતી વેળા એને શિક્ષાનું રૂપ ન આપવું જોઈએ. આ જગ્યાએ શિક્ષણની દૃષ્ટિથી તેને સમજાવવાં. તેને આવું શિક્ષણ મળ્યું છે તે શિક્ષકના મનમા આવવું જોઈએ નહિ. એ વખતે તેને શિક્ષા કરીને તે ઉપાય–યોજના સફળ થતી નથી. તે ઉપાયનો ખ્યાલ શિક્ષકના મનમાં આવી જવો જોઈએ. તે આવી જાય ત્યારે આપો આપ તે ટેવ બાળકમાથી નીકળી જાય છે બીજું, એટલે કે શિક્ષા શા માટે કરવી જોઈએ. બાળકના હાથથી કાઈ થયું, તે કોઈ વાકમા અથવા ગુન્હામા આવ્યો તો તે બદલ તેને શારીરિક કિંવા માનસિક દુ:ખ આપવું જ જોઈએ, અને તો જ એનો કાઈ ન્યાય થયો કહેવાય, એમ કેટલાકનું માનવુ છે. પરંતુ તે માનવું યોગ્ય નથી; બાળકોની પણ એવી માગણી હોય છે કે, 'મા, તેણે મને માર્યું છે; માટે તું તેને માર ' મારી પાસે પણ બાળકોની એવી જ માગણી કોઈ વાર આવે છે. 'મોટી બહેન, તેને બૂબ માર કારણ કે તે અમોને મારે છે'. કોઈ મોટી ઉંમરનું બાળક હોય ત્યારે હું તેને બીજી રીતે પ્રશ્ન પૂછું છું; 'તેણે માર્યું તે તમને ગમ્યું કે ? તેણે કર્યું તે સારું કર્યું કે ?' તેને યોગ્ય લાગે તે ઉ-ત્ત આપવો એવી હું તેને છૂટ આપું છું; પણ છોકરાંઓ નકારમા જ જવાબ આપે છે 'પણ તેણે અમને શા માટે માર્યું ? માટે એને મારો જ.' એમ તેઓ બોલે છે. એવા વિચારો તેના વાલીઓમા પણ હોય છે. પરંતુ આવી રીતે મારામારી કરવાથી તે કોઈ દિવસ અટકવાની નથી; વેર અથવા તો બદલો લેવાની વૃન્તિ અટકતી જ નથી. 'બાળકોની મારામારીને આવું ગંભીર સ્વરૂપ શા માટે આપવું જોઈએ ?' આવુ આપણામાના કેટલાકને લાગે છે. એક વખત હિન્દુ અને મુસલમાન બાળકનો મારામારીનો પ્રશ્ન આવ્યો; ત્યારે 'વેરનો બદલો વેર' એ પ્રશ્નનું કેવું ગંભીર પરિણામ આવ્યું તે મારા ખ્યાલમા આવ્યું. મારનો બદલો મારીને જ લેવો જોઈએ એ વૃન્તિ જો આવે તો સહેજ ચાલતા આપણને ખુરશી લાગી તો તેનો બદલો તેને થપાટ મારીને જ લેવો ? આ વૃત્તિથી જ હિન્દુ અને મુસલમાનનું હુલ્લડ વધ્યું એમ મેં તે વખતે મારી નજર સમક્ષ જોયું 'અરે, મહમદને શા માટે મારો છો ?' એવું મેં પૂછ્યું, ત્યારે જવાબ મળ્યો કે, 'અમે ત્યારે તેની પોળમા ગયા ત્યારે તે અમને મારતો હતો.'

ન્યાયમંદિરમા શિક્ષા આપે છે, તે માત્ર ગુન્હો કરનારને કાઈ શિક્ષા થવી જ જોઈએ એ દૃષ્ટિથી નહિ પરતુ ઉપાય તરીકે જ મોટે ભાગે હોય છે. ફટકા મારવાથી, જેલમા પૂરી મૂકવાથી અથવા જે બીજું હાલ થાય છે, તેવી બીકથી તેઓ ગુન્હાઓ કરતા અટકશે. એમ તેઓ માને છે. પરંતુ તે સાચો ઉપાય નથી હોતો. કેટલાક ગુન્હેગારોને તો માનસિક ઉપાયથી જ સુધારી શકાય છે.

જ્યા સુધી તેનામા બગાડ કુટેવો હોય, ત્યા સુધી બીજા માણસોથી તેને દૂર રાખવો જોઈએ.

એટલે ઘણા દિવસ બાદ તેને સમાજમાં આવવાનું મન થાય અને તે બીકથી દુર્ગુણો ભૂલી જાય માટે કેદખાનું આવશ્યક છે.

છોકરાંઓનાં—બાલમંદિરમાં બૂબ નાનાં બાલકાંઓની બાબતમાં આવા પ્રસંગો ઘણીવાર આવે છે. તે વખતે ફટકાબાજીની વૃત્તિ બતાવવી જોઈએ નહીં. પરંતુ દુર્ગુણ દૂર કરવાનો ઉપાય લેવો; આ એક જ માર્ગ શિક્ષકોએ લેવો જોઈએ. આ પ્રયોગ સફળ ન થાય ત્યાં સુધી અન્ય બાળકોથી તેને દૂર રાખવું એ જ જરૂરનું છે; અને તે કરવું પણ આ દરમિયાન કોઈ કાર્યને શિક્ષાનું રૂપ આપવું નહિ. આ ઉપાયથી થોડા જ વખતમાં, શિક્ષકની દૃષ્ટિથી કેટલું સ્વરૂપ બદલી જાય છે તેના દાખલાઓ આગળ આપું છું, તેના પરથી આપણા વર્તનથી તેનામાં કેટલું પરિવર્તન થાય છે તે જોવામાં આવશે.

એક બાળકને (ગુસ્સામાં) આવેશમાં આવી જઈને નાના બાળકને મારવાની ટેવ હતી. તેને એક બે વખત કહ્યું કે, મારવાનું નહીં; એક વખત બધાં બાળકોનાં દેખતાં ન્યાય કર્યો. બાળકોને શું લાગ્યું તે હું બતાવતી હતી. પરંતુ તેમાંથી બે વાત મેં બાળકો સમક્ષ મૂકી. એક તો હાથ બાંધું, અને નહિ તો મારા ઓરડામાં એકલા અને જુદા બેસવાનું. તેમાંથી શું પસંદ કરવાનું છે તે મેં બાળકને પૂછ્યું. તે બાળકે હાથ બંધાવવા પસંદ કર્યા. બધાં છોકરાંઓને એક ગંમત થઈ. તે છોકરો તેનો જ રૂમાલ લાવી આપ્યો. ઘણાંઓએ પોતાની બાબતમાં મારા ટેબલથી દૂર બેસવાનું પસંદ કર્યું, ત્યારે કેટલાંક મારા ટેબલ આગળ રૂમમાં જ બેસવાનું પસંદ કરતાં. તેથી એકંદર સામાજિક મતનો દાબ પડતો હોય અથવા તેને મહત્વ મળતું હોય તેમ બહેનની વધારે નજીક જવું, એવું જ્યારે તેને લાગવા માંડે ત્યારે આ ઉપાય સિદ્ધ થયો કહેવાય.

પણ આવા ઉપાયને શિક્ષાનું રૂપ આપેલું હોય તેવું મેં અનેક વખત જોયું છે. એક વર્ગમાં દાખલ થતાં એક શિક્ષકનો શબ્દ કાને આવ્યો. 'જો જે હો! આવી રીતે ફરીથી થયું તો તારા હાથ પગ બાંધી દઈશ.' આમ કહીને એને ડરાવવામાં આવ્યો. વળી એક વખત એવી જ રીતે એક શિક્ષકને કોઈ છોકરાને માટે 'હાથ પગ બાંધી દઈશ' એમ કહેતાં સાંભળવામાં આવ્યા.

એક ત્રણ વર્ષની બાળકીને મોઢામાં અંગૂઠો નાખવાની એવી ટેવ કે, તેને કામ કરવાની કે રમવાને માટેના હાથની છૂટ જ ન હતી. આવી રીતે ઘણા દિવસ જોયા બાદ મેં તેને એક દિવસ કહ્યું કે કેમ રે, આ અંગૂઠો મોઢામાં ગયા બાદ તને આ દડા ઉપાડીને રમવાની ફુરસદ જ રહેતી નથી; નહિ બેન?' તેને મારી વાત યોગ્ય લાગી. પરંતુ અંગૂઠો મોઢામાં જવાનું ન અટક્યું. ત્યારબાદ એકવાર ફરીથી હું બોલી: 'કેમ રે, આ હાથને એવો રૂમાલ બાંધી દઈએ કે પછી અંગૂઠો મોઢામાં જાય જ નહીં'. તેણે એ રૂમાલ બાંધવા કહ્યું પછી તે રૂમાલવાળા હાથે જ સાધનોથી રમત રમવા લાગી. રમતમાં તેને ગમ્મત પડી. પછી હંમેશાં 'હાથે પગે રૂમાલ બાંધો' એમ જ તે કહેવાની; પછી તે 'રૂમાલ છોડી નાખો' એમ કહેવાની. કયારેક મોઢામાં ટેવ પ્રમાણે અંગૂઠો ચૂંસાઈ જાય. પરંતુ એમ કરતાં કરતાં એ રમતમાં તેને આનંદ આવવા લાગ્યો. જેથી તેની તે કુટેવ દૂર થઈ. તેનો રૂમાલ કયારે છૂટી ગયો તેને તેનું ભાન પણ રહ્યું નહીં, મને પણ તેની ખબર પડી નહીં. એક વખત તેણે જ મને હાથ બતાવીને કહ્યું, 'રૂમાલ નથી' હું બોલી. 'એમ કે? બાંધી દઉં કે?' 'ઉંહું' એવો અવાજ કરીને તે રમવા દોડી ગઈ; અંગૂઠો ચૂસવાની ટેવમાંથી છૂટયા બદલ તેને જે આનંદ લાગેલો તે તેના ચહેરા પરથી દેખાઈ આવતો હતો.

અંગૂઠો ચૂસવાનો છોડાવવા માટે હાથ બાંધવાની 'શિક્ષા' કરવામાં આવે તો એ ઉપાયમાં 'શિક્ષણ' કરતાં શિક્ષાનો ભાવ વધુ છે અને તે ન જોઈએ.

માનસશાસ્ત્રીઓ અથવા માનસચિકિત્સકો આ વાતને બૂબ જુદી જ દૃષ્ટિથી જુએ છે. એટલે

શિક્ષકો અથવા વાલીઓએ આ ટેવ સંબંધી ખૂબ જ વિચાર કરીને છોકરાઓના જીવનમાં શું મુસીબત ઊભી થઇ છે, તેની યોગ્ય રીતે તપાસ કરીને તેનો યોગ્ય તોડ કાઢવો એ આપણી મુખ્ય ફરજ છે. 'ઊભો રે, તારી આ ખરાબ ટેવ કાઢવી જ જોઈશે.' એમ કહીને હાથ બાંધવો, ધમકાવવો, મારવો, વગેરે અન્ય પ્રકારના શરીરને દુઃખદાયક એવા ઉપાય કદી યોજવા જોઈએ નહીં. આપણે તેના દુશ્મનો નથી પરંતુ અત્યંત નજીકના મિત્ર છીએ એમ તેને લાગવું જોઈએ; આ મુખ્ય વાત છે. ઉપરના ઉદાહરણમાં તે છોકરીએ રૂમાલ બાંધવાનો વિચાર કર્યો તેના કરતા મારી પાસેથી જે સહાનુભૂતિ એને લાગી, મેં જે લક્ષ આપ્યું તેથી જાતે ઉપાયનો વિચાર કરવાની વૃત્તિ એનામા દેખાઈ અને તેથી જ તે સારી રીતે સુખી થઈ હશે તેથી જ તેની અંગૂઠો ચૂસવાની ટેવ છૂટી ગઇ હશે આના અનેક પ્રકાર હોય છે. હાથ બાંધવો, પગ બાંધવો, આ રીતે પછી શિક્ષાના સ્વરૂપોને વધારા જરાય વખત લાગતો નથી. આપણો અવાજ, ચહેરા ઉપરનો ભાવ અથવા ક્રિયા કરવાની રીત આ બધી વાતોથી આપણે તેને શિક્ષા કર્યાનું રૂપ દેખાડીએ તો આપણે હાર્યા, આપણા ઉપાયો હાર્યા! પછી જેણે શિક્ષકને હરાવ્યો તે બાળક હવે તેનું એ અમોઘ શસ્ત્ર કયાંથી છોડશે? આવા અનેક શસ્ત્રો બાળકો પાસે હોય છે અને તે શસ્ત્રો, બરોબર હોશિયારીથી એ માબાપ અથવા શિક્ષકની ઉપર અજમાવે છે

એક બાળકનું મન એક કામમા લાગતું ન હતું તેથી અનેક પ્રકારે ગડબડ મચાવીને બીજાઓને એ ત્રાસ આપતો. એકથી બીજી જગ્યાએ વસ્તુઓ ફેંકવી, એમ તેનું ચાલતું હતું હું બોલી, "ત્યા જો કાકુ! આજે બટાટાનું શાક કરવાનું છે તું તેની છાલ ઉતારવા માટે જાય છે કે?" તે રસોડા તરફ ગયો. તેને બટાટા છોલવા તેમા કટકા કરવાનું પસંદ પડયું એવી જ રીતે એક કાયમ રડવાવાળી બાળકીનું ધ્યાન પણ રમાડ કરવાના કામમા લગાડી દઈ શકાયું. પુરી કરવાનું ચાલતું હતું; ત્યા તે આળોટવા લાગી. તેને તે કામ કરવા આપ્યું, તેને એ મળ્યું તેથી તેને ખૂબ જ આનંદ થયો. તે દિવસથી તે રડવાનું ભૂલી ગઈ, અને બાલમંદિરના બીજાં કામમા પણ રસ લેવા લાગી ગઈ.

આ પ્રમાણે કામ રોકવાની દ્રષ્ટિથી રમાડું એ બહુ જ ઉપયોગી થઈ પડે છે; પણ જો "આમ કરીશ તો રસોડામા બાઈ પાસે મૂકી આવીશ" એમ બીક બતાવીએ તો એને શિક્ષાનું રૂપ મળે છે અને પછી તે ઉપાય નથી રહેતો અને દોષિત કરે છે.

એ પ્રમાણે શિક્ષાના રૂપમા બોલવુ એ આપણા જીવનમા એવું જડ ઘાલી બેઠું છે કે કેમ દૂર કરવું એ સમજાતું નથી. આપણી બોલવાની રીત એવી બને છે કે, એક સારા ઉપાયને આપણે શિક્ષાના રૂપમા ફેરવીએ છીએ ને તે ઉપાય છેવટે અપાય બને છે

મોન્ટીસોરી પધ્ધતિમા જેને એકાંતવાસ કહે છે તેનો પણ આવો જ દુરુપયોગ જોવામા આવે છે.

"હવે તને કબાટ ઉપર બેસાડું કે? ના? તો પછી લાગી જા કામ પર" આ પ્રમાણે એક પ્રકારની ધમકી આપવામા આવે છે. પછી તેને જુદો બેસાડીને બીજા શું કરે છે તે જોવાની પણ બધી કરી દઈએ તો તે એક જેલ જ બની જાય છે.

અવ્યવસ્થિત મનવાળા બાળકને ધમકાવ્યા વગર એના પર ગુસ્સો કર્યા વગર તેને તરત જ ઉપાડીને જુદો બેસાડી દેવો કે તરત જ તે આમ તેમ જોવા લાગશે તે વખતે બીજા બાળકો તેને કામ કરતા રમતમા ગૂંથાયેલા દેખાય છે; પછી એ વખતે તેને પણ કામ કરવાની ઈચ્છા પ્રગટે છે ને તે વ્યવસ્થિતપણે કામમા લાગી જાય છે.

કયારેક કોઈ એક છોકરો માત્ર ધમાલમ કરતો હોય ત્યારે તેને પકડીને કહેવું કે, 'અહીં બેસી જા. આ બધું શું કરે છે?"

તેને પણ ઘણા છોકરાંઓ કામ કરતા હોય એમ દેખાવા લાગે, તેથી તેને પણ પછી કાંઇક લઉં, એમ લાગે છે જો તેને એમ ન થાય તો તેનું

ધ્યાન બીજા કામમાં છે એમ દેખાય છે. પછી બોલવું કે, તું અહીં ધમાધમ કરે છે, જેથી ગડબડ થાય છે; માટે ધમાધમ કરવા બહાર જા; ત્યારે તેને આખી વાત સમજમાં આવી જશે.

બાળકને એક બાજુ બેસાડી રાખવું એ ઘણી વાર લાભકારક બને છે પણ તેને જ જ્યારે શિક્ષાનું રૂપ આપીએ ત્યારે આપણા હાથમાંથી એ ઉપાય મરી જઈને શિક્ષા બની જાય છે. પરિણામે

તારાબેન મોડક

ગિજુભાઇ કેવા હશે?

જ્યારે હું સવારના સાત વાગે ભાવનગરના સ્ટેશને ઊતરી ત્યારે મને પ્રશ્ન થયો કે ગિજુભાઇ કેવા હશે!

સ્ટેશનેથી ગાડીમાં બેસી હું વસતીગૃહમાં આવી, કે થોડીવારે જ કોઇ માણસ લાંબી લાંબી મૂછોવાળા ને મોટી મોટી આંખવાળા મેં જોયા. તેમણે મારી પાસે આવી કહ્યું કે બેન, તમે આવી ગયાં? મને વિચાર આવ્યો કે આ ગામડિયા જેવા વળી કોણ છે! બસ, એટલું બોલી તે તો ચાલતા જ થયા. પછી અમે નાહી ધોઈ ઉપહાર લઈ બાષ્પણમાં ગયાં. ત્યાં પણ પેલા જ ભાઇ. મેં જાણ્યું કે એ જ ગિજુભાઇ હતા.

અમારા અભ્યાસના નવ માસ ત્યાં એવા સરસ ગયા કે જેની વાત જ કરવાની નહીં. કોઈ કોઈ વાર ગિજુભાઈ રાત્રે દસ વાગે અમારી ખબર લેવા આવતા; ત્યારે જાગતાં હોઇએ તો સારી સારી વાતો કહેતા, અને સૂઈ ગયા હોઇએ તો અમારી પાસે આવી, જેમ-આપણી બા વહાલનો હાથ ફેરવે તેવો હાથ ફેરવી, દીવો મોટો બળતો હોય તો ધીમો કરી ચાલ્યા જતા.

કોઈ વાર ચાંદની રાત હોય તો આવે અને કહે, "ચાલો, આપણે બધાં ભાઈ-બહેનો સાથે મળી બોરતળાવ જઈએ અને દાંડિયા-રાસ લઈએ."

એક વખત અમે બધાં ભાઇબહેનો અને ગિજુભાઇ બોડિયાર માતા ગયાં. સામસામા, એક હુંગર પર એક ટુકડી ને બીજા હુંગર પર બીજી ટુકડી. એમ મળીને અમે સામસામા, દુહા બોલેલાં. પછી બોડિયાર માતાના ચોકમા આવી ને દાંડિયા રાસ લીધા.

પછી બીચડી-કઢી ખાઇને અમે અમારે સ્થાને આવી ગયા. પછી અભ્યાસના નવ માસ પૂરા થતા અમે દાદા ગિજુભાઇની વિદાય લીધી.

વિદાય લેતાં બહુ દુઃખ થયું મને તો એમ જ થતું'તું કે કરછ જઇશ ને મને દાદા વગર કેમ ગમશે?

હું વાળુ વખત ગિજુભાઇને કહેતી હતી કે દાદા, હું કરછની અંદર કેમ કામ કરી શકીશ? મને કેમ આવડશે? ત્યારે ગિજુભાઇ મને કહેતા કે 'હિંમત મર્દા તો મદદે ખુદા.'

પછી હું કરછની અંદર કામ કરતી હતી ત્યા એકવાર ઓચિંતા આવી ચડયા. મને કહ્યું કે ચાલો, મારે તમારી રકતનું નિરીક્ષણ કરવું છે. નિરીક્ષણ કરતાં લગભગ બપોરના બારનો સુમાર થયો

પછી રકતથી હું અને ગિજુભાઇ બંને ઘેર આવ્યાં.

મેં કહ્યું, "દાદા? આપણે શું ખાઇશું?" ગિજુભાઇએ કહ્યું "છાશ ને રોટલા. ને જોઇએ તો ચટણી કરજો."

પણ મેં તો શાક અને રોટલા બનાવ્યાં ગિજુભાઇએ અને મેં ખાધા

પછી અમે ઊંટ-ગાડામા બેસી દોઢીથી ભુજ આવ્યા. બે ચાર દિવસ ભુજમાં રહી ગિજુભાઇ ભાવનગર ગયા

ગિજુભાઇ આવા મિલનસાર હશે એમ તો મને રૂબરૂ પણ પહેલાં ખ્યાલ ન હતો.

શારદા ભટ્ટ

મૂંઝવતાં બાળકો

બાળકના વિકાસમાં જન્મ પછીનો સમય જેટલો ઉપયોગી છે તેટલો જ, જન્મ પહેલાનો પણ છે. બાળકનું ગર્ભાધાન થતાં જ આપણે વાતાવરણનું વધુ ધ્યાન આવશ્યક છે. કારણ ગર્ભકાળમા આઘાત કે અકસ્માત થાય તો બાળક ઘણી વાર અક્કડ વગરનું, મૂઢ જન્મે છે. જન્મ પછી પ્રત્યાગમનનાં લક્ષણો પ્રતીત થાય છે. આ રોગ વારસામા મળે છે જેથી બાળક જન્મથી ફેફરા જેવો રોગ લઇને જન્મે છે. બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ મુશ્કેલીઓ જે કે ઓછી ગંભીર બનતી જાય છે, પરંતુ તેના માનસ ઉપર તેની અસરો રહેલી હોય છે. જેટલા અવરોધો ઓછા તેટલી સ્વતંત્રતા વધારે અને જેટલા અવરોધો વધારે તેટલા પ્રત્યાગમનો વધારે થાય છે.

જન્મથી ત્રણ વર્ષ સુધીમાં થયેલી કેટલીક અસરો જીવનની પલટી નાખે છે. જેમકે, ભીતિગ્રંથી આ સમયમાં બંધાઈ જાય તો ભવિષ્યના શારીરિક બંધારણ ઉપર તે ખાસ અસર કરે છે. પહેલેથી જ જો વૈજ્ઞાનિક વર્તન થાય તો આદર્શ વ્યકિત થાય. ત્રણથી છ વર્ષની ઉંમર દરમિયાન, જો જન્મથી ત્રણ વર્ષમાં આવેલી અસરો ન સુધારીએ, તો બ ને સમયની અસરો ભેગી થઇ ૬ થી ૧૨ વર્ષના ગાળામા જશે અને વધુ દૃઢ થશે. જેની અસર માનસિક જીવન અને બુધ્ધિ ઉપર રહે છે.

પહેલા સમયમાં જ બાળકને સારી પરિસ્થિતિ ન અપાય તો તે બાળક ભણવામાં બહુ પાછળ રહે છે. આવાં બધાં લક્ષણો માટે દરેક બાળકનો ઇતિહાસ જાણી લેવો જોઇએ અને તેની રીતે કામ કરવું જોઇએ.

આમાં બાસ કરીને બે જાતના બાળકો જોવામાં આવે છે.

૧. બળવાન અને ઉત્પાતિયા. (૨) રોતલ.

પહેલી જાતનાં બાળકો અવરોધોનો સામનો કરે છે જ્યારે બીજી જાતનાં પરિસ્થિતિનો ભોગ થઇ પડે છે.

પહેલી જાતના બાળકોની બામીઓ:—

બિનજ બોવો, ગુસ્સો કરવો, સામનો કરવો, બળવો કરવો, હિંસા કરવી, આજ્ઞાનો ભંગ કરવો, ભાગફોડ કરવી, સંગ્રહવૃત્તિ, સ્વાર્થપણું, ઇર્ષા, મનની અસ્થિરતા અને અવ્યવસ્થિતતા, કલ્પનાઓ, ચિંચિયારીઓ, બીજાના કામમા ડખલ, બીજાં બાળક કે પ્રાણીઓ ઉપર ક્રૂરતાની વૃત્તિ, બાઉધરાપણું વગેરે

બીજી જાતના બાળકોની બામીઓ.—

નિષ્ક્રિયતા, આળસ, જડતા, વસ્તુ માટે રડવું, પરાવલંબીપણું, બીજાં રમાડે તેવી ઇચ્છા તરત જ કંટાળી જવું, વડીલોને વળગી રહેવું, જૂઠું બોલવું, ચોરી કરવી, વગેરે.

આ લક્ષણો તે માનસિક બિમારી છે. પણ તે શારીરિક બિમારી સાથે જોડાઇ જાય છે. આથી અરુચિ, મંદાગ્નિ, રાત્રે ભડકી ઊઠવું, અંધારાની બીક લાગવી વગેરે પેદા થાય છે. આ બધા લક્ષણોને વર્તનના પ્રશ્ન સાથે સંબંધ છે. ઉત્પાતિયા બાળકોને કુટુંબમાં કોઈ આવકારતું નથી. જેથી શરીરે તંદુરસ્ત છતા એ બીજી જાતની માંદગી ભોગવે છે. આ મોટા કોયડા રૂપ છે. માબાપો આનો નિકાલ ન જાણતાં તેના ઉપર સખ્તાઈ કરે છે પરિણામે એ વધુ બગડે છે, વધુ તોફાની કે રોતલ થતા જાય છે. આમા ન ફાવતા માબાપો સમજાવટની ચાવી વાપરે છે તેથી બાળકો સ્નેહની લાગણીનો લાભ ઉઠાવવા માગે છે. આ બધામા નિષ્ફળ જતા પ્રયત્ન છોડી દે છે અને "આ પણ શુ કરીએ ?" કહીને બેસી રહે છે

ઘણા લોકો રોતલ બાળકોને ડાહ્યા માને છે. એ પ્રગતિમા પાછળ પડતા જાય છે. આ બાળકો લજ્જામણીના છોડ જેવા હોય છે. શરૂઆતમા તે મહાન સંત થશે એમ લાગે છે પણ પાછળથી તે માદું માલમ પડે છે

બાળકના ઘડતર માટે પ્રવૃત્તિની જરૂર છે. બાળકોમાં માનસિક ભૂખમરો એ અધ્યાનું કારણ છે. માટે બાળકોને મોટાંની વાતચીત સાંભળવા દેવી, અનુભવો લેવાની શકયતા આપવી; બીજું કારણ, બાળકોના આવેગોથી દોરાયેલી સ્વયંસ્ફુરિત પ્રવૃત્તિઓનો અભાવ છે તે, બધામાં વડીલો વચ્ચે પડે છે. પરિસ્થિતિના પદાર્થો જોવાના એમને મળતા નથી. શૈતલ બાળકો નિષ્ક્રિય રહે છે, એમનામાં જડતા આવી ગએલી હોય છે, વડીલો તેમની સામે ભય ઉત્પન્ન કરે છે.

વડીલો કે માતાઓએ આ બાબતે બાળકોને રસ પડે તેવી પ્રવૃત્તિઓ કે કામ આપવું. જરૂર વગર એમને મદદ ન કરવી. બાળકે લીધેલી પ્રવૃત્તિ તેને પૂરી કરવા દેવી. આમાં મીઠાઈ–કડવાશ કે દવા કામ આવતાં નથી. જેમ શારીરિક ભૂખવાળાંને ભૂખ કે ડાબ્બા કહેવાથી ભૂખ મટતી નથી તેમ આ બાળકોનું પણ છે.

માણસ સ્વભાવથી જ બૌધિક છે. શારીરિક તત્ત્વ કરતાં બૌધિક તત્ત્વ ઘણું મહત્વનું છે. બાળકને માનસિક ખોરાકની પણ જરૂર રહે છે. જીવનનો ઉપયોગ વર્તનના ઘડતર માટે છે, અને જ્યારે બાળક તે માર્ગ પર હોય ત્યારે અટકાવ થવો જોઈએ નહિ. આ રીતે અવકાશ આપવાથી તે બધું સુધરી શકશે, અને સ્વસ્થ માનસવાળું થશે. આ માટે જુદી, નૈતિક કેળવણીની જરૂર નથી. યોગ્ય પરિસ્થિતિમાંથી થતો વિકાસ એ જ મહત્ત્વની વસ્તુ છે. આ હોય તો ઉપદેશ કે દૃષ્ટાંત વિના ચારિત્ર્યનું ઘડતર થાય છે. આમાં ધમકી કે આશ્વાસનની પણ જરૂર નથી. ફકત જરૂરી એવાં, યોગ્ય જીવન જીવવાનાં સાધનો અને પરિસ્થિતિ આપવાં, એ જ આપણું તો કર્તવ્ય છે.

દેવદત્ત પટેલ

શ્રી દક્ષિણામૂર્તિ વિશ્વસ્ત મંડળનું નિવેદન

શ્રી દક્ષિણામૂર્તિ ભવનના વિશ્વસ્ત મંડળની પહેલી બેઠક તા. ૧૨–૨–૫૦ ના રોજ ભાવનગરમાં મળી હતી. તે બેઠકમાં ભવનની મિલકત, કામકાજ તથા નાણાકીય જવાબદારી સંભાળી લઇ, મુ. નાનાભાઇ પાસેથી સંસ્થાની અન્ય માહિતી વિશ્વસ્ત મંડળે મેળવી હતી.

વિશ્વસ્ત મંડળની બીજી બેઠક તા. ૨–૪–૫૦ના રોજ ભાવનગરમાં તથા તા. ૩–૪–૫૦ ના રોજ રાજકોટમાં મળી હતી; તેમાં નીચે પ્રમાણેના નિર્ણયો લેવામાં આવ્યા. આ નિર્ણયો લેવામાં મંડળની દૃષ્ટિ નીચે પ્રમાણે છે.

શ્રી દ. મૂ. ભવન સંબંધેના કોર્ટના ચૂકાદાનો મર્મ તથા દેશની આજની જરૂરિયાત ધ્યાનમાં લેતાં શ્રી દ. મૂ. વિ. ભવનને પોતાનું કાર્યક્ષેત્ર, પૂર્વ પ્રાથમિક કેળવણી એ જ રાખવું

શ્રી દ. મૂ. વિ. ભવન જેવી એક કાળે સૌરાષ્ટ્રની પ્રસિધ્ધ અને શિક્ષણના ક્ષેત્રમાં માર્ગદર્શન આપનારી સંસ્થાએ આજે પણ પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક કેળવણીના ક્ષેત્રમાં, અદ્યતન સિધ્ધાંતો તથા આજની આપણા દેશની વિશિષ્ટ પરિસ્થિતિ ધ્યાનમાં રાખી, મૌલિક પ્રયોગો કરવા જોઇએ તથા ચાલુ કામના ચીલા પાડીને એક સ્ફૂર્તિદાયક અને માર્ગદર્શક સંસ્થા બનવું જોઈએ. આ સંસ્થાની પાછળ તેની ઉદાત્ત પરંપરા છે, પ્રતિષ્ઠા છે, અને તેના આદ્ય કાર્યકર્તાઓની તપશ્ચર્યા છે; તેથી આ સંસ્થાને સજીવન કરી એ કાર્યને પૂરા વેગથી અને શ્રદ્ધાથી ઉપાડવું જોઇએ.

આ દૃષ્ટિએ તરતમાં કરવા જેવાં કામો શરૂ કરવા માટે નીચેના નિર્ણયો લેવામાં આવ્યા.

(૧) શ્રી દ. મૂ. બાલમંદિરને સૌરાષ્ટ્રનું એક પ્રાથમિક, નમૂનેદાર, પૂર્વ પ્રાથમિક કેળવણીનું કેન્દ્ર બનાવવું.

(૨) સૌરાષ્ટ્રમાં બાલશિક્ષણના યોગ્ય કાર્યકર્તાઓ તૈયાર કરવાની દૃષ્ટિએ આ બાળમંદિરને મધ્યબિંદુમાં રાખી બાલ અધ્યાપન મંદિર શરૂ કરવું.

(૩) બાળશિક્ષણનુ કાર્ય ગામડામા તથા શહેરોમા ગરીબ તથા પછાત વર્ગના લત્તાઓમા થવાની વધારે જરૂર હોઈ, આ બાલમંદિરની આસપાસના તેવા લત્તાઓમા એક અથવા અધિક એવા કેન્દ્રો શરૂ કરવા તેમ જ ભાવનગરમા ચાલતા કલ્યાણકેન્દ્રો, ક્રીડાગણેા; અને બાળ-વાડીઓને તેમના સંચાલકોની રજાથી અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ માટે અનુભવ મેળવવાના સ્થાનો બનાવવાં.

(૪) મુખ્યત્વે સ્થાનિક વસ્તુઓનો ઉપયોગ કરી બાલશિક્ષણના સાધનો બનાવવાની દૃષ્ટિએ એક સાધન-કાર્યાલય શરૂ કરવુ. બાલમંદિરના બાળકો તથા અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ માટે આ સાધનાલય એક પ્રયોગ શાળા બને

(૫) આ બાલમંદિરમા કરવા ધારેલા પ્રયોગો સંપૂર્ણ ગીતે બુનિયાદી તાલીમ (બેઝિક એજ્યુ-કેશન) સાથે સંકળાયેલા એવા અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને થવા જોઇએ; એ દૃષ્ટિએ આ બાળમંદિરમાં મૂલોદ્યોગની પ્રવૃત્તિઓની પૂર્વભૂમિકા રચવા પ્રયત્ન કરવો.

(૬) આ બાળ અધ્યાપન મંદિર તથા ૩ થી ૭ વર્ષ માટેના બાળમંદિર સાથે, ૭ થી ૧૪ વર્ષ સુધીના બાળકો માટેની વર્ધા શિક્ષણ યોજના પ્રમાણે ચાલતી એક બુનિયાદી શાળા કરવી

આની શરૂઆત તરીકે તરતમા પહેલું ધોરણ શરૂ કરવામા આવશે, અને દર વર્ષે તેની આગળનુ ધોરણ ઉમેરાતુ જશે

(૭) અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ, વિદ્યા-ર્થિનીઓ માટે સ્વાવલંબન અને સ્વનિયમનથી ચાલતુ છાત્રાલય શરૂ કરવું.

(૮) આ સંસ્થાના નિયામક **શ્રી તારાબેન** મોડક રહેશે અને વર્ષના ઓછામા ઓછા ત્રણ મહિના તેઓ આ સંસ્થામા ગાળશે.

શ્રી દ. મૂ વિદ્યસ્ત મંડળ

બોરડીમાં - બાલશિક્ષણનગર

બે વર્ષ પહેલા, મુંબઇની વિલ્સન કૉલેજમા એક મોટા પાયા ઉપર 'બાલશિક્ષણનગર' નામનું પ્રદર્શન આપણે ગોઠવ્યું હતું. એ પ્રદર્શનની ખાસિયત એ હતી કે હાથ અડાડયા વગર માત્ર જોઈ જવાનું પ્રદર્શન–તે ન હતું. બાળકો અંદર જઈ શકે, હાથમા વસ્તુઓ લઈ જોઈ શકે, એટ-લું જ નહિ, પણ તેનાથી રમવુ હોય તેટલો વખત રમી પણ શકે. તેથી આ નગરના કાર્યખંડો (activity rooms) છોકરાઓથી ભરાએલા રહેતા

એજ પ્રકારનું એક પ્રદર્શન મેના ત્રીજા સપ્તાહમા **બોરડીમાં** કરવાનું આ વખતે વિચા-રાયું છે. મુંબઇમા જે થયું તે અમુક અંશે શહેરની ઢબે થયું; બોરડીનું બાલશિક્ષણનગર પૂર્ણપણે ગામડામા યોગ્ય એવી રીતે થશે. ગામ-ડાની પરિસ્થિતિ ને જરૂરિયાતો ધ્યાનમા લઈને, ત્યા તે જાતની પ્રવૃત્તિઓને વિશેષ સ્થાન મળશે એનો હેતુ મુખ્યતઃ ગામડાની જનતાને જાગૃત કરી, બાળકોના સબંધમા વિચાર કરતા કરવાનો છે. બીજો હેતુ એ છે કે મે માસની રજામા જ્યારે નિશાળો બંધ હોય છે ત્યારે છોકરાંઓને, વખત કેમ કાઢવો તે સમજાતું નથી. તેથી બાલી રમડ-વામા ને નકામા કામમા વખત કાઢવો પડે છે. આ નિશાળિયાને ઉપયોગી રીતે વખત ગાળવાનું માર્ગ-દર્શન મળે તે જરૂરનું છે તે ઉપરાત, ગામડાના બાળકોની શારીરિક અને શકય બને તો માનસિક તપાસ કરી, એકંદરે બાળકોની હાલત કેવી છે તેની પૂર્ણ કલ્પના મેળવવી એ પણ એક હેતુ છે. આ રીતે ગ્રામીણ દૃષ્ટિએ બાળકોને લગતા પ્રશ્નોનો વિચાર પૂરેપૂરી રીતે કરવો એ વિચારથી આ બાલ-શિક્ષણનગર યોજાયુ છે. તેના મુખ્ય મુખ્ય વિભાગો નીચે પ્રમાણે રહેશે.

૧. ૨ થી ૬ વર્ષ સુધીના તમામ બાળકો માટે બાલવાડીઓ

૨. ૬ થી ૧૨ વર્ષ સુધીનાં બાળકો માટે ઉદ્યોગાલય, વાચનાલય અને ભાષા, ગણિત, વિજ્ઞાન વગેરેને લગતી શિક્ષણની રમતો.

૩. બાળકોની દૃષ્ટિએ યોજાએલાં ચિત્રપટ, સંગીત, નૃત્ય, વાર્તાકથન નાટકો વગેરે.

૪. ૦ થી ૬, ૩ થી ૬ અને ૬ થી ૧૦ વર્ષનાં બાળકોની શારીરિક તપાસ, એટલે વજન ઊંચાઈ અને વૈદ્યકીય તપાસ; તેમ જ ૩ થી ૧૨ વર્ષનાં બાળકોનું બુદ્ધિમાપન.

૫. માતાઓ તથા પિતાઓ માટે પ્રાત્યક્ષિક પ્રયોગો, ચર્ચા તથા વ્યાખ્યાનો.

આ 'નગર'માં એકલા બોર્ડીંગ નહિ, પણ વસઈથી વલસાડ સુધીના લોકોને સામેલ કરવાનો વિચાર છે. બાસ કરીને મહિલા-સંસ્થાઓ, યુવક-મંડળો, શિક્ષકવર્ગ, ડૉકટરો તથા વિદ્યાર્થી વર્ગનો સાથ મેળવી આવાં કાર્યો તેઓએ રજાઓમાં પોતપોતાનાં ગામમાં યોજવા; અને એ દૃષ્ટિએ તેમણે અહીં એક પ્રકારની તાલીમ લેવા આવવું. એ વિચારથી વસઈથી વલસાડ સુધીનું વિસ્તૃતક્ષેત્ર નક્કી કર્યું છે. નૂતન બાલશિક્ષણ સંઘે અત્યાર સુધીમાં સંમેલનો ઘણાં કર્યાં છે. તેની જરૂરિયાત શરૂઆતમાં હતી; હવે લોકોએ વધારે 'સંગીનકાર્ય' કેવી રીતે કરવું તે આપણે બતાવવાની જરૂર છે. આથી બાળકોમાં કામ કરવાની તાલીમ આપવાની દૃષ્ટિએ, કાર્યકર્તાઓનો એક તાલીમ-વર્ગ પણ ત્યાં થશે, જેમાંથી અનુભવ મેળવીને નીકળેલા કાર્યકર્તાઓ પોતાના ગામમાં આવું 'નગર' રચી શકે અને બાળકો સંબંધે લોકોમાં જાગૃતિ લાવી તેમને વિચારતા અને આચરતા કરાવી શકે. દરેક ગામમાં-અહીં થાય તેટલાં બધાં જ કાર્યક્રમો થઈ શકે જ એમ નથી હોતું, પણ જ્યાં જેવી શકયતા હોય તેટલા પ્રમાણમાં આ દિશામાં પ્રયત્ન તો થઈ શકે.

હવે પછીનું ત્રીજું બાલશિક્ષણનગર બહુ નાનાં અને રેલવેથી ઘણા દૂર આવેલા કોઈ પછાત ગામડામાં કરવામાં આવશે. અમને આ ત્રણે 'નગર'ની આવશ્યકતા દેખાય છે. આજ કાલ શહેરમાં થતાં કામોને સાવ વખોડી કાઢવા અને ગામડાના કામને જ સર્વ મહત્ત્વ આપવાની એક પ્રથા પડતી જાય છે. ગામડાં તરફ અને ગામડાના કામ તરફ લોકોનું ધ્યાન ખેંચવા માટે તે કામ ઉપર વિશેષ ભાર મુકાવો જોઈએ એ ખરું; પરંતુ તેથી શહેરના બાળકોને વિસારી દઈએ એ તો યોગ્ય નથી જ. બાસ કરીને નાનાં બાળકોના પ્રશ્નો સંબંધે વિચારીએ ત્યારે દેખાય છે કે બાલમંદિરની જેટલી જરૂર ગામડાનાં બાળકોને છે તેટલી જ શહેરના બાળકોને છે; જેટલી ગરીબના બાળકોને છે તેટલી જ શ્રીમંતોનાં બાળકોને છે; જેટલી પછાત કોમના બાળકો માટે છે તેટલી આગળ પડતી કોમો માટે છે. એટલે બાળકો પરત્વે તો અમારી દૃષ્ટિએ શહેર કે ગામડું, ગરીબ કે શ્રીમંત એવો વિચાર કર્યા વગર બાળક માત્રનો વિચાર કરવાની વિશેષ જરૂર દેખાય છે ગરીબનાં છોકરાંને ભૂખમરાનો ને અપૂર્ણ અન્નનો પ્રશ્ન હશે તો શ્રીમંતોનાં છોકરાંઓને વધારે પડતું પૌષ્ટિક અને પ્રમાણથી વધારે ને જોઈએ તે રૂપમા ન મળવાનો પ્રશ્ન હશે આપણો મૂળ પ્રશ્ન તો એ છે કે આપણા દેશના તમામ બાળકો શરીરથી ને મનથી તંદુરસ્ત હોવા જોઈએ, તેમની બુદ્ધિ ખીલવી જોઈએ; તેઓ હાથ પગ વાપરતા થવા જોઈએ. અને તે દૃષ્ટિએ મોટા શહેરથી તે નાનાં ગામડા સુધીના બધા બાળકો માટે આવી યોજનાઓ હોવી જોઈએ. તેથી બાળકોની શારીરિક તપાસ, બુદ્ધિમાપન, બાળકોની બાળવાડી. મોટા બાળકો માટે ઉદ્યોગાલય ને વાચનાલય-વગેરે બધુ. બાળકો માટે આવશ્યક છે.

અત્યારે તો આપણે કોઇ કોઈ વખતે આવું કરી દેખાડીને જાગૃતિ ઉત્પન્ન કરીએ છીએ. આપણી બધી જરૂરિયાત તો આ કાર્યો દરેક શહેર અને ગામડામાં હમેશને માટે રચાવાં જોઇએ. આશા છે કે મહિલા-સંસ્થાઓ તેમ જ યુવક મંડળો તેમાં વધુ ધ્યાન આપવા લાગશે તેમ તેમ આ કાર્ય કાયમી યોજનાથી ને ઓછા ખર્ચથી થવાની શકયતા વધશે અને બાળકોના સર્વાંગી વિકાસનું કાર્ય વધુ સરળ થશે.

તા.

યુરોપનું બાળશિક્ષણ

(ગયા અંકથી ચાલુ)

જે મોન્ટેસોરી શાળાઓ અમે જોઇ તેમાંની ત્રણ શાળાઓનું વર્ણન ગયા લેખમાં આપ્યું છે. બીજી એક મોન્ટેસોરી શાળા લંડનમાં કોન્વેન્ટ ઓફ અસંશનમાં જોઈ. ત્યાં જગ્યા, સાધનો અને શિક્ષકવર્ગ–ત્રણેય સારાં હતાં. પણ આગળથી નક્કી નહિ કરવાથી અમને માત્ર એક જ વર્ગ સારી રીતે જોવાનો મળ્યો. ત્યાં તદ્દન નાનાંનો અને વચલાંનો, એવા બે વર્ગ સંપૂર્ણપણે મોન્ટે. પદ્ધતિથી ચાલતા હતા. ત્યાર પછીના વર્ગમાં શક્ય તેટલી મોન્ટે. પદ્ધતિ રાખવાનો પ્રયાસ હતો. પણ હોલેન્ડમાં ૯ થી ૧૨ વર્ષનાં બાળકો માટેનો જેવો ખરો મોન્ટે. વર્ગ જોયો તેવો અહીં ન હતો. અહીં નાનાં બાળકોની કવાયત ચાલતી હતી. તેમાં ખાસ નવીનતા લાગી નહિ. એ કાંઈ મોન્ટેસોરી પદ્ધતિથી ચાલતી નહિ.

એકંદરે આ શાળા પહેલા બે વર્ગો પૂરતી સારી ચાલતી હતી. પણ અમને જોવાનો વધુ વખત ન મળ્યો. ઉપરાંત, અમને બતાવવા માટે કોઈ નવરું ન હતું તેથી, પ્રશ્નો પૂછીને જે જાણી શકાય તેવી તક ન મળી. ઉપલા વર્ગની એક શિક્ષિકા અમને બીજા વર્ગમાં મૂકી, અને પોતાના વર્ગમાં ચાલી ગઇ, આમ જ બધે કર્યું: એટલે પ્રમાણમા જોવાનું ઓછું જ મળ્યું

મોન્ટેસોરી ટ્રેઇનિંગ કોલેજ, ક્રેનવુડ, ક્રેનલે અને કોલેજમાં જ એક નાનો મોન્ટેસોરી વર્ગ ચાલુ હતો તે જોવા મળ્યો. ક્રેનલે ગામ બહુ નાનુ છે

આપણે ત્યાં હોય છે એના કરતા ય નાના, એટૂતનાં ઘરો હતાં. પણ એ દેશના આવા ગામમા પણ શહેરની માફક રસ્તા, દુકાનો, વીજળી, સંડાસ વગેરે સગવડ હતી. પણ અહીંઆ ફી આપીને મોન્ટેસોરી-શાળામાં બાળકોને મોકલનાર ડોકટર, વ્યાપારી વગેરે થોડા હોવાથી સંખ્યા ઘણી જ ઓછી. માંડ વીશની અંદર હતી, અને એક જ નાનો એવો વર્ગ હતો. ટ્રેઇનિંગ કોલેજની પ્રેકટીસિંગ સ્કૂલ તરીકે આ શાળા વધુ નાની હતી; બાકી જે કાંઇ કામ થતું તે મોન્ટેસોરી પદ્ધતિએ બરાબર જ હતું.

આમ મોન્ટેસોરી ટ્રેનિંગ કોલેજની દૃષ્ટિએ અમને જેટલી શાળાઓ જોવાની મળી એમાં આ શાળા જ પ્રમાણમાં વધુ સારી લાગી. અહીં એક સ્વતંત્ર ઘર, આસપાસ બગીચો અને ફળ અને શાકભાજી માટેની નાની વાડી હતી. છોકરીઓને રહેવાનું અને ભાવાનું ત્યાં જ હતું. કરકસરથી પણ સુંદર વ્યવસ્થા હતી. શહેરથી ઘણે જ દૂર, બેતરોથી ય દૂર માઈલ દોઢ માઈલ દૂર એકાદ સ્વતંત્ર બંગલામા હોવાને લીધે, શાંતિ અને પ્રકાશ સારાં હતાં. સુંદર અને આનંદજનક નૈસર્ગિક વાતાવરણને લીધે વિદ્યાર્થીઓને સારી મદદ મળતી.

આ ટ્રેનિંગ કોલેજના પ્રિન્સિપાલ ડો. કલેરમન્ટ અને વાઇસ પ્રિન્સિપલ–એમના પત્ની મિસિસ કલેરમન્ટ, બેઉ જણ અત્યંત વિદ્વાન છે. ડો કલેરમન્ટે ઘણાં પુસ્તકો લખ્યાં છે; મીસીસ કલેરમન્ટ એમ એ. હોવાથી મોન્ટેસોરી પદ્ધતિના ઇતિહાસ–શિક્ષણ ઉપર ખાસ અભ્યાસ કર્યો છે. એણે આ માટે મહેનત લઇને ૧૫–૨૦ પુસ્તકો પણ તૈયાર કર્યાં છે. આ બેઉ જણનો સ્વભાવ સરસ છે અને કામમા મગ્ન છે.

અહીંનો અભ્યાસક્રમ એક, બે અને ત્રણ વર્ષનો હોય છે. મેટ્રિક થયેલા માટે એક વર્ષનો; તેનાથી ઓછું ભણેલા માટે બે વરસનો; અને તેથીય ઓછું ભણેલા માટે ત્રણ વરસનો. ટ્રેનિંગ કોલેજનો બધો અભ્યાસ અહીં થતો

ડો. કલેરમન્ટ એંજિનિયરિંગમાં નિષ્ણાત હોવાને લીધે ત્યાંના હસ્ત–વ્યવસાયમાં ઘણી નવીનતા જોઇ. સાદા મિકેનિકસના તત્વોવાળાં ઘણાં રમકડાં ત્યાં એણે પોતે તૈયાર કરેલા હતાં આમજ

વિદ્યાર્થીઓ એવી જાતનું કામ કરતા હતા એમ એણે જણાવ્યું.

આ સંસ્થામાં અમે સવારથી સાંજ સુધીનો આખો દિવસ ગાળ્યો. આ બધો વખત અમે જોવામાં અને કન્યાઓ સાથે વાતોમાં ગાળ્યો.

લંડન મોન્ટેસોરી કેન્દ્ર

ખુદ લંડનમાં પણ એક મોન્ટેસોરી કેન્દ્ર ચાલુ છે. હમણાં જ તેમને નવીન જગ્યા ભાડે મળી છે. ત્યાં એક સુંદર કેન્દ્ર ચલાવવાની એ લોકોની ઇચ્છા છે. અહીંથી સુંદર સાધનો અને સાહિત્ય મળે એવું કરવાની એમની યોજના છે. અહીં ટ્રેનિંગનો વર્ગ પણ ચાલતો હતો.

અહીંના મુખ્ય કાર્યકર્તા મિસ ચાઈલ્ડ અને મિસ હોમ્ફ્રે છે. લંડનના મોન્ટેસોરી એસોસિએશનના અધ્યક્ષ ડો. સ્માર્ટ આ કેન્દ્ર પાછળ ખૂબ જ ધ્યાન આપે છે.

અહીં ૬૦ છોકરીઓ હતી. અભ્યાસક્રમ ૭ માસનો હતો. આખો દિવસ પોતપોતાના કામ પર જઇને સાંજે ૬ થી ૮ સુધી અભ્યાસક્રમનાં વ્યાખ્યાનો માટે એ આવતી. ડો, મોન્ટેસોરીનાં જ વ્યાખ્યાનો અહીં વાંચીને સમજાવવામાં આવે છે.

વ્યાખ્યાન સાંભળીવાનું અને મટિરીઅલ બુક તૈયાર કરવાનું કામ અહીં થતું; કાઉન્ટી કાઉન્સીલની અને બીજી ઘણી સ્ત્રીઓ અહીં અભ્યાસ કરીને બહાર જાય છે.

સ્વતંત્ર રીતે એક મોન્ટેસોરી શાળા ચલાવવી એવી એની ઇચ્છા છે, અને જલદીથી એ શરૂ થઈ શકશે એવી એણે આશા વ્યકત કરી.

ત્યાં સાધનો ઘણાં જ થોડાં. એક ટેબલ ઉપર જ બધાં હતાં. ભાષાસાહિત્યમાં એમણે પોતે જ લખીને પુસ્તક રૂપે પ્રગટ કરેલ તે જ.

સામાન્ય રીતે, લંડનનું મોન્ટેસોરી કેન્દ્ર એટલે તો બધાં કરતાં સુંદર, મોટું હશે અને ત્યાં સાહિત્ય અને સાધનો ઘણું જોવાનાં મળશે એમ જે અમે ધારેલું તે આશા ખોટી ઠરી. હા, ત્યાંના બધા કાર્યકર્તા ખૂબ વિજ્ઞાન, સુંદર છે એમાં તો શંકા જ નથી. આ લોકો એક નિષ્ઠાથી અને મુશ્કેલીઓ આવે તેનો તોડ કાઢતા જઈને, ડો. મોન્ટેસોરી માટેના સન્માનથી કામ કર્યે જાય છે. એમની એ ભક્તિથી એ ૪૦ વર્ષથી કામ કરે છે છતાં હજુ શરૂઆત હોય એવી દશા જોઈ ત્યારે ખૂબ જ દિલગીરી લાગી. આમ કેમ હશે, એ પ્રશ્ન સમજવા અમે પ્રયત્ન કર્યો. આમ છતાં સંતોષકારક ઉત્તર અમને ન જ મળ્યો.

ઉપર પ્રમાણે બીજું ય બે અધ્યાપન મંદિર જોવાનાં મળ્યાં. એક હતું ડેન્માર્કમાં કોપનહેગનના એક પરામાં એક નાની જગ્યામાં એ ચાલતું હતું. એ ચાલુ સ્થિતિમાં અમે જોઈ ન શકયા, પણ તેની મુખ્ય અધ્યાપિકા બાઇ મીસ હોફને મળવા અમે સાંજે જઈ શકયા. આ બાઇ વિદ્વાન ઉપરાંત લેખિકા છે. મોન્ટેસોરીની શિષ્ય હોવાથી અને વર્ષો સુધી, મોન્ટેસોરી પદ્ધતિની સામે આવતી અનેક મુશ્કેલીઓનો તોડ કાઢયો છે. તેના લેખો, પુસ્તકો, ભાષણો, ચર્ચાઓને લીધે ત્યાંનું વાતાવરણ પુષ્કળ બદલાઇ ગયું છે એમ અમને લાગ્યું. શરૂઆતની મુશ્કેલીના અને એકાકીપણાનો કાળ હવે જવા લાગ્યો છે અને હવે સારા દિવસો આવ્યા જણાય છે. અમને આ સંસ્થાઓ બતાવવા માટે સરકારી અધિકારી આવેલા હતા. ત્યાંની સરકારી પ્રાથમિક ટ્રેનિંગ કોલેજમાં ડો. મોંટેસોરીના સિધ્ધાંતો માટે ખૂબ સન્માન જોયું; એ લોકો એ સિધ્ધાંતોના આચરણ માટે પ્રયત્ન પણ કરે છે. આ બધાનો યશ આ બાઇના કામને જ આભારી છે એ છાપ અમને ત્યાં પડી. તેના કામમાં આટલી સ્થિરતા આવી તેનાં બીજાં કારણો પણ છે. ત્યાં મોંટેસોરી પદ્ધતિના એક પુરસ્કર્તા ગૃહસ્થને લીધે શિક્ષણ પદ્ધતિના નવા પ્રયોગો માટે એક સંસ્થા ઊભી થઇ છે અહીં મિસ હોફનું અધ્યાપન મંદિર સુંદર ચાલે છે તેથી તેને સરકાર તરફથી આર્થિક મદદ પણ મળે છે.

આ બાઇના બાલમંદિરની એક કોટડીમાંની એક નાની ચોકી ઉપર જ બેસીને અમે વાતો કરી.

વાતવાતમાં સાધનોની ચર્ચા ચાલી. તરત જ એણે ઊભા થઇને, પોતે કરેલાં સાધનો બતાવ્યાં.

સર્પ-રમત (સ્નેક-ગેમ) કેટકેટલી રીતે રમી શકાય છે તે અમને એ બતાવવા લાગી. એની વાતોમાં અમે કયાં હતા, કેટલો સમય ચાલ્યો ગયો એનું ભાન ન રહ્યું. ત્યાંથી નીકળતી વખતે અમને એવું લાગ્યું જાણે કે અમે કોઇ સ્વજનને મળીને પાછા ફરતા હતા. ત્યાં આટલો જ સમય રહેવાનો મળ્યો એથી અમને દુઃખ થયું.

બીજું અધ્યાપન મંદિર હોલેન્ડનો આમસ્ટરડામમા મ્યુનિસિપાલિટી ચલાવે છે. આ અધ્યાપન-મંદિરની વ્યવસ્થાપક સમિતિમાં ડો. મોંટેસોરી, મિસિસ જ્યુસ્ટન (આ પણા શ્રી જર્યુટિનના માતુશ્રી) વગેરે સભ્યો છે. ત્યા બે વર્ષનો અભ્યાસક્રમ છે. છોકરીઓની હાઇસ્કૂલના મોટા મકાનમા આ વર્ગને માટે એમને એક કોટડી આપવામા આવી છે. ત્યા એકી સાથે બેઉ વરસની મંડળીનો વર્ગ ચાલી શકે નહિ; એટલે એક વર્ગ ગામડામા અવલોકન માટે જતો અને ત્યારે બીજો વર્ગ

સાધનોથી રમતો; વળી ત્યા વ્યાખ્યાન પણ ચાલતા. આ વર્ગ ચલાવનાર બાઈ મૂળ વિદ્વાન અને આ પદ્ધતિની નિષ્ણાત લાગી. મોંટેસોરી કુટુંબનું એ મૂળ સ્થાન હોવાને લીધે તથા મિસિસ જ્યુસ્ટનની ત્યાં સુંદર શાળા ચાલે છે એટલે આ વર્ગમાં પદ્ધતિનું શિક્ષણ મૂળ જ અદ્યતન જણાયું. જે કોઈને આ પદ્ધતિનું મૂળ સ્થાન જોઇને અભ્યાસ કરવો હોય એણે આમસ્ટરડામમાં આવવું જોઇએ એમ લાગે છે. ત્યાં મૂળ જ જાણવાનું ને જોવાનું મળે તેમ છે.

પણ આવા અધ્યાપનને માટેય ત્યાં માત્ર બે સારા ઓરડા ય નથી એ દરિદ્રતા જોતાં એમ એમ થાય છે કે આવી મુશ્કેલી ! ! મનમાં દુઃખ ઊભરાઈ આવે છે.

નવીન વિચારોને હંમેશા સ્થાપિત થતા અને પ્રતિષ્ઠા પામતા ઘણો વખત લાગે છે; અનેક કાર્યકર્તાઓએ એ વિચારો અને આદર્શોને કાજે જીવન આપવાં પડે છે, મૂણામા બેસી વર્ષો સુધી તપશ્ચર્યા કરવી પડે છે અને પછી જ તે જગતવ્યાપી બને છે: આ સત્ય આ સંસ્થા જોતાં ખરું લાગ્યું.

તારાબેન મોડક

જોઇએ છે

નવા શરૂ થતા બાલમંદિર માટે
ગુજરાતી અને મરાઠી જાણનાર
મોન્ટેસોરી ટ્રેઇન્ડ શિક્ષક અથવા શિક્ષિકા
લખો : વીરેન્દ્ર અઢિયા, દહાણું. (જિ. થાણા)

સંઘનું શિક્ષણ-સાહિત્ય

મોન્ટેસોરી શિક્ષણ પ્રચાર માળા
લે : ગિજુભાઇ અને તારાબેન
પાના ૧૭૧ કિ. ૧-૮-૦ થોડી જ નકલો

બાળક ! માબાપોનો-અણઉકલ્યો કોયડો
તારાબેન મોડક : લીલા ભાગવત
૦-૪-૦

બીરબલ મસલી-ચિત્રવાર્તા
બાળશિક્ષણવિધાતા ગિજુભાઇની
લખેલી ત્રણ રંગમાં છપાએલી.
૧-૮-૦

વી. પી. ખરચ જુદું
લખો : **શ્રી મંત્રી, નૂતન બાળશિક્ષણ સંઘ**
શાતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬.

એપ્રિલ, ૧૯૫૦

ચાલો બેસવા

છૂક છૂક કરતી ગાડી આવે,
ચાલો બેસી જઈએ.

એન્જિન સુ સુ કરતું આવ્યું,
ડબ્બા દોડી આવ્યા,
ધીમી ગાડી એ બની જતાં,
આપણે ગોઠવાયાં.

ભોં ભોં કરતી મોટર આવે,
ચાલો બેસી જઈએ.

'બસ થોભો' કહેતાં કહેતાં
પેસેન્જરને દોડાવે;
એકે એકે ચઢતાં ચઢતાં
મોટર એકદમ ચાલે.

ખડખડ કરતું ગાડું આવ્યું,
ચાલો બેસી જઈએ.

ચીલે ચીલે ચાલતું એ
ધીમે ધીમે હાલે;
આવી દેખી સૌ કોઈ આવે
રાજીથી બેસાડે.

મૂળદેવ પંડ્યા

અજબ સાહસ

એક હતો છોકરો. તેનું નામ રમણ હતું. રમણને નાનપણથી જ કસરત કરવાનો બહુ શોખ હતો. તે રોજ સવારમાં વહેલો ઊઠતો, દંડ બેઠક કરતો અને સવારના પહોરમાં એકાદ માઈલ દોડતો. આમ રોજ રોજ રમણ કસરત કરતો. દરરોજ એને આ પ્રમાણે કસરત કરતો જોઈ બીજા લોકો તેની મશ્કરી કરતા અને તેને કહેતા, "વાહ ભાઈ! તું તો ગામા પહેલવાન થવાનો; કામ ધંધો કરવો નહિ અને આખો દિવસ

તાગડધિન્ના કરવા!" આવું રોજ રોજ રમણને સાંભળવું પડતું, છતાં પણ રમણ કોઇને ગણકારતો નહિ અને પોતાની કસરત નિયમિત જારી રાખતો. તેનું શરીર આથી ખૂબ કસાયું હતું.

એક દિવસે અચાનક ગામમાં ધૂમ પડી કે એક ફૂતરું હડકાયું થયું છે, અને ગામના કેટલાય માણસોને કરડયુ છે. ગામના કોઇ પણ માણસની એને મારવાની જીગર ચાલતી નથી. એક માણસે રમણને આ વાત કરી. રમણ વિના બીજો કોણ આ ફૂતરાને મારી શકે? રમણને બોલાવવામાં આવ્યો. રમણે તરત જ તે કામ માથે લીધું.

થોડી વારે અચાનક ત્યાંથી હડકાયુ ફૂતરું નિકળ્યું. બધી જગ્યાએ હો હો થઈ રહી. કટલાક આજુબાજુએ નાસી ગયા. કોઈ ઓટલા ઉપર ચઢી ગયા તો કોઇ રકુ ચક્કર થઈ ગયા. માત્ર રમણ ત્યાં નીડરપણે ઊભો રહ્યો. ફૂતરું તો સીધું રમણ તરફ ધસ્યું. હમણાં કરડશે હમણાં કરડશે એમ સૌને લાગતું હતું. ફૂતરે રમણને કરડવા માટે ફૂદકો માર્યો, તેવો જ રમણે તેને ગળામાંથી પકડયો અને જોરથી નીચે પછાડયો. એ જ પળે તેનો પ્રાણ રમી ગયો. લોકો રમણને શાબાશી આપવા લાગ્યા. ત્યાર પછી તો બીજા લોકો પણ રમણને પગલે કસરત કરવા લાગ્યા. ગામમાં નવી હિંમત જગી.

જશભાઇ ઝ. પટેલ

લક્ષ્મીને સૂઝયું

બધાં એને બોડિયો કહેતાં; પણ એનું બરું નામ તો નારાયણ હતું. એને પગે બોડ હતી, એટલે એને બધાં બોડિયો કહેતા. એ પોતાનું શરીર ઘસડી ચાલતો હતો. એના ઘરમાં એકલીં એની દાદી જ હતી.

બોડિયાનું ઘર મોટી ચાલમાં હતું. ચાલમાં ઘણાં છોકરાં રમતાં હતાં. બપોરે એ ભણવા જતાં. સાંજના બો બો,, હુતૂતૂ વગેરે રૈા એ વાડીમાં રમતાં. બોડિયો જાળીમાંથી આ બધી રમતો જોતો.

બોડિયા પર બરી માયા તો લક્ષ્મી રાખતી, એને એ થોડું ભણાવતી, વાંચવા ચોપડી આપતી, નિશાળમાં આંક શીખી આવી બોડિયાને શીખવતી.

બોડિયાને એ કદી "બોડિયો" કહેતી નહીં; એ બધાંને કહેતી કે એનું બરું નામ તો નારાયણ છે. એને બોડિયો કહો તો બિચારાને બોટું ન લાગે? આ બોડિયો બહુ હસતો છોકરો હતો. એ કશું બોંતાના મન પર લેતો નહિ

૨૬ મી જન્યુઆરીએ આપણો દેશ સ્વાતંત્ર્ય–દિન ઉજવવાનો હતો. શહેરનાં બધાં સરકારી મકાનો પર, સરકારી બાગ બગીચામાં, ફુવારા પર રોશની થવાની હતી.

લોકોને ત્રણ દિવસની રજા પડવાની હતી. દરેક ચાલીમાં રોશની જેવા જવાની વાતો ચાલતી હતી.

૨૬ મી આવીને ઊભી. સૌએ પોતાને ગમે તેમ અને ત્યાં જવા માંડ્યું. પણ લક્ષ્મીને કંઈ ચેન પડતું નહિ. "નારાયણને કોણ લઈ જશે?" એનો વિચાર એને આવ્યો. લોકોમાં વાતો થતી, "બાગ, બગીચા, ફુવારાઓ, મોટાં મોટાં મકાનો પર લાલ, લીલી, ભૂરી બત્તી થઈ છે; મુંબઈ પરીનગર જેવું જાણે થઈ ગયું છે!" લક્ષ્મીને આ સાંભળી પેલા ખોડિયાને આ બધું બતાવવાનું મન વધારે થતું.

લક્ષ્મીને સૂઝયું, લલ્લુ મોટરવાળાના તબેલામાં એક જૂની બાબાગાડી પડી છે. થોડા દિવસ પછી તો એ ગાડી વેચી નાખવાનો છે. હું એમાં ખોડિયાને બેસાડી લઈને જઉં? લક્ષ્મીને તો વિચાર આવ્યો ને ગઈ લલ્લુ પાસે.

"લલ્લુ મામા, મારે તમારી પાસેથી એક ચીજ જોઈએ છે."

"શું?" લલ્લુએ પૂછ્યું.

"તમારી બાબા ગાડી એક દિવસ માટે મને આપો."

"બાબા ગાડી, તારે વળી બાબા ગાડી શું કામ જોઈએ.?"

"આ ખોડિયાને દીવા બતાવવા માટે. હું એમાં એને બેસાડીને લઈ જઈશ. તમને વાંધો છે?" લક્ષ્મીએ પૂછ્યું.

"ના, જરા પણ નહિ, લક્ષ્મી! જરૂર હું તે આપીશ. ખોડિયાને નશીબે જ એ રહી છે, નહિ તો પેલા લક્ષ્મીનંદનને પૉલિશ ને સાફ કરાવીને પાણીને મૂલે આપી જ દેવાની છે."

લક્ષ્મી બાપા પાસે ગઈ. "મોટાભાઈ! આપણે ચાલતાં જવાનાં છીએ. ખોડિયા માટે લલ્લુએ બાબા ગાડી આપી છે. હું એમાં એને બેસાડીને દીવા જોવા લઈ જઈશ, હોં!"

'જરૂર! તું થાકી જઈશ ત્યારે હું તને ખોડિયાની ગાડી ઢસડી આપીશ.'

લક્ષ્મી તરત જ નારાયણ પાસે ગઈ ને કહી આવી:

"નારાયણ! તૈયાર થા; હું તને આજે દીવા જોવા લઈ જઉં છું."

"તારાથી મને કેમ લઈ જવાશે?"

'તું જો તો ખરો.' અને ખોડિયાના આનંદનો તો પાર ન રહ્યો.

આખી ચાલીમાં વાત પ્રસરી ગઈ બધાને થયું, લક્ષ્મી એકલી આપણા શહેરમાં કેવી રીતે બાબા ગાડી લઈને જશે? એટલે ગામનાં છોકરાંઓ પણ સાથે જવા તૈયાર થઈ ગયાં. એક થાકે ને બીજું ચલાવે.

ખોડિયાએ ૨૬ મીની દીવાબત્તી જોઈ. છોકરાંઓએ ૨૬ મી ઊજવી અને ખોડિયાએ પણ ૨૬ મી ઊજવી. કેવો સૌનો પ્રેમ!!

કપિલા ઠાકોર

સુરેશ અને દિનેશ

૧

સુરેશ નિર્યમિત નિશાળે જતો હતો. નિશાળેથી આપેલા પાઠ ઘેરથી તૈયાર કરીને જતો હતો. સવારે એ વહેલો ઊઠતો હતો. દાતણ કરીને તરત જ નાહી લઇ વાંચતો હતો. લખવા આપેલું કામ લખતો હતો. વર્ગ-શિક્ષકના કહ્યા પ્રમાણે તે બધું જ કરતો હતો. શિક્ષકનો આથી તેના ઉપર ઘણો પ્રેમ હતો. તે વિનય બન્યો હતો. બધા સાથે તે વિનયથી વર્તતો હતો, અને તેથી બધા તેને પ્રેમથી બોલાવતા હતા.

નિશાળના બાગનું કામ કરતાં એ શરમાતો ન હતો. તેને વાર્તા કહેતાં સુંદર આવડતી હતી. બધા વચ્ચે તે શરમાયા સિવાય બોલી શકતો હતો. નિશાળમાં સંવાદ હોય ત્યારે તે પોતાનો પાઠ સારી રીતે કરી બતાવતો. નાનો હતો પરંતુ એ કાંતતાં શીખી ગયો હતો; દરરોજ કાંતવાનો તેણે નિયમ લીધો હતો; બધાં જ કામો તે હોંસથી કરતો હતો.

પોતાનાં કપડાં તે જાતે જ ધોઈ નાખતો. તેના શરીર ઉપર હમેશાં ધોએલાં ને સ્વચ્છ કપડાં જ માલમ પડતાં. માથું ઓળ્યા વિના કે બટ્ટન વિના તે કદાપિ નિશાળે ન જતો.

આજે સુરેશ પ્રથમ નંબરે પાસ થઇ ગયો હતો, છતાં નિયમિત વાંચવા લખવાનું ન ભૂલતાં એ આજે ય નવા પાઠ તૈયાર કરતો હતો.

૨

દિનેશ નિશાળમાં મોડો જતો ત્યારે શિક્ષક પૂછતા, "કેમ મોડું થયું ?" ત્યારે તે જવાબ આપતો, સાહેબ ! "આજે મોડું ઊઠાયું !"

દિનેશને નિશાળે જવાનું ગમતું ન હતું. વળી તેને મોડા ઊઠવાની ટેવ હતી. શિક્ષક તેને ઘણી વાર કહેતા કે મોડા ઊઠવાથી આળસુ બની જવાય છે. છતાં તે મોડો ઊઠતો, એટલે નિશાળે આવતાં પણ મોડું થતું. જ્યારે તે નિશાળમાં પહોંચતો તે પહેલાં ઘણું લેસન ચાલી જતું. અને પાછળથી એ એટલું શીખી શકતો નહિ.

આપણે જેવી ટેવ પાડીએ તેવી ટેવ પડે છે. જેમ એને મોડા ઊઠવાની ટેવ પડી ગઇ, તેવી રીતે વહેલા ઊઠવાથી વહેલા ઊઠવાની ટેવ પડી જાય છે; "વહેલા સૂઈ વહેલા ઊઠવાથી બળ, અને બુધ્ધિ વધે છે." છતાં શિક્ષામણ પ્રમાણે તે વર્તતો ન હતો; કપડાં પણ તે મેલાં પહેરતો, ધોવાની તેને દરકાર ન હતી. તેના બા જ્યારે કહે ત્યારે જ તે ધોવા નાખતો. તે નિયમિત નહાતો પણ ન હતો. તેના શરીરે ચામડીનો રોગ દેખાતો હતો.

એ બધાંને ટુકારાથી બોલાવતો હતો. તેનામાં વિનયનો ગુણ આવ્યો જ ન હતો; કારણ કે સૌની શિક્ષામણને એ આ કાનેથી સાંભળી બીજા કાને કાઢી નાખતો હતો. તે નિયમસર કોઇ પણ કામ કરતો ન હતો.

આજે દિનેશ નાપાસ જાહેર થયો હતો.

પાસ થનાર છોકરાંઓ હસતાં હતાં, ત્યારે તેનું મોં વીલું પડી ગયું હતું ! બિચારો દિનેશ !

પુરુષોત્તમ હ. પટેલ

સરકાર આજે હવે પૂર્વ પ્રાથમિક શિક્ષણ પ્રત્યે ઊંડો રસ લઇ રહી છે એ માટે આનંદ વ્યક્ત કરી અભિનંદન આપ્યાં હતાં, અને નિરીક્ષકોની પાસેથી આશા રાખી હતી કે એમના ઉત્સાહથી આ કામમાં નવો વેગ મળો.

શ્રી. ઈંદુબેન શેઠ હિંદીમાં પ્રવચન કરતાં કહ્યું કે અહીં આવી તાલીમ લેવાની તક નિરીક્ષકોને મળી છે એ આનંદની વાત છે. પૂર્વ પ્રાથમિક શિક્ષણનો કાળ અત્યંત મહત્વનો છે અને આ માટે શિક્ષકોનું, નિરીક્ષકોનું સંચાલકોનું દૃષ્ટિબિંદુ–વલણ–બદલાવાની જરૂર છે. તમે નિરીક્ષકો બારશો તો બાળાપોનો સહકાર લઈ ઘણું કાર્ય કરી શકશો. તમે જ્યાં જ્યાં જશો ત્યાં ત્યાં એ દૃષ્ટિ આપો અને એમ આપણું શિક્ષણકાર્ય આગળ વધાવો.

મુંબઇને આંગણે મોન્ટે. કોર્સ

ગયા માસથી મોન્ટેસોરી આંતર રાષ્ટ્રીય સ્થાનિક શાખા તરફથી ચાર માસ માટે 'મોન્ટેસોરી તાલીમ વર્ગ' શરૂ થયો છે અને તેનું મંગળ ઉદ્‌ઘાટન મુંબઇના ગવર્નર નામદાર રાજા મહારાજસિંગે કર્યું છે. બસોએક જેટલાં બાઈ-બહેનો એનો લાભ લઇ રહ્યાં છે. ડો. મોન્ટેસોરીના અંગત મંત્રી જેવા અને પદ્ધતિના નિષ્ણાત શ્રી. જસ્ટસ્ટન એના સંચાલક છે એથી આખા વર્ગમાં નવું તેજ જણાય છે. શ્રી. ધુરંધર, શ્રી. ઇન્દુબેન શાહ વગેરેનો ઉત્સાહ પ્રશંસાપાત્ર છે. બાળશિક્ષણની નવી દિશામાં જેટલું વધુ કાર્ય થાય છે તેટલો દેશ વધુ જલદી સમૃદ્ધ થશે એવી આશા સેવાય છે. એ વર્ગના સૌ કાર્યવાહકોને અમારા હૃદયનાં અભિનંદન.

જ.

મે–જુનનો સંયુક્ત અંક

અત્યારે શિક્ષણ–પત્રિકા ૨૦મી તારીખે રવાના થાય છે. ઘણાંને એ મોડું લાગે છે. આથી હવેથી શિ. પ. દર માસે દસમીએ પ્રગટ થશે. આ ફેરફારને કારણે મે–જુનનો સંયુક્ત અંક હવે જુનની દસમીએ પ્રગટ થશે. સર્વ ગ્રાહકોને આની નોંધ લેવાની વિનતિ છે. સંપાદક.

સરલા–સદન

સર્વદેશીય બાલશિક્ષણ કેન્દ્ર, જુહુ રોડ, સાન્તાક્રુઝ, મુંબઇ ૨૪

શિક્ષકો જોઇએ છે

સંસ્થાના શિશુ–કુંજ અને કિશોર–કુંજ માટે નિષ્ણાત, ભાવનાશીલ શિક્ષકો જોઇએ છે. વિજ્ઞાન, હસ્તકળા, ચિત્ર, કલાયત વગેરેમાં રસ ધરાવનારા અનુભવી શિક્ષકોએ જ અરજી કરવી.

અદ્યતન પદ્ધતિ સુંદર વાતાવરણ ભવ્ય ઈમારત

પ્રાથમિક વર્ગોમાં જુનથી થોડા વધુ બાળકો લઈ શકાશે.

પરગામ બાળકોને લાવવા લઈ જવા માટે બસની વ્યવસ્થા.

સંચાલક:–સરલાબેન નાણાવટી પ્રિન્સિપાલ:–જયકુમાર દાણી

...નું સર્વ સાહિત્ય

...કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ, મુંબઈ ૧.

ટે. નં. ૨૦૪૪૩ ટેલીગ્રામ. Deshikothi

ક્યાંથી ખરીદી કરશો ?

મુંબઇના

સૌથી અપ-ટુ-ધ-મિનિટ સ્ટોરમા
પધારો

સુતરાઉ, ગરમ તથા રેશમી કાપડ ફરનીશીંગ તથા હાઉસહોલ્ડ લિનન બનારસી સિલ્ક સાડીઓ, જુદા જુદા ફિલ્મજત રંગોમા — બ્લાઉઝ પીસીઝ, વેસ્ટર ગુડઝ

ભેટ આપવા લાયક નોવેલ્ટીઝ
ઊંચી ક્વોલિટીનો માલ
વાજબી ભાવથી મળશે.

બોમ્બે સ્વદેશી કોઓપરેટીવ સ્ટોર્સ, લિમિટેડ.

સર ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ મુંબઈ.

શાખાઓ.

મહાત્મા ગાંધી રોડ, પૂના — જેમ્સ સ્ટ્રીટ, સિકંદરાબાદ

નૂતન બાલશિક્ષણ સંઘ

સભ્યત્વ

સામાન્ય સભ્ય રૂા. ૪ સક્રિય સભ્ય રૂા. ૪
સહાયક સભ્ય રૂા. ૭
સંસ્થા—જોડાણના પ્રતિનિધિ રૂા. ૧૦

આજીવન સભ્યો

પ્રદાતા રૂા. ૧૦૦૦ દાતા રૂા. ૫૦૦
શુભેચ્છક રૂા. ૨૫૦ હિતેચ્છુ રૂા. ૧૦૦

— વધુ માહિતી માટે લખો —

શ્રી બાબીબેન મૂલજી
શાતારામ નારાયણ લેન, મુંબઇ ૬

શિક્ષણ પત્રિકા

હિંદી—મરાઠી—ગુજરાતી

લવાજમ ચાર રૂપિયા
પરદેશમાં ૬ શિલિંગ
છૂટક નકલ ૬ આના

—પત્રવ્યવહાર—

શ્રી. બાબીબેન મૂલજી
'શિક્ષણ પત્રિકા' કાર્યાલય
શાંતારામ નારાયણ લેન, મુંબઈ ૬.

આગ—અકસ્માત—જિંદગી

મોટર હરિયાઈ વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને સંતોષકારક મહેનતાણું :
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—
૩૧૫-૩૨૧ પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ
મુંબઇ.

મુદ્રક અને પ્રકાશક શ્રી બાબીબેન મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ ૬
મુદ્રણ સ્થળ રમેશ પ્રિન્ટીંગ વર્કસ ૮ પારેખ સ્ટ્રીટ, પ્રાર્થના સમાજ, મુંબઈ ૪

ભૂદાન ગંગોત્રી અંતર્ગત
શિક્ષણ પત્રિકા

વર્ષ : ૨૫] મે–જુન, ૧૯૫૦ [અંક : ૫–૬



વાર્ષિક લવાજમ

ચાર રૂપિયા

આ સંયુક્ત અંકના

બાર આના



સામાજિક સમતા

સમાજને સર્વ જીવનસાધનો મેળવી આપવાં એ જેમ આવશ્યક છે, તેમ જ સમાજને ચિત્તશુદ્ધિનાં અને ચિત્તશાંતિનાં સાધનો મેળવી આપવાં એ પણ એટલું જ જરૂરી છે.

અધ્યાત્મ એ કેવળ માનસિક નથી. સામાજિક સમતામાં તેનું રૂપાંતર થવું જોઈએ. સમતાનું ક્ષેત્ર એટલે જ અહિંસા અને પ્રેમનું ક્ષેત્ર. તે સતત વધારતા રહેવામાં જ સામાજિક સમતા સાધ્ય થશે. જીવનમાં સાધુત્વથી વર્તવાથી જગતનું સૌજન્ય ટકી રહે છે.

આચાર્ય ભાગવત

: આવતંત્રી :

સ્વ. ગિજુભાઈ બધેકા

: સંપાદક :

તારાબેન મોડક

: સહસંપાદક :

જમુભાઈ દાણી

અનુક્રમણિકા

૧. સેનરેમોનું બાલમંદિર	...	તારાબેન
૨. માતાના અજ્ઞાનથી	...	ખ. ફોટક
૩. આ વડીલો કેવાં?	...	ઈશ્વરાચાર્ય
૪. બાળસ્વભાવનું દર્શન		ચંદુલાલ વ્યાસ
૫. વૈજ્ઞાનિક શિક્ષક કોણ	...	હરભાઈ
૬ બાળ અમે રખડતા	...	મૂળદેવ પંડયા
૭. હોલેન્ડની મોન્ટેસોરી શાળાઓ		તારાબેન
૮. બાળમંદિરમા ભાષાશિક્ષણ		નામબે
૯ પ્રેમ	...	દેવદત્ત પટેલ
૧૦. બાળવિભાગના પાઠો	..	તા
૧૧, ત્રણ અધ્યાપન મંદિરો		સં.

બાલ વિભાગ

૧. કુદરતનો કલાકાર	...	શ્રીકાન્ત જોષી
૨. ચાર પાઠો	...	તારાબેન
૩. વગડાના વાસી	...	પુષ્પા વકીલ
૪. તારા દેખું	...	મૂળદેવ પંડયા
૫. મોટાભાઈની વાતો	...	હ. કા. મહેતા
૬. નહેરુજીનો બાગ	...	શેષ નામલે
૭. બાબાવાડી	...	નિર્મળા શાહ
૮. બાળવીર બોલે છે.		જગદીશ વ્યાસ
૯. રામુની ઉદારતા	...	જશભાઈ પટેલ
૧૦. જાણવા જેવું	...	જમુભાઈ

તંત્રીની નોંધ

૧. સ્વર્ગસ્થ સોનુબેન

સ્વ. ગિજુભાઇએ દક્ષિણામૂર્તિમા શરૂ કરેલ, ભાવનગરના પ્રથમ બાલઅધ્યાપન મંદિરના વિદ્યાર્થિની શ્રી સોનુબેન શામજીનું, એમના વતન જબોમા અકાળ અવસાન થયું છે એ જાણતા અમને અત્યંત દુઃખ થાય છે. તે કાળના અનેક અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એમને ભાગ્યે જ ભૂલી શક્યા હશે. બાળશિક્ષણનો એમનો ઊંડો રસ સર્વવિદિત હતો એમના અવસાનથી બાળશિક્ષણના એક સારા સેવિકા ઓછા થયા છે એમના આત્માને શાંતિ મળો.

૨. ભાવનગરનો બાલકુમાર વર્ગ

ભાવનગરના વડવા વ્યાયામ મંદિર તરફથી શરૂ થયેલ અને હવે સ્થાનિક બાલકનજી-બારીનો સહકાર પામેલ બાળ-કુમાર વર્ગ અને તેની પ્રવૃત્તિનુ નિરીક્ષણ કરતા ખૂબ જ આનંદ થયો. વધુ અવાજ વગર બાળકો ને કુમારોને માટે પંદરેક વર્ષથી આવો તાલીમ, આનંદવર્ગ ચાલે છે. એની પાછળ એના માનદ મંત્રી શ્રી શામજી જમોડ અને તેમના વિશાળ કુટુંબી અને મિત્ર મંડળનો સાથ અને સેવા રહેલા છે. આ વર્ષે આ વર્ગ પંદર દિવસ ચાલ્યો હતો અને ૧૨૦૧ બા-બકુમારોએ એનો લાભ લીધો હતો. બાળકોની માથેની બધી પ્રવૃત્તિઓ મોટા કુમારો જ ચલાવે માટે ૨૦૦ જેટલા શિક્ષકો તથા રક્ષકોને તૈયાર કરવામા આવેલા હતા. શારીરિક તાલીમ ઉપરાંત બાગકામ, કાગળકામ, માટીકામ, વાર્તા, ગીતો, સિનેમા, નાટક, પર્યટન, પશુપંખી પ્રત્યેથી પરિચય તથા આરોગ્ય વગેરે વિષયોનો આમા સમાવેશ કરવામા આવ્યો હતો. માત્ર બાળકોના આનંદને, વિકાસને ધ્યાનમા રાખી ચાલતી આ પ્રવૃત્તિનું અનુકરણ અસંખ્ય શહેરો કરે એમ અમે ઇચ્છીએ છીએ. ગુજરાત બારકન-જી-બારીના પ્રમુખ શ્રી હરભાઈ ત્રિવેદીની સહાય સાથે જમોડભાઈઓ આ પ્રવૃત્તિમા બૂબ સફળતા પામો; એમની આ સેવા બૂબ ફાલો અને ફૂલો.

૩. શિશુ ભારતી

૧૯૩૪મા સ્વ. ગિજુભાઈના વરદ હસ્તે વડોદરામા શરૂ થયેલ 'શિશુ ભારતી'એ આટલા વરસોમા બાલશિક્ષણની દિશામા સારી પ્રગતિ કરી, ગુજરાતના શિક્ષણ વિકાસમાં સારો ફાળો આપ્યો છે. 'શિશુ સેવાસંઘ'ની સ્થાપના કરી આ સંસ્થાની માલિકી સાર્વજનિક બનાવી છે એ એની વિશિષ્ટતા છે. આજે એમને ત્યાં સાત આજીવન સેવક-સભ્યો છે, જેમાંના સંઘના આપણા સુંદર કાર્યકર ભાઈ કમળાશંકર પંડિત ત્યાંના નિયામક તરીકે શિક્ષણમાં રસ લેતી અનેક વ્યક્તિઓએ

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૫ : અંક ૫-૬] મુંબઇ [મે-જુન, ૧૯૫૦

સેનરેમોનું બાલમંદિર

ઈ. સ. ૧૯૪૯ નાં ઓગસ્ટ મહિનામાં, ઇટાલી દેશમાં, સમુદ્ર કિનારે આવેલ સેનરેમો નામના હવામાનને સ્થળે, જે આંતરરાષ્ટ્રીય મોન્ટીસોરી કોંગ્રેસ ભરાઇ હતી ત્યાં આવનાર પ્રતિનિધિઓને લાભ આપવા ખાતર એક બાલ-મંદિર શરૂ કરવામાં આવ્યું હતું. ત્યાં એક પણ ચાલુ મોન્ટીસોરી શાળા ન હતી. હાલમાં આમ્રાય ઇટાલીમાં એક પણ મોન્ટીસોરી શાળા નથી એવી વાત પણ ત્યાં સાંભળેલી. અલબત્ત, પહેલાં હતી અને હવે નવી શરૂ થશે તેમ લાગે છે. વચગાળાના મુસોલિનીના રાજવહીવટમાં મોન્ટી-સોરી શિક્ષકોને ભાગાભાગી કરવી પડેલી અને એમણે છૂપી રીતે પણ રહેવું પડેલું. એવી રીતે છૂપા રહીને પોતાની સાધનસામગ્રી સંઘરેલી; એક બાઇની મદદથી જ આ બાલમંદિર શરૂ થયેલું. તે સાધનોનો આમાં ઉપયોગ કરવામાં આવેલો. ઉપરાંત પણ જરૂરી બીજાં સાધનો તૈયાર કરવામાં આવ્યાં હતાં. આમ બનવાને લીધે સાધનોનો રંગ વગેરે જુદી જાતનાં હતાં. છતાં એકંદરે આ શાળા ખૂબ જ ઉત્તમ જણાઇ. સંમેલન અથવા તો પરિષદોમાં પ્રત્યક્ષ કામ જોવાને માટે ઘણાં લોકો આવતાં હોય છે. આવા પ્રેક્ષક વર્ગને બધું જ સુંદર રીતે દેખાય તે દૃષ્ટિએ પણ આ શાળાની સારી વ્યવસ્થા કરવામાં આવી હતી.

શાળાનું સ્થળ અને યોજના

સેનરેમોમાં એક સુંદર મોટા બગીચામાં એક મેડીવાળા ઓરડાવાળું મકાન છે. એ આખું જ મકાન ભાષણો, પ્રદર્શન તથા બાલ-મંદિર ને માટે લઈ લેવામાં આવ્યું હતું. વચલા મોટા ઓરડામાં બાલમંદિરને માટે કામચલાઉ એક કમર ઊંચી એવી ચારે ફરતી દીવાલ ઊભી કરી દેવામાં આવી હતી. પીળાશ પડતા કારમજી રંગે તેને સરસ મજાની રંગી સુશોભિત બનાવી હતી. આકાર પણ માત્ર ચોરસ બનાવ્યો ન હતો. બે અષ્ટ-કોણ અને તેને એક બાજુએ, અર્ધગોળ જોડયો હતો. પરિણામે બે મોટા ઓરડા અને એક નાની ઓરડી બની ગઈ. છતાં વચ્ચે બારણું કે એવું કશું ન હતું, એટલે સરળતાથી એકમાંથી બીજામાં જઈ શકાતું. બાજુની ભીંત એક ફૂટ જાડી હતી એટલે બે આખી જ ભીંત ઉપર લીલ પાથરીને એના ઉપર નાનાં નાનાં કુંડાંમાં જંગલી રંગનાં કુંડાં ગોઠવ્યાં હતાં. શણગાર માટેનો આ વિચાર બરોબર નવીન અને સુંદર જણાયો. નીચે લીલ પાથરવાનો ઉપયોગ નવો હતો, પાણી પીવાના નાના પ્યાલા જેવડાં કુંડાં નવાં હતાં, અને તેમાં ભૂરાં ને જંગલી રંગનાં ફૂલ પણ નવાં હતાં. દસ દિવસમાં બે સૂકાયાં નહીં. નીચેની લીલ, માટીના રંગમાં સરસ ઉઠાવદાર જણાતી હતી. મહાબળેશ્વર ને માથેરાનની આસપાસ આવી જાતની લીલ અને આવી જાતનાં નાનાં જંગલી ફૂલઝાડ છે એવી મારી સમજણ છે. કોંકણમાં પણ છે. આવી જ રીતે ત્યાં નાનાં કુંડાંઓમાં જાતજાતના થોર રાખવાની રીત પણ મેં જોઈ. ત્યાં મોટા બગીચામાંથી થોરની જુદી જુદી જાતોની ગણના શોભાના ઝાડમાં થાય છે એટલે કાળજીપૂર્વક તેને ત્યાં ઉછેરવામાં આવે છે.

બે બારણાંવાળા ઓરડામાં એક બાજુ તદ્દન નાનાં બાળકોનો વર્ગ હતો, અને બીજામાં મોટા વર્ગ હતો. નાનાં બાળકોની ઉંમર

૩ થી ૫ વચ્ચેની અને મોટાંની ઉંમર ૫ થી ૭ હશે તેમ લાગ્યું. બાજુની નાની ઓરડીમાં સાફસૂરી માટેનાં બધાં સાધનો રાખવામાં આવ્યાં હતાં. નાના વર્ગમાં ઇંદ્રિયશિક્ષણનાં સાધનો અને મોટા વર્ગમાં ભાષા, ગણિત, ભૂગોળ અને વનસ્પતિશાસ્ત્ર વગેરેનાં સાધનો હતાં.

બાસ સાધનો

મોટા ભાગનાં સાધનો આપણે હમેશાં મોન્ટીસોરી શાળામા જોઇએ છીએ તે જ હતા. છતા કેટલાંક નવા જણાયા. તેનું વર્ણન અહીં આપું છું. સાફસૂરીના સાધનોમાં ઘણી વિવિધતા દેખાઇ. જાતજાતનાં બ્રશ અને સાવણીઓ ત્યાં હતી. એ બધાને મૂકવા માટે, ટાગવા માટે કે રાખવા માટે ડબા ને એવું બધું વ્યવસ્થિત હતું. લૂછવાનાં લુગડાના કટકા, ધૂળ ખંખેરવા માટેના લાકડાના ટુકડા સાથે બાંધેલી ચમરી ને એવાં બધાં જુદી જુદી સફાઇ માટેના જુદાં જુદાં સાધનોને વ્યવસ્થિત રીતે મૂકવામા આવ્યા હતા. એટલે તે લઇને વાપરવામા અને તેને વ્યવસ્થિતપણે પાછા મૂકવામાં પણ બાળકોને મઝા પડતી હતી. સૂપડી ને નાની સાવણી ખીલીએ ટાગી હોય અથવા તો સુપડી ને બ્રશ ટાગ્યાં હોય તો તેને ખીલીએથી ઉતારવા અને પાછા ત્યા ટાગી દેવાં એ જ એક રસિક ક્રિયા બની જાય છે. આ દૃષ્ટિએ ત્યાંનાં વધારે પ્રમાણનાં સાધનો અને તેને રાખવાની વ્યવસ્થિત યોજનાને લીધે જ ઘણા બાળકોને માટે આ ઓરડી ખૂબ જ આકર્ષક બની ગઈ હતી. સાફસુરીનાં એક સાધનમાં, ઊભા ઊભા જ જમીન સાફ કરવાનુ, લાકડી સાથે નીચે કપડાનો ડૂચો બાંધેલુ સાધન ઘણાને ખૂબ જ ગમી ગયું હતું.

આપણે ત્યાં એ સાધન દાખલ કરીએ તો એ ખૂબ જ ગમે તેવું અને ઉપયોગી નીવડશે એમાં કશો શક નથી. આપણે ફરસબંધી મકાનો વાપરીએ છીએ પરંતુ તેને હમેશ લૂછીને સ્વચ્છ કરવાની રીત કયાંક જ દેખાય છે. આપણાં બાલમંદિરોમાની લાદી, કાચ, દરવાજાના બારણા વગેરે ભીના કપડાથી લૂછવાનું કામ બાળકોને બધાં જ કામોમાથી ઘણું વધુ પ્રિય થઇ પડે છે તેવો મારો અનુભવ છે આમ છતા આ બધુ ઊભા ઊભાં સાફ કરવાનું સાધન મળે તો ભલે તેમા હોશિયારી વધુ વાપરવી પડે છતાં તે સગવડવાળું બધુ નીવડે.

આ સિવાય બૂટ પૉલિશ કરવાનાં સાધનો પણ બૂબ જ વ્યવસ્થિત રીતે ગોઠવ્યાં હતાં. બાળકને પોતાને બેસવા માટેનુ નાનું ટેબલ, પગ રાખવા માટેનું બીજું નાનું, નીચું સ્ટૂલ, પૉલિશની ડાબલીઓ, બ્રશ વગેરે બધુ જ પરિપૂર્ણ હતું ત્યાના બધા જ બાળકોના પગમાં બૂટ હતા એટલે દરેક બાળકને તે જગ્યાએ, બૂટ સાફ કરી લઇએ તેમ બધાને થતું. આપણે ત્યાં ચંપલ, બૂટ વગેરે બહાર રાખવાનો રિવાજ છે. તે સારો છે છતા ચપલ લૂછવા જોઇએ, બૂટ પૉલિશ કરવા જોઇએ તે વાતો બહુ જ થોડી જગ્યાએ દેખાડવામાં આવે છે. એથી ઊલટું, અમદાવાદના મોન્ટીસોરી કોર્સમા મિ. મોન્ટીસોરીએ બૂટ પૉલિશ કરવાનો પાઠ આપ્યો તેમા તો સારા, મોટા શિક્ષણશાસ્ત્રીઓએ આ વસ્તુને, પશ્ચિમના લોકોનો આ ચંચો છે, એવી ટીકા કરેલી એ જ રીતે પુનાના શિશુવિહારમા બૂટ પૉલિશનું કામ રાખવામા આવેલું તેને માટે પણ મેં ટીકા સાભળી છે. પરંતુ જો બરોબર આપણે બૂટ અને ચંપલ વાપરતા હોઇએ તો તેને સરસ રીતે રાખવા અને તેને સાફ કરવા તેમા ટીકા કરવાપણું કશું નથી જણાતું.

ત્રીજું આકર્ષણ હતું રકાબી પ્યાલા ધોવા માટે બનાવેલું ટેબલ. ટેબલની ઉપરનું ઢાંકણું બંધ હોય ત્યારે તે ત્રણ ચાર વરસનાં બાળકોની ઊંચાઈને અનુકૂળ પડે તેવુ સાદું ટેબલ જણાતું હતું. પરંતુ જેવા એ ઢાંકણા ખોલીએ કે અંદર એક વચ્ચે ગિંડી (પહોળા મોંનું તગારા જેવું વાસણ) જણાતી. ઉઘાડેલાં એ ઢાંકણા રકાબીઓ મૂકવા માટેનાં પાટિયા બની જતાં. એક પાટિયા પર ધોવાની રકાબીઓ મૂકાતી. વચલી ગિંડીમાના ગરમ પાણીથી એ રકાબીઓ ચોથાઈ જતી અને બાજુના પાટિયા પર કપડાથી એ

રકાબીઓ લૂછીને મૂકી દેવાતી. બધું વીંછળવાનું કામ પૂરું થતાં એ બધી રકાબીઓને વ્યવસ્થિત રીતે કબાટમાં મૂકી દેવાતી. ગિંડીમાંનું પાણી ઢોળી નાખવા માટે ટેબલ નીચે એક નાની ડોલ રહેતી. ડોલમાંનું પાણી, ડોલ ભરાઈ જતાં બહાર બગીચામાં જઈને ફેંકી દેવાની વ્યવસ્થા હતી. નીચે જમીન પર પાણી ઢોળાય તો ઊભા ઊભા જ લાકડીને છેડે બાંધેલ કૂચાથી જમીન લૂછી નાખવાનું સાધન તૈયાર જ રહેતું.

તે લોકો જમવા માટે પણ કાચની રકાબીઓ વગેરે વાપરે છે. તેવી ઘણીય પ્લેટોનો એક કબાટ ભર્યો હતો. બાળકો તેવી પ્લેટો ત્યાંથી લાવી, ધોઈ, લૂછીને પાછી યોગ્ય જગાએ મૂકી આવતાં અને ડોલમાં ભરાતું પાણી બહાર ફેંકી દઈ, જમીન લૂછી નાખી કામ પૂરું કરવામાં કલાક ખુશીથી વીતાવી નાખતાં. નાના કાચ ને દાંતિયા વગેરે ટોયલેટનો સામાન પણ ત્યાં જ હતો. ઘરકામ કરતી વખતે આગળ બાંધવાના કપડાના ટુકડા (એપ્રન્સ) પણ ત્યાં હતાં એટલે બા નાનાં બાળકોને નાની ગૃહિણીઓના (House wives) પોષાકમાં બહુ લહેર પડતી હશે તેમ જણાતું હતું.

બહારના નાના વર્ગમાં આની સાથે જ જોડાયેલાં એવાં બે ત્રણ કામ હતાં. એક ફૂલદાનીઓ ભરવાનું. ત્યાંની બધી જ ફૂલદાનીઓમાંથી જૂનાં ફૂલો કાઢી નાખી તેને કચરાની ટોપલીમાં નાખવાનાં હતાં. આ નાની ઓરડીમાં જઈ ફૂલદાની સાફ કરી પાણી ભરી તેમાં નવાં આણેલાં, તાજાં પાન, ફૂલો ભરતાં બાળકો દેખાતાં. બહાર બીજો એક કબાટ ભોજનની તૈયારીનો હતો. કામ કરવાના જ ટેબલ પર સુંદર ટેબલક્લોથ પાથરી તેના પર ફૂલદાનીઓ મૂકી, રકાબીઓ, કાંટા, ચમચા, પ્યાલા વગેરે ગોઠવતાં ઘણાં બાળકો દેખાતાં. કોઈ બીજા બાળકને પોતાની પાસે બોલાવતું. કબાટમાંથી બિસ્કીટ લઈ રકાબીમાં મૂકી તે તેની આગળ ધરતું. તેને પાણી આપતું. આ રીતે પાર્ટીઓ ચાલતી અને પછી કામની પૂર્ણાહૂતિ થતી. બિસ્કીટ વગેરે બાવાની ચીજો હોય એટલે બધાં બાળકો તેવી બાવાની ચીજો તરફ જ ખેંચાય અને બાધાં જ કરે તેવી આપણને કદાચ બીક લાગે; પરંતુ ત્યાં જોયું તો બાળકોને બધુ રસ તો તૈયારીઓ કરવામાં અને આવરી લેવામાં જ પડતો હોય તેવું જણાયું. કબાટમાં બિસ્કીટો હતાં તે તો અમે ઉપરની ગેલેરીમાંથી જોતાં હતા ત્યારે તો દેખી પણ શકાયું ન હતું. કારણ બાળકોએ તે બહાર કાઢયાં જ ન હતાં. બાળા પૂરી થયા પછી નીચે જઈને કબાટમાંનો સામાન જોવા લાગ્યા ત્યારે તેમાં બિસ્કીટ દેખાયાં. બાળકોને બરો રસ લાગ્યો હતો તે તો ટેબલો મૂકવામા અને વ્યવસ્થિત રીતે ગોઠવવામાં. તેમાં તેને બહુ આનંદ આવતો હતો.

એક બીજું કામ દેવપૂજાનું હતું. ઇટાલી દેશ રોમન કેથોલિક છે. એટલે ત્યા મેડોનાની પાસે મીણબત્તીઓ સળગાવવાનો ઘરેઘર ચાલ હશે તેવું જણાયું. મેરીનો એક સુંદર ફોટો હતો. તેની પાસે ફૂલદાની ભરીને મૂકવી, અને મીણબત્તીઓ સળગાવવી. પછી ઘૂંટણ ભર બેસી નમસ્કાર કરવા અને પછી મીણબત્તીઓ ઓલવી નાખવી, એટલું કામ હતું. મીણબત્તીઓ ઓલવવા માટે તેના પર ઢાંકવાનું એક ઢાંકણ હતુ. ઘણાં બાળકોને મીણબત્તીઓ સળગાવી તેની પર ઢાંકણું ઢાંકી ઓલવી નાખવાની ક્રિયામા જ રસ પડતો. પહેલા, ભાવનગરના બાલમંદિરમા સ્વ. ગિજુભાઈએ એક મંદિરની પેટી બનાવી હતી, તે મને ત્યા યાદ આવી. બાળકો સુંદર સુંદર ચિત્રોની લાદી બનાવી, પોતાને ગમે તેવો શણગાર કરી, એક સુંદર મંદિર બનાવતા. ત્યા કૃષ્ણ, શંકર, રામ કે જે ગમે તે મૂર્તિને બેસાડતા અને અગરબત્તીઓ સળગાવતાં. હાલના ધાર્મિક બેંચતાણના જમાનામાં આ રમત જરા કદાચ બોધ્યા દે તેવી ગણાય પરંતુ તેની કલાત્મક ગોઠવણ અને અગરબત્તી કે મીણબત્તીઓ સળગાવવી ને ઓલવવી એ કામો કરવાં બાળકોને બહુ જ આકર્ષક લાગે છે.

ઇંદ્રિયશિક્ષણના આ ઓરડામાં કઈંક વિશેષ સાધનો દેખાયાં. એક તો ભૌમિતિક આકૃતિઓની પેટી જેવી પાનના આકારની પેટી. તેવી એક પેટી મેં અમદાવાદના શ્રી. સારાભાઈના બાલમંદિરમાં ક્રગાવેલી જોઇ હતી. બાળકો ભૌમિતિક આકૃતિઓ પ્રમાણે તેમાંનાં પાના કાઢતાં ને મકતાં અને તેનો ઉપયોગ ડ્રોઇંગ કાઢવાની આકૃતિઓની જેમ જ કરતાં હતાં.

બીજું સાધન જુદા જુદા દેશોના વાવટા ને નકશાનું હતું. જુદા જુદા દેશના નકશા પર તે તે દેશના વાવટા ઓડવાનું કામ ત્રણ ચાર વર્ષના બાળકો કરતાં હતાં. ભીંત પર એક મોટો નકશો હતો. તેમાં કયો વાવટો કયા દેશ પર લગાડવો તે દેખાડેલું હતું. તે જોઈને આ બાળકો હાથમાના વાવટા યોગ્ય જગ્યાએ ઓડતાં. કેટલાકે બાળકો નકશા સાથે જોયા વગર સપાટાબંધ વાવટા ભરાવવા પ્રયત્ન કરતા. જો કોઈ ભૂલ કરતાં તો બરાબર બેસાડનારાંઓ તેમની સામે તાકીને જોતા આ ઉંમરે તેમને રીતસર ભૂગોળ શીખવવામા આવતી ન હતી. પરંતુ આ તો વાવટાની એક રમત હતી. એ રમત મારફત વાવટાના રંગ, તેના પરના ચિત્રો અને યુરોપના જુદા જુદા દેશોના આકાર, એ બધું જ બાળકો, ન સમજે તે રીતે તેમની આંખ મારફત તેમના મન પર અસર કરતું અને રમતમાં ખૂબ રસ પડતો. એટલે એના પુનરાવર્તન મારફત એ બધું યાદ રહી જતું. આ જાતની બીજી રમત હતી. તેમાં યુરોપ ખંડનો જુદા જુદા દેશવાળો જિગસો પઝલ જેવો રંગીન નકશો હતો. તેના ઉપર પ્લાય વુડમાંથી કાપેલા દેશો નીચેનો આકાર જોઈને બેસાડવાના હતા. ફેરબદલી થાય તો તે આકાર બંધબેસતા આવતા નહિ. ભૂલ થતાં તેમાં ફેરબદલી કરવી પડતી. બિલકુલ નાના નહીં પરંતુ ૪॥ થી ૫॥ વરસનાં બાળકો આ રમતમાં મશગૂલ જણાયાં.

બહાર જઈને પાણીની ડોલ ભરી લાવવી, ઝાડને પાણી પાવું વગેરે કામો પણ વચ્ચે વચ્ચે ચાલતાં.

આ સિવાય પછી દડાપેટીઓ, ભિનાગ, રંગપેટીઓ વગેરે સાધનોની રમતો પણ નીચે આસનો ને શેતરંજીઓ પાથરીને ચાલતી જ. તે માટે આસનો પાથરવા ને રમવું ને રમ્યા પછી સાધન મૂકી દેવા ને આસનો સંકેલી ઉપાડી લેવાં તે રીત ચાલુ હતી. બીજાં કામો નાના ખુરશી, ટેબલો પર થતા.

મોટાં બાળકોનો વર્ગ

મોટાં બાળકોના વર્ગમાં ભાષા, ગણિત, ભૂગોળ, ચિત્રકામ વગેરેનું કામ ખુરશી ટેબલ પર ચાલતું. અહીંના બાળકો મોટે ભાગે સાફસુફી વગેરેના કામમા જતા નહી. તેઓ ઘણો વખત ખુરશી પર જ વીતાવતાં દેખાયા. ફક્ત જરૂર પડયે સાધન લેવા મૂકવા માટે અથવા તો રંગના બ્રશ વગેરે સાફ કરવા માટે જે ઊઠબેસ કરવી પડે તેટલી જ હાલચાલ કરતા તેઓ દેખાતા

અહીં ભૂગોળના બધા જ ખંડોના નકશાઓ ભીંત પર ટીંગાડેલા હતા. જિગસો જેવા કાપેલા દેશ પણ બધા ખંડના હતા. નિશાનો પણ પુષ્કળ હતા. નિશાનો ગોઠવવા ને કાઢી લેવાની રમતો તો બાળકો રમતા જ; ઉપરાંત ઘણા બાળકો મોટા મોટા કાગળ લઈ તેના પર નકશા કાઢતા. દાખલા તરીકે યુરોપના નકશાની આઉટલાઇનમા જિગસોના ટુકડાની મદદથી બધા દેશો કાઢી લઈને તે રંગી લેતા. આવા નકશા કાઢવા તેમને ખૂબ ગમતા ચિત્ર કામના જ એક વિભાગ તરીકે બાળકો આ કામ કરતા. વોટરકલરથી પણ કેટલુંક ચિત્રકામ ચાલતું. ફૂલ, પાન અથવા પોતાની કલ્પનાના ચિત્રો દોરવાનું કામ પણ ચાલતુ. પરંતુ આમા ક્યારે તેવી કલ્પનાના જે ઉદ્‌ભવન બીજી કોઇ શાળાઓમા દેખાતા તે આમા ન દેખાયા. એક બાળકે ઘણો સમય ગાળીને 'અંદર' 'બહાર' એવા ઈટાલીઅન ભાષાના શબ્દો લખી, હાથના આગળા દેખાડો કાઢેલું ચિત્ર વ્યવસ્થિત રીતે તૈયાર કર્યું. શિક્ષકની સલાહ લઈ તે બહારને દરવાજે જઇને લગાડી પણ આવ્યો બીજી એક છોકરીએ સ્ટ્રોપ બોર્ડ ઉપર ૧+૯ થી ૯+૧ સુધીની લાલ

ભરી પટ્ટીઓ ગોઠવી. પછી એણે એક એક પટ્ટી લઈને ભૂરા કાગળ પર આંકીને કાતરથી કાપી પટ્ટીઓ તૈયાર કરી તેવી જ પટ્ટીઓ લાલ કાગળની બનાવી. પછી જેવી રીતે સ્ટ્રીપ બોર્ડ પર પટ્ટીઓ ગોઠવી હતી તેવી રીતે બીજા એક કાગળ ઉપર તે કાપેલી પટ્ટીઓ ચોંટાડી. પછી સ્ટ્રીપ બોર્ડ પ્રમાણે આંકડા એના પર લખ્યા કે કેમ તે જોવા ન મળ્યું. પણ લખવું સ્વાભાવિક હતું. એનો અર્થ એમકે આવાં સાધનો બનાવવામાં ચિત્રકામ, કોતરકામ, ચોંટાડવાનું કામ વગેરે વધુ જણાતાં હતાં. માત્ર કાતરકામજ ચાલતું હોય તેવું દેખાયું નહીં. ચિત્રકામમાં તૈયાર પૂંઠા પર વનસ્પતિનાં ચિત્રો કાઢવાં ને તેના પર તે જ નામો લખવાં તે જોયું ઈટાલી જેવા ચિત્રકલા ને પૂતળાં બનાવનાર દેશમાં આ બાળકો વધુ પ્રમાણમાં વ્યાવહારિક પદ્ધતિનાં કલાત્મક કામો જેવાંકે નકશા દોરવા, સ્ટ્રીપ બોર્ડ બનાવવાં વગેરેનાં કામો કરતાં જોઈ નવાઈ લાગી. આગળ ઉપર બીજા દેશોમાં કાલ્પનિક ચિત્રોના ઘણા પ્રકારો દેખાયા. એટલે આ શિક્ષણ પદ્ધતિનો તફાવત હોવો જોઈએ તેવું લાગ્યું. આ બાબતમાં ચર્ચા કરીને, નક્કી માહિતી મેળવવાનો ત્યાં સમય મળ્યો નહીં.

ગણિતનાં સાધનોમાં ચેકર બોર્ડ અને પેગટી બોર્ડનો ઉપયોગ વિશેષ ધ્યાન ખેંચનારો હતો. ચેકર બોર્ડ બન્નાતના ટુકડા ચોંટાડીને બનાવેલ અને વધુ સુંદર જણાતું કાગળના કે લાકડાના પાટિયા પર ફક્ત રંગ લગાવીને બનાવેલ બોર્ડ પર મોતીની સળિયો દડી જઈ બીજા ચોરસમા જવાનો સંભવ રહે છે. બનાત પર એવું બનતું નથી. આ એક ખૂબ જ મજાનું, વાપરવામાં સહેલું, અને બાળકોને માટે મોટા મોટા ગુણાકારો કરવા માટે સહેલું એવું સાધન આપણે ત્યાં બીલકુલ ક્યાંય વપરાશમાં નથી. મેં એ સાધન ફક્ત કોડેય કેનાલમાં જોયું હતું તે વખતે મને તે ખૂબ ગમેલું એટલે શિશુવિહારના અધ્યાપન મંદિરના વર્ગમાં હું એ દેખાડતી. પરંતુ તે વખતે ૪॥–૫ વરસનાં બાળકો બીજી નિશાળમાં અભ્યાસ કરવા જતાં. એટલે તેનો ઉપયોગ બાળકોએ કર્યો ન હતો. હવે છટ્ટી પૂરી થાય ત્યાં સુધી બાળકો શાળામાં રહે છે એટલે ભાગાકારના પાટિયાની માફક ચેકરબોર્ડનો ઉપયોગ બરોબર થવામાં કશી હરકત નહીં નડે. ઈટાલીમાં સૌથી પહેલાં મેં આ સાધન પર કામ કરતાં બાળકોને જોયાં. તેમને તેમાં ખૂબ રસ પડતો હતો.

બીજું એવું જ સાધન મેં કોડેય કેનાલમાં જોયું તે એડવાન્સ વર્ગમાં. તેનું નામ પેગટી બોર્ડ અને તેની રંગીન મૂંટીઓ. ત્યાં લઘુતમ, દૃઢભાજક, વર્ગમૂળ, બે સંખ્યાનો વર્ગ $(અ+બ)^૨ = અ^૨ + ૨અબ + બ^૨$ વગેરે દેખાડવા માટે એનો ઉપયોગ થતો જોયો હતો. પરંતુ મેનેરેમોની આ શાળામાં ૫–૬ વર્ષનાં બાળકો તેનો સાદો ઉપયોગ કરતાં હતાં તે જોયું એટલે આપણી શાળામાં તે સહેજે વાપરી શકાય તેવું લાગ્યું. બાળકો તેની ઉપર નવ સુધીની સંખ્યાના ચોરસ કરતાં હતાં. દાખલા તરીકે :::: આવો ચારનો ચોરસ થયો કે તરત તે મોતી ગણી ૧૬ થયાં તેવું તેઓ શોધી કાઢતાં હતાં. આ બોર્ડ એટલે મોતી અથવા તો મૂંટીઓ ગોઠવવા કે બેસાડવા માટેનું કાણાંવાળું નાનું પાટિયું. રંગીન, ઝીણી મૂંટીઓ તેના પર બેસાડી શકાય; અથવા તો ગુણાકાર ભાગાકારના પાટિયા જેવું કરીએ તો મોતી ગોઠવીને પણ એ જ કામ થઈ શકે.

આ સિવાય પોલીડ ભૂમિતિના ડબ્બા વગેરે પણ હતા. વાચન લેખન હતાં. પણ વધુ બાળકો ચિત્રકામ ને નકશા બનાવવામાં ઘણો સમય પસાર કરતાં દેખાયાં.

આ બધાં બાળકો માસ દોઢ માસ પહેલાં જ આ શાળામાં આવ્યાં હતાં. ઉપરાંત નવી નવી ભરતી પણ થયા કરતી હતી. એક બિલકુલ નવું જ નાનું બાળક, બાપને છોડીને અંદર જવા તૈયાર જ ન હતું. એક બાળક માને છોડીને સીધું અંદર જઈ કામે લાગ્યું. આવા જાતજાતના દેખાવો ત્યાં હતા. ગામના લોકોને તો આ એક ભારે નવાઈનો વિષય બન્યો હતો.

દોઢ બે માસને હિસાબે આ શાળા ઘણી જ વ્યવસ્થિત, શાંત અને કામમા ગુથાયેલી જણાઈ. વિશેષ વસ્તુ તેમાં એ હતી કે બાળકોનું ત્રણ ત્રણ કલાક કામ ચાલતું. બાલશિક્ષણનગર ગોઠવ્યું ત્યારે પણ એ જ અનુભવ થયેલો કે બાળકોને બે કલાક ઓછા પડતા. બીલકુલ નવા હોવા છતા બાળકો ઘણા વ્યવસ્થિત રીતે વર્તતા. કદી ન જોયેલી એવી નવી રમતો, બુદ્ધિ તથા હાથને જરુરી છતા આવી વ્યવસ્થિત રીતે કદી ન મળેલ એવી આ પ્રવૃત્તિઓ બાલમનને એકદમ ગમી જતી અને તેમાં તેઓ મશગૂલ થઈ જતા પછી ત્યાના શિક્ષકો અજાણ્યા છે, આસપાસ કેટલા ય જણા તેમને જુએ છે વગેરે કશી વાતનો તેમને ખ્યાલ નથી રહેતો. આ જ અનુભવ ત્યા પણ થયો.

નવાઈ એટલી લાગી કે સંગીત, ગીતો, અભિનય, વાર્તા, રમતો વગેરે કોઈ વસ્તુ ત્યાં જોવાની ન મળી ત્યા તપાસ કરી પણ અંગ્રેજીમાં સમજાવે તેવુ કોઈ ન મળ્યું. આગળ ઉપર પણ જોયા જ્યા મોન્ટેસોરી શાળાઓ જોઈ ત્યાં ક્યાંય આ વાતો અથવા તો હસ્તવ્યવસાયોને સ્વતંત્ર રીતે સ્થાન મળેલુ દેખાયું નહિ. આ બાબતમાં ચર્ચા કરવાનો પણ સમય મળ્યો નહિ. સામાન્ય રીતે બધી જ મોન્ટીસોરી શાળાઓમા, વર્ગમાનાં સાધનો પરના કામને જ પ્રાધાન્ય મળતું દેખાયું એટલું બસ.

તારાબેન મોડક

માતાના અજ્ઞાનથી

હું કેન્દ્ર કાર્યાલયમા પત્ર વ્યવહાર જોઈ રહ્યો હતો તે સમયે "મોટા ભાઇ હ્યો પ્રસાદી" આ શબ્દો સાથે એક વિદ્યાર્થીએ બે બેંડા મારી પાસે મૂક્યા. મેં સહેજ આશ્ચર્યથી પૂછ્યુ, "બેટા ઈશ્વર, આ પ્રસાદ શાનો છે?" "મોટા ભાઈ, મે હનુમાનજીની બાધા લીધેલી કે હું પાસ થાઉં તો સવાશેર બેંડાનું નૈવેદ્ય ધરવું. હું પાસ થયો તેની આ પ્રસાદી છે". મને વિચાર આવ્યો કે મેં જ ગઈ પરમે આ વિદ્યાર્થીની પરીક્ષા લીધી છે. મહેનતુ વિદ્યાર્થી પાસ થાય જ; છતા આવી બાધાઓથી પાસ થવાતું હશે, એમ આ નિર્દોષ બાળકને કોણે શીખવ્યું? એટલે મેં પૂછ્યું, "બેટા ઈશ્વર, બાધા લેવાથી પાસ થવાય એમ તને કોણે શીખવ્યું?" "મોટા ભાઇ, હુ નાનો હતો ત્યારે મને એક વાર તાવ ચડેલો; એટલે મારા બાએ હનુમાનજીની બાધા લીધી. તાવ ઊતરી ગયો. જુગલભાઈની પરીક્ષા વખતે પણ બાએ બાધા લીધી. ભાઈ પાસ થયા. એટલે મને પણ લાગ્યું કે બાધા લેવાથી જ પાસ થવાય છે." આ નાનકડા વિદ્યાર્થીના માનસમાં બાધાથી જ પાસ થવાય છે એવી ઊંડી છાપ તેનાં બાએ પાડી હોવાનું મને સ્પષ્ટ જણાયું. બાની અજ્ઞાનતાને કારણે આત્મવિશ્વાસ તેમ જ પુરુષાર્થની મહત્તા આ વિદ્યાર્થીને સમજાઈ નથી. સમયસર જો બાળકની આવી માન્યતા ભૂલભરેલી છે એવું, તેને સમજાવવામા ન આવે તો આ માન્યતા તેના જીવનમા ક્યારેક ખરાબ પલટો લાવ્યા વિના નહિ રહે.

"બેટા ઈશ્વર, તમારા વર્ગની પરીક્ષા કોણે લીધી?" મેં પૂછ્યું. "મોટા ભાઈ, ભૂલી ગયા? ગઈ પરમે તમે જ પરીક્ષા લીધી છે. અમારા વર્ગમાં ૫ વિદ્યાર્થીઓ હતા. હું—નાનો નટુ અને સામંતસિંહ પાસ થયા. કિશોરને ઉપર લેવામાં આવ્યો, અને ગુલાબ તે જ વર્ગમા રહેવા પામ્યો." હું બધુ જાણે ભૂલી ગયો હોઉં અને આ બધું મને સ્મરણ કરાવવાની અદાથી બોલતો હોય તેમ એ બોલી ગયો. "ત્યારે ગુલાબ તથા કિશોરે કંઈ બાધા લીધેલી?" મેં પૂછ્યું. "હા મોટાભાઈ, તેમણે તો પાંચ શેરની બાધા લીધી હતી, છતાં તેઓ ના પાસ થયા; મેં સવાશેરની બાધા લીધેલી છતા હું પાસ થયો." જરા છાતી ફુલાવીને પોતાનું સારું પરિણામ જણાવતો હોય તે રીતે એ બોલવા લાગ્યો. "ત્યારે ઈશ્વર, નાનો નટુ તેમ જ સામંતસિંહ કંઈ બાધા લીધી હતી?"

મેં પૂછ્યું. સહેજ આચકાઈને તેણે જવાબ આપ્યો. "ના મોટા ભાઈ, તેમણે બાધા લીધી ન હતી, છતાં તેઓ પાસ થયા. નવાઈ જેવું તો બન્યું. મારાં બા તો કહેતાં હતા કે બાધા લો તોજ પાસ થાઓ." એની માતાની અજ્ઞાનતા પર હું હસવું ખાળી શક્યો નહિ. ઈશ્વરને મારી પાસે બેસાડી હું તેને વહાલથી સમજાવવા લાગ્યો. "ઈશ્વર, જો કિશોર અને ગુલાબે તારા કરતા વિશેષ બાધા, લીધી હોવા છતા તેઓ નાપાસ થયા. નાનો નટુ તથા સામંતસિંહ વગર બાધાએ પાસ થયા. "હું આગળ બોલું ત્યાં તો ઈશ્વર જાણે ફરિયાદ કરતો હોય તે રીતે બોલવા લાગ્યો· "મોટા ભાઈ, કિશોર તથા ગુલાબે પોતાના પાઠો કોઈ દિવસે તૈયાર કર્યા નહોતા એટલે કયાંથી પાસ થાય ? નાનો નટુ, ગુલાબ અને હું દરરોજ અમારા પાઠો તૈયાર કરી ત્યાર પછી જ રમવા જતા. ગૃહપતિશ્રી દરરોજ કિશોર અને ગુલાબને પાઠની તૈયારીનું કહેતા પણ તેઓ વાચે જ નહિ !" મને થયું કે વિદ્યાર્થીને બાધા સબંધીના સંસ્કારો હજુ દૃઢ થયા નથી એટલે મેં તેને સમજાવ્યું. "જો ઈશ્વર, બાધા લેવાથી વિદ્યાર્થી પાસ થાય તો કિશોર અને ગુલાબ કેમ નાપાસ થાય ? અને બાધા ન લેવાથી નાપાસ થવાય તો નાનો નટુ અને સામંતસિંહ કેમ પાસ થાય ?" મોટા ભાઈ, હું સમજ્યો. જે વિદ્યાર્થી પોતાના પાઠો પરતી રીતે તૈયાર કરે તે પાસ થાય અને ન કરે તે નાપાસ થાય; આમા બાધા લેવા કે ન લેવાનું કારણ નથી." "શાબાશ." મેં તેને ધન્યવાદ આપ્યો. "મોટા ભાઈ, મને પણ તેવું થતું હતું પણ મારાં બાએ મને તેવું શીખવેલુ. હું આ વેકેશનમાં ઘેર જઈશ, ત્યારે મારી બાને પરતી રીતે આ સમજાવીશ." તેણે પોતાનો નિર્ણય રજૂ કર્યો અને પોતાના ગૃહનિવાસમા તે ચાલ્યો ગયો.

મારા પરનો બોજો મને હળવો થતો જણાયો. અજ્ઞાન માતાઓ બાળકને કયે રસ્તે દોરી જાય છે ?

—અ. કોટક

આ વડીલો કેવાં?

(૧)

કુસુમ એક દિવસ તેના બાપુજી સાથે બાગમા ફરવા ગઈ હતી. ત્યાં બાલ મંદિરનાં બાળકો પણ ફરવા આવ્યાં હતાં. કુસુમ કરીને ઘેર આવી. એ વખતે એની બા રસોડામાં રસોઈ કરતાં હતા.

કુસુમ દોડતી દોડતી તેની બા પાસે ગઈ ને બાને કહ્યું, "બા, હું આજે મારા બાપુજી સાથે બાગમાં ફરવા ગઈહતી ને તે ત્યાં બાલ મંદિરના બાળકો પણ તેમના ગુરુજી સાથે ફરવા આવ્યાં હતાં. તે બધાં બૂબ મજા કરતા'તા તો હુ પણ હવે કાલથી બાલ મંદિરમાં જઈશ"

"રાંડ! પહેલાં મૂકી જ હતી તો! પણ ત્યાં તો તું બહુ જ રડતી હતી ને હવે વળી પાછું બાલ મંદિરમાં જવાનુ મન થયું છે. હવે શું મૂકે ? હવે મુકાય !" બા તાડૂકયાં

બિચારી કુસુમ આ વાત કહેવા તેના પિતાજી પાસે ગઈ ને તેમને કહ્યું, "બાપુજી, બાપુજી, હું બાલ મંદિરમા જઈશ. મારી બાને મેં પૂછ્યું કે હું બાલ મંદિરમા જઉં ? તો પણ તેણે તો ચોકખી ના પાડી."

'ના કુસુમ હવે તારે બાલ મંદિરમાં નથી જવાનું.' પિતાના શબ્દો સર્યા.

કુસુમ નિરાશ થઈ બહાર ગઈ, ને મનમાં કહેવા લાગી કે જ્યારે મારે, બાલ મંદિરમા નહોતું જવું ત્યારે મને રડાવીને પણ બાલ મંદિરમાં મોકલવામાં આવતી, અને હવે જ્યારે મારે બાલ મંદિરમાં જવું છે ત્યારે બા—બાપુજી ના પાડે છે.' આ તે કેવા!'

(૨)

આજે સવારમાં રમા શાક લેવા ગઇ, ત્યારે તેના બાપુજી તેને રસ્તે મળ્યા. 'કેમ બેન આવતી નથી?'

રમાએ કહ્યું, 'અપોરે બાલ મંદિરમા જઉં છું અને સાંજના અધ્યાપન મંદિરમાં જઉં છું એટલે નવરાશ નથી મળતી, પછી કેવી રીતે આવું?'

"હડિયા દ્વોટો કયા કરે છે? આમની આમ સૂકાઇ જ ગઇ. આપણે વળી એ શી લપ!"

"બાપુજી, આ લપ નથી. ઘણું જાણવાનું છે. અમારા માટે ત્યા ઘણું શીખવાનું છે. બાળક જે દુનિયાને માટે લપ હોત તો કોઇ પણ સ્ત્રીએ ઘર માંડ્યું ન હત અને આ લગનના વરઘોડો અને જાનો એ બધુ કાઇ હોત જ નહિ. બાલ મંદિરમાં તો બાળકોને કેમ સાચવવાં, તેનો વિકાસ કેમ કરવો તે બધુ શીખવાનું છે."

"શું શીખવાનું છે? શીખ્યા હવે છાનીમાની ઘરનું કામ કર ને!"

(૩)

વરસાદના દિવસો હતા. હજુ વરસાદ વરસ્યો નહોતો, એટલે સુરેશ તેની બાને કહેતો, "બા, હજુ સુધી વરસાદ કેમ નથી આવતો? વરસાદ આવશે ત્યારે વરસાદમા નહાવાની અને કોરા ઝીલી ગીત ગાવાની બૂબ બૂબ મજા પડશે."

આ વાતને બે ચાર દિવસ વીત્યા ને આકાશમા કાળા કાળા વાદળા ચઢી આવ્યા. ઝરમર ઝરમર વરસાદ વરસવા લાગ્યો તેને થયું, લાવ બાને પૂછીને કોરા ઝીલવા જઉં; પણ તેના મનમા અવિશ્વાસ હતો કે રમેને બા ના પાડે. એ તો કોઇને પણ પૂછ્યા ગાછ્યા વગર કૂદવા ચાલી નીકળ્યો. વરસાદ વરસતો બંધ થયો ત્યા સુધી બૂબ-બૂબ રમ્યો ને કૂદ્યો રમી ઘેર આવ્યો ત્યારે તેની બા બૂબ ખિજાયા હતા. તેમણે તો સુરેશને બે ચાર ધબધબાવી દીધી. સુરેશ બૂબ રડ્યો ને પછી સૂતો એને થયું. "આ તે કેવા?"

ઈશ્વર આચાર્ય

બાળસ્વભાવનું દર્શન

બાળક જન્મે છે ત્યારથી આઠ નવ મહિનાનું થાય અને ધાવણ મૂકી દે છે ત્યાં સુધીમા તે માત્ર પોતાની માતાના જ સંબન્ધમા આવેલું હોય છે. તેમાં તે માતાને એક વ્યક્તિ તરીકે ગણતું નથી પણ એક વસ્તુ ગણે છે કે જેનાથી એને ખાવાનું દૂધ મળે છે અને જેનો હાથ ફરવાથી હૂંફ મળે છે. એ સમયમા બાળક નિરાધાર અવસ્થામાં હોય છે, તેમજ અત્યંત સ્વાર્થી મનોદશામાં હોય છે; ખાવુ, પીવું અને ઊંઘવું એ સિવાય તેની પ્રવૃતિ બીજી હોતી જ નથી. ધાવણ છૂટ્યા પછી બાળક પોતાની માતાને એક વ્યક્તિ તરીકે સ્વીકારે છે. બાળક માતાને ચાહે છે. માતા પોતાને જ માયા બતાવે એમ ઇચ્છે છે. પોતાની મા તેને એકથી બે કલાક છોડી જાય તે તેને ગમતું નથી. આ સમય દરમ્યાન માબાપ બાળકને દેવ સમાન ગણે છે. તે બધું જાણે એવા, બધું કરી શકે એવા, તેઓ કંઇ કહે જ નહિ, અને તે ચિરંજીવી છે એમ માને છે. આ ઉંમરે બાળકને સ્વચ્છ કેમ રહેવું, વસ્તુ તોડાય નહિ તે પ્રત્યે તેમનુ ધ્યાન દોરી શકાય છે.

હવે બાળક બહાર હરતું ફરતું થાય છે. ને અબર પડે છે કે જગતમા માબાપ સિવાય બીજા પણ માણસો હોય છે; પોતાનાં ભાઈ બહેનોની હાજરી તેને હવે જણાય છે, અને તેની સ્પર્ધા શરૂ થાય છે તે પોતાના બાપને ઓળખે છે, અને પોતાની મા પોતાની સંભાળ રાખે છે, તે ઉપરાત બાપાની સંભાળ પણ રાખી, મારા ઉપરના ધ્યાનમાથી ભાગ પડાવે છે એમ તેને ભાન થાય છે. આ ઉમરે તેને પોતાના બેન ભાઈને માટે છૂટછાટ મકવી પડે છે. પોતાનો વારો આવે ત્યા સુધી વસ્તુ લેવા દેવા માટે થોભવું પડે છે, તેમ જ બાપા ઘેર આવે ત્યારે માતા પાસેથી દૂર રહેવું

પડે છે. આ ઉંમરે બાળકની વચમાં જે જે આવે છે તેમના તરફ એને અણગમો, અદેખાઈ અને ઈર્ષા થઈ આવે છે. છેવટે જ્યારે એને લાગે છે કે એમાં તેનું કંઈ ચાલે એમ નથી ત્યારે તે સંયોગોને આધીન થતાં શીખે છે. પછી તે માબાપ જેમ વર્તે તેમ વર્તવા પ્રયત્ન કરે છે. કોઈ મહેમાન આવે તો તેમનો સત્કાર કરે છે અને તે જાય તો 'આવજો' કહી માન આપે છે. આ ઉંમરે બાળકને પોતાનામાં બે જાતની લાગણી—ઓ થાય છે. જેવી કે માતા પિતા માટે; સંભાળ રાખે તેની અદેખાઈ થાય, અને તે સાથે પિતા જ્યારે એને રમાડે ત્યારે તેને માટે પ્રેમ થાય; એવી બે જાતની લાગણીઓને સમાવી દેવી પડે છે, અને મનનો વિકાસ સાધવાનું શરૂ કરે છે.

પછી બાળકની ઉંમર પાંચ વરસની થાય છે. હવે તેનું જગત વધારે વિશાળ થતું જાય છે. એને હવે શાળામાં જવાનું હોય છે. અને પોતાની ઉંમરનાં બાળકો સાથે હળીમળીને રહેવું પડે છે, અને શિક્ષકો કહે તેમ કરવું પડે છે. આ ઉંમરે તેના સંબંધો ઘરથી વધારે દૂર થતા જાય છે. તે વખતે એ પોતાના બાપાને સહાય આપે છે, તે હંમેશ પોતાના બાપા તેને માટે કેટલું બધું કરે છે, તેની વાતો કરે છે. બાળક પોતાનો પિતા જેવો થવા પ્રયત્ન કરે છે અને ઘણી બાબતમાં અનુકરણ કરે છે. બાપા તરફ વલણ હોવાથી માતા પરત્વેનું એનું વલણ બદલાય છે. પછી એ, બાપા જેમ ઘરમાં પોતાને જોઈતી વસ્તુઓ માગે છે તેમ એ માતા પાસે વસ્તુઓ માગે છે અને તે તેનાં વખાણ કરે એ ગમે છે, અને એ કહે તે માએ કરવું જોઈએ એમ માને છે.

આ ઉંમરે એટલે પાંચ વરસે, છોકરી પોતાની મા જે કામ કરે છે તેનું અનુકરણ કરે છે, ઘરમાંથી કચરો કાઢવા લાગે છે, નાનો ભાઈ કે બેન હોય તેને દૂધ પાવા માંડે છે, તેને નવડાવે છે, પોતાની ઢીંગલીઓ સાથે રમે છે. પોતે મા બને છે અને ઢીંગલીને સુવાડે છે, હીંચકાવે છે, અને પોતાના બાપા પોતાને થાબડે અને રમાડે એમ ઈચ્છે છે. ટૂંકમાં છોકરો જાણે બાપા સાથે અને છોકરી જાણે મા સાથે વધુ ભાવ સેવતાં હોય તેમ લાગે છે. પણ જ્યારે સ્કૂલમાં જતાં થાય છે ત્યારે તે બીજા સાથે સંબંધમાં આવે છે; એટલે માબાપના વિચારો બહુ આવતા નથી, પણ તેમનું ધ્યાન બીજી વસ્તુઓમાં રોકાઈ જાય છે. તે બહારની દુનિયામાં મિત્રો અને દુશ્મનો બનાવે છે. તે એક કરતાં વધુ મિત્રો બનાવે છે. અને એક મિત્ર છોડી દે તો બીજાની મૈત્રી ચાલુ રહે છે. આ ઉંમરે બાળક પોતાના જેવું નામ હોય તેની સાથે મૈત્રી કરે છે, અગર પોતાના જેવા વાળ હોય તો તેની સાથે હળે છે, પણ તે બધું બદલાતું રહે છે. આ બધું આઠ વરસ સુધી રહે છે. પછીથી એની માનસિક સ્થિતિ બદલાય છે.

સંપાદક. ચંદુલાલ વ્યાસ

લેખક વર્ગને

લેખો કાગળની એક બાજુએ લખેલા અને સુવાચ્ય જોઈએ.

આવતા માસના અંક માટેના લેખો આ માસની ૨૦મી સુધીમાં સહસંપાદકને મળી જવા જોઈએ.

'બાળવિભાગ' માટે હોય તો વસ્તુ, ભાષા, નિરૂપણ બાલયોગ્ય જોઈએ.

પત્ર વ્યવહાર **શ્રી જમુભાઈ દાણી : બ્લેવેટ્સ્કી લોજ, મુંબઈ ૭**

સંઘ-પત્રિકાઓ

પત્ર વ્યવહાર

:ગુજરાતી:	:હિન્દી:	:મરાઠી:
શ્રી જમુભાઈ દાણી	શ્રી કાશીનાથજી ત્રિવેદી	શ્રી માલિનીબાઈ પરાંજપે
બ્લેવેટ્સ્કી લોજ મુંબઈ ૭.	૫૬, નંદલાલપુરા લેન, ઈન્દોર.	૨૦૬-૨ સદાશિવપેઠ, પૂના ૨

વાર્ષિક લવાજમ : ચાર રૂપિયા : છૂટક – છ આના

વૈજ્ઞાનિક શિક્ષક કોણ?

તમામ પ્રકારના શિક્ષણની પાછળ વૈજ્ઞાનિક દૃષ્ટિ રહેવી જોઈએ; એ બાબતમાં હવે મતભેદ નથી. શિક્ષકો અને ખાસ કરીને બાલ-શિક્ષકો વૈજ્ઞાનિક દૃષ્ટિ કેળવવા લાગ્યા છે. જ્યારથી આપણા દેશમાં બાલ-શિક્ષણનો મહિમા સમજાયો છે ત્યારથી એ દિશામાં ઠીક પ્રગતિ સાધી શકાયા છીએ; પરંતુ આટલાથી આપણને સંતોષ ન હોય; આપણે આગળ ડગલાં ભરવાં જ પડશે.

વૈજ્ઞાનિક દૃષ્ટિનો આજના બાલ-શિક્ષકનો ખ્યાલ, ઓછો નહિ તો અધૂરો તો જરૂર છે. બાળકની કેળવણી માટે ઉપયોગમાં લેવાતાં સાધનોનું વિજ્ઞાન બરાબર સમજી લેવું તથા એ સાધનોનું બાળકો માટે વિજ્ઞાનની ઢબે નિરૂપણ કરવું, તથા બાળક પણ વૈજ્ઞાનિક ઢબે એવાં સાધનોનો ઉપયોગ કરતાં શીખે તેનો આગ્રહ રાખવો એટલી હકીકતો આજના સારા બાલ-શિક્ષકને સિદ્ધ થઈ છે. આ રીતે કામ કરતાં કરતાં શિસ્તના, વ્યવસ્થાના અને બાળકોના બૌદ્ધિક વિકાસના પ્રશ્નો સારા શિક્ષકને પણ હલ કરવાના રહે છે. આટલી મજલ બાલ-શિક્ષણના ક્ષેત્રમાં આપણે કાપી છે. સાધન-શુદ્ધિ આપણે હાંસલ કરી છે; સાધ્ય માટે તે જરૂરી પણ છે. પરંતુ, સાચા વિજ્ઞાનને પણ જેની જરૂર રહે છે તેવી બાબતોનો વિચાર, સ્વીકાર અને વ્યવહાર કરવાનો હજુ બાકી રહે છે.

કોઈપણ વૈજ્ઞાનિકને જ્યારે પોતાના વિજ્ઞાન-ના પ્રયોગમંદિરમાં કામ કરવાનું હોય છે ત્યારે પોતાનાં વૈજ્ઞાનિક સાધનો અને વૈજ્ઞાનિક વાતાવરણ સાથે તેને તાદાત્મ્ય સાધવું પડે છે. વૈજ્ઞાનિક તો સાચા અર્થમાં એક સાધક છે. પોતાનાં સાધનો એને પ્રિય છે. વાતાવરણની શુદ્ધિ માટે એ હંમેશા જાગ્રત રહેતો હોય છે. વિજ્ઞાનનો પ્રયોગ કરવા પાછળ સમસ્ત ન્યોછાવર કરવા માટે આવો વૈજ્ઞાનિક હંમેશા રાજી હોય છે અને તૈયાર પણ હોય છે. વિજ્ઞાનની સિદ્ધિ માટે, એટલે કે સત્યની શોધ માટે એના ચિત્તમા આગ્રહ રહેલો હોય છે. એવા સત્ય શોધન માટે જરૂરી સાધનો તરફ એનો અત્યંત આદર રહેતો હોય છે એવા આગ્રહ અને આદરમાંથી પોતાની પ્રવૃત્તિ તરફ અંતરનો પ્રેમ પ્રગટે છે અને તે દ્વારા જ સાધક આ બધાય સાથે સાચું અને જરૂરી તાદાત્મ્ય સાધી શકે છે સાચો વૈજ્ઞાનિક એ સાચો પ્રેમી છે અને સાચો વિવેકી પણ છે.

વિજ્ઞાનને અને વૈજ્ઞાનિકને આ રીતે સમજીએ તો વિજ્ઞાનને પથે ચાલી રહેલો બાલ-શિક્ષક કેવો હોય તે સમજવું મુશ્કેલ નહીં પડે સાધનો અને વાતાવરણની શુદ્ધિ માટે આપણે ઉપર જોઈ ગયા. વૈજ્ઞાનિક બાલ-શિક્ષણ માટે એથી યે મહત્વની વસ્તુ તે પોતાના વિષય તરફના પ્રેમ અને આદર છે એક વૈજ્ઞાનિક બાલ-શિક્ષકને પોતાના પ્રયોગોમા શિસ્તના, વ્યવસ્થાના કે બુદ્ધિની નીચી ઊંચી કક્ષાના જે પ્રશ્નો હલ કરવાના રહે છે તે બધા જ પ્રશ્નોનો સાચો ઉકેલ વૈજ્ઞાનિક શિક્ષકની પ્રેમની અને આદરની ભાવનામાથી મળી શકે છે.

આજના બાલ-શિક્ષણનું કાર્ય નિહાળતા બાળક તરફના પ્રેમ અને આદરનો અભાવ જેટલે અંશે દેખાય છે તેટલે અંશે બાલ-શિક્ષણનો વૈજ્ઞાનિક પ્રયોગ બાકી ભરેલો લાગે છે બાલ-શિક્ષકને વૈજ્ઞાનિક ઢબે તૈયાર કરનાર કેળવણીકારોએ પણ આ હકીકત ભૂલવા જેવી નથી બાળક તરફના પ્રેમ અને આદર વિહોણું વિજ્ઞાન બાળકને લાભ નથી કરતું, બલકે ઘણી બાબત નુકશાન પણ કરે છે. વિજ્ઞાનને જન–કલ્યાણ માટે ઉપયોગમા લઈ શકાય તેવી ચોક્કસ માન્યતા હોવા છતા, માનવજાત તરફના પ્રેમ અને આદરના અભાવને કારણે જ એવા વિજ્ઞાનનો અને એની સિદ્ધિઓનો ઘણો મોટો દુરૂપયોગ થયો છે તે આપણે સૌ જાણીએ છીએ જે સત્ય ભૌતિક વિજ્ઞાનના ક્ષેત્ર માટે બરાબર છે તે જ બાળકેળવણીના વિજ્ઞાન માટે પણ સાચું સમજવું.

હરભાઈ ત્રિવેદી

બાળ અમે રખડતાં

નવી નવી દુનિયાના, રંગ બદલાય છે;
ગોરા ચલા ગયા, હિંદી સરકાર છે..
તોય બાળ અમે રખડતાં.

યુવાનોને ક્લબ, નાટક ને સિનેમા;
યુવાનોને હોટેલ, નૉલેજમાં કૉલેજ છે .....
તોય બાળ અમે ભટકતાં.

સ્ત્રીઓને સંસાર, શણગારમાં ચમકાર;
ઘરઘર એનું સ્થાન, સાડીનાં હેત અપાર છે.
તોયબાળ અમે મૂંઝવતાં.

વડીલોને ધંધા, પુરુષોના છે હાટ;
વાડી ને બંગલાના, જુદા જુદા પ્લાન છે..
તોય બાળ અમે રવડતાં.

વકીલોની કોર્ટ, મજદૂરોની મિલ છે;
કારકૂનોને ઑફિસ, દુકાન પેઢી શેઠને.....
તોય બાળ અમે રખડતાં.

અનાથને આશ્રમો, સંઘ-મંડળો છે;
સ્વાધ્યાય સત્સંગી ને, મિશનતો ભલાં છે...
તોય બાળ અમે રખડતાં.

બાલમંદિર-વાડી, શિશુ-સદન સોહાવો;
ક્રીડાંગણ બનાવો, ઘરઘર બાળકમંદિર હો.
તો જ બાળ અમે હસવાનાં.

— મૂળદેવ પંડ્યા

હોલાંડમાંની મોન્ટેસોરી શાળા

છેલ્લે છેલ્લે ડૉ. મોન્ટીસોરી અને તેનું આખું કુટુંબ ઠીક ઠીક વરસથી હોલાંડમા રહે છે અને એટલે હોલાંડ દેશમા મોન્ટીસોરી પદ્ધતિનો વધુમા વધુ પ્રચાર થયેલો દેખાય છે.

એમસ્ટરડેમમા મ્યુનિસિપાલીટીએ પોતાની પ્રાથમિક શાળાઓમા આ પદ્ધતિનો સ્વીકાર કર્યો છે. એટલુ જ નહી પરતુ એક મોન્ટેસોરી ટ્રેનિંગ કોલેજ પણ ત્યા ચલાવવામા આવે છે. આમ છતા ડૉ. મોન્ટીસોરીની દૃષ્ટિએ ખરી ને ઉત્તમ રીત ચાલતી એવી બે ખાનગી શાળાઓ છે. મ્યુનિસિપાલીટીએ હાથમા લીધેલી શાળાઓથી મોન્ટીસોરી કુટુંબને એવો ખાસ સતોષ ન દેખાયો. કારણ ધ્યેયનિષ્ઠાથી ચલાવાતી ખાનગી શાળાઓમાં પદ્ધતિની જેટલી શુદ્ધિ રહે તેટલી શુદ્ધિ મોટા પ્રમાણમા તૈયાર થયેલ શિક્ષકો જે મોટી સંખ્યાવાળી શાળાઓમા કામ કરતા હોય ત્યા રહી ન શકે. આ ઉપરાત તે દેશના શિક્ષણવિષયક કાયદાઓ પણ તેમને નડતા નથી દાખલા તરીકે ગ્રાન્ટ લેનારી શાળાઓએ પાળવાનો એક કાયદો એવો છે કે તેઓ છ વરસની ઉમર પૂરી ન થાય ત્યા સુધી અક્ષરશિક્ષણની શરૂઆત ન કરાવી શકે. ખાનગી શાળાઓ ગ્રાન્ટ નથી લેતી અને ફક્ત ફીથી જ ચાલે છે. એટલે એમણે ફી વધારે રાખવી પડે છે. અને આમ છતા જગ્યા વગેરેની તંગી જ રહે છે.

મોન્ટીસોરી મંડળની દૃષ્ટિએ ઉત્તમ રીતે ચાલતી આ ખાનગી શાળાઓનું થોડું વર્ણન આપુ છું

એમસ્ટરડેમમાની એક શાળામા ૩ થી ૬ વર્ષના બાળકો શીખે છે. તેને ગ્લાસ સ્કુલ પણ કહે છે. કારણ ભીતો બધી કાચની છે બીજી એક ૬ થી ૯ અને એક ૯ થી ૧૨ વરસની ઉમરના બાળકોની શાળા છે. ત્યા મીસીસ વ્યુસ્ટન કામ કરે છે

કાચ શાળામાનું ત્યા જ બેસીને નોધેલું મારું અવલોકન નીચે આપું છું.

જીવન વ્યવહાર

એક મોટો ઓરડો. ૪૦'×૫૦'. દાદરાની

બાજુમાં ઉપર થોડી જુદી જગ્યા હતી. ત્યાં જીવન વ્યવહારનાં અનેક સાધનો ટાંગેલાં ને ગોઠવેલાં હતાં. તેમાં ડોલ, ગિંડીઓ, પાણી ઠોળવાની મોરી, રકાબીઓ ધોવા લૂછવાની સગવડ, ચાની કિટલી, અનાજ ભરવાના નાના વાટકા, ચમચા, નાના ગ્લાસ, સામાન લૂછવાને માટેના ઘણા રૂમાલ; ફૂલ ભરવાની દશ બાર ફૂલદાનીઓ, તેમાં પાણી રેડવા માટેના નાના જગ, ફૂલપાનનાં ૩૦–૩૨ કુંડાં. એની નીચે રકાબીઓ. એ ધોવી લૂછવી, મૂકવી, વગેરે કામો: બૂટ પૉલીશ તથા પિત્તળની વસ્તુઓ પૉલીશ કરવી, પાટિયાં લૂછવાં, આ પ્રકારનાં સાધનો ને કામો તે દિવસે જોવામાં આવ્યાં. બટનની ચોરસ ફ્રેમો પણ વપરાતી હતી.

ઇંદ્રિય શિક્ષણ

આંખો બંધ કરીને મોતી જુદા પાડવાની સ્ટીરીઓગ્નોસ્ટીક સેન્સની રમત (આકારસ્પર્શ-જ્ઞાન) બૂબ ચાલતી હતી. તેમાં જુદી જુદી જાતનાં આકારનાં મોતી, બટન વગેરે નાની નાની વસ્તુઓ પુષ્કળ હતી. એક વાટકામાં એ બધી ભેળસેળ પડી હતી. તેમાંથી ચાર રકાબીઓમાં ચાર જુદી જુદી જાતની વસ્તુઓ બાળકો જુદી પાડતાં હતાં. (ત્યાંની ટ્રેનિંગ કૉલેજમાં આ પ્રકારની સાત રમત એકથી એક ચઢિયાતી રાખવામાં આવી હતી. સાતમી કોથલીમાં લગભગ સરખા જ આકારના અને સરખા જ સ્પર્શવાળા હોય તેવા ફક્ત સુક્ષ્મ ફરકવાળા બી રાખવામાં આવ્યાં હતાં.)

ટોપકાં વગરના દડાથી મિનારાની જેમ જ બાળકો રમતાં હતાં. અહીં કોઈ બોલેલું કે આનો મિનારો ગોઠવવાનો નથી. શા માટે ન બનાવવો તે મને તે વખતે સમજાયું ન હતું: કારણ દડાપેટીમાં જોડી કરવાની રમત હોય છે, પણ તેમાં ક્રમ મેળવવાનો નથી હોતો. આ મિનારામાં એ ક્રમ લાવવાની રમત રમાય છે. આગળ ઉપર સરખામણી કરવામાં પણ આ સાધન ઉપયોગી નીવડે છે. ત્યાં બાળકો આના મિનારા બનાવતાં હતાં. તેમ કરતાં એક પર એક મૂકી, તુલના કરવાની રમત પણ રમતાં હતાં.

એ જ રીતે આંખો બાંધી દડાપેટીથી પણ રમતાં હતાં. એટલે આ રમત પણ સ્ટીરીઓગ્નોસ્ટીકની સમજવી જોઈએ. આંખે પાટા બાંધીને દર્શનેન્દ્રિયની રમત તો રમી શકાય જ નહિ.

આ ઉપરાંત રંગની તખ્તીઓ, અવાજની ડાબલીઓ, સ્પર્શના ટુકડા, વગેરેની રમતો પણ ચાલતી હતી. રંગની છાયાઓ એક છોકરીએ ગમ્મત પડે તેવી રીતે ગોઠવી. વચ્ચે એક ઘેરા રંગની છાયા મૂકી તેની નીચે સાત છાયારંગો ગોઠવ્યા. આ પ્રમાણે નવેય રંગની તખ્તીઓ તેણે ગોઠવી એટલે બરોબર એક સુંદર આકાર તૈયાર થયો. એટલે કે વચ્ચે નવ દિશામાં નવ ઘેરા રંગની તખ્તીઓ ગોઠવવામાં આવી અને તેની આગળ આગળ છ તખ્તીઓ તે જ દિશામાં આગળ આગળ મૂકી એટલે જુદા જુદા રંગનું અને છાયારંગનું એક ચક્ર તૈયાર થયું. એ બાળકો પોતે જ તે જોઈને બૂબ ખુશી થયાં. રંગતખ્તીઓની સ્મૃતિરમત પણ ચાલુ હતી. આપણે ત્યાં ઘણી વાર જોવામાં આવે છે કે આખી રમત પૂરી થાય ત્યાં સુધી શિક્ષક કે શિક્ષિકા એક એક તખ્તી બતાવતાં રહે છે. ત્યાં તેવું ન હતું. શિક્ષિકાએ તખ્તી મૂકી અને તેવી બીજી આણવા કહ્યું અને તે પસાર થઈ ગઈ. પછી બાળકોએ જ એ આખી રમત પોતે જ પૂરી કરી.

કેટલાંક બાળકો પહોળી સીડી ઊભી ગોઠવતાં હતાં તેવું દેખાયું. આ બાબતમાં પણ આપણે ત્યાં આમ કરાય નહિ. આમ નહિ ને તેમ નહીં એ પ્રમાણે બણબોદ ચાલે છે. ક્યાંય બાસ વિશેષ કારણ હોય–એટલે કે જે ઉદ્દેશને માટે સાધનની રચના થઈ હોય તે ઉદ્દેશ જ માર્યો જતો હોય તો–તેમાં જરૂર સાવધાન રહેવું જોઈએ. આમ છતાં સાધનને જુદી જુદી રીતે વાપરવાની બાળકોને છૂટ હોવી જોઈએ. આ બાબતમાં યોગ્ય વિવેકપૂર્વકનો ઉપયોગ અહીં

મેં જોયેા. અહીની મોન્ટીસોરી ટ્રેનીંગ કોલેજમા તેા લાંબી સીડી, પહેાળી સીડી ને મીનારેાના ટુકડા લઈને જુદી જુદી આકૃતિઓ બનાવવામા આવતી હતી આ સિવાયના બીજા ટુકડાઓના ઘર કે એવી બીજી કોઈ પણ જાતની રચના તેઓ કરતા હતા. બીજા ટુકડાઓથી જેમ ફાવે તેવી રીતે ઘરેા બનાવવામા આવે છે તેવું આ ન હતું, અહી તેા વનનેા ક્રમ એક ખાસ પ્રકારે ગેાઠવીને તેની આકૃતિ બનાવવાની રમત હતી.

દાખલા તરીકે, એક પહેાળી સીડીનેા જાડેા વન મૂકી તેની આગળ મિનારાનેા મેાટેા વન, પછી તેને કાટખૂણે તેની આગળ પહેાળી સીડીનેા વન અને તેની જોડીમા જ મિનારાનેા બીજો વન, ફરી પાછા તેને કાટખૂણે ત્રીજો વન એ રીતે આખી આકૃતિ કરવી અથવા તેા ફકત સાપ જેવા વાકા ચૂંકા આકારે બધું ગેાઠવવું ક્યારેક એકના મેાટા ટુકડા તરફથી અને બીજાના નાના ટુકડા તરફથી; ક્યારેક ક્યારેક એક જ સાઇનના ટુકડા લઈને – એવી અનેક રીતે રમતેા ચાલુ હતી. ત્યાની પ્રિન્સિપાલ બાઈએ જણાવ્યું કે આવી ૧૦૮ પ્રકારની રમતેા બાળકેાએ પેાતે અત્યાર સુધીમાં શેાધી કાઢી છે.

ભાષા અને ગણિત

અહી ગણિતની ઘણી રમતેા ચાલુ હતી. ૧, ૨, ૩ વગેરે આકડાની નીચે લાલ ચેારસ ચકતીઓ ગેાઠવવી; સાપની રમત— બીલકુલ નાના નાના સાપ બદલી અથવા તેા તાળેા મેળવ્યા સિવાયના ૪+૩+૨+૬ = ૧૫. આ જાતની ઘણી રમતેા બાળકેા રમતા હતા. આકડાના પાટિયા પર આકડા ભરવવા; પટ્ટાવાળી સીડી પર આંકડા મૂકવા; કાગળ પર ૧૧, ૧૨, ૧૩ એવા આકડા લખી તે કાપી બીજા કાગળ પર તેને ચેાટાડવા; કેલેંડર તૈયાર કરવુ વગેરે. ઘડિયાળની રમત સાવ નવીન હતી. કાટા ફેરવી શકાય તેવી ઘડિયાળ અને તેની સાથે ચિઠ્ઠીઓ. ચિઠ્ઠીમાં પેાણા દસ હેાય તેા બાળકે કાટા ફેરવીને ઘડિયાળમા પેાણા દસ મૂકવા અને પેાતાની એ ક્રિયા બરાબર છે કે નહિ તે તે ચિઠ્ઠીની પાછળ જોઈ લેવું.

ભાષામાં તે દિવસે ચલમૂલાક્ષરની પેટી પર કામ ચાલતું હતું. આમા સાદા બેાકસ પેપરના હાથથી કાપેલા અક્ષરેા વપરાતા હતા. કદાચ કાપવાનું કામ બાળકેા જાતે જ કરતાં હશે. આગળા ફેરવી રેતિયા અક્ષરેા શિખવાનું પણ ચાલુ હતું. ડાબા હાથનાં આંગળા પણ ફેરવવા દેવામાં આવતાં હતા. એકંદરે લેખનવાચનની શરૂઆત જ દેખાતી હતી. ચિત્રકામ ચાલુ હતું. પેન્સીલના સ્ટેન્ડ ઉપરથી પેન્સીલેા લેવી ને પાછી મૂકવી એ કામ ખૂબ જ જોરમા ચાલતુ હતું. ચાર ચાર પેન્સીલેા માટે નાના પતરાના સ્ટેન્ડ પણ હતા. એ લઈને બાળકેા પેાતાનાં ટેબલ પાસે રાખતા.

આ સિવાય બીજી પ્રવૃતિઓ પણ હતી. દાખલા તરીકે મેાતી પરેાવવા માટે વાટકીઓ, સેાય દેારેા અને રંગીન મેાતી; કેટલાંક બાળકેા કાવે તેમ રંગીન મેાતી પરેાવતાં હતાં, તેા કેટલાંક ચેાક્કસ ક્રમમા પરેાવતા હતા. એટલે કે બે લીલાં, એક પીળું અથવા તેા કેાઈ બીજું એ મુજબ ક્રમિક રીતે. એક છેાકરીએ માળા કરીને ગળામાં પહેરી લીધી શિક્ષિકાએ એ કાઢી લીધી. બીજી એક છેાકરીના ગળામા બાંધવી હતી તે તેના ગળામા ઊંધી બાંધી દીધી. એનું કારણ કાઈ સમજાયું નહિ. ભાષાની અડચણને લીધે તેને આ કાઈ પૂછી શકાયું નહિ.

આ સિવાય સંગીતની ઘંટડીઓનુ સાધન અને પટ્ટીતરંગ પણ હતા. તે ત્યા વપરાતા હતા. આપણે ત્યાં કેાઈ જગ્યાએ આપણે ઘંટડીઓ વાંપરતાં નથી ફકત ભાવનગરમાં એ સાધન હતું અને તે વપરાતું. અહી યુરેાપમા લગભગ બધા બાલમંદિરેામા એ સાધન વપરાય છે. એની સાથે એક પટ્ટીતરંગ જેવું કંઈક હેાય છે.

આ રીતે અરાઅર ૯ થી ૧૨ સુધી બાળકો જુદા જુદા કામમાં સંપૂર્ણ રીતે મશગૂલ હતાં. વચ્ચે વચ્ચે ક્યારેક મારામારી પણ થઈ જતી. ડંભો દેખાડવાનું ય ક્યારેક ક્યારેક ચાલુ હતું. એકવાર મારામારી જરા જોરમાં થઈ. શિક્ષિકાએ બે વખતે બન્નેને હાથ પકડીને છુટાં પાડયાં. હાથ જોડીને બન્નેને છૂટાં બેસવાનું કહ્યું. કેટલાંક બાળકો દડ્ડા મોંમાં ઘાલતાં હતાં. કેટલાંક પેન્સીલ ચાવતાં હતાં. પાટિયાં લૂછવાના રૂમાલ મોંમાં ઘાલીને ચપ્પુ સ્વાભાવિકપણું

ને બાળકોનું બાળકપણું દેખાયું.

૧૧ માં પાંચ મિનિટ બાકી હતી ત્યારે શિક્ષિકાએ કંઈક કહ્યું ને ૫–૬ બાળકોનાં નામ લીધાં. તે બાળકો ઊઠ્યાં ને બધું કામ આટોપવા માંડ્યાં. આ કામમાં પંદર મિનિટ ગઈ.

પછી બધાં બાળકો પોતપોતાની જગ્યાએ ટેબલ પાસે ખુરશીઓ પર બેસી ગયાં. શિક્ષિકા સૌને સંબોધીને કંઈક કહેતી હતી. દરમ્યાનમાં બાકીનાં કેટલાંક બાળકોનું કંઈક કામ આટોપવાનું ચાલુ હતું.

વચ્ચે વચ્ચે શિક્ષિકાને શી.....ષ્ટ કરીને સૌને શાંત કરવાં પડતાં હતાં. પછી દરેક બાળક એક એક નાનું નાનું કુંડું લઈ આવ્યું. તેના પર + આવી નિશાની હતી. નિશાનીવાળી બાજુ આગલે દિવસે સૂર્યના તડકા તરફ મૂકી હતી. તે દિવસે શું બન્યું તે જોઈને તે નિશાની વાળી બાજુ ઊંધી કરીને કુંડાં પાછાં મૂકી દેવાનાં હતાં. આ વસ્તુ અમને પાછળથી સમજાણી.

આટલી વાતચીત પછી, શિક્ષિકા એક ટોપલી લાવી. તેમાં સફરજન, ટમેટા વગેરે ફળ હતાં. જે બાળકનું નામ બોલાય તે આવીને એક એક ફળ લઈ જતું મોટાં બાળકો નાનાં ને આપતાં હતાં. જેને મળે તેણે આવવાની શરૂઆત કરવાની હતી. કેટલાંક બાળકોને કંઈ જ ન મળ્યું. એનું કારણ પાછળથી જાણ્યું; અને તે એ હતું કે આ ફળો બાળકોને પોતપોતાને ઘેરથી આવ્યાં હતાં. જેને ઘેરથી ફળ આવતાં નહિ તે જેમનાં તેમ બેસતાં. ઘેરથી કામમાં આવાનું લાવવાના જેવી જ આ રીત હતી. થોડાં આપ ને બીજાં જોતાં બેસે એવી આ રીત મને કંઈ ગમી નહિ. આમ છતાં ત્યાં આ સ્વાભાવિક જણાયું. ટ્રેનમાં જેમ આવાનું લાવનારાં આપ ને ન લાવનારા ન આપ તેવી પણ આ રીત લાગી.

ત્યારબાદ તેમના પાળેલા કનેરી પંખીનું પાંજરું ઉઘાડવામાં આવ્યું. તેને માટે એક ટુકડો અંદર મૂકવામાં આવ્યો. કનેરી પંખીએ પહેલાં તો પાંજરામાંથી બહાર નીકળી, ઊડીને એક ચક્કર લગાવ્યું પછી એ મૂકેલ સફરજનનો ટુકડો ઉઠાવી લીધો.

આ આણું બલાસ થયા પછી શાંતિની રમત શરૂ થઈ. પગના ફણા પર ચાલીએ તો અવાજ ન થાય તે દેખાડ્યું. એ બધાના પગમાં જોડા હોય છે એટલે વગર અવાજે ચાલવું મુશ્કેલ હોય છે. ઘણાં બાળકો ચાલતાં હતાં. દરવાજામાં કોઈ આડું હોય તો તેને વિવેકપૂર્વક આવા બેસવાનું તેઓ જણાવતાં અને વચ્ચે આવનાર બેસી જાય એટલે થેંકયું (ઉપકાર માનું છું) કહેતાં. આ રમત ખૂબ મજાની ચાલી.

પછી સંગીત થયું. એને માટે પિયાનો, ૫–૬ બંજરીઓ અને ૫–૬ ટ્રાયંગલ્સ જોયા. પિયાનો પર શિક્ષકા જુદા જુદા સૂર વગાડવા લાગી અને તેના તાલમાં બાળકો ચાલવા માંડયાં. કેટલાંક ફકત જોતાં હતાં. નાનાં મોટાં સૌ સાથે ચાલતાં હતાં. વાગવાની ચાલ બદલાવાની સાથે ચાલવાની રીત બદલાતી. કયારેક પગ પછાડીને, કયારેક ફણા પર દોડતાં, કયારેક પંખીઓની માફક બાજુમાં હાથ પહોળા કરીને, કયારેક બંન્ને બાજુ ઝુલતાં ઝુલતાં. કયારેક ટન્ ટન્, ટન્ ટન્ ટન્ એવા જુદા જુદા તાલમાં વાગતું કે તે પ્રમાણે પગ પછાડતાં એ મુજબ તાલમાં જ બધું કામકાજ ચાલતું. વચ્ચે કૂદકા મારવા, ગોઠણભર

બસવુ, હળવે હળવે ગાવું, વગેરે પણ ચાલતું હતું એકંદરે બાળકોનું કામ સુંદર હતુ. એ જાતનું સંગીત જોયું. ગમ્યું. બાસ કરીને તાલબદ્ધ ચાલવું ને જુદી જુદી જાતનું હલન ચલન કરવું તેના પર ભાર હતો.

ઓરડામાં મેડોનાનું એક સુંદર ચિત્ર હતું. એક વાંદરાનું મોટું ચિત્ર ને એક કીડાનું ચિત્ર હતું. એક બાજુએ એક પાટિયા પર મકાઇના ડોડા, કાંદા, બિલાડીના ટોપ વગેરે બાળકોએ એકઠી કરેલ ચીજોનો સંગ્રહ હતો. એક કાચની નાની પેટીમાં પાણીમાં માછલાં હતાં; બીજી પેટીમાં ગોકળગાય ને એક કાચની પેટીમાં કેટલીક વનસ્પતિ ને શેવાળ હતી. ટાંગેલાં કુંડાંમા વેલ અને નાનાં કુંડાંમાં નાનાં નાનાં થોર ને ફૂલઝાડ હતાં. એક આખી દીવાલ પર ત્રણ મોટાં પાટિયા હતાં. તેમાંનાં બે પર નાના ચોરસ આંકેલા હતા. આ સિવાય બીજાં નાનાં પાટિયાં ઘણાં હતા. પણ તેનો ઉપયોગ તો ફકત જોર જોરથી લૂછવાનો જ થતો જણાયો. પરંતુ તેની નીચે આગલા ચિત્રો એવું લખેલું હતું; એટલે લાગવું, ચિત્ર કાઢવાં વગેરે કામો તેના પર થતાં હશે તેમ લાગ્યું.

આ શાળાના કામકાજનું સીનેમા ચિત્ર ત્યાની એક છોકરીના બાપે તૈયાર કર્યું છે તે અમને દેખાડયું. મેડમને ઘેરજ આ કાર્યક્રમ થયો. તે ગૃહસ્થની દીકરીએ ઘેર જઈને કહેલું કે અમારે ત્યા હિંદી સ્ત્રીઓ સુંદર સાડીઓ પહેરીને આવી છે. ઉપર તેમણે કોટ પહેર્યા છે એટલે અમને એ જોવા ન મળી.

શાળા ૧૨॥ વાગે છૂટી ત્યારે બહાર રસ્તા ઉપર ઘણા માબાપો બાળકોને ઘેર તેડી જવા આવ્યા હતા. ઘણા મોટાં બાળકોને સાઈકલ ઉપર લઈ જવામા આવ્યા. આ રીતે આ એક સુંદર શાળા ૩–૩॥ કલાક જોઈને બહુ આનંદ થયો.

તારાબેન મોડક

☆

નૂતન બાલશિક્ષણ સંઘ

શિક્ષણ–પત્રિકા

લેખોનો પત્રવ્યવહાર

: ગુજરાતી :

શ્રી. જમુભાઈ દાણી

બ્લેવેટ્રસ્કી લૉજ, મુંબઈ. ૭.

: મરાઠી :

શ્રી. માલિનીબાઇ પરાંજપે,

૨૦૨–૧ સદાશિવ પેઠ, પુના ૨.

: હિન્દી :

શ્રી. કાશીનાથજી ત્રિવેદી

૫૧, નંદલાલપુરા લેન, ઇંદોર (મધ્યભારત)

સંઘ–સભ્ય

સામાન્ય ૪ રૂ. સક્રિય ૪ રૂ

સહાયક ૭ રૂ. સંસ્થા ૧૦ રૂ.

આજીવન સભ્યો

હિતેચ્છુ ૧૦૦ રૂ. શુભેચ્છક ૨૫૦ રૂ.

દાતા ૫૦૦ રૂ. પ્રદાતા ૧૦૦૦ રૂ.

હિન્દી પત્રિકા

ગુજરાતી ,,

મરાઠી ,,

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

સંઘમંત્રીઓ:– શ્રી. તારાબેન મોડક–બાલવાડી, બોરડી–ગોલવડ થઈને
શ્રી. બાબીબેન મૂલજી–શાંતારામ ના. લેન, વાલકેશ્વર, મુંબઇ ૬

બાળ મંદિરમાં ભાષા શિક્ષણ

(વ્યાકરણની મૌખિક રમતો)

લેખાંક છઠ્ઠો

વાકયમાં શબ્દોનું કાર્ય બે પ્રકારનું હોય છે. શબ્દ જે પ્રકારનો હોય તે પ્રકારને સ્પષ્ટ કરતું કાર્ય અને બીજું, તે શબ્દ વાકયમાં જે સ્થાને મૂકયો હોય તે સ્થાનને લીધે શબ્દનો ક્રિયાપદ સાથે જે સંબંધ બંધાય છે તે બાબતનું કાર્ય. એક દાખલો લઈને શબ્દનું આ બે પ્રકારનું કાર્ય જોઈએ.

નાની નયના પિત્તળની ફૂલદાનીમાં સરસ સરસ ફૂલો ધીરે ધીરે ગોઠવે છે.

આ વાકયમાં જુદા જુદા પ્રકારના શબ્દો છે. નામો, વિશેષણો, ક્રિયાપદો, ક્રિયા વિશેષણો વગેરે. દરેક પ્રકારના આ શબ્દોનું કાર્ય તેના પ્રકારને લીધે નિશ્ચિત અને મર્યાદિત હોય છે. આ વાકયમાં નયના, પિત્તળ, ફૂલદાની, ફૂલો વગેરે નામો છે અને તે અન્ય પ્રકારના શબ્દો કરતાં જુદા જુદા પ્રકારના શબ્દો છે. અત્યાર સુધીના લેખોમાં આપણે જુદા જુદા પ્રકારના શબ્દોનું તે તે પ્રકારોને સ્પષ્ટ કરતું કાર્ય જોયું. આ લેખમાં આપણે શબ્દોનું બીજું કાર્ય સ્પષ્ટ કરીશું. 'નયના,, પિત્તળ, ફૂલદાનીમાં અને ફૂલો' એ નામો છે; પરંતુ તે શબ્દો વાકયમાં જે સ્થાને યોજાયા છે તેને લીધે એ દરેક નામ, ક્રિયાપદ સાથે વિશિષ્ટ સંબંધ ધરાવે છે. એ સંબંધોની સ્પષ્ટતા એ વાકયોની રચનામાં અને વાકયોનો અર્થ સમજવા માટે અત્યંત મહત્વની હોય છે.

બે વર્ષની વય પછી બાળકો પૂર્ણ વાકયોથી બોલતાં જણાય છે. ચાર સાડા ચાર વર્ષની ઉંમરે તો આવાં વાકયો વિકાસ પામીને તેમાં રચનાના જુદા જુદા પ્રયોગો અને વિવિધ શબ્દો પણ ઉમેરાય છે. બાળકની ભાષાનો આ વિકાસ ચાલુ જ હોય છે બાળક વાકયમા શબ્દો યોગ્ય ઠેકાણે વાપરી શકે છે, એના યોગ્ય અર્થની નિષ્પત્તિ કરવા માટે કયા શબ્દો કયાં યોજવા એ વિષેનો મુળ ખ્યાલ પણ બાળકોને હોય છે. તેથી જ વાકયમા શબ્દોના સંબંધની અથવા વાકય પૃથક્કરણની રમતો બાળકો ખૂબ રસથી રમે છે.

વાકય–પૃથક્કરણની મૌખિક રમત

રમતનો હેતુ: વાકયમા જુદા જુદા શબ્દોને લીધે કેવા અર્થનુ સ્પષ્ટીકરણ થાય છે તેનો ખ્યાલ, પૃથક્કરણ દ્વારા બાળક આગળ રજૂ કરવો.

સાધનોનું વર્ણન: બજારમા મળતા, શિક્ષકે પસંદ કરેલા રમકડા અથવા ચિત્રો અને વાતાવરણને વધુ ને વધુ સજીવ બનાવો. આ સાધન પ્રત્યક્ષ વાપરવાનું હોતું નથી; પરંતુ એવા સાધનો દ્વારા સૂચિત થતી કેટલીક ક્રિયાઓ અથવા વિચારો, એ આ રમતનું પ્રત્યક્ષ સાધન ગણી શકાય. એની ક્રિયાઓ અથવા વિચારો પૃથક્કરણ માટે પૂર્ણ વાકયોમા વ્યક્ત થવા જોઈએ. એવા થોડાં વાક્યો દાખલા રૂપે. તેનાથી આપણો આ ખ્યાલ વધારે સ્પષ્ટ થશે.

(૧) વાતાવરણમા થતી ક્રિયાઓ અથવા બનતા બનાવથી સૂચિત વાકયો.

પૂર્ણિમાબેન ધીરે ધીરે ચાલે છે.
આજે આશાબેનનો વારો છે
નીનાબેન ધીમે ધીમે બોલે છે.
પંકજભાઈ નાની રકાબી ઉપાડે છે.
નંદિનીબેને સરસ રંગોળી પૂરી છે.
વિનુભાઈ શ્લોક બોલશે.

આવી ઘણી ઘટનાઓ આ રમતો માટે સાધનો તરીકે યોજી શકાશે.

(૨) ચિત્રો પરથી અથવા રમકડાં પરથી પણ એવાં જ વાક્યો યોજી શકાય છે. જેમકે,

હરણ દોડે છે.

ગાય વાછરડાને ચાટે છે.

ફૂલ પર પતંગિયું બેઠું છે.

ચકલી પોતાના બચ્ચાને ચણ ખવરાવે છે.

શબરી રામ લક્ષ્મણને બોર આપે છે.

કૃષ્ણ કાલિયનાગના માથા પર નૃત્ય કરે છે

નાસ્તાની પૂર્વે તૈયારીના સમયનો ઉપયોગ કરીને આ સ્વાધ્યાય સામુદાયિક રીતે રજૂ કરવો.

સ્વાધ્યાય – નિદર્શન : શરુઆતમા વાક્યો નાનાં નાનાં યોજવાં. ઉપરની જેમ કોઈ પણ એક વાક્ય શિક્ષક બાળકોને સ્પષ્ટતાથી સંભળાવે. દાખલા તરીકે: માલિનીબેન ધીરે ધીરે મંજીરાં વગાડે છે. આ એક વાક્ય છે: શિક્ષકે પ્રથમ બાળકોને રમતની સમજણ આપવી. આ રમતમાં એક મૂર્ખાનું પાત્ર હોય છે, અને બીજાં બધાં ડાહ્યાં હોય છે. મૂર્ખાને જુદો પાડવા ખાતર તેને વિદૂષકની એક ટોપી બનાવી આપવી. ખરું જોતાં તો મૂર્ખાનું પાત્ર જેને ભજવવાનું હોય તે બાળકને ઘણી વધુ સમજણ જરૂરી છે. રમતની આખી ગોઠવણીનો આધાર એના પર હોય છે. શરૂઆતમાં શિક્ષકે જ મૂર્ખાની ભૂમિકા લેવી, અને ડાહ્યાં બાળકોમાંથી કોઈ પણ એક બાળકને ઉપર જણાવ્યા મુજબ કોઈ પણ એક વાક્ય બોલવા માટે કહેવું.

ડાહ્યું બાળક: 'માલિનીબેન, ધીરે ધીરે મંજીરા વગાડે છે.'

મૂર્ખો (શિક્ષક): (કંઈ સંભળાયું નહિ હોય એવો ભાવ મોઢા પર બતાવીને) 'કોણ! કોણ!! મંજીરા વગાડે છે?'

ડાહ્યાં બાળકો: 'માલિનીબેન! માલિનીબેન!!'

મૂર્ખો: 'માલિનીબેન!' માલિનીબેન શું કરે છે?

ડાહ્યા બાળકો: અરે ભાઈ માલિનીબેન મંજીરા વગાડે છે.

મૂર્ખો: , માલિનીબેન મંજીરા વગાડે છે; પણ કેવી રીતે વગાડે છે?'

ડાહ્યા બાળકો: "ધીરે ધીરે."

મૂર્ખો: 'ધીરે ધીરે શું કરે છે?'

ડાહ્યા બાળકો: ધીરે ધીરે મંજીરા વગાડે છે.

આ રીતે મૂર્ખો ફરી ફરી નહિ સંભળાયું હોય અથવા નહિ સમજાયું હોય એવો ભાવ કરીને પ્રશ્નો પૂછ્યા જ કરે છે અને ડાહ્યાં બાળકો એને ઉત્તર આપે છે. શરૂઆતમાં શિક્ષક પોતે જ મૂર્ખાનું પાત્ર ભજવશે તો પાછળથી બાળકો પણ એ ભૂમિકા ભજવવા માટે તૈયાર થશે.

શરુઆતમા પૃથક્કરણના વાક્યો નાનાં હોય; પરંતુ આ પ્રકારનો અભ્યાસ થયા પછી મોટાં વાક્યો યોજી શકાય.

શેષ નામલે

પ્રેમ

જીવનની દૃષ્ટિથી વિચારીએ તો પ્રેમ એ કલ્પનાનું ફળ નથી. પરંતુ એ વાસ્તવ ઘટના– સત્ય છે. એ ચિરંતન શક્તિ છે, કે જેનો કદી પણ નાશ થતો નથી. આ તત્ત્વ વિષે કવિઓ અને પયગંબરોએ જે કહ્યું છે તે આપણે જોઈએ.

જેને આપણે પ્રેમ કહીએ છીએ તે વિશ્વની મોટામાં મોટી શક્તિ છે. વળી એને માટે શક્તિ જેવો શબ્દ પણ પૂરતો નથી થતો. એમા પણ કમીપણું લાગે છે. કારણ કે પ્રેમ એજ પોતે સર્જન છે. તેથી જ પ્રેમ એ પરમેશ્વર છે. દરેક ધર્મમા પ્રેમ વિષે ઘણા અદ્‌ભુત લખાણો થયાં છે. ખ્રિસ્તી સમાજમા સેન્ટ પોલ નામના એક સંતે ઘણા જ ભારપૂર્વક પ્રેમનું આલેખન કર્યું છે

સેન્ટ પોલ કહે છે કે "હું દુનિયાની બધી ભાષાઓ જાણતો હોઉં, તારા મંડળની ભાષા પણ જાણતો હોઉં, પણ જો મારામાં પ્રેમ ન હોય તો હું શૂન્યવત્ છું. મારામાં જો શ્રદ્ધા હોય, અભિલાષા હોય કે હું પર્વતને ખસેડી નાખું, પણ જો મારામાં પ્રેમ ન હોય તો હું શૂન્યવત્ છું. હું ઉદાર હોઉં, પૈસાદાર હોઉં, ગરીબોને મારું સર્વસ્વ આપી દઉં, છતાં પણ જો મારામાં પ્રેમ ન હોય તો હું ઠોર જેવો છું."

"મારામાં ત્યાગ, સંયમની શક્તિ હોય, આત્મદમનની શક્તિ હોય અને મારું શરીર હું અગ્નિમાં ફેંકી દઈ શકું, પણ જો મારામાં પ્રેમ ન હોય તો હું કંઈ નથી."

આવા સંતને આપણે પૂછીએ પ્રેમ એ શું વસ્તુ છે, તો અનુમાનથી માની લઈએ કે એ એમ કહેશે કે "પ્રેમ એ બહુ ઉગ્ર, ભીષણ, ઘોર વસ્તુ છે. એ પુરુષ કહેશે કે આવી મહાન ભાવનાનું પ્રેમનું વર્ણન સાદું સીધું જ આવે છે. કારણ કે જે બહુ જ સરળ વસ્તુ છે. આજના યુગમાં પણ આપણે એના દાખલાઓ રજુ કરી શકીએ. દા. ત. સમાજના સુધારાઓથી પર્વતો પણ કોરાયા છે. રેડિયો વગેરે આધુનિક શોધો પ્રેમને જ આભારી છે. આપણે જ્યારે ગરીબને ખવડાવવાનું કે કપડાં આપવાનું ઈચ્છીએ છીએ ત્યારે પ્રેમ ન હોય તો તે નકામું જ છે. સંત પોલે તત્વજ્ઞાનનો સિદ્ધાન્ત રજુ કર્યો નથી, પણ સત્યને સરળ રીતે રજુ કર્યું છે.

પ્રેમમાં ધીરજ હોય છે. ઉદ્ધતાઈ હોતી નથી. પ્રેમ આક્રમણકારી નથી. એ કિન્નાખોર વિદ્વેષી નથી; લોભી નથી; એને સ્વાર્થ નથી; બીજા કોઈને અન્યાય-થયો હોય તો એને આનંદ થતો નથી. પણ તેનું જે દુઃખ છે તે પોતે અનુભવે છે; તેને સત્યમાં અને આનંદમાં સુખ લાગે છે. એ બધું માની લે છે, એ બધાને સ્વીકારવા તૈયાર હોય છે. એ સઘું સંઘરે છે, અને બધા માટે આશાવાદી રહે છે. એ બધાંને સહી લે છે. તે બધાંને અનુકૂળ થઈ રહે છે. એ સર્વસહિષ્ણુ છે. આવું લાંબું અને હકીકતોની ગણત્રીવાળું વર્ણન આપણે જોયું તેને જો આપણે પ્રેમની સાથે સરખાવશું તો સાદું લાગશે.

પ્રેમના આ બધા ગુણો બાળકમા રહેલા છે. બાળકનું ગ્રાહક મન પરિસ્થિતિની તમામ છાપ લે છે. પ્રેમનો એ આજ ગુણ બતાવે છે એ બધાનું સ્વીકારી લે છે, અને જેનું જેનું સૂચન આપીએ તેને માટે આશા રાખે છે, તે બધાને સહન કરી લે છે. જેમાં મા એને ધમકાવે–મારે છતા બાળક તેને વળગી રહે છે, અને જ્યારે મા એને કહે છે કે તું તોફાની છે ત્યારે તે પણ તેમ માની લે છે. 'હા, હું તોફાની છું' એને ખબર હોતી નથી કે તે ખરેખર તોફાની છે કે નહિ, છતા તે તોફાનને પણ સ્વીકારે છે.

કોઈ મોટેરું બાળકને ધમકાવે કે ઈજા કરે અને બીજી વ્યકિત તે ધમકાવનાર કે ઈજા કરનારને ઠપકો દે છે ત્યારે પણ બાળક ના–ના કહી તેનો બચાવ કરે છે. આ બળ તે સંસકિત–સ્નેહાકર્ષણનું છે. તે બાળક સિવાય બીજે કયાય જોવાનું નહિ મળે. આથી વિશેષ બાળકનો અભ્યાસ કરીએ તો એનું પૃથક્કરણ કરતા તેના દરેક પાસામાં પ્રેમ દેખાશે. આ પ્રેમનું દર્શન થાય તો તે કોઈ કવિ કે પયગંબરે દર્શાવેલું નહિ પણ બાળકનું પોતાનું જ તત્ત્વ છે, આ સત્ય ઘટના દેખાશે.

સેન્ટ પોલના પ્રેમના વર્ણનનો અભ્યાસ કરીએ તો દેખાશે કે બાળક એ પ્રેમનો નિધિ છે, બબ્બનો છે. આ બબ્બનો કવિતાના અભ્યાસીઓને જ માત્ર મળતો નથી; એ તો દરેક પાસે છે. બાળકના પ્રેમના પ્રચંડ બળનો પ્રતિનિધિ સર્વત્ર પ્રસરેલો છે.

માનવે ઝઘડા કરીને જગતને વેરાન રણ કરી દીધું છે. તેમાં બાળકરૂપી પરમેશ્વર વર્ષા વરસાવે છે. તેથી હવે આપણને સહેલાઈથી સમજાશે કે પુખ્ત ઉમરનાં માણસોની વૈજ્ઞાનિક શોધો મહાન સિદ્ધિઓ છે; છતાં પ્રેમ વિના કોઈ વસ્તુ આપણને આગળ લઈ જઈ શકે નહિ. આપણે બાળકને સ્વીકારીએ ત્યારે જ આ ભવ્ય શોધો

સફળ બને. તેથી જ બાળકનો અને મોટેરાંનો આત્મિક સંબંધ ગાઢ હોવો જોઈએ.

આપણી સંસ્કૃતિની બધી શોધોમા પ્રેમની શોધ વિના બધી શોધોની કિંમત શૂન્ય છે.

બાળક પ્રેમનું પાન કરાવે છે. મોટેરાએ બાળકને પ્રેમ શીખવ્યો નથી, કારણ માણસ તેનું વર્ણન કરી શકતો નથી, તો શીખવી કેમ શકે? આ પ્રેમ તે કુદરતનું બળ છે, અને તે બળ માનવના બંધારણમા રહેલું છે. માટે જ માનવની શોધો અને સર્જનો કરતા પ્રેમ મોખરે મુકાવો જોઈએ.

પ્રેમ એ કાઈ કલ્પના નથી, કુદરતનું સર્જન—બળ છે. જેને આપણે પ્રેમ કહીએ છીએ તે આપણી આતરની ભીતરમા રહેલો છે. આમ એક જે થોડું ભાન છે તે વિશ્વની શક્તિ—ચેતનાનો સાર્વત્રિક શક્તિનો અ શ છે. આ સાર્વત્રિક શક્તિને માનવી સાથે સંબંધ હોવાનું કારણ આ શક્તિ છે, આકર્ષણ છે, આ આકર્ષણ તે પ્રેમ છે. અને માટે જ આપણે કહી શકીએ કે કંઈ પણ નવુ સર્જન કરીએ પણ તે પ્રેમ વિના ટકે નહિ

પ્રેમ એ માત્ર સહાનુભૂતિ નથી પણ જીવનનો અર્ક—સાર સત્વ છે.

આપણે જગતની અ દર જે પ્રગટ પ્રેમ જોઈએ છીએ તેનુ પૃથક્કરણ કરીએ. દરેક પ્રાણીમા અમુક સમયે પ્રજનનની પ્રેરણા હોય છે. આ પણ પ્રેમનો એક પ્રકાર છે આ પ્રકારનો જે પ્રેમ તે કુદરતનો આદેશ છે. કારણ કે આ આદેશ વિના જગતનું અસ્તિત્વ ટકી રહે નહિ જેથી આ પ્રેમરૂપી શક્તિનો નાનો અણુ આપણને થોડી ક્ષણ માટે આપવામા આવે છે તેનો અનુભવ થોડી ક્ષણો માટે રહે છે. એ બતાવે છે કે આ જાતનો સ્થૂલ પ્રેમ આપવામા પણ કુદરત પ્રેમથી અને કરકસરથી આપે છે એની પાછળ આજ્ઞા-આદેશ હોય છે. તે પછી જ્યારે બાળકનો જન્મ થાય ત્યારે વિશિષ્ટ પ્રકારનો પ્રેમ માબાપમા જાગૃત થાય છે (વાત્સલ્ય) જેને લીધે જાતિનુ અસ્તિત્વ ચાલુ રહે છે. અને જાતિનું રક્ષણ થાય છે

આપણે ધારીએ છીએ તેવા સામાન્ય રૂપે પ્રેમ એ કોઇ એવી લાગણી નથી પણ એક શક્તિ છે કે જે બહુ સંભાળથી અને કરકસરથી આપવામાં આવી છે, અને તે જીવનના એક અંધારા ખૂણામાં આપેલ છે. આપણી ધારી લીધેલી એ માત્ર ભાવના નથી. બલ્કત્ત, બીજા પ્રાણીઓ કરતા માણસનામા આ ભાવના વધારે રહેલી છે.

વિશ્વવ્યવસ્થાની દૃષ્ટિએ તો આ એક બળ દરેક જીવંત પ્રાણીને અમુક સમયે ઉછીનું આપવામા આવે છે, અને હેતુ સધાતાં પાછું લઈ લેવામા આવે છે. આ જે બળ છે તે માનવને માબબંધીથી આપવામા આવ્યું છે. તેમ છતાં પણ બીજા કોઈ પણ મહાન બળો કરતાં પણ મહાન છે કારણ કે આ બળ માણસને સામાજીક ઘટના તરફ લઈ જાય છે. તેથી આ બળનાનો સંગ્રહ કરવો જોઈએ, તેમ જ તેની વૃદ્ધિ અને વિકાસ કરવો જોઈએ મનુષ્ય આ બળને વધારે સૂક્ષ્મ ભૂમિકા ઉપર લઇ જઈ વિકસાવી ઉચ્ચ ભૂમિકા તરફ લઈ જઇ શકે છે. સ્થૂલ ઉપરથી સૂક્ષ્મ ઉપર લઇ જઈ ઉર્ધ્વીકરણ કરીને વધારે ને વધારે ઊંચું બનાવીને સૂક્ષ્મતા તરફ પહોચી જાય છે. આ બળને સૂક્ષ્મ ક્ષેત્રમા લઈ જવું અને તેનો સંગ્રહ કરવો તે માણસનું મુખ્ય કર્તવ્ય છે. આ બળને આપણે કલ્પનાથી સૂક્ષ્મ સ્વરૂપ આપી સર્વ સામાન્ય વ્યાપક બનાવીએ.

આ બળ આત્મા વિશ્વને એકત્ર રાખે છે. એકૃણાયતનો નિર્માણ કરીએ આ જે બળ છે તેને, જ્યારે બાળકનો જન્મ થાય છે ત્યારે ત્યારે પૂર્વજીવન મળે છે, આ બળ વડે માણસે પોતાના હાથ અને બુદ્ધિ વડે જે જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તે બધાનો ઉપયોગ કરી શકે છે પ્રેમના બળથી જ એ વસ્તુઓનો ખરો લાભ લઈ શકાય છે.

પ્રેમ એ વિશ્વચૈતન્યની ભેટ છે, અને તેનો વિશિષ્ટ હેતુ છે. આ હેતુ જો ન સધાય તો કંઇ પણ ટકી શકે નહિ આ બધુ જો આપણે સમજીએ

તો પયગંબરના પ્રેમ વિષેના ખ્યાલને માટે વપરાયેલા શબ્દો સમજી શકીએ. તેથી જ વિદ્યુત્ જે અંધારામાં પ્રકાશ આપે છે, આકાશ તત્વ છે કે જેના ઉપર થઈને અને જેના મારફતે આપણે સંદેશા મેળવી શકીએ છીએ અથવા તો માણસે શોધેલી બીજી બધી શક્તિઓ અને શોધો કરતાં સૌથી વધારે મહત્વની શક્તિ પ્રેમ છે.

માનવીની શોધોનો ઉપયોગ મનુષ્યના જ્ઞાન-ભાન અને ચેતના ઉપર આધાર રાખે છે. પરંતુ પ્રેમ રૂપી જે શક્તિ છે તે બાલ્યાવસ્થામાં જ કુદરતે મૂકેલી હોય છે. આ પ્રેમ રૂપી બળ કુદરતે પરિસ્થિતિને આપ્યું નથી પણ આપણને આપેલું છે, જેથી તેનો અને તેટલો વધારે સારો ઉપયોગ આપણે કરવો જોઇએ. તે પ્રેમનો અભ્યાસ અને ઉપયોગ, પ્રેમનું મૂળ પ્રભવસ્થાન અને પ્રેમ રૂપી ઝરો કે જે બાળક છે તેની ઉપર કરવાનો છે. આ જ એક માત્ર માર્ગ માનવજાતે અનુસરવો જોઇએ.

દેવદત્ત પટેલ

બાલવિભાગના પાઠો

આજના બાલવિભાગમાં બે ચાર પાઠો આપ્યા છે. એવા એવા પાઠો શિક્ષકોએ પોતાના વર્ગ માટે બનાવી લેવા જોઇએ. પહેલાં વાતચીતમાં એ બધી વાતો આવવી જોઇએ; કૃતિમાં પણ આવવી જોઇએ ને પછી પાઠના રૂપમાં પાટિયા પર વાંચવા માટે આવવી જોઇએ. પછી થોડા દિવસમાં બાળકો પ્રણ એવું લખતાં થઈ જાય છે.

પહેલો પાઠ ખાસ અનુભવવા માટે છે. વસંતમાં ઘણાં ઝાડ પર નવાં પાંદડાં આવે છે. કેટલાં એક તો આખાં ને આખાં ભરાઈ જાય છે. કેટલાં યે લાલ લાલ કુણાં પાંદડાં ફૂલથી યે વધારે શોભાયમાન દેખાય છે. પાનને હાથ અડાડે, તે ગાલે અડાડે, સૂંઘી જુએ, તેનો રંગ જુએ તો બાળકો ઘણાં ખુશ થાય છે. એવાં પાંદડાં તેમની નજરે આવે તો તેમાંથી થોડાં શાળામાં લઇ આવે પણ ખરાં. ત્યાં તે બધાંને જોવા માટે રાખી શકાય; તેને વિષે વાતચીત પણ થાય. આઠ આઠ દિવસે, મહિને મહિને, અવલોકન ચાલુ રહે તો આખા વર્ષની જુદી જુદી ઋતુમાં ઝાડનાં પાન ખરવાનાં, નવાં પાન આવવાનો, ફૂલ ફળ આવવાનો ક્રમ કેવો હોય છે તે સહેજે ધ્યાનમાં આવે. તે ઉપરથી ચોમાસામાં શું પાકે, શિયાળામાં શું પાકે, ઉનાળામાં શું પાકે તે તરફ પણ ધ્યાન જાય. એટલે એ જાતની વાતચીત વર્ષ દરમ્યાન વારંવાર થયા જ કરતી હોવી જોઇએ; અને તે પરથી, મેં આપ્યા છે તે જાતના નવા નવા પાઠો લખાવા જોઇએ. શિક્ષકો પોતાને ત્યા લખાયેલા આવા પાઠો 'પત્રિકા' માટે મોકલી આપશે તો તેમાંથી સરસ લાગતા પાઠો, બીજાની જાણ માટે છાપવા-માં આવશે, અને એમ તે ઉપયોગી પણ થશે. આમ વિજ્ઞાન અને સાહિત્યને જોડીને ઘણા સુંદર પાઠો ભૂગોળ, ખગોળ, પ્રાણીશાસ્ત્ર ને ભુસ્તર શાસ્ત્રને અંગે થઈ શકશે. અને ઘણા શિક્ષકોને એ સહાયક બનશે.

બીજા ત્રણ પાઠો છે તે વિશેષણ અને ક્રિયાવિશેષણ વિષેની વાતચીત પરથી લખાએલા છે. શરૂઆતના વાચન માટે એ સહેલા છે. પાઠ વાંચતાં પહેલાં બાળકે મોઢેથી આ જાતની વાત સાંભળી હશે ને પ્રત્યક્ષ કરી પણ હશે. ચિટ્ઠી વાચનની જેમ મોઢેથી આપણે બોલીએ ને બાળક કરે; એમ વાતચીત રાખીએ તો 'લાલ મોતી લાવો.' 'પીળુ કે ઝીણું મોતી લાવો.' વગેરે ક્રિયા સાથે વાત ચાલી શકે. બાળકો અંદર અંદર એક બીજા પાસે પણ આ રીતે માગી શકે. ને પછી આવો પાઠ વાંચવાનો આવે તો દરેક શબ્દ પાછળનો અર્થ તેમને દીવા જેવો સ્પષ્ટ હોય છે, એટલે એ વાંચવાની એને વધુ મજા આવે છે.

એ જ પ્રમાણે ક્રિયાવિશેષણની વાત છે. કયાંથી, કયારે, કેમ કરીને, વગેરે અનેક પ્રશ્નોના જવાબ કૃતિમાં આવે. એ જાતની, મોઢેથી રમત રમ્યા પછી આવા પાઠો બહુ જ સહેલા છતાં રસિક થઈ પડે છે. એ પાઠો ક્રિયાવાચન માટે પણ વાપરી શકાય.

તારાબેન

શ્રી દક્ષિણા મૂર્તિ
બાલ – અધ્યાપન – મંદિર

આવશ્યક માહિતી

પૂર્વ પ્રાથમિક કેળવણીના ક્ષેત્રમા-બાલ- પ્રવેશની લાયકાત
મંદિરો તથા બાલવાડીઓમાં–કામ કરવા ઇચ્છતા શિક્ષકો માટે આ અધ્યાપનમંદિર ભાવનગરમાં ચાલશે. નિયામકપદે શ્રી તારાબેન મોડક રહેશે, મુખ્ય અધ્યાપક શ્રી નરેન્દ્ર બબેકા રહેશે

સ્વર્ગસ્થ ગિજુભાઈના કાર્યને સજીવન રાખી આ સંસ્થાને સૌરાષ્ટ્રનુ પૂર્વ બુનિયાદી કેળવણીકેન્દ્ર બનાવવું અને તે માટે બાલશિક્ષકો તૈયાર કરવા એ આનો મુખ્ય હેતુ છે.

આમ અધ્યાપનમંદિરમા **બે પ્રકારના અભ્યાસક્રમો રહેશે.**

૧. 'બાલઅધ્યાપન પ્રાવિણ્ય'

આમા મુંબઇ સરકારે યોજેલો અભ્યાસ-ક્રમ આધારભૂત રહેશે. દસ માસમાં એ અભ્યાસ પૂરો થશે. જુલાઈ ૧૦ મીથી શરૂ કરી ૨૫મી એપ્રિલે પૂરો કરવામા આવશે. પછી લેવાનાર પ્રમાણ-પત્ર પરીક્ષામા જે યશસ્વી બનશે તેમને **'બાલ અધ્યાપન પ્રાવિણ્ય'**નું પ્રમાણપત્ર (ડિપ્લોમા) આપવામાં આવશે.

બાલમાનસ, મોન્ટે. પદ્ધતિ, સામાજિક જીવન, ઇંદ્રિયશિક્ષણ, ચાલુ પ્રશ્નો, બાલમંદિર-સંચાલન, આરોગ્ય ને વિજ્ઞાન, હસ્ત-વ્યવસાય ને સાહિત્ય–સાધનાલય, પ્રાત્યક્ષિક પાઠો, નાટક, સંગીત, હિન્દી, વ્યાયામ, બાલ–ક્રીડાગણ વગેરેનો આમાં સમાવેશ થશે.

૨. બાલવાડી

બીજો અભ્યાસક્રમ પણ ઉપર મુજબના સમયે જ ચાલશે. તેમાં (અ) બાલશિક્ષણની સામાન્ય તાલીમ, (બ) જીવનવ્યવહારની તાલીમ, તથા ઇંદ્રિયશિક્ષણ અને (ક) ભાષા, ગણિત, હસ્ત વ્યવસાય પ્રાત્યક્ષિક કામ વગેરે રાખવામા આવશે. ઉત્તીર્ણ થનારને **'બાલવાડી શિક્ષક'**નુ પ્રમાણપત્ર મળશે

બા. અ. પ્રાવિણ્ય માટે ૧૮ થી ૩૫ ની વચ્ચેની ઉમરના, મેટ્રિક અથવા તત્સમ પરીક્ષા પાસ કરેલા ભાઈબહેનોને લેવાશે. 'બાલવાડી' માટે ૧૬ થી ૪૦ વર્ષની વચ્ચેના, અંગ્રેજી ત્રીજી પાસ અથવા વર્ના૦ ફાયનલ પાસ થયેલાને લેવાશે; આ જ્ઞાન નહિ ધરાવનારે અગાઉથી 'પ્રવેશપરીક્ષા' આપવી પડશે.

ફી વગેરેની માહિતી

દાખલ થવા ઇચ્છનારે 'માહિતી-પત્રક' અને 'પ્રવેશ અરજીપત્ર' મંગાવી એમા માહિતી ભરી મોકલવી. પ્રવેશ ફી તરીકે અરજી સાથે ૩ પાચ મોકલવા. ઉપરાત શાળાત પ્રમાણપત્ર તથા વૈદકીય ભલામણપત્ર પણ મોકલવાં.

બે સત્રની શિક્ષણ ફી, પ્રવાસ ફી, શૈક્ષણિક સાધન ફી, પરીક્ષા ફી મળીને કુલ ૩પિયા ૧૩૨ આપવાના રહેશે.

છાત્રાલયની બે સત્રની ફી માત્ર ૩. ૧૦ રહેશે; ભોજન ખર્ચ ફાળે પડતો વહેંચી લેવાનો રહેશે

અન્ય માહિતી

બેઉ સત્રમાં મળીને ઓછામાં ઓછી હાજરી ૧૪૦ દિવસની જોઇશે.

સામાન્ય શિક્ષણ–સમય ૧ થી ૫ સુધીનો રહેશે; પ્રસંગોપાત વધારવો પણ પડે.

ચાલુ સત્રે બહારગામ જઇને શૈક્ષણિક શિબિરને ચલાવવાનો કાર્યક્રમ રખાય ત્યારે હાજરી આવશ્યક રહેશે.

અભ્યાસક્રમની નોધો, અવલોકન, બૌદ્ધિક પ્રવૃત્તિઓ, પ્રવાસ, હસ્ત વ્યવસાય વગેરેમા સક્રિય કાર્ય જરૂરી ગણાશે.

વધુ માહિતી માટે લખો :–

શ્રી નિયામક,

દ. મૂ. બાલઅધ્યાપનમંદિર,

દક્ષિણામૂર્તિ બાલમંદિર

ભાવનગર

દાદર-પૂનામાં
બાલઅધ્યાપન મંદિર

બાલઅધ્યાપન મંદિર

પ્રાથમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષાના મંડળે ગયા વરસથી 'પૂર્વ પ્રાથમિક શિક્ષણ પ્રમાણપત્ર' પરીક્ષાના એક સરકારી મંડળની સ્થાપના કરી છે. આ મંડળે મોંન્ટેસોરી અને કિન્ડરગાર્ટન પદ્ધતિથી ચાલતી બાળશાળાઓ માટે, એ પદ્ધતિના શિક્ષકોની તાલીમ માટે અભ્યાસની યોજના કરી છે. આ અભ્યાસક્રમ

બાલઅધ્યાપન મંદિર

૧૧૫ હિંદુ કોલની, દાદર, મુંબઇ ૧૪

અને નાતુ બાગ, પૂના નં. ૨ – એમ બે સ્થળે ચાલશે. ૧૮ થી ૩૫ વરસની ઉંમરનાં, મેટ્રિક પાસ થયેલાં અથવા માત્ર અંગ્રેજીમાં જ નાપાસ થયેલાં બાઈઓને આમાં સ્થાન મળશે. એક વરસના આ અભ્યાસ બાદ વિદ્યાર્થી સરકારી પ્રમાણપત્ર માટેની પરીક્ષામાં બેસી શકશે.

બાલઅધ્યાપન પ્રવેશ

પૂર્વ પ્રાથમિક શિક્ષણ સમિતિએ યોજેલો આ શિક્ષકવર્ગ માત્ર ચાર મહિના માટે ચાલશે. આ વર્ગમાં દાખલ થવા ઈચ્છનારે અંગ્રેજી ત્રીજા ધોરણ સુધીનો અથવા વર્ના૦ ફાઇનલ સુધીનો અભ્યાસ કરેલો હોવો જોઇશે. જેઓએ આટલો અભ્યાસ નહિ કર્યો હોય અને છતાં આ તાલીમ લેવા ઈચ્છા ધરાવતા હશે તેમણે એક **પ્રવેશ–પરીક્ષા** આપવી પડશે; તેમાં ઉત્તીર્ણ થનારને લેવામાં આવશે. આ પ્રમાણપત્ર પામેલ ભાઈબહેનો સરકારમાન્ય અથવા માનગી પૂર્વ પ્રાથમિક શાળામાં તથા કલ્યાણ-કેન્દ્રોમાં સહાયકશિક્ષક બની શકશે.

આ બેઉ અભ્યાસ વર્ગો તા. ૧૨ જુનથી શરૂ થશે. જરૂરી માહિતી જણાવેલ સ્થળેથી મેળવી લેવી.

(કવર પાનું ૩ થી ચાલુ)

સરળ ભાષામાં સુરેખ જીવન–પરિચય આપ્યો છે. એમની સરળ ભાષા બાળકોની પાસે જીવંત ચિત્રો ઊભાં કરી શકે છે અને અખંડ રસ જમાવી રાખે છે. એમની કલમે મહાકાવ્યોની કથા બાલજગતની કથા બની છે; મહાપુરુષોનું જીવન વાર્તા જેવું બની ગયું છે....'નવયુગ 'વ્યાકરણ'ના બે ભાગો દ્વારા આ સંસ્થાએ આ વિષયને ન્યાય આપવા સાથે વિદ્યાર્થીઓને સંપૂર્ણ લક્ષમાં રાખી વિષય નિરૂપણ કરેલ છે એ અભિનંદનીય છે. આ પ્રકાશન સંસ્થાએ પાઠ્ય પુસ્તકોના ક્ષેત્રમાં જે સાફલ્ય મેળવ્યું છે એવું જ બાલકિશોરના ઇતર જ્ઞાનસાહિત્યમાં પણ સત્વર મેળવે એમ અમે ઈચ્છીએ છીએ.

૮. 'ચાંદરણાં' (ત્રીજી આવૃત્તિ)

ભાઈ ચંદ્રવદન મહેતાનાં લખેલાં બાલગીતોનું પુસ્તક "ચાંદરણાં" આટલાં થોડાં વર્ષોમાં ત્રીજી આવૃત્તિરૂપે પ્રગટ થાય છે એ એની બાલપ્રિયતા પૂરવાર કરે છે. સંપાદકો શ્રી જમુભાઈ દાણી અને સોમભાઈ પટેલે એમની 'સુંદર સાહિત્ય' માળા-દ્વારા જે સંગીન સાહિત્ય ગુજરાતને આપ્યું છે તેમાંનું આ પુસ્તક અનેક બાળમંદિરોમાં આજે સ્થાન પામ્યું છે; એમાંનાં ગીતો બાળકો રોજ રોજ ગાતાં થયાં છે. આટલાં બધાં ચિત્રો સાથે ૪૬ બાલગીતોનો આ સંગ્રહ અનેક પ્રાથમિકશાળામાં સ્થાન પામશે એમાં શંકા નથી. આ સુંદર પ્રકાશન માટે શ્રી ચંદ્રવદનને, સંપાદકોને અને પ્રકાશક એન. એમ. ત્રિપાઠી કં.ને અમે અભિ-નંદન આપીએ છીએ. સં.

જોઈએ છે

જામનગર બાલમંદિર માટે
મોન્ટેસોરી ટ્રેઇન્ડ અને અનુભવી
આચાર્ય તથા શિક્ષકો
પ્રમાણપત્ર સાથે લખો.

o

માનદ્‌મંત્રી,
શ્રી જામનગર બાલમંદિર સમિતિ
જામનગર (સૌરાષ્ટ્ર)

જોઈએ છે

બાલમંદિર માટે સંચાલિકા બહેન
મોન્ટેસોરી અને નઇ તાલીમના ટ્રેઇન્ડ
ગ્રેજ્યુએટને પ્રથમ પસંદગી
: લખો :
શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન પાઠશાળા
૩૦૨, નરસી નાથા સ્ટ્રીટ,
મુંબઇ ૩

વરસાદ

આવે તે પહેલાં
છત્રી, રેન-કોટ તથા ગમબૂટસ
લેવા ક્યાં જશો?
ધી બૉમ્બે
સ્વદેશી કો-ઓપરેટીવ સ્ટોર્સ
કું૦ લિમિટેડ.
સર ફિરોઝશાહ મહેતા રોડ,
કોટ, મુંબઇ ૧
ફોન નં. ૨૦૪૪૩
શાખાઓ : પૂના : : : સિકંદરાબાદ

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતા પહેલાં
અમારું સૂચિપત્ર મંગાવો.
દરેક સાધન, શાસ્ત્રીય પદ્ધતિથી નિષ્ણાતોની
નજર તળે બનાવવામાં આવે છે.
સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર બાલ-
મંદિરોને ૬૦ ટકા કમિશન.
લખો-મંગાવો.
નૂતન શિક્ષણ-સાધનાલય એન્ડ
આર્ટ વર્ક્સ લિ૦
સુરેન્દ્રનગર-સૌરાષ્ટ્ર

સંઘનું શિક્ષણ-સાહિત્ય

મોન્ટેસોરી શિક્ષણ પ્રચારમાળા

લે: **ગિજુભાઇ અને તારાબેન**
પાનાં ૧૭૨ રૂા. ૧-૮-૦ થોડી જ નકલો

બાળક! મારાપોનો અણઉકેલ્યો કોયડો
તારાબેન મોડક : લીલા ભાગવત
૦-૪-૦

ગણિત કાપલીઓનો વરગથુ સેટ
સરવાળા, બાદબાકી, ગુણાકારના ચાર્ટસ
તથા ૨૦૦ કાપલી
૧-૦-૦

છૂટા ચાર્ટસ રૂ. ૧-૮-૦
મૂળાક્ષર-પરિચય-વરગથુ સેટ ૨-૦-૦
અક્ષરજ્ઞાન પોથી-છૂટક ૦-૮-૦

બીકણ સસલી-ચિત્રવાર્તા
બાળશિક્ષણવિચારતા ગિજુભાઈની લખેલી
ત્રણ રંગમાં છપાયેલી.
૧-૮-૦

ગણિત કાપલીઓનો બાળમંદિર સેટ
સરવાળા, બાદબાકી, ગુણાકારના
પૂંઠા પર ચોંડાડેલ ચાર્ટસ અને
૯૪૦૦ કાપલીઓ
૩૦-૦-૦

મૂળાક્ષર પરિચય : બાલમંદિર સેટ ૩-૦-૦
મૂળાક્ષર તકતાઓ ૨-૮-૦ ને ૧-૮-૦

વી. પી. ખરચ જુદું
લખો : **શ્રી મંત્રી, નૂતન બાળશિક્ષણ સંઘ**
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, **મુંબઇ ૬**

રસોઈમાં વપરાતું

રસોઈમાં, તળવામાં, અને બીજા ઘર ગથ્થુ ઉપયોગમાં હંમેશા એગમાર્કનું પેરેશુટ છાપ તલનું તેલ વાપરો. સાફ કરેલા સફેદ તલમાંથી પીલેલાં આ ચોકખાં, ફીલ્ટર કરેલાં તેલે જાણકાર સન્નારીઓમાં ઘણી જ નામના મેળવી છે.



તેલના દરેક ટીન ઉપર હિન્દ સરકારનું એગ્માર્કનું સીલ હોય છે કે જે ઉત્તમ માલની ખાત્રી રૂપ છે

ફીલ્ટર કરેલું
તલનું તેલ

બનાવનાર

ધી બોમ્બે ઓઇલ ઇંડસ્ટ્રીઝ લી.

વિગતો માટે લખોઃ કાનજી મોરારજી

૨૮૫/૭ નરસી નાથા સ્ટ્રીટ, મુબઇ ૯. (ગામ ૨૭૩૮૮)

શિક્ષણ પત્રિકા

બા. સ. વિ. બા. ૭૨

વર્ષ ૨૫ : મે-જુન ૧૯૫૦ અંક ૫-૬

કુદરતનો કલાકાર

બા! કલાકાર એ કોણ હશે?
કોણ હશે? ક્યાં રહેતો હશે?
કહે, કલાકાર એ કોણ હશે?

રોજ પ્રભાતે આસમાનમાં
સોનેરી રંગો દેખું!
સંધ્યા એ ડૂબતા સૂરજની
રૂપેરી કોરો - પેખું!

પીંછી કોણ ફેરવતું હશે?
બા! કલાકાર એ કોણ હશે?

રમતો બાગ મહીં હું જ્યારે
ફૂલ ખિલ્યાં રંગે બહુ ભારે;

ફૂલે રંગ કોણ ભરતું હશે?
બા! કલાકાર એ કોણ હશે?

પતંગિયાંની પાંખો સારી,
લાલ પીળી રંગે રૂપાળી,

પાંખ કોણ એ રંગતું હશે?
બા! કલાકાર એ કોણ હશે?
કહે, કલાકાર એ કોણ હશે?

——શ્રીકાન્ત જોષી

ચાર પાઠો

નવાં પાંદડાં

વસંત આવી! વસંત આવી!
કેવાં સુંદર પાંદડાં લાવી!
ઝૂણાં ઝૂણાં ને સુંવાળાં! સુંવાળાં!
હાથ ફેરવી તો જુઓ,
ગાલે અડાડી જુઓ.
એના કેવા મઝાના રંગ છે!
લાલ લાલ ને ગુલાબી ગુલાબી
આછા લીલા ને આછા પીળા
કેવાં ચળકતાં ને તાજાં તાજાં પાંદડાં!
આ વસંત તો છે ઋતુઓનો રાજા.
ઓહો! આ કેટલાં પાંદડાં લાવ્યાં?
ક્યાંથી લાવ્યાં? કોણ લાવ્યાં!
શું કામ લાવ્યાં? એ તો અમે લાવ્યાં.
અમારી વાડીએથી લાવ્યાં.
રસ્તાની બાજુથી લાવ્યાં.
શાળામાં દેખાડવા લાવ્યાં.
આ આંબાનાં ને આ લીમડાનાં.
આ સરગવાનાં ને આ કરંજીનાં.
સરસ જોવા માટે આ ઘણું સારું લાવ્યાં.
હજી-આગળ જોતાં રહેશો તો
શું દેખાશે? બગર છે?
આંબા પર મ્હોર આવશે.
લીમડા પર કોર આવશે;
સરગવા પર ને કરંજી પર ફૂલ બેસશે.
ને હજી આગળ જોયાં જ કરશો તો?
આંબા પર કેરી દેખાશે.
લીમડા પર લીંબોળી દેખાશે.
સરગવા પર લાંબી શીંગો દેખાશે.
કરંજી પર કરંજીયાં દેખાશે.
એ બહુ સારું કહ્યું. હવે અમે જોયાં જ કરીશું.

મોતી લાવો

ભાઈ ભાઈ, મોતી લાવો.
કેવાં લાવું?
લાલ લાવો, પીળાં લાવો.
ગોળ લાવો, ચપટાં લાવો.
લાંબાં લાવો, ટૂંકાં લાવો.
મોટાં લાવો, નાનાં લાવો.
હા બેન, લાવીશ, બધાં લાવીશ હો!

પાણી લાવ

નાની બેન, પાણી લાવીશ?
હા.
ક્યાંથી લાવીશ? ગોળા માંથી.
શેમાં લાવીશ? નાની પ્યાલીમાં.
કેમ કરીને લાવીશ? ધીમે ધીમે, સાચવીને.
ઠીક, ઠીક, લાવ, પાણી લાવ.

ઝટ કરજે

કનુભાઈ, ઝટ દઈને લાકડી લાવ તો.
દોડતો જજે ને દોડતો આવ.
પેલા બારણાની પાછળથી લાવજે.
હમણાં ને હમણાં લાવજે.
હું જઉં છું બાગમાં, ત્યાં આવજે,
ઉતાવળ કરજે, હો કે!

—તારાબેન

વ ગ ડા ના વા સી

અમે વગડાના વાસી
વનવન ઊડીએ,
હાં રે અમે વગડાના વાસી
વનવન ઊડીએ. ... . અમે૦

અમે વગડાની વેણુઓ
વગાડીએ રે;
હાં રે જંગલમાં જીવન
જગાડીએ રે. .. . . અમે૦

અમે વનની વનરાઇમાં
ખેલીએ રે,
હાં રે અમે ખેલતાં વનફળ
ખાઈએ રે. .. .. અમે૦

અમે વહેતાં ઝરણાં-જલ
ઝીલીએ રે;
હાં રે અમે સૂના સરોવર
નાહીએ રે. ... .. અમે૦

અમે ગગનને ધુમ્મટે
ધૂમીએ રે;
હાં રે અમે ધૂમંતાં ગીતો
ગાઈએ રે. .... અમે૦

અમે ડુંગરની ધાર ધાર
ફરીએ રે;
હાં રે અમે ઊંડેરી ખીણો
ખૂંદીએ રે. .... અમે૦

અમે આનંદ, રંગ, રસ
રેલાવીએ રે.
હાં રે અમે જીવનની કુંજે
ખિલાવીએ રે! .... અમે૦

પુષ્પા વકીલ

☆

તારા દેખું

તારા, તારા, ક્યાં છૂપાયા?
આવો રમવા છાના માના.
દિવસે લઈ ગ્યા એ ધુતારા,
આભે જઈને કેમ લપાયા?

ચાંદો, સૂરજ કેવા ઘેલા!
રાખે પાસે ના દે રમવા.
બા મારી તો ના દે સૂવા;
જોઉં આજે તારા તારા.

મૂળદેવ પંડ્યા

મોટા ભાઇની વાતો

(૧)

એક બાળશાળામાં બાળકો પોતાના શિક્ષકને મોટા ભાઈ કહેતાં હતાં, અને આ મોટા ભાઈ પોતાના વર્ગનાં બાળકોને રોજ ઓછામાં ઓછી એક 'વાત' કહેતા હતા.

શિક્ષક :- કેમ દોસ્તો? હવે શું કરીશું?

બાળકો :- હવે એક વાત કહો, મોટા ભાઈ!

શિક્ષક :- આજે તો હું સવાલ જવાબ રૂપે વાત કરીશ.

બાળકો :- જલદી કહો, મોટા ભાઈ!

શિક્ષક :- આપણને કાન, ચામડી, આંખ, જીભ, નાક, કોણે આપ્યાં છે?

બાળકો :- પ્રભુએ.

શિક્ષક :- કાન શા માટે આપ્યા છે?

બાળકો :- સાંભળવા માટે.

શિક્ષક :- માત્ર સાંભળવા માટે નહિ, પણ સાંભળીને જાણવ માટે.

બાળકો :- હા. બરી વાત. કાન આપ્યા છે સાંભળીને જાણવા માટે.

શિક્ષક :- ચામડી શા માટે આપી?

બાળકો :- ચીજને અડકવા માટે.

શિક્ષક :- એકલા અડકવા નહિ પણ અડકીને જાણવા.

બાળકો :- હા. બરાબર.

શિક્ષક :- આંખો શું કામ આપી હશે? વિચારીને કહો.

બાળકો :- જોઇને જાણવા. કેમ બરું ને?

શિક્ષક :- બરી વાત. હવે કહો, જીભ અને નાક શું કામ આપ્યાં?

બાળકો :- જીભ ચાખીને જાણવા અને નાક સૂંઘીને જાણવા. બરું ને મોટા ભાઈ?

શિક્ષક :- હા. જગત એક શાળા છે. આપણે સૌ તેમાં અભ્યાસ કરનારાં બાળકો છીએ. પ્રભુ આપણો શિક્ષક છે. તમારા શબ્દોમાં કહું તો, પ્રભુ આપણો મોટો ભાઈ છે. આ શાળામાં કેળવણી લેવા માટે તેણે આપણને કાન, ચામડી, આંખ, જીભ અને નાક આપ્યાં છે, એટલા માટે આ પાંચે ય જ્ઞાનેંદ્રિય કહેવાય છે.

બાળકો :- જ્ઞાનેંદ્રિય એટલે શું, મોટા ભાઇ?

શિક્ષક :- જ્ઞાન એટલે કંઇ જાણવાનું મળે તે. ઇંદ્રિય એટલે સાધન. જે સાધનથી કંઈ જાણવાનું મળે તે જ્ઞાનેંદ્રિય કહેવાય. આપણને આ પાંચે ઇંદ્રિયોથી જાણવાનું મળે છે. માટે તે જ્ઞાનેંદ્રિય કહેવાય છે.

બાળકો :- ત્યારે હાથ, પગ, વાણી વગેરે ઇંદ્રિયોને શું કહેવાય?

શિક્ષક :- ઠીક અક્કલ ચલાવી, સારો પ્રશ્ન પૂછ્યો. હાથથી કંઇક લઈ શકાય છે. પગથી ચાલી શકાય છે. વાણીથી બોલી શકાય છે. બીજી ઇંદ્રિયોથી શરીરનો કચરો દૂર કરી શકાય છે. માટે આ સૌને કર્મેન્દ્રિય કહેવાય છે.

બાળકો :- મોટા ભાઈ, કર્મેન્દ્રિય એટલે?

શિક્ષક :- કર્મ એટલે કંઈ કરવાનું અને ઇંદ્રિય એટલે સાધન. કર્મેન્દ્રિય એટલે કર્મ કરવાનું સાધન સમજ્યા ને દોસ્તો?

બાળકો :- જી. હા.

શિક્ષક :- કહો ત્યારે ઇંન્દ્રિયો કેટલી?

બાળકો :- દશ પાંચ જ્ઞાનેંદ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો

શિક્ષક :- બરાબર. પણ સમય થઈ ગયો છે, માટે જય ભારત!

હરજીવન કાલિદાસ મહેતા

નહેરુજીનો બાગ

દિલ્હીમાં એક સરસ, સુંદર મકાન છે. એની સામે સુંદર મોટો બાગ છે. એમાં આપણા દેશના મુખ્ય પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ રહે છે. પંડિતજીના બાગમાં રંગ રંગનાં ફૂલો છે. રેશમી ગાલીચા જેવાં લીલાંછમ મેદાનો છે. કોઈ પણ એ સુંવાળાં મેદાનો જુએ તો તેના પર આળોટવાનું મન થાય.

બારીમાંથી પંડિતજીએ બાગની સામે જોયું: રંગ રંગનાં ફૂલો એમની નજરની સામે પવનથી ડોલતાં હતાં. લીલુંછમ મેદાન અને વિવિધ છોડવા પોતાના વિવિધ આકારોની શોભાથી ખીલી ઊઠ્યાં હતાં. પંડિતજી આ બધું જોતા હતા. એકાએક એમનું મોઢું ગંભીર બન્યું.

વનસ્પતિની સુંદરતા એમના મનને એક બાજુએ ખેંચતી હતી, પણ આપણા દેશની ગરીબ જનતાની ભૂખ અને અન્નનો પ્રશ્ન તેમને બીજે ખેંચતો હતો.

"દર વર્ષે દેશના લોકોની સંખ્યા વધતી જ જાય છે. લોકો વધે તેમ તેમને માટે ખોરાક પણ વધવો જોઈએ; તો જ બધાંને ખાવાનું મળી શકે. પરંતુ અત્યારે સ્થિતિ તો એવી છે કે ખાવાનું અનાજ પાકે છે ઓછું, અને લોકોની સંખ્યા છે વધુ. તેનું પરિણામ એ છે કે આપણામાંથી ઘણાંઓને માંડ માંડ ખાવાનું મળે છે; કેટલાંક તો ભૂખ્યાં ને ભૂખ્યાં જ પડી રહે છે." પંડિતજીથી આ ભૂખ્યાં લોકોની સ્થિતિ જોવાતી નથી. "માણસો ભૂખથી મરે અને હું મોટાં મોટાં મેદાનો, શોભીતા બાગ માટે રોકું!" પોતાનો સુંદર બાગ જોઈને પંડિતજીના મનમાં પ્રશ્ન ઊભો થયો.

પંડિતજી કુદરતના અને સુંદરતાના એક મોટા ભક્ત છે. ફૂલોને જોઈને પંડિતજીએ કહ્યું, "આજે તમારી આ શોભા મારા હૃદયને ગમતી નથી. કરોડો ભૂખ્યા માનવીનું રુદન મારા કાનમાં ગૂંજી રહ્યું છે. હે વનસ્પતિ! આજે તમારી શોભા કરતાં પણ મારું આંગણું, તમારાં ફળોથી ભરી દો."

* * *

એક દિવસ ટ્રેક્ટર પર બેસી પંડિતજી જોવા નીકળ્યા છે. શોભીતા બાગનું આખું યે વિશાળ આંગણું કોઇ ખેતરના રૂપમાં ફેરવાઈ ગયું છે.

આજે એ આંગણામાં અનાજ પાકે છે, શાકભાજી થાય છે. ખાવા માટે યોગ્ય એવાં ફળો, છોડવા, વેલા અને વૃક્ષો પર લચી પડ્યાં છે. પંડિતજીને એ જ બારીમાંથી પોતાના નવા બાગનું નવું સૌંદર્ય દેખાય છે અને તેઓ હસી ઊઠે છે.

—શેષ નામલે

આંબાવાડી

(રાગ:- ફાંગ બેતર ગ્યાં'તાં)

આંબાવાડી ગ્યાં'તાં રે બેની કેરી લ્યેા.

નાની નાની કેરી લ્યેા,
મેાટી મેાટી કેરી લ્યેા .. આંબા૦

કાચી કાચી કેરી લ્યેા,
પાકી પાકી કેરી લ્યેા. આંબા૦

લીલી લીલી કેરી લ્યેા,
પીળી પીળી કેરી લ્યેા. . આંબા૦

ખાટી ખાટી કેરી લ્યેા,
મીઠી મીઠી કેરી લ્યેા. . આંબા૦

હા ફુ સ ની કેરી લ્યેા,
પા ય રી ની કેરી લ્યેા,
ગ મે તેા ર સ ની લ્યેા. .. આંબા૦

કાલ ગુજ્જેા ને રાજાપુરી
મા ન પ લા સ ને મદ્રાસી
ગમે તેા નીલમિયાં લ્યેા.. .. આંબા૦

—નિર્મળા શાહ

બી કણ સ સ લી

બાળશિક્ષણ-વિધાતા ગિજુભાઇની કલમે આ લખાયેલી વાર્તા

પાને પાને રંગીન ચિત્રેા : શબ્દે શબ્દે મુંઝ કથા

બાલમંદિરનાં બાળકેા માટે

દેાઢને બદલે માત્ર એક રૂપિયામાં

શ્રી મંત્રી : નૂતન બાળશિક્ષણ સંઘ-શાતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬.

બાળ વીર બોલે છે

ભારત દેશ આઝાદ છે. હું આઝાદ ભારતનો પુત્ર છું. હું આઝાદ બાળવીર છું. સાચો હિંદી છું. ભારતનો ભાવિ ઘડવૈયો છું.

હું ભારત દેશનું ગૌરવ લઉં છું. હું સમજું છું કે આઝાદ ભારતને આબાદ બનાવવાનુ કામ મારુ છે. હું તે કરીશ; જરૂર કરીશ. તન મન અને ધનથી કરીશ.

હું પ્રતિજ્ઞા કરું છું કે:—

આઝાદ ભારતને આબાદ બનાવવા હું મહેનત કરીશ. દેશની સેવા કરીશ. ગામડે ગામડે ભમીશ. ગરીબોની ગરીબાઈ દૂર કરીશ. માંદાની માવજત કરીશ. સૌનાં સુખ—દુઃખમાં સાથે રહીશ. આમ કરતાં ગમે તેટલાં દુઃખ પડશે તો તે પણ સહન કરીશ.

બસ, ભારતને આબાદ બનાવીશ ત્યારે જ હું જંપીશ.

હે, ભગવાન! ભારતની સેવા કરવાની મને શક્તિ અને ભક્તિ આપ.

—જગદીશ

રામુની ઉદારતા

નાનો રામુ દોડતો દોડતો ઘેર આવ્યો અને ઘૂમ પાડીને બોલવા લાગ્યો: 'બા, બા, તેં આજે આપેલો પૈસો ફંડમાં આપી દીધો."

રામુ રોજ નિશાળે જતો તે વખતે રામુની બા તેને ચવાણું લેવાને એક પૈસો આપતી. રામુની બા રામુને રોજ કહેતી, "બેટા રામુ, આ પૈસાનો તું સારો ઉપયોગ કરજે. ખાવા હોય તો ચણા લેજે; બીજી કોઈ વસ્તુ લઈશ નહિ." રામુ પોતાની બાનુ હરહંમેશ કહ્યું કરતો, રામુ ભણવામાં પણ હોશિયાર. શાળાના શિક્ષકો અને બીજા વિદ્યાર્થીઓ તેને ખૂબ ચાહતા.

આવશ્યકતા હૈ

स्थानिक बालमंदिरके लिये शिक्षक–शिक्षिका
जिन्होंने बोर्डी ग्राम–बालशिक्षणकी
तालीम ली हो, और जिनको
गॉव–बालशिक्षणके प्रयोगोंका
ज्ञान हो.
कमसे कम वेतन और अन्य
स्पस्टीकरण के साथ
आचार्य,
बालमंदिर विभाग,
श्री गोदावरी जैन गुरुकुल,
पो. छोटी सादडी (राजस्थान)
वाया नींबच.

એક દિવસે શિક્ષક, રામુ અને બીજા વિદ્યાર્થીઓ ને ભણાવતા હતા. તે વખતે શિક્ષકે કહ્યું, "આપણા દેશના ભાગલા પડયા, તેથી ઘણાં માણસોને દુઃખ સહન કરવું પડયું છે અને તમારાં જેવાં કેટલાંય બાળકો ભણ્યા સિવાય રખડી રહ્યાં છે. હું ઇચ્છું છું કે આપણે એક ફંડ ભેગું કરીએ. અને તે લોકોને મોકલીએ. તો બોલો, તમારી પાસે

જે કંઈ હોય તે આપશો ને ?''

પહેલાં તો કોઈ ઊભું થયું નહિ. પરંતુ એકાએક રામુ ઊભો થયો. તેણે પોતાનો પૈસો શિક્ષકને આપી દીધો અને બોલ્યો, ''સાહેબ, આજથી હું પ્રતિજ્ઞા કરું છું કે મને મળતો રોજનો પૈસો હું આ ફંડમાં આપી દઈશ.'' બીજાં બાળકો પણ પછી આમ કરવા લાગ્યાં. એની બાએ જ્યારે રામુના આ ફંડની વાત સાંભળી ત્યારે એ હર્ષથી ગદ્‌ગદિત થઈ બોલ્યાં, ''બેટા, તેં પૈસા આપવાનું નક્કી કર્યું છે, તેથી હું ઘણી જ ખુશ થઈ છું; હવેથી હું તને એક આનો આપીશ ને તે તું આ ફંડમાં આપજે. તારા જેવાં બધાં જ બાળકો ઉદાર હોય તો કેવું સારું !''

—જશભાઈ ઝ. પટેલ

જાણવા જેવું

હિંદના મહા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ જ્યારે બીજાં કામોથી થાકી આનંદ મેળવવા ઇચ્છે છે ત્યારે એમના બાગમાં અનેક બાળકોને ભેગાં કરી એમની સાથે મજા માણે છે. હિંદનાં બાળકો કેટલાં ભાગ્યશાળી !

*

પંડિત નહેરુજીએ, અમેરિકાનાં બાળકો પ્રત્યેના પ્રેમને બાતર હિંદમાંથી એક એક વર્ષનાં બે હાથી—બચ્ચાં 'અશોક' અને 'શાંતિ' મોકલી આપ્યાં છે. પંદરમી એપ્રિલે આ બે હાથીનું સ્વાગત કરવા શ્રીમતી વિજયાલક્ષ્મી અને ફ્રાંક લૉ વોશિંગ્ટનમાં હાજર રહ્યાં હતાં. આપણે સૌ આમ આપણાં નાનાં ભાંડુ જેવાં પશુઓ પર સ્નેહ રાખીએ તો કેવું સારું !

*

સરદાર વલ્લભભાઈએ થોડા જ દિવસો પહેલાં મુંબઇના ચર્ની રોડ શિશુબાગમાં એક સુંદર અને ભવ્ય બાલક્રીડાંગણ ખૂલ્લું મૂકવાનો વિધિ કર્યો હતો. સરદારનું અનુકરણ કરી દરેક શહેરે અને દરેક ગામડે આવાં ક્રીડાંગણો ઊભાં થાય તો ગિજુભાઇનો આત્મા કેવો ખુશ થાય! બાળકો કેટલાં હસતાં થાય !

*

ઈંગ્લંડમાં હમણાં, માણસની જેમ પશુઓની વસતીગણતરી થઈ હતી. એમાંથી માલૂમ પડ્યું છે કે ત્યાં અત્યારે એક કરોડ, ચાલીસ લાખ બિલાડીઓ છે, અને ત્રીશ લાખ કૂતરા છે. હિંદના દરેક ઘર અને શેરીમાંથી આવાં કૂતરાં—બિલાડાં ભેગાં કર્યાં હોય તો કેટલાં થાય?

જ.

મોન્ટેસોરી શિક્ષણ

પ્રચાર માળા

લે : ગિજુભાઈ અને તારાબેન

દરેક શિક્ષણ સંસ્થામાં જોઈએ. દરેક માબાપ પાસે જોઈએ. દરેક બાળશિક્ષક પાસે જોઈએ.

બાલમાનસની અને બાલવ્યવહારની અનેક દૃષ્ટિઓ એમાંથી મળશે.

પાન : ૧૭૧. કિંમત ૧–૮–૦

શ્રી. બાબીબેન મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬

આ સંસ્થાનો વિકાસ જોઈ આનંદ વ્યક્ત કર્યો છે. બાળશિક્ષણ અને પ્રાથમિકશિક્ષણમાં નવી ભાત પાડતી આ સંસ્થા એની ભાવિ યોજનાઓ પૂરી પાડવા જલદી સફળ થાઓ એમ ઈચ્છીએ છીએ.

૪. મુકુલ ભારતી

બાલપૂજા એટલે પ્રભુપૂજાના સુંદર અને પ્રેરક મુદ્રાલેખથી વડોદરામાં શરૂ થયેલ "મુકુલ ભારતી' બાલમંદિર એક જ વરસમાં જે વિકાસ પામ્યું છે એનો યશ એના નિયામક અને આચાર્યા સૌ. પ્રભાવતી પજવાણીને ઘટે છે. ૭૭ બાળકોથી શરૂ થયેલ બાલમંદિરમાં આજે ૧૫૪ બાળકો શિક્ષણ પામી રહ્યા છે. ઇંદ્રિયવિકાસ માટે આ બાલમંદિરે વિવિધ સાધનો ઊભાં કર્યાં છે અને એક વરસમાં જ જનતાનો સારો આવકાર અને સહકાર પામી શકયું છે એ આનંદની વાત છે. આવાં બાલમંદિરો જેટલાં ઊભાં થાય એટલાં ગુજરાત માટે ઓછાં છે.

૫. મુલુંદ નાગરિકસભા

મુલુંદની આ નાગરિક સભાનો 'રૌપ્ય મહોત્સવ સ્મારક ગ્રંથ' એ સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓનો સુંદર અહેવાલ આપે છે. આજ સુધીમાં આ સભાએ લોકકલ્યાણ માટેની-જે જે પ્રવૃત્તિઓ યોજી છે અને અનેક ક્ષેત્રોમાં જે સેવા આપી છે તેની વિવિધ માહિતી આમાં છે. કશા પણ ભેદભાવ વગર આ જાતની, આટલી વિશાળ સાર્વજનિક સેવા-પ્રવૃત્તિ વિસ્તારવા માટે એ સંસ્થાને અને તેને આજ સુધીમાં અનેક રીતે સહાય આપનાર સભ્ય મંડળને ખરેખર અભિનંદન ઘટે છે. આટલાં વર્ષો સુધી એકધારું કામ ચાલે માટે ઉત્સાહી કાર્યકરો મેળવવા આ સંસ્થા ભાગ્યશાળી થઈ છે. હિન્દનાં નવનિર્માનમાં નાગરિક જીવનની તાલીમ એક અત્યંત આવશ્યક અંગ છે; એ અંગનો આ સભા સારો વિકાસ કરી શકી છે.

૬. "મિલાપ"ની મિલનબ્હારી

સ્વ. કવિ મેઘાણીના સુપુત્ર ભાઈ મહેન્દ્ર મેઘાણીનું આ વર્ષથી શરૂ કરેલ 'મિલાપ' માસિક આજ સુધી અનેક લોકોનો સારો સહકાર અને આવકાર પામી શકયું છે. આપણે ત્યાંનાં માસિકોથી ને અનેક માસિકોની માધુકરી રજૂ કરી, વાચકની મન વિશાળતા વધારવી અને-જીવનના અનેક ક્ષેત્રોમાં એમને રસ લેતાં કરવા અને અનેકવિધ સાહિત્યથી એમને પરિચિત રાખવા. આ દૃષ્ટિએ 'મિલાપ' એક વિશિષ્ટ ખોટ પૂરી પાડે છે. આ માસિકને લોકો 'મિલનબ્હારી' બનાવે એ એમનો શુભ આશય છે. લોકમિલાપ કાર્યાલય તરફથી ભાઈ મહેન્દ્ર મેઘાણીને તંત્રીપદેથી પ્રગટ થતું આ માસિક વધુ સેવા આપવા ભાગ્યશાળી થાઓ અને એનો ઉત્તરોત્તર વિકાસ થાઓ એવું સૌ કોઈ ઈચ્છશે; અમે પણ એ જ ઈચ્છીએ છીએ.

૭. "સ્વતંત્ર શિક્ષક"

માસ કરીને સૌરાષ્ટ્રની શિક્ષક જનતાના પ્રશ્નો, એમના જીવન-દુઃખો તથા અધિકારો વગેરેને પ્રજા અને રાજ્ય પાસે સ્પષ્ટ રીતે રજૂ કરવા અને આમ આજની પરિસ્થિતિમાં પ્રાથમિક શિક્ષકોને સહાયક થવા માટે આ માસિકની શરૂઆત રાણપુરથી થઈ છે. આજ સુધી સમાજે અને સત્તાધીશોએ આ વર્ગ પ્રત્યે જે દુર્લક્ષ સેવ્યું છે એમા જાગૃતિ લાવવાનો એમનો આશય છે. અણોલ અને નિર્બળ ગણાતી શિક્ષક આલમના દર્દો સાથે નવા શિક્ષણની દૃષ્ટિ અને પદ્ધતિ તથા બાળકોની પ્રત્યેની જવાબદારી પ્રત્યે પણ એ માસિક નવો પ્રકાશ આપશે એવી અમારી અભિલાષા છે.

૮. શ્રી વોરા કું.નાં પ્રકાશનો

ગુજરાતનાં બાળકોના હાથમા સચિત્ર અને અને સુંદર પાઠય પુસ્તકોની દિશામા આ સંસ્થાના પ્રકાશનોએ આજ સુધીમા સારો ફાળો આપ્યો છે એમ કોઈ પણ શિક્ષણરસિક કબૂલ કરશે. બાળકોની દૃષ્ટિ અને ભાષા તથા રસ. એમનાં પ્રકાશનોમાં સારા પ્રમાણમા સચવાયા છે. 'સુંદર ગણિત'ની એમની માળાને વ્યવહારુ અને બાલભોગ્ય એવી વસ્તુથી રજૂ કરી ગણિતના, ઘણી વાર નીરસ બની જતા વિષયને એમણે રસિક બનાવ્યો છે. ચિત્રોની સહાયથી સરળતા આવી શકી છે 'મહાકાવ્યોની બાળકથા' અને 'આપણા મહાપુરુષોમા શ્રી. સોમભાઈ પટેલે

અનુસંધાન પાનું ૨૨

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ, મુંબઈ ૧

PRESENTS!

GIVE OUR

GIFT

COUPONS

SAVES YOUR TIME AND WORRY
HELPS YOUR FRIEND TO MAKE
A CHOICE

THE
BOMBAY SWADESHI
CO-OPERATIVE STORES
CO., LTD.

SIR PHEROZESHAH MEHTA ROAD,
FORT BOMBAY 1.

Phone 20443.

BRANCHES
POONA & SECUNDERABAD

નૂતન બાલશિક્ષણ સંઘ

સભ્યત્વ

સામાન્ય સભ્ય રૂા. ૪ સક્રિય સભ્ય રૂા. ૪
સહાયક સભ્ય રૂા. ૭
સંસ્થા–જોડાણના પ્રતિનિધિ રૂા. ૧૦

આજીવન સભ્યો

પ્રદાતા રૂા. ૧૦૦૦ : દાતા રૂા. ૫૦૦
શુભેચ્છક રૂા. ૨૫૦ હિતેચ્છુ રૂા. ૧૦૦

– વધુ માહિતી માટે લખો –

શ્રી બાબીબેન મૂલજી
શાંતારામ નારાયણ લેન, મુંબઇ ૬

શિક્ષણ પત્રિકા

હિંદી—મરાઠી—ગુજરાતી
લવાજમ ચાર રૂપિયા
પરદેશમાં ૬ શિલિંગ
છૂટક નકલ છ આના

—પત્રવ્યવહાર—
શ્રી. બાબીબેન મૂલજી
'શિક્ષણ પત્રિકા' કાર્યાલય
શાંતારામ નારાયણ લેન, મુંબઇ ૬

આગ–અકસ્માત–જિંદગી

મોટર દરિયાઈ વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું :
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય
મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—
૩૧૫–૩૨૧ પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ
મુંબઇ

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાબીબેન મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ ૬
મુદ્રણ સ્થળ: રમેશ પ્રિન્ટીંગ વર્કસ ૮ પારેખ સ્ટ્રીટ, પ્રાર્થના સમાજ, મુંબઈ ૪

ગુજરાત માધ્યમિક શિક્ષણ સંચાલિત
શિક્ષણ પત્રિકા

વર્ષ : ૨૫] જુલાઈ, ૧૯૫૦ [અંક : ૭

શિક્ષકોને

તમારો ધંધો પવિત્ર છે. તેમાં જે જે કષ્ટો તમે વેઠો છો અને જે જે સ્વાર્પણ તમે કરો છો તે બધાની નોંધ પ્રભુના દફ્તરમાં થાય છે જ. જીવનમાં આવતી મુશ્કેલીમાંઓથી, તમારી અંગત ચિંતાઓથી અને નિરાશાઓથી તમારા આ પવિત્ર કાર્યમાં શિથિલતા આવવા દેશો નહીં. શિક્ષકની પહેલી અને છેલ્લી ફરજ એ કે <u>શિશુઓના શ્રેય અર્થે એકનિષ્ઠાથી કામ કરવું.</u>

અને આમ કરશો તો પ્રતિદિન નવી ઊગતી ઉષાની જેમ શિશુ, તમારામાં આશાના અને ઉત્સાહના નવા નવા રંગ પૂર્યા કરશે.

સી. જિનરાજદાસ

વાર્ષિક લવાજમ

ચાર રૂપિયા

છૂટક અંક

છ આના

: આદ્યતંત્રી :

સ્વ. ગિજુભાઈ બધેકા

: સંપાદક :

તારાબેન મોડક

: સહસંપાદક :

જમુભાઈ દાણી

શિક્ષણ

અનુક્રમણિકા

૧. અભિલાષા ... પૂનમચંદ શાહ
૨. ઢીંગલીની રમતો ... તારાબેન
૩. બાળમંદિરમાં વાતચીત : ચંદુલાલ વ્યાસ
૪. બાળમંદિરમાં ભાષાશિક્ષણ ... નામલે
૫. વિદાય વખતે પ્રવચન ...
૬. બોર્ડી બાળશિક્ષણનગર ...
૭. શ્રી દ. મૂ. બાલઅધ્યાપન મંદિર ...
૮. નૂ. બા. શિ. સંઘનો હિંદીવિભાગ ...

બાળ વિભાગ
(કાવ્યો)

૧. બાળ–કલ્પના શ્રીકાન્ત જોષી
૨. ફુલડીવાળો પ્રભાવતી પંજવાણી
૩. ફૂલવાળી નિર્મળા શાહ
૪. ભાઈબંધી ર. કોઠારી

શ્રી દક્ષિણામૂર્તિના વિદ્યાર્થી ભાઇબહેનો તથા મિત્રો,

આ પત્રથી શ્રી દ. મૂ. ભવન તથા શ્રી દ. મૂ. બાલમંદિર અને દ. મૂ. બાલઅધ્યાપન મંદિરના તમામ જૂના વિદ્યાર્થી ભાઇબહેનો તથા મિત્રોને હું આગ્રહ પૂર્વક વિનતિ કરું છું કે શ્રી દ. મૂ. બાલ અધ્યાપન મંદિર **૧૦મી જુલાઇથી** શરૂ થાય છે, તે પ્રસંગે આપ સૌ જ્યાં હો ત્યાંથી **આ સંસ્થાને શુભાશિષ અને શુભેચ્છાઓ મોકલશો.** જે જે જાતે આવીને આ મંગળ પ્રસંગે શ્રી દ. મૂ. બાલ અધ્યાપન મંદિરનું અને તેની પાછળ રહેલ મહાન બાલશિક્ષણકાર્યનું અભિષ્ટ ચિંતન કરી શકે તેઓ જરૂર આવે જ, પરંતુ જે જાતે ન આવી શકે તે સર્વેએ પણ આ સંસ્થાને પડખે **રહીને શુભચિંતન** કરવું. ઉપરાંત આ સંસ્થાને આજે **દ્રવ્યની સહાયની** પણ જરૂર છે. તો સૌ ભાઇબહેનો **રૂ. ૧૦ થી રૂ. ૧૦૦ કે તેથી વધારે,** જેની જેવી શક્તિ તે પ્રમાણે, **દાન મોકલી આપી** તેને ઊભી કરવામાં પોતાનો ફાળો મોકલી આપવા કૃપા કરે.

આજે વર્ષોથી ગુજરાતમાં બાલ અધ્યાપન મંદિરને છાત્રાલયની ખોટ વરતાતી હતી. શ્રી દ. મૂ. બાલ અધ્યાપન મંદિર તે ખોટ આજ પૂરી પાડે છે. અમદાવાદ, ઉત્તર ગુજરાત, કચ્છ, અને સૌરાષ્ટ્ર–એ વિભાગોના વિદ્યાર્થીઓને ભાવનગર વધારે સગવડવાળું છે તેમ જ દૂરદૂરના પ્રાંતોમાં રહેતાં ભાઇ–બહેનો ભાવનગરમા ભણવા આવતાં હોવાની પ્રથા છે જ. આ વાત ધ્યાનમા લઈ આ સંસ્થાને ઊભી કરી, પગભર કરવામા સંસ્થાને સૌ કોઇ મિત્રો અને વિદ્યાર્થીઓ આનંદથી આગળ આવશે એવી મને આતરી છે.

આ એક તપોભૂમિ છે. દ. મૂ. ના બધા કાર્યકર્તાઓએ પોતાનું ઉત્તમ કાર્ય અહીં **આપ્યું છે. શ્રી. દ. મૂ. બાલ અધ્યાપન મંદિર સ્વ. શ્રી. ગિજુભાઇની સંસ્થા હતી.** તેમણે તો આ કાર્યની પાછળ પોતાનું આખું જીવન સમર્પી દીધું છે. આ સંસ્થાની આ **એજન્સી પૂર્વપીઠિકા છે.** સૌ મિત્રો તેને ફરીથી શિક્ષણ–સેવા કરવાની શક્તિ લાવી દેવામાં પોતાની **ફૂલ નહિ તો ફૂલની પાંખડી પ્રેમથી, ઉમંગથી અને સ્વેચ્છાથી** અર્પણ કરશે જ એવી આશા છે.

શ્રી. તારાબેન મોડક
નિયામક
શ્રી. દ. મૂ. બાલ અધ્યાપન મંદિર

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૫ : અંક ૭] મુંબઈ [જુલાઈ, ૧૯૫

અભિલાષા

મારા દિલની ઉપાસના, જીવનની સાધના
બાલમુક્તિ સંદેશ સહું જગમાં ઝીલે
દોરી જવાને દુનિયાને નવે ચીલે.

ખીલતી કળી છે એ તો મીઠી સુવાસ ભરી
જો જો ના ક્રૂર હાથ કોઇ નરે
એના વિકાસ તણે મારગડે...મારા૦

હોલત એ દુનિયાના માનવનાં દિલ તણી
જો જો મૂલવણી ના હળવી પડે
દુનિયાના દોરંગી હાટલડે...મારા૦

આષાઢી વાદળીએ અમૃત શાં મેહ ભરી
જો જો અકાળે ના વરસી પડે
જગની વાટિકાને માંડવડે...મારા૦

આશા એ વિશ્વતણી ભાષા એ પ્રેમતણી
જો જો ના કયારે એ ઝાંખી પડે
માનવના મોહ ભર્યા હાથલડે...મારા૦

મારા દિલની ઉપાસના, જીવનની સાધના
બાલમુક્તિ સંદેશ સહુ જગમાં ઝીલે.

પૂનમચંદ શાહ

ઢીંગલા ઢીંગલીની રમતો

(હપ્તો પહેલો)

બધાં નાનાં બચ્ચાંઓને ઢીંગલા ઢીંગલી ગમે છે. બાસ કરીને છોકરીઓને બૂબ જ. છોકરાઓને સિપાઇ, રાજા કે એવાઓનાં પૂતળાં ગમે છે; છોકરીઓને નાના છોકરા કે છોકરી તરીકે ઢીંગલીઓ પસંદ પડે છે. ટૂંકામાં ઘોડો, કૂતરો, પોપટ કે એવી જાતનાં જનવરોનાં રમકડાં તેમને ગમે છે; તે જ રીતે માણસનાં નાના આકારો પણ પસંદ પડે તે સ્વાભાવિક ગણાય. સૌને એ ગમે છે.

છોકરાઓ બાસ કરીને ઢીંગલીઓ લઇ રમવા બેસતા નથી. એનું કારણ કદાચ આગળથી એવો ચાલ નથી તે પણ હોય. કદાચને કુદરતી રીતે જ તેમને તેમાં રસ નહિ આવતો હોય. છોકરીઓ તે રમત પાછળ કલાકો વીતાવે છે તે વાત બરી છે. એ રમતમાં પણ બે રમત બાસ દેખાઈ આવે છે. પહેલી રમતમાં મા જે રીતે નાનાં બચ્ચાને સાચવે, સંભાળે તે રીતે આ ઢીંગલીને નાનું બચ્ચું ધારીને સાચવવી, સંભાળવી, એને નવરાવવી, સુવડાવવી, તેને ઓઢાડવું, એને થાબડવી, ખોળામાં લેવી, કાબમાં બેસાડવી વગેરે કાર્યો તેઓ કરતાં હોય છે. બીજી રમત તેને છોકરી ધારીને કપડાં પહેરાવવાં, સાડી પહેરાવવી, એનાં લગ્ન કરવાં વગેરેની હોય છે. આપણા જૂના જમાનામાં ઢીંગલા ઢીંગલીનાં લગ્ન કરવાની એક ઘણી પ્રચલિત રમત ગણાતી. બાળકોની એ રમતોમાં મોટેરાંઓ પણ ઘડીભર રાચતાં. 'પણ ધ્યાનમાં કોણ લે છે' એ મરાઠી પુસ્તકના શરૂઆતના પ્રકરણમાં ઢીંગલીના લગ્નનું સુંદર વર્ણન આવે છે. બાળકોને પણ એ રમત કેટલી ગમે છે તેનો તેમાં બ્યાલ આવે છે.

જ્યાં જૂની રીતે ઢીંગલા ઢીંગલીની રમતો રમાતી ચાલુ નથી ત્યાંય તે જુદી જુદી જાતની ઢીંગલીઓની રમતો રમાતી હોય છે. એમાં ઢીંગલા ઢીંગલીઓ લઈને, સૂઝે તેવી રમતો ચાલુ છે. આપણે ત્યાં જેમ ઢીંગલા ઢીંગલીના લગ્નની રમતની પરંપરા ચાલુ છે તેમ પશ્ચિમના દેશોમાં ઢીંગલીની ચા પાર્ટીની–રમત પ્રચલિત જણાય છે. માત્ર પરંપરાગત રીતને લીધે જ અથવા તો ઢીંગલીઓનું શાળામાં જે સ્થાન છે તેને લીધે આ રમત પ્રચલિત થઇ હશે કે કેમ તે સમજાતું નથી. આમ છતાં શાળાને કારણે જ આમ થતું હશે એમ લાગે છે.

કિંડરગાર્ટન શાળાઓએ ઢીંગલા ઢીંગલીની રમતને એક જરૂરી સાધન માન્યું છે, અને તેની આસપાસ ઘણી બાબતોનું શિક્ષણ આપવાની યોજના કરી છે. એને લીધે શાળામાં એને સ્થાન મળ્યું છે. એમાંથી બાળકો તેની રમત શીખે છે. ઢીંગલી માટે કપડાં શીવવાં, એનાં કપડાં ધોવાં, સંકેલીને કપડાં કબાટમાં મૂકવાં, તેની ચા પાર્ટી ગોઠવવી, બાણું ગોઠવવું, તેને માટે ઘર બનાવવું, બગીચો બનાવવો વગેરે અનેક વાતો શાળામાં બનવા લાગી. આ બધાને લઈને જે વસ્તુ બાળકોની રમત માત્ર હતી તેનું સ્વરૂપ સાવ બદલાઈ ગયું શિક્ષકોએ તેમાં મન પરોવ્યું એટલે કુદરતી રીતે જ તેમાં મોટા ફેરફારો થયા. એટલે કે તેમાં જે છોકરવેડાપણું હતું તેને બદલે પ્રૌઢપણું આવ્યું. પહેલાં છોકરાંઓ ગમે તે વસ્તુઓ લઈને તેમાંથી જ રમતનાં સાધનો ઊભાં કરતાં ને ઘણું કલ્પનાથી જ માની લેતાં: તેને બદલે હવે નાના કદનાં, લગભગ સાચાં હોય તેવાં જ સાધનોની જરૂરીઆત ઊભી થઇ અને બજારમાં પણ એ વેચાવા લાગ્યાં છે.

શિક્ષકની દૃષ્ટિ બદલાતાં બીજો મુખ્ય ફરક એ થયો કે રમત બાતરની આ રમત બંધ થઇ અને તેને બદલે રમતની સાથે સાથે બીજી ઘણી બાબતો શિખવવાનું આ સાધન

બન્યું એને લીધે અરેખરનો શીવણનો વર્ગ ઢીંગલા ઢીંગલીનાં કપડાં તૈયાર કરવામાં વપરાવા લાગ્યો. બીજા હસ્તવ્યવસાયોનું પણ ઢીંગલા ઢીંગલી માટેના ઘર બનાવવામાં, તેને શણગારવામાં ને તેને માટેના બગીચા વગેરે તૈયાર કરવામાં રૂપાન્તર થયું. હજુ આજે પણ કિન્ડરગાર્ટન શાળાઓમાં આ વસ્તુ જોવાની મળે છે. કેટલેક ઠેકાણે છોકરાંઓ ઈંટ ચૂનાનાં ઘરો પણ બાંધે છે. ઢીંગલા ઢીંગલીઓને નવરાવવાં, તેમને કપડાં પહેરાવવાં ને કાઢવાં, તેનાં ઘરોને ઝાડીઝૂડીને સાફ કરવાં વગેરે વસ્તુઓ ત્યાં થતી જોવામાં આવે છે. એટલે કે મોન્ટેસોરી શાળાઓમાં જે કામો બાળકો પોતે પોતાને માટે હમેશાં કરતા હોય છે તે કામો કિન્ડરગાર્ટન શાળાઓમાં ઢીંગલા ઢીંગલીઓ ખાતર કરવામાં આવે છે. જે નાની નાની વસ્તુઓ તેઓ વાપરે છે તે બધું સાચું નથી, મોટું મોટું છે તેનો સ્પષ્ટ ખ્યાલ તેમની આગળ હોય છે. દાખલા તરીકે એકવાર મોન્ટીસોરી શાળામાં ચા પાર્ટી જોઈ હતી. ત્યાં બાળકોએ પોતાને માટે બરેબરી તૈયારી કરી સાચાં બિસ્કીટ આવ્યાં ને સૌએ સાથે બેસીને ઉજાણી કરી. ત્યાર બાદ બધું સંકેલીને આવરી લીધું ને સાફસૂફી પણ કરી લીધી. આ જ વસ્તુ કિન્ડરગાર્ટન શાળામાં એક વાર ઢીંગલા ઢીંગલીને માટે ચા પાર્ટીના સ્વરૂપે બની. ટેબલ ઉપર નાના નાના રકાબી પ્યાલા ને કિટલી વગેરે ગોઠવ્યું ને અમને ચા પીવા બોલાવ્યાં. તેમાંના બિલકુલ નાના પ્યાલાને ઉપાડીને અમે બોટી બોટી ચા પીએ છીએ એમ કરીએ તેવું તેઓ ઈચ્છતાં હતાં. ત્યાર બાદ એ ઢીંગલીનો આભાર માનીને અમારે બહાર જવાનું હતું રમતની જાત બન્ને એક પ્રકારની હતી. પરંતુ પહેલામાં બરું જીવન હતું ને બીજામાં બનાવટ હતી. એને લીધે બીજો પણ ફરક દેખાતો હતો. પહેલામાં બાળકો સમક્ષ મોટાં ને સાચા રકાબી પ્યાલા, ગ્લાસ, ટેબલક્લોથ, ફૂલદાનીઓ વગેરે બાળકોએ વાપરવાનું હતું. જમવા બેઠાં એટલે સાચેવાયું જમવાનું હતું ને પછી રકાબીઓ વગેરે ઉઠાવી નાખવાની હતી. જ્યારે બીજી શાળામાં તો નાનો સેટ મોટો મોટો બોઇને અંદર મૂકી દેવાનો હતો. એ પાર્ટી કંઈ રમનારી છોકરીઓની પોતાની ન હતી પણ તેમની ઢીંગલીની હતી. મુખ્ય યજમાન બાઈ જ બનાવટી હતી. એટલે બધું જ બનાવટી ને મોટું મોટું હતું. પરિણામે હાથે કરવાનાં કામ પણ તેવાં જ હતાં. મનથી માની લેવું કે આપણે હવે ચા રેડી. હવે પીધી. હવે પ્યાલા વીછળવાના. તેને હવે લૂછી નાખવાના વગેરે.

જે જગ્યાએ પરાપૂર્વથી ચાલતી આવેલી ઢીંગલા ઢીંગલીઓની રમત રમાતી નથી, જ્યાં ઉપર મુજબની શાળાઓમાં પણ રમત રમાતી નથી ત્યાં છોકરાંઓ ઢીંગલા ઢીંગલીઓ સાથે જુદી જુદી રમતો રમતાં દેખાય છે. ઉપરાંત જુદાં જુદાં બાળકોનું જુદી જુદી દૃષ્ટિએ ધ્યાન હોય છે, અને જુદી જુદી રીતે તેના તરફનો પ્રેમ વ્યક્ત થાય છે. એકાદ છોકરીને ઢીંગલીને જાતીએ વળગાડી દૂધ પિવરાવવાની હોંશ હોય છે. એમાં પછી ઢીંગલી ગમે તેવી હોય તેમાં હરકત નહિ. એ માટે એકાદ લાકડાનો ટુકડો પણ ઢીંગલી તરીકે ચાલે. નળિયાનો, પથરાનો કે કાંઈ તેનો કટકો લઈ તેને કપડું ઓઢાડી દે. પોતે પણ એક કપડું ઓઢી લે. ચૂંકમાં જે રીતે મા બચ્ચાને બચરાવે તે રીતે પોતે બેસે છે અને માનાં જેવી ક્રિયા કરવાનો પોતે પ્રયત્ન કરે છે.

એકાદ બીજી છોકરી વળી બચ્ચાને ઊંચાડવાની, થાબડવાની અને પછી તેનાપર ચાદર ઓઢાડવાની, કોઈને ગરબડ કરવા ન દેવી અને આગળ વધી જરા ગરબડ થતાં જાણે કે એનાથી એ જાગી ગયું અને રડવા લાગ્યું એમ સમજી તેને તેડી લેવું અને પછી બબે લઈ એને ફેરવવું વગેરે જાતની રમતો રમાતી હોય છે.

એક છોકરીને પોતાને આવી રમતો રમવાની હોંશ જ ન હતી. પોતા પાસે એવી ઢીંગલીઓ બૂબ જ હતી એટલે બીજાને એ રમવા

આપવામાં જ એને ખૂબ મજા પડતી. આને પરિણામે તેની બહેનપણીઓમાં એનું ઠીક વજન પડતું. ઝગડો થતાં 'હું તને ઢીંગલી રમવા નહિ આપું' એમ તે કહી શકતી. એનો અર્થ એટલો જ કે રમવાની ઢીંગલીઓનો સંગ્રહ અને તેની માલિકીનો આનંદ જ તેને માટે પૂરતો હતો. ઢીંગલી લઈને રમવામાં તેને આનંદ પડતો નહિ.

આ ઉપરાંત ઢીંગલી માંદી પડતાં તેને ઇન્જેકશન અપાવવું, એનામા આપવો, થર્મોમિટરથી તાવ માપવો વગેરે રમતો કેટલીક છોકરીઓ રમે છે; તેમ જ તેને વખત થતાં નિશાળે મોકલવી, પાટી પેન્સીલ આપવી એવી રમતો પણ ચલાવે છે. આનો સારાંશ એટલો જ કે દરેક બચ્ચાંઓને પોતપોતાના જીવનમાં જે જે કોઇ આકર્ષણ વિશેષ પ્રમાણમાં હોય તેની રમતો તેઓ ઢીંગલા ઢીંગલીઓ સાથે રમે છે. ઘણી વાર આવી રમતોમાંથી કોઇ કોઇ બાળકના કૂટ પ્રશ્નો વિષે કંઇ ચોક્કસ અનુમાન કરવાનું ડાકતરોને સૂઝી આવે છે. એટલે જ માનસિક સારવાર કરનારા ડાકતરો જરા મુશ્કેલ વર્તન દેખાડનારાં બાળકો અથવા તો એવી જ કોઇ પ્રકારની વિકૃતિઓ દેખાડનારાં બાળકોનાં મનમાં ડૂબકી મારવા માટે આવી રમતોનો આશ્રય લે છે. બાળકોને એવી રમતો રમવા આપે છે. એ રમતમાંથી તેઓ પોતાની પદ્ધતિ પ્રમાણે અર્થ ઘટાવે છે. જેઓ એ શાસ્ત્રના જાણકાર નથી તેઓ તેમાંથી ફાવે તેવા અર્થો તારવે તો તો ગોટાળો જ થાય.

એવા એક ડાકતરે એક છોકરાનો દાખલો આપ્યો હતો. રાત્રે બિછાનામાં પેસાબ કરી જવાનો તેનો મુશ્કેલ પ્રશ્ન હતો. તેણે રમવા માટે એક ઢીંગલી ઉપાડી. તેનો આકાર છોકરી જેવો હતો. તે તેને નળ પાસે ઉઠાવી ગયો. એક નળી વાટે તેના પર તેણે ખૂબ પાણી ઉડાડ્યું. હમેશ એ એને પાણીમાં ડૂબાડતો. આ ઉપરથી એ ડાકતરે કલ્પના કરી કે એ છોકરાના પેસાબ કરી જવાના કારણમાં કોઇને પણ બૂડાડવાનો તેનો હેતુ હોવો જોઇએ. ઉપરાંત તેના જીવનમા તકલીફ આપનારી તે વ્યકિત છોકરી હોવી જોઇએ, તેવું પણ તેણે અનુમાન તારવ્યું પછી તપાસ કરતાં માલૂમ પડ્યું કે તેની મોટી બહેન જ તેને ત્રાસદાયક લાગતી હતી. હમેશ તેને તે દબાવતી. છોકરાનું કશું જ તે ચાલવા દેતી નહિ. પછી આ જ રીતે તે ડાકતરે એ છોકરા સાથે ચર્ચાઓ કરી એ પ્રશ્નનો નિકાલ આણ્યો. તાત્પર્ય એટલું જ કે આવી ઢીંગલીની રમતમાંથી તે ડાકતરને આ છોકરાની તકલીફનું મુખ્ય કારણ જડી આવ્યું

એવો જ એક દાખલો ફ્રાન્સની માનસ-શાસ્ત્રની કોલેજમાં જોવામાં આવ્યો હતો. એક છોકરું હંમેશ ઢીંગલીઓથી રમતું પોતાની માના દેખાવની ને પોતાના ભાઇબહેન જેવી એવી બે ચાર ઢીંગલીઓ લઇને તે ફરવા જતી, પિકનિક પર જતી, નાચતી ને રમતી. એક માત્ર એના બાપ જેવા દેખાતા ઢીંગલાને તેણે એક ખૂણામાં ઊભો કરી દીધેલો. આનો અર્થ તેનો બાપ તેને ગમતો ન હતો તે સ્પષ્ટ જણાઇ આવતું હતું.

આ રીતે ઢીંગલીઓનો ઉપયોગ બાળ-જીવનમાંની મુશ્કેલીઓ શોધી કાઢવામાં ડાકતરો કરી શકે. આમાં શરત એ રહે છે કે જે રમતો રમાય તે બાળકો પોતે સ્વતંત્ર રીતે તેમને સૂઝે તે રીતે રમતાં હોવાં જોઇએ.

ઘણીવાર ઢીંગલા ઢીંગલીઓની આવી રમત બાળકોની કઠિનાઇઓને દૂર કરવાના ઉપાય તરીકે પણ કામ લાગે છે બાળકો પોતાનો લોભ ગુસ્સો ને એવી લાગણીઓ ઢીંગલા ઢીંગલીઓ પર ઉતારે છે અને એ રીતે મન હલકું કરી કાઢે છે અને પરિણામે તેમનાં જીવન સરળતાથી ચાલવામાં મદદ મળે છે.

ઢીંગલા ઢીંગલીઓની રમતનું શિક્ષણમાં શું સ્થાન છે તેનો વિચાર આગલા લેખમાં કરીશું.

તારાબેન મોડક

બાળમંદિરમાં વાતચીત

દરેક બાળમંદિરમાં વાર્તા કહેવા માટે, અમુક સમય રાખવામાં આવે છે, અને વાર્તા કહેનાર શિક્ષક એમ સમજે છે કે વાર્તા કહેવાની હોય, એટલે બીજું કંઈ થઈ શકે નહિ. તે સાથે એ વર્ગના નિરીક્ષક હોય તે પણ, એમ માને કે વાર્તાના સમયમાં શિક્ષકે વાર્તા કહેવી જોઈએ. વાર્તાનું શાસ્ત્ર એ તો બાળકના અભ્યાસ માટે કે વિકાસ માટે એક મોટું સાધન છે. એનો ઉપયોગ કેમ કરવો, એ દ્વારા બાળકોની કઈ કઈ શક્તિ ખીલે છે, કઈ કઈ શક્તિ ખીલવવી હોય તો વાર્તાઓની યોજના કેવી રીતે કરવી, વાર્તાની ધારેલી અસર ઉપજાવવા તેને કેવી રીતે કહેવી એ બધી બાબતો એક લાંબું લચક માગે છે પણ વાર્તાથી ભાષાવિકાસ સાધવાનો જે ધ્યેય હોય છે, તે તથા બાળકને પોતાને આવતા વિચારો દર્શાવવાની જે ઇચ્છા હોય છે તે, તથા એવી રીતે પોતાના વિચારો પોતાની ભાષામાં દર્શાવવાથી તેને જે આત્મસંતોષ થાય છે અને તેથી તેનામાં જે આત્મશ્રદ્ધા આવે છે તે અને આત્મશ્રદ્ધાથી જે બળ બાળકમાં આવે છે તે અને તેનાથી જે નવું નવું સર્જન કરવા પ્રેરાય છે, એ બધું થવા માટે, વાર્તા ઉપરાંત બાળકો સાથે વાતચીત કરવાનો સમય પણ રાખવો જરૂરી છે. પ્રશ્ન એ રહે કે, બાળકોની સમજ અને અનુભવ પ્રમાણે પ્રશ્ન પૂછનારે સાવધ રહી, બાળકો સાથે વાતચીત કરવાની હોય છે. તો કેટલાં વરસનાં બાળકો સાથે કયા કયા વિષય ઉપર અને કેવા કેવા પ્રકારની વાતચીત કરવી તેનો વિચાર કરીએ

સામાન્ય રીતે તો વાતચીત, જે સંયોગોમાં બાળકો અને શિક્ષક હોય તેમાંથી ઉદ્ભવવી જોઈએ. જેમકે તેમનું નામ, તેમના માબાપ, તેમનાં કપડાં, દરરોજનું જીવન, તે કયારે ઊઠે છે, નહાય છે, ખાય છે, કોણ બનાવે છે, શું શું ખાય છે, શું શું નથી ભાવતું, ખાવાની વસ્તુઓ કયાંથી લાવે છે, તેમના ભાઈબહેન સંબંધી વાતચીત, તેમના દોસ્તદારો, તેમના પાળેલા પ્રાણીઓ, તેમના રમકડાં, ચિત્રપુસ્તકો વગેરે ઉપર વાતચીત કરી શકાય.

પાંચ વરસની ઉંમરનાં બાળકો સાથે વાતચીત:-

બાળકોની આસપાસનું વાતાવરણ, સ્કૂલ, ઘર, મહોલ્લો, બાગબગીચાની વાતો કરી શકાય. તેમ જ બાળકોનું દોડવાનું, તેની પ્રવૃત્તિનું, કૂદવાનું, ઊંઘવાનું, વગેરે બાબતો પર વાતો થઈ શકે. રમકડાં સાથે રમવું, બાને કામમાં મદદ કરવી, સ્વચ્છતાની વાતો, તેમ જ ઢીંગલીના કપડાં, તેના વરની વગેરે વાતો કરી શકાય.

છ વરસનાં બાળકો સાથે:-

બાળકોની આસપાસના સંયોગો અને વાતાવરણ ઉપરાંત ઘર અને સ્કૂલના જીવન સંબંધી વાતો કરી શકાય

ઋતુઓ કયારે આવે કઇ કઈ આવે, ખેતરમાં ને બાગમાં તે ઋતુમાં શું શું થાય, જંગલી પુષ્પો, બાગનાં પુષ્પો, છોડનું ઊગવું, તેનો વિકાસ, તેના બીજ ઉપર વાતચીત પાળેલા પક્ષી અને પ્રાણી તેમ જ જંગલી પક્ષીઓ અને પ્રાણીની વાતચીત થઈ શકે. તળાવમાં રહેતા દેડકા, માછલીઓની તેમ જ સમુદ્ર કિનારે મળતી છીપાણી, રેતી વગેરેની વાતો કરી શકાય.

સાત વરસનાં બાળકો માટે:-

તેનું વાતાવરણ, શહેર અને ગામડાની વાતો. ખેતરની, પ્રાણીને બચડાવવાની, મરઘાં બતકાંને ઉછેરવાની, ગાયને દોહવાની, તેમાંથી છાસ અને ઘી બનાવવાની વાતો, તેમ જ ખેતરમાં હળ ચલાવવું, કરબ ચલાવવો, રોપણી કરવી, વાવણી કરવી, ઘેટાનું ઊન કયારે કતરાય, ઘાસની કાપણી અને અનાજ લણવાની વાતો થાય. શહેરમાં માબાપ સાથે ખરીદી કેમ થાય. ગાંધીની દુકાન, કપડાંવાળાની દુકાન, બૂટવાળાની

દુકાન કેવી હોય ત્યા શું શું મળે તેની વાતો થાય.

વળી હવા, ગરમી, ઠંડીની સમજ, તેમ જ ચણા, વટાણા, સીંગો કેવી રીતે થાય તે ઉપર વાતચીત, પાણીમાં થતા જળચરો ઉપર વાતચીત. જંતુઓ ઉપર વાતચીત. પક્ષીઓ, તેનાં ઈડાં, માળા ઉપર, મધપૂડો અને મધમાખીનું જીવન, તેમ જ સમુદ્રની માછલી, સમુદ્ર પર રહેનારાં પક્ષીઓ અને સમુદ્રમા ઊગનારી વનસ્પતિ ઉપર વાતચીત થઈ શકે. જંગલમા અને બાગમા થતા ફૂલો ઉપર પણ વાતચીત થઈ શકે.

આમ જે જાતનાં બાળકો હોય તેના જીવનને અનુલક્ષી વિષયો લેવા જોઈએ અને તો જ તે રસિક બની શકશે.

સંપાદકઃ ચંદુલાલ વ્યાસ

બાળમંદિરમાં ભાષાશિક્ષણ

લેખાંક સાતમો

પ્રતીકોની રમતો

ગયા છ લેખોમા અઢીથી પાચ વર્ષની ઉંમરનાં બાળકોના ભાષાવિકાસની દૃષ્ટિએ યોજી શકાય એવી વ્યાકરણની મૌખિક રમતો વિષે આપણે વિચાર્યું. પાચમા વર્ષે બાળકો સામાન્ય રીતે શબ્દ-ચિઠ્ઠીઓ વાંચતા હોય છે તેથી વ્યાકરણની બીજી શ્રેણીની-એટલે સંજ્ઞાઓની અથવા પ્રતીકોની રમતો યોજશો તો બાળકોના મનના તથા ભાષાના વિકાસમાં સરસ મદદ થઈ શકશે. આ બધી રમતોનું સ્વરૂપ વિકાસક છે એટલે કે પ્રબોધક (didactic) નથી એ શિક્ષકે બરાબર સમજી લેવુ જોઈએ. વિકાસક રમતો અથવા સ્વાધ્યાયોનું પરિણામ યોગ્ય ખોરાકથી અથવા યોગ્ય ને નિયમિત વ્યાયામથી શરીર પર થતા પરિણામ જેવુ હોય છે. એક દિવસ યોગ્ય ખોરાક લેવાથી અથવા યોગ્ય વ્યાયામ કરવાથી જેમ શરીર પર કશું પરિણામ દેખાતું નથી, તે જ પ્રમાણે આ રમતો રમવાથી એક જ દિવસમાં બાળક બધું શીખી જાય એવું બનતું નથી. સામાન્ય શાળાના શિક્ષણમા શિક્ષકો વિદ્યાર્થીઓને જુદા જુદા પાઠ આપતા હોય છે. તેનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને ભણાવવાનો હોય છે. પાઠ આપ્યા પછી વિદ્યાર્થીઓ જો તરત જ સમજે, ઝીલી લે તો પાઠ ઉત્તમ આપ્યો કહેવાય છે. પરંતુ અહીં જે રમતો આપણે યોજીએ છીએ, તેનું સ્વરૂપ આ પાઠો જેવુ નથી. તેનો ઉદ્દેશ પણ બાળકોને તરત જ ભણાવી દેવાનો નથી મનના વિકાસાર્થે તે એક જાતની કસરત છે તેથી આ રમતોનું પરિણામ તરત જ આવે એવી અપેક્ષા શિક્ષકોએ ન રાખવી જોઈએ. જેમ જેમ મનોવિકાસ થાય તેમ તેમ બાળકની એમા સમજણ વિકસતી જશે એટલે આ બધી રમતોને હું વિકાસક રમતો તરીકે જુદી પાડવા માગું છું

પ્રતીકોનો ઉપયોગ:-

કોઈ પણ અમૂર્ત વિષય સમજી લેવા માટે આપણે મોટા માણસો પણ પ્રતીકોનો ઉપયોગ કરીએ છીએ. કારણ મૂર્ત વસ્તુના સાહચર્યથી અમૂર્ત વિષયની કલ્પના કરવી સરળ બને છે. નિર્ગુણ, નિરાકાર, અમૂર્ત પરમેશ્વરની મૂર્તિપૂજા થવા માંડી તેનું કારણ આ જ છે. વ્યાકરણનો વિષય સૂક્ષ્મ અથવા અમૂર્ત (abstract) છે. મૌખિક રમતોમા જુદા જુદા પ્રકારના શબ્દોનું કાર્ય તથા તેનું સ્થાન કેવી રીતે નિશ્ચિત હોય છે, તેનો ખ્યાલ આપવાનો પ્રયત્ન કર્યો. હવે એથી આગળ જઈને શબ્દોના જુદા જુદા પ્રકારોનું સ્વરૂપ સમજવામા બાળકોને પ્રતીકોની રમતો આપીશું. આ રમતોમાં શબ્દની દરેક જાતિનું કંઈક મૂર્ત પ્રતીક યોજવામા આવ્યું છે. શબ્દોની આઠ જાતિઓના પ્રતીકો નીચે મુજબ છેઃ—

શબ્દની જાત	પ્રતીક
નામ	— કાળો મિનારો
ક્રિયાપદ	— લાલ દડો
વિશેષણ	— તપખીરી નાનો મિનારો
ક્રિયાવિશેષણ	– નારંગી નાનો દડો
ઉભયાન્વયી અવ્યય	– સાકળ
નામયોગી અવ્યય	– ચોકડી
સર્વનામ	– લંબદોરવેલો કાળો મિનારો
કેવળપ્રયોગી અવ્યય	– કઈંક ચીંથતી આગળી

મૌખિક રમતોમા જે રીતે આપણે ક્રમશ જુદી જુદી રમતો લીધી તે જ રીતે પ્રતીકોની રમતો ક્રમશ: લેવી જોઇએ પરંતુ મૌખિક જેવી આ રમતો મોટા સમુદાયમા ન લેવાય તો સારું. બે ચાર બાળકો તૈયાર થાય અથવા તો એક બાળક તૈયાર થાય ને આ રમતનું નિદર્શન આપણે જરૂર કરી શકીશુ

નામ અને ક્રિયાઓ ઓળખવાની રમતો

રમત ૧લી :

ઉદ્દેશ : નામ અને ક્રિયાઓ પ્રતીકોની મદદથી જુદા પાડવા.

સાધનો : બાળક ઉપાડી શકે એવી એક ટ્રેમાં (૧) બે ઇંચના ચોરસ પર ચાર ઇંચ ઊંચો કાળો મિનારો (૨) બે ઇંચ વ્યાસવાળો લાલ દડો (લાકડાનો અથવા રબરનો) (૩) ૮" × ૧૨" × ૨"ની પેટી. પેટીમાં એક ૧૨ શબ્દ ચિઠ્ઠીઓવાળું પાકીટ. ચિઠ્ઠીઓમા છ ચિઠ્ઠીઓ પર નીચે મુજબ નામો લખેલાં છે, અને બીજી ઉપર ક્રિયાઓ લખી છે.

બટન	દોડો
રબર	કૂદો
ચાક	લપસો
સોય	બેસો
મોતી	ઊભા થાઓ
દોરો	ઊંઘો

દરેક ચિઠ્ઠી સફેદ જાડા કાર્ડ પર લખી છે અને તેનું માપ ૨॥" × ૩॥' છે. શબ્દો ચિઠ્ઠીની ઉપરની પોણા ઇંચની જગામાં કાળી અથવા વાદળી શાહીમા લખ્યા છે. આ બારે ચિઠ્ઠીઓ પાકીટમા મૂકવામા આવી છે. પેટીમાં નામોથી સૂચિત થતી ૬ વસ્તુઓ છે. જેવી કે બટન, રબર, ચાક વગેરે.

પૂર્વતૈયારી :

શિક્ષક પોતાની સામે પડેલા એક સ્ટૂલ પર ઉપર જણાવ્યા મુજબ સાધનોની ટ્રે લઇને બેસે. આજુ બાજુએ બાળકોને બેસવાનું કહે દૂર, પેલી બાજુએ બે સ્ટૂલ અથવા નાના ટેબલો ગોઠવે. તેમાંથી એક પર બાળકોને મિનારો મૂકવા કહે; બીજા ટેબલ પર લાલ દડો મૂકે મિનારાના ટેબલ પર પેટીમાથી બધી વસ્તુ બાળકોને ગોઠવવાનું કહે. પછી ચિઠ્ઠીઓવાળું પાકીટ લઇને અંદરની ચિઠ્ઠીઓ કાઢીને ચીપે, અને સ્ટૂલ પર ઊંધી ગોઠવે.

સ્વાધ્યાય-નિદર્શન :

કોઈ પણ એક બાળકને પ્રથમ એક ચિઠ્ઠી ઉપાડીને વાચવાનું સૂચવે. ધારો કે પહેલી ચિઠ્ઠી રબરની આવે.

શિક્ષક: રબર એટલે? ક્યા છે રબર?

બાળક, સામેના ટેબલ પરના રબર ઉપર ચિઠ્ઠી મૂકે અને પાછું આવે

શિક્ષક બીજી ચિઠ્ઠી ઉપાડવાનું કહે

બીજી ચિઠ્ઠી દોડો ની આવે.

શિક્ષક: દોડો એટલે? બતાવો.

બાળક દોડીને બતાવે છે.

શિક્ષક: દોડો કંઇ વસ્તુનું નામ નથી, તે કંઈક કરવાની ક્રિયા છે. પેલું દડાવાળું ટેબલ આપણે ક્રિયાઓ માટે રાખીએ પેલા ટેબલ પર મિનારો છે. મિનારાવાળું ટેબલ વસ્તુના નામવાળી ચિઠ્ઠી માટે અને લાલ દડાવાળું ટેબલ ક્રિયાઓની ચિઠ્ઠી માટે.

પછી બાળક ચિઠ્ઠી ઉપાડે છે, વાચે છે, વસ્તુવાચક ચિઠ્ઠી હોય તો તે વસ્તુની નીચે ગોઠવે

છે. ક્રિયાવાચક હોય તો ક્રિયા કરી બતાવે છે અને દડાવાળા ટેબલ પર ગોઠવે છે. વારાફરતી બીજાં બાળકો પણ એ જ રીતે રમે છે.

નામ અને ક્રિયાપદની રમત નં. ૨.

ઉદ્દેશ: પહેલી રમતનો જ.

સાધન:– પહેલી રમતનો મિનારો અને દડાને બદલે એક કાળા ત્રિકોણોની અને એક લાલ વર્તુળોની ડબ્બી. કાળા ત્રિકોણો બધા સમભુજ ત્રિકોણો હોય છે. તેના પાયાની લંબાઇ અર્ધો ઇંચ. તે વર્તુલનો વ્યાસ પણ અર્ધા ઇંચ જેટલો. પૂંઠાં પર પૉલિશ્ડ કાગળ ચોંટાડીને એના ત્રિકોણું અને વર્તુળો કાપીને બનાવી શકાય છે. દરેક ડબ્બીમાં ૩૦ નંગ હોય છે. રમત નં. ૧ માં જે ચિઠ્ઠીઓનું પાકિટ છે, તે જ શરૂઆતમાં આ રમતમાં કામમાં લેવું જોઇએ.

પૂર્વતૈયારી:

રમત નં. ૧ રમ્યા પછી ત્રિકોણ અને વર્તુળોની ડબ્બીઓ લઇ આવવી.

નિદર્શન:

પેલી ૧૨ ચિઠ્ઠીઓ હવે નીચે, શેતરંજી પર શબ્દો દેખાય એ રીતે મૂકવી. બાળકોને કહેવું કે વસ્તુના નામવાળો શબ્દ હોય તો તેના પર ફરીથી આ મિનારા જેવો લાગતો આ કાળો ત્રિકોણ | બટન Δ | આ રીતે ગોઠવો. ક્રિયાવાળો શબ્દ હોય તો તેના પર એ જ રીતે વર્તુળો ગોઠવો. | દોડો O |

બાળકો દરેક ચિઠ્ઠી વાંચીને તેના પર યોગ્ય પ્રતીકો ગોઠવે છે.

પ્રગતિ:

એ રીતે પ્રતીકો મૂકીને શબ્દોની જાતો જુદી પાડવા બાળકો વધારે શબ્દો માગતા હોય છે. શબ્દચિઠ્ઠીઓનાં પાકિટો વધારવા. શબ્દ ચિઠ્ઠી માટે કેટલાંક નામો અને ક્રિયાપદો.

નામો: બતક, સોપારી, ટાંકણી, ચાવી, આટલી, ચોપડી, બકરી.

ક્રિયાપદો: ગોળગોળ ફરો, આળોટો, લૂછો, ગાઓ, તાળી પાડો, બંધ કરો.

એનાથી આગળ સાધન આપવું હોય તો વાક્યોનાં પૂંઠાં આપવાં. દરેક પૂંઠાંનો આકાર ૮" × ૧૨" નો રાખીને તેમાં ચાર અથવા છ વાક્યો લખવા દા. તરીકે:

(૧)	(૨)
સૂરજ ઊગ્યો.	મંજુ, પાણી લાવ.
પંખી બોલ્યાં.	વિનોદ, ગીત ગા.
ચકલી ઊડી.	રમેશ, વાર્તા કહે.
કળીઓ ખીલી.	નીતા, ચોપડી બતાવ.

આ પૂંઠાં બાળકોને આપવાં. બાળક વાક્યનો દરેક શબ્દ વાંચે અને તેના પર નામ અથવા ક્રિયાઓનાં પ્રતીકો મૂકે.

ઉંમર: ૫ થી ૫॥.

આગળના લેખાંકમાં એ જ રીતે નામ અને વિશેષણ અને અન્ય પ્રતીકોની રમતો વિષે વિચારીશું.

શેષ નામલે

વિદાય વખતે

(તા. ૧૫–૬–૫૭ ને રોજ બોર્ડીના ગ્રામ બાલઅધ્યાપન મંદિરમાં વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓને વિદાય આપતી વખતે શ્રી તારાબેન મોડકે કરેલા પ્રવચનનો સાર)

ગયે વર્ષે તમે સૌ અહીં આવ્યા તે વખતે બાલશિક્ષણના સંબંધમાં કંઇ કંઇ શીખીશું એવી કલ્પના લઇને તમે અહીં આવ્યા હશો. આજે દસ મહિના પછી તમે તમારો અભ્યાસ પૂરો કરીને ઘેર જાઓ છો. બાલશિક્ષણના સંબંધમાં કંઇક નવી દૃષ્ટિ મેળવી છે. કેટલાંએ

વિવિધ અનુભવો લીધા છે અને પોતપોતાની શક્તિ પ્રમાણે કંઈક મેળવ્યું છે. આજે તમે ઘેર જાઓ છો પણ જેમ ફળ પકવ થાય એટલે ઝાડ ઉપરથી છૂટું પડે છે અને પોતપોતાનો નવો વિસ્તાર કરવા માટે યોગ્ય સ્થળ શોધતું, દૂર દૂર જાય છે, તેમ આજે તમે અહીંથી આ નવા આચાર વિચારોનું ભાથું સાથે લઈ જાઓ છો. તમે યોગ્ય કાર્યક્ષેત્ર મળતાં ત્યાં નૂતન બાલશિક્ષણનું બીજ રોપવાના છો. તમારું કાર્યક્ષેત્ર ફાલવા ફુલાવવાના છો. કાચી કેરીને વાસમાં રાખી ગરમી આપવામાં આવે ત્યારે તે પાકી અને મીઠી બને છે તેમ અહીં પણ તમને જુદી જુદી જાતની તાલીમના રૂપમાં ગરમી મળી છે. તેથી તમે પકવ બન્યા છો.

તમે અહીંથી જશો ત્યારે બાલશિક્ષકનું કામ તો કરશો જ પણ તે ઉપરાંત તમારે નૂતન બાલશિક્ષણના પ્રચારકનું કાર્ય કરવાનું છે. પ્રચારક તરીકે તમારે ઘણી ઊંચી ભૂમિકા ઉપર રહેવું જોઈએ. તમે કાર્યની શરુઆત કરશો ત્યારે તમારી આગળ ઘણા પ્રશ્નો ઉદ્ભવશે. તમારે વાલીઓને સમજાવવું પડશે; સમાજને અને સંચાલકોને પણ સમજાવવું પડશે. ઘણીવાર તમારી મરજી વિરુદ્ધ બનાવો બનશે; તે બધું સહન કરવું પડશે. આવા અનેક પ્રસંગો આવશે ત્યારે તમારે યાદ રાખવું પડશે કે તમારી ભૂમિકા સામાન્ય લોકોની જેમ નહીં પણ ઊંચી રહેવી જોઈએ. તમારા બોલવામાં, ચાલવામાં, વર્તનમાં ને વિચારમાં બધે ડહાપણ હોવું જોઈએ. આપણું વ્યક્તિત્વ કંઈક ઊંચી ભૂમિકા ઉપરથી પ્રગટ થાય તો જ આપણે ધારીએ તે કાર્ય કરી શકીશું. નૂતન બાલશિક્ષણ દ્વારા માનવસમાજની નવી રચના કરવાનાં સ્વપ્નાં આપણે સેવીએ છીએ. તે માટે સામાજિક શિક્ષણ અહીં રાખવામાં આવ્યું છે, તેના સંસ્કારો તમે સાથે લઈ જજો અને તે વધારે કેળવજો. આપણો બધો પ્રયત્ન, બધો આગ્રહ સ્વયં શિસ્ત અને સંયમ માટે હોવો જોઈએ. કાર્ય કરતાં કરતાં તમારે વધારે વિચાર કરવા પડશે અને યોગ્ય વસ્તુ આચરણમા લાવવી જોઈશે.

આજે અહીંથી છૂટા પડતા પહેલાં તમારું ધ્યાન એક વાત ઉપર ખાસ ખેંચું છું. અહીંના વાતાવરણમાં કેટલું યે ઝેર ભરેલુ છે આ ગામ ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદ ઉપર હોઇ, અહીં ગુજરાતી અને દક્ષિણીનો વાદ જોસ ભેર ફેલાએલો છે. એ પવન કેટલીક વાર આપણી સંસ્થામાં પણ વાય છે. અહીં અમે બે ચાર જણા દક્ષિણીઓ છીએ એ વાત સાચી, પણ તે તો એક અકસ્માત છે. સંસ્થાને માટે યોગ્ય કાર્યકર્તા મેળવવાનો પ્રયત્ન તો હું સતત કરું છું. પ્રયત્નપૂર્વક હું ઘણાઓને અહીં લાવી પણ આ અનુતાઈ કે ભાઉ જેવા ટકી રહ્યા અને બીજાં ઘણાં નીકળી ગયાં; તેમા મહારાષ્ટ્રીઓને રાખ્યા અને ગુજરાતીઓને મેં ટકવા દીધા નહીં એમ જો કોઇ કહે તો તે વાત તદ્દન ખોટી છે. મેં કોઇને, તે ગુજરાતી હતા એ કારણે રજા આપી નથી. ખરું જોતા ઘણા બધાં ગયાં છે તે પોતાની સ્વેચ્છાથી જ ગયા છે ગએલાં લોકો પોતે પણ એ બાબતમા આવી બાતરી આપી શકશે. અહીં ભણવા આવવાવાળા તમે લોકો બહુ સંખ્યામાં ગુજરાતી છો તેથી સ્વાભાવિક રીતે ઘણી બરી બાબતો ગુજરાતી પદ્ધતિએ બને છે. મારાં ભાષણો પણ હમણા હું ગુજરાતીમાં જ કરું છું અને તેમા કાઇ ભૂલ થાય છે એમ મને લાગતું નથી. સૌ સમજે એ ભાષામાં બોલાય તેમ જ બહુમતિથી નક્કી થાય તેમજ રંધાય એમાં ગુજરાતી, દક્ષિણી, હિંદી કે કાનડી એવા દરેકના ચૂલા કંઇ અલગ અલગ કરાય બરા? આખરે તો આપણે સૌ હિંદી છીએ અને તે રીતે આપણામા ભિન્નતા છે તેના કરતાં સામ્ય જ વધારે છે. આ ઝેર મનમા લાવીને લોકો જ્યારે મારી સાથે બોલે છે ત્યારે મને અત્યંત દુઃખ થાય છે. આજે હું તમને સ્પષ્ટતાથી કહું છું કે આ રીતે બોલી બોલીને કોઇ વાર તમે અમને એકલા મહારાષ્ટ્રમાંજ કામ કરવાની ફરજ પાડશો. અહીંના કાર્યકર્તાઓના મનમાં એવો

ભેદભાવ નથી. છતાં હમેશ એ જાતના આરોપ કરવામાં આવે છે તે બરોબર અસહ્ય છે. બહારના લોકો બોલે તેનું મને એટલું લાગતું નથી. કમળો થયો હોય તેને જગ પીળું દેખાય તેમ હું માનું છું. પણ તમે જે અમારી સાથે રાત દિવસ રહો છો, નજીકથી અમારું વર્તન જુઓ છો તેમનામાંથી જ્યારે આવા આરોપ થાય ત્યારે બરોબર મન વિષણ્ણ થાય છે. માટે હું તમને ચેતવું છું કે આપણા દેશને કમનસીબે આજુબાજુમા જે ઝેરી પવન વાય છે તેનાથી બેગાઈ જશો નહિ. આ ગુજરાતી-મરાઠી વાદના કાળા ચશ્મા કાઢો નાખશો એટલે અહીંનું નિર્મળ વાતાવરણ તમને દેખાશે. આ સબંધમા તમારે ઊંચી કક્ષા ઉપર રહી વિચારતા શીખવું જોઈએ. જાતિ-ભેદ અને પ્રાંતીયવાદ એ બે ભયંકર, ઘાતકી વસ્તુઓ આપણા દેશનું સત્યનાશ વાળશે એ ધ્યાનમાં રાખો ને આનાથી દૂર રહો.

ત્રીજી મહત્ત્વની વાત તરફ પણ ધ્યાન ખેંચું છું સ્વાવલંબન ને શ્રમપ્રતિષ્ઠા આપણા મન ઉપર હજુ બરાબર ઠસી નથી. તેનો બરો મર્મ કે રહસ્ય હજી આપણે સમજ્યા નથી. અહીં આવ્યા છીએ, પરીક્ષા આપવી છે એટલે કહે તેમ કરવું જોઈએ—એ વિચારથી સૌ કામ કરો છો તેથી તે કામ પણ ભારે લાગે છે; કામ ઉપર કંટાળો આવે છે ચીડાઓ છો ને એક બીજાની સાથે લડો છો. માણસે શા માટે કષ્ટ વેઠવા? પોતાના કામો પોતે કરી સ્વાવલંબી શા માટે થવાનું? એનું રહસ્ય સમજી લેજો સ્વાવલંબી માણસ જ બરો સ્વતંત્ર છે; ને બરો સ્વતંત્ર માણસ જ જીવનનો બરો આનંદ મેળવી શકે છે એવું જીવન જીવનારા માણસોનો બનેલો સમાજ બરો જીવંત સમાજ હોઇ શકે છે. અત્યાર સુધી ઘણું ઘણું કહેવામા ને બચવામા આવ્યું છે. તમે પણ બાચ્યું છે. છતા મર્મ સમજી લેવાનો બાકી જ છે એમ ઘણી વાર દેખાય છે. માટે ફરીવાર એનું સૂચન કરું છું. બાળકો આગળ સ્વાવલંબી જીવન મૂકવા માટે પોતે તે માટે તૈયાર થવું જ જોઈએ.

આખરે એટલું જ કહું કે નૂતન બાલશિક્ષણના પ્રચારની તમારા પર આવનારી જવાબદારી ધ્યાનમાં રાખજો અને શુદ્ધ અંતઃકરણથી ઉચ્ચ ભૂમિકા પરથી શ્રદ્ધાપૂર્વક કાર્ય કરજો; ને જાતપાત કે પ્રાંતભેદથી પર રહેજો પરમાત્મા તમને બધી સહાય કરો

બોર્ડીનું બાલશિક્ષણ નગર

ઉદ્‌ઘાટન અને પરિચય

સમુદ્રને કિનારે મજેદાર હવામાનમાં, વહેલી સવારથી આજે બોરડી, બાલશિક્ષણ નગરની કલ્યાણકારી પ્રવૃત્તિથી ધમધમતું હતું. ઊગતે પ્રભાતે પ્રભાતફેરી નીકળી હતી, અને તે ઊગતા નાગરિક માટે ઉદ્ધારક સૂત્રો પોકારતી પોળે પોળ અને લત્તે લત્તે ફરી વળી હતી. પાસે આવેલા બોલવડમાં પણ એ ઘૂમી વળી હતી.

પ્રમુખ શ્રી સૌ. લક્ષ્મીબાઈ નાઈક નિંબાલકર સૌરાષ્ટ્ર એકસપ્રેસમાં મુંબઇથી આવી પહોંચ્યા હતાં. સ્વાગત અધ્યક્ષ શ્રી. તારાબેન મોડક, આચાર્યશ્રી ભીષેજ, જિલ્લા કૉંગ્રેસપ્રમુખ શ્રી શામરાવ પાટીલ અને કાર્યકર્તા મંડળે સૌનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું.

વાસના વિશાળ મંડપમા બાલશિક્ષણ નગરની રચના કરવામા આવી હતી. કેળના સ્તંભો, નાળીએરી અને બજૂરીની શાખાઓથી સારા મંડપને શણગારવામાં આવ્યો હતો. ગ્રામ્ય દૃષ્ટિથી કરેલી શોભા આ નગરની વિશિષ્ટતા હતી. વાસના કલાયુકત પ્રવેશદ્વારે, સાદડી ઉપર ડાંગરના પરાળથી અંકિત થયેલા બાલશિક્ષણ નગરના અક્ષરો, વાસની બધૂરી છાબના રંગરંગના આકર્ષક ચક્રો, લીલા રંગની પરાળથી છાએલી સુરમ્ય કમાન અને મંડપમાના ગણિત, ભાષા, વિજ્ઞાન, ઇન્દ્રિયવિકાસ, સામાજિક વ્યવહારુ તાલીમ, વાંચનાલય, નૂતન બાલશિક્ષણના ઉદ્બોધક ચાર્ટ્સ ક્રીડાંગણના

સાધનો, ઉદ્યોગાલય અને ઉપાહારગૃહ, ઈત્યાદિ બાલશિક્ષણ નગરના અંગો પ્રેક્ષકમા એટલી તો ભાવના ને પ્રેરણા પૂરતા હતા કે વિસરાએલા બાલધનનું મહત્ત્વ હવે, આઝાદ હિંદમા જામશે, એવો પાકે પાયે વિશ્વાસ બેસે છે.

આવા પ્રેરણાપૂર્ણ ભવ્ય. મંડપમા, બપોરે બે વાગે, સૌ. રાણી શ્રી લક્ષ્મીબાઈના પ્રમુખપદે બાલશિક્ષણ નગરના ઉદ્‌ઘાટન માટે અને બાલદેવના પ્રતિષ્ઠાપન માટે હજારોની સંખ્યામા મહાસંમેલન મળ્યું હતું.

દહાણું અને ઉંબરગામ તાલુકાના પ્રતિષ્ઠિત સજ્જન અને સન્નારીઓ આ પ્રસંગે અહીં આવ્યા હતા. મુંબઇ, પ્રના, અમદાવાદ, વડોદરા, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર અને ઈંદોર, મધ્યભારતના પ્રતિનિધિ શિક્ષક અને સંચાલકો પણ આ પ્રસંગે અહીં આવી પહોચ્યા હતા. હરિજનો અને આદિવાસીઓ પણ અહીં ભર્યા ભર્યા જણાતા હતા વિશાળ મંડપની બહાર પણ ઠીક ઠઠ જામી હતી શરૂઆતના પ્રાર્થના બાદ શ્રી તારાબેન મોડકે સૌનું હાર્દિક સ્વાગત કર્યું હતું, અને બાલશિક્ષણ નગરનું દૃષ્ટિબિંદુ સમજાવતાં તેમને કહ્યું હતું, કે આજ કાલ નવા નવા પ્રકારના નગરો રચાય છે, આવા રચનાત્મક કાર્યોમા બાળકોની દૃષ્ટિએ નગર રચવાનો અમે પ્રયત્ન કર્યો છે. બાળકવર્ગની આપણે કંઇ સગવડ જોતા નથી. આપણા ગામ, નગર કે ઘરોમા સરસામાનની રચના મોટાની દૃષ્ટિએ થાય છે. પણ હવે, નગરરચનામા શું શું થવુ જોઈએ તે અહીં બાલશિક્ષણ નગરમા આપ્યું છે. ત્યાર પછી તેમણે બાલશિક્ષણ-નગરની રચના સમજાવી હતી.

ત્યારબાદ મંત્રી શ્રી સદાશિવ કેળકરે પોતાનું નિવેદન રજૂ કર્યું હતુ અને દહાણું, ઉંબરગામ અને તાલુકાની પ્રજાના સાથ અને સહાનુભૂતિ માટે આભાર માન્યો હતો

પછી, બાળકોનો મધુર રંજન કાર્યક્રમ થયો હતો.

બાદ, શ્રીમતી જયશ્રીબેન રાયજીએ બાલ-શિક્ષણમા અગત્યનો પલટો આણવાની જરૂર જણાવતા કહ્યું, કે આજે જે જાતની સમાજે છે. તેથી બહુ નિરાશા છે.

અકુશો, કાળા બજારોથી નૈતિક અધોગતિએ ઊતરી પડેલો આપણો સમાજ છે આમા આશાનું કિરણ આપણા બાળકો છે. નૈતિક ભાવનાની ઉન્નતિ બાળકોથી થશે માટે જ બાળશિક્ષણના કાર્યક્રમની દેશમા જરૂર છે. આ જોતા બાલશિક્ષણ નગરની આ દૃષ્ટિએ સફળતા જ છે.

શ્રીમતી લીલાબેન બેન્કરે મુંબઇના બાલ-મંદિરોનુ પોતાનુ અનુભવકથન કર્યું. ૭ વર્ષની પહેલાના બાળકોને પહેલા સરકારે કે મ્યુનિસિ-પાલીટીએ કંઇ સ્થાન આપ્યું ન હતું. શ્રીમંત બાળકો માટે મોટી રીથી ચાલતા બાલમંદિરોની જોગવાઇ બાનગી રીતે થયાથી ગરીબ બાળકોનું શું ? તેથી ઇ સ. ૧૯૩૨ મા ભગિની સમાજ તરફથી અમે આ જવાબદારી શ્રી સરોજબેન યોધને સોંપી, અને હરિજન બાળકોની સેવા આરંભી. ઇ. સ ૧૯૪૨ મા નૂતન બાળશિક્ષણ સંઘ તરફથી શ્રી તારાબેને આ બાળકોનો પ્રયોગ કરવાની વાત મૂકી અને સેવામંદિરમા એ પ્રયોગ થયો. આ બોરડીની બાલવાડી એના જ પરિણામ રૂપે છે. એનુ અમને અભિમાન છે. આવતા વર્ષે ઉદવાડામા આવું કરો ને રાતીપરજ માતપિતાને પાઠ આપો એવી મારી વિનતિ છે.

ત્યારબાદ શ્રી બાબીબેન મૂળજીએ હિંદીમા બોલતા જણાવ્યું કે બોરડીમા હું નવી નથી પહેલા પણ આવી ગઇ છું, અને સંઘની એક મંત્રી છું તેમણે મુંબઇ શાખા તરફથી શ્રી તારાબેનને સૌ. લક્ષ્મીબાઇના વરદ હસ્તે એક સુંદર સાડી ભેટ આપી. ત્યાર બાદ શ્રી પટવર્ધને પ્રાસંગિક વિવેચન કરતા જણાવ્યુ હતું કે, લોકોનો એવો આરોપ છે કે, આ શિક્ષણ ગરિબને પરવડે એવુ નથી. બર્બાળ છે. શ્રી તારાબેનને આનું દુઃખ છે. તેથી બોરડીમા આવી બેઠા છે. અહીં આ શિક્ષણ માટે સુયોગ હવામાન છે. આ

પ્રયોગ સફળ થશે, તો ગામડાંઓમાં આ શિક્ષણ ફેલાશે. તેમાં આપણે મદદ રૂપ થઈએ. તેમનો આ પ્રયોગ યશસ્વી હો.

પછી પ્રમુખ સ્થાનેથી શ્રી. સૌ. લક્ષ્મીબાઈ નાઈક નિમ્બાલકરે નિમાલસતાથી બોલતાં જણાવ્યું કે. આજના મારા અધ્યક્ષપદની શંકા છે. હું તો ગામડાની છું. મારો અને શ્રી નિંબાલકરનો જન્મ ગામડામાં જ. ત્યાં અમે શાણા પણ અહિંઆ આ સ્થાને મારું શું ? છતાં તમે ગામડાના પ્રજાજનો અને હું ગામડાની તેથી મને હિંમત આવે છે.

મારે નામે શિક્ષણપત્રિકા કેટલાંયે વર્ષોથી આવે છે પણ શ્રી તારાબેનનો મને સીધો પરિચય ન હતો. હવે બધી માહિતી મળી. આ જગા માટે હું ધન્યવાદ આપું છું શ્રી તારાબેન આપણા મોન્ટેસોરી છે. પરદેશમાં આવી શાળાઓ મેં જોઈ છે પણ પરિસ્થિતિ પ્રમાણે શિક્ષણપદ્ધતિમાં અવશ્ય ફેરફાર થવો જોઈએ. તે શ્રી તારાબેને કર્યા છે. તેથી તે આપણા આદર પાત્ર છે.

જ્યાં આવું કાર્ય થાય છે ત્યાં માત્ર ઉદ્ઘાટન કરી મારા જેવાએ ભાગી જવું કંઇ ઠીક છે? છતાં મારે જવું પડે એવું છે. તેથી હું દિલગીર છું. આ બાળગોપાળોના કાર્યક્રમનું મને વિશેષ મહત્ત્વ લાગે છે. અહીં બાળકો, ચાલકો અને પાલકો સમક્ષ બોલવાની તકથી મને આનંદ થયો છે.

એકાદી વ્યકિતને સદ્‌બુદ્ધિ થાય છે, ને કાર્યની શુભ શરૂઆત થાય છે. તેવું શ્રી તારાબેનનું થયું છે. તેથી તે બડભાગી છે. માતાઓને નાના બાળકને કેમ સંભાળવું તે પહેલા શિખવવું. તેમાં પણ બાળકનાં અંગો પરનું કામ તો પહેલા શિખવવું જોઈએ એવો મારો મત છે. તેમા જનતાને મદદ કરવાની હું વિનતિ કરું છું. બાળકના શીલ ને સંસ્કારની ગોઠવણ પ્રથમ થવી જોઈએ. તેમાં પાલક, બાળક અને શિક્ષકની ત્રિપૂટિના સંપર્ક અને સંઘટનની વિશેષ જરૂર છે. હિંદની નીતિમત્તા તૂટતી જાય છે. નાગરિક નીતિ Civic Sense વિકાસના પાઠ બાળકના પારણામાંથી જ ભણાવવા જોઇએ,

શિવાજીને જીજીબાઈએ અને ક્રોડદેવે જ શિખવ્યું હતું ને? બીજા કોણે શિખવ્યું હતું? રામરાજ્ય લાવવું હોય, તો બાળકને રામ બનાવવા જોઈએ. બાદ, બાલશિક્ષણ નગરનું ઉદ્ઘાટન જાહેર કરી સર્વનો આભાર માન્યો હતો.

છેલ્લે શ્રી ભિષેજીની અગત્યની સમજૂતી અને ઘોષણાઓ બાદ, રાષ્ટ્રગીત ગાઇ સભા વિસર્જન પામી હતી.

બાલશિક્ષણ નગર જોવા સારુજડ ભીડ જામી હતી. બીજી બાજુ, શિક્ષણ મંદિરમા બુદ્ધિ-માપનનું કાર્ય શરૂ થયું હતું. શિક્ષણનું વાતાવરણ જ જામી ગયું હતું.

શ્રી દ. મૂ. બાલઅધ્યાપન મંદિર, ભાવનગર

ભાવનગરમાં **શ્રી દ. મૂ. બાલમંદિર** સાથે **બાલઅધ્યાપનમંદિર**ની શરૂઆત **૧૦ મી જુલાઇથી** થાય છે. બાર બાર વર્ષ પછી ફરીથી બાલમંદિર તથા કલામંદિરવાળા લોટનાં બન્ને મકાનો હર્યાં ભર્યાં દેખાય છે. નવા ઉત્સાહથી અને ઉમંગથી બધે પ્રસન્નતાનું વાતાવરણ જામ્યું છે.

શ્રી દ. મૂ. બાલઅધ્યાપનના જૂના કાર્યકર્તાઓ હર્ષથી પોતાનાથી બનતી સહાય કરવા સંસ્થાની પડખે ઊભા છે, અને સંસ્થાના કાર્યમાં સક્રિય ભાગ લેવાના છે. શ્રી મોંઘીબેને પોતાની નબળી તબિયત છતાં જવાબદારી ઉપાડી લીધી છે. શ્રી નર્મદાબેન રાવળ, શ્રી મનુભાઇ મોરારજી, શ્રી પ્રેમશંકર ભટ, શ્રી માનશંકર ભટ, શ્રી વિમળાબેન નરેન્દ્ર બધેકા, શ્રી લીલુબેન પાધ્યે વગેરે બધાંએ સંસ્થાના કામમા જરૂર પડે તે મદદ કરવા તૈયારી બતાવતાં તેમને સંસ્થાના માનદ કાર્યકર્તા તરીકે નીમવામા આવ્યાં છે. શ્રી નરેન્દ્ર બધેકા અને શ્રી જયાબેન પારેખ એ તો જૂના કાર્યકર્તાઓ છે જ. શ્રી તારાબેન મોડકે તો અધ્યાપનમંદિરની આખી જવાબદારી માથે લીધી છે. તેઓ બીજાએ

ત્યાં પહોંચી ગયાં છે. તેમની સાથે જ શરૂઆતમા મદદ કરવા ખોડીં ગ્રામબાલઅધ્યાપનમંદિરના અધ્યાપિકા શ્રી અનસૂયાતાઇ વાવ પણ આવ્યાં છે. શ્રી રામભાઇ પાઠક પણ પોતાના અનેક કામોમાંથી પુરસદ મેળવી ૧૫/૨૦ દિવસ ત્યા આવવાના છે. મુંબઇ અને ખોડીંમાં પોતાના હરિજન બાળકોમા કરેલા કામથી જાણીતા થયેલા શ્રી જયંતભાઇ શુકલ માધવબાગના કપોળ બાલમંદિરના સંચાલકોની રજાથી અહીના બાલમંદિર ને બાલવાડીનું કામ સંભાળવા આવી પહોંચ્યા છે.

વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓ પણ ઠીક ઠીક આવી પહોચ્યા છે. હજી પત્રો આવ્યા જ કરે છે. જુલાઇ આખર સુધીમાં યોગ્ય સંખ્યા થઇ જશે. શ્રી દ. મ્. બાલમંદિર ને કલામંદિર સામે જોઇ દરેકને બેદ થતો હતો કે જે કામ માટે અહી દાતાઓએ દાન આપી મકાનો કરાવ્યાં તે હેતુને માટે જ મકાનો વપરાય તો કેવું સારું! આજે હવે જે જુએ છે એની આંખ ઠરે છે અને આનંદના અશ્રુ ઉભરાય છે કે આખરે સ્વ. ગિજુભાઇની કાર્યભૂમિમાં તેમણે શરૂ કરેલુ કાર્ય ચાલુ થયું. સૌની શુભેચ્છા અને આશીર્વાદથી આ બાલઅધ્યાપનમંદિર, બાલમંદિર અને મંડળે ધારેલી યુનિયાદી શાળા, થોડાં જ વર્ષમા ફાલી ફુલેલી એવી આ સંસ્થા આખા સૌરાષ્ટ્રને ભૂષણરૂપ થાવ.

નૂ. બા. શિ. સંઘનો હિંદી વિભાગ

સંઘના મુખ્ય મંત્રી શ્રી તારાબેન મોડક જુનની ૨૩ થી ૨૮ સુધી ઇંદોરમા હિંદી વિભાગ, ઇંદોર શાખા તથા હિંદી પત્રિકાની વ્યવસ્થા જોવા ત્યાં ગયા હતા. ત્યા જે લોકો બાલમંદિરમા ખૂબ રસ લે છે અને ઘણી મહેનત અને ખંતથી કામ કરી રહ્યા છે, એવી વ્યકિતઓને મળીને કામ સંબંધે એમણે ચર્ચા કરી. હિંદી વિભાગના મંત્રી તથા હિંદી શિક્ષણપત્રિકાના સહસંપાદક શ્રી કાશીનાથજી ત્રિવેદી એ આખી મંત્રણામા સાથે હતા. શ્રી તાત્યા સાહેબ સરવટે, શ્રીમતી કોચરેકર, શ્રી વૈજનાથજી મહોદય વગેરે અનેક આગેવાનોએ આ ચર્ચામાં ઘણોજ રસ બતાવ્યો. આ ચર્ચાને પરિણામે તા. ૨૮-૬-૫૦ ને રોજ બધા બાલશિક્ષણ રસિકોની જાહેર સભા મળી ને તેમાં નૂ. બા. શિ. સંઘની ઇંદોર શાખાનું પુનરુદ્ધાટન કરી કાર્ય શરૂ કરવા માટે બધાની એકમતિથી એક વ્યવસ્થાપક મંડળ નીમાયું. શ્રી તાત્યાસાહેબ સરવટે પ્રમુખ, શ્રી વૈજનાથજી અને શ્રીમતી કોચરેકર ઉપપ્રમુખ, શ્રી શામસુંદર ઝંવર અને શ્રી ભાગીરથ શર્મા મંત્રીઓ તથા શ્રીમતી અ. ભાંડારકર ખજાનચી નીમાયા. શ્રીમતી શાલિનીતાઇ મોઘે, પ્રો લુનીયા, શ્રીમતી અડસુળે, શ્રીમતી પદ્મનાભન્, શ્રી ઠોકે, શ્રી ગોપીવલ્લભ ત્રિવેદી, શ્રી પ્રભાકર કુળે, શ્રી માણેકચંદ કટારીઆ વગેરે સભ્યોનું આ વ્ય. મં. છે. આ જ સભાએ આ સાલને આખરે ઇંદોરમા એક સારા પાયા ઉપર બાલશિક્ષણનગર કરવાનો પણ નિર્ણય કર્યો છે. હિંદી શિક્ષણપત્રિકા વિષે પણ કેટલીએક ચર્ચા થઈ અને એને સારા પાયાપર મૂકવાનો નિશ્ચય થયો. આ રીતે હિંદી વિભાગ અને ઇંદોર શાખા સંબંધે ઘણા જ મહત્ત્વના નિર્ણયો થયા.

મોન્ટેસોરી શિક્ષણ

પ્રચાર માળા

લે : **ગિજુભાઈ અને તારાબેન**

દરેક શિક્ષણ સંસ્થામા જોઈએ દરેક માબાપ પાસે જોઈએ. દરેક બાળશિક્ષક પાસે જોઈએ.

બાલમાનસની અને બાલવ્યવહારની અનેક દૃષ્ટિઓ એમાથી મળશે

પાન : ૧૭૧ કિંમત ૧-૮-૦

શ્રી. બાબીબેન મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, **મુંબઇ ૬**



પેરેશુટ છાપ તલનું તેલ

રસોઈમાં, તળવામાં; અને બીજા ઘર ગથ્થુ ઉપયોગમાં હંમેશા એગ્માર્કનું પેરેશુટ છાપ તલનું તેલ વાપરો. સાફ કરેલા સફેદ તલમાંથી પીલેલાં આ ચોકખાં, ફીલ્ટર કરેલાં તેલે જાણકાર સન્નારીઓમાં ઘણી જ નામના મેળવી છે.



તેલના દરેક ટીન ઉપર હિન્દ સરકારનું એગ્માર્કનું સીલ હોય છે કે જે ઉત્તમ માલની ખાત્રી રૂપ છે.



પેરેશુટ છાપ

ફીલ્ટર કરેલું

તલનું તેલ

બનાવનાર

ધી બોમ્બે ઓઇલ ઇંડસ્ટ્રીઝ લી.

વિગતો માટે લખોઃ કાનજી મોરારજી

૨૮૫/૭ નરસી નાથા સ્ટ્રીટ, મુંબઇ ૯. (ફોન ૨૨૩૪૮)

બાલ સખિ માસ ૧૬

જુલાઇ ૧૯૫૦

બાળ ગીત - કે ૯૫ ના

(બાળક)

બા તું જોને રે,
બા તું જોને રે,
આકાશે પેલો રાતો રાતો દડો દેખું રે!

ધીરે ધીરે રે,
ધીરે ધીરે રે,
ઊંચો ઊંચો આવી તપતો આકાશે પેલો રે!

રમવા જઉં રે,
રમવા જઉં રે,
આકાશે પેલા રાતા દડાથી રમવા જઉં રે!

☆

(બા)

સૂરજ દાદા રે,
સૂરજ દાદા રે,
લાલ દેખાતા આકાશે એ તો સૂરજ દાદા રે!

જીવન આપે રે,
જીવન આપે રે,
તારા દાદા, સૈાના દાદા, જીવન આપે રે!

ઘોર અંધારું રે,
ઘોર અંધારું રે,
દાદા ના'વે આકાશે તો ઘોર અંધારું રે!

શ્રીકાન્ત જોષી

કુલફીવાળો

હું કુલફીવાળો આવ્યો .... (૩)
ઠંડી ઠંડી બરફ ભરેલી
કુલફી લઇને આવ્યો .... કુલફી.
રાધા કિસન મારું નામ
ઉત્તર ભારત મારું ગામ
નાના મારા દોસ્તો કાજે
અહીં સુધી હું આવ્યો. .. ઠંડી.
કુલફી વેચું, ટીકડી વેચું,
ઋતુ ઋતુનાં ફળ ફૂલ વેચું;
એલચી દાણા શીંગ ચણા,
નવી નવાઈ લાવ્યો. ...
કુલફી .... (૨) .... ઠંડી.
પોળે પોળે સાદ કરંતો,
સાંજ પડે ઘર ભણી ફરંતો,
ભાઇબંધોના ભાવ સહિત
મેં ધંધો અહીં જમાવ્યો. ....

સૌ. પ્રભાવતી પજવાણી

ફૂલવાળી

(રાગ.– લઇ લો તાજી ભાજી)

ફૂલવાણી આવી લાવી
તાજાં તાજાં ફૂલ લાવી (૨)
મહેકવાળાં ફૂલ લાવી ... ફૂલવાળી.
ગુલાબ લાવી, મોગરો લાવી,
લાવી હું તો ગુલછડી .... ફૂલવાળી.
ચંપો, ચંપેલી, બોરસલી
જાઇ જુઇની લાવી કળી . . ફૂલવાળી.
પારિજાતક, રાતરાણી
સેવતીની (ધણી) વેણી આણી.... ફૂલવાળી.
કેવડાનો ગોટો લાવી
ગલગોટા એ મોટા લાવી .... ફૂલવાળી.
હાર લાવી, તોરો લાવી
ગજરા તો હું ગૂંથી લાવી... ફૂલવાળી.
ટોપલી ભરી રંગ લાવી
બોબલો ભરી ફૂલ લાવી ... ફૂલવાળી,

સાન્તાક્રુઝ. નિર્મળા સી. શાહ.

ભાઈબંધી

ભાઈબંધી ....!
મારે બધાંની જોડે છે ભાઈબંધી ....!
ઊંચે આકાશે પેલા,
મેઘરાજ આવે;
સર સર ધીરે ધીરે,
ફોરાં વરસાવે,
એમની યે મારે છે ભાઈબંધી .... .!
પણે ખેતરની ધારે
મકેના ડૂંડા મારે
કેવાં એ નાનાં નાનાં
સસીનાં સસાં જી રે
એમની યે મારે છે ભાઈબંધી ....!
પેલાં ને હળ તો હાલે,
બેડૂત ગાતાં ચાલે,
જરા ભીંજતા આવે,
કૃપાળાં બી એ વાવે,
એમની યે મારે છે ભાઈબંધી ... ...!
મારે બધાની જોડે છે
ભાઈબંધી .... .. !
મારે બધાની જોડે છે
ભાઈબંધી .... .. !

ર. ક્રોઠારી

ભાઈ અબ્દુલ અઝીઝનું અવસાન

જેના પરિચયમાં આવે તેના બિરાદર બની શકે એવા ભાઈ અબ્દુલ અઝીઝ ૩૭ વર્ષની કુમળી વયે અવસાન પામ્યા છે. એમનું અવસાન અત્યંત દુઃખદ લાગે છે. એમની કોમમાં બહુ ઓછાએ, બાળકોનું હિત હૈયે ધરી પ્રવૃત્તિઓ કરી છે. એમાં ભાઈ અબ્દુલનું નામ સૌથી આગળ છે. કંઈ કંઈ કરીને આજનાં બાળકોને સુંદર નાગરિકો બનાવવાનું સ્વપ્ન અધૂરું મૂકી એ ચાલ્યા ગયા. એ 'વીર'નું બાલ સાહિત્ય વધુ પાંગરે એ પહેલાં એ ચાલી ગયા. સંઘ એમના આત્માને શાંતિ પ્રાર્થે છે અને તેમનું કામ મિત્રો વધુ જીવંત બનાવે એવું ઇચ્છે છે.

પાટણનો બાલશિક્ષણ તાલીમ વર્ગ

તા. ૧૦ મેથી તા. ૩૦ મે સુધીના વીશ દિવસો સુધી ભાઈ પૂનમચંદ શાહના ઉત્સાહ અને માર્ગદર્શન નીચે આ વર્ગ પાટણમાં ચાલ્યો હતો. બા. શિ. વર્ગમાં ૪૫ જણાએ અને કુમારશિબિરમાં ૩૭ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. કૌટુમ્બિક વાતાવરણ અને સ્વયં શિસ્ત આ વર્ગમાં તરી આવતાં હતા. કાર્યમંડોને પણ 'કિલકિલાટ,' 'થનગનાટ,' 'વિકાસ,' 'પ્રકાશ,' 'સુવાસ' – વગેરે નામો આપી ભાવનાથી જીવંત બનાવ્યા હતા. 'સંગમ' નામનું મુખ પત્ર પણ ચાલુ રાખવામાં આવ્યું હતું. બાળકના જીવનને લગતા અનેકવિધ પ્રશ્નોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો અને હસ્તઉદ્યોગની વિવિધતા રજૂ કરવામાં આવી હતી. વિદાય લેતી વેળાએ સૌ મિત્રોએ આ વર્ગને માટે જે પ્રશંસાવચનો વ્યકત કર્યાં હતાં એ, એની સફળતા દાખવે છે. આવા વર્ગો વધુ ને વધુ થાય એવું ઇચ્છી, અમે ભાઈ પૂનમચંદ અને અન્ય કાર્યકરોને અભિનંદન આપીએ છીએ.

ગુજરાતના ભાષામંત્રી

શ્રી. શાંતિલાલ રાવળ (બાલમંદિર ઊંઝા) ને ગુજરાતી ભાષાના ભાષામંત્રી તરીકે, વ્ય૦ મંડળના મંત્રી તરફથી નિયુકત કરવામાં આવ્યા છે. સર્વ કાર્યકર્તાઓને વિનતિ છે કે શાખાના કાર્ય પરત્વેનો પત્રવ્યવહાર એમની સાથે કરી, એમનો સંપર્ક સાધવો અને એમના કાર્યમાં સહાય કરવી જેથી સંઘનું કાર્ય વધુ પ્રગતિવંત બને.

બાલઅધ્યાપન મંદિર

શ્રી દક્ષિણામૂર્તિમાં બાલ અધ્યાપન મંદિર શરૂ થાય છે. ઉપરાંત દાદરના શિશુવિહારમાં તા. ૧૨ જુનથી અ. મંદિરનું કામ શરૂ થયું છે. મુંબઈ સરકારની પૂર્વ પ્રાથમિક ટ્રેનિંગ પરીક્ષામાં અહીંથી વિદ્યાર્થીઓ બેસે છે. બાલ અધ્યાપન પ્રવેશ પરીક્ષા પણ આપી શકાય છે.

શિશુવિહાર પૂનામાં પણ આવું બા. અ. મંદિર ૧૨મી જુનથી ચાલવા લાગ્યું છે; તે મોટે ભાગે મરાઠીમાં ચાલશે.

દક્ષિણમાં બાલનિકેતન સાથે એક નવું બાલ અ. મંદિર શરૂ થાય છે. તેમણે નિયંત્રણ સમિતિની બા. અ. પ્રવેશ માટે એક મંડળી મોકલી; હવે પ્રાવિણ્યનો કોર્સ કરવા વિચારે છે.

નાગપુરમાં ભગિની મંડળ તરફથી ચાલતા બાલમંદિર સાથે આવો પૂર્વ પ્રાથમિક અધ્યાપન પ્રાવિણ્ય કોર્સ ગયે વર્ષે ચાલુ થયો છે.

બોર્ડીમાં નૂ. બા. સંઘ તરફથી ગ્રામ બાલ અધ્યાપન મંદિર ચાલે છે. હવેથી તે મુંબઈ સરકારની પૂર્વપ્રાથમિક બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓને બેસાડશે. **નવું સત્ર ૧૦ ઓગસ્ટથી શરૂ થશે**; ૧૯૫૧ના મેમાં પૂરું થશે. લેખિત પરીક્ષા એપ્રિલમા થશે. મૌખિક એપ્રિલની આખરમા લેવાશે. વ૦ ફાઇનલ થયેલા માટે બે વર્ષનો કોર્સ રહેશે. બે વરસ બાદ સરકારી સર્ટિફિકેટ પરીક્ષામા બેસી શકશે.

આ અભ્યાસક્રમ ગુજરાતી તેમ જ મરાઠીમાં ચાલશે.

માહિતી માટે લખો:- બાલવાડી. બોર્ડી: જીલ્લે થાણા –

REGD. NO. 2241

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય; બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ, મુંબઈ ૧

PRESENTS!

GIVE OUR

GIFT

COUPONS

SAVES YOUR TIME AND WORRY
HELPS YOUR FRIEND TO MAKE
A CHOICE

THE
BOMBAY SWADESHI
CO-OPERATIVE STORES
BOMBAY.

SIR PHEROZESHAH MEHTA ROAD,
FORT, BOMBAY 1.
Phone: 20443.

BRANCHES
POONA & SECUNDERABAD

વરસાદ

આવે તે પહેલાં
છત્રી, રેન-કોટ તથા ગમબૂટસ
લેવા ક્યાં જશો?
ધી બૉમ્બે
સ્વદેશી કો-ઑપરેટીવ સ્ટોર્સ
કું૦ લિમિટેડ.
સર ફિરોઝશાહ મહેતા રોડ
ફોર્ટ, મુંબઇ ૧
ફોન નં. ૨૦૪૪૩
શાખાઓ: પૂના : : : સિકંદરાબાદ

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતા પહેલા
અમારું સૂચિપત્ર મંગાવો.
દરેક સાધન, શાસ્ત્રીય પદ્ધતિથી નિષ્ણાતોની
નજર તળે બનાવવામા આવે છે
સૂચિપત્રમા જણાવેલા ભાવ ઉપર બાલ-
મંદિરોને ૬૦ ટકા કમિશન.
લખો—મંગાવો.

નૂતન શિક્ષણ-સાધનાલય એન્ડ
આર્ટ વર્કસ લિ૦
સુરેન્દ્રનગર—સૌરાષ્ટ્ર

આગ—અકસ્માત—જિંદગી

મોટર દરિયાઈ વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું:
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય
મગાવો.

ધી ઇન્ડીયન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—. હેડ ઑફિસ:—
૩૧૫-૩૨૧ પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ
મુંબઇ

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાબીભેન મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ ૬
મુદ્રણ સ્થળ: રમેશ પ્રિન્ટીંગ વર્કસ પારેખ સ્ટ્રીટ, પ્રાર્થના સમાજ, મુંબઈ ૪

ગુજરાત બાલશિક્ષણ સંઘ દ્વારા પ્રસારિત

શિક્ષણ પત્રિકા

વર્ષ : ૨૫] ઓગસ્ટ, ૧૯૫૦ [અંક : ૮

બાલશિક્ષકોને

બાળક મહાન જીવ છે. એની શક્તિઓ પ્રગટે એવું એને વાતાવરણ આપો. એ સુંદર વાતાવરણમાંથી જ એના જીવનનો, શક્તિઓનો ઉઘાડ થશે. બાળકનું સાચું સ્વરૂપ સમજવું અને તેના અમૂર્ત જીવનને મૂર્ત થવાની તકો આપવી એ શિક્ષકનું કામ છે. પણ એને આમ ખરા સ્વરૂપમાં સમજવા માટે તો આપણે આપણી આંતર તૈયારી કરવાની પ્રથમ આવશ્યકતા છે.

ડૉ. મૉન્ટેસોરી

વાર્ષિક લવાજમ

ચાર રૂપિયા

છૂટક અંક

છ આના

: આદ્યતંત્રી :

સ્વ. ગિજુભાઈ બધેકા

: સંપાદક :

તારાબેન મોડક

: સહસંપાદક :

જયુભાઈ દાણી

અનુક્રમણિકા

૧. જીવનવ્યવહારનાં કામો ... તારાબેન
૨. અનાથ આશ્રમનાં બાળકો...શામજીભાઈ
૩. એ પેઠું કયે દરવાજે ...ઇન્દુલાલ દવે
૪. યુરોપની થોડીક સંસ્થાઓ... તારાબેન
૫. દક્ષિણામૂર્તિ–બાળમેળો ... ...
૬. બાળમંદિરમાં ભાષાશિક્ષણ... નાગલે
૭. પેસ્તનજીનો પરચિઝ... જમુ દાણી

બાળ વિભાગ

૧. સાગરને કાંઠે ... પ્રભાવતીબેન
૨. જોડકણાં ... પૂનમચંદ શાહ
૩ લંગડી ગાય ... કપિલા ઠાકોર
૪. ધુળીઆ ગામની દેડકી...ચંદ્રવદન મહેતા

તંત્રીની નોંધ

૧. સ્વ. કમલિનીબાઇ દેશમુખ

સંઘના જે ખૂબ સેવાભાવી કાર્યકરો આજે છે તેમાંથી, કમલિનીબાઇ દેશમુખનું અવસાન થતાં સંઘે એક અત્યંત ઉત્સાહી કાર્યકર ગુમાવ્યા છે. પુના શાખાના છેલ્લા બે વર્ષથી એ મંત્રી હતા અને સંઘના કાર્યને એમણે અથાગ પરિશ્રમ લઈને સફળતા બક્ષી હતી. એક રીતે એમ જ કહી શકાય કે કામ કરતાં કરતાં જ એ ચાલ્યા ગયા. અમદાવાદનો કોર્સ પૂરો કરી એ આવ્યા અને સંઘના કામમાં એમણે ઝંપલાવ્યું. પુના શાખાની સ્થાપના, એની આર્થિક સહાય વગેરે ઘણું સ્વ. કમલિનીબાઇના કાર્યને આભારી હતું. એમની બાલશિક્ષણની ધગશ અમર રહો. એમના આત્માને પ્રભુ ચિરશાંતિ બક્ષો.

૨. આફ્રિકામાં ગિજુભાઈ તિથિ

પૂર્વ આફ્રિકામાં બાળશિક્ષણનું કાર્ય કરી રહેલા આપણા સંઘમિત્રોએ સ્વ. ગિજુભાઇની ૧૧મી પુણ્યતિથિ પ્રસંગે કેનીઆના પાટનગર નૈરોબી અને મોમ્બાસામાં જે શિક્ષણપ્રચાર કર્યો છે, એ ખરેખર પ્રશંસનીય છે. જુદી જુદી સંસ્થામાં જુદા જુદા ભાઈ–બહેનોએ પ્રવચનો આપ્યાં હતાં, પ્રદર્શનો ગોઠવાયાં હતાં અને બાળકોનો આનંદકાર્યક્રમ રજૂ થયો હતો. માબાપોને સ્વ. ગિજુભાઇનો સંદેશ પહોંચાડવા માટે ખૂબ પ્રયાસ થયો હતો. આ બધા સમારંભોમાં મુખ્ય ભાગ લેનારાઓમાં પ્રજય કાકા સાહેબ, સોમાભાઇ, હેમુભાઇ, શ્રી વસંત નાયક, શ્રી ત્રિવેદી, શ્રી વનલીલાબેન, શ્રી બાબુભાઇ પટેલ, શ્રી શારદાબેન, શ્રી જોશી સાહેબ, શ્રી પોપટભાઇ, શ્રી કરસનદાસભાઇ, શ્રી કેશાણી, શ્રી મણિબેન અને શ્રી ભગવતપ્રસાદજી મુખ્ય હતા. બાળશિક્ષણને માટેનો ગિજુભાઇનો પેગામ દૂર દૂર પહોંચાડવાની એક પણ તક પૂર્વ આફ્રિકામાં કામ કરતાં આપણા કાર્યકર મિત્રો નથી ગુમાવતા એ વાત આનંદ આપે છે. એમનું ત્યાંનું કામ ખૂબ વિકાસ પામો અને ગિજુભાઇનો આત્મા એથી ખૂબ રાચો.

૩. ૧૫ મી ઓગસ્ટ

સ્વરાજ્યનો મંગળ દિવસ આવે છે ને આનંદ કરતા શોક વધુ થાય છે. કારણ એ કે આજનો એ દિવસ લાવી આપનારનાં બલિદાનો, મૂંગી સેવાઓ, જીવનની ન્યોછાવરતા–બધાના બદલામાં આજે આપણે, પ્રત્યેક હિંદીજન પ્રજાસત્તાક હિંદ માટે શું કરી રહ્યા છીએ! આપણું બલિદાન કેટલું? આપણી સેવા કેટલી? આપણે કેટલા ન્યોછાવર થઇએ છીએ! ઘણી વાર લાગે છે કે હિંદની સંસ્કૃતિ, હિંદની ધર્મભાવના, હિંદના મહાન આદર્શો આજે ધૂળમા મળતા

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૫ : અંક ૮] મુંબઇ [ઓગસ્ટ, ૧૯૫૦

જીવનવ્યવહારનાં કામો

આપણાં બાલમંદિરો મોટે ભાગે આજે શહેરોમાં ચાલે છે, તેથી બાળકો માટે આવશ્યક એવાં સાધનોમાંથી માત્ર શહેરમાં સહેલાઈથી રાખી શકાય એવાં સાધનો વસાવી બાલમંદિરોમાં મૂકી દેવાની પ્રથા ચાલુ થઇ. તેમાંયે જે તૈયાર મળે તે વસાવવાં સહેલાં તેથી અમુક સાધનો બધાં બાલમંદિરમાં મોટે ભાગે દેખાય છે, જ્યારે સમગ્ર જીવનવિકાસનો વિચાર કરીને જે હોવું જોઇએ તે ધ્યાન બહાર રહી જાય છે.

બાળકની બધી પ્રવૃત્તિમાં એક વાત દેખાય છે કે તે મોટું થવાની અને આગળના જીવનને માટે લાયક થવાની પ્રવૃત્તિમાં ગૂંથાએલું હોય છે. તે પોતાને આગળના જીવન માટે ઘડે છે ને તેમ કરવાની તેને સ્વયંસ્ફુરિત એવી અંતઃપ્રેરણા હોય છે. તેથી જ મૅડમ મૉંટીસોરીએ જીવનવ્યવહારનાં સાધનોને બાલમંદિરમાં સ્થાન આપ્યું. આજે ઘણાખરાં બાલમંદિરોમાં બાળકોએ કરવા જેવાં ઘરનાં ઘણાં કામો બાલમંદિરની પ્રવૃત્તિઓ તરીકે મૂકવામાં આવતાં દેખાય છે. બાળકો પણ તે હોંશે હોંશે કરતાં દેખાય છે. ઈટલીના સૅનરેમોના બાલમંદિરમાં તેમ જ હૉલંડના ઍમસ્ટરડૅમના બાલમંદિરમાં તેમના જીવનની ઘણી બાબતો મૂકાએલી જોઇ.

આપણે ત્યાં શું કે તેમને ત્યાં શું કેટલીએક પ્રવૃત્તિઓ બાળકો આગળ માત્ર રમત તરીકે મૂકવામાં આવે છે. જેમ સૅનરેમોમાં પ્લેટ્સ ધોવાનું ટેબલ હતું. તેના પર પ્લેટસ ધોવાની, લૂછવાની ને પાછી જગ્યા ઉપર ગોઠવી દેવાની મજા પડતી હતી માટે જ બાળકો તે કામ કરતાં હતાં. તે વખતે પ્લેટસ ધોવાની જરૂરિયાત ઊભી થઇ ન હતી; એટલે કે તે જીવનમાં ઊભું થએલું, ખરેખરું કામ ન હતું, પણ એ કામની એ રમત હતી. આપણે ત્યાં પણ એવાં ઘણાં કામોની રમત ચાલે છે.

બાલજીવનમાં આવી રમતોનું ખાસ સ્થાન છે. ચાલવાની જીવનમાં જરૂરિયાત ઊભી થાય તે વખતે બાળક ચાલતાં શીખે તો તે ચાલીને જ્યાં જવું જોઇએ ત્યાં પહોંચી જ ન શકે. એ ૯ થી ૧૨ મહિનાનું થાય કે તેથીયે આગળ ૨૪ મહિનાનું થાય ત્યાં સુધી રમતના રૂપમાં તે કારણ વગર, જરૂરિયાત વગર ચાલતાં, દોડતાં, કૂદતાં શીખે છે–શીખી રાખે છે--ત્યારે જ આગળ જતાં જ્યારે જરૂર પડે છે ત્યારે તે ચાલીને જઈ શકે છે કે જરૂર પડે ત્યારે કૂદે પણ છે. આ રીતે તે અનેક ક્રિયા કરે છે. એકાદ રૂમાલ લઇને કલાક સુધી એ વાળીને ઘડી કરવાનો પ્રયત્ન કરે છે: એવાં એવાં કામો કહો કે કામની રમતો કહો, એ કર્યા જ કરે છે. એટલે બાલજીવનમાં પ્રસંગ ઊભો થાય અથવા ઊભો કરીને કામને કામ તરીકે કરવાની વાત હોતી નથી, પણ પોતાના હાથ પગ જુદી જુદી રીતે વાપરતાં શીખવાની વાત હોય છે. બાળકની પ્રવૃત્તિની પાછળ તેના મનમાં ચોક્કસ હેતુ હોતો નથી. છતાં તેની અંતઃપ્રેરણા તેને આગળના જીવન માટે જાતને લાયક બનાવે એવી પ્રવૃત્તિમાં જોડાવા પ્રેરે છે.

આ બધું સાચું છતાં જ્યાં જ્યાં અને જેટલા પ્રમાણમાં કામની રમતો સાચા જીવનના કામરૂપ બની શકે ત્યાં ત્યાં તેટલા પ્રમાણમાં જીવન સાથે જોડી દેવાનો પ્રયત્ન કરી શકાય છે; ને તેમ થાય તો તે કામ કરતી વખતે બાળકોની

જવાબદારી વધે છે. તેમાં કાંઇક ઓછું ઓછું, અમસ્તું અમસ્તું કરીએ છીએ એવી ભાવના હોય તો તે નીકળી જઇને સાચેસાચ કાંઇક કરવાનું છે એવી ભાવના નિર્માણ થાય છે,

બાળકોના મન ઉપર જવાબદારીનો ભાર આવે એટલી હદ સુધી આવાં કામો ન લઇ જવા દઇએ, તો બાળકોને તેમાં હોંશ પણ વધારે આવે છે. આ વિચારથી જે જે પ્રયોગો કરી જોયા તેના થોડા દાખલા નીચે આપું છું.

શાક સુધારવું--ઑર્ડીની બાલવાડીમાં બાળકો ખૂબ ઉત્સાહથી શાક સુધારતાં. ત્યાં તેની જોડે જ છાત્રાલય હોવાથી સુધારેલું બધું શાક સાંજે ઉપયોગમાં લેવામાં આવતું. અથવા ગૃહનું જ શાક ત્યાં સુધારવા માટે મૂકવામાં આવતું, એમ કહીએ તો ચાલે. ઘણાં બાળકો ખૂબ જ રસપૂર્વક એ કામ કરતાં. સારી રીતે એ કામ કેમ કરવું એ તરફ ધ્યાન આપીને પણ કરતાં.

એક દિવસ મેં કહ્યું કે આ બટેટાનું આપણે શાક કરીએ. બાળકોએ સુધારેલાં બટેટાં બધાં ત્યાં જ સગડી પર ચડવા મૂકયા. બાળકોને એ વાત અત્યંત ગમી. દરેકને લાગતું હતું કે આજે કંઈક બહુ જ મજાની વાત આપણે ત્યાં ચાલે છે. ઘરે તો બધાં માને રાંધતાં જોતા હતાં; શાક ખાતાં પણ હતાં. પણ તે દિવસે આપણે સુધારેલું શાક-આપણે બનાવીએ છીએ ને પછી આપણે નાસ્તામા તે ખાશું એનો આનંદ કાંઇ જુદો જ હતો.

આ જ અનુભવ મેં બીજા પણ અનેક બાલમંદિરોમાં જોયો છે. વટાણા ફોલીને શાક કરવાનું હોય, પૂરીઓ વણવાની ને તળવાની હોય, મૂઠિયાં કરવાનાં હોય, પાપડ વણીને શેકીને ખાવાના હોય તો તે જ પ્રકારના કામની માત્ર રમત કરતાં તેમાં સાયુકલાપણું આવે છે ને તેથી રસ વધે છે અને જવાબદારી વધે છે. પણ તેથી કામ વધારે રસિક બને છે.

પાણી રેડવું ને લઇ જવું:

બાટલીમાં પાણી રેડવું કે પાણી ભરેલો પ્યાલો હાથમાં લઇને ચાલવું એ રમતો બધે પ્રચલિત છે. પણ નાના કુંજામાં પાણી ભરવું, પછી કુંજાથી પ્યાલામાં રેડવું અને જેને પીવું હોય તેને આપવા જવું, પછી પ્યાલાઓ વીછળીને મૂકવા વગેરે પ્રકારનું કામ શરૂ કરીએ તો તે જ કામને જરા જુદું સ્વરૂપ મળે છે.

દળવાનું કામ પણ ઘણી જગ્યાએ હમણાં હમણાં શરૂ થયું છે. માટુંગાના બાલમંદિરમાં રોજ એક એક બાળકના ઘરના મગ, ભરડવા માટે આવતા, અને રોજ તેનો ડબ્બો ભરીને દાળ ઘરે જતી ત્યારે તે બાળકને ને બધાં જ બાળકોને વધારે મજા આવતી. કાંઈ વિશેષ લાગતું કે આપણે બનાવેલી દાળની ખીચડી આપણે ત્યા સૌએ ખાધી.

એ જ પ્રકારે ભાવનગરમાં બે નવાં સાધનો બનાવ્યા. છોકરાંઓને ખેંચતાણ કરવી તો બહુ ગમે છે. હાથના ને પગના સ્નાયૂના વિકાસની દૃષ્ટિએ તે જરૂરનુ પણ હોય છે; પણ આપણાં બાલમંદિરોમાં આસન પર બેસીને કરવાની ઝીણી ઝીણી ક્રિયાઓ આપણે જેટલી ઝટ ગોઠવી શકીએ છીએ તેટલી આ મોટા સ્નાયૂઓના કામો ગોઠવી શકાતા નથી. એટલે ક્રીડાંગણના સાધનો ઉપર જ આધાર રાખવો પડે છે

ભાવનગરના બાલમંદિર ઉપર ઘણી જગ્યા અને ઊંચાણ નીચાણ પણ ઘણું એટલે પહેલા તો સીચવાના સાધનો અહી ગોઠવવાનો વિચાર કર્યો. ટાકી નીચે; બગીચો ઉપર. એટલે નીચેની ટાકીમાંથી નાની ડોલો છોકરાઓ ભરી લાવે ને દોરીના આકડામા ભરાવે. પછી ઉપરનાં છોકરાંઓ તે સીચીને ઉપર ખેંચી લે. ડોલનું પાણી ઝારીમાં રેડાય. ઝારીમાંથી બાગ પવાય. એ માટે સાદી ગરેડી અને રેંટ બન્ને ગોઠવ્યા છે. બહુ જ સરસ કામ આપે છે. બાળકોમાં જે ખડતલપણું ને મજબૂતપણું આપણે ઈચ્છીએ તેમ જ શ્રમજીવન પ્રત્યે રસ જાગે તેમ કરવા ઈચ્છીએ તે આવાં સાધનો વડે સહજ સાધ્ય છે શ્રમની ટેવ શરીરને

પાડવાની જરૂર હોય છે; ખાલી બુદ્ધિથી સમજીને કામ પતતું નથી.

બીજું એક સાધન તે **ખેંચવાની ને ધકેલવાની ગાડીઓ.** એક ગાડી પર કચરાનો ડબ્બો જડ્યો છે. તેમાં કચરો ભરીને કચરાના ખાડામાં લઈ જઈ શકાય. એક પૈડાની બીજી એક હાથગાડીમાં ભરવો હોય તો સામાન ભરીને એક જગ્યાએથી બીજે લઈ જઈ શકાય; ત્રીજી એક ચાર પૈડાંની ગાડીમાં તો નાના બાળકને બેસાડીને ખેંચીને ફેરવી શકાય. એ બધી રમતો હાથ પગને કસરત આપે છે. તેમાં સાચું કામ છે; અને અત્યંત રસ સાથે એ બાળકને પ્રવૃત્તિ આપે છે.

આવાં કામોની કલ્પના તો થોડી થોડી ઘણી વાર આવેલી. વેડછીમાં શ્રી જુગતરામભાઇએ પાણીની માટલીઓ ભરીને લાવવા માટે ગાડી બનાવેલી તે બહુ જ સરસ કામ આપતી હતી. બોર્ડીમાં કૂંડીમાંથી પાણી સીંચવા માટે દોરીને ડોલચું રાખે છે. પણ અહીં જગ્યા ને ટેકરીને લીધે વધારે સગવડ મળી.

હમણાં થોડા જ દિવસ ઉપર સાંભળેલું કે અમેરિકાની બાલશિક્ષણ પદ્ધતિમાં Push and Pull રમતોને ખૂબ મહત્વનું સ્થાન અપાય છે. પણ તદ્દન હલકા ને ખેંચવામાં જરા પણ તાણ ન પડે એવાં નાનાં રમકડાંના ઘોડા ને ગાડીઓ ખેંચવા માટે રાખેલી નવાઇ લાગી. એના કરતાં તો બોર્ડીની બાલવાડીની પાછળ રહેનારાં ચમાર લોકોનાં બાળકોને એમના બાપાએ એક સાદી ગાડી બનાવી આપી હતી, એ બહુ જ સારી હતી. પોતાની નાની બે વર્ષની બેનને તેના પર બેસાડી પાંચ વર્ષનો છોકરો તેને ખેંચીને ક્યાં ને ક્યા લઈ જતો હતો.

સારાંશ: હાથને ખેંચવું પડે ને ધકેલવું પડે એવાં ઘણાં—ઉપર વર્ણવેલ તેવાં—સાધનો આપણે ઉપજાવી શકીશું ને તેને સાચા કામ સાથે જોડી પણ શકીશું. તેમ કરવાથી તે કામનો રસ જરાએ ઓછો થતો નથી પણ ઉલટો વધે છે. એટલું જ કે તે કામો બાળકોને તેની ઉપર લદાએલાં ને ભારરૂપ લાગતા ન હોવાં જોઇએ.

તારાબેન

અનાથ—આશ્રમનાં બાળકો

શહેરથી થોડે દૂર મોટી સડકને કિનારે અનાથ—આશ્રમનું મકાન છે. માનવી—બચ્ચાઓને ભવિષ્યની અસ્પષ્ટ આશા પર અહીંયાં પાળવા પોષવામાં આવે છે. આ મોટી સડક પર રોજ રોજ ઘણાં માણસો ફરવા નીકળે છે.

કરોડપતિ, લાખોપતિની મોટરો, નોકરીમાંથી મુક્ત થયેલ અમલદારોની ઘોડાગાડીઓ, કોઈ જમીનદારની ફેટિન, આ બધાં અહીંથી પસાર થાય છે. અનાથ—આશ્રમનાં નિરાધાર અને ભોળાં બાળકો ઉત્સુકતાથી વૈભવની આ પ્રતિનિધિ – ચીજોને પૂતળાની માફક હરહંમેશ જોયા કરે છે.

પૃથ્વી પર પથરાયેલ ચંચળ લક્ષ્મીના આ હાથીઓ અને જાદુ બતાવતા ઈજારદાર લોકો કોઈ કોઈ વાર રોકાઈને આ નિષ્કામ બાળકોને જોવા આવે છે, અને દયા દેખાડવાનો પ્રયત્ન કરે છે. તેઓ આ બધું એટલી ઊંચી દૃષ્ટિથી અને ઊંચી પાયરીથી જુએ છે કે બાળકોને સોના – ચાંદીના સિક્કા અને ભોજન તથા કપડાં મળવા છતાં પણ એ તો અસહાય અને અનાથ જ બની રહે છે.

આ અનાથો ધન નથી માગતાં, કિંમતી કપડાં નથી માગતાં. અનાથો તો માગે છે સહાનુભૂતિનું સાચું સ્વરૂપ – જે તેમના મનના અજ્ઞાત ખૂણામાં માનો અભાવ પૂરો પાડી શકે, પિતાનો સ્નેહ પેદા કરી શકે. આ

બાળકો -ગરીબ, અસહાય, અનાથ હોવા છતાં પોતાને તિરસ્કારને પાત્ર માનતાં નથી.

એક દિવસે અનાથ–આશ્રમનાં એ કોમળ બાળકોને રસ્તાની સામે કાંઠેના એક મોટા બંગલામાં જમવા જવા માટેનું આમંત્રણ મળ્યું. ઘણે ભાગે આવાં મોટાં ઘરોમાં કોઈ ખાસ પ્રસંગે અનાથ – આશ્રમનાં બાળકોને ભોજન જમાડવા બોલાવવામાં આવે છે. જમવા જવા માટે બાળકોની ઈચ્છા હોય કે ના હોય, વ્યવસ્થાપકના કડક હુકમ મુજબ સૌએ ત્યાં જવું પડે છે. અસહાય અને દુખીપણું એ એમના પરાજય માટેનું એક મોટું સાધન છે.

બાળકોને આજે અનાથઆશ્રમની સામેના બંગલામાં જમવા જવાનું છે. આ બંગલો લશ્કર-ખાતાના નિવૃત્ત થયેલ કર્નલ સાહેબનો છે. શ્રાદ્ધનો અવસર છે. આ પ્રસંગે મોટા મોટા શેઠિયાઓ, ડોકટરો અને વકીલોને બોલાવવામાં આવેલ છે. બધાંઓની જમવાની તૈયારી ચાલી રહી છે. એ જ વખતે બંગલાના ફાટકમાંથી અનાથોની જીવતી હાર અંદર દાખલ થઈ અને એક બાજુ ઊભી રહી. બંગલાના લોકોએ આ હારને જોઈ ન જોઈ માની. ઘણાની તો નજર જ એ તરફ ગઈ નહિ. અનાથ બિચારાં! કશું બોલ્યાં ચાલ્યાં વિના મોં પર નિરાધારતાનો ભાવ રાખી એક કલાક સુધી એમ ને એમ જ ઊભાં રહ્યાં. છતાં કોઈએ તેમને 'આવો' કહીને સત્કાર્યાં નહિ; તેમ જ 'બેસો' 'પાણી પીવું છે?' વગેરે કશો વિવેક પણ કર્યો નહિ.

આવો, ન ધારેલો દૈવી દંડ મળ્યો હોવા છતાં, મનમાં દુઃખ હોવા છતાં એ અનાથ બાળકો મોં પર કૃત્રિમ પ્રસન્નતા રાખી ઊભાં હતાં. એટલામાં ખૂબ ઉતાવળથી કર્નલ સાહેબ બાળકો તરફ આવ્યા. તેમના જીવનમાં આ પહેલો જ પ્રસંગ હતો કે જ્યારે તેમણે ધોતિયું પહેરવાનું સાહસ કર્યું હતું. ઢીલી ઢીલી ધોતીનો છેડો હાથમાં પકડી બાળકો પાસે આવી પોતાના કોઈ ઓળખીતા તરફ મોં કરીને બોલ્યા. "આ છોકરાઓ કોણ છે અને તેઓ અહીં શા માટે ઊભાં છે?'

આટલી જિજ્ઞાસાભર્યા આ પ્રશ્નથી અનાથ બાળકો નીચી મૂંડીએ, કશું બોલ્યા વિના ઊભાં જ રહ્યાં.

કર્નલ સાહેબને કહેવામાં આવ્યું કે આ લોકો સામેના અનાથ આશ્રમનાં બાળકો છે અને તેઓ આપણા આમંત્રણથી જમવા માટે આવેલ છે." ત્યારે જ કર્નલ સાહેબને આમંત્રણ યાદ આવ્યું. ૩આબથી બોલ્યા. "મહારાજ! જુઓ; આ અનાથ બાળકોને બબ્બે પૂરી અને થોડું થોડુ શાક હાથમાં જ આપીને વળાવી દો."

અનાથ બાળકો અપમાન અને તિરસ્કારના ભયંકર સમુદ્રમાં ડૂબતાં હોવા છતાં તેઓ હિમ્મત કરી પાછાં જઈ શકતાં નહોતાં. કોની તાકાત પર કોની બોથે તેઓ પોતાનું આત્મ સન્માન રાખે! માથાં નીચાં કરી બાળકો ત્યાં જ ઊભાં રહ્યાં. હાથમાં બબ્બે પૂરીઓ અને તેના પર શાક લઈ નમસ્કાર કરીને આશ્રમ તરફ ઉપડી ગયાં.

માનવી પોતાનું મહા માન મેળવતા એ પણ ભૂલી જાય છે કે બીજાંઓનું પોતે હળાહળ અપમાન શા માટે કરે છે? અનાથ–આશ્રમના બાળકોને શું એ અપમાન માટે આમંત્રણ આપી બોલાવવામાં આવે છે કે મોટાં અને નાનાં છાપાંઓમાં આવી વાતની પ્રસિદ્ધિ થાય તે માટે! અનાથ – આશ્રમનાં ૨૫૦ અનાથ બાળકોને કર્નલ સાહેબે પોતાને ત્યાં ભોજનદાન આપ્યું; એ ઉપરાંત દરેકને નવાં કપડાં દાનમાં આપ્યાં?" એવાં પ્રશંસાવચનો માટે.

રીંગણાને ભાવે વેચાતી આ પ્રશંસા અનાથાલયનાં બાળકોના સ્વભાવને ભોગે ચૂકવવામાં આવે છે. આ વસ્તુ ભયંકર છે. બે પૂરીઓ અને શાક આપીને શું અનાથ બાળકોને અવહેલના અને ઉદાસીનતાને યોગ્ય બનાવવા યોગ્ય છે! માનવતાનો સાચો ભાવ આપણે કયારે સમજીશું!

હિંદી પરથી **શામજી જમોડ**

એ પેઠું કયે દરવાજે?

એક દિવસ માજી મુખી મારી પાસે આવ્યા. મને ફરિયાદ કરી, "અમારો નટુ ગાળો બોલે છે તે એને મારોને."

મને એક લોકવાર્તા યાદ આવી. કેટલાક ગામડિયા શહેરમાં ગએલા. ત્યાં હોટલમાં ભજિયાં આવ્યા બેઠા. તેમણે કોઈ દિવસ કુંગળીનાં ભજિયાં ખાધેલાં નહિ. ભજિયાંમાંથી કુંગળીનું પૈતું નિકળ્યું. એમને આશ્ચર્ય થયું. એકે પોતાના સાથીને બતાવીને પૂછ્યું. "માળું, આ પેઠું કયે દરવાજે?"

મેં વિચાર કર્યો કે નટુભાઇ એક વર્ષથી બાલમંદિરમાં આવે છે પરંતુ કોઈ દિવસ બાલમંદિરમાં ગાળ બોલતા સાંભળ્યા નથી. તો પછી અપશબ્દરૂપી એ અનિષ્ટ તત્ત્વ એ કુમળા માનસમાં પેઠું કયે દરવાજે? મેં તે માજી મુખી સાહેબને જવાબ આપ્યો, "કોઇ દિવસ નટુભાઇ બાલમંદિરમાં અપશબ્દ બોલતા નથી તો પછી ઘેર કેમ બોલે છે? નટુભાઇનાં માતુશ્રી અને તમારાં માતુશ્રી (સાસુ વહુ) કોઈ દિવસ એક બીજા સાથે લડે છે ખરા?"

"હા, રોજ તડંતડા ચાલે છે." મુખી સાહેબે ઉત્તર આપ્યો.

"તમે તે બંનેને સ્પષ્ટ કહી દેજો કે તમારા નટુભાઇ તો શું પરંતુ પાડોશના કોઇ પણ બાળકની હાજરીમાં ગાળાગાળી અને અપશબ્દ ન બોલે. ન લડે એ ઇચ્છવાજોગ છે પરંતુ તેમને લડીને જ હૃદયના ઉભરા ઠાલવવા હોય તો બાળકની હાજરીમાં તો હરગીજ નહિ જ. બાળક ઘેર ન હોય ત્યારે એ લોકોને જેટલું લડવું હોય તેટલું ભલે લડી લે." મેં મારી યથામતિ સલાહ આપી.

ઇન્દુલાલ મ. દવે

યુરોપની કેટલીક સંસ્થાઓ

અત્યાર સુધી યુરોપમાં મોન્ટેસોરી પદ્ધતિની જે નાની મોટી શાળાઓ તથા તાલીમ-કેન્દ્રો જોયાં તેનું વર્ણન થઇ ગયું છે. હવે તે ઉપરાંત, અન્ય પદ્ધતિથી ચાલતી પૂર્વ પ્રાથમિક તથા પ્રાથમિક શાળાઓ જે જોવામાં આવી તેની માહિતી ટૂંકમાં આપું છું. આ લેખમાં મહત્વની લાગેલી સંસ્થાઓનું કંઈક વર્ણન આપીશ.

ઇટાલીમાં સૅનરેમો સિવાય અન્ય કોઈ ઠેકાણે અમને ચાલુ શાળા જોવા મળી નહોતી. ફકત ફ્લૉરેન્સમાં પેસ્ટોલૉઝી ઇન્સ્ટિટ્યુટ નામની શાળા બંધ હોવા છતાં અમે જોવા ગયા હતા. વર્ગો ચાલુ નહોતા તથા ભાષાની મુશ્કેલી હોવા છતાં ત્યાંના પ્રિન્સિપાલ તથા અન્ય શિક્ષકોએ અમને વધારેમાં વધારે, જેટલું બતાવાય તથા કહેવાય તેટલું કહ્યું હતું. સંસ્થા ખૂબ મોટી હતી અને ગરીબ બાળકો માટે ચલાવવામાં આવતી હતી, એ એની વિશેષતા હતી. ઇટાલી એક યુદ્ધપીડિત દેશ છે. યુદ્ધને લીધે વણે ઠેકાણે ત્યાં ખૂબ જ નુકસાન થએલું નજરે પડે છે. તે ઉપરાંત યુદ્ધથી નાનાં બાળકો નિરાશ્રિત થયાં છે; તે જ પ્રમાણે અત્યંત ગરીબીને લીધે બાળકોના ખોરાકની તથા શિક્ષણની જે દુર્દશા થાય છે તે ઉપર ત્યાં ખાસ ધ્યાન આપવામાં આવે છે. આ સંસ્થામાં એવા જ પ્રકારની વ્યવસ્થા દેખાતી હતી. ગરીબ બાળકોને અન્ન તથા વસ્ત્ર પૂરાં પાડવાની તેમ જ શિક્ષણની સર્વ વ્યવસ્થા સંસ્થા તરફથી કરવામાં આવતી હતી. અન્ય દેશ તરફથી એને મદદ કરવામાં આવતી અને હજુ અન્ય દેશ તરફથી એને મદદ કરવામાં આવે છે. સ્વિટઝર્લેન્ડે એ શાળા માટે બે પ્રિફેબ્રિકેટેડ ઘર ભેટ તરીકે આપ્યાં છે. આ બે ઘરમાં, બે વર્ગમાં ખૂબ જ સુંદર, જોઈએ તે પ્રમાણે અને એકે એક સગવડ થઈ શકે એવી વ્યવસ્થા છે.

અહીંનું શિક્ષણ સારું હોવું જોઇએ એવું

અમને ત્યાંનું કામકાજ જોઈને લાગ્યું. રજા હોવા છતાં ઘણાં બાળકો શાળામાં સાફસૂફ વગેરે કામ માટે આવેલા દેખાતાં હતાં. હિન્દુસ્તાનની સાડીઓ તથા ધોતિયું પહેરેલી વ્યકિતઓને જોવા માટે પણ બાળકો આવ્યાં હોય! અહીંની શિક્ષણપદ્ધતિ નવી કિંડરગાર્ટન હોય એમ લાગે છે. શાળા બંધ હોવા છતાંએ ત્યાંના અધ્યાપક વર્ગની જે વ્યકિતઓ અમને મળી અને તેમણે જે કંઈ બતાવ્યું ને કહ્યું તેના ઉપરથી એકંદરે આ સંસ્થા શિક્ષણનું વિશેષ મહત્વનું કામ કરનારી હશે એવું અમને લાગ્યું.

ત્યાર પછી સ્વિટઝર્લેન્ડના ટ્રોજન ગામમાં એક સંસ્થા જોઈ. એ બધા કરતાં જુદા જ પ્રકારની તથા પ્રયોગાત્મક સંસ્થા હતી. એનું નામ પેસ્ટોલૉઝી વિલેજ હતું. યૂરોપમાં યુદ્ધ-જન્ય પરિસ્થિતિમાંથી આ સંસ્થાનો જન્મ થયો. આજ ત્યાંના દરેક વિચારક તથા શિક્ષણતજ્ઞ આ એક જ પ્રશ્નનો વિચાર કરીને પોતાનાથી જે શકય તે કરવાનો પ્રયત્ન કરે છે. એમાંની પહેલી વાત એ કે યુદ્ધથી જે બાળકો અનાથ થયાં છે તેમના રહેવાની તથા શિક્ષણની વ્યવસ્થા કરવી; અને બીજી વાત એ કે દેશ દેશમાં એક બીજા સાથે વધુ સારી રીતે સંબંધ બાંધી સહાનુભૂતિ, સમજ તથા મૈત્રી ઉત્પન્ન કરીને એક બીજા સામે યુદ્ધ કરવાની વૃત્તિ દૂર કરવી. આ દિશામાં આ સંસ્થામા એક વિશેષ નવો પ્રયોગ કરવામાં આવે છે.

અહીં આખા યુરોપમાંથી નિરાશ્રિત બાળકોને લાવીને રાખવામાં આવે છે. પરંતુ તે બધાંને એક જ બોર્ડિંગઘરમાં ન રાખતાં જુદા જુદા દેશનાં જુદાં જુદાં ઘર છે. તે ઘરમાં તે તે દેશનું એક એક કુટુંબ રહે છે. આ નિરાશ્રિત બાળકો તે કુટુમ્બમાં પોતે પોતાના ઘરમાં રહેતાં હોય એમ રહે છે. મા-બાપ, તેના પોતાનાં બાળકો તથા આ અનાથ બાળકો એમ કરીને એક ૧૫ થી ૨૦ જણનું એક કુટુમ્બ; એમ જુદા જુદા દેશનાં કુટુમ્બો ત્યાં રહે છે. તે બાળકોનું રહેવાનું, ખાવાનું, પીવાનું, અભ્યાસ તથા પોતાના શોખના વિષયો જેવા કે સંગીત, નૃત્ય, રમત વગેરે પોતે પોતાને ઘરે – પોત પોતાના દેશની રીતે તથા પોતાની ભાષામાં કરે છે. સગવડ માટે તથા આર્થિક દૃષ્ટિથી બધાંનું ભોજન એક ઠેકાણે મોટા રસોડામા કરવામાં આવે છે; પરંતુ જમવા બેસવાનું વગેરે બધું જો સોને ઘેર થાય છે

સાંજને સમયે રમત માટે વર્કશોપ (એટલે કે જુદા જુદા કાર્યાલયમાં) તેમ જ નાટયગૃહમા બધા જ ઘરનાં બાળકો એકત્ર થાય છે. ત્યાંનું નાટયગૃહ એ બાળકોએ જ પ્રેમ પરિશ્રમપૂર્વક, લાકડાં, પાટિયા વગેરે ભેગું કરીને-ઊભું કર્યું છે, અને ત્યા પ્રેમ હોંશપૂર્વક બધા દેશના નાટકો ભજવાય છે. તે જ પ્રમાણે રમતના મેદાન પર પ્રેમ રસપૂર્વક બધા દેશની રમતો રમાય છે. તે ઉપરાંત રમતના મેદાન પર બધાં એકત્ર થઈને પ્રેમ આનંદપૂર્વક તથા સંપથી રમતા હોય છે.

સુથારીકામ, ચિત્રકામ, છાપકામ વગેરેમાં જેને રસ હોય તેને તે શીખવાનું મળે છે. એમાંથી ઘણી સુંદર વસ્તુઓ તૈયાર કરીને એ બાળકોએ પોતાના પ્રદર્શનખંડમાં (શો રુમમાં) મૂકેલી છે. તે બધી વસ્તુઓ વેચાણ માટે હોય છે.

એ સંસ્થાએ ધ્યેય તરીકે એમની સામે બે મુદ્દા રાખ્યા છે. એક તો બાળકોને રાષ્ટ્રીય શિક્ષણ, ભાષા, રાષ્ટ્રીય સંસ્કૃતિ – રહેણીકરણી રીતભાત, સંગીત વગેરે મળવું જોઈએ. અને બીજો મુદ્દો તે બાળકોએ એક બીજાને આતરરાષ્ટ્રિય દૃષ્ટિથી સમજવું; એક બીજાનાં ઉત્તમ ગુણ તથા રીતભાતની માહિતી મેળવવી, એક બીજાની મીઠી મશ્કરી કરવી તથા એક બીજા સાથે હળી મળીને રહેવું, એક બીજા પાસેથી શીખવું તથા શિખવવું અને એના દ્વારા એક સુમેળયુકત સમાજ રચવો તે છે.

પ્રત્યેક દેશની ભાષા, રીતરિવાજો, તહેવારો, રમતો, નાટકો, કાવ્યો, ગીતો વગેરે જુદાં હોય છે, અને આ રાષ્ટ્રીય શિક્ષણ કહેવાય.

આ બધું એ બાળકોને પોત પોતાને ઘેરથી મળે છે અને આંતરરાષ્ટ્રિય શિક્ષણ, રમત, નાટકગૃહ તથા કાર્યાલયમાંથી મળે છે.

આ સંસ્થા માટે હજારો વસ્તુની ભેટ આવતી હોય છે. બૂટ, મોજાં, ગરમ કપડાં વગેરેનો સમાવેશ થાય છે. ખાવાની વસ્તુઓનો મોટો કોઠાર એમને જુદો રાખવો પડે છે, અને જે જે ઘરની મંડળીને જે જે જોઇએ તે તે તેમને ત્યાંથી મળે છે. બધાંને બૂબ જ કરકસરથી રહેવું પડે છે.

જુદા જુદા દેશ તરફથી ભેટ તરીકે ધન પણ મળે છે. પરંતુ તે ઉપર સંસ્થાનું ચાલતું નથી, બાળકોનાં નાટકો તથા ઉદ્યોગાલયની વસ્તુઓ વેચીને થોડી ઘણી પૈસાની સગવડ થાય છે. પરંતુ તે બૂબ જ થોડી હોય છે. પણ તે બાજુનું યુવક મંડળ એમને ફંડ ભેગું કરી આપે છે. અમુક ટકા પોતે રાખીને બાકીના પૈસા એ સંસ્થાને તે આપે છે.

આ રીતે યુવક મંડળ જુદી જુદી રીતે પૈસા ભેગા કરવાનું કામ કરે છે.

આ સંસ્થાની સામે બાળકોનો સૌથી મહત્વનો પ્રશ્ન હોય તો તે માનસિક ઉપચારનો છે. ત્યાં એક મુખ્ય તથા અન્ય મદદ કરનાર વ્યક્તિઓ આ જ કામ માટે રાખવામાં આવી છે. કારણ, ઘણું ખરું ઘણાં બાળકોમાં ચાલુ યુદ્ધ પરિસ્થિતિને અંગે થએલા માનસિક આઘાતથી કંઈ ને કંઈ માનસિક અનારોગ્ય દેખાઈ આવે છે. મા–બાપ તથા ઘરબાર વગરનાં થઈ નિરાશ્રિત થવું એ સ્થિતિ બધાંની જ હોય છે. આથી અસુરક્ષિતપણાથી તથા અસહાયપણાથી ઉત્પન્ન થતી માનસિક ચિંતા, બીક તથા એક બીજા માટે દ્વેષ, ઈર્ષા વગેરે વધારે પ્રમાણમા બાળકોમાં દેખાઈ આવે છે. એવું આ માનસશાસ્ત્રીઓને જણાઈ આવ્યું છે.

આ સંસ્થાની સફળતા માટે ઘણાના મનમાં શંકા છે, એવું અમને જણાઈ આવ્યું. જે જે દેશનાં બાળકો હોય એમને પોત પોતાના જ દેશમાં ઉછેરવાં જોઇએ, એવો અમુક વ્યક્તિઓનો મત છે. અહીં દરેક બાળકના તેના પોતાના દેશનું વાતાવરણ ઉત્પન્ન કરવા ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં તે કૃત્રિમ લાગે ખરું.

બહુ બહુ તો પારકા દેશમાં વસનાર એક અંગ્રેજી કુટુમ્બ અથવા ફ્રેન્ચ કુટુમ્બ એમ થઈ શકે. તેના દેશમાં તે બાળકો પારકાં જ થશે એમ ત્યાંના વિચારકોને લાગે છે. વળી આવું કરવામાં ખર્ચ વધારે પ્રમાણમાં થાય છે; વગેરે ટીકાઓ પણ અમને સાંભળવા મળી.

આ સંસ્થાના સંસ્થાપક ડો. કોટી છે. એ વ્યક્તિ પૂર્ણપણે શાંતિપ્રિય છે. તત્વજ્ઞાનનાં પુસ્તકો વાંચવાનો એમને બૂબ શોખ હોય એમ લાગ્યું. ગાંધીજી માટે, રવીન્દ્રનાથ ટાગોર માટે તે જ પ્રમાણે ગીતા વગેરે વિષયો ઉપર પણ તેઓ છૂટથી બોલતા હતા. હિન્દુસ્તાનનું એક કુટુમ્બ તથા ઘર ત્યાં હોવું જોઇએ એવી ઇચ્છા એમણે પ્રગટ કરી હતી. અમારામાંથી કોઇની પણ એમની ઇચ્છા પૂર્ણ કરવાની શક્તિ નહોતી. એથી એક શુભેચ્છા તરીકે અમે એ સાંભળી લીધું. એ કામ બૂબ જ કઠિન છે એમ કહીને અમે એમની વિદાય લીધી. હિન્દુસ્તાનનું ઘર સ્વિટઝર્લેંડમાં હોવા કરતાં તેના જેવો પ્રયોગ હિન્દુસ્તાનમાં જ જુદા જુદા પ્રાંતનાં ઘર રાખીને શાંતિનિકેતન જેવી સંસ્થાઓએ કરવા જેવો છે. એ લોકો યુરોપમાંની આંતર-રાષ્ટ્રિય એકતાનો તથા એક બીજાં માટેની ઈર્ષ્યા, દ્વેષ દૂર કરીને એક બીજાંને વધુ સમજીને હળીમળીને રહેવાનો પ્રશ્ન; તથા યુદ્ધથી નિરાશ્રિત તથા નિરાધાર થએલાં બાળકોનો પ્રશ્ન એક ઠેકાણે કર્યો આ દ્રષ્ટિથી જવાબદારી વધી ગઇ છે. પરંતુ ફકત આંતરપ્રાંતિય એકતા તથા આપણા બધામાં આપણે હિંદી છીએ એવી ભાવના ઉત્પન્ન કરવા પ્રાંત પ્રાંત વચ્ચે જે એક બીજાં માટે બોલવા, ચાલવા, ખાવા પીવા, વગેરે બધી જ બાબતમાં જે એક પ્રકારનો દુરાગ્રહ બંધાઇ ગયો છે, અને આપણે શ્રેષ્ઠ છીએ તથા અન્ય પ્રાન્તના નીચા છે એવી લાગણી દૂર કરવાની દ્રષ્ટિથી આવો પ્રયોગ અમને બરોબર આવશ્યક લાગ્યો; તમને નથી લાગતો!

ત્યાંના ઉદ્યોગ, રમત, નાટક વગેરે જેવા સાંસ્કૃતિક કાર્યક્રમને અપાએલું મહત્વનું સ્થાન અમારા લક્ષ બહાર ન ગયું.

ત્રીજી એક ખાસ ધ્યાનમાં રહી જાય એવી સંસ્થા પેરિસમાં જોઈ. શહેરની બહાર ઉપનગરમાં એક સુંદર મકાનમાં તે આવેલી હતી. આ સંસ્થાની વિશેષતા એ હતી કે તે અશક્ત તથા રોગના ભોગ થઈ પડવાના સંભવવાળાં બાળકો માટે સરકાર તરફથી ચાલતી હતી. એક ટેકરી પર ગામથી દૂર એ સંસ્થાનું મકાન હતું. મકાનની વિશેષતા એ હતી કે તે લગભગ આખું કાચનું હતું. આથી અશક્ત બાળકોને શક્ય તેટલા વધુ પ્રમાણમાં સૂર્યનાં કિરણો મળી શકે એ એની પાછળની દૃષ્ટિ હતી. અહીં ખુલ્લી હવામાં રમવાની, વ્યાયામની, બાષ્પસ્નાનની, તરવાની વગેરે શરીર સુધારવાની ને આવશ્યક એવી અનેક સાધનની સગવડતા હતી; તેની સાથે ખાવા પીવાની પણ ખાસ વ્યવસ્થા હતી. જેનામાં જે પ્રકારની અપૂર્ણતા હોય તે પૂર્ણ કરવા તથા શક્તિ વધે એવો ખોરાક બાળકોને પૂરો પાડવામાં આવે છે.

અભ્યાસમાં તથા ઉદ્યોગમાં એવું જણાઈ આવ્યું કે જેમનાથી જેટલો કરી શકાય તેટલો જ અભ્યાસ કરી બાકીનો સમય પોતાને ગમતા ઉદ્યોગમાં વાપરવાની સગવડ ત્યાં કરી આપવામાં આવે છે. તેમાં ચિત્રકામ તથા ઢીંગલી બનાવવાનું કામ બાળકો રસપૂર્વક કરે છે એમ જણાઇ આવ્યું. ખૂબ જ વિશાળ જગા તથા બાળકોની કાળજી લેનાર ઉત્તમ શિક્ષક વર્ગ અમને અહીં દેખાયો.

આ મૂળ કલ્પના જ કેટલી સુંદર છે! આવા કેટલાંએ બાળકો બાળપણમાં શાળાની બંધીઆર હવામાં બેસીને, ન કરી શકાય એટલો અભ્યાસ કરીને પૌષ્ટિક અને યોગ્ય ખોરાક તથા વ્યાયામને અભાવે મરણ પામે છે; અથવા નકામાં થઈ પડે છે. આપણા દેશનાં અશક્ત, નિસ્તેજ બાળકોને જોવાને ટેવાએલી આંખોને અહી અશક્ત તથા રોગી એવું એક પણ બાળક દેખાયું નહિ. પરંતુ અમને કહેવામાં આવ્યું કે દાકતરી તપાસમાં જેમને દાકતરોએ અહી આવવાની સલાહ આપી હોય એવાં આ બાળકો છે: અમને એમ પણ જાણવા મળ્યું કે જેમને રોગ લાગુ પડ્યો હોય એવાં બાળકો માટે ખાસ જુદી સેનેટોરીઅમ શાળાઓ હોય છે. તે વણું ખરું સમુદ્રકિનારે અથવા ટેકરી ઉપર હોય છે; તથા ત્યાં ઔષધોપચાર સાથે જ, એમનાથી થઈ શકે તથા એમને અનુકૂળ હોય એવું શિક્ષણ આપવાની પણ વ્યવસ્થા છે.

તારાબેન મોડક

બાલશિક્ષક ચાહિએ

હમારી સંસ્થાકી દૂસરી શાખા જો ૧૧, પ્રિટોરિયા સ્ટ્રીટમેં
આગામી ઑગસ્ટ ૧૦સે ખુલ રહી હૈ —

બાલશિક્ષક તથા બાલશિક્ષિકાએં ચાહિએ.

મોન્ટેસોરી શિશુવિહારકે ઔર ગિજુભાઇકે કોર્સકે શિક્ષાપત્ર બહન-ભાઈ અપની યોગ્યતા જનાતે હુએ મંત્રિણીકે નામ પર અર્જપત્ર ભેજેં. સામાન્ય શિક્ષા મેટ્રિક : ઔર : હિન્દીકા જ્ઞાન...

શાંતિદેવી ખેતાન
મંત્રિણી.
અભિનવ ભારતી બાલમંદિર,
૩૨, સર હરિરામ ગોએન્કા સ્ટ્રીટ,
ફોન બી.બી. ૪૬૨૦ – કલકત્તા ૭.

શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિર બાલમેળો

શ્રી. દક્ષિણામૂર્તિ બાલમંદિર તરફથી ભાવનગરના કૃષ્ણનગર વનિતા વિશ્રામના નવા મકાનમાં તા. ૧૫-૭-૫૦ થી તા. ૧૯-૭-૫૦ સુધીનો બાલમેળાનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સામાન્ય રીતે અત્યાર સુધીમાં પ્રદર્શનોની પદ્ધતિ એવી રહેતી કે બાલમંદિરો દ્વારા ચાલતી પ્રવૃત્તિઓનાં પરિણામો જેવાં કે ચિત્રો, માટીકામ, મોતીકામ વગેરે બહારનાં લોકો જોઈ શકતાં; સાથે સાથે બાલમંદિરનાં સાધનો તથા રંજન કાર્યક્રમ પણ જોવાનાં મળતાં. પણ અહીંનો બાલમેળો તો તદ્દન નવીન જ વસ્તુ હતો. અહીં તો ૨ થી ૧૦ વર્ષ સુધીનાં બાળકો સ્વેચ્છાએ પોત પોતાનાં કામો કરતાં જોવાનાં મળે છે અહીં બાળકોની પ્રવૃત્તિઓ પરિણામ રૂપે નહીં પણ પ્રત્યક્ષપણે જ બાળકો કામ કરે છે તે જ જોવા મળે છે.

આ બાલમેળાનું ઉદ્ઘાટન ભાવનગરનાં ને. ના. મહારાણી સાહેબાને હાથે એ. વી સ્કૂલના મોટા હોલમાં થયું હતું. શ્રી જાદવજી મોદી, શ્રી હરજીવનભાઈ મહેતા, શ્રીમતી તારાબેન મોડકના નિવેદનો તથા કેળવણીવિષયક વ્યાખ્યાનો, પ્રાસંગિક પ્રવચનો ત્યાં થયાં હતાં. ત્યાર પછી મેળાની શરૂઆત થઇ હતી.

આ મેળામાં મોટા મોટા ૮ ઓરડાઓમાં બાળકો માટે જુદી જુદી પ્રવૃત્તિઓ ગોઠવેલી હતી. સૌથી પહેલાં દાખલ થતાં જ એક બાજુની ઓશરીમાં બાળકોનાં સ્નાયુઓની હિલચાલને માટેનાં ખાસ તૈયાર કરેલાં સાધનો જેવાં કે એંચવાની, ધકેલવાની ગાડીઓ, પાણી એંચવાના રેંટ, હાથે દોરડાં વડે પાણી એંચવાની રમતો વગેરે ગોઠવેલી હતી. બીજી બાજુએ ઈંટો પાડવાનું સાધન, માટીકામ, વગેરે ગોઠવ્યું હતું.

આ બન્ને વિભાગની પ્રવૃત્તિઓમાં બાળકો ખૂબ રસપૂર્વક ભાગ લઈ રહ્યાં હતાં. ત્યાર પછીનો ઓરડો બાળકોના વાચનાલયનો ગોઠવ્યો હતો. ત્યાં પણ વ્યવસ્થિત રીતે બેસી બાળકને પુસ્તક લઈને વાંચવાની ઇચ્છા હોય તે વાંચવાની સગવડ હતી. દરેક બાળકને ચોપડી વાંચ્યા પછી વાંચેલ પુસ્તકની નોંધ બતાવતી એક ચિઠ્ઠી ભરવાની હતી.

ત્યાર પછીના ઓરડામાં ગણિત તથા વિજ્ઞાનનાં સાધનો ગોઠવવામાં આવ્યાં હતાં. મોંટેસોરી પદ્ધતિમાં ગણિત વિષયનાં ખાસ સાધનો ખરેખર બૌધિક આનંદ આપે તેવાં છે. નાનાં નાનાં ૪ વર્ષથી માંડીને મોટાં માબાપો, શિક્ષકો, કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને પણ ખૂબ રસ પડે તેવાં તે બધા જણાયાં. બીજો અને તેટલો જ રસિક વિભાગ વિજ્ઞાનનો હતો. સાઈકિનના સિદ્ધાંતો સમજાવતાં રમકડાં જેવાં કે ગઢડાનો માટીનો હાથી કે વાસુદેવ ખ્યાલો વગેરેમાં બાળકો મુગ્ધ થઈ જતાં. તેની સાથે સાથે જ ફેલાઇડોસ્કોપ. સ્ટીરીઓસ્કોપ, લોહચુંબક, લોલક વગેરે વૈજ્ઞાનિક સિદ્ધાંતોને સમજાવતાં સાધનો પણ હતાં.

વળી કુદરતના ઘણા નમૂનાઓ જેવા કે ઊગેલાં કઠોળ, બીયાં, કંદ, મૂળ, પાન વગેરેના પણ સુંદર જ્ઞાન મળે તેવા નમૂનાઓ મૂકવામાં આવ્યા હતા. ત્યાર પછીના ઓરડામાં બાળકનું ભાષાજ્ઞાન ચોક્કસ, વૈજ્ઞાનિક અને વિપુલ થાય તે માટેનાં અનેક સાધનો જેવાં કે ભૌગોલિક મોડેલો, ચિત્ર ચિઠ્ઠીઓ, વસ્તુ ચિઠ્ઠીઓ, વ્યાકરણ પેટીઓ ગોઠવેલી હતી. દેખાતી સાદી રમતોમાં ગૂંથાયેલા બાળકો વિના શ્રમે, અઘરા વ્યાકરણનાં સિદ્ધાંતોનું સહજ જ્ઞાન મેળવતાં નજરે પડતાં હતાં. ગામનાં જુદી જુદી શાળાઓનાં અને જૂની ઘરેડમાં ભણતાં બાળકો પણ આ નવીન રીતે રજૂ થયેલ જ્ઞાનનાં સાધનોથી ખૂબ ચકિત થઈ વારંવાર રમવા પ્રેરાતાં. ત્યાર પછીના

ઇન્દ્રિય શિક્ષણના ઓરડામાં નાનાં ૨॥ થી ૪॥ વર્ષ સુધીનાં બાળકો ખૂબ લહેરથી પોતાને મનગમતી પ્રવૃત્તિઓ કરતાં દેખાતાં હતાં. ડો. મોન્ટીસોરીનાં તે બાબતનાં ખાસ સાધનોની જુદી જુદી કેટલીએ રમતો બાળકો કરતાં દેખાતાં હતાં.

પછીનો ઓરડો વળી એક જુદા જ પ્રકારનો અને ખૂબ મહત્વનો કહી શકાય. અહીં બાળકો માટે જીવનવ્યવહારનાં સાધનો ગોઠવવામાં આવ્યાં હતાં. સામાન્ય રીતે બાળકોને જે જે ઘરકામો મોટેરાં કરવા નથી દેતાં અને જે કામોની એમને ખૂબ ભૂખ છે તે અહીં તેઓ સ્વેચ્છાએ કરી શકે તેવી સગવડ રાખી હતી. દળવું, દાણા ભરવા, બાટલીમાં પાણી ભરવું, ભરડવું, પાણી ભરવું, દેવમંદિરની કલાત્મક ગોઠવણ કરવી પોતાના નખ, આંખ, નાક, વાળ, મોઢું ચોકખાં છે કે નહિ તે તપાસી સાફસૂફ કરવાં; નાડી, બટન બાંધવાં, છોડવાં વગેરે સર્વ કામોની બાળકોને તાલીમ મળે તેવી વ્યવસ્થા અહીં રાખેલી હતી. આ બધાં સાધનો બાળકોની વય અને શક્તિ ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલાં હતાં. આ ઓરડામાં ઘણાંએ બાળકો ખૂબ તલ્લીન થઈને કામમાં લાગેલાં દેખાયાં.

ત્યાર પછીના મોટા ઓરડામાં બાળકોની હસ્તઉદ્યોગની, કલા કારીગરીના શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી હતી. શીવણ, ભરત ગૂંથણ, ચિત્રકામ અને રંગટિયો, તકલી, પૂણી બનાવવી વગેરે મૂલોદ્યોગની પ્રવૃત્તિઓ પણ યોજેલી હતી.

આ ઉપરાંત બધા દિવસોએ બાળકોએ પોતાનો નાસ્તો બનાવવો, પીરસવો, પોતપોતાનાં વાસણો સાફ કરવાં, આસનો ગોઠવવાં વગેરે કામો પોતાની જાતે જ કર્યાં હતાં. તે માટે ખાસ એક રસોડું પણ સાથે સાથે ચલાવવામાં આવ્યું હતું.

બાળમેળાના ઉપક્રમની સાથે જ બીજે દિવસે તા. ૧૬ મીએ સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી એ૦ વી૦ સ્કૂલના મોટા હોલમાં શહેરનાં સર્વે બાલમંદિરો, કલ્યાણ કેન્દ્રો, મહિલાવિદ્યાલયનો કુમારી વિભાગ બધાંએ મળી સુંદર રંજન કાર્યક્રમ કર્યો હતો. કશી ગોખણપટ્ટી વિનાનાં સ્વયંસ્ફુરિત, છતાં સુંદર નાટકો, અભિનય ગીતો. નૃત્યો, વગેરેનો સુંદર કાર્યક્રમ થયો હતો. તેમાં ભાગ લેનાર બાળકોને અને જોનાર મોટાંઓને ખૂબ જ આનંદ પડ્યો હતો.

તા. ૧૮ તથા ૧૯ મીએ શહેર ભાવનગરની પ્રાથમિક શાળાઓનાં વિદ્યાર્થીઓ માટે ખાસ બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી બાલ મેળો ખુલ્લો રાખવામાં આવ્યો હતો, અને જુદી જુદી શાળાઓનાં ૩૦૦૦ હજાર જેટલાં બાળકોએ તેનો લાભ લીધો હતો.

બધા દિવસોએ શહેરનાં શિક્ષણરસિક માતા પિતાઓ, શહેરીઓએ આ મેળાવડાનો ખૂબ રસપૂર્વક લાભ લીધો હતો.

મદ્રાસ બાળમંદિર માટે
આચાર્ય જોઇએ છે

મદ્રાસના શ્રી. ગુજરાતી બાલમંદિરનું સંચાલન કરી શકે તેવા, અનુભવી, બાલમાનસ ચિકિત્સક, અભ્યાસી અને નૂતન બાલકેળવણીમાં પ્રવૃત્ત એવા **આચાર્ય** જોઇએ છે.બાલમંદિર ૧૦ વર્ષથી ચાલે છે. દંપતી હશે તો પણ ચાલશે. ઉંમર, અનુભવ, પગારની માહિતી સાથે લખો.

શ્રી. મંત્રી,
શ્રી ગુજરાતી બાળમંદિર,
૧૭૧ નૈનીમા નાયક સ્ટ્રીટ,
પી. ટી. **મદ્રાસ**

બાલમંદિરમાં ભાષાશિક્ષણ

(લેખાંક આઠમો)

પ્રતીકોની રમતો : વિશેષણ

રમત ૧ લી

ઉદ્દેશ : મૌખિક રમતોમાં વિશેષણના કાર્યની કલ્પના આપણે બાળકોને આપી છે. વિશેષણના ઉપયોગથી વાક્યના અર્થમાં કેવી રીતે ચોકસાઈ આવે છે તે આપણે બાળક આગળ રજૂ કર્યું છે. એ જ વસ્તુ હવે પ્રતીકોનો ઉપયોગ કરીને આપણે હજી વધારે સ્પષ્ટ કરવાની છે.

સાધનનું વર્ણન:-

આઠ ખાનાંવાળી ૮" × ૧૨" × ૨" ની એક પેટી. પેટીમાં એક પાકીટ છે. પાકીટની અંદર નીચે મુજબ શબ્દોની ચિઠ્ઠીઓ છે: દરેક ચિઠ્ઠી ૧॥" × ૨॥"ના આકારની છે. નામોની આઠ ચિઠ્ઠીઓ સફેદ કાર્ડ પર કાળી અથવા વાદળી શાહીથી લખી છે. એ જ રીતે વિશેષણની આઠ ચિઠ્ઠીઓ તપખીરી રંગથી લખી છે.

પીળું	ફૂલ
લીલી	રિબન
જાડો	દોરો
ઝીણી	સોય
નાનું	બટન
મોટો	ત્રિકોણ
લીસો	કાગળ
ખરબચડું	કાપડ

આ ચિઠ્ઠીઓની વસ્તુઓ દરેક ખાનામાં એક એક એ રીતે મૂકી છે.

નામસૂચક એક મોટો ૧॥" પાયાવાળો કાળો સમકોણત્રિકોણ (પૂંઠાનો) અને વિશેષણસૂચક એક નાનો ૧" પાયાવાળો બ્રાઉન રંગનો સમકોણત્રિકોણ છે.

પૂર્વ તૈયારી :

આ રમત વ્યક્તિગત આપવા માટે યોગ્ય છે; પરંતુ કોઈ વાર બે અથવા વધારે બાળકો ભેગાં થાય તો પણ વાંધો નથી– માત્ર વિશેષણોની મૌખિક રમતો આગળ લીધેલી હોવી જોઇએ.

સ્વાધ્યાય નિદર્શન :

શરૂઆતમાં પાકીટમાંથી નામોની ચિઠ્ઠીઓ જુદી કરવી અને તે કાળા ત્રિકોણની નીચે ઊભી ગોઠવવી. દરેક ચિઠ્ઠી પ્રમાણે પેટીના ખાનામાંથી વસ્તુઓ લેવી અને ચિઠ્ઠીની સામે જમણી બાજુએ મૂકવી. પછી વિશેષણોની એક ચિઠ્ઠી લેવી; તે કયા નામનું યોગ્ય વિશેષણ થઈ શકે તેમ છે તે શોધવાનો પ્રયત્ન કરવો. નામોની સાથે વસ્તુઓ હોવાને લીધે યોગ્ય વિશેષણનો તરત જ ખ્યાલ આવશે. પછી તે વિશેષણની ચિઠ્ઠી નામની પાછળ મૂકવી. એ રીતે વિશેષણની બધી ચિઠ્ઠીઓ મૂકાયા પછી વિશેષણનું પ્રતીક – તપખીરી ત્રિકોણ – બતાવવો અને કહેવું, આ બધા તપખીરી શાહીથી લખેલા શબ્દો વસ્તુઓનું અથવા નામોનું વર્ણન કરે છે – નામોને માટે કંઈક કહે છે. તેથી તેને વર્ણન કરતા શબ્દો અથવા વિશેષણ કહેવાય. એવા શબ્દોને આપણે હવેથી તપખીરી ત્રિકોણ વડે ઓળખીશું. એમ કહીને તપખીરી મોટો ત્રિકોણ વિશેષણોની હારની ઉપર, માથે ગોઠવવો. એક બે વાર એ જાતનું નિદર્શન કર્યા પછી બાળકો પોતે જ આ રમત રમશે. આ જાતની અનેક પેટીઓ યોજી શકાશે

રમત બીજી

ઉદ્દેશ : વાકયો અથવા વાક્પ્રચારમાં યોજેલા શબ્દોના પ્રકારો, પ્રતીકોનો ઉપયોગ કરીને જુદા પાડવા.

સાધનો : ૮" × ૧૨"ની સાઈઝનાં વાકયો અથવા વાક્પ્રચારો લખેલાં પૂંઠાં. નામ, વિશેષણ અને ક્રિયાપદોના નાના પ્રતીકોની ડબ્બીઓ. પૂંઠાં પર લખવા માટે વાકયો અથવા વાક્પ્રચારોના કેટલાક નમૂના.

(૧)

મોટો પર્વત વાદળી આકાશ
લીલું ઘાસ સુંદર ફૂલો
નાના છોડવા ઘણાં પતંગિયાં

(૨)

પાતળું શરીર જાડી ચોપડી
નાનો ભાઈ મોટા કાકી
સરસ વાર્તા લાંબા કાન

(૩)

રમીલા પીળાં બોર લાવી
સુરેશ ચોખ્ખું પાણી લાવ્યો.
કમલ મોટી ચોપડી વાંચે છે.
વિમળા સરસ ગીત ગાય છે.
નીરુ નાની રકાબી ઉપાડે છે.
શિરીષ લાલ ટોપી પહેરે છે

સ્વાધ્યાય-નિદર્શન :

શરુઆતમા નાના વાક્યોવાળું પૂંઠું પસંદ કરવું અને તેમાંનો દરેક શબ્દ નામ છે કે ક્રિયા કે વિશેષણ છે તે ઓળખવા પ્રયત્ન કરવો. પછી તે પ્રમાણે ડબીમાથી પ્રતીક લેવું અને તેને શબ્દની નીચે ગોઠવવું. થોડી વારમાં બધા વાક્યોનુ એ રીતે શબ્દ પૃથક્કરણ થઇ જશે. એકાદુ પ્રંહું બતાવ્યા પછી તો બાળકો પોતાની મેળે એવું પૃથક્કરણ કરશે.

ઉંમર : ૫ થી ૫॥

આ પછીથી બાળકોને વાક્યો લખવા આપવાં. લખેલા દરેક વાક્યની નીચે નાનો ત્રિકોણ, મોટો ત્રિકોણ અથવા વર્તુળ દોરીને બાળકો શબ્દ પૃથક્કરણ કરી બતાવી શકે છે.

શેષ નામલે

પેસ્તનજીનો પરવિઝ

રવિવારની સાંજ હતી. દૂર દૂરના પરામાંથી કોઈ કુટુંબ મુંબઈ પાછું ફરતું જણાતું હતું. સેઠ, એવણના ઘણિયાણી અને એક બુચ્ચો તથા એક બુચ્ચી. હું એમની સામેના બાકડા પર, લોકલમાં બેઠો.

દિવસ ભરના થાકથી બુચ્ચો થાકેલો જણાતો હતો; પણ પેસ્તનજીને તો આજે જ એના દીકરાને ભણાવવાનો વખત મળેલો, એટલે એમણે શરૂ કર્યું. "પરવિઝ, ચાલ, છંકના આંક બોલી જા; ચાલ, બોલ: 'એક છંક છંક' 'બે છંક બાર' — પરવિઝ પપ્પાનું શીખવેલું પરાણે બોલ્યે જતો હતો.

ત્યાં સામેથી ફાસ્ટ ટ્રેઈન પસાર થઇ. પેસ્તનજીએ ચલાવ્યું "જો, એ ગાડીમાં સ્પીડ વધારે છે; એ કેટલી ઝડપે જાય છે તેનું મીટર આવે છે. મૉટરમાં તેં જોયું છે! કાલે હું બતાવીશ... પણ બેટા! ચાલ બોલ જોઇએ "ત્રણ છંક અઢાર; છ તેરી અઢાર; ચાર છંક ચોવીશ; છ ચોક ચોવીશ." પરવિઝે પારાયણ કરી.

ત્યાં પીપરમીટવાળો અંદર આવ્યો. પરવિઝ નમ્રતાથી બોલ્યો, "પપ્પા, અપાવોને!" પેસ્તનજીએ પદાર્થપાઠ શરૂ કર્યો "જો પરવિઝ, આય હવામા જે એરોપ્લેન ઊડે છે ને તેમાં આગળ મોટું મશીન હોય છે; બે મોટી પાંખો છે તેમા હવા ભરાય અને પ્રેશર આવે એટલે ઊડે; તું મેટ્રિક થઈ, બી. એ. થવસ ત્યારે એ લૉ તને સમજાશે... પણ પેલો છંકનો આંક બોલ જોઇએ બરાબર યાદ રાખજે કે ચાર છંક ચોવીશ અને છ ચોક ચોવીશ."

પરવિઝ ફરી બોલી ગયો. પેસ્તનજી એની સાથે સાથે જ બોલતા જતા હતા. લેસન આગળ ચાલ્યું: "જો પરવિઝ, આય ઝાડની ઉપર કુટ આવે છે તેનુ કારણ જાણે છે? એ તું પછી ભણીશ... અમે નાના હતાને ત્યારે ઝાડ પરથી કુટ નીચે કાંય આવે છે તેનો લૉ શીખેલા; ન્યૂટનનું નામ તો જાણેછને! પણ જો કાલે બરાબર આંક આવડવા જોઇએ. ચાલ જો હમણાં ગ્રાંટરોડ આવશે; એક વાર મારી સાથે બોલતો જા; "એક છંક છંક; બે છ ક બાર."

ગ્રાંટરોડ આવ્યું અને છંકનો આંક અધૂરો રહ્યો... શું પેસ્તનજી અને શું પરવિઝ!! શું "શિક્ષકહૃદય" પપ્પા અને બુચ્ચાની દશા!!

પ્રભુ પરવિઝને 'છંક'માંથી બચાવે.

જમુભાઈ દાણી

રસોઈમાં, તળવામાં, અને બીજા ઘર ગથ્થુ ઉપયોગમાં હંમેશા એગ્માર્કનું જ પેરેશુટ છાપ તલનું તેલ વાપરો.

સાફ કરેલા સફેદ તલમાંથી પીલેલાં આ ચોકખાં, ફીલ્ટર કરેલાં તેલે જાણકાર સન્નારીઓમાં ઘણી જ નામના મેળવી છે.



તેલના દરેક ટીન ઉપર હિન્દ સરકારનું એગ્માર્કનું સીલ હોય છે કે જે ઉત્તમ માલની ખાત્રી રૂપ છે.

AGMARK

પેરેશુટ છાપ

ફીલ્ટર કરેલું તલનું તેલ

બનાવનાર

ધી બોમ્બે ઓઇલ ઇંડસ્ટ્રીઝ લી.

વિગતો માટે લખોઃ કાનજી મોરારજી

૨૮૫/૭ નરસી નાથા સ્ટ્રીટ, મુંબઇ ૯. (ફોન ૨૨૩૪૮)

સાગરને કાંઠે

આવોને ભાઈબંધ! ખેલીએ ને કૂદીએ,
હરિયાને કાંઠડે નાચીએજી, નાચીએજી.....
સંધ્યા, ઉષાના રંગ દેખી રૂપાળા
આનંદે મસ્ત બની રાચીએજી રાચીએજી.....

સાગરને કાંઠે રૂડા રેતીના ગંજમાંથી.....
કોડિયો ને છીપલાં વીણીએજી...વીણીએજી.
ચાંદાની ચાંદનીની રૂપેરી ધારમાંથી
શીળી અમીની ધાર ઝીલીએજી, ઝીલીએજી.

પ્રભાવતી પજવાણી

— જોડકણાં —

પેલી બકરી બોલે — બેં બેં બેં;
એ તો સાંજ સવારે દૂધ જ દે... ... પેલી બકરી.

પેલો કૂતરો બોલે — ભસ ભસ ભસ;
કહે – ચોર આવે કહું આઘો બસ... ... પેલો કૂતરો.

પેલી બિલ્લી બોલે—મ્યાઉં મ્યાઉં મ્યાઉં;
કહે – ઘી, દૂધ, દહીં હું ચાટી જાઉં... ... પેલી બિલ્લી.

પેલો ઊંદર બોલે — ચૂં ચૂં ચૂં;
કહે રાત તણો હું રાજા છું... ... પેલો ઊંદર.

પેલી કોયલ બોલે — કૂઉ...કૂઉ...કૂઉ;
ગાય મીઠાં ગીતડાં કુહૂ...કુહૂ...કુહૂ... ... પેલી કોયલ.

પેલો વાંદરો બોલે — હૂપ હૂપ હૂપ;
મને લીલી કૂંપળ ભાવે ખૂબ... ... પેલો વાંદરો.

પ્રેમળ

પૂનમચંદ શાહ

લંગડી ગાય

"કેમ રતન! આજે બે થેલી ભરીને શું લઇ જાય છે? કાંઇ બહુ ભેગું કર્યું છે." સુશીલાએ રતનની જરા મશ્કરી કરતાં કહ્યું.

રતને પણ હસતાં હસતાં કહ્યું, "આજે શારદાબહેન ને વીણાબહેને મારે માટે દસ શેર દસ શેર છોતરાં ભેગાં કરી રાખ્યાં. મારી લંગડી ગાય રાજી રાજી થઈ જશે."

એટલામાં ઉમા સામી મળી; તે પણ રતનની મશ્કરી કરવા લાગી. "જાણે તારા વગર લંગડી ગાય ભૂખી મરી જવાની, કેમ રતન! આ શું? બધાને ત્યાંનો કચરો ઉપાડીને ચાલી; બરુંને"!

પણ રતન કોઈની મશ્કરીને ગણકારે નહિ.

બા, કાકી, પેલા ઘરધણીની શેઠાણી બધાં જ ઘાસના પૂળે પૂળા મોટા મંદિરની ગાયોને નાખે; ત્યાં તો ગાયો ખાઇ ન શકે એવો ચારો પડયો રહે. આ બિચારી લંગડી ગાય, જ્યાં ત્યાં રખડી, ખોડંગતી ખોડંગતી જાય ને આમતેમ ખાતી જાય.

રતનને આ ગાય માટે બહુ લાગતું. એને મનમાં વિચાર થયો કે આ લીલાં શાકભાજીનો કચરો, ચોખાની કુસકી, આ બધું ગાય ચપચપ ખાઇ જાય છે. આમ ગાયને એઠવાડમાંથી બવડાવવું એના કરતાં પહેલેથી જ લીલાં શાકભાજીનાં છોતરાં લોકો જુદાં જ નાખતાં હોય તો!

રતન નિશાળે જાય તોય રસ્તામાં બોંને પૂછતી જાય, "કેમ કંઈ છાલ-છોતરાં છે?" નિશાળમાં પણ એ માથે લઈ જાય ને લંગડી ગાયને નાખીને જાય. વર્ગની રમા, સુનીતા, નયના બધાં જ એની મશ્કરી કરે.

"રતન! આ શું પોટલાં ઊંચકીને રોજ જાય છે! ગામમાં તું જ બવડાવવા નીકળી છે જાણે."

રતન એને કહેતી, "એમાં તમારું શું જાય છે? લોકો ફેંકી દે છે તેનો હું ઉપયોગ કરું છું. મારા પડોશીઓ નાખી દે છે ને મારી લંગડી ગાય હોંશે હોંશે ખાય છે. આપણે કામનું નથી ને કોઇનું પેટ ઠરે છે. છોને તમે મારી મશ્કરી કરો; હું તો ઘેર ઘેરથી છોતરાં લઈ જઇશ, ને ઢોરને બવરાવીશ."

પછી તો જમનાકાકી પણ દૂધીની છાલ કે ચોળીની સીંગો, વટાણા, મકાઇ, છાલ કે કુશકી ઉપાડી જતાં. આ તો જરા મહેનતનું દાન છે. બધું કંઈ થોડું પૈસાથી જ દાન થાય! જમના કાકી રતનની મશ્કરી કરતાં જ નહિ.

રતનની પરીક્ષા હોય તો રતન કહી જતી. "જમનાકાકી! નીચે ઊતરો ત્યારે આટલું નાખતાં જજો ને! મારે ઉતાવળ છે." જમનાકાકી નીચે ઊતરવાના ન હોય તો પણ કોઇક વાર ઊતરીને એ નાખી આવતાં. રતન સાંજના આવીને પાછી એ વાત પૂછતી. "જમનાકાકી! લંગડી ગાયે બધું?"

કપિલા ઠાકોર

ધુળીઆ ગામની ઢેડકી

ધુળીઆ નામે ગામને છેડે
ઢેડકી રહેતી એક,
આવડી અમથી ઢેડકી તો યે
શોખ હતા અનેક.

એ થનગન થનગન નાચંતી,
એ રામાયણ પણ વાચંતી,
એ ગીત ઘણેરાં ગાવંતી,
ને તળાવ તાણી લાવંતી.

ધુળીઆ ગામની અડકી દડકી
ઢેડકી એ અદ્‌ભુત,
સોળે કળા ની જાણુહારી
કંઈક કરતી તૂત.

એક દિવસ એ લખવા બેઠી
લખે અનોખી વાત,
લખતાં લખતાં સૂર સતાવે
સા રી ગ મના સાત.

અડકી દડકી ચલી સવારી,
સંગીતની જ્યાં શાળા ન્યારી;
કોઈ કરે છે તુન તુન તુન તુન,
કોઈ ગવૈયા ગુન ગુન ગુન ગુન;
ઢમક ઢમક ઢમ્ ઢોલક વાગે,
કોઈ વળી ઊંઘમાંથી જાગે.

જીભતણા વળી આટા પાટા,
ક્રોધ મારતા તાન સપાટા,
એક ખૂણામાં પડ્યો તંબૂરો,
તાર વિનાનો હતો અધૂરો.

એક પિછોડી કેડે બાંધી
બેઠો ફેંટે દાર,
તબલાના ત્યાં સાત સૂરથી
તરંગ એ ઉપજાવે,
મનમોજિલી ભલી ઢેડકી
મનમાં તાલ બજાવે.

ડ્રાઉં ડ્રાઉં ડ્રાઉં ડ્રાઉં
હું યે તબલા બજાઉં.

* * *

એક કપાતર એવો ભૂંડો
એણે દીધી થાપ,
એક તબલાની કાળી કીકી
ત્યાં ભૂક્યો'તો કાપ;

ઢડિમ્ ઢધને ઢેડકી કૂદી
સૂર ન વાગ્યો જાય,
તબલાના પેટાળે પેંધી
પડી પડી પસ્તાય.

—ચંદ્રવદન મહેતા

દેખાય છે–આજે હિંદ ગૌરવભર્યું હિંદ નથી. મંડળપ્રવૃત્તિઓ અને સામુદાયિક આંદોલનોના દિવસો આજે નથી. આજે તો પ્રત્યેક નાગરિક પોતાનો વ્યક્તિધર્મ સમજે, જીવે અને એટલા પૂરતું હિંદને સંરક્ષે એ જ એક ઉપાય છે, આ કાર્ય માટે આપણને સોંપાયેલાં ભાવિ નગરજનોમાં આપણે આપણા જીવનથી પ્રેરણા પૂરીએ તો બસ છે.

૪. જોધપુરનો બાલઅધ્યાપન વર્ગ

ડો. મોન્ટેસોરીના શિક્ષણસિદ્ધાંતોને આધારે અધ્યાપકોને તાલીમ આપી શકે એવી થોડી વ્યક્તિઓમાં પ્રો. ભામરા પણ એક છે. હજુ બે ત્રણ માસ પહેલાં જ એમનાં વ્યાખ્યાનોથી બોર્ડીમાં તાલીમ લેવા ગયેલા, સરકારે પાઠવેલા પ્રાથમિકશાળાના નિરીક્ષકો મુગ્ધ બનેલાં. મોન્ટે. પદ્ધતિને અંગેની સુંદર, નવી દૃષ્ટિ એમને પ્રો. ભામરા પાસેથી મળેલી.

આનંદની વાત છે કે તા. ૨૧ મી ઓગસ્ટ ૧૯૫૦ થી તા. ૧૪ મે ૧૯૫૧ સુધીનો એક શિક્ષણ વર્ગ તેઓ જોધપુરમાં શરૂ કરે છે. આ વર્ગમાં ગ્રેજ્યુએટ અને અંડર ગ્રેજ્યુએટ જ માત્ર ભાગ લઈ શકશે. અભ્યાસ અર્થે આવનારને બાલનિકેતનના બાલ–ઘરનું અવલોકન કરવાની તક પણ રહેશે, આ વર્ગની ફી રૂ. ૨૨૦ રહેશે. પ્રો. ભામરાને અમે સંપૂર્ણ સફળતા ઇચ્છીએ છીએ. વધુ માહિતી પ્રો. કે. યુ. ભામરા, બાલનિકેતન, જોધપુર–સરનામેથી મળશે.

૫. મેડમ! શતાયુ ભવ

આ માસની ૩૧ મી તારીખે મેડમ મોન્ટે-સોરીને ૮૦ વર્ષ પૂરાં થાય છે. દેશદેશનાં બાળકો અને બાલશિક્ષકો તે દિવસે એમનું સ્મરણ કરશે અને મંગલ અભિનંદનો પાઠવશે. આપણાં સોનાં પણ એમને સહસ્ર અભિનંદન... હિંદના બાલશિક્ષણમાં એમનું નામ અને સ્થાન અજોડ છે અને સદાય અજોડ, અમર રહેશે. એમણે શિક્ષણની નવી પદ્ધતિ જ નહિ પણ આંતર–જીવનનું, એના પ્રાગટ્યનું નવું દર્શન જગતને આપ્યું છે. 'બાળક પ્રભુનો પયગમ્બર છે' એ નહાનલવાણીને મેડમે જીવનભરના કાર્યથી જીવી બતાવે છે. જગતના નવા ઘડતરમાં નવું બાળક એનું યોગ્ય સ્થાન પામી શકે એવી તમન્ના સર્વ રાષ્ટ્રોમાં પ્રગટાવવા મેડમ શતાયુ થાઓ એવી અમારી પ્રાર્થના છે.

૬. શબ્દ–પરિચય

મોન્ટેસોરી પદ્ધતિનો અભ્યાસ કરી, બાળશિક્ષણમાં તલ્લીન થઈ, નવું સર્જન કરી શિક્ષણ સાહિત્યમાં ઉમેરો કરનાર શ્રી. નિર્મળાબેન ચં. શાહને ખરેખર ધન્યવાદ ઘટે છે. એમણે અનુભવ બાદ જે સાહિત્ય રચ્યું તેને જ 'શબ્દ પરિચય' રૂપે પ્રગટ કરી અનેક શિક્ષકોને એમણે સહાય કરી છે. એમનું 'અલંકારિકા' પુસ્તક જેમ એક સુંદર કલાકૃતિ છે તેમ આ ચોપડા પણ શબ્દ–પરિચયની પુસ્તિકાઓમાં મોહક સ્થાન લેશે એમાં શંકા નથી. શ્રી. ત્રિપાઠી કંપનીમાંથી આ પુસ્તિકાઓ સવાબે રૂ. માં મળી શકે છે. નિર્મળાબેન આવું ઘણું પ્રગટ કરો એમ ઇચ્છીશું.

જ.

મોન્ટેસોરી શિક્ષણ

પ્રચાર માળા

લે : ગિજુભાઈ અને તારાબેન

દરેક શિક્ષણ સંસ્થામાં જોઈએ. દરેક માબાપ પાસે જોઈએ. દરેક બાળશિક્ષક પાસે જોઈએ.

બાલમાનસની અને બાલવ્યવહારની અનેક દૃષ્ટિઓ એમાંથી મળશે.

પાન : ૧૭૧ કિંમત ૧–૮–૦

શ્રી. બાબીબેન મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬

REGD. NO. 2241.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ, મુંબઈ ૧

વરસાદ
આવે તે પહેલાં
છત્રી, રેન-કોટ તથા ગમબૂટસ
લેવા કયાં જશો?
ધી બૉમ્બે
સ્વદેશી કો-ઓપરેટીવ સ્ટોર્સ
કું૦ લિમિટેડ.
સર ફિરોઝશાહ મહેતા રોડ,
ફોર્ટ, મુંબઇ ૧
ફોન નં. ૨૦૪૪૩
શાખાઓ: પૂના : : : સિકંદરાબાદ

PRESENTS!

GIVE OUR

GIFT

COUPONS

SAVES YOUR TIME AND WORRY
HELPS YOUR FRIEND TO MAKE
A CHOICE

THE
BOMBAY SWADESHI
CO-OPERATIVE STORES
BOMBAY.

SIR PHEROZESHAH MEHTA ROAD,
FORT, BOMBAY 1.

Phone 20443.

BRANCHES:
POONA & SECUNDERABAD

બાલમંદિરો માટે સાધનો
બાલમંદિરો માટે સાધનો ખરીદતાં પહેલાં
અમારું સૂચિપત્ર મંગાવો.
દરેક સાધન, શાસ્ત્રીય પદ્ધતિથી નિષ્ણાતોની
નજર તળે બનાવવામાં આવે છે.
સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર બાલ-
મંદિરોને ૬૦ ટકા કમિશન.
લખો-મંગાવો.
નૂતન શિક્ષણ-સાધનાલય એન્ડ
આર્ટ વર્કસ લિ૦
સુરેન્દ્રનગર – સૌરાષ્ટ્ર

આગ-અકસ્માત-જિંદગી
મોટર દરિયાઈ વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું:
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય
મંગાવો.
ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—
૩૧૫-૩૨૧ પ્રોસ્પેકટ ચેમ્બર્સ, હોર્નબી રોડ
મુંબઇ

મુદ્રક અને પ્રકાશક શ્રી. ચંપકલાલ મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ ૬
મુદ્રણ સ્થળ: ગણેશ પ્રિન્ટીંગ વર્કસ ૮ પારેખ સ્ટ્રીટ, પ્રાર્થના સમાજ, મુંબઈ ૪

ઘર શાળા સેતુ

— સંસ્કાર —

શિક્ષણ પત્રિકા

વર્ષ : ૨૫]　　સપ્ટેમ્બર : ૧૯૫૦　　[અંક : ૯



વાર્ષિક લવાજમ

ચાર રૂપિયા

છૂટક અંક

છ આના

બૃહદ્ વિકાસ

આપણા માનસશાસ્ત્રકારોએ કહેલું છે કે બુદ્ધિ જ અનેક શક્તિના ગુણોથી યુક્ત છે. આ વિશ્વમાં જેટલી શક્તિ છે તે બધી આપણા મનમાં, આપણી બુદ્ધિમાં છે. અનંત શક્તિયુક્ત આ મનોબુદ્ધિ તેનો વિકાસ કરવો એ શિક્ષણનું કામ છે.

પણ પ્રત્યક્ષ જીવનઉપયોગી કાર્ય કર્યા વગર ગુણવિકાસનું કાર્ય થઈ શકવાનું નથી. બાળકોએ પરસ્પરને મદદ કરવી જોઈએ; સહકાર આપવો જોઈએ; બાળકોમાં પ્રેમ વધવો જોઈએ; સામાજિક જવાબદારી પાર પાડવાની શક્તિ આવવી જોઈએ; નિર્ભયતા પ્રગટવી જોઈએ.

વિનોબા ભાવે

: આશ્રયદાતા :

સ્વ. ગિજુભાઈ બધેકા

: સંપાદક :

તારાબેન મોડક

: સહસંપાદક :

જમુભાઈ દાણી

અનુક્રમણિકા

બાળ વિભાગ

૧. ઢીંગલીની રમતો ... તારાબેન
૨. સાચો રસ્તો ... જયંત શુકલ
૩. બાળમંદિરમાં વ્યાકરણ... નામલે
૪. નટુએ આમ કેમ કર્યું ? ... અ. જાની
૫. બાલારામનો બાલપ્રવાસ... ગોવિંદભાઇ
૬. ગ્રામ વિદ્યાપીઠ ... તારાબેન
૭. બાલકલા પ્રદર્શન ... હેમુભાઈ

૧. મને બાલમંદિર વહાલું ...શામજી જમોડ
૨. જોન સુંદરી ગયો ... કપિલા ઠાકોર
૩. સાગર–કાંઠે ... પુષ્પા વકીલ
૪. ઝાડ ઉછેરો ... જશભાઇ પટેલ
૫. મારો ઘોડો ... પ્રવીણ ભટ
૬. સમાજસેવકની ભેટ... બાબાભાઈ
૭. ઇન્દુનું ઇનામ ... જમુભાઈ દાણી

તંત્રી–સ્થાનેથી

ડૉ. મોન્ટેસોરી જન્મજયંતિ

મુંબઇના નૂતન બાલશિક્ષણ સંઘના ઉપક્રમે તા. ૩ જી સપ્ટેમ્બરના રોજ, ડૉ. મોન્ટેસોરીની ૮૦ મી વરસગાંઠ ઉજવવા એક સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે પ્યુપિલ્સ ઓન સ્કૂલના ઉપાચાર્ય શ્રી. દુષ્યંતભાઈ પંડ્યાએ 'મોન્ટેસોરી પદ્ધતિનું રહસ્ય' એ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. કેળવણીમાં હાથ, હૈયું અને બુદ્ધિનો સર્વાંગી વિકાસ થઇ શકે એ માટે ડૉ. મોન્ટેસોરીએ બાળકના અભ્યાસમાંથી કેવું રહસ્ય શોધ્યું છે તે એમણે સ્પષ્ટ કર્યું હતું.

સ્થાનિક શાખાની ચૂંટણી

નૂ. બા. શિ. સંઘની સ્થાનિક શાખાની સમિતિની ચૂંટણી તા. ૨ જીના રોજ થઇ ગઇ છે. પ્રમુખસ્થાને શ્રી તારાબેન માણેકલાલની ચૂંટણી થઇ છે. એમને અભિનંદન !

અમદાવાદ બાળકેળવણી મંડળ

ઉપલા મંડળ તરફથી એક નાની પત્રિકા અવાર નવાર પ્રગટ થાય છે. બાળશિક્ષણમાં કાર્ય કરનારા સૌ ભાઈબહેનો પરસ્પરના પરિચયમાં રહે અને પ્રવૃત્તિથી જ્ઞાત રહે એ મંગલ આશયથી આ મંડળ ચાલે છે ને ઉત્સાહી કાર્યકરો એમાં વધુ ને વધુ લોકોને રસ લેતા કરી રહ્યા છે. શ્રી. નાનાભાઈ, તારાબેન, હરપ્રસાદ, વજુભાઈ વગેરેને આમંત્રીને પૂરો લાભ લઇ રહ્યા છે. એમની સર્વ પ્રવૃત્તિને અમે સફળતા ઇચ્છીએ છીએ.

મોમ્બાસાનું બાળકલા પ્રદર્શન

આ અંકમાં અન્યત્ર, મોમ્બાસાની આગાખાની નર્સરી સ્કૂલમાં સંઘના સભ્યોએ યોજેલા સુંદર બાળકલાપ્રદર્શનનું વર્ણન પ્રગટ કરીએ છીએ. આફ્રિકામાં આપણા સંઘ–સભ્યો જે સેવા કરી ત્યાંની પ્રજામાં રસ અને જાગૃતિ લાવી રહ્યા છે તે અત્યંત પ્રશંસનીય અને અભિનંદનીય છે. એમનું એ પ્રદર્શનનું વર્ણન અનેક બાલશિક્ષકોને સહાયક બનશે એવી આશા છે.

મોન્ટેસોરી શિક્ષણ

પ્રચાર માળા

લે : ગિજુભાઈ અને તારાબેન

દરેક શિક્ષણ સંસ્થામાં જોઈએ. દરેક માબાપ પાસે જોઈએ. દરેક બાળશિક્ષક પારો જોઈએ

બાલમાનસની અને બાલવ્યવહારની અનેક દૃષ્ટિઓ એમાંથી મળશે.

પાન : ૧૭૧ કિંમત ૧–૮–૦

શ્રી. બાળકેળવણી મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૫ : અંક ૯] મુંબઇ [સપ્ટેમ્બર, ૧૯૫૦

ઢીંગલીની રમત

(લેખાંક બીજો)

જુલાઇના અંકમાં આપણે ઢીંગલા ઢીંગલીની જુદી જુદી રમતો વિષે વિચાર્યું હતું. આ લેખમાં શિક્ષણની દૃષ્ટિએ એનો થોડો વિચાર કરીએ.

પ્રકાર પહેલો
પરંપરાથી ચાલી આવતી ઢીંગલીની રમતો

સેંકડો વર્ષોથી નાનાં બાળકો ઢીંગલા ઢીંગલીની રમતો રમતાં આવ્યાં છે તેથી આ રમતોમાં એક જાતનું સર્વસામાન્યપણું આવી ગયું છે. આ રમતો કેમ રમવી તે તે કાળનાં બાળકોને માલૂમ પડી જતું. ઘરનો મોટી ઉંમરનો સ્ત્રીવર્ગ પાસ કરીને આ રમતોને વધુ કૌતુકથી જોતો અને નિરખતો. આ રમતમા એક સારી વસ્તુ એ છે કે અનેક છોકરાં–છોકરીઓ સાથે મળીને એ રમી શકે છે. એટલે કે આ સમૂહ-ખેલનની રમત-બને છે. આ ઉપરાંત બીજી પણ વાત છે અને તે એ કે આ એક સામાજિક રમત છે. સમાજજીવનનું એક જાતનું નાટક જ આમા બાળકો કરતાં-હોય છે. પણ આ નાટકમાં પાઠ મોઢે કરીને, અમુક શીખવેલા અભિનયથી કરવાનું હોતું નથી પણ બાળકો પોતાની સ્વયંસ્ફૂર્તિથી જ કામ કરે છે; એટલે તે વેળા જે સૂઝે એ જ બોલે છે. આ નાટક કાંઇ લખેલું હોતું નથી એટલે બાળકો જ એ બનાવતાં જાય છે ને ભાષા ગોઠવી લે છે. આમ એ લોકો ભાષાદ્વારા કેમ વ્યકત કરવું તે પણ શીખે છે. વળી આજુબાજુના વાતાવરણમાંથી એમણે જે જોયું, સાંભળ્યું હોય અને જે એમનાં મન પર પડયું હોય તે બધાનો આમા ઉપયોગ કરે છે. આમાં ઘણી વાર બાળક, પોતાના ઘરમાં જે પ્રમાણે બોલેલું સાંભળે છે એનું જ પ્રતિબિંબ પાડે છે.

અભિનયની અંદર તો આ બાળકો એટલા બધાં તલ્લીન થઇ જતાં હોય છે કે શીખવેલો નાટકી અભિનય એમની પાસે ઝાંખો પડે છે. ભમ્મા હલાવવા, નાક મરડવું, ભવાં ચડાવવા વગેરેનું એ લોકો આબેહૂબ અનુકરણ કરે છે. આ બધું નાટક જોઇને આપણા મનને બૂબ આનંદ લાગે છે. પણ બાળકો તો આ બધું નાટક તરીકે નહિ પણ અત્યંત ગંભીર ભાવે કરતાં હોય છે. એમને મન તો એ ખરું જ હોય છે. જેમ સુંદર નટ, એ નાટકનો પાઠ કરે છે એ ભૂલી જઇને સાચું ભજવતો હોય એમ દર્શાવે છે તેમ જ બાળકો પણ આ રમતમા, ગંભીરતા દર્શાવે છે.

મારા મત પ્રમાણે તો આવી રમતો સ્વયં-પ્રેરણાથી અને બાળકોના પોતાના જ વિચારો પ્રમાણે રમાય તો જ એનો કાંઇક અર્થ છે. ઊલટું, તે રમત જો કોઇ માનસ–અભ્યાસીને જોવાની મળે તો એ દર્શનમાંથી ઘણું અભ્યસનીય મળે એમ પણ હું માનું છું. એટલું ખરું કે આવી રમત મોટાની પ્રેરણાથી, સૂચનાથી અથવા મદદથી રમાવી ન જોઈએ. બાળકો ભેગાં મળ્યા હોય, શું રમશું એમ ચર્ચા થતી હોય અને પછી ઘર માંડે, ધાણી, મમરા, ગોળ, ટોપરું, પૈાંઆં, વગેરેમાંથી જે મળે તે લઇ રમવા માંડે.

પણ ઘણી વાર એવું બને છે કે બાળકો ઢીંગલીને બાજુ પર મૂકી સ્વયંપાકના નાટકમાં જ

પડી જાય છે. સ્વયંપાક કરવો, પાટલા માંડવા, જમવું, એને જ પ્રાધાન્ય મળે છે અને એમાં રસોઈના કામનું જ નાટક થાય છે. આ બધું એમના સરળ જીવનવ્યવહારના શિક્ષણ માટે સારું છે. નાની સગડી, ખરેા ભાત થઇ શકે એવડી તપેલી, નાની લેાઢી, પાટલી, તવેા વગેરે હેાય તેા બાળકેાને ખરેખરું કામ એમાંથી મળે છે. પછી ઢીંગલીનેા સંસાર ચલાવવાનેા એ નાટક નહિ કરે; અને ચાર મમરા એટલે ભાત એવું બેાટું મનાવીને બેાટું બેાટું બેસવું, જમવા બેાલાવવું વગેરેમાં વખત નહિ બગાડે.

આમ આગળની રમતમાંનું બેાટાપણું ચાલ્યું જાય છે અને એમાં ખરાનેા અંશ આવે છે. એક અનુભવની વાત કરું. કેટલાંક બાળકેા દર રવિવારે રમવા મળતાં અને બેાટા બેાટા સ્વયંપાક કરી, મમરા, ધાણી વગેરેની ઉજાણી કરતાં. એક દિવસ એ લેાકેાને કહ્યું કે હવે સાચેા સ્વયંપાક કરીએ તેા! બધી વ્યવસ્થા કરી દેવામાં આવી. ધીમે ધીમે ઢીંગલી, ઘર, વગેરે બધી રમત બાજુ ઉપર રહી ગઇ અને બધાં ભેગાં મળીને સ્વયંપાક કરીને જમવાનું છે એની પાછળ લાગ્યાં. રૂપિયા રૂપિયા જેવડી રેાટલી કરવામાં, બટાટાનું શાક કરવામાં, કાંદાની ચટણી કરવામાં, આવાં અનેક પ્રકારનાં કામેા એટલાં ગમ્યાં કે "અમે રમવા આવીએ કે?" એમ બેાલવાનું સૌ ભૂલી ગયાં. "ચાલેા, આપણે સ્વયંપાક કરવા જઇએ." એમ જ બેાલવા લાગ્યાં.

પ્રકાર બીજો
ફિન્ડરગાર્ટન શાળામાં ઢીંગલીનું સ્થાન

મારા મત પ્રમાણે શિક્ષણના સાહિત્યમાં ઢીંગલીને મહત્ત્વનું સ્થાન આપવું તથા શાળાનાં અનેક કામેા ઢીંગલીની આસપાસ રચવાં બીન જરૂરી છે, બેાટાં છે. પહેલી વાત તેા એ છે કે જે કામેા બાળકેા ખરેખરાં કરી શકે તેવાં હેાય છે એ બધાં ઢીંગલીને નામે બેાટાં બેાટાં કરાવવવાની શી જરૂર! તેનાથી વધુ ફાયદેા શેા?

કેટલાક લેાકેા એમ કહે છે કે બાળકેાને ખરા કામમાં જવાબદારી લાગે; કર્તવ્યની જાગૃતિ લાગે; અને એ રસથી કરે. હા! ઢીંગલીમાં રમત જેટલી મજા બાળકેાને આવે છે પણ કામનું ગંભીર સ્વરૂપ નથી આવતું. અને એમાં તકલીફ પણ નથી. કેાઇની ચિઠ્ઠી લઇને જવાનું હેાય અને પગ થાકી જાય, પણ મિત્રેાની સંગે ફરવા, આનંદ કરવા નીકળે ત્યારે બાળકેાને થાક લાગે છે? ના, કારણ? એમાં એમને જીવંત રસ છે.

બાળકેાને આમ પ્રત્યક્ષ કામ કરવાની તક મળે તેા એનેા આનંદ કાંઇક જુદેા જ હેાય છે. સાચે સાચાં કામેા કરવામાં બાળકને આનંદ આવે છે. તે વખતનું એમનું વ્યકિતત્વ પણ જુદું હેાય છે. જ્યારે એમને આવાં સાચાં કામેાનેા સંતેાષ નથી મળતેા ત્યારે જ તે બેાટા કામમાથી બેાટેા સંતેાષ લેવા પ્રયાસ કરે છે. એટલે ખરા કામનેા સંતેાષ બાળકેાને મળવેા જોઇએ એ મુખ્ય વાત છે. પણ જ્યાં કામ જ બેાટું છે ત્યા સાચેા આનંદ કયાંથી આવે! બાળકેાને શું સ્વયંપાકની બેાટી રમતથી ખરેા આનંદ મળી શકવાનેા છે! વણી ફિન્ડરગાર્ટન શાળાઓમા સાચેા ચૂનેા, ઇંટ લઇને ઢીંગલીનું ઘર બાંધે છે. આમ ખરા કામનેા સંતેાષ બાળકને આપવેા એ એમાં હેતુ છે. પણ જ્યારે આ ખરું કામ આપવું છે ત્યારે કલ્પનાથી બેાટું–ઢીંગલીને નામે આપવાને બદલે એમના પેાતાને માટે કેમ ન કરાવવું! ઢીંગલીને માટે ઘર બાંધવાને બદલે બેાર્ડીની બાલવાડીનાં બાળકેાએ ઝાડની આજુબાજુ વાડ કરવામાં મદદ કરી, કયાંક પગથિયાં કર્યાં, કયાંક બેાટલેા બાંધ્યેા અને ઇંટેા લઈ મદદ કરી. આ કામમાં બાળકેાને ખરેખર વધુ સાચેા આનંદ આવ્યેા. અને પછી તેા કેટલાક દિવસેા સુધી 'આ બેાટલેા મેં બાધ્યેા.' એમ બેાલતાં અને ત્યાં જઇ જઇ બેસતાં.

પ્રકાર ત્રીજો
વાત્સલ્ય પ્રવૃત્તિની પેાષક રમત

ઢીંગલીની રમત બાળકેાની વાત્સલ્ય-પ્રવૃતિની પેાષક છે એમ ઘણાનેા મત છે. મા

જેવી રીતે બાળકને ઊંચકે છે, ચલાવે છે, રમાડે છે, જમાડે છે, ખીજાય છે, મારે છે તે બધું છોકરાંઓ–ખાસ કરી છોકરીઓ–ઢીંગલીને લઈને કરે છે. માતાનું અનુકરણ કરવું એ આમાં મુખ્ય હોય છે. આ ઢીંગલી–રમતમાં ઘણી વાર બાળકી પોતાના ઉપર થયેલા અત્યાચારો, જુલ્મ વગેરેને જ પ્રગટ કરે છે. દાખલા તરીકે, તેને મોટાંઓ મારતાં, શિક્ષા કરતા; એમ જ હવે એ ઢીંગલીને કરે છે. એક વાર એક છોકરીએ ઢીંગલીને દોરીથી થાંભલા સાથે બાંધી દીધી. પછી થપ્પડ મારી, કાન ખેંચ્યા; આવું ઘણું ઘણું જોવાનું મળે છે.

આમાં બે વાતોનો જુદો વિચાર કરવો જોઈએ. વાત્સલ્ય ભાવની ઊર્મિ, પ્રેમ, રક્ષણ, લાડ કરવાની ઇચ્છા–વગેરે ઢીંગલીની રમતમાં કેવા પ્રમાણમાં સફળ થાય છે તે પ્રથમ જોઈએ. બાળકો ઢીંગલીને પહેલાં તો પ્રેમથી, વહાલથી ભેટે છે ને છાતી સરસી ચાંપે છે; પણ ઢીંગલી નિર્જીવ છે, એટલે એમાં એમને સામી વ્યક્તિ, ઢીંગલી તરફથી કાંઇ ભાવ–પ્રત્યુત્તર મળતો નથી. જ્યારે એને બદલે બિલાડી કે પાળેલો કૂતરો હોય અને તેને વહાલ બતાવે તો એમાં એને પ્રત્યુત્તર મળે છે. કૂતરો એનો હાથ ચાટે છે, પૂછડી હલાવે છે, શરીર ઉપર ચડી આવે છે, ભસે છે; આમ જ જુદાં જુદાં પક્ષી અને જનાવરો અમુક રીતે બાળકના ભાવનો પ્રત્યુત્તર વાળતાં હોય છે.

નાની બિલાડી અથવા સસલાને ખોળામાં લઈ બેસતાં બાળકોને કેટલો આનંદ આવે છે? એમાં એને સાચો આનંદ પ્રગટ થાય છે.

ગરીબ ઘરોમાં મોટાં બાળકો એનાં નાનાં ભાઈબાંડુઓને સંભાળે છે પણ એમાં એને એ કામ વધુ જવાબદારીનું લાગે છે; ઘણી વાર એ કામ એની શક્તિની બહારનું હોય છે. એટલે એમાં આનંદ આવવાને બદલે બાળકને કંટાળો આવે છે; ક્રોધ આવે છે. વળી મોટી, સાત આઠ વરસની બાળકીઓને નાનાં બાળકને સંભાળવાનું કામ આખો દિવસ આપવામાં આવે ત્યારે દિવસ ભરની જવાબદારીથી એનામાંની સ્વયંસ્ફૂર્તિની શક્તિ અણુવીકસી રહે છે અને માનસ વિકસતું નથી. આમ એ લોકોને આ કામ શક્તિની બહારનું નથી પણ એમના પ્રમાણમાં જ મળે તો જરૂર એમાં એ આનંદ લઈ, સાથ આપે છે. આમ અમુક હદ સુધી બાળકો માતાને આવાં કામોમાં મદદ કરે એવી તક આપવી જોઈએ, પણ એનો અતિરેક ન હોય. આમ કરવામાં એક બીજો પણ મોટો ફાયદો થાય છે; અને તે એ કે એ બધામાં એમને સ્વાભાવિક આનંદ પ્રાપ્ત થાય છે; વળી પોતાનાથી નાનાં બાળકને વધુ પ્રેમ મા આપે છે એમ એ માનતું બંધ થાય છે અને ઈર્ષ્યા ઘટે છે. જો આમ સ્વાભાવિક લાગણીને વ્યકત કરવાની આ તક આપવામાં ન આવે તો મોટું બાળક, પોતાને મા પાસે સ્થાન નથી એમ માને છે ને છેવટે એના મનમાં અનેક પ્રકારની ગ્રંથીઓ ઉદ્‌ભવે છે. એટલે જો બાળકોને, યોગ્ય વખતે યોગ્ય પ્રમાણમાં પોતાના નાનાં ભાઈ–બહેનને રમાડવાની, પ્રેમ દાખવવાની, સાચવવાની તક મળે તો આ ગ્રંથી જાગવાનો સંભવ નથી.

જીવતાં પ્રાણી–પંખીની માફક ઝાડનું પણ છે. બી અથવા રોપ લગાવીને પાણી પાઈ સેવા કરો એટલે ઝાડ મોટું થાય છે. રોજ રોજ નવાં નવાં પાન આવે છે, કળીઓ ફૂટે છે, ફૂલ આવે છે, ફળ બેસે છે, ઊંચું થાય છે. આમ બાળકોને એ વિકાસ થતો જોતાં જીવંત આનંદ આવે છે ને એમના ભાવનો પ્રત્યુત્તર અનુભવે છે. ઢીંગલીની રમતમાં બાળકને આવો પ્રત્યુત્તર નથી દેખાતો. ગમે તેમ કરીને કાલ્પનિક આનંદ જ એ ખોટો ઊભો કરવા મથે છે, એટલું જ. વાત્સલ્ય અથવા પ્રેમ વધારે, એવું એમાં કાંઇ નથી હોતું. ઝાડને બે દિવસ પાણી ન પાય તો એ કરમાઈ જાય છે, એ બાળક જુએ છે ને તેને પ્રેમ જાગે છે. ઢીંગલી બે દિવસ બારણામાં પડી રહે તો એને કાંઇ થતું નથી, એ પણ બાળક અનુભવે છે. તેને ફેંકી દે તોય ત્યાં ને ત્યાં એ ચાર દિવસ પડી રહે છે. ઝાડને સૂકાતું જોતાં બાળકને દુઃખ થાય છે "અરે! એ સૂકાઇ ગયું" એમ લાગણી જાગે છે. આમ ઢીંગલીની રમત બાળકની ભાવના અને પ્રેમમાં કઇ રીતે સહાયક બને છે?

પ્રકાર ચોથો

માનસ ઉપચારની રમત તરીકે

મનોવિશ્લેષણ માટે ઢીંગલીની રમતનો ઉપયોગ કરાવવો એ ઠીક છે. કોઇ વાર બાળકો એમની મેળે જ્યારે ઢીંગલીથી રમતાં હોય ત્યારે એમની મનની ઘણી ગ્રંથીઓ એ રમતથી છૂટી જવાનો સંભવ છે ખરો. આમ ઘણી વાર ચિકિત્સકોને બાળકનું અજાગૃત મન કઇ જાતનું કામ કરી રહ્યું છે એ, બાળકને ઢીંગલીની સાથેની રમતમાં તલ્લીન જોતાં, નિરીક્ષણથી શોધી શકે છે. વળી બાળકમાં રહેલી અમુક વૃત્તિઓ નીકળી જઈ બાળક ગ્રંથીવિહીન બને છે એમ પણ આ રમતે પછી બને છે. પણ તે માટે શિક્ષકો અથવા મોટાંઓએ સૂચવેલી રમત તરીકે આનો ઉપયોગ ન થવા જોઇએ. એ માટે તે બાળક પોતે જ તન્મય થઇ રમે એ જરૂરી વાત છે.

ઉપરના વિવેચનથી જોઇ શકયા હશો કે બીજા અને ત્રીજા પ્રકારની રમતમાં શિક્ષણની દૃષ્ટિએ જે યોજના કરવાનો મત ચાલુ છે એ નિરુપયોગી છે. એમાં બાળક રમત તરીકે રમત રમે ત્યાં સુધી વાંધો નથી. અથવા તો માનસ-ચિકિત્સા માટે બાળકને ઢીંગલી સંગે રમવા દઇ નિરીક્ષણ કરે તેમાંય કાંઇક અર્થ છે. અને બાળકો એમાં તન્મય થઇ સ્વાભાવિક આનંદ લેવા એ રમે એ પણ વાંધા ભર્યું નથી. પણ આને બદલે ઢીંગલા ઢીંગલીની રમતને શિક્ષણનું સાધન ગણવું અને તેની આજુબાજુ શાળાની અનેક પ્રવૃત્તિઓ રચવી, ગૂંથવી એ જરાય યોગ્ય નથી લાગતું.

તારાબેન મોડક

સાચો રસ્તો

ઘણા માબાપો કહે છે, છોકરાથી કંટાળ્યા; એમને કેમ રાખવા તે જ સમજાતું નથી. વારેવારે જૂઠું બોલે છે. આખો દિવસ તોફાન કરે છે; ઝાની છાની; નાની ચોરીઓ કરે છે; હવે એમને મારે નહિ તો શું કરે! આજ કાલ તો જ્યાં જુઓ ત્યાં 'બાળકોને મારશો નહિ' 'મારશો નહિ' એમ બોલ્યા જ કરે છે; શું અમને અમારાં છોકરાં વહાલાં નહિ હોય?

ઉપરોક્ત માબાપોના જવાબમાં મને લાગે છે કે ખરેખર તેમને બાળકો પ્રત્યે બહુ જ પ્રેમ હશે. ઘણાં જ વહાલાં હશે પણ સાથેસાથે તે બાળકોને પૂછશું તો કાં તો મા ગમતી નહિ હોય કે બાપ ગમતા નહિ હોય; આનો અર્થ એ નથી કે બાળક માબાપને ચાહતાં નથી પણ જે વડીલ તેના પર માબાપપણું દાખવીને તેને ડર બતાવે છે ને વડીલ પ્રત્યે બીકને કારણે જ પ્રેમ ઓછો હોય છે. જ્યારે જ્યારે એ વડીલ ઘરમાં ન હોય ત્યારે તે બાળક મુક્ત વાતાવરણમાં મોજ કરતું હોય છે. ને તે વખતે અચાનક ડર બતાવતા વડીલ આવી ગયા તો તરત જ બાળક બિલાડીની જેમ ચૂપચાપ બેસી જાય છે અને મનમા વિચાર કરે છે કે ક્યારે આ ઘરમાંથી એ ચાલ્યા જાય ને મને રમવાની, ફરવાની અને મુકત રહેવાની મઝા પડે. આ ઉપરથી સમજી શકાશે કે બાળક આપણને કેટલું ચાહતું હોય છે! પણ આપણે તો એમ માનીએ છીએ કે જો હું ઘરમાં છું તો જરા પણ બોલે છે? મારો કેટલો ધાક છે? આમ ગર્વ લઈ આપણે બાળક સાથે માબાપપણું કરીએ છીએ. આનો અર્થ એ નથી કે બાળક જે કરતું હોય તે કરવા દેવું પણ તેનો રસ્તો એવો કરવો જોઇએ કે જેમાં બાળકને તેમ જ માબાપને બન્નેને નુકશાન ન થાય.

બાળકોની કુટેવો માટે ડર અને માર સાચો રસ્તો નથી. મારો અંગતનો દાખલો નીચે આપું છું તે માબાપોને જરૂર માર્ગદર્શન આપશે, એમા જરા પણ શંકા નથી.

મને યાદ છે કે હું નાનો હતો ત્યારે મારા એક મિત્રની સોબતમાં બીડી પીતો. એક દિવસ મારા મિત્રના હિંચકા પર બેસી

હું અને મારા મિત્ર બન્ને સિગરેટ પીતા હતા. મારી મા ઘરે જમવાનો વખત થઇ જવાથી મારી શોધખોળ કરતી, ઘૂમો મારતી મારા મિત્રને ત્યાં આવી પહોંચી. મારા સાંભળવામાં ઘૂમ નહિ આવવાથી મેં તો મારી સિગરેટ ચાલુ જ રાખી હતી. માનો અંદર પ્રવેશ થતાં જ મોઢામાં રહેલો ધુમાડો બહાર કાઢવાની મૂંઝવણમાં હું પડી ગયો અને માએ કહ્યું, "ચાલ, જમવાનો વખત થઇ ગયો છે." મારે શું જવાબ આપવો? જો જવાબ આપવા જાઉં તો ધુમાડો બહાર નીકળે અને મારું પોગળ બહાર પડી જાય. "ચાલ જલદી" એમ કહી માએ મારો હાથ પકડયો. મારા મોઢામાં ધુમાડો પણ કેટલી ધીરજ રાખું? તેણે તો નાકમાં પેસવાની શરૂઆત કરી દીધી, અને તરત જ મને ઉધરસ થઈ અને નાકમાંથી ધુમાડો નીકળવા માંડયો. આ જોઈ મારી મા સમજી ગઇ કે આણે બીડી પીધી છે. જાણતાંની સાથે જ પગમાં પહેરવાનો ચંપલ જે બહાર પડેલો તે લાવી, મારા બીડી પીતા મોઢામાં નાખ્યો અને "બીડીને બદલે ચામડું ખા" એવાં સૂત્રો મારી માના મોઢામાંથી નીકળવા લાગ્યાં. સાથે સાથે માના હાથની પુષ્પાંજલી પણ મારા ગાલ ઉપર અને બરડા ઉપર પડવા લાગી. ખરે જ તે વખતે મને ક્ષણિક થઇ પણ ગયું આવી મા ના હોય તો કેવું સારું? આનો અર્થ એ ન હતો કે મને મારી મા પ્રત્યે પ્રેમ ન હતો; ફકત મને મારતી હતી એટલો જ તેના પ્રત્યે અભાવ હતો. હું તો ઘરે ગયો. મોઢું રડતું અને આંખો રડતી ને રાતી ચોળ થઈ ગએલી. એવા સ્વરૂપે દાદરના પૂણા પર જઇ રીસાઇને બેઠો. ઘણા અગિયારસના ઉપવાસ કરે; બાપુજી એકતા માટે ઉપવાસ કરતા ત્યારે મારે તે દિવસે મેં બીડી પીધી તે ગુના માટે, મારી માના પ્રતાપે ફરજિયાત ઉપવાસ કરવો પડયો. (યાને મને ખાવાનું તે દિવસે નહિ મળ્યું.) તે દિવસે તો મેં પણ નિર્ણય કર્યો કે આજ જમવું નથી. મારી માનો મારા પ્રત્યે પ્રેમ તો ઘણો જ હતો. કોઈ કોઇ વાર હું માંદો પડતો ત્યારે તે જમતી પણ નહિ, મને ચંપલ મારવા પાછળ અને ગાળો દઇ આવ્યાનું નહિ આપવા પાછળ મારા પ્રત્યે મારી માનો તિરસ્કાર હતો એમ ન હતું પણ મારો દીકરો સુધરે, સંસ્કારી બને અને આવાં નકામાં વ્યસનોથી દૂર રહે તે ભાવનાથી મારા પર ચંપલનો માર, ગાળોનો વરસાદ મારી માએ કર્યો હતો. મારા પ્રત્યે તેની લાગણી ઘણી જ હતી પણ મને સાચે રસ્તે લઇ જવાની, મને સંસ્કાર આપવાની તથા મારી સાથે વર્તણુક કેવી રાખવી તેની સાચી દૃષ્ટિ મારી માને ન હતી. હું સારો બનું, સંસ્કારી નીવડું, બાપનું કુળ ઊંચું રાખું, એવી ભાવના મારી માની હતી; છતાં તેની આ ભાવના અને કલ્પના મનમાં જ રહી.

એક બે દિવસ ઑમ વીતી ગયા. ઘરમાં પાછું આનંદનું મોજું આવ્યું. ઘરમાં મારો ગુનો માફ થઇ ગયો હોય અને હવે ફરીથી એ ગૂનો હું કદી નહીં કરું એવું જ વાતાવરણ ઘરમાં જણાવા લાગ્યું. આ જોઈ મને પણ આનંદ થયો, છતાં મારી મા પ્રત્યે તો જરા પ્રેમ ન આવતો. (ફકત મારની ખાતર જ) આનું પરિણામ કેવું જુદું જ આવ્યું? જે હું આજ સુધી જાહેરમાં બીડી પીતો હતો તેને બદલે હું બહુ જ ખાનગીમાં પીવા લાગ્યો. મને મારી માના મારની અસર ફકત એક જ દિવસ રહી. પછી તો મારી પ્રગતિમાં પ્રવીણ થતો હોઉ અને બહાદુરી કરતો હોઉં એમ મને લાગવા માંડયું. છાની છાની આડોશી પાડોશીના ઘરમાંથી બીડીઓ લઈ, દિવસમાં બેથી ત્રણ વાર શરીર ખરાબ ન હોવા છતાં પણ સંડાસમાં જતો અને ધૂમ્રપાન કરી બહાર નીકળતો. આવી રીતે બીડીની ચોરીછૂપી કરવા લાગ્યો. મારી મા મારા પ્રત્યે રોજ આનંદ વ્યકત કરતી કે મારો દીકરો હવે બીડી નથી પીતો; પણ માને ખબર નહિ કે દીકરો માની આંખમાં ધૂળ નાખે એવો થયો હતો. ઠીક આ ચાલ્યા

કર્યું. મારા પિતાજી જ્યારે મને મારી માએ મોરેલો ત્યારે કાંઈ પણ બોલેલા નહિ. મારી સાથે બહુ વાત પણ કરેલી નહિ. તટસ્થ રહી તેઓ મારે માટેનો માર્ગ શો લેવો તે પોતાના મનમાં વિચાર્યા કરતા હતા. કર્મસંજોગે હું મારું દૈનિક કાર્ય – જે બીડી પીવાનું – તે પતાવી સંડાસમાંથી બહાર નિકળ્યો અને હાથ પગ ધોવા બેઠો. મારા પિતાજી મારા નીકળતાંની સાથે જ અંદર ગયા. સારા નસીબે કે, કમ નસીબે હું બીડીનો પાછળનો ભાગ તથા દિવાસળી બાડાની અંદર નાખવાની ભૂલી ગયેલો.

અંદરથી બહાર નીકળ્યા પછી મારા પિતાજી મને કંઈ બોલ્યા નહિ. જો કે મને તો કલ્પના પણ ન હતી કે હું અંદર મારું શુભ-કાર્યનું કામકાજ ભૂલી ગયો છું, પણ પોતે અંદર પડેલું બીડીનું ઠૂંઠું અને દિવાસળી પોતાની પાસે રાખ્યાં. એમ ઉદાસ મોઢે મારા પિતાજીનો આખો દિવસ ચાલ્યો ગયો. રાત્રે એકાંતમાં મને મારા પિતાજીએ બોલાવ્યો અને પૂછ્યું, "ભાઈ જયંતી" તું બીડી પીવે છે કે છોડી દીધી?" મને જરા પણ શંકા નહિ કે આજ ચોરીનો માલ સિપાઈના હાથમાં ચડ્યો છે. મેં તો જોસ ભેર કહી દીધું "જ્યારથી મને માએ માર્યો છે ત્યારથી હું પીતો જ નથી." પિતાજીને થયું ખરે જ આ હવે જૂઠું બોલતો થયો. પણ મારા પિતાજીએ તે દિવસે મને ઘણો સમજાવ્યો અને કહ્યું કે જો, બીડી પીવાથી છાતીમાં દુખાવો થાય છે, મોઢું ગંધાય છે, હોઠ કાળાં પડે છે અને વધારે વખત થયા બાદ છાતીનાં હાડકાં બગડતાં જાય અને દમ અને ઉધરસ થઈ તેમાંથી શરીરની બરાબી થાય છે. એમ મારી સાથે પિતાજીએ વાત કરી. પિતાજી ચાલ્યા ગયા પછી એકાતમાં હું પિતાજીની કહેલી વીગતો એકલો વિચારવા લાગ્યો, ને ખરે જ મને તે વખતે જ જાણે આ બધું ન થતુ હોય એમ, છાતીમાં દુખાવો, ગંધાતું મોઢું, હોઠ કાળા, હાડકામાં બગાડ વગેરે કલ્પનામાં દેખાવા લાગ્યું. બીજે જ દિવસે મારા એક પિતાજીના મિત્ર કંઈ કામકાજ અંગે બીડી પીતા પીતા આવ્યા. થોડી વાર પછી તેમને સખત ઉદરસ ચડી અને દમ ચડયો કે તરત જ મારા પિતાજીએ એ જોઈ મને ઘરમાથી બહારના ઓરડામા બોલાવ્યો, અને પછી કહ્યું, "જો આ કાકાને દમ ચડયો છે, ઉધરસ આવે છે. તેમને માટે પાણી લાવ." હું તો પાણી લાવ્યો અને કાકાને આપ્યું. કાકાએ પાણી પીધું અને પિતાજીની સાથે વાતો કરી પોતાને ઘેર ગયા. બાદ પિતાજીએ મને કહ્યું કે કાકાને કેમ દમ ચડતો હતો, તને ખબર છે? મને તરત જ આગલા દિવસે પિતાજીએ કહેલ શબ્દો યાદ આવ્યા ને તરત જ હું બોલ્યો કે કાકા બીડી પીવે છે! આ સાંભળી પિતાજીને હર્ષ થયો.

મારી આદત ત્યારથી સુધરી

હવે આપણે વિચાર કરીએ તો જણાશે કે મારા પર જટલો પ્રેમ મારી માનો હતો તેટલો જ પ્રેમ મારા પિતાનો હતો. મને સુધારવાની અને સાચો નાગરિક બનાવવાની ઈચ્છા જેટલી મારી માની હતી તેટલી જ મારા પિતાજીની હતી. આ બન્ને વિચાર કરતાં જણાશે કે સાચો રસ્તો કયો છે? આખરે જવાબ મળશે જ કે બાળકને નિર્ભય વાતાવરણમાં લઈ સમજણ-શક્તિ દ્વારા સુધારવા પ્રયત્ન કરવો જોઈએ.

જયંત શુકલ

જોઈએ છે શિક્ષિકાઓ

કડી હજરત પીર મોહંમદશાહ મદ્રસામાં મોન્ટેસરી પદ્ધતિએ ચાલતા બાળવર્ગ (૨॥ થી ૬ વર્ષનાં બાળકો) માટે શિક્ષિકાઓ જોઈએ છે. આ શિક્ષણની કેટલી પરીક્ષાઓ પાસ છે તેના સર્ટિફિકેટની નકલ સાથે અને શો પગાર જોઈએ છે તે જણાવી અરજી મોકલો.

એ. રસુલ મો-હુસેન સરઢવવાલા
ચેરમેન મદ્રસા કમીટી. કડી.

નટુભાઈએ આમ કેમ કર્યું?

ઉનાળાની રજાઓ પૂરી થતાં બાલમંદિર ખૂલ્યું ને બાળકોને મૂકવા તેમના વાલીઓ આવવા લાગ્યા. પાંચ વર્ષના નટુભાઇ અને ત્રણ વર્ષના જયંતિભાઈને તેમના પિતા મૂકવા આવ્યા હતા. તે સમયે મેં જયંતિભાઈના ડાબા હાથ પર કોણી પાસે ચાર ઇંચ લાંબો દવાનો લપેડો જોયો, મેં તેમના પિતાને પૂછ્યું 'જયંતિભાઈને હાથે શું થયું છે?" તેમણે કહ્યું "તે દાઝ્યો છે." મેં પૂછ્યું "શું કરતા? ત્યારે કહે "નટુને ડામ દીધો છે." હું બોલ્યો "ત્યારે તો ઘરમાં બાળકોને ડામ દેવાની ધમકી અપાતી લાગે છે!" ત્યારે તેમણે ખુલ્લા મને કહ્યું "ખરે જ; એમ જ બન્યું છે. જયંતિ હંમેશા પથારી બગાડે છે. તે આદતને ભૂલાવવા થોડા દિવસ પહેલાં તેની દાદીએ તેને બીક બતાવી કે તું રોજ પથારી બગાડે છે. માટે લાવ આજે તને ડામ દઉં. આમ કહી, દાદી કામે વળગ્યાં, પરંતુ નટુ આ વાત સાંભળતો હતો. તેણે ચૂલા પાસે જઈ ચિપિયો ગરમ કરીને પોતાને ડામી દીધો."

મેં કહ્યું "પથારી બગાડતાં બાળકોને ભય બતાવવાથી તે અટકશે નહિ. ઊલટું, ભયથી ડઘાએલા બાળકનું જ્ઞાનતંતુ, તંત્ર શિથિલ થતા તે આદત ઊંડાં મૂળ ઘાલશે. આવી આદતો દૂર કરવા તેની શારીરિક અને માનસિક સંભાળ લેવી જોઇએ. બાળકને રાત્રિ દરમ્યાન ઉઠાડી એ કરાવવું જોઇએ; વળી ઉ-તેજન કરે તેવા મસાલાવાળા ખોરાક ન આપવા જોઇએ."

કેટલીક વખત આની પાછળ ભયનાં કારણો પણ કારણભૂત હોય છે; માટે બાળકને દિવસે કે રાત્રે ભય પામે તેવી વાતો અને વર્તન કરવું ન જોઇએ. ભય ભર્યું વાતાવરણ તેને ભયભીત કરીને આ કરાવે છે. માટે સમાજે બાળકને હરકોઈ પ્રકારના ભયથી દૂર રાખવું જોઇએ.

અમૃતભાઇ જાની

બાલમંદિરમાં ભાષાશિક્ષણ

[લેખાંક ૯મો: પ્રતીકોની રમતો]

અવ્યયો

મૌખિક કક્ષાની રમતોમાં આપણે નામયોગી અને ઉભયાન્વયી અવ્યયોનો વિચાર પ્રથમ કર્યો હતો; તે જ રીતે પ્રતીકોની અવસ્થામાં પણ એ જ અનુક્રમ રાખીએ તો સારું.

નામયોગી અવ્યય

રમત પહેલી

ઉદ્દેશ : અવ્યયના ઉપયોગ અને કાર્યની સ્પષ્ટતા.

સાધનો : નામયોગી અવ્યયની પહેલી રમત માટે જૂનાં માસિકો, સચિત્ર બાળપોથીઓ અથવા છાપાંઓમાંથી યોગ્ય ચિત્રો મેળવવાં; અથવા બીજાં પણ સારાં ચિત્રો મેળવી શકાય તો વધારે સારું. એવાં ચિત્રો મેળવી, તે એક સરખા આકારનાં પૂંઠાં પર ચોંટાડવાં. ૪"×૪" કે ૬"×૪" નાં પૂંઠાં પર આપણાં ચિત્રો ચોંટાડી શકાય તો પછી ૪"×૧" ની પટ્ટીઓ કપાવી તેના પર ચિત્રના અનુસંધાનમાં નીચે મુજબ વાક્યો લખવાં.

મંદિર	ઉપર	ધજા ફરકે છે.
વડલા	નીચે	ગાયો બેઠી છે.
મોટર	પાછળ	કૂતરો દોડે છે.
ઘરની	આગળ	દીવો દેખાય છે.
કબાટની	અંદર	ચોપડીઓ છે.
મોર	સાથે	ઢેલ નાચે છે.

દરેક ચિત્ર માટે આ રીતે એક વાકય લખવું. તેમાં ઉભયાન્વયી અવ્યયો લીલી શાહીથી લખવાં. પછી એ ૪" × ૧" પટ્ટીના ઉપર બતાવ્યા મુજબ ત્રણ ટૂકડા કરવા. એ છ છ વાકયોના સેટસ (ચિત્રો સાથે) જોઇએ એટલા કરી શકાય. દરેક સેટને મૂકવા માટે યોગ્ય પટ્ટી બનાવી લેવી. બે ખાનાંવાળી પેટી બનાવીએ તો એકમાં ચિત્રો રહે અને બીજામાં ચિઠ્ઠીઓ રહે. નામ, વિશેષણ, ક્રિયાપદનાં પ્રતીકોની પેટીઓ સાથે નામયોગી અવ્યયનાં પ્રતીકોની ઉમી લેવી.

પૂર્વતૈયારી :

નામયોગી અવ્યયની મૌખિક રમતો આગળ થઈ જવી જોઇએ. સાથે સાથે બાળકને વાંચતાં આવડવું જોઇએ.

સ્વાધ્યાય–નિદર્શન : પ્રથમ શિક્ષક ચિત્રો ગોઠવે; પછી દરેક ચિત્રની નીચે નામયોગી અવ્યયની જગા છોડીને બીજા શબ્દો ગોઠવે. પછી બાળકને લીલા અક્ષરવાળી શબ્દ–ચિઠ્ઠીઓમાંથી જે શબ્દ જ્યાં યોગ્ય લાગતો હોય ત્યાં મૂકવાનું સૂચન કરે. છ એ છ શબ્દો મૂકાયા પછી શિક્ષક નામયોગી અવ્યયના પ્રતીકની રજૂઆત કરે. નામયોગી અવ્યય માટે લીલી ચોકડી છે. ઉમીમાંથી એવું એક પ્રતીક બાળકને બતાવીને કહે કે એવા નામની સાથે જે શબ્દો આવે છે તેને નામયોગી કહેવાય. નામયોગી એટલે નામ સાથે આવે તેવા શબ્દો. એવા શબ્દો કઈ વસ્તુ, કયાં છે તે બતાવે છે. એટલે એવા શબ્દોનું પ્રતીક ચોકડી. પછી દરેક વાકયના શબ્દ પર પ્રતીકો ગોઠવવાનું સૂચન કરે છે.

નામયોગી અવ્યય : રમત બીજી :

ઉદ્દેશ : જૂનાં પ્રતીકો સાથે નામયોગી અવ્યયનાં પ્રતીકો ગોઠવવાં અને એ રીતે નામયોગી અવ્યયને ઓળખવું.

સાધનો : આ રમતમાં નામયોગી અવ્યયની મૌખિક રમતમાં આપણે વાપર્યા તે પ્રકારનાં રમકડાંના સેટોનો ઉપયોગ કરી શકાય. ધારો કે આપણી પાસે ખેતર અને વાડીનો સેટ છે. એ સેટને લગતાં વાકયો બનાવીને ૬" × ૩" ના પૂંઠાં પર બબ્બે વાકયો લખવાં. નીચે પ્રતીકો મૂકી શકાય એટલી જગા બે વાકયો વચ્ચે છોડવી

(૧) લીલી વાડીની વચ્ચે માંડવો છે.

Δ Δ + Δ O

(૨) માંડવા ઉપર મોર છે.

Δ + Δ O

એ રીતે વાડીની આખી રચના–સૂચક વાકયો ક્રમશ: લખવાં; દરેક વાકયમાં નામયોગી અવ્યય સ્પષ્ટ રીતે યોજવું. એવાં વાકયોમાં વિશેશણોનો પણ ઉપયોગ કરી શકાશે. બીજું, પ્રતીકોની ઉમીઓ – જેમાં નામ, વિશેષણ, ક્રિયાપદ અને નામયોગી અવ્યયનાં પ્રતીકોનો સમાવેશ કરી શકાય.

પૂર્વતૈયારી :

નામયોગી અવ્યયની પહેલી રમત સુધી તૈયારી હોવી જોઇએ.

સ્વાધ્યાય–નિદર્શન : વાકયોનાં પૂંઠાં લઇને, તે કઈ રીતે ક્રમમાં ગોઠવી લેવાં તે બાળકને પ્રથમ બતાવવામાં આવે. પછી દરેક વાકય ક્રમમાં વાંચીને સેટના રમકડાંમાંથી રચના કેવી રીતે કરવી તે બતાવવું.

બધાં વાકયો પ્રમાણે રચના થયા પછી એકેક વાકય વાંચી, તેની નીચે પ્રતીકો ગોઠવી બતાવવાનું સૂચન કરવું.

આગળ પ્રગતિ : એ જ પ્રકારનાં વધુ પૂંઠાં બતાવી, તેના પર વધારે અભ્યાસ અને પૃથક્કરણ માટે વાક્યો લખી આપવાં.

ઉભયાન્વયી અવ્યય :

ઉભયાન્વયી અવ્યયનું કાર્ય સ્પષ્ટ કરવું અને પ્રતીકનો ઉપયોગ કરવો.

સાધન : ૬" × ૩" નાં કાર્ડો પર નીચે મુજબ વાકયો લખવાં. તેમાં ઉભયાન્વયી અવ્યયો

પીળા અક્ષરમાં લખવા. ૩ કાર્ડોના એવા એક સેટમાં નીચે મુજબ વાકયો લઈ શકાય.

લાલ **અને** લીલી રિબન લાવો.
લાલ **અથવા** લીલી રિબન લાવો.

સૂરજ ડૂબ્યો **અને** અંધારું થયું.
રમણ આવ્યો **પણ** નીલુબેન આવ્યા નથી.

બેબી બોલતી નથી **કેમ કે** બેબી નાની છે
નાનકો આવે **એટલે** રમાબેન આવશે.

પ્રતીકોની ડબીઓ :

ડબીઓમાં ઉભયાન્વયી અવ્યયનાં પ્રતીકોની ડબી વધારવી. ઉભયાન્વયી અવ્યયનું પ્રતીક પીળી સાંકળ છે.

પૂર્વતૈયારી :

વાંચન આવડવું જોઈએ. ઉભયાન્વયી અવ્યયની મૌખિક રમતો પૂરી કરેલી હોવી જોઈએ.

સ્વાધ્યાય-નિદર્શન : લખેલાં વાકયોનું એક પૂંઠું લઈને શિક્ષક સમજણ આપે: આ પીળા શબ્દો, બે શબ્દોને અથવા બે વાકયોને જોડી દે છે; તેથી તેને ઉભયાન્વયી કહે છે. ઉભય એટલે બે અને અન્વયી એટલે જોડનાર. બે ને જોડનાર તે ઉભયાન્વયી. આનું પ્રતીક સાંકળ. સાંકળ શું કરે છે? જોડી દેવાનું કામ કરે છે. હવે આ પ્રતીકો અને બીજા શબ્દોનાં પ્રતીકો મૂકી બતાવો.

આગળ પ્રગતિ : એવાં બીજાં પૂંઠાં (કાર્ડો) લઈ બધા શબ્દો એક જ પ્રકારની શાહીથી લખવા અને તેનું પ્રતીકો વડે બાળક પૃથક્કરણ કરે.

ઉંમર : ૫॥ થી ૬॥.

આ પછીના લેખમાં અન્ય અવયવોનો વિચાર કરીશું.

શેષ નામલે

બાલારામનો બાલપ્રવાસ

૨૬ મીના બે વાગે પ્રવાસી ટુકડી બધી ભેગી થઈ ગઈ. નામો નોંધાયાં. વસ્તુની નોંધ થઈ, તદ્દન નાનાં બાળકોને બિલ્લા આપવામાં આવ્યા અને ત્રણ વાગે અમારી કૂચ શરૂ થઈ. દરેક બાળકને પોતાનો સામાન પોતે જ ઉપાડવાનો હતો, હસતાં, રમતાં, દોડતાં સ્ટેશને પહોંચ્યાં. ગાડી આવી અને સૌ એક ડબ્બામાં બેસી ગયાં.

મહેસાણા આવ્યું. અહીં રાતના દસ સુધી રોકાવાનું હતું. સ્ટેશન ઉપર જ ભાથું છોડ્યું. દરેકનું ભાથું ભેળું કરી, સરખે ભાગે કરી બધાને આપ્યું. ઘણાં બાળકને પોતાનાં ભાથાં પ્રત્યે મમત્વ હતું. બાલમંદિરમાં બાલમંદિરનો નાસ્તો બધાંથી સરળી રીતે ખવાય, પરંતુ પોતાનું ભાથું બીજાં કેમ ખાય? બિચારાં નિર્દોષ બાળુડાં ઘરની છાપ અહીં નિર્દોષ ભાવે રજૂ કરતા ખરેખર, બાળક એ તો મા-બાપ અને ઘરના સંસ્કારની આરસી છે. બાળક એ સામાજિક પ્રાણી છે; એટલે આવે પ્રસંગે સમૂહગત બનવાની ભાવના તેનામાં રેડાય છે. મને યાદ છે કે આવા સમૂહગત પ્રવાસોમાં મોટેરા ઘણા અસામાજિક હોય છે, અને સ્વતંત્ર રીતે ચા-પાણી ઉડાવે છે; ત્યારે આવડાં નાનાં બાળકો તેનું ઘણું ચુસ્ત રીતે પાલન કરે છે. દસ વાગ્યા સુધી દરેક બાળક જાગતું હતું. કોઈ ગાડીઓના ડબ્બા ગણે. કોઈ વાર્તા સાંભળે; કોઈ જૂથ બનાવી રમે, બરાબર દસ વાગે ગાડી આવી. બધાં બેસી ગયાં અને ગાડી ઉપડી બાળારામ તરફ.

હું તથા સીતારામ સ્ટેશને સ્ટેશને ઊતરી બાળકોને બેસાડેલા ડબ્બામાં જઈ ખબર કાઢી આવતા હતા. હવે નિદ્રાદેવીએ સૌને ઘેર્યાં હતા. શિક્ષક મંડળ સિવાય સહુ પોઢી ગયાં હતાં. ચિત્રાસણી આવ્યું. સૌને ઢંઢોળી ઢંઢોળીને નીચે ઉતાર્યાં. સ્ટેશન ઉપર પાથરણું પાથર્યું અને સૌ પોતપોતાની ચાદરો ઓઢી લેટી પડયાં. તે વખતે બરાબર દોઢ વાગ્યો હતો.

સવારે ૭ વાગે બધા ઊઠયાં. દાતણ પાણી

કર્યું. દૂધ મંગાવી આપ્યું. પછી બરાબર આઠ વાગે બાલારામને રસ્તે ઉપડયા. સરસામાન સ્ટેશન ઉપર રાખ્યો હતો. બાળકો ખાલી હાથે હતાં, વિનુભાઈ સાથે દોડતાં કૂદતાં જતાં હતાં. ઘણું પડી જતાં, વાગતું, છતાં હસતાં હસતાં મને આવી કહેતાં, "ગોવિંદભાઇ! ગોવિંદભાઈ! જુઓ કેવું વાગ્યું?" સહેજ વાગતાં કલાકો સુધી રડનાર બાળક આવે પ્રસંગે કેટલું બધું બહાદુર બની જાય છે! સાહસ, શૌર્ય અને સહન કરવાની ભાવના આવા પ્રવાસમાં મળી શકે ખરી. નવ વાગે બાળારામ ઉપવનમાં અમે પ્રવેશ્યાં. હરણફાળે ભાગતી સરસ્વતીનાં પાણી અવાજ કરતાં વહી રહ્યાં હતાં. આજુબાજુ ડુંગર ઉપર ઘાટાં ગગનચુંબી ઝાડવાં. કોઈ ઝાડના મૂળમાંથી, તો કોઈ પથ્થર નીચેથી ખળખળ કરતાં ઝરણાં વહી રહ્યાં હતાં, અને નદીમાં પોતાનો ફાળો આપી રહ્યાં હતાં. અમૃતભાઈ દોડતા મારી પાસે આવી, બોલી ઊઠ્યા. "ગોવિંદભાઇ, નદી શાની બને કહું? આ ઝાડના મૂળમાંથી પાણી નીકળે છેને અને આ પથ્થરોમાંથી પાણી નિકળે છેને તેની!" ખરેખર આ શોધ ઘણી મહત્વની અને સાચી હતી. પછી અમે બાળકોનું સ્નાન કરવા લઇ ગયા. પાણીમાં તાણ ઘણું હતું. સાત તાલીની રમત રમ્યા. અડવા આવે અને બેસી જઇએ તો પ્રવાહમાં તણાવા માંડીએ. પ્રવાહની સામી દિશાએ દોડવા જતાં પગમાં ગોટલા જ બાઝી જાય. બરાબર અગિયાર વાગે સ્નાનથી પરવારી, નદીના પટમાં જમવા બેઠાં. એક બાજુ નદી વહેતી હોય, બીજી બાજુ પર્વતોનાં ઝરણાં પડતાં હોય; ઠંડી હવાની લહરી વાતી હોય. આવી કુદરતને ખોળે જમવાનું કોને ન ગમે! ખૂબ ખૂબ ખાધું. બાર વાગે પાછા ફર્યા. નવાબનો બંગલો જોઈ સ્ટેશને પહોંચતાં બે વાગ્યા. વળતી વખતે ચિત્રાના બળતા બપોરે પણ બાળકો હસતાં હસતાં, આરામ કરતાં ચાલતાં હતાં. ચાર વાગે ગાડી આવી; બધાં સિધ્ધપુર જવાની ટીકીટ લઈને બેઠાં.

સિધ્ધપુર આવ્યું. સાંજ પડી હતી. બધાં થાકયાં હતાં. નાસ્તો કરી બધાં ઢળી પડયાં. બીજે દિવસે સવારે નદી, રુદ્ર મહાલય, બિંદુ સરોવર વગેરે જગાએ જવાનુ નકકી કર્યું, પણ બાળકો થાકી જાય એટલે ખટપટ કરી; એક સદ્‌ગૃહસ્થ તરફથી બટારો મળ્યો, અને બરાબર બાર વાગે સિધ્ધપુરનો પ્રવાસ શરૂ થયો.

નદી બોળંગી બ્રહ્માડેશ્વર ગયા. ત્યાં દર્શન કર્યાં, મંદિર જોયું. ત્યાંથી રુદ્રમહાલય તરફ હંકાર્યું. થોડીક હકીકતો બાળકની ભાષામાં સમજાવી અને બટારો ઉપડયો. સીધો પૂલ ઉપર. પૂલ નીચે નદી વહેતી જોવામાં બાળકોને મઝા આવી. ત્યાંથી બિન્દુ સરોવર અને પછી કાપડની ઇલેકટ્રીક મીલ જોવા ગયાં. મીલ આજે જ શરૂ થઈ હતી. ઉદ્‌ઘાટન બાળકોની પવિત્ર પગલીઓથી થયું. સિદ્ધપુરથી ત્રણ માઇલ દૂર નદી કિનારે વટેશ્વર ગયા. પાંડવોની બારડીઓ જોઇ અને પાંચ વાગે સિદ્ધપુર આવ્યા. આમ સિદ્ધપુરનો અમારો પ્રવાસ પૂરો થયો.

તા. ૨૯મીએ સવારે અમે વિસનગર જવા ઊપડયા. બધાં ઘરે આવ્યાં. આજે બાલમંદિરમાં બધાં બાળકો હોંશથી બાળારામ અને સિધ્ધપુરનાં સ્મરણો તાજાં કરીને આનંદથી વાતો કહે છે. બાલમંદિરનાં બંધિયાર વાતાવરણને અઠવાડીઆં અને મહિના સુધી આ પ્રવાસની અસર વાતાવરણને તાજગી ભર્યું રાખશે. અઠવાડીઆં સુધી સાંજના વાળુ પછી મા–બાપોને પોતાની કાલી ભાષામાં કુદરતનું સચોટ વર્ણન કરી બાળકો મુગ્ધ કરશે. નજરે જોયેલી કુદરતમાથી નવા સિદ્ધાંતો અને વ્યાખ્યા સંભળાવશે.

પ્રવાસ લાંબો હતો; જોખમકારક હતો, છતાં સારી રીતે સફળ થયો. દરેક વાલીને પહેલાં થતું હતું કે આવડાં નાનાં બાળકો કુદરતનું, ભૂગોળનું અને ઐતિહાસિક સ્થળનું શું મહત્ત્વ સમજશે? તે જ વાલીઓને થાય છે કે ખરેખર બાળકો ઘણું ઘણું મનમાં ભરી લાવ્યાં છે. ભયથી પોતાના બાળકને નહિ મોકલનારને પણ આજે હવે થાય છે કે અમારા બાળકને લઇ ગયા હોત તો સારું; નિર્દોષતાની મૂર્તિ સમાં બાળકો કુદરતમાં મોટેરાંઓ કરતા વધુ કુદરતમય બની જાય છે તે મેં ત્યાં નજરે જોયું. આવા પ્રવાસો ખરેખર આનંદપ્રદ બને છે. તેનો ખરો આનંદ બાળક સાથે પ્રવાસ જેમણે ખેડયો હોય તે જ જાણી શકે.

ગોવિંદભાઇ યાજ્ઞિક

ગ્રામ વિદ્યાપીઠ

નીચે જેનું વર્ણન કર્યું છે તે મારી કલ્પનાની વિદ્યાપીઠ છે. ત્રણ વર્ષ ગોરડીમાં રહીને જે ગ્રામ્ય પરિસ્થિતિનો મેં અભ્યાસ કર્યો તેના પરથી સૂઝેલી આ કલ્પના છે. ગ્રામ્ય વિભાગમાં જે કંઈ ખાસ આવશ્યક વસ્તુ ગણવી હોય તો તે એ છે કે ત્યાંનાં બાળકોને ખાવા પીવાનું પૂરતા પ્રમાણમાં મળવું જોઈએ. આ વાત મારા મન પર ખૂબ ઠસી ગઈ છે. બીજી વાત એ છે કે તેમનું સામાજિક-શિક્ષણ, કૌટુંબિક શિક્ષણ તથા એકંદરે ઉત્તમ રીતે જીવીને જીવન ચલાવવાનું શિક્ષણ એટલી વાતો તેમને માટે મહત્ત્વની છે. આપણી શાળાઓમાં થોડું ઘણું જ્ઞાન અને થોડી ઘણી માહિતી મળે છે એ પણ તેમને ગમે તે રીતે નહિ જ. તેમને થોડું લખતાં વાંચતાં આવડે છે ને થોડું ગણિત આવડે છે, પણ જીવન-વ્યવહાર ચલાવવાની રીત, જે સમાજમાં ચાલુ છે તે જ રહે છે. એ જ બોલું બોલવું, એવી જ મારામારી, એક બીજાની વસ્તુઓ ઉઠાવી જવી, ગાળાગાળી કરવી ને હુંસાતુંસી પર આવી જવું, વગેરે વાતો જોવીને તેવી જ ચાલુ રહે છે. એથી જ તો માણસ તરીકેના નાતાએ માનવજીવનમાં શિક્ષણથી કશો જ ફરક પડતો નથી. એટલે જ એક નવી શાળા કાઢવાની મારા મનમાં કલ્પના ઊભી થાય છે. એમાં પહેલી વસ્તુ એ હશે કે બાળકોને વિદ્યાલય કે શાળા એ પોતાનું ઘર જ લાગે; એ પોતાનું જ સ્થાન લાગે. ત્યાં શાળાનાં બધાં છોકરાં સહકારી તત્ત્વ પર જીવતાં હોય. બીજી વસ્તુ તે તેઓ મહેનત કરતાં હશે અને પોતાની જરૂરીઆત પૂરતાં અન્નવસ્ત્ર તેઓ જ પેદા જ કરી લેતાં હશે. તેમની મહેનતને પરિણામે તેઓ જે કંઈ ઉપજાવે તેના પર તેમનો હક્ક પહેલો ગણાશે. ખાવાની વસ્તુઓ તેઓ ખાઈ શકે. દૂધ, ઈંડાં, ફળફળાદિ, ભાજીપાલો વગેરે વસ્તુઓ માત્ર વેચવા ખાતર જ તૈયાર નહીં કરે. એમને ખાતાં વધે તેટલું જ વેચશે. પોતે જ સૂતર કાંતશે, કપડાં વણશે અને શીવીને પહેરશે, એમ કરતાં કઈ વધશે તો બજારમાં વેચશે.

આમાં પ્રશ્ન થશે સંસ્થાના ખર્ચનો. એ માટે પણ નવી રીતે વિચાર કરવો જોઇશે. શરૂઆતમાં બધો હિસાબ રાખવામાં આવશે, અને પછી આર્થિક વ્યવસ્થાનો વિચાર કરવામાં આવશે. ત્રણ અથવા પાંચ વરસ સુધી તો શાળાનો ખર્ચ બીજા ઉપાયોથી મેળવવામાં આવશે. છોકરાઓની મહેનતથી જે ઉપાર્જન થશે તેનો લાભ બધા જ છોકરાઓ તથા તેના કુટુંબીઓને આપવામાં આવશે. મુખ્યતઃ તેમને પૂરતાં પૂરાં કપડાં મળે તથા રહેવા માટે યોગ્ય ઘર મળે તે માટે તેમનું ઉત્પાદન તેમને મળવું જોઇએ. આટલાં છોકરાંઓ તથા શિક્ષકોના હાથ કામે લાગ્યા પછી તેમને સૌની જરૂરિયાતો તેમાંથી પૂરી થઈ જ રહેશે; ઉલટું, તેમાંથી કંઈક વધે એટલું ઉત્પાદન થશે એવી મારી કલ્પના છે. આજે સરકાર એક ગામડાની શાળા પર જેટલો સામાન્ય ખર્ચ કરે છે તેટલી રકમ સરકાર તરફથી મળ્યે આ સંસ્થાનો ખર્ચ ચાલે એવી મારી કલ્પના છે. આ સંબંધેનો વીગતથી પુષ્કળ વિચાર હજુ કરવાનો છે. ઉપરાંત ઘણા વિચારો તો પ્રત્યક્ષ કામે લાગ્યા પછી જ સૂઝશે એમાં શંકા નથી. એટલે જ છોકરાંઓના શ્રમનું છોકરાંઓએ બાવું ને કાર્યકર્તાઓએ પોતાના શ્રમનું બાવું અને એમ કરતાં જો વધુ વખત રહે તો તેમાં લેખન, વાચન, ગણિત કે જે કરવું હોય તે કરવું એવાં કંઈક વિચારો મારા મગજમાં ઘોળાવા લાગ્યા છે.

મનમાંના આ વિચારોની પશ્ચાતભૂમિ પર આ આગળનું સ્વપ્ન મેં રચ્યું છે.

(૧)

એક મોટા આંબાના ઝાડ નીચે, એક સાદડી પાથરી હાથનું ઓશીકું કરી એક બાઈ સૂતી હતી. મને કહેવામાં આવ્યું કે એ અહીંની વ્યવસ્થાપિકા બાઈ છે. અર્ધા કલાક પછી ઘંટ વાગશે ત્યારે સૌ ઉઠશે અને પછી તે તમારી સાથે વાર્તા કરશે.

મને જરા નવોઈ લાગી. બધે જ આ

સૂવાનો કાર્યક્રમ ચાલુ જણાયો. શાળાના મકાન તરીકેનો જે મંડપ દેખાડવામાં આવ્યો ત્યાંય તે એકાદ ચટાઈ ઉપર અને નીચે એક બે શિક્ષકો તથા વિદ્યાર્થીઓ આડા પડયા હતા. કેટલાક કયાંક ઝાડ ઉપર ચડીને હવા ખાતા હતા. કેટલાક જણ કંઈક બીજી જ જાતની પ્રવૃત્તિમાં ગૂંથાએલા જણાયા.

મેં કહ્યું, "મને ફક્ત બે કલાકની પુરસદ છે. આમ અર્ધો કલાક વાટ જોઉં તે કેમ પાલવે? આ જ રીતે બધે ફરીને બધું જોઈ લેવાની મને રજા છે? તમને વખત હોય તો ચાલો મારી સાથે.

"હા, ચાલોને. હું આવું છું તમારી સાથે. હમણાં થોડી જ વારમાં સૌ જાગીને કામે લાગશે. હું આજે ચોકી કરવા જાગું છું. બપોરે ૧૨થી ૨ સૌ સૂઈ જાય છે. દરેકને ક્રમ પ્રમાણે ચોકી કરવાનો વારો આવે છે. અમે સાતમી શ્રેણીના વિદ્યાર્થીઓ તમારા જેવા કોઈ આવે તો તેમની સાથે ફરીએ નહિતર બીજાં કંઈ કામ નીકળે તો..."

"એમ, ઠીક ત્યારે ચાલો આપણે બધે એક ચક્કર મારી આવીએ. એટલામાં આ બધાં ઊઠશે. પછી એમનાં કામ જોઈશું."

મારી સાથે દેખાડવા નીકળનારો વિદ્યાર્થી હશે પંદર-સોળ વર્ષની ઉંમરનો. છતાં ખૂબ સરસ રીતે બધું બતાવતો હતો. દેખાડતાં દેખાડતાં સંસ્થા પરત્વેની જે મમતા તેનામાં દેખાતી હતી તે ખૂબ જ મીઠી લાગતી હતી. બધી જ બાબતોમાં હવે અમે આમ કરવાના છીએ, અમે આ આમ કર્યું ને અમારું આ જુઓ. 'અમારું, અમારું' સાંભળી મેં તો તેને સીધું જ પૂછ્યું, "આ બધી વાડી ને ખેતર સંસ્થાના છે ને? કે તમારાં?"

એ બોલ્યો, "અમારું. અમે એ બધું વેચાતું લીધું છે. અમારા દરેકનો તેમાં સો રૂપિયાનો ભાગ છે."

"એટલે? તમે સો રૂપિયા કયાંથી લાવ્યા? તમારા બાપાએ શું આગળથી સો રૂપિયા-ભરી દેવા પડે છે?"

'ના, ના, બાપા કયાંથી ભરે? તેને સો રૂપિયાની જરૂર પડે તો તો તેણે કોઈ શાહુકાર પાસે જ જવું પડે છે. ઘરબાર, ખેતર બધું લખી આપે પછી એ રૂપિયા મળે."

"તો પછી સૌ સૌનો ભાગ તમારો થયો કેવી રીતે?"

"કઇ રીતે એટલે? હું આ જ પાંચ વરસથી અહીં કામ નથી કરતો? ગયે વર્ષે અમને ઘણા પૈસા મળ્યા. એ વખતે મેં એક સાથે ચાર ભાગ લઈ લીધા."

"એક ભાગ કેટલાનો?"

"દસ દસ રૂપિયાનો એક ભાગ. દરેક વરસે સાધારણ રીતે બે ભાગ તો અમને મળે જ છે. જ્યારે શાળા છોડીએ ત્યારે અમે અમારા-વેચી નાખીએ. નવા છોકરાઓ એ લઈ લે."

"પણ નવા છોકરાઓ ખરીદે કયાથી? તેમની પાસે રૂપિયા હોય?"

"જુઓ; અમારે ત્યાં આવું છે. પહેલાં બે વર્ષમાં છોકરાઓનો ભાગ પણ હોતો નથી ને ખર્ચ પણ નથી હોતો. તેમનો બધો ખર્ચ અમે ઉઠાવીએ છીએ. આગળ ઉપર ત્રીજીથી સાતમી સુધીમાં તેમને ભાગ મળે. આ વાડી મૂળ દસ હજારમાં લીધી. તે પૈસા સંસ્થાના. આજ અમે સિત્તેર જણા એમાં ભાગીદાર છીએ પણ દરેકના સો સો નથી. ત્રણ સાડાત્રણ હજારના ભાગવાળા છીએ ને બાકીના સંસ્થાના ભાગ છે.

"એમ, ત્યારે તેં ૧૦૦ કયારે ભર્યા?"

"હજુ ગયે જ વરસે. અમારા હમેશના કામના કલાક પ્રમાણે અમારી મહેનત ગણાય ને ખાવા પીવા તથા કપડાનો ખર્ચ ચડે. તેમાં થોડી બચત રહી તો રહી. પણ જ્યારે બહાર આવીને વેચીએ છીએ ત્યારે ખૂબ નફો મળે છે. તેમાંનો અર્ધો ભાગ અમને મજૂરીનો મળે છે અને અર્ધો ભાગીદારોને વહેંચવામાં આવે છે તેમાંથી પછી વળી અમે નવા ભાગ લઇએ છીએ. સંસ્થાના ભાગનો નફો સંસ્થા પોતાના ખર્ચમાં વાપરે છે. અમારામાંથી કંઇ વધે તો અમે ઘેર પણ મદદમાં આપીએ છીએ."

(અપૂર્ણ) **તારાબેન**

બા ળ વિ ભા ગ

સપ્ટેમ્બર ૧૯૫૦

મને બાલમંદિર બહુ વહાલું

('મને પિયરું અત વહાલું રે મા!' એ ઢાળ)

મને બાલમંદિર બહુ વહાલું રે મા!
નહિ જાઉં નિશાળે.....મને૦

નિશાળના મારા 'માસ્તર' તીખા,
કનુડા, મનુડા, હસુડી, જસુડી
તુંકારે બોલાવે રે મા!...નહિ૦

બાલમંદિરના મારા શિક્ષક સારા,
કનુભાઇ, મનુભાઇ, હસુબેન, જસુબેન
'ભાઇ' 'બેન' કહીને બોલાવે રે મા!...નહિ૦

નિશાળના મારા માસ્તર રાશી,
'કેમ બોલ્યો? કેમ ઊઠ્યો?'
ડોળા કાઢીને ડરાવે રે મા!...નહિ૦

બાલમંદિરના મારા શિક્ષક સારા,
'આવો ભાઇ, બેસો ભાઇ'
મને હેતેથી હુલાવે રે મા!...નહિ૦

નિશાળના મારા માસ્તર ભૂંડા,
વાંચો વાંચો, ગોખો ગોખો
મને ઠીંકો મારીને ભણાવે રે મા!...નહિ૦

બાલમંદિરના મારા શિક્ષક સારા,
રમો રમો, ભણો ભણો
હોંશથી ભણાવે રે મા!...નહિ૦

શામજી જોશી

જૉન સુધરી ગયો

જૉન બહુ દિવસની માંદગીમાંથી ઊઠ્યો હતો. ચીડિયો થઈ ગયો હતો. છેલ્લા બે ત્રણ મહિનાથી આખ્ખો દિવસ જૉનની માતા જૉન પાસે જ બેસી રહેતી. એને વાર્તા કહેતી, એની બીજી બધી દવાદારુનો ક્રમ સાચવતી.

પરિણામે જૉન એની માતાને છોડતો જ નહિ. મા બેઠી હોય તો જ રમે. મા બેઠી હોય તો જ વાંચે. મા બેઠી હોય તો જ જરા લખે.

જૉનની માતાને થયું કે જૉન બગડતો જાય છે. ધાર્યું માગે છે, ધાર્યું જ કરે છે. જેમ જેમ સુધરતો જાય છે તેમ તેમ માતાને વધારે ને બોલાવતો જાય છે. એને હવે મા વગર કશું જ કરવાનું ગમતું નહિ.

જૉનની માતાએ નક્કી કર્યું કે હવે બે કલાક બહાર જવું. એક દિવસ તૈયાર થઈ એણે જૉનને કહ્યું:

"જૉન, જો તું આ રમત રમ; રમતાં રમતાં ઊંઘી જજે. મારે જરૂરી કામ છે. હું બહાર જઈ કલાકમાં આવું છું. જૉન! જો આ ઘડિયાળમાં જ્યારે ઘંટડી વાગશે ત્યારે હું આવીશ."

જૉનનું મોઢું તો પડી ગયું. જૉન રડવાનું શરૂ કરવાનો હતો; એટલામાં જ માતાએ ફરી કહ્યું, "હું બહાર નહિ જઉં તો તારું કપડું કોણ લઈ આવશે? પપ્પા માટે સારાં ફળો કોણ લઇ આવશે?"

જૉન ચૂપ થઇ ગયો. જૉનની માતા ગઇ. એને કંઇ જ કામે બહાર જવાનું ન હતું, પણ માતા જૉનને એની પરાધીન ટેવમાંથી મુક્ત કરવા જ બહાર નીકળી ગઇ.

જૉન ઘડિયાળની ઘંટડીની રાહ જોતો જ હતો. ઘટંડી વાગી ને જૉનની માતા આવી. જૉન ખુશ થયો.

બીજે દિવસે જૉને પોતે જ કહ્યું, "મા, બહાર જાય તો ઘંટડી વાગે ત્યારે આવી જજે."

પછી જૉનની માતાએ થોડા દિવસ આમ ગમે તે કારણે પણ બહાર જવાનું નક્કી કર્યું. છેવટ જૉનની ટેવ સુધરી ગઇ.

-કપિલા ડાકોર

સાગર-કાંઠે

મોટી મોટી મોટરોમાં બેસી અમે જઇશું,
ચોપાટી પર જઇશું, ચોપાટી પર જઇશું.
રેતી માંહે રમતાં અમે બંગલા બનાવશું,
બંગલા બનાવશું;
મોટા મોટા ડુંગરા ને દેરીઓ બનાવશું,
દેરીઓ બનાવશું.
રેતી ઉપર ફરતાં અમે છીપલાંઓ વીણશું,
છીપલાંઓ વીણશું;
સોના જેવી માછલીની વાતો અમે સૂણશું,
વાતો અમે સૂણશું.
કાપી કૂપી કાગળની હોડીઓ બનાવશું,
હોડીઓ બનાવશું;
નાની હોડી લઇને મોટા સાગરે તરાવશું,
સાગરે તરાવશું.

પુષ્પા વકીલ

ઝાડ ઊછેરો

દર શનિવારની માફક આજે પણ શાળામાં ચર્ચા રાખી હતી એટલે શિક્ષક આવતાં તરત જ વિદ્યાર્થીઓએ પ્રશ્નો પૂછવા માંડયા.

૧ વિદ્યાર્થી: સાહેબ, વરસાદ શાથી આવે છે?

મહેતાજી: ઉનાળામાં સખ્ત ગરમી પડે છે; તેથી તે ગરમી પાણીને ચૂસી લે છે. એની વરાળ આકાશે જાય છે; ત્યાર બાદ તે ચોમાસામાં વરસે!

૨ વિદ્યાર્થી: સાહેબ, એમ કહેવામાં આવે છે કે ઝાડો વરસાદને ખેંચી લાવે છે; તે વાત સાચી હશે?

મહેતાજી: તારો પ્રશ્ન સરસ છે! ઝાડો જ વરસાદને ખેંચી લાવે છે! જે દેશમાં ઝાડો ઓછાં તે દેશમાં વરસાદનું પ્રમાણ પણ ઓછું! આથી દરેકે ઝાડ રોપવાં જોઈએ.

૧ વિદ્યાર્થી: તો શું સાહેબ! દરેકે ઝાડ રોપવું જોઇએ?

મહેતાજી: અલબત્ત, દરેકે ઝાડ રોપવું જોઇએ. એટલું જ નહિ પણ ઝાડને ઉછેરવું જોઈએ! ઝાડ રોપ્યું હોય પણ આપણે તેની દરકાર ન રાખીએ તો તે સૂકાઈ જાય. અથવા તો કોઇ માણસ કે પશુ પક્ષી તેને તોડી–પાડી નાંખે આથી તે ઉછરી શકે નહિ.

૨ વિદ્યાર્થી: સાહેબ! કયાં ઝાડ ઉછેરવાં જોઇએ?

મહેતાજી: ઝાડ તો ગમે તે ઉછેરી શકાય. છતાં પણ જો ફળાઉ ઝાડ ઊછેરો તો આપણને બે ફાયદા થાય; એક તો એ કે આપણને તેનાં ફળ મળે અને તે પડી જાય ત્યારે લાકડું પણ મળે!

૩ વિદ્યાર્થી: તો સાહેબ! અમે કાલથી દરેક એક એક ઝાડ જરૂર રોપીશું.

મહેતાજી: પણ તમારે કાલ ઉપર મુલતવી રાખવું જોઇએ નહિ. જે કામ કરો તે આજે જ કરો. માટે આજથી જ તે શરૂ કરો.

જશભાઇ ઝ. પટેલ

મારો ઘોડો

મારો ઘોડો દોડે (૨)
થન થન કરતો ઘોડો દોડે. મારો૦
દોડી શકે ન કો' તે જોડે;
એવો મારો ઘોડો દોડે. મારો૦
'રેવાલ' ચાલે તો રેકર્ડ તોડે;
'ખખ ખખ' કરતો જલદી દોડે. મારો૦

જે અન્ય બેસવા ડહોપણ ડહોળે;
તો તો એને મૂકે ના એ દીઠેડોળે. મારો૦
આવો સુંદર ઘોડો કયાંય ન જડે;
હાથ મૂકો તો ભાઇ! લપસી પડે. મારો૦

પ્રવીણ ભટ્ટ

સમાજ—સેવકની ભેટ

લોકમાન્ય તિલક અને આગરકર બન્નેએ મોટા હોદ્દાની સરકારી નોકરી છોડી, સમાજ—સેવાનો માર્ગ પસંદ કર્યો. તે વેળા તેમના મિત્રો પૈકી, પુષ્કળ જણાને એથી બરાબ લાગ્યું.

'હજારો પૈસા મેળવવાનું છોડી દઈને ઊલટું પોતાના પૈસા કાઢવા હોય તો આ માર્ગ પસંદ કરો' મિત્રો તિલકને કહેવા લાગ્યા.

તિલક ચૂપ રહ્યા. પણ તેમણે પોતાનો નિશ્ચય બદલ્યો નહીં. તે કાર્ય કરતા રહ્યા. એક વાર કોલ્હાપૂર દરબાર ઉપર ટીકા કરવાના આરોપસર તિલકને કોર્ટમાં લઇ જવામાં આવ્યા. નિકાલ સાંભળવા તિલકની મિત્રમંડળી જમી હતી. તે વેળા જમીન ઉપર છોડવાનો પ્રશ્ન નિકળ્યો. જમીન માટે મોટા માણસની અત્યારે જરૂર હતી. કોણ આવશે? પૈસો બધાને વહાલો! જમીન જે અંગ પર આવે તો? પણ એક વેપારી આગળ આવ્યો. તેણે ૬૦૦૦ રૂપિયાની થેલી તિલકને અર્પણ કરી. વેપારી કંઈ તિલકનો મિત્ર ન હતો. કેવળ તિલકની સમાજસેવાથી તેના પર અસર પડી હતી; તિલક થોડી વાર હસ્યા અને મિત્રો તરફ વળી બોલ્યા, "જોયું મારું વેતન! સમાજ-સેવકને મહિનાની આખરમાં કંઈ પગાર મળતો નથી; તે તો બીજ ઓળખીતા માણસ પાસેથી ભેટ લે છે, સહાનુભૂતિ મેળવે છે, તથા સમાજસેવા કરવા આગળ ધપવાની પ્રેરણા લે છે.

અનુ : બાબાભાઈ ઠેઠી

ઈન્દુનું ઈનામ

નાની એવી નિશાળ હતી. ૧૫મી ઓગસ્ટનો દિવસ હતો. સંગીત, નાચ, નાટક કરી બાળકો આનંદ કરવાનાં હતાં. સારું કોમ કરી, વધુ આનંદ આપે તેને બાળકો જ શાબાશી આપવાનાં હતાં. ઇન્દુને આ માન મળશે એમ સૌ માનતાં હતાં.

વહેલી સવારે ઈન્દુ શાળામાં જવા ઉપડી. વરસાદનું ઝાપટું વરસી રહ્યું હતું. ઉત્સાહમાં ઉભરાતાં બાળકો દોડી દોડીને પોત પોતાની શાળા તરફ જઇ રહ્યાં હતાં.

કનુ અને કાન્તાની ભાઇબેનની જોડલી, હાથમાં હાથ ગૂંથી ચાલતી હતી. ખૂણામાંથી ભોં કરતી મોટર ધસી આવી અને બીકમાં કનુનો હાથ છૂટી ગયો; એનો પગ લપસ્યો અને પાસેથી પસાર થતી સાઇકલ નીચે એ ધસાયો. કાન્તા રડવા લાગી. આગળ ચાલતી ઇન્દુએ આ અવાજ સાંભળ્યો. શાળાની શાબાશી કરતાં કનુની સેવામાં એને વધુ આનંદ લાગ્યો. કાન્તાને છાની રાખતી, કનુને પંપાળતી ઇન્દુ એમને ઘેર લઇ ગઈ. જે બન્યું હતું એની વાત કરી, કાન્તાની બાની રજા લઇને એ ચાલી. કનુ—કાન્તાના બા, નાનકડી ઇન્દુની સેવાથી ખુશ ખુશ થઈ ગયા. આભારની લાગણીથી એને માથે હાથ મૂક્યો. ઇન્દુને થયું કેવો સારો દિવસ! મારે તે હવે વળી બીજી શી શાબાશી! બીજું શું ઈનામ!

જમુભાઇ દાણી

બાલ કલા પ્રદર્શન

મોમ્બાસાની આગાખાન નર્સરી સ્કૂલમાં ઑગસ્ટની રજા પહેલાં બાળકોની હસ્તકળાના નમૂનાઓનું એક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પ્રદર્શનમાં બાળકોનાં ચિત્રોનું કાતરકામ જેમાં પશુ, પક્ષી, ફૂલ છોડ, પ્રતિમા, ડીઝાઈન દૃશ્ય વગેરે અનેકવિધચિત્રો હતાં. બ્લ્યુ, લાલ, ને કાળા કાગળનાં ચિત્રો તો સુંદર છાયાચિત્રો જેવાં જ લાગતાં હતાં. આ વિભાગમાં રંગબેરંગી કાગળનું, નકશી ને કોતરણીકામ પણ હતું. પંચીંગ મશીનથી પાડેલા રંગબેરંગી કાગળનાં ચાંદલામાંથી બાળકોએ, ઝાડ, પહાડ, પશુ, પક્ષી, ભૌમિતિક સાદી આકૃતિ તેમ જ ઘટનાઓ ભલે પદ્યાર્યા વગેરે લખ્યું હતું. રંગબેરંગી સાદડીની ગૂંથણીના સો જેટલા નમૂના હતા. જેમાં એક સાદડી તો ૨'×૩'ની હતી. નકામા કાગળ પલાળી, ખાંડીને તેના માવામાંથી બનાવેલાં પચાસ જેટલાં રમકડાં હતાં, જેના પર વૉટર કલર તેમ જ ઑઈલ કલરનું ચિત્ર-રૂપ હતું. આ નમૂનાઓમાં જન્તુ, પ્રાણી, હાથી, મગર, પતંગિયાં, મોર, ફૂલછોડ વગેરે બહુ સુંદર ને આકર્ષક હતાં. રંગબેરંગી મોતી, ચાંદલા ને સતારાનું ભરત કુદરતી ઉઠાવ આપતું હતું. પીપર ને ચોકલેટ ઉપરની તથા સીગરેટ કેસમાંથી મળતી કલઈની બાળકોએ પચીસ જેટલી વિવિધ વાટ ને રંગની માળાઓ બનાવી હતી; દસ ફૂલ છોડનાં ચિત્રો બનાવ્યાં હતાં. પૂંઠાનાં ઝૂપડાં, ઘર, બંગલા, હાથગાડી, બાબાગાડી, વાંદરા, બકરી. કુકડી (નાનાં બચ્ચાં સાથે) વગેરે અનેક રીને ઘર તેમ જ બંગલા શણગાર્યા હતા. કાગળના સાદા નમૂનાઓમાં બુરશી, સોફા, ટેબલ, ફર્નીચર, વહાણ, સ્ટીમર, ટોપી, બડીઓ, પતંગ વગેરે અનેક જાતનાં રમકડાં હતાં. ચાની મોટી ટ્રે તેમ જ બાકસના બોખાંમાંથી મુખવાસની ટ્રે બનાવી હતી. હેન્ડબેગ પણ સુંદર બનાવી હતી. બાકસના બોખાના સોનેરી રૂપેરી કલઈ લગાડેલા, રંગબેરંગી કાગળ લગાડેલા મોતીના કે. ટાંકણીના હેન્ડલ બનાવેલા પચાસ જેટલા નમૂના હતા. બરીસા તેમ જ બાનાવાળાં વીશ જેટલા ચેસ્ટર ડ્રોઅર હતાં. બે તો લાઈટવાળા હતાં તેની પાછળ સૅલ બાંધેલા હતા તેથી વાયર અડકાડતાં લાઈટ થતી હતી: ત્રણ સ્ટીમરો ને ત્રણ રેલગાડી ઉપરાંત બુરશી, સોફા, ડાઈનીંગ સેટ, સોફા સેટ, પલંગ વગેરે વિવિધ નમૂનાઓ હતા. સીગારેટના બોખામાંથી ડબા, ઝૂમર, ચાકળા, ટોડલીઓ, સાંકળી, ફ્રેટોફ્રેમ વગેરે ત્રીસ જેટલા નમૂના હતા. ચીંથરાંમાંથી ચાકળો, ઢીંગલી, તોરણ, આસન, ફૂલ, આકૃતિ, લૂછણીઓ વગેરે બનાવ્યાં હતાં. લાકડાના નાના બુરશી ટેબલ તેમ જ કપડું સીવી બનાવેલ સોફા સૅટ ને ફર્નીચરના નમૂનાઓ હતા. અનાજ તેમ જ મસાલાની રંગોળીના ફૂલ છોડ, પંક્ષીઓ, તેમ જ પ્રાણીઓ બનાવેલાં હતાં. જેમાં અનાજના કુદરતી રંગમાંથી ચોખામાંથી સસલું ને બગલું રાઇ, ચણા ને મસુરમાંથી મોર, મઠમાંથી હોલું, મગ ને મસુર-માંથી પોપટ, અડદમાંથી કાગડો, હળદર ને મરચામાંથી પતંગિયું ને પીલક પક્ષી બનાવ્યાં હતાં. ચણાદાળ, અડદ મસુર ને મેથીમાંથી કાચબો બનાવ્યો હતા. આવો એક નમૂનો બનાવતાં બાળકોને બે થી ત્રણ કલાક લાગતા હતા.

રંગબેરંગી ક્રેપ કાગળના નમૂનામાંથી બાળકોએ ફૂલ છોડ, કળીઓ, વેણી, હાર વગેરે સુંદર નમૂનાઓ તૈયાર કર્યા હતા. છેલ્લા પચીસ દિવસથી નર્સરી સ્કૂલમાં મોતીનું ભરતકામ, કાતરકામ, ચાંદલાકામ, ફૂલોની પાંખડીઓ કાપવી ને ચોડવી વગેરે જાતનું કામ ચાલતું હતું. પૂર્વઆફ્રિકામાં નર્સરી સ્કૂલનાં બાળકોનું માત્ર હસ્તકળાના જ નમૂનાઓનું આ પહેલું જ પ્રદર્શન હતું.

આમ જુદા જુદા વિભાગનાં મળીને બે હજાર જેટલા નમુનાઓ હતા. મોટાભાગનું કામ સ્કૂલમાં જ બાળકો પાસે કરાવ્યું હતું પણ ઘર આગળથી નવીનતા ને વિવિધતા આવે તે ખાતર, મોટા બે વર્ગનાં બાળકો સતારા, કૂદડી તેમ જ ઘર ને બંગલાના નમૂના ઘેરથી લાવ્યા હતા. આ બધું કામ કરનાર બાળકો ચારથી છ વર્ષની ઉમ્મરનાં હતાં.

હેમુભાઇ

REGD. NO. 2241.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ, મુંબઈ ૧

PRESENTS!

GIVE OUR

GIFT

COUPONS

SAVES YOUR TIME AND WORRY
HELPS YOUR FRIEND TO MAKE
A CHOICE

THE
BOMBAY SWADESHI
CO-OPERATIVE STORES
BOMBAY.

SIR PHEROZESHAH MEHTA ROAD,
FORT, BOMBAY 1.

Phone: 20443.

BRANCHES:
POONA & SECUNDERABAD

વરસાદ
આવે તે પહેલાં
છત્રી, રેન-કોટ તથા ગમબૂટસ
લેવા ક્યાં જશો?
ધી બૉમ્બે
સ્વદેશી કો-ઓપરેટીવ સ્ટોર્સ
કું૦ લિમિટેડ.
સર ફિરોઝશાહ મહેતા રોડ,
ફોર્ટ, મુંબઇ ૧
ફોન નં. ૨૦૪૪૩
શાખાઓ: પૂના : : : સિકંદરાબાદ

બાલમંદિરો માટે સાધનો
બાલમંદિરો માટે સાધનો ખરીદતાં પહેલાં
અમારું સૂચિપત્ર મંગાવો.
દરેક સાધન, શાસ્ત્રીય પદ્ધતિથી નિષ્ણાતોની
નજર તળે બનાવવામાં આવે છે.
સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર બાલ-
મંદિરોને ૬૦ ટકા કમિશન.
લખો-મંગાવો.
નૂતન શિક્ષણ-સાધનાલય એન્ડ
આર્ટ વર્ક્સ લિ૦
સુરેન્દ્રનગર-સૌરાષ્ટ્ર

આગ-અકસ્માત-જિંદગી
મોટર દરિયાઈ વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું:
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય
મંગાવો.
ધી ઇન્ડીયન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—
૩૧૫-૩૨૧ પ્રોસ્પેકટ ચેમ્બર્સ, હોર્નબી રોડ
મુંબઇ

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાબુભાઈ મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ ૬
મુદ્રણ સ્થળ: રમેશ પ્રિન્ટીંગ વર્ક્સ ૮ પારેખ સ્ટ્રીટ, પ્રાર્થના સમાજ, મુંબઈ ૪

ગુજરાત વિદ્યાપીઠ — સંસ્મરણ — વિદ્યાપીઠ

વર્ષ : ૨૫] ઓક્ટોબર : ૧૯૫૦ [અંક : ૧૦

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા
છૂટક અંક
છ આના

મારો પ્રભુ

મારે મન સત્ય અને પ્રેમ એ જ પ્રભુ છે. પ્રભુ એટલે નિર્ભયતા. પ્રભુ તો પ્રકાશ અને જીવનનો દાતા છે. અંતરાત્મા એ આપણો પ્રભુ. એ જ આપણા હૃદયનો સંશોધક છે. દલીલો અને શબ્દવર્ણનથી એ પર છે. આપણે આપણા અંતરને પિછાનીએ છીએ એના કરતાં એ આપણને વધુ પિછાને છે. જેને દર્શનની ઝંખના છે, તેને એ તે આપે છે. એ વિશુદ્ધિની મૂર્તિ છે. જે શ્રદ્ધાળુ છે તેની પાસે એ સદા હયાત છે. જગતના સર્વ માનવીનું એ સર્વસ્વ છે.

ગાંધીજી

: આદ્યતંત્રી :
સ્વ. ગિજુભાઇ બધેકા

: સંપાદક :
તારાબેન મોડક

: સહસંપાદક :
જમુભાઇ દાણી

અનુક્રમણિકા

૧. યુરોપની થોડીક સંસ્થાઓ...	તારાબેન
૨. હીંચકો ...	શામજી જમોડ
૩. સામાજિક દુર્ગુણ ...	ગોવિંદ યાજ્ઞિક
૪. બાળમંદિરમાં ભાષાશિક્ષણ...	શેષ નામલે
૫. ગ્રામ વિદ્યાપીઠ ...	તારાબેન
૬ બાલવાડીની મધુરતા ...	ઈશ્વરાચાર્ય
૭. પ્રવચનોમાંથી ...	...
૮. બાળશિક્ષણ: સરખામણી...	વ્યાસ–દાણી

બાળ વિભાગ

૧. રમવા જઈએ ...	ચંપક વ્યાસ
૨. બોલો, હું કોણ? ...	ગિરિબાળા ત્રિવેદી
૩. હરામનું નહિ ખાઉં ...	જશભાઈ પટેલ
૪. રંગુ માટે ટીંગલી ...	કપિલા ઠાકોર
૫. મેહુલો	દેવયાની ભટ્ટ
૬. રૂપાળા બાળ ...	અ. ર. યાજ્ઞિક

નૂ. બા. સંઘ અને શિક્ષણપત્રિકા

રજત મહોત્સવ

સ્વ. ગિજુભાઈના જીવનકાર્યના સંદેશરૂપ
નૂતન બાલશિક્ષણસંઘ
અને
'શિક્ષણ પત્રિકા'

અઢી દાયકાની શિક્ષણસેવા પૂરી કરે છે.
એને સમૃદ્ધ બનાવો.

☆

સંઘ
સંઘના સભ્યો એટલે
ગિજુભાઈના સંદેશવાહકો
બાલશિક્ષણના પ્રચારકો
ગુજરાતના ઘડવૈયાઓ
નૂતનશિક્ષણના કાર્યવાહકો

પત્રિકા
શિક્ષણ પત્રિકા એટલે
ગિજુભાઈની સંદેશવાહિની
બાલશિક્ષણની માર્ગદર્શિની
શિક્ષક–માબાપની પ્રેરણાદાયિની
'બાલસેવા'ની મંત્રણાવિની

સંઘની, પચીસ વર્ષની સેવાના સ્મરણમા
સંઘના સભ્યો બનાવો
પત્રિકાના ગ્રાહકો નોંધો
સ્થળે સ્થળે બાળવાડી રચો
ગિજુભાઈ પ્રત્યેના પ્રેમનું એ જ સાચું સ્મારક.

તંત્રીનોંધ : કવર પેજ ન. ૩

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૫ : અંક ૧૦] મુંબઇ [ઓકટોબર, ૧૯૫૦

યુરોપની થોડીક સંસ્થાઓ

[ઓગસ્ટ અંકથી ચાલુ]

સ્વિટ્ઝર્લેંડમાં બાલ નામનું છેક ઉત્તરની બાજુએ એક મોટું શહેર છે. ત્યાંનું એક અનાથાશ્રમ અને વિકૃત બાળકોનું ઘર જોવા અમે ગયાં હતાં.

હવે યુરોપમાં અનાથાશ્રમ કે એવા શબ્દો, આવાં ઘરો માટે વપરાતાં નથી. 'બાલ-ઘર' જેવા શબ્દો આપણે ત્યાં પણ વપરાવા માંડયા છે.

જ્યારે સ્વિટ્ઝર્લેંડમાં સંસ્થાનું નામ બદલ્યું ન હતું ત્યારે ત્યાંની વ્યવસ્થા, રહેણીકરણી બધું જ જુદી જાતનું હતું. માશી, મામા કે આઈ અને બાપા-એવા, કુટુંબ સંભાળનાર બે વ્યકિતઓના હાથમાં એક એક ગૃહ અને ગૃહનાં બાળકોને સોંપવામાં આવ્યાં હતાં. બે ચાર ગૃહોનું ભોજન જ માત્ર ભેગું થતું હતું. પણ તદ્દન નાના બાળકો અને બાળકીઓનાં ગૃહ નિરાળાં હતાં. ત્યાં તેમનું ભોજન તૈયાર થતું. એક જગ્યાએ અનેક દૃષ્ટિએ રસોઈનું બધું કામ એક સ્થળે થાય તેમાં ઘણી સગવડ રહેલી છે. ઘણે ઠેકાણે તો યંત્રો અને વીજળીની મદદથી બધી ક્રિયાઓ થતી એટલે મુખ્ય સ્વયંપાકઘર એક જ સ્થળે હોય એ પરવડતું.

એમનાં આ જુદાં જુદાં ઘરોમાં બાળકો ખૂબ આનંદથી અને ઘરની માફક જ રહેતાં હતાં. આપણે ત્યાં જેમ કપડાં, મોઢું જોતાં આ અનાથાશ્રમનાં બાળકો હશે એમ લાગી જાય છે તેવી દીનતા, દરિદ્રતા, ઉદાસીનતા વગેરે તેમનામાં ન દેખાયાં. એમની રહેવાની ઓરડીઓ, તેમની પથારીઓ, અભ્યાસખંડો, તેમાં સુથારી કામ, ચિત્રકામ વગેરે બધું સામાન્ય વિદ્યાર્થીગૃહોમાં હોય છે તેમ જ હતું.

તે સંસ્થાને ઘણાં વરસો થયાં છે; એટલે તે સંસ્થામાંથી બહાર નીકળેલા વિદ્યાર્થીઓ સંસાર માંડે છે; પણ તેઓ પોતાને ત્યાં રજામાં આ સંસ્થાનાં બાળકોને બોલાવે છે અને શિક્ષણ પૂરું થયા બાદ ધંધામાં લગાડે છે. જૂના વિદ્યાર્થીઓનો સંસ્થા પ્રત્યેનો આવો સહકાર ખાસ ધ્યાન ખેંચે એવો છે.

ઘણાં બાળકોનાં માબાપ જીવતા હતા; પણ કોઇએ છૂટા છેડા લીધેલા તો કોઈના ઘરમાં રાખવાની સગવડ ન હતી; તો વળી બીજે કોઇ સ્થળે બાઇ વિચિત્ર વર્તનની અને ભાઇ દારૂડિયા હોવાથી ઘેર બાળકોનું શિક્ષણ શકય બનતું નહિ. આવાં ઘણાં બાળકો ત્યાં આવતાં. મોટે ભાગે બધાંનો ખર્ચ એમનાં કુટુમ્બીઓ જ આપતા; થોડાકનો જ ખર્ચ સરકાર આપતી.

તેના ગૃહપતિ ખૂબ જ વિદ્વાન અધ્યાપક છે અને પદવીધારી છે; વળી ઇતર શિક્ષિકાઓ પણ સમજદાર હતી.

આ મુખ્ય સંસ્થા સાથે એક બીજી નાની સંસ્થા, વિકૃત બાળકો માટે હતી. ત્યાં જે બાળકોનું વર્તન ઘરમાં વિચિત્ર અથવા વિકૃત હોય એવાં ૩ થી ૧૦-૧૨ વરસ સુધીનાં બાળકોને રાખવામાં આવતાં. એમની સંભાળ રાખવા માટે રાત દિવસ એક મેટ્રન રહેતી. તેમનું જમવાનું, રમવાનું, ઉદ્યોગ વગેરેનું કામ ત્યાં જ થતું. ડોકટર આવી બાળકોને તપાસી જતા; મેટ્રન પાસેથી ચોવીશ કલાકનો અહેવાલ સાંભળી જતા અને કોઇ કોઈ બાબતમાં વધુ અવલોકનની સૂચના આપી જતા. ત્યાં દરેક બાળકને બોલાવી તેની પરીક્ષા કરવામાં આવતી.

ઘણાં બાળકો ત્રણ માસમાં જ સારાં થઈ જતાં. વધુમાં વધુ ૬ માસ એમને ત્યાં રાખવામા આવતા; એટલા જ સમયમાં જો બાળક સારું ન થાય તો તેને એના માબાપને ત્યાં પાછું મોકલે અથવા તો બીજે કોઈ સ્થળે ઉપચાર અર્થે મોકલે. વળી જરૂર લાગે તો કોઈ ડોકટરની સહાય લેવાની સૂચના પણ વાલીઓને આપવામા આવતી.

કેટલાક બાળકોની વિકૃતિ એના ઘરના વાતાવરણને આભારી હોય છે. એ અહીં જલદી સારાં થઈ જાય છે. પરંતુ પાછાં ઘેર જાય ત્યારે હતું એમ જ થવા માંડે છે. જ્યારે પછી એ સામાન્ય બાળક જેવાં બની જાય છે ત્યાર બાદ એને બીજે સ્થળે અથવા મિત્રમંડળને ઘેર મોકલી આપવામા આવે છે.

(૨)

સ્વિટ્ઝર્લેંડમા એક બીજી સંસ્થા જોઈ અને તે બહેરાં, મૂંગા બાળકોની; તે કોન્વેન્ટની સંસ્થા હતી અને લ્યુસર્નની પાસેના ગામમા હતી. તેના ફાધરને ખૂબ જ વિદ્વાન અને સેવાભાવી જોયા. અમે ગયાં ત્યારે ત્યાં એક બીજા જર્મન વિદ્વાન આવ્યા હતા. બહેરા-મૂંગાઓ માટે લખવાનું, વાચવાનું અને બોલવાનું શીખવવા માટેની નવી પદ્ધતિ ત્યા અજમાવવામા આવતી હતી. ચિત્રોનો, ભીંત ઉપરના પાટિયા ઉપર લખેલા શબ્દોનો અને વાકયોનો ઉપયોગ વધારે કરવામા આવતો હતો. કાનથી સાભળી શકતા નહિ એટલે સ્વાભાવિક રીતે આંખથી જોવાની વાત ઉપર અને સમજવા ઉપર વધુ ભાર મૂકવામા આવતો. પ્રથમ પ્રત્યક્ષ વસ્તુ લાવીને નાટક કરીને બતાવી, પછી ચિત્રો બતાવ્યાં; પછી શબ્દો લખી બતાવ્યા; અને છેવટે ઉચ્ચાર કરવાનું અને કરાવવાનું કામ—આવો ક્રમ જણાયો એક વર્ગમા એક ગૃહસ્થ પ્રવાસ માટે હાથમાં સૂટકેસ લઇને એનું નાટક કરતા હતા. ચિત્રો પણ હતા. શિક્ષક ખૂબ જ મહેનત કરીને, પૂર્ણ શ્રદ્ધા રાખીને, સમજીને આ પદ્ધતિ ચલાવતા હતા એમાં કાઈ શંકા જ નહિ. જર્મન અધ્યાપક પણ ખૂબ જ ઉત્સાહી અને પોતે જાતે ભાગ લેતા હતા. તેમણે પોતે બહેરાંઓના વર્ગમાં જાતે શિખવીને પ્રયોગ કરી બતાવ્યો.

કોન્વેન્ટનું શિસ્ત, સ્વચ્છતા, વ્યવસ્થા, સાવધાનતા, ત્યાગ, બાગ બગીચાનો શોખ દેખાઈ આવતો; અને તેમા સંપૂર્ણ શાસ્ત્રીય પદ્ધતિથી શીખવાતું હતું એટલે ત્યાં ઘણું જોવા જેવુ હતું. માનસપરીક્ષાના બે અધ્યાપકો એની વાત કરતા હતા અને ચારિત્રયઘડારણના વિકાસમા એનો કેવો ઉપયોગ થઈ શકતો હતો તે અમને સમજાવતા હતા.

શિસ્ત અને વ્યવસ્થા સુંદર હતાં. આખું વાતાવરણ અત્યંત આહલાદજનક હતું. બધા શિક્ષકો અને બાળકો સાથે જ કામ કરતા હતા, અને આનંદ લૂંટતા હતા. આ પ્રસંગે બે લોકોએ અમને જમવા આમંત્ર્યા. એમના બાગના સફરજનનો રસ, જાતે બનાવેલી કેક વગેરે વસ્તુઓ લાંની જ બહેનોએ અમારે માટે તૈયાર કરી હતી અને અમને કેવી લાગે છે? ગમે છે કે નહિ, એ વારે વારે પૂછ્યા કરતી.

આ પ્રમાણે આખો દિવસ ખૂબ જ આનંદમાં અને કૌટુમ્બિક પ્રેમાળ વાતાવરણમા કાઢી સાજે અમે લ્યુસર્ન પાછા આવ્યા. ત્યા સુપ્રિન્ટેન્ડન્ટ અમને લેવા અને મૂકવા જાતે જ પોતાની મોટર થઈ આવ્યા હતા. આવી સેવાવૃત્તિવાળા કાર્યકરો હોય ત્યાં સંસ્થાનું વાતાવરણ કાઇ ઓર જ થઈ શકે છે એની છાપ મારા મન પર ખૂબ ઊંડી પડી.

(૩)

ડેન્માર્કમા લોકશિક્ષણ માટે ખાસ શાળાઓ ચાલે છે એ વિષયમાં ખૂબ સાંભળ્યું હતું. એટલે ત્યાં જઈને અમે આ વાત માટે તપાસ કરી. ત્યારે પ્રથમ વાત એ જણાઇ કે (Folk School) એ શબ્દ વિષે થોડોક ગોટાળો ચાલે છે. આપણે ત્યાં સાત ધોરણ સુધીની જેવી શાળાઓને જ એ દેશમાં 'લોકશાળા' કહે છે. આથી અમે જ્યારે લોકશાળા જોવા માટે કહ્યું ત્યારે અમને આવી

જુદી જુદી પ્રાથમિક શાળા બતાવવામાં આવી. પણ છેવટે અમે જોવા માગતા હતા એવી એક શાળા જોવાની મળી. ખરી રીતે તો અમે ગયા ત્યારે આ શાળા બંધ હતી. ઠંડીમાં ચાલુ થાય છે. જ્યારે ખેતી અને બીજાં કામો ઓછાં થાય છે અને ઘરમાં વધુ વખત કાઢવાનો હોય છે ત્યારે આ ગ્રામશાળાઓ કામ કરે છે. પરંતુ જ્યાં આવી સંસ્થા ચાલતી હતી ત્યાં એક સંસ્થા જોવાની મળી.

આ દેશમાં આપણે ત્યાં છે એટલું અજ્ઞાન અને નિરક્ષરતા જરા પણ નથી. પ્રાથમિક શિક્ષણ મેળવીને જેમ ખેતીવાડી અને ઇતર કામમાં પડે એટલે ગામડામાં જેમ શીખેલું ભૂલી જાય છે અને ફરી જ્ઞાનમાં પ્રગતિ કરતા નથી એવી ખરાબ દશા અને અજ્ઞાન આ લોકોમાં પણ હતાં. અર્થાત્ ઇતર જ્ઞાન, વિજ્ઞાન અને રાજકીય, સામાજિક વિચારમાં રોજ પાછળ રહી જતા. એટલે આ સંસ્થામા ૬ મહિના પોતાનો ખર્ચ આપી રહીને ભણવાનું અને ગમે તે વિષયો શીખવાના એવી વ્યવસ્થા રાખી છે. સાધારણ રીતે ભાષા, ઇતિહાસ, સમાજ-શાસ્ત્ર વગેરે વિષયો અહીં શિખવવામાં આવે છે. અહીં એક મોટી લાઇબ્રેરી પણ છે. એક જમીનદારે આ કામ માટે મોટી જમીન પણ ભેટ આપી છે.

અહીં આ બધાંએ સાથે રહેવું, વ્યવસ્થિત-પણે જમવું, બેસવું, ઊઠવું, વાતચીત કરવી. આ બધી બાબતોને બહુ મહત્ત્વનું સ્થાન આપવામા આવે છે. પોતાનો ધંધો ૬ મહિના બંધ કરવાનો અને પોતાને ખર્ચે અહીં રહેવા આવાનું એટલે આ કામદારો મૂળ દિવસ સુધી પૈસા બચાવે છે. આ બધા મોટે ભાગે ખેડૂતો અને કામગાર વર્ગના હોય છે. એટલે અહીંથી ભણીને જશે તો એમને વધુ પગાર મળશે એવી ભાવના હોતી નથી. માત્ર જ્ઞાનપિપાસા અને વધુ સંસ્કાર માટે જ આ લોકો આ ગ્રામવિદ્યાલયમાં આવે છે. પરંતુ એની શરૂઆત તો એકાદ સેવાભાવી માણસે અત્યંત મહેનત કરીને કરી હોય છે. પછી ધીમે ધીમે તો સારા સારા શિક્ષિતોની અને જમીનદારોની નજર પણ એના તરફ ગઇ છે. એટલે તો આ કામો માટે ગામડાંઓમાં મોટાં મોટાં મકાન આપવામાં આવ્યા છે. અહીં કાર્યકર્તાઓ, અધ્યાપકોનો પગાર સરકાર આપે છે. પરંતુ રહેવા, ખાવાનો ખર્ચ તો વિદ્યાર્થીઓએ જ કરવાનો હોય છે. ગામડાની અભણ પ્રજાને સુશિક્ષિત વિચારોમાં પ્રગતિશીલ કરી એમનામાં વિદ્યાવ્યાસંગ લાવવાનો આ એક સુંદર પ્રયોગ છે.

આપણે ત્યાં ગુજરાતમાં વેડછી, મઢી બાજુ ઉનાળામાં રાનીપરજ જેવા લોકોને માટે અને માસ કરીને સ્ત્રીઓને માટે આવી શિબિરો ચલા-વવામાં આવે છે. આપણા દેશમાં એ જ રીતે આપણે કામ કરવું જરૂરી છે. ડેન્માર્કમાં જઈને ત્યાંની માત્ર સંસ્થાઓ જોઇ આવવાથી કાંઈ આપણે ત્યાંના અજ્ઞાનસાગરને તરી પાર કરી શકવાના નથી. પરંતુ એ માટે આવાં સ્થળોમાં ૨૫/૨૫ વર્ષો રહીને જેમણે કામ કર્યું છે એ જ લોકો આપણને સાચો માર્ગ દાખવી શકશે એમા શંકા નથી.

તારાબેન મોડક

હીંચકો

હીંચકાનું બરું નામ ઝૂલો છે. ઝૂલાની શોધ હાથીની અંબાડી ઉપરથી થઇ હોય એમ લાગે છે. અંબાડીમાં બેઠા હોઇએ, હાથી મંદ ગતિએ ચાલતો હોય ત્યારે અંબાડી આમ તેમ ઝૂલતી હોય છે. અંબાડીમાં બેઠેલાંઓ જાણે ઝૂલતાં હોય એમ લાગે છે. લોકોએ ઝાડની ડાળને ઝૂલતી દેખીને ઝાડે હીંચકો બાંધીને હીચકવાનું શરૂ કર્યું હશે. વડલા પર લટકતી વડવાઇઓના બે છેડા બાંધીને કુદરતી ઝૂલો લોકોએ જ શોધી કાઢયો હશે.

રામાયણના કાળમા હરદ્વાર પાસે 'લક્ષ્મણઝૂલા' છે. લક્ષ્મણજી વડની વડવાઇઓ પકડીને તેનો ઝોલો લઇને ગંગા નદીને પેલે પાર પહોંચી ગયા હતા. તેના ઉપરથી લક્ષ્મણઝૂલા

નામ પડેલ છે. આજે તો ત્યાં છેલ્લી ઢબનો લોખંડનો ઝૂલો છે.

ધીમે ધીમે લોકો ઝાડ પરથી ઝૂલાને ઘરમાં લાવ્યા. ઘરના ઝૂલાને ખાટ, હીંડોળો કહીએ છીએ. આ રીતે હીંચકાની શોધ કુદરતમાંથી થઇ છે; તેથી આ સાધન શાસ્ત્રીય છે તેમ કહી શકાય છે. વળી નાનાં બાળકોને ઘોડિયામાં ઝૂલવું ગમતું જ હોય છે. મોટા થયેલ બાળકને કૂદવું, દોડવું, ચડવું, લપસવું ગમે છે તેમ ઝૂલવાનું પણ ગમે છે.

હીંચકે હીંચકવાથી બાળકને અનેરો આનંદ આવે છે. સાવ નાનાં બાળકો પોતાની મેળે હીંચકી શકતાં નથી. સહેજ મોટાં બાળકો બેસીને કે ઊભા રહીને પોતાની મેળે હીંચકા ખાય છે ત્યારે તેના આનંદમાં વધારો થાય છે.

શાળામાં કે ક્રીડાંગણમાં બાળકોની ઉંમરનો ખ્યાલ રાખી હીંચકાની ઊંચાઇ, હીંચકાની બેઠકની જમીનથી ઊંચાઇ, હીંચકાની પહોળાઇ વગેરેનું ધ્યાન રાખવું જોઇએ. સાત વર્ષની ઉંમર સુધીનાં બાળકો માટે લગભગ ૬ થી ૮ ફૂટ ઊંચાઇ રાખવી. હીંચકાની બેઠક જમીનથી એકાદ ફૂટ અથવા દોઢ ફૂટ ઉંચી રાખવી. સાવ નાનાં માટે હીંચકાની બેઠક ખુરશી જેવી રાખવી. સાત વર્ષથી મોટી ઉંમરનાં બાળકો માટે ઊભાં રહીને હીંચકા ખાઇ શકે તેવી બેઠકની ગોઠવણ કરવી જોઇએ.

હીંચકો એવું સાધન છે કે તેને બાળક સ્વયંશ્રમથી ગતિમાં લાવી શકે છે, અને ગતિને ઓછી-કરી શકે છે. બેસીને જમીનને પગ ટેકીને હીંચકો ચલાવી શકે છે. ઊભા રહીને પગથી હીંચકો ચલાવી શકે છે ને તેને વધુ ઓછી ગતિ આપી શકે છે. તેથી હીંચકો એ શરીરના લગભગ બધાં અવયવોને કસરત આપી શકે છે

હીંચકો ચલાવવા માટે અને ચગાવ્યા પછી બાળકને ઘણો જ કાબૂ રાખવો પડે છે. પગને બેઠક પર બરોબર ટેકવી રાખવા પડે છે. હાથથી સાંકળ કે દોરડું બરોબર ઝાલી રાખવું પડે છે. શરીરને જે તરફ ઝોલો આપે તે તરફ નમતુ રાખવું પડે છે. આ રીતે હાથ, પગ અને ઊભા ઊભા હીંચકા ખાવાથી પેટને પણ કસરત મળે છે. હીંચકાનું સાધન દરેક શાળામા, બાલ-મંદિરમા અને ક્રીડાગણુમાં રાખવાની પ્રથમ જરૂર છે.

શામજી કા. જમોડ

સામાજિક દુર્ગુણ

સામાજિક દુર્ગુણો કયાંથી આવે છે? તેને માટે જવાબદાર કોણ? આ પ્રશ્ન વિચારતા અનુભવે જણાય છે કે બરોબર આ માટે મા-બાપો જ જવાબદાર છે. મા-બાપ થવાની ગંભીર જવાબદારી સમજ્યા વગર મા-બાપ થઈ બેઠેલા હજારો યુવાન-યુવતી જાણે કે અજાણે બાળકમા અસામાજિકતાનાં મૂળ નાખે છે. આ વાતને સ્પષ્ટ કરતો એક પ્રસંગ નીચે ટાંકું છું.

બે ભાઇઓ હતા. બન્ને ભાઈ જુદા રહે છે પણ પડોશી તરીકે મોટા ભાઇને એક છોકરી છે; નામ મીનાક્ષી. આજે કાકા રજાઓમાં આવ્યા છે. આવતી કાલે બન્ને કુટુંબે ભેગા જમવું એમ ઠરાવ્યું છે. શ્રીખંડ બનાવવા દૂધ લાવ્યા. મીનાક્ષીની બાએ બાસુંદી પોણો શેરેક દૂધ કાઢી, બીજામાં છાશ નાખી નાના ભાઇને ત્યા મોકલાવ્યું. મીનાક્ષી ઘરઘર રમતા આ જુએ છે. બપોરની ચહાની વખતે કાકા ચહા પીવા આવે છે ત્યારે ભાભી કહે છે કે દૂધ નથી. ત્યાતો મીનાક્ષી બોલી ઊઠે છે, "ના, કાકા; મારા બાએ શેર દૂધ રાખ્યું છે. જુઓ આ કબાટમા!" કાકા સમજી ગયા. એમણે ચહા પીવાનું માડી વાળ્યું; પણ એટલું બોલ્યા "જૂઠું બોલવામા શો કાયદો?"

મીનાક્ષીને જૂઠું બોલતાં નહોતું આવડતું. તે બિચારી તદ્દન નિર્દોષ હતી. છતાં તેની જૂઠી માએ, સાચું બોલવા બદલ એને ખૂબ મારી. બિચારી મીનાક્ષી કેવી ભયંકર મનોદશામાંથી પસાર થઈ રહી છે? બાપુજીને ખબર પડતાં મીનાક્ષીના દેખતાં બાને માર પડે. બિચારા કુમળા મગજ ઉપર આની કેવી ભયંકર અસર થાય! બાળકો ઉપર થતા આવા ભયંકર અત્યાચારો કયારે શમશે?

આપણે ઘૂમો મારીએ છીએ કે "કાળાં બજાર ખૂબ થાય છે." "અમલદારો ખૂબ લાંચ લે છે." "ગઈ કાલના સેવકો આજે ભક્ષક બન્યા છે." વગેરે વગેરે. પણ આ બધાનું મૂળ નાનપણના સંસ્કારો છે. પોતાના લાભ ખાતર જૂઠું બોલાય! બાળકને કંઈ ખાવાનું આપ્યું હોય તો બા કહે છે; "ઘરમાં બેસી ખા." બારેક, કોપરું લઈને બહાર રમવા જાય તો બા કહે, "કોઈને આપતો નહિ હોં!" આ જ સંસ્કારો બાળકને બીજાને સુખ માટે ભલેને બીજાનું સર્વસ્વ લૂંટાય તેમાં તેને શું?

સાચી બાલકેળવણી વેર અને ઈર્ષાથી પીડાતી દુનિયાને પ્રેમના માર્ગે દોરશે. બાલશિક્ષકોનું કાર્ય એક રીતે સમાજસુધારાનું કાર્ય છે. પણ તે કાર્ય ચાર કે પાંચ કલાક બાલમંદિરમાં બાળકોને રાખવાથી નહિ બને. તે માટે શિક્ષકે શેરીએ શેરીએ ઘૂમવું પડશે. દરેક મા–બાપના સંસર્ગમાં આવવું પડશે. તેમ કરતાં અપમાનો પણ વેઠવાં પડશે. આજે દરેક શહેરમાં અને ગામડામાં બાલમંદિરો સ્થપાયાં છે અને સ્થપાય છે. તે બાલમંદિરો વેપારીની હાટડીનું સ્વરૂપ ન પકડે અને સાચે જ તે સાચી દિશાએ પ્રગતિ કરે તો સહકારી સમાજ કે સર્વોદયનું સ્વપ્નું ઘણું દૂર નથી. બાલશિક્ષક એ સમાજશિક્ષક છે અને તેની ફરજ સંપૂર્ણ ભાનથી ને પ્રેમથી એણે બજાવવી જોઈએ.

દુઃખે દુઃખી થતો નાગરિક કેમ ન બનાવે? પોતાના

ગોવિંદ યાજ્ઞિક

બાલમંદિરમાં ભાષાશિક્ષણ

[લેખાંક ૧૦ મો : પ્રતીકોની રમતો : અવ્યયો]

આગળ આપણે નામયોગી અને ઉભયાન્વયી અવ્યયોનાં પ્રતીકોની રમતો વિચારી લીધી. આ લેખમાં ક્રિયાવિશેષણ અવ્યયોની રમતો કેવી રીતે યોજી શકાય તે જોઈશું.

ક્રિયાવિશેષણ અવ્યય : રમત ૧ લી

હેતુ : મૌખિક કક્ષામાં ક્રિયાવિશેષણના ઉપયોગથી ક્રિયાઓ કેવી રીતે નિશ્ચિત કરવી પડે છે તેનો ખ્યાલ બાળક પાસે કંઈક અંશે પહોંચી ગયો છે. હવે પ્રતીકોની રમતમાં એ જ ખ્યાલ વધારે સ્પષ્ટ કરવાનો આપણો હેતુ છે. ક્રિયાવિશેષણની પહેલી રમતમાં બાળકની વાચનની આવડતનો લાભ લઈને ક્રિયાવિશેષણનું કાર્ય સ્પષ્ટ કરી શકાય છે.

સાધનો : ૪" × ૧" પૂંઠાંની જાડી પટ્ટીઓ લેવી. તેના પર નીચે ક્રિયાવિશેષણવાળાં વાકયો લખવાં. એવાં છ વાકયોના સેટનો એક નમૂનો નીચે આપું છું; પરંતુ એ પ્રકારના વધારે સેટસ જરૂર પ્રમાણે બનાવી લેવા.

નીલા	ઝડપથી	ઊઠી.
ફૂલદાની	ત્યાં	મૂકો.
બારમાસીને	હંમેશ	ફૂલો આવે છે.
નીના	થોડું	ખસી જા.
મીનુ	ધીમે ધીમે	ચાલે છે.
રામ	હવે	બોલશે.

આ પ્રકારનાં વાકયો, ઉપર જણાવ્યા

મુજબ ૪" × ૧" પટ્ટી પર લખવાં. એમાંના ક્રિયાવિશેષણો નારંગી રંગની શાહીથી લખવાં. પછી ઉપર બતાવ્યા મુજબ પટ્ટીને કાપીને શબ્દો છૂટા પાડવા, અને એક ડબ્બીમાં મૂકવા.

પૂર્વતૈયારી:

ક્રિયાવિશેષણની મૌખિક રમતો બાળકને આપી હોય તો આ રમત માટે બાળક તૈયાર થયું એમ ગણવું

રજૂઆત:

શિક્ષક ઉપર જણાવેલી ડબ્બીમાંથી પ્રથમ નામો જુદાં કરે અને એકની નીચે એક એ રીતે ગોઠવે. પછી બાળકને બધાં ક્રિયાપદો જુદાં લઈ લેવાનું સૂચવે, અને દરેક નામની આગળ એક જગા છોડીને ગોઠવવાનું સૂચવે છે. પછી નારંગી શાહીથી લખેલા શબ્દોને ઉદ્દેશીને બાળકને સમજણ આપે: આ શબ્દો ક્રિયાવિશેષણો કહેવાય; એ શબ્દો ક્રિયાને માટે કઈંક કઈંક કહે છે. તેની યોગ્ય જગા હવે આપણે શોધીએ. તેની જગા શોધવા માટે આપણે ક્રિયાઓ બાબત પ્રશ્નો પૂછવા પડે. દા. ત.

નીલા	**?**	**ઊઠી**

'**ઊઠી**' એ ક્રિયાપદ છે, તેના સંબંધમાં ઘણા પ્રશ્નો પૂછી શકાય. જેવા કે 'કેવી રીતે ઊઠી?' 'ક્યાં ઊઠી?' 'ક્યારે ઊઠી?' અને જે શબ્દોથી આનો ચોક્કસ જવાબ મળે તે શબ્દ વચ્ચે ગોઠવવો. એ જ રીતે બધા શબ્દો ગોઠવીને વાક્યો પૂરાં કરવાં. એકાદ વખત શિક્ષક બતાવે; પછી બાળકો પોતાની મેળે એવાં વાક્યો બનાવશે.

રમત બીજી

હેતુ: ક્રિયાવિશેષણનું પ્રતીક રજૂ કરવું અને સાથેસાથ તેના કાર્યની સ્પષ્ટતા માટે બાળકને અવકાશ આપવો.

સાધનો: ઉપર બતાવ્યા મુજબ છ વાક્યોના સેટના શબ્દોની કાપલીઓ જોઈએ. પરંતુ આ કાપલીઓમાં પણ ક્રિયાવિશેષણો, નારંગી રંગે લખવાં. બીજું, નીચે મુજબ એક ચાર્ટ બનાવવો. ૭॥" × ૭॥" ના પૂંઠાની વચ્ચોવચ્ચ એક ૧॥" વ્યાસવાળું લાલ કાગળનું વર્તુળ ચોંટાડવું. એ વર્તુળના મધ્ય બિંદુથી ૨॥" ની ત્રિજ્યાવાળું એક પેન્સિલનું વર્તુળ દોરવું. એ વર્તુળના પરીઘ પર સરખા અંતરે ૧" વ્યાસવાળા ૯ નારંગી રંગનાં છૂટાં, કાગળના વર્તુળો ચોંટાડવાં. પછી એ નાનાં વર્તુળોના મધ્ય બિંદુઓ અને મધ્યમાં રહેલા મોટા વર્તુળના મધ્ય બિંદુ સાથે પેન્સિલની લીડી વડે જોડી દેવા. દરેક લીટી પર નીચે મુજબ એક પ્રશ્ન લખવો. ક્યારે?, ક્યારથી?, ક્યાં સુધી?, કેટલી વાર?, ક્યાં?, ક્યાંથી?, કેવી રીતે?, કેવું, કેવો, કેવી, શાને લીધે?

પૂર્વતૈયારી:

ક્રિયાવિશેષણની રમત નં ૧ આવડી જોઈએ.

રજૂઆત:

બરી રીતે રમત નં ૬, આ રમત નં ૨ની પૂર્વતૈયારી જ છે. એમાં પ્રથમ શબ્દોની કાપલીઓમાંથી બાળકો વાક્યો બનાવે; પછી ક્રિયાપદ મોટા વર્તુળમાં મૂકી તેને અનુસરીને જુદા જુદા પ્રશ્ન પૂછે અને નારંગી રંગમા લખેલા ક્રિયાવિશેષણનું સ્થાન નક્કી કરે. દા.ત. કે પહેલું વાક્ય છે

વિમળાબેન	**સરસ**	**ગાય છે.**

એ વાક્યનું ક્રિયાપદ પ્રથમ મોટા વર્તુળમા મૂકવાનું; પછી પૂછવાનું કે વિમળાબેન કેવું ગાય છે? જવાબ મળશે: સરસ ગાય છે. એટલે સરસ શબ્દની કાપલી ઉપાડીને તે કેવું ગાય છે એ પ્રશ્નની સામેના નારંગી વર્તુળ ઉપર મૂકવી એ રીતે બધાં વાક્યોની રમત રમવી. નારંગી વર્તુળોનાં નાનાં પ્રતીકો ક્રિયાવિશેષણ ઓળખવા માટે આપણે હવેથી વાપરશું, એવું સૂચન કરવું.

રમત ૩જી

હેતુ : પ્રતીકોનો ઉપયોગ કરીને ક્રિયાવિશેષણો ઓળખવાં.

સાધનો : ક્રિયાવિશેષણ અને તેની સાથે નામ, વિશેષણ, ક્રિયાપદ, નામયોગી અવ્યય, ઉભયાન્વયી અવ્યય વગેરેનો ઉપયોગ કરીને વાક્યો લેવાં. ૬" × ૪" ના પૂંઠાં પર એ વાક્યો સારી રીતે લખી શકાય છે.

શરુઆતમાં નાનાં વાક્યો લેવાં અને જેમ પ્રગતિ દેખાય તે રીતે વાક્યો મોટાં કરીને બાળકને યોગ્ય સહકાર આપવો. એવાં વાક્યોના પૂંઠાંની સાથે બધાં પ્રતીકોની ડબ્બીઓમાં નારંગી વર્તુળો જે ક્રિયાવિશેષણનાં પ્રતીકો છે તેની એક ડબ્બી વધારવી.

પૂર્વતૈયારી :

રમત નં ૧ અને નં ૨ આવડે એટલે જોઈતી પૂર્વતૈયારી થઈ છે એમ ગણી શકાય.

રજૂઆત :

એક પૂંઠું લઈને તેના પરનો એકેક શબ્દ વાંચીને, તેનું સ્વરૂપ ધ્યાનમાં લઈને, તેનું પ્રતીક તે શબ્દની નીચે કેવી રીતે ગોઠવવું તે પ્રથમ શિક્ષક બતાવે; પછી બાળકો એ જ રીતે રમે.

મીરાં અને મંજુ જોરથી મંજીરા વગાડતા હતા.
Δ ∞ Δ ○ Δ O
ટેબલ પર મોટી ફૂલદાની જલદી મૂકો.
Δ + Δ Δ ○ O

આગળ પ્રગતિ :

ઉપરનાં વાક્યો બાળકોને લખાવવાં અને પોતાની રંગીન અથવા સાદી પેન્સિલથી પ્રતીકોનાં ચિત્રો કરીને બાળકોને શબ્દોનું પૃથક્કરણ કરવાનું બતાવવું.

ઉંમર : ૫॥ થી ૬॥ વર્ષ.

શેષ નામલે

ગ્રામ વિદ્યાપીઠ

(સપ્ટેમ્બર અંકથી ચાલુ)

"એમ, ત્યારે આ તો તમારી સહકારી ખેતી."

"હા. સાતમી પાસ થયા પછી હું સહકારી બેંકમાં કામ શીખવા જોડાવાનો છું. અમારી આસપાસનાં આ બધાં ગામો લેવાં છે ને અમારામાં ભેળવવાં છે."

"ગામ લેવાં છે એનો અર્થ શો?"

"એનો અર્થ એમ કે સાતમી પછી અમારા વિદ્યાર્થીઓ ગામના કાર્યકર્તા બને છે. તેઓ કામ પણ કરે છે અને સાથે સાથે શીખતા જાય છે. જેવી ભાગની વ્યવસ્થા અમારી શાળામાં છે તેવી વ્યવસ્થા તેઓ ગામવાળાની કરે છે. આજ આ પાંચ ગામ અમારાં છે. એને અમે સુગ્રામ કહીએ છીએ.

વાતો કરતાં કરતાં અમે સાવ છેવાડે આવ્યાં. ત્યાં પાકાં, છાપરાનાં જરા સારાં દેખાતાં એવાં થોડાં ઘર દેખાયાં. મને બતાવવા આવેલો શંકર બોલ્યો:–

"આ અમારું બાલઘર."

એ વળી શું હશે તે જાણવા હું કુતૂહલથી જોવા લાગી.

ત્યાં બે વિભાગ દેખાયા.

એક ઓસરીમાં પારણાં ને ઝોળીઓ હતી. બીજી ઓસરીમાં થોડાં મોટાં બાળકો રમતાં હતાં. સામાન્ય રીતે ત્રણ ચાર મહિનાથી દોઢ બે વર્ષ સુધીનાં ૧૧–૧૨ બચ્ચાં પારણામાં સૂતાં હતાં ને ૨૦–૨૨ સાદડી પર રમતાં હતાં

મને જરા નવાઈ લાગી. મિલો અને કાર-

આ સિવાય બગીચામાંથી જે પ્રમાણે ટમેટાં, પપૈયાં વગેરે તૈયાર થાય તે પ્રમાણે આપવામા આપવામાં આવે છે. પણ તેમની શાળાની સાથે આ સવાલ પૂછ્યો તેના ઉત્તરમાં શંકરે તેનો ઇતિહાસ સુંદર રીતે કહી બતાવ્યો.

શરૂઆતમા તો આ લોકોને ફક્ત પ્રાથમિક શાળા ને બાલવાડી જ ચલાવવી હતી. પણ ઘણાં છોકરા છોકરીઓને પોતાના નાનાં ભાંડુંઓને ઘેર સંભાળવાનુ કામ રહેતું. તેઓ અહીં આવી શકતા નહીં. અમારી મોટીબેને (નિક્ષિકાએ) તેમને પણ અહીં સાથે લાવવાનું જણાવ્યુ. આપણે તેમની સંભાળ રાખશું તેમ પણ તેમણે કહ્યુ. નાના ભાડુઓને તેઓ કેડમા ઘાલીને ત્યા લાવવા લાગ્યા, પણ પેલા કેડમાથી નીચે ઊતરતા જ નહિ, એટલે પછી મોટીબેને આ પારણાની રમતો ભેગી કરી. દૂધની પણ વ્યવસ્થા કરી ને આ ઝૂંપડી પણ જુદી બાંધી. આ જગ્યાએ ધ્યાન આપવું એ પણ અમારા અભ્યાસમાનું એક અંગ છે એમ અમને જણાવ્યું. જેમને નાના ભાંડુઓ ન હતાં તેમને આનાથી ગુસ્સો આવ્યો. એમના મોટેરાઓએ પણ વાંધો ઊઠાવ્યો પણ હવે સૌના મનનું સમાધાન થઇ ગયું છે. બીજી પણ કેટલીક સ્ત્રીઓ પોતાના બાળકો સવારે અહીં મૂકી જાય છે ને સાજે પાછા લઈ જાય છે. અહીં તેમની તબિયત સારી રહે છે. નથી તેમને ગુમડાં થતા, નથી આંખો આવતી, નથી માથામા જૂ પડતી. શરૂમા તો મોટીબેન પોતે જ બાલઘરનું ધ્યાન રાખતા. અમારામાંથી એક વર્ગ વારાફરતી અહી આવે છે. હવે તો બધું બરાબર જ વ્યવસ્થિત થઈ ગયું છે. કારણ બીજી જ્યારે વાડીકામમા જાય છે ત્યારે બાળઘરની ટુકડી અહીં આવે છે. બે ટુકડીઓ સવારે બપોરે અહીં આવે છે. એની વચ્ચેના સમયમા કોઇ ગમેખુશીથી ને કોઇ વારા પ્રમાણે અહીં રહે છે. મોટીબેને અમને કહ્યું છે કે બાલઘરનું કામ સૌએ શીખવાનુ જ છે અને ઘેર જઈને પણ પોતાના નાના ભાઈભાડુઓને આ રીતે જ

ખાનાઓમાં આવાં ઘોડિયાંઘર મેં જોયા હતા. બાલકલ્યાણ પ્રદર્શનોમાં સુંદર જાતના પારણાં ને તેની વ્યવસ્થા મેં જોઈ હતી. પણ અહીં આ દેખાવ સાવ જુદો જ હતો. ઉપરાંત બાજુમાં કયાંય કારખાનાં પણ દેખાતાં ન હતા.

અંદર એક નાના બાટલા પર દસ બાર વરસની એક છોકરી બીજાનું પુસ્તક લઇને વાંચતી હતી. તેની બાજુમા પડેલા કબજા ટમા એક ઢાંકેલી તપેલી, વાટકીઓ, દૂધની ઝારીઓ વગેરે દેખાતું હતું. થોડાં મોસંબી ને ટમેટા પણ દેખાતાં હતાં.

સામેની ઓસરીમાં જ્યાં છોકરાંઓ રમતાં હતાં ત્યાં ૧૨–૧૨ વરસનાં બે છોકરાઓ દેખાયા. તેઓ પણ પેલાં છોકરાંઓની સાથે રમતા હતા. અંદરના ઓરડામાં એક બે બાઇઓ ને કેટલીક મોટી છોકરીઓ સૂતી છે એમ મને–શંકરે કહયું. હું મનમાં બોલી, "અહીંઆં બપોરે સૂવાનું માહત્મ્ય ભારે જબરું લાગે છે."

ચાર પાંચ છોકરાંઓને વાસના કઠોડા બાંધેલા કમ્પાઉન્ડમાં જોયાં. તેઓ બે વાંસ પર ચડતાં હતાં. નીચે થોડા કોથળા પાથર્યા હતા. તેની પર કેટલાંક આળોટતા હતાં. ભરેલા કોથળાની થપ્પીઓ ગોઠવી હતી તેના પર પણ કેટલાંક ચડતાં ઊતરતાં હતાં. કયાંક કયાક બે જણા દડેથી રમતા હતા. એક બીજા એક બીજાને દડા મારતા હતા, તેમ જ કહોને?

જરા દૂર ગયા ત્યાં તેમની ખાવાપીવાની વ્યવસ્થા દેખાઈ. ચોખાના પાપડ ને થોડુ દૂધ તેમને આપવા માટે રાખવામાં આવ્યું હતું. એમ પણ જાણ્યું કે કયારેક બંટીની ભાખરી પણ આપવામાં આવે છે. આ અનાજ દરેકને ઘેરથી પહોંચાડવામાં આવે છે. વારાફરતી છોકરાંઓની માતાઓ રાંધવા આવે છે. અધું દૂધ સંસ્થા તરફથી તેમને આપવામાં આવે છે. બલબત્ત જેઓ ભાગીદારો છે તેમની સંમતિથી જ આ બધું બને છે. અર્ધાના પૈસા માતાઓ આપે છે.

રાખવાનાં છે. શરૂઆતમા તો આવી વાતોથી મશ્કરી થઈ પણ હવે તો ગામનાં બધાં જ લોકોને આ વસ્તુ ખૂબ જ ગમવા લાગી છે. મોટી બેન તો ગામના લોકોને કહે છે કે પિતાઓએ પણ આ બધી વસ્તુઓ અહીં આવીને શીખી લેવી જોઇએ. માતાઓ તો આવે જ છે તેમનો તો મોટીબેન વર્ગ લે છે.

"આ બધું કરવાનો તમારી મોટીબેનને સમય ક્યાંથી મળે છે?"

"બે બાઇઓ મદદમા રહે છે. તે તેની બહેનપણીઓ છે. મને આ બાલઘર ને બાલવાડી બૂબ જ ગમે છે. કાંતવામા ને વાડીમા વારા કાઢવાને બદલે હું તો અહીં જ મારો વારો નોંધાવું છું. પણ હવે સાતમીમા ગયો છું એટલે અમારે સહકારી દુકાન ને એવું બધું શીખવાનું હોય છે એટલે અહીં અવાતું નથી."

આ બધું સાંભળતા એ છોકરાના મોં પર જે ભાવ થતા હતા તે જોવામા મને બૂબ આનંદ આવતો હતો. આ આખો પ્રયોગ બૂબ જ સુંદર હતો અને સફળ બન્યો હતો તે સહેજે દેખાતું હતું. આને મૂળ ઉદ્યોગની સાથે જરૂરી કામ માનીને શાળાના અભ્યાસક્રમમા સ્થાન આપવુ જોઇએ. ઉપરાત, દરેક ઝૂંપડીમા અને ઘરની રહેણી કરણીમા, સ્વચ્છતા, વ્યવસ્થા અને આરોગ્યની ટેવો પાડવામા આ બરોબર અસરકારક ઇલાજ છે તેમા કશી શંકા ન લાગી.

(અપૂર્ણ) **તારાબેન**

બાલવાડીની મધુરતા

આજનો દિવસ ધન્ય અને રળિયામણો લાગે છે. દેશના દીવડા સમાન નાનાં, કુમળા બાળકો માટે આજે ગણેશપુરાને આંગણે બાલવાડી ઉઘાડવામાં આવે છે. બાલવાડી એટલે બાળકોની વાડી; બગીચામા જેમ છોડ ઉપર ઊઘડતાં ફૂલો, પુષ્પો રંગબેરંગી હોય છે, તેમ બાળકો પણ ભિન્ન ભિન્ન હોય છે. ફૂલ છોડને બાતર પાણી આપી આપણે તેને વિકસવા દઇએ છીએ. ત્યારે કુદરત હવા, પ્રકાશ દ્વારા તેનું સંવર્ધન કરે છે. તે રીતે આપણો આ સુંદર વાતાવરણમાં ગામના નાના નાના બાળકો તેમનો વિકાસ સાધે તે માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરી આપવા માટે, હું તમને સૌને ધન્યવાદ આપુ છું. બાળકો શાંતિ, ધીરજ અને ખંત કેળવી મોટા માનવી થવા માટે સદ્‌ગુણ-પ્રાપ્તિ માટે મથશે અને એ ગુણો પ્રાપ્ત કરીને રળિયામણાં થઈ રહેશે.

વળી આજનો દિવસ પુણ્યકારી અને સારાએ રાષ્ટ્રમાં ઉજવાતો જન્માષ્ટમીનો તહેવાર છે. કૃષ્ણના જન્મોત્સવના આ યાદગાર દિવસે આપણાં બાળકો કૃષ્ણ સરખા બને અને કૃષ્ણના પરાક્રમો સમાં પરાક્રમો કરે, તેવું સૌ કોઇ અંતઃકરણથી ઇચ્છીએ.

આપણા બાળકો એટલે આપણું પોતાનું જીવન – અમી; આપણે આ દુનિયામાંથી જતાં આપણું બીજું સ્વરૂપ જગતને આંગણે મૂકી માનવવંશવેલને અખંડિત રાખવા આપણે ચાહતા હોઇએ છીએ; સાત પેઢીનો તારક દીકરો કેટલીક બાધા – આખડી રાખીને, બાગા – દોરા કરાવીને, પ્રભુને કેટકેટલી આજીજી કરીને માગીએ છીએ! અને જ્યારે એ, પ્રભુને ત્યાંથી આપણે ઘેર મહેમાન તરીકે આવે છે, ત્યારે હરખમા ને હરખમા લોકોમાં પેંડા, ગોળ વહેંચી બાળકનો જન્મોત્સવ ઉજવીએ છીએ. પણ આ રોજિંદા મહેમાન તરફ જે માનની લાગણી હોવી જોઇએ તેને બદલે તેને આપણે બૂબ અપમાનિત કરી રહ્યા છીએ. બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ તેની તરફ આપણે બેદરકાર બનતા જઇએ છીએ.

બાળક આ નવી દુનિયાનું માનવી હોવાથી એને મન બધી ચીજો, વસ્તુઓ જાણવાની, અને જોવાની જિજ્ઞાસા હોય છે. તેની કાલીઘેલી

વાતોથી અનેકવિધ પ્રશ્નો વારંવાર પૂછી આપણને મૂંઝવી નાખે છે. આપણે આપણી કામગીરીની આડે તેના તરફ દુર્લક્ષ કરીએ છીએ; એથી કરીને તેના વિકાસને અવકાશ મળતો નથી; તેની આશાવૃત્તિ પોષાતી નથી; બાળક પોતાનો ઉત્કર્ષ સંપૂર્ણપણે કરી શકતો નથી.

આપણે, હાથે પગે મોટા થઈ ગયેલા-બાળકોની ઊગતી ભાવનાઓને મોટાઈના ખ્યાલથી ખૂંદી રહ્યા છીએ. બાળકોમાં કુદરતી શક્તિ વિશેષ હોય છે સ્વયંસ્ફૂર્તિ અને સ્વતઃવિકાસી ધોરણે તેની પોષક પ્રવૃત્તિ સારું તે ખૂબ ખૂબ જહેમત ઊઠાવે છે પણ તેની આડે આપણે જાણે આવી પહોંચીએ છીએ; તેને ધમકાવીએ છીએ; દબડાવીએ છીએ, અને હડધૂત કરીએ છીએ.

ધાકથી બાળક બીતું હોય છે પણ સાથે સાથે તે બીજાને બીવડાવવાનું શીખી લે છે. દબડાવવાથી બાળક કાણુમાં આવેલું દેખાય છે, પણ એ દ્વારા જ એને જુલમગારનું શિક્ષણ પ્રાપ્ત થાય છે અને હડધૂતતામાંથી બાળક ઢીલું અને માયકાંગલું અગર તો ગુંડાપણાનું જ્ઞાન લે છે. આમ આપણે જે સારા માટેનું હથિયાર વાપરીએ છીએ એ અનિષ્ટતા તરફ બાળકને દોરી જાય છે.

આપણી ધાક-બીકથી બહારથી બાળક ડાહ્યું અને ડમરું થઇ રહે છે, પણ આપણી પ્રત્યક્ષ હાજરીના અભાવે અડપલિયું, ભાગલિયું અને તોફાની થઇ રહે છે. પછી આપણને એમ થાય છે કે આ બાળકને હવે શું કરવું?

બાલવાડી એ બાળકને માટેની સંસ્કારવાડી થઇ રહે તે માટે, બાળકને સારા સંસ્કારો મળે તે માટે, આપણે આ બાલવાડી શરૂ કરીએ છીએ; અહીં ૨॥ થી ૬ વર્ષના બાળકો આવશે, સ્વચ્છતાના પાઠ શીખશે; સારું સંગીત સાંભળશે; સારી વાર્તાઓ સાંભળી રાજી થશે.

આ બાળકો આપણાંથી સવાયા થાય તે માટે આપણે આ બાલવાડીને પોષીએ છીએ. આ બાળકોને મહાન, બુદ્ધિશાળી, અને તેજસ્વી બનવા યોગ્ય સગવડ કરી આપી, પૂરતી તક આપીએ છીએ એથી આપણું આ જીવન સુંદર અને ધન્ય બનશે, અને ભાવિ પ્રજા આપણો ઉપકાર માનશે.

(તા ૪-૯-૫૦ના મંગળ પ્રભાતે ગણેશપુરા ગામે શ્રી ઇશ્વરાચાર્યે બાલવાડીનું ઉદ્‌ઘાટન કરતી વખતે આપેલા ભાષણની ટૂંક નોંધઃ સંગ્રાહક ગોવિંદપ્રસાદ લ. યાજ્ઞિક)

મુંબાઇગરી મા (?)

'ભઇ, અમારો આ બાબો દાખલ કરાવવો છે.' લાંબા હાથ કરતી એક માતા આવી; એની આંગળિયે બાબો ઢસડાતો હતો.

'હમણાં જગ્યા નથી; બેએક મહિના પછી કદાચ થઇ શકશે'-મેં પરિસ્થિતિ સમજાવી.

'અરે બાપ! જગ્યા શું નથી! આવડો મોટો ચોક છે. આ રમકડાંના ઢગલા પડયા છે અને તમે ના શેના કો' છો!'

'પણ બેન! અમે તો દરેક મંડળીમાં અમુક જ બાળકો લઇએ છીએ. વધુ લઇએ તો અમે પૂરું ધ્યાન ન આપી શકીએ.' મેં જવાબ વાળ્યો.

'એમાં ધ્યાન શું રાખવાનું છે? પડયો પડયો રમ્યા કરશે; તમને હેરાન કરે તો કે'જો. અમારે કાંઈ દસ રૂપિયા વધારાના નથી; પણ આ તો એમ કે ઈ મૂઓ આખો દિ' જીવ લીધા કરે છે તે નિશાળે મૂકયો હોય તો એટલી વાર તો મારે જંપ! પછી સાંજે તો એનો બાપ ઘરમાં હોય એટલે ઇ પીટયો ને એનો બાપ. મારે તો જીવને નિરાંત!'

હું થીજી ગયો. મુંબાઇગરી, ભણેલીનો દાવો કરનાર આ મા! ગિજુભાઇની પચ્ચીસીની તપશ્ચર્યાનું ફળ! હરિ! હરિ!

જયભિખુ દાણી

પૂ. નાનાભાઈના વાર્તાલાપમાંથી

(૧) બાલમંદિરોનું કામ બેઝીક એજ્યુકેશન સાથે બંધ બેસતું આવે છે કે કેમ?

"જરૂર બંધ બેસતું આવે છે. પરંતુ શિક્ષકોનું જીવન બંધ બેસતું આવે છે કે નહિ તેની મને ખબર નથી. ગાંધીજીએ ચિંધેલાં રચનાત્મક કાર્યો સાથે શિક્ષકોનાં જીવન વડાય છે? એ પ્રમાણે બાલમંદિરોનાં રૂપ, રંગ, ઢગ હોય છે કે કેમ તે શિક્ષકોએ જ વિચારવાનું છે."

(૨) બાલવાડીનું વાતાવરણ કેવું હોવું જોઈએ.

"બાલવાડીનાં બાળકોનાં જીવન તેનાથી વિખૂટાં ન પાડી દેવાં જોઈએ. આજ કાલ બાળકોના ઘરનું વાતાવરણ જેવું રહે છે, તેવું વાતાવરણ શાળાઓમાં ન જ રહેવું જોઈએ. બાલવાડીમાંથી બાળક ઘેર જઈને ઘરનું પણ વાતાવરણ સુધારી શકે છે એ આપણે ન ભૂલવું જોઈએ. બાલવાડી એ ગૃહજીવનની જ સંસ્થા છે એમ બાળકોને લાગવું જોઈએ."

(૩) શિક્ષકોએ સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવો કે કેમ?

"એના કેળવણીના કાર્યમાં બાધક ન થાય તેવી જ પ્રવૃત્તિઓ કરવી. કારણ કે શિક્ષકનું અને શિક્ષણનું તેનું કામ ચોક્કસ છે. તેના મુખ્ય કામના ભોગે એવી પ્રવૃત્તિઓ ન જ કરવી; તેમ છતાં કોઈ વાર શિક્ષણના કામને પાડીને પણ તેવી પ્રવૃત્તિઓમાં પડવું પડે છે; તો તે આવશ્યક છે કે અનાવશ્યક, તેનો નિર્ણય પોતે જ કરી લેવો."

(૪) બાલમંદિરો થતાં સમાજ ઉપર તેની શી અસર થઈ છે?

બાલમંદિરો થતાં આખા સમાજની બાળકો તરફની દૃષ્ટિમાં ફેર થયો છે. બાળકનું વ્યકિતત્વ સ્વીકારાયું છે. શિક્ષા અને એવી જ રૂઢ થયેલી પ્રથાઓમાં ઘણો જ સુધારો થતો જાય છે. બાલકેળવણીમાં તથા સમાજમાં આ નાનું સૂનું કામ નથી. તેનો યશ શ્રી ગિજુભાઈને છે.

શ્રી. તારાબેનના વ્યાખ્યાનમાંથી

જ્યારે ભારતમાં બ્રિટીશ સરકારનું રાજ્ય હતું ત્યારે આપણે સરકારી શિક્ષણ અને રાષ્ટ્રિય શિક્ષણ જુદું ગણતા હતા. આજ હવે વખત બદલાયો છે. બ્રિટીશ સરકાર ચાલી ગઈ છે, અને આપણી સરકાર આવી ગઈ છે. તેવે વખતે, રાષ્ટ્રિય શિક્ષણ અને સરકારી શિક્ષણ એક જ થયું છે. કારણ કે પ્રાથમિક શિક્ષણની જવાબદારી સરકારે સ્વિકારેલી છે. એટલે હવે બાલમંદિરના શિક્ષકોને પ્રાથમિક શાળાના શિક્ષકો એક જ થયા છે. ટ્રેઈનીંગ કોલેજોનો પણ તફાવત હવે રહેશે નહિ.

આપણે જે ઝંખતા હતા તે સ્વરાજ આવી ગયું છે. તેવે વખતે શિક્ષકોની જવાબદારી વધે છે. શિક્ષકોને શિરે રાષ્ટ્રઘડતરની જવાબદારી આવી પડી છે. આપણે સૌ શિક્ષક ભાઈ–બહેનો એ જવાબદારી અનિચ્છાએ નહિ પણ ઇચ્છાથી જ લઇએ છીએ.

એટલે હવે બાળકોના શિક્ષણના પ્રશ્નો રાષ્ટ્રઘડતરની દૃષ્ટિએ જ વિચારવાના છે; વિચારવા જોઈએ. સરકારે વર્ધા–યોજના સ્વિકારી છે, એટલે બધી શાળાઓ વહેલી મોડી પણ તે યોજના અનુસાર જ ચાલતી થવાની છે. આથી કરીને પ્રાથમિક શાળાના કે બાલમંદિરના શિક્ષકે હવે એ સમજણ સાથે કામે ચઢવાનું છે કે "આપણે હવે વર્ધા–યોજના પ્રમાણે કામ કરવાનું છે."

અમદાવાદ બાલકેળવણી મંડળ પત્રિકાના તંત્રીના સૌજન્યથી

બાળ શિક્ષણ : એક સરખામણી

કુદરતની સુંદરતા બાગમા;
બાળકની સુંદરતા બાલમંદિરમાં.

બાગમાં માળી હોય;
બાલમંદિરમાં શિક્ષક હોય.

બાગમાં ફૂલ-છોડ ઝૂલે;
બાળમંદિરમાં બાળક કૂદે.

માળી ક્યારો કરે;
શિક્ષક સાધનો ધરે.

માળી છોડ રોપે;
શિક્ષક બાળકને સત્કારે.

માળી છોડને વિકસવા દે;
શિક્ષક બાળકને ખીલવા દે.

માળી બાતરપાણી આપે;
શિક્ષક સંજોગો ધરે.

માળી સૂર્યનો તાપ પડવા દે;
શિક્ષક સ્વયંસ્ફૂર્તિ પ્રગટવા દે.

માળી છોડને સંરક્ષે;
શિક્ષક બાળકને સંરક્ષે.

માળી છોડને માટીમા ચોંટવા દે;
શિક્ષક બાળકને પગભર થવા દે.

માળી છોડને યથેચ્છ ફૂલવા દે;
શિક્ષક બાળકને સ્વાશ્રયી બનવા દે.

માળી હિમ, તાપથી બચાવે;
શિક્ષક એને નુકશાનોથી આઘે રાખે.

છોડને વિકસાવવો એ માળીનું કામ;
બાળકને ખીલવા દેવો એ શિક્ષકનું કામ.

માળી ખીલતા ફૂલને ન ચૂંટે;
શિક્ષક ખીલતા બાળને ન રોકે.

છોડનો સાચો વિકાસ એટલે સુંદર ને
સુગંધી પુષ્પપ્રાપ્તિ;

બાળનો સાચો વિકાસ એટલે સુંદર ને
સેવાભાવી માનવપ્રાપ્તિ.

ચંદુલાલ વ્યાસ : જમુભાઇ દાણી

સંઘનું શિક્ષણ-સાહિત્ય

મોન્ટેસોરી શિક્ષણ-પ્રચારમાળા

લે: ગિજુભાઇ અને તારાબેન

પાનાં ૧૭૨ રૂ. ૧-૮-૦ થોડી જ નકલો

બાળક! મા-બાપોનો અણઉકેલ્યો કોયડો
તારાબેન મોડક : લીલા ભાગવત
૦-૪-૦

ગણિત કાપલીઓનો વરગથુ સેટ
સરવાળા, બાદબાકી, ગુણાકારના ચાર્ટસ
તથા ૨૦૦ કાપલી
૧-૦-૦

છૂટા ચાર્ટસ રુ. ૧-૮-૦
મૂળાક્ષર-પરિચય-વરગથુ સેટ ૨-૦-૦
અક્ષરજ્ઞાન પોથી-છૂટક ૦-૮-૦

બીકણ સસલી-ચિત્રવાર્તા
બાળશિક્ષણવિધાતા ગિજુભાઈની લખેલી
ત્રણ રંગમાં છપાએલી.
૧-૮-૦

ગણિત કાપલીઓનો બાળમંદિર સેટ
સરવાળા, બાદબાકી, ગુણાકારના
પૂંઠા પર ચોંડાડેલ ચાર્ટસ અને
૯૪૦૦ કાપલીઓ
રૂ. ૩૦-૦-૦

મૂળાક્ષર પરિચય : બાલમંદિર સેટ ૩-૦-૦
મૂળાક્ષર તકતાઓ ૨-૮-૦ ને ૧-૮-૦

વી. પી. ખરચ જુદું

લખો : **શ્રી મંત્રી, નૂતન બાળશિક્ષણ સંઘ**
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬

બા.ભ. ભા. વિ. ભા. ૧૨

ઓક્ટોબર ૧૯૫૦

: રમવા જઈએ :

એલાં છોકરાં રે....હાલોને રમવા જઇએ
ભાઈ રમવાની તો મઝા પડે.....એલાં૦

ગામને ગોંદરે મોટું તળાવ છે;
તળાવની પાળે વડલાનું ઝાડ છે;
એની એ છાયા નીચે ગાયોનું ધણ છે;
ગોવાળિયા પાવો વગાડે રે.....એલાં૦

બાબાને લાવજો, બેબીને લાવજો;
નાનાં ને મોટાં સૌએ ત્યાં આવજો;
ધાણી–ચણા સૌ લેતાં રે આવજો;
ઉજાણી ત્યાં કરીશું રે.....એલાં૦

આટાપાટા ને ખોખો રમીશું;
સાતતાળી ને વળી લંગડી રમીશું;
ગીત ગાઇને રાસ રમીશું;
રમીને ઘેર આવશું રે.....એલાં૦

ચંપક વ્યાસ

બોલો, હું કોણ ?

(૧)

કાચમાંથી બનું,
કુચકડામાંથી બનું,
સોનામાંથી બનું,
હાથીદાંતમાંથી બનું.
મારો આકાર ગોળ છે;
બેન મને પહેરે છે.
બોલો, હું કોણ છું ?

(૨)

રંગ મારો ધોળો છે,
આકાર મારો ચોરસ છે.
ઘડી કરો, ગજવામાં રાખો;
જરૂર પડે બહાર કાઢો.
હાથ લૂછો, નાક લૂછો,
સાબુથી મને ધોઇ દો.
બોલો, હું કોણ છું ?

(૩)

મારે ચાર પગ છે.
મારે બે હાથ છે.
નથી હું ચાલતી,
નથી હું ઝાલતી;
તમે એમાં બેસો છો.
બોલો, હું કોણ છું ?

(૪)

નાની સરખી ચાંપ છે,
ગોળ ગોળ ઘર છે,
નીચે દાણો—અજવાળું.
ઊંચે રાખો—અંધારું.
મુંબઈમાં તો ઘેર ઘેર.
બોલો, હું કોણ છું ?

ગિરિબાળા ત્રિવેદી

હરામનું નહિ ખાવું

સાંજ પડી. કેટલાક સીમમાંથી ઘળલાંકડાં લઈને ગામમાં આવતા હતા. કોઈ કોઇક ભેંસો, બળદ વગેરેને ઘાસ નાખતા હતા. નાનાં ભૂલકાંઓ તો ખાવા પણ બેસી ગયાં હતાં.

તે વખતે અવાજ સંભળાયો. "બા, જરા ખાવાનું હોય તો આપોને! આખા દિવસની ભૂખી છું!" અવાજ સાંભળીને બહાર આવ્યો તો કોઈ આઠ દશ વર્ષની છોકરી જોઇ; ભૂખી સાંભળીને ઘરમાંથી ખાવાનું લાવીને આપ્યું. તરત જ દાતણની નાની સરખી એક ઝૂડી ફેંકી અને બોલી "લો આ દાતણ."

'શાનાં દાતણ?' 'મેં પૂછ્યું. મેં કંઇ તને દાતણના બદલામાં ખાવાનું આપ્યું નથી!'

"તે ભાઇ, હું કંઇ એમને એમ હરામનું ખાનારી નથી! જે કોઇ મને ખાવાનું આપે તેને બદલામાં દાતણ આપું છું." આમ બોલીને તે ચાલી ગઇ.

હું વિચારવા લાગ્યો: કેવી છોકરી! જો દરેક માણસ આ પ્રમાણે કામ કરે તો આપણા ભારતમાં કોઇ પણ ભૂખે મરે નહિ.

જશભાઇ ઝ. પટેલ

રંગુ માટે ઢીંગલી

"અરે મોટાભાઇ, એક વાત કહું? પેલી પાસેની રંગુએ મને તાળી પાડીને બોલાવી; મને કહે, "ચીમી, મને તારી ઢીંગલી આપ." મેં એને કહ્યું, "તારી પાસે તો કેટલી બધી ઢીંગલી હશે! તારું ઘર કેવડું મોટું છે! તારી સાથે કેટલી બધી છોકરીઓ ને છોકરાં રહે છે!"

"તો પણ મારી પાસે ઢીંગલી નથી." કહી રંગુ ચાલી ગઇ.

"અરે ચીમી, તું સમજી નહિ. આ કંઈ રંગુનું ઘર નથી. આ બધાં કાંઇ રંગુના દોસ્તાર નથી. રંગુને તો નથી મા કે નથી બાપ. રંગુના આ બધા જ અહીંના દોસ્તારને નથી મા કે નથી બાપ. આ તો નમાયાં નબાપા છોકરાંઓનું ઘર છે. આ છોકરાંઓને અહીં મૂકી જાય. આ રંગુને જે તું રોજ જુએ છે તે તો નવસારીથી આવી છે."

"ઘણા પૈસાદાર લોકો આ છોકરાંઓ માટે ખાવા પીવા ને કપડાના પૈસા આપે છે; પેલું વાજું નહોતું વાગતું! યાદ છે ચીમી? પછી તું રૂપિયો આપી આવી હતી. એવી જ રીતે લોકો આ છોકરાંઓ માટે પૈસા આપે. કોઇ રૂપિયો, તો કોઈ પાંચ રૂપિયા."

'ત્યારે મોટાભાઇ, આપણે એમને થોડાં રમકડાં આપીશું? મારી જૂની ચાલણગાડીને પૈડાં બનાવી આપો તો રંગુ સાથે નાનો છોકરો ફરે છે તે એ ફેરવશે.'

ચીમીના બાપ સુથાર હતા. બહુ ભલા; બહુ સાદા ને દયાળુ હતા. એમણે પણ વિચાર કર્યો, ચીમીની વર્ષગાંઠને દિવસે આ છોકરાંઓને રમકડાં આપવાં.

પણ એમણે તો ભારે કરી. લોકોને ત્યાંથી જૂનાં રમકડાં મંગાવ્યાં. ઘેર ઘેર જઈ કહે: 'જૂનાં રમકડાં ફેંકી દેશો નહિ.'

આ આનંદા સુથારને બધાંય ઓળખે. એની ભલાઇ બધાં જ જાણે. જૂનાં રમકડાંનાં ટોપલે ટોપલા આવ્યા. 'અરે, પણ આ કચરો કયાંથી ભેગો કર્યો છે! મોટાભાઈ! આવાં ભાંગેલાં રમકડાં કાંઇ કોઇને અપાય?' ચીમીએ કહ્યું. બધાં જ વિચારમાં પડે છે. આ આનંદા સુથારની દુકાનમાં ગામનો કચરો કયાંથી આવ્યો છે?

ચીમી પણ કહ્યાં કરે 'મોટાભાઇ, આવાં રમકડાં કોઇને આપશો નહિ.'

'ચીમી, તું જો તો ખરી!' આનંદાએ ટોપલા ઠાલવ્યા. કોઇએ પંખી મોકલ્યાં: પંખીની પાંખ તૂટેલી. કોઈએ હાથી મોકલ્યાં: હાથીની સૂંઢ તૂટેલી. કોઈએ ઊંટ મોકલ્યાં: ઊંટની ખૂંધ તૂટેલી; કોઈએ વિમાન મોકલ્યાં: વિમાનનો પંખો ને પાંખ તૂટેલાં.

ચાંચ વિનાના પોપટોનો તો પાર નહિ. એન્જીન વિનાની આગગાડી આવી. બધું જ તૂટેલું.

દિવસનું કામ પૂરું થાય કે આનંદા સુથારની રાતપાળી શરૂ થાય. રાત પડે કે ચીમી ઊંઘી જાય.

સુથારે તો હાથીની સૂંઢ ઘડી.
ઊંટની ખૂંધ ઘડી,
વિમાનની પાંખ ઘડી.
પંખીની પાંખ ઘડી.
આગગાડીને એન્જીન આપ્યાં.
પોપટોની વાંકી ચાંચ ઘડી.
મોટરનાં પૈડાં ઘડ્યાં.
ચાલણગાડીનાં પૈડાં ઘડ્યાં.
રમકડાં ઘેર ઘેર ફરવા લાગ્યાં.

આટલું કામ પૂરું થયું તો આનંદાએ બધાંને નવો રંગ કર્યો. ઊંટ પીળાં ને હાથી કાળાં; વિમાન ધોળાં ને એન્જીન કાળાં. લાલ મોટર ને રંગબેરંગી પંખી કર્યાં.

રમકડાં તો નવાં નવાં. ચીમીને લાગ્યું કે એના મોટાભાઇએ ખરે જ જાદુ કર્યું. રાત દિવસ મહેનત કરી ભાંગેલાં તૂટેલાં રમકડાંમાંથી નવાં રમકડાં બનાવ્યાં. સંજવારીનું સોતું કર્યું.

હરિયા દરજીને ત્યાં કટકા કાપલાનો ઢગલો પડયો હતો. આનંદાએ કહ્યું ને હરિયા દરજીએ ચીંથરાની ઢીંગલી બનાવી. સૌથી મોટી ઢીંગલી રંગુ માટે બનાવી; ચીમીએ હાથમાં લીધી. આનંદાએ ટોપલા પેલા ઘરમાં ઠાલવ્યા. છોકરાંઓને તો જાણે મા આવી ને બાપ આવ્યાં; એવો આનંદ થયો.

નવાં રમકડાં જોઇ સૌ ખુશ થઇ ગયાં. સૌ આનંદા સુથારને પગે પડયાં. હરિયા દરજીનો ઉપકાર માન્યો; રંગુ ઢીંગલી જોઇ રાજી થઈ. ચીમીની વરસગાંઠ સુખમાં ગઇ.

કપિલા ઠાકોર

મેહુલો

એક મને મેહુલો થાવું ગમે રે
કાળી ધોળી વાદળીના ઘેરા ઘેરામાં
ગડુડ ગડુડ મને ગર્જવું ગમે રે...એક૦
આકાશી સોડમાં ને વાયુની લહેરમાં
ઝબઝબ ચમકીને ચોંકવું ગમે રે
વિજળીની સંગ મને રમવું ગમે રે...એક૦
હે...થાય વીજ કડકડાટ
મેઘ ગર્જે ગડગડાટ
ગ ઘ ઘ ઘ ઘ ઘ મ
વાયુની સંગ મને લહેરવું ગમે રે...એક૦
હે.....હૈયે આનંદ,
મારા મનમાં તરંગ,
લીલુંછમ જોવા ઉમંગ
અવની ફેરે આંગણે ફરવું ગમે રે...એક૦

દેવયાની ભટ્ટ

રૂપાળા બાળ

આવો આવોને, મારા રૂપાળા બાળ! (૨)

રૂપાળી આંખ તારી, રૂપાળા ગાલ તારા;
નમણી આ ડોક તારી, ગોરું છે મુખ તારું
વાંકડિયા કેશ જાણે શોભે શું ઓર.
આવો આવોને મારા રૂપાળા બાળ! (૨)

કાલી એ વાણી તારી, લાગે છે મીઠડી,
ચમકંતી ચાલ તારી નીડર છે બાળ!
અંગનો મરોડ તારો શોભે શું ઓર.
આવો આવોને મારા રૂપાળા બાળ.

અ. ૨. યાજ્ઞિક

નોંધ-સ્વીકાર

૧ ગાંધીજીની જયંતિ

વર્ષોથી ગાંધીજીની જન્મ-જયંતિ આપણે ઉજવતા આવ્યા છીએ. પણ પ્રશ્ન એ થાય છે કે આવી આપણી જયંતિઓથી ગાંધીજીનો આત્મા આનંદતો હશે ખરો? એમણે બાળકોની અંદરથી નિર્દોષ આનંદ લૂંટેલો; આપણે તે કર્યું છે? એમણે બાળકોને પ્રેમ આપેલો; આપણે આપીએ છીએ? નાગાં-ભૂખ્યાં બાળકો જોઈને એની આંખ ભીંજાયેલી; આપણને એ લાગણી જન્મી છે? એમની વિશિષ્ટ દૃષ્ટિનું ભાથું તો એ આપવા મથેલા; આપણે તેવું કાંઈ કર્યું છે? જીવનના પાઠ એમણે આત્મજીવનથી પ્રયોગેલા; આપણા જીવનથી, આપણાં બાળકોમાં એ આપણે પ્રયોગીએ છીએ? જેટલા પ્રમાણમાં આપણે એમના જીવનને, એમના સંદેશને જીવતો રાખીશું તેટલા જ પ્રમાણમાં ગાંધીજી અમર રહેશે.

૨ સંઘની પચ્ચીસી

જોત જોતામાં, ગિજુભાઈનો રચેલો આ સંઘ અને એમની આ 'પત્રિકા' પચ્ચીસ વર્ષ પૂરાં કરશે. ગિજુભાઈના અમર જીવનકાર્યનો સંદેશ ગુજરાત-મહાગુજરાત અને હિંદને ગામે ગામ પહોંચાડવાનો એ શુભ અવસર છે. એમનું કાર્ય કેટલું ઓછું થયું છે અને કેટલું બધું કરવાનું બાકી છે! તેનું સરવૈયું કાઢવાની આ વિરલ તક છે. સંઘનું વ્યવસ્થા-મંડળ આ પ્રસંગની યોગ્ય ઉજવણીની યોજના વિચારી રહ્યું છે. આવતો માસ એટલે ગિજુભાઈના સ્મરણનો માસ. એ માસમાં સંઘના સર્વ સભ્યો સંઘને, સંઘના કાર્યને, એની આ મુખપત્રિકાને સમૃદ્ધ કરવા વિચારે અને બનતી સહાય કરે.

૩ મુંબઈમાં બાલોત્સવ

અખિલ હિંદ સ્ત્રી મંડળ અને બાલકન-જી-બારી બહુજ ટૂંકા સમયમાં મુંબઈને આંગણે સુંદર બાલોત્સવ ઉજવવાની જોરદાર યોજના કરી રહેલ છે. એ બેઉ સંસ્થાઓને અમારાં અભિનંદન! બાળકોનું, એમની સેવાનું કામ એટલે સંઘનું જ કામ. ગિજુભાઈએ વર્ષો સુધી બાલકનજી બારીનાં કાર્યવાહકો સંગે રહીને તેમને પ્રેરણા આપી છે; સક્રિય સહાય કરી છે. આ મહોત્સવથી વધુ જાગતી જનતાને મળવો જોઈતો અખંડ શિક્ષણ-સંદેશ અને કાર્ય-પ્રેરણા આપવાનું કાર્ય સંઘનું, સંઘસભ્યોનું અને બાલરસિકોનું છે. આપણે આ તકનો લાભ લઈ બાલશિક્ષણની ઝુંબેશને વેગ આપીએ.

૪ સંઘનું શિક્ષણસાહિત્ય

આપણે જાણીએ છીએ કે ગિજુભાઈએ એમનાં જીવનનો ત્રણેક કાળ પ્રકાશનોને આપ્યો હતો. પ્રકાશનો દ્વારા એ ઘેર ઘેર પહોંચેલા; ઘેરે ઘેરનાં બાળકો એમને એમનાં પુસ્તકોથી ભેટતાં. એ પ્રકાશનોમાંથી ઘણું, ફરી છાપવાનું બાકી છે; થોડું નવું સંચિત અને સંકલિત કરી પ્રગટ કરવાનું બાકી છે; સંઘે આ દિશામાં સારી પહેલ કરી છે. પણ એવાં સાચા કાર્યવાહકો અને પ્રચારકો તો બાલમંદિરો, બાલશિક્ષકો અને શિક્ષણરસિકો. સંઘ ઇચ્છે છે કે જ્યાં જ્યાં બાલમંદિરો હોય, ત્યાં ત્યાં સંમેલનો યોજાય. જ્યાં જ્યાં વાલીઓની સભાઓ ભરાય ત્યાં ત્યાં સર્વત્ર સંઘનાં પ્રકાશનોનો, સંઘની પત્રિકાનો સંદેશ રજૂ થવો જોઈએ. સંઘ તમારો સૌનો સાથ પ્રાર્થે છે.

જ. દા.

બેંગલોરની કેપ અને ન્યોર્જેટની

સાડીઓ

ચોકડીવાળી અને વિવિધ રંગોમાં વિવિધ
માલવ અને પાટલીપાલવથી સુશોભિત
તદ્દન નવો જ સ્ટોક
આજે જ પધારો

શ્રી બોમ્બે સ્વદેશી ક્રોએપરેટિવ

સ્ટોર્સ કં. લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ,
ફોર્ટ, મુંબઇ નં. ૧.

ટેલીફોન : ૨૦૪૪૩

શાખા : પૂના અને સિકંદરાબાદ

હવાઈ – દરિયાઇ – રેલ્વેની દેશપરદેશની

મુસાફરી માટેની ટિકિટો

અને તેને લગતી બીગતો,

અમારે ત્યાંથી

બર્સેર્સ લી એન્ડ મુરહેડ (ઇંડિયા)

લિમિટેડની

શાખા મારફત મેળવો.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી
શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય,
બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક
સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં
સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે
લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા
અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ, મુંબઈ ૧

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતાં પહેલા
અમારું સૂચિપત્ર મંગાવો.
દરેક સાધન, શાસ્ત્રીય પદ્ધતિથી નિષ્ણાતોની
નજર તળે બનાવવામાં આવે છે.
સૂચિપત્રમા જણાવેલા ભાવ ઉપર બાલ-
મંદિરોને ૬૦ ટકા કમિશન.
લખો–મંગાવો.

નૂતન શિક્ષણ-સાધનાલય એન્ડ
આર્ટ વર્ક્સ લિ૦
સુરેન્દ્રનગર – સૌરાષ્ટ્ર

આગ–અકસ્માત–જિંદગી

મોટર દરિયાઈ વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે
લાગવગ વગવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું :
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય
મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

— હેડ ઓફિસ :—
૩૧૫–૩૨૧ પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ
મુંબઇ

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાબીભેન મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ ૬
મુદ્રણ સ્થળ: રમેશ પ્રિન્ટીંગ વર્ક્સ ૮ પારેખ સ્ટ્રીટ, પ્રાર્થના સમાજ, મુંબઈ ૪

શિક્ષણ અને સંસ્કૃતિ

વર્ષ : ૨૫] નવેમ્બર : ૧૯૫૦ [અંક : ૧૧



આપીએ લવાજમ
ચાર રૂપિયા
○
પૂરું અંક
છ આના
○



નૂતન શિક્ષક

(૧)

નવીન બાલશિક્ષક એક નવો જ સમુદાય છે. એને એક જ જાતિ છે: અને તે શિક્ષકની. એને એક જ દેશ છે: અને તે આખી દુનિયા. એનું એક જ લક્ષ્ય છે: અને તે જનતાના ઉદ્ધારનું.

શિક્ષક

*

(૨)

ચાહતા કરતાં શિક્ષકનું મૌન પચાવે કામનું છે. શીખવવા કરતાં અવલોકવું ઘણું જરૂરી છે. પોતે ભૂલ કરે જ નહિ, એ અભિમાન કરતાં, પોતાની ભૂલો શોધવી અને સ્વીકારવી એ શિક્ષકનું આવું કર્તવ્ય છે.

મૅરમ મૉન્ટેસોરી

: આવતાંની :
૨૮. શિક્ષક બનેલા
: મોકલનાર :
ડાહ્યાભાઈ દેસાઈ
: સ્વીકારનાર :
તારાબેન મોડક

અનુક્રમણિકા

બાળ-વિભાગ

૧. આ અને બાળક ... પૂનમચંદ શાહ
૨. રેત્રાને શાંતિ થઈ ... કપિલા ઠાકોર
૩. દૂઝણી ગાય ... લીલાબેન ઠક્કર
૪. વાંદરાં બિચારા ... મૂળદેવ પંડ્યા
૫. એવા આપણુ ગિજુભાઈ...જમુભાઇ દાણી
૬. સિપાઇ બન્યો ... પ્રભાવતીબેન

૭. તમારાં બાળકોને ... સ્વ. ગિજુભાઈ
૨. બાલમંદિરમાં ભાષાશિક્ષણ ... નામલે
૩. શું થાય ? ... ગોવિંદભાઇ બાજિક
૪. થોડાક પ્રશ્નો ... ચંદુલાલ વ્યાસ
૫. બાલમંદિરોનું કાર્ય ... તારાબેન મોડક
૬. નૂ. બા. સંઘ રૌપ્ય મહોત્સવ...તારાબેન
૭. નૂ. બાં. શિ. સંઘના ઠરાવો ...

સંસ્થાની નોંધ

નૂતન વર્ષાભિનંદન. સંઘના સૌ સભ્યોને અમારાં સ્નેહભર્યાં અભિનંદન! આ નવું વર્ષ આપણા સંઘના રૌપ્ય મહોત્સવનું મંગળ વર્ષ છે. એ વર્ષ દરમિયાન સંઘના આદર્શોને, કાર્યને આગળ ધપાવવાનું કામ આપણ સૌનું છે. વરસભર આપણે જ્યાં હોઇએ ત્યાં બાળશિક્ષણ અને બાળસેવાનો આપણો મંત્રોચ્ચાર અખંડ રહે અને સ્વ. ગિજુભાઇનો આત્મા આપણા કાર્યથી રાચે એવું આ વર્ષે આગળ કરી દાખવીએ એવું ભાવીએ છીએ. સંઘીઓની સહાયથી શું શક્ય નથી? રૌપ્ય મહોત્સવ અંગેનો શ્રી તારાબેનનો લેખ જોઇ જવાની અમારી વિનતિ છે.

ગિજુભાઇ-જયંતિ. ૧૫ મી નવેમ્બરે ગિજુભાઇની જયંતિ આવે છે. સ્થળે સ્થળે એ ઊજવાશે. મુંબઇએ પણ પોતાની યોજના વિચારી છે. ગિજુભાઇએ ધર્યું છેલું એવું ઘણું કામ હજુ કરવાનું બાકી છે. આ જયંતિ પ્રસંગે સૌ સંસ્થાઓ પોતાની શક્તિ, સંજોગોના પ્રમાણમાં એમના કામને મૂર્તિમંત કરવા મથે એવું ઇચ્છીએ છીએ.

શારદામંદિર અને મહિલા વિદ્યાલય

૧૯૨૫ માં નવી પ્રેરણા પામી અનેક સંસ્થાઓ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં જન્મ પામી હતી. આમાંની બે સંસ્થાઓએ હમણાં રજતમહોત્સવ ઉજવ્યો. એ બેઉ સંસ્થાઓએ શિક્ષણના ક્ષેત્રમાં વિશિષ્ટ સૂર પર્યો છે અને ગુજરાતીઓની મોટી સેવા બજાવી છે. આ સંસ્થા એટલે અમદાવાદનું શારદા મંદિર અને ભાવનગરનું સ્વ. અમૃતલાલ દાણીએ શરૂ કરેલ મહિલા વિદ્યાલય. અનેકવિધ તડકી છાયડીમાંથી પસાર થઇને ય આ બેઉ સંસ્થાઓએ જે પ્રગતિ સાધી છે એ પ્રશંસનીય છે. અમે એમને અભિનંદન આપીએ છીએ અને વધુ સેવા કરવાની એમને તક મળો એવું ઇચ્છીએ છીએ. બેઉ સંસ્થાના રજતમહોત્સવ અંકો ધ્યાન ખેંચે તેવા છે.

બાલકન-જી-બારી. ગિજુભાઇની અનેકવિધ પ્રવૃત્તિમાં ય બાલકન-જી-બારી એમનો સારો લાભ ઊઠાવી શકી હતી. એ બારીને આજે પચ્ચીશ વર્ષ પૂરા થતાં એનું એક મહાપ્રદર્શન આજે મુંબઇને આંગણે યોજાયું છે. પંડિત જવાહરલાલ નહેરુએ હમણાં બે દિવસ પધારી એ કાર્યમાં અનેરો ઉત્સાહ રેડયો હતો. આ પ્રસંગે યોજાયેલુ પ્રદર્શન બાળજીવનના અનેક પ્રશ્નોને નવો પ્રકાશ આપી શકે તેવું છે. માબાપો અને શિક્ષકો એના અભ્યાસની તકને ન ભૂલે એમ ઇચ્છીએ. મુંબઇનાં બાળકોનું વિવિધ વાહનોમાં અને અનેકવિધ વેશભૂષાથી શોભતું બાલસરઘસ અપૂર્વ સૌંદર્યભર્યું હતું. જે બાળકો પાછળ પંડિતજી આટલા મુગ્ધ છે એ બાળકોની દિવ્યતા આમ વધુ પરખાય તો કેવુ સારું! બારીના સૌ કાર્યકરોને અમારા ઘણા ઘણા અભિનંદન!! અમર રહો એ કામ, એ આનંદ.

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૫ : અંક ૧૧] મુંબઈ [નવેમ્બર, ૧૯૫૦

બાળકોને ન મારીએ

નબળાને મારવામાં શી બહાદુરી?
અશક્તને મારવામાં શી બહાદુરી?
પરાધીનને મારવામાં શી હુશિયારી?
અબોલને મારવામાં શી શેખાઈ?

* * *

મારવાથી બાળકનું શરીર ખવાય.
મારવાથી બાળક મારખાઉ થાય.
મારવાથી બાળક મારકણું થાય.
મારવાથી બાળક બીકણ થાય.

* * *

મારવાથી અક્કલ નથી આવતી.
મારવાથી યાદ નથી રહેતું.
મારવાથી કુટેવ નથી ભૂલાતી.
મારવાથી ડહાપણ નથી આવતું.

* * *

મારવાથી બાળક જૂઠું બોલે.
મારવાથી બાળક બૂઠું થાય.
મારવાથી બાળકનું અપમાન થાય.
મારવાથી બાળક લુચ્ચું થાય.

બાળકોને ન બિવરાવો

ભૂતથી બાળકને ન બિવરાવો.
બાઉહાઉથી કદી ન બિવરાવો.
સિંહવાઘથી કદી ન બિવરાવો.
દેડકાથી બાળકને ન બિવરાવો.

* * *

બીકથી બાળક ડરકણ થાય.
બીકથી બાળક નામરદ થાય.
બીકથી બાળક હિંમત ખૂએ.
બીકથી બાળક પાછું પડે.

* * *

બીકથી બાળક શક્તિ ખૂએ.
બીકથી બાળક હારી જાય.
બીકથી બાળક નાસી જાય.
બીકથી બાળક જન ખૂએ.

* * *

બીક લગાડી ન બિવરાવો;
ચાતો કરીને ન બિવરાવો;
ન બિવરાવો, ન બિવરાવો;
બાળકને ભાઈ ન બિવરાવો.

ગિજુભાઈ

ગિજુભાઈના શિક્ષણસંદેશની પારાયણ કરો.

બાલમંદિરમાં ભાષાશિક્ષણ

[લેખાંક ૧૧મો : પ્રતીકોની રમતો]

કેવળપ્રયોગી અવ્યય

પ્રાથમિક કક્ષાની વ્યાકરણ વિશેની રમતોમાં આપણે કેવળપ્રયોગી અવ્યય અને સર્વનામ એ બે પ્રકારના શબ્દો બાળકો આગળ રજૂ કરી શકયા નં હતા. તેનું કારણ, બાળકની ભાષાના ઘડતરમાં આ બે પ્રકારના શબ્દોનો ઉપયોગ પણ સહેજ મોડેથી શરૂ થતો દેખાય છે, એ છે. હવે બાળકની ઉંમર જ્યારે પાંચ અને સાડા પાંચની વચ્ચે હોય અને થોડું વાંચન પણ એને આવડી ગયું હોય તો એ સ્થિતિમાં યોજાતી પ્રતીકોની રમતોમાં આપણે આ બન્ને શબ્દોની રમતો બાળકને રસપ્રદ થઈ પડે એ રીતે રજૂ કરી શકીશું.

કેવળપ્રયોગી અવ્યય માટે સાતમા લેખાંકમાં પ્રતીક તરીકે 'કંઈક ચીંધતી આંગળી' એમ મેં સૂચવ્યું હતું, પરંતુ તે બાબત વધુ વિચાર કર્યા પછી મને લાગે છે કેવળપ્રયોગી અવ્યયને માટે આપણે ☆ તારાનું પ્રતીક વધારે અનુકૂળતાથી વાપરી શકીશું. 'ચીંધતી આંગળી'નું ચિહ્ન ઉદ્‌ગારવાચક ચિહ્નને મળતું આવે છે તેથી મને તે પસંદ કરવાનું મન થયું હતું પરંતુ વધુ વિચાર કરતાં એવું લાગ્યું કે તેથી ઉદ્‌ગારવાચકો અથવા કેવળપ્રયોગી અવ્યયો, પ્રતીકોનો ઉપયોગ કરીને જુદા પાડવામાં સ્પષ્ટતા રહેશે નહિ.

રમત ૧લી

હેતુ:—કેવળપ્રયોગી અવ્યયોના ઉપયોગની સ્પષ્ટતા અને પ્રતીકની રજૂઆત.

સાધન:—૪"×૧" પૂંઠાની જાડી પટ્ટીઓ; તેના પર કેવળપ્રયોગી શબ્દોવાળાં વાક્યો લખવાં. એવાં છ વાક્યોનો સેટ નીચે આપું છું; પરંતુ દરેક શિક્ષક એવા સેટસની સંખ્યા વધારી શકશે.

છી, છી !	રમેશ અહીં થૂંકયો !
અરે રે !	બિચારી ચકલીને માર પડયો !
વાહ વાહ !	કેટલું સરસ ચિત્ર તમે દોર્યું !
ઓહો !	તું અહીં કયાંથી ?
છટ્ !	હવે તારી સાથે નહીં રમું.
વોય રે !	મને કંઈક કરડયું ! !

૪"×૧" પર પ્રથમ લખીને પછી વાક્યોમાંથી કેવળપ્રયોગી અવ્યયોને જુદાં પાડવાં. બાળકનું ધ્યાન આ કેવળપ્રયોગી અવ્યયો પર જ કેન્દ્રિત કરવા માટે આ શબ્દો ઘેરા જાંબુડા રંગમા લખવા. સાધન તરીકે કેવળપ્રયોગી અવ્યયોનાં પ્રતીકોની રચના એવી હોય જેમાં બધા જાંબલી તારા હોય

પૂર્વતૈયારી :

બાળકને પ્રથમ વાહ વાહ! ઓહો! છટ! વોય રે! વગેરે શબ્દોવાળા વાક્યો અને તેનો ઉપયોગ કેવો થાય છે તે શિક્ષકે થોડા દાખલા આપીને કહેવું.

રજૂઆત :

પ્રથમ સાધનની કાબલીમાંથી લાંબી પટ્ટીઓ એકની નીચે એક એ રીતે આસન પર અથવા ટેબલ પર ગોઠવવી. પછી કેવળપ્રયોગી અવ્યયોની કાબલીને ઉદ્દેશીને કહેવું કે આ કેવળપ્રયોગી અવ્યયો છે તેમાંથી એક શબ્દ આ વાક્યોની સાથે મૂકો તો વાક્યના અર્થની વધારે સ્પષ્ટતા થાય છે.

? રમેશ અહીં થૂંકયો છે !!

કયો શબ્દ અહીં ઉમેરીશું ? "વાહ વાહ! રમેશ અહીં થૂકયો છે કહીશું ?' કે 'વેાય રે! રમેશ અહીં થૂકયો છે' એવું કહીશું ? એ રીતે 'છી! છી! રમેશ અહીં થૂંકયો' છે? એવેા પ્રયેાગ બધાં બાળકેાને યેા ય લાગશે અને તે પ્રમાણે 'છી, છી!' શબ્દ, યેાગ્ય ઠેકાણે ગેાઠવવાની સૂચના કરવી. એ જ રીતે બાકીનાં અવ્યયેા ગેાઠવવાનું સૂચન કરવું. બધું ગેાઠવાઈ ગયા પછી શિક્ષક પ્રતીકેાની ડબીમાંથી એક પ્રતીક બતાવીને બાળકને કહે કે એવા કેવળપ્રયેાગી શબ્દેા ઓળખવા માટે હવેથી આપણે આ તારાનેા ઉપયેાગ કરીશું. તારા પ્રકાશ આપે છે તેમ એવા શબ્દેા પણ વાકયના અર્થ પર વધારે પ્રકાશ ફેંકે છે.

: રમત બીજી :

આગળ પ્રગતિ :

હેતુ :—પ્રતીકેાનેા ઉપયેાગ કરવાની બાળકને તક આપવી અને કેવળપ્રયેાગી અવ્યયેાનેા પરિચય અને ઉપયેાગનેા ખ્યાલ દૃઢ કરવેા.

સાધનેા :

૬" × ૪"ના પૂંઠા પર કેવળપ્રયેાગી શબ્દેા-વાળાં બે વાકયેા લખવાં. એવાં અનેક પૂંઠાંઓ તૈયાર રાખવાં. સર્વ પ્રકારનાં પ્રતીકેાની ડબીઓ લેવી.

પૂર્વ તૈયારી :

કેવળપ્રયેાગી અવ્યયની પહેલી રમત રજૂ થએલી હેાવી જોઇએ.

રજૂઆત :

પ્રથમ એક પૂંઠું બાળકને આપવું. શબ્દેાનેા પ્રકાર ઓળખીને તેની નીચે પ્રતીક મૂકવાનું સૂચન કરવું.

શાબાશ! સરસ ફટકેા લગાવ્યેા!
✱ ∆ ∆ O
અ હા હા! કેવી સરસ ઠંડી હવા આવે છે!
☆ ∆ ∆ ∆ O

હજી આગળ પ્રગતિ :

ઉપર બતાવવામાં આવ્યું છે તેવાં વાકયેા શરૂઆતમાં બાળકેાને લખાવવાં અને પછી એ વાકયેાનું શબ્દ – પૃથક્કરણ, શબ્દેાની નીચે પ્રતીકેાનાં ચિત્રેા દેારીને કેવી રીતે કરવું તેનું સૂત્રન કરવું.

ઉંમર : ૫ થી ૬.

રેાપ નાખલે

શું થાય ?

સાંકળચંદના બહેન મારી પાસે ફરિયાદ કરવા આવ્યા. "મારા ભાઈ પાસેથી દિલીપ પૈસા લઈ ગયેા છે. તેનું ઘર કયાં છે,બતાવેા." મેં કહ્યું, "કાલે તપાસ કરી જણાવીશ." બીજે દિવસે બાલમંદિરમાં સાંકળચંદ ભાઈ આવ્યા. તેમને હું મેડા ઉપર લઈ ગયેા, અને પાસે બેસાડી વાત શરૂ કરી.

"એક વખત આપણા ગાંધી બાપુ નાના હતા ને. ત્યારે બીડી પીતા હતા. પણ જાનીમાની. પછી તેા અન્દરનું બતાવ્યું અને બધી વસ્તુઓ ખાતા. પણ પૈસા કયાંથી લાવે? આવવાનું તેા દરરેાજ બન થાય. આમ તેમને થેાડું કે દેવું થયું. પેાતાના હાથે સેાનાનું કડું હતું. તેમાંથી થેાડું સેાનું કાપી પૈસા આપી દીધા. પણ તેમના બાપુજીને કહ્યા વગર આ બધું કરેલું. તેમને બાપુની બીક તેા લાગે જને! એટલે તેમણે ચિઠ્ઠીમા લખ્યું કે બાપુ. મેં તમારા કહ્યા વિના કડું કપાવી

ગિજુભાઈની જેમ બાળકેા સંગે ગાએા–કૂદેા.

પૈસા આપ્યા છે. પણ હવેથી હું ચોરી નહિ કરું, જૂઠું નહિ બોલું, બીડી નહિ પીઉં. ગાંધીજીના બાપુની આંખમાં આ સાંભળી આંસુ આવ્યાં. ગાંધીજી પણ રડી પડયા. ત્યારથી તે સાચું બોલતા થયા, અને તે મોટપણે મહાન થયા."

"અને...સાંકળચંદભાઈ! તમને સારું શું લાગે?"..."ગમાણું." "બીજું લાગે?" "ભેંડા." "તે ક્યાં બહુ છે, તમને બજાર છે?" તેમણે ઠપકો બતાવ્યું—"ના." "તમને ભેંડા લેવા જતા આવડે?"..."ના." "કોઈ દિવસ લાવ્યા છો?" "ના." "કઈ દુકાનેથી?"..."દરબાર પાસે છે ત્યાંથી." "ગઈ કાલે ગમાણું આવ્યું હતું?"... "ના." "કેટલા પૈસા લઈ ગયા હતા?"... "અઢિયાર આના." મેં કહ્યું—તમે બાપુને કહ્યું હતું?..."ના." "અને પછીને દહાડે ગયા."

સાંકળચંદભાઈ બધી વખત બાલમંદિરમાં નવી નવી વસ્તુઓ લઈ આવે છે. મેં દરેક શિક્ષકને કહ્યું છે કે પૂરતી તપાસ કાઢવી, પણ જો વસ્તુ જોવા લેવાદેવી. વધે બજાર આવવી. તમને પણ મેં કહ્યું છે કે જે જોઈતું હોય તે મને પૂછીને લાવવું! બધી વખત તે મને પૂછીને લે છે. બાકી કોઈ વખત બજારમાં થઈ જાય છે.

આજે મેં 'બઢિયાર' આનાનું ગમાણું જોયું ત્યારે મને સાંભળવું ગમે તેમના બાપુને બોલાવવા વિચાર કર્યો. પણ પાછીપાનીમાં તે જોઈતા થયા, અને મને કહ્યું, "સાંકળચંદને કેટલી કલાકની વાર થઈ છે. કયા વખત બજારમાં ગયા હતા?" મેં કહ્યું, "બધી તો ખબર નથી." તેમણે કહ્યું, "મારી બાજુમાં જે રહે છે. તે સાકળચંદના મિત્ર છે. તે છોડી પૂછ જાણીએ છે. પણ તે તો પસાદારની છોડી કહેવાય તેની વાદે આ પણ ચઢયો છે."

બિચારા સાંકળચંદની શી ખૂબ! જ્યારે ડંસાણેન પૈસા લઈ આવાનું કહ્યું ત્યારે તેને પણ પૈસા લાવવાનું કહ્યું. સાંકળચંદના બાપુજી જોગ પૈસા આપે નહિ. બીજામાં હાથ નાખતાં સાંકળચંદને બેકાદ બે વાર પૈસા હાથ લાગેલા એટલે બચે તે કબા હરકતગન થઈ ગઈ.

આમાંથી કેમ બચવું? બન્નેની મેલી તાકાતથી? ત્યારે બન્ને પાડોશી એક બીજાથી દૂર કેમ જાય? સામાજિક અસામાનતાએ કુમળા બાળકને ચોરી કરતાં અને જૂઠું બોલતાં શીખવાડયું.

મેં તેમના બાપને કહ્યું,—મને લાગે છે કે સાંકળચંદ બહુ સુધરશે. તે બારા બાબા સારું બોલે છે. બાલમંદિરના સમય બાદ તેને રમવા નહિ મૂકતાં તેને તમારી સાથે બજારમાં કે બગીચા. જેથી તમારાથે ફરવા લઈ જજો. તેની ઇચ્છા થાય તો તમારે તે વસ્તુ અપાવવી. બાકી બિલકુલ ના પાડો. મેની મોકાવવા પ્રયત્ન નહિ કરતા. તમે ડંસાણેનના બાપુજીને બા. પાસ કરો ને કહો કે પૈસા આપવામાં કાપ મૂકે. ધીમે ધીમે તેમ સુધરી જશે. કુમળી વયના બાળકમાં ઘર કરી બેઠેલ ખ. ટેવ બાબત વધુ વાત કરી. છતાં બીજા દિવસે તેમણે બાલમંદિરમાં કાપ મૂક્યો. બી.સ.બાલિકા કાપ

બાબા માટે શું કાપ બાબ કબા બાબુમાં બધા

ખ. બધું

બાલિકાબાલ ક. બાલિકા

બાળકોના હાથનું સુંદર પ્રદર્શન થશે.

થોડાક પ્રશ્નો

માબાપને કેટલીક વખત કહ્યું કે માબાપ અને શિક્ષકોને જો બાળકોને યોગ્ય વાર્તા કહેતાં આવડતી હોય તો તે બન્નેનો, બાળકોને શાંત રાખવાના મોટા પ્રશ્નનો ઉકેલ આવી જાય.

પાછળ જ બેઠેલી માતાઓએ પ્રશ્ન કર્યો કે ત્યારે વાર્તા કેવી અને કેવી કહેવી, એ કહી બતાવો, પ્રમુખ મહાશય!

પ્રમુખે વાર્તા કહેવા માંડી. એક હતો ભાઈ અને એક હતી બેન. [illegible]

[illegible]

[illegible]

[illegible]

બાળકોની સંગે રહો. ફરો. નાચો. ગાઓ.

વાત શિક્ષક કરતાં માબાપે વધુ ધ્યાનમાં રાખવા જેવી છે એમ મને લાગે છે.

હવે બીજો એક પ્રશ્ન લઈએ. આ બધી વાત તો આતંર મન અને તેની પ્રવૃત્તિની થઈ પણ બાહ્ય મન, તેની પ્રવૃત્તિ, બાળકનું વર્તન વાર-વાર થકવી નાંખે એવું એવું કંઈ કરે છે તેની કંઈ ચાવી છે?

હા! બાળકની નાની ઉમરમાં તો તે મોટે ભાગે અનુકરણ હોય છે. મા બાપે સુખી થવું હોય તો પોતાનું અન્ય સાથેનું વર્તન બહુ જ સભ્યતાવાળું, પ્રેમાળ અને લાગણીવાળું રાખવું. એથી બાળકમાં અમુક ટેવો આપોઆપ પડી જશે.

પછી રહ્યું બાળકનું વર્તન. તે ચોરી કરે, જૂઠું બોલે, કોઇનું ઝૂંટવી લે, તોડી ફોડી નાખે. એ બધું કેમ કરે છે! તેનું કારણ? બાળક માબાપની ઈચ્છા પ્રમાણે ન કરે એટલે બાળકને જે રીતે દબાવાય છે તે રીતે દબાવી માબાપ તેના વિચારો પ્રમાણે તેને કરવા દેતા નથી તે છે. બાળક ઉંમરે તેમ જ શક્તિમાં અશક્ત હોવાથી માબાપોના હુકમોને ધાકથી, બીકથી શરણે થાય છે. આ પછી લાગ આવે ત્યારે એ બધી લાગણીઓનું પ્રદર્શન ચોરી કરી, જૂઠું બોલી, તોફાન કરી, ગુંડાગીરી કરી કરે છે. એટલે બાળમાનસને દબાવવામાં એક મોટો ભય રહેલો છે. તે સબંધી કોઈ બીજીવાર વિચારીશું. *

* ભગિની સમાજ મ. હ. બાલમંદિરમા કરેલ વાર્તાલાપને આધારે.

ચંદુલાલ વ્યાસ

બાલમંદિરોનું કાર્ય

બાલમંદિરોમાં જે બાળકો આવે છે તેમને કોઈ પ્રકારનું બાસ શિક્ષણ આપવાનો હેતુ હોતો નથી. તેમના વિકાસ માટે તેમની એ ઉંમરમાં જે જે જરૂરિયાતો હોય છે તે પૂરી પાડનારું વાતાવરણ તૈયાર કરવું તેમ જ સગવડો આપવી, બાળકોને વાપરવામાં સુલભ પડે એ પ્રકારનાં સાધનો ને ગોઠવણ રાખવી અને શું શીખવું, ક્યારે શીખવું, કેટલા વખત સુધી શીખવું, કયારે આરામ લેવો, કયારે કામ બદલવું, એ બધું બાળકો ઉપર જ છોડવું એ આજનાં બાલમંદિરોનો ગૃહિત સિદ્ધાન્ત છે. એટલે શિક્ષકે બાળકોને અમુક વિષયો શિખવવા છે કે અમુક વખતમાં અમુક એટલું કરાવી લેવાનું છે એવું હોતું નથી. દરેક બાળક પોતાની અંદરની ભૂખ, કોવત, વિકસતી શક્તિઓ, અને તેને દિવસની શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય, ઉત્સાહ અને પરિસ્થિતિ અનુસાર પોત.પોતાનાં કામો કર્યાં કરે છે એ સત્ય છે. છતાં શિક્ષકો બાળકોનાં કામો, પસંદગી, સામાન્ય વખતપત્ર, વગેરે ઉપર બિલકુલ અસર કરતાં નથી એમ હોતું નથી. બાળકો આગળ કયે વખતે શું ધરવું, કઈ બાબત તરફ તેમનું ધ્યાન દોરવું, બાલમંદિરનુ સામાન્ય વખતપત્ર કેવું રાખવુ, બાલમંદિરનું રાચરચીલું, સાધનો, તેની ગોઠવણ, પ્રદર્શનો, મેળાવડા વગેરે અનેક બાબતો શિક્ષકોના જ હાથમાં હોય છે. અને શિક્ષકોની જ દોરવણી દરેક બાલમંદિરમાં અમુક છાપ પાડે છે અને અમુક પ્રથા (tradition) અને ભાત પાડે છે, એ વાત નિર્વિવાદ છે.

એ રીતે બાલમંદિરોના શિક્ષકોએ આજનાં બાલમંદિરોને બે પ્રકારની દિશા આપેલી દેખાય છે.

મોટે ભાગે શહેરનાં બાલમંદિરોમાં જાણે અજાણે શિક્ષકોએ લેખન વાચન ગણિત ઉપર વધારે ભાર દીધો છે અને અમુક વખત સુધી અમુક, એટલે સુધી શીખીને બાળકે તૈયાર થવું જ જોઈએ એ વાત તરફ શિક્ષકોનું ધ્યાન હોય છે.

ગિજુભાઈનું જીવન વાંચી વિચાર કરો.

આસ્તે આસ્તે અપ્રત્યક્ષ રીતે પણ એ વાતો પાકી થાય એવાં સાધનો વધારવા, તે જ આગળ ધરવાં, તેને જ વધારે વખત આપવો, તે રહી ન જાય માટે બીજાં બાળકોને ગમતાં હસ્તવ્યવસાય કે ચિત્રકામ જેવાં કામો ઓરડા-માંથી કાઢી નાખવાં અથવા તેને માટે અમુક જ, થોડો વખત જ આપવો, વગેરે પ્રકારો બાલ-મંદિરોમાં થાય છે અને ઓટલું કરીને પણ ધારેલું પરિણામ ન આવે તો છેવટે શીખવી દેવું એટલે સુધી જવું પડે છે.

આથી તદ્દન વિરુદ્ધ પ્રકારો પણ બાલ-મંદિરોમાં દેખાય છે. બબ્બે વર્ષ સુધી બાળકો બાલમંદિરમાં આવે, થોડાં મોતી પરોવે, કાગળ કાપે, જરા વાર દડા પેટી કે એવું કાંઈ રમે, બહાર જઈ લીંબકા ખાય, હોડીમાં રમે અથવા રેતીમાં રમે કે માટીકામ કરે, વાર્તા સાંભળે, ગીતો થાય, નાસ્તો કરીને ઘેર જાય. બાળક પાંચ કે છ વર્ષનું થાય પણ બાલમંદિરોમાં નથી થતા અક્ષરો કે દસ સુધી ગણતાં પણ આવડતું નથી; એવી સ્થિતિ પણ દેખાય છે. છેવટે ઘરે માબાપો અક્ષરો ને આંક શીખવી દે છે અથવા પ્રાથમિક શાળામાં તે જાય ત્યારે ત્યાંના શિક્ષક પોતાની મેળે તેને તે શીખવે છે.

બરી રીતે બધાં બાલમંદિરોએ પોતાના કામની રીતભાત, કઈ બાબતો પર ભાર દેવો, ૨॥ વર્ષથી સામાન્ય પ્રગતિ તે ૬ વર્ષનું થાય ત્યાં સુધી સામાન્યતઃ કેટલી થવી જોઈએ, તે કેમ થાય, ન થતી હોય તો શાં શાં કારણો હોઈ શકે છે ને તેમાં શિક્ષકે કરવાની ને ન કરવાની વાતો થઈ છે વગેરે બાબતો પર ખુલાસા-વાર ચર્ચા કરીને સ્પષ્ટતા કરી લેવી જોઈએ.

મારી દૃષ્ટિએ બાલમંદિરોનાં કામોમાં નીચેનાં સૂત્રો શિક્ષકો બરાબર ધ્યાનમાં રાખે તો ઘણો લાભ થાય એમ છે.

(૧) શિક્ષકોએ જેમ બરાબર શિક્ષક થઈને શિખવવા લાગવાનું નથી તેમ તેણે સંપૂર્ણતઃ નિષ્ક્રિય પણ રહેવાનું નથી.

(૨) શિક્ષકનું પહેલું કામ બાળકની પ્રગતિની નોંધ મનમાં સતત રાખવાનું છે. બાળક જે કામ કરતું હોય તેમાં કંઈ પ્રગતિ કરે છે કે નહિ તે શિક્ષકે જોવાનું છે, તેમ જ બાળક બરાબર રસપૂર્વક તે કામ કરવાની દૃષ્ટિએ કરે છે કે વખત કાઢવા માટે, આળસથી, નવું કાંઈ પણ લેવાનું જડતું નથી માટે, નવું લઈને તેમાં બુદ્ધિ વાપરવાની કે અનિચ્છાએ અથવા નવું લઈએ ને ન આવડે તો! એવા વિચા-રથી કોઈપણ સહેલામાં સહેલા કામમાં જ ગૂંથાઈને રહે છે કે કેમ તે બહુ જ ઝીણવટથી શિક્ષકે જોવું જોઈએ.

(૩) નવી નવી વાતો થોડા ફેરફારથી બાળકો આગળ વારંવાર ધરવી જોઈએ. ઘણીવાર સામે પડેલાં સાધનો પડયાં જ રહે છે અને બાળકોને તેમાં શી ગમત રહેલી છે તેની બબર જ પડતી નથી. જેમકે પટ્ટાવાળી સીડી, દાંદરો બનાવવો એ વાત આપણે બતાવીએ છીએ. શરૂમાં કેટલી વાર બાળક તે કરે છે ને ત્યાં જ પૂરું થાય છે. પણ તેની જ જુદી જુદી રમતો હોઈ શકે છે ને તે જો બાળકો આગળ મૂકીએ તો તે સાધનનો રસ ઘણા દિવસો સુધી ચાલ્યા કરે છે.

(૪) મૉંટેસોરી પદ્ધતિનાં સાધનોની બૂબી એ છે કે જરાક આગળ, જરાક જુદું, એવાં ઘણાં સાધનો હોય છે. તે બધાં એક પછી એક બાળકો આગળ આવવાં જ જોઈએ. ગણિત ને ભાષામાં પ્રગતિ ન થવાનાં કારણોમાં એ જ કારણ મુખ્ય હોય છે.

ગિજુભાઈની મોન્ટેસોરી પદ્ધતિનો અભ્યાસ કરો.

જેમ કે પટ્ટાવાળી સીડીની રમતો ચાલતી હોય તેટલામાં જ મોતીની સીડી સામે આવવી જોઇએ. તરત સાપની રમતો – સાદી રમતોથી એક પછી એક પગથિયે, ઠેઠ ઓછાના ધોળા પારાની સીડી સુધી – આવવી જોઇએ.

જુદી જુદી રીતે ૯ સુધીના આકડાઓ ને સંખ્યાજ્ઞાન પાકું થાય કે તરત હજાર સુધીનાં સાધનો ને તેની ભાગોકાર સુધી રમતો એમ તરત ને યોગ્ય વખતે તે તે બાળકની સામે ધરવામા આવે તો બાળકોની પ્રગતિ સ્વાભાવિક રીતે યોગ્ય ગતિએ આગળ ને આગળ ચાલ્યા કરે છે. જ્યારે મોટે ભાગે એ વાત થતી નથી ને તેથી બાળકો, પાછળ જઇને જેમાં બુદ્ધિ, શક્તિ વાપરવી પડતી નથી અથવા જેમાં ખાસ કૌશલ્ય સાધવાનું હોતું નથી એવાં કામોમાં પડી જાય છે. જેમ માટીકામમાં ગાંઠિયા કે જલેબી કે મણકા કર્યા જ કરવા, એક જ પ્રકારની સાદી જાળી કાપી કાપીને કાગળોના કટકા કર્યા કરવા, કે પાણીની બાટલીમાં પાણી રેડયા જ કરવું અથવા દડાપેટી કે એવાં સાધનો લઇને ગોઠવવાં. પુનરાવર્તન માટે બાળક જૂનાં સાધનો ઉપર જાય તે જરૂરનું છે. પહેલાં કેટલીક વાતો અધૂરી રહી હોય જેમકે રંગની છાયાની રમત કે એવી બીજી–તેથી તે પાકી કરવા બાળક જાય અથવા ઘણું કામ કર્યા પછી જરા આરામ તરીકે આવું કંઇ કરે તે જુદું છે, ને પ્રગતિ અટકવાથી બાળક બાલમંદિરમાં સંગીતથી નાસ્તા સુધીનો વખત કાઢવા ખાતર આવું કંઇ કરે એ જુદું છે. કેટલીક વાર ગણિતના અમુક દાખલાઓ પણ આ રીતે આળસુ પ્રવૃત્તિ થઈ પડે છે. તો તે બાબતમાં શિક્ષક સતત જાગૃત રહે તે જરૂરનું હોય છે.

(૫) શિક્ષક ઘણી વાર નવાં સાધનો મૂકતાં પોતે જ બીએ છે. અપૂર્ણાંકનું સાધન વેચાતું લીધુ હોય પણ તે કબાટમા જ રહે છે. કારણ અપૂર્ણાંકનું સાધન એટલે ઘણુ આગળનું છે. તે ભાગાકાર વગેરે થયા પછી લેવાનું છે એમ શિક્ષકને લાગે છે. તેવું જ ક્ષેત્રફળનાં સાધનનું બને છે. ક્ષેત્રફળ નાનાને કેમ આવડે? પણ ખરું જોતાં અપૂર્ણાંકનું સાધન ભૌમિતિક આકૃતિઓ સાથે કે જરા પછી બાલી ગોઠવવા માટે રમવા આપવાનો કાંઈ જ હેતુ હોતો નથી. તેમ જ બીજી રમતો જેમ કે:–

$\frac{૩}{૮}+\frac{૨}{૮}=\frac{૫}{૮}$ એવા દાખલા મોઢેથી ભાષા આપીને બાળક કરી શકે છે. ભાષા સહેલી કરવી જોઇએ; ક્ષેત્રફળના કટકાઓ ત્રિકોણ, ષટ્કોણ પેટી પછી ગોઠવવા માટે રાખવામાં હરકત હોતી નથી; ૯ ની અંદરના સરવાળા જ્યારે બાળક ૩+૨=૫ જેવા કરે છે તે જ વખતે સ્ટ્રપબોર્ડ ઉપર ૧૦ પછીના, લીટાથી આગળ ન જાય એવા સરવાળા હાથથી મૂકે ને મોઢેથી બોલે તો વાંધો હોતો નથી; તેમ જ બે દસને ચાર છૂટા એ જાતની સંખ્યા જ્યારે બાળક હજાર સોના સાધન ઉપર જાણે છે તે જ વખતે ઊભા અંકપાટી ઉપર છોકરાઓ બે દસ ને બે ચાર દસ ને પાંચ એમ બોલે ને તે પ્રમાણે લાકડાના આકડાઓ ગોઠવતા જાય તો ચાલે. તેમાથી ઝટ દઇને કોઈ વાર દસ, વીસ, ત્રીસ એ શબ્દો ને દસ ને એક = અગિયાર એ શબ્દો આપી શકાય છે.

પણ હજી તો બાળક એ સાધનના વપરાશ સુધી આવ્યું નથી માટે આવા સાધનો કબાટમાં પડયાં રહેતાં દેખાય છે.

(૬) એક કામમાંથી નાનાં નાનાં આગળનાં કામો બતાવી તેમા નવીનતા લાવવાનું મોટે–ભાગે શિક્ષકને સૂઝતું નથી. તેથી એક જ રીતે બાળક કર્યા કરે છે, અને તેમાં આગળ વધતું નથી

બાળકને ન મારવાની પ્રતિજ્ઞા લ્યો.

જેમ કે કાગળ કાપવામાં, બોળક ચિત્રો કાપે તો તેમાં પણ ઝીણું કેમ કાપવું, કાપેલું કેમ ચોંટાડવું, કે અમુક વિભાગો પાડવા, એવું એવું શિક્ષકો, આગળ કશું બતાવતા નથી. રંગીન કાગળોની નકશીઓ, કાપેલા-ઝીણા કટકા પડે છે તેમાંથી સુશોભન, જુદી જુદી ચીજો વગેરે કોર્સમાં પોતે શીખ્યા હોય તો પણ બાલ-મંદિરમાં મૂકવાનું રહી જાય છે. તેથી એક બે પ્રકારો જે ચાલુ હોય—જેમ કે તોરણો કરવાં, ફૂલ કાપવાં કે અમુક ચીડી કરીને જાળી કાપવી એટલું જ હંમેશ ચાલ્યા કરે છે. તેથી બાળકો તે કામમાં કશી પ્રગતિ સાધતાં નથી.

(૭) શહેરના શ્રી લઈને ચાલનારાં બાલ-મંદિરોમાં જાણે અજાણે પણ બાળકોને પ્રાથમિક શાળાના વિષયોમાં એટલે લેખન, વાંચન, ગણિતમાં આગળ લેવાની વૃત્તિ હોય છે. ત્યાં હસ્ત-વ્યવસાય, કલાનાં કામો અને અંગ મહેનતનાં તેમજ સફાઈ વગેરે કામોમાં, સ્વાવલંબનનાં કામોમાં શિક્ષકે ધ્યાન રાખીને લેવાં જોઈએ. બાલમંદિરમાં તો વાળેલું સાફ શિક્ષકે ગોઠવેલું જ હોય; કામ પુરું થાય કે ઊઠી જવાનું; નાસ્તાની તૈયારી પણ બાઈ કરે; વાર્તા તે જ ઊટકે; પોતે માત્ર બાઇને ઊઠી જવાનું; એ જાતનો દૈનિક કાર્ય-ક્રમ ઘણાં શહેરી બાલમંદિરોમાં ૩૬ થતો જાય છે. દરેક બાળકને સોંપેલું કામ હોય; તેની ચિઠ્ઠી તેની પાસે હોય; પોતે યાદ કરીને તે કરે વગેરે વાતો ઘણા ખરા બાલમંદિરોમાં રહી જાય છે. બગીચા કામની પણ એ જ સ્થિતિ હોય છે. કોઇ જગ્યાએ રાખવામાં આવે તો પણ ઉપર ઉપરનું થોડું એક બાળકોએ કરવાનું. બાકી બધું, મહેનતનું કામ પટ્ટાવાળા કે મજૂર રાખીને જ થાય છે. એનું મૂળ કારણ તો એ કે આપણા શિક્ષકો પણ આજે મહેનતનાં કામથી દૂર રહેનારા અને પોતાનાં ધોળાં કપડાં સાચવવા-વાળા જ હોય છે. આ બાબતમાં આદર્શ કામ થઇ શકે એવી સંસ્થાઓ જ હજી આ કામનું મહત્વ સમજીને તેને યોગ્ય તે સ્થાન આપતી નથી તો બીજા તે તરફ દુર્લક્ષ કરે તેમાં નવાઈ જ શી!

(૮) 'શહેરી બાલમંદિરોમાં જેમ એક જાતની મહેનતના કામની ખામી રહે છે તેમ ગામડાંનાં બાલમંદિરોમાં બૌદ્ધિક કામોની ખામી રહે છે. તો ત્યાં વિશેષ પ્રયત્નથી પણ લેખન, વાચન, ગણિત તેમજ આવા બીજા વિષયોને થોડું ઘણું પણ સ્થાન આપવું જોઇએ. તેમનું ઘરનું વાતાવરણ આવા અભ્યાસને મદદરૂપ હોતું નથી. ગામડામાં જ્યાં ત્યાં મોટા અક્ષરમાં જાહે-રાતો કે પાટિયાં, છાપાં વગેરે કશું હોતું નથી. એટલે બાલમંદિરમાં તે જાતનું મોટા અક્ષરમાં લખાણ રાખવું જોઇએ. કારણ અક્ષરો માત્ર હાથ ફેરવીએ ત્યારે જ શીખાતા નથી. એ પ્રકારના આકારોની છાપ મગજ ઉપર પડયા જ કરે તો જ તે ધ્યાનમાં રહે છે, તેમ તે ઉકેલવામાં મઝા આવે છે. ગણિતનું, શુદ્ધ બોલવાનું પણ એમ જ છે. માટે તે વિષયોનું વાતાવરણ ગામડાનાં બાલ-મંદિરોમાં વિશેષ પ્રયત્નથી ઊભું કરવું જોઇએ. મૂળ વિચાર કરવાની ટેવ જ ઘણી ઓછી હોય છે. માટે ગણિતની ભાષામાં, ભૂમિતિની ભાષામાં, ભૂગોળની ભાષામાં, વિજ્ઞાનની ભાષામાં વધારે વાતચીત થવી જોઇએ. ને જીવનમાં તે બધા વિષયો જોવાની ટેવ પડવી જોઇએ. એક વાર પાંચમી ગુજરાતીમાં ૨૫માંથી ૨૦ છોકરાઓ હાજર હોય, તો કેટલા ટકા હાજરી ગણાય એમ મેં પૂછયું તો કોઇ કહી ન શકયું. જ્યારે તે જ છોકરાઓ સરળ વ્યાજના દાખલા ગણતા હતા. આ ઓરડાની લંબાઈ, પહોળાઇ કેટલી હશે, પેલું ઝાડ અહીંથી કેટલું દૂર હશે, આ મકાનની ઊંચાઈ કેટલી હશે વગેરેની કશી કલ્પના કોઇને હોતી નથી. કાગળ ઉપર માત્ર દાખલા ગણાય છે. માટે બાલમંદિરમાંથી જ એ ભાષા અને વ્યવહાર શરૂ કરવો જોઇએ. છોકરાઓ ગિલ્લીદંડા રમે છે ત્યારે, દાંડાથી માપે છે તેમ બાળકોના

બાળકને ન બિવડાવવાની પ્રતિજ્ઞા લ્યો.

હાથમાં હંમેશ ફૂટગટ્ટી માપવાની દોરીઓ વગેરે સાધનો આપ્યાં હોય ને બધે માપીને ઊંચાઈ, લંબાઈ, પહોળાઇ, ખૂણાઓ, પથરો બાંધીને દોરી છોડી કાટખૂણો જોવાની વગેરે રમતો દાખલ કરી શકાય ને એવી વાતો કરીને તેમની વિચાર-શક્તિને આખ, કાન બધું સતેજ રહે-તેમ કરવાની ખાસ જરૂર હોય છે.

અર્થાત્ બૌદ્ધિક અભ્યાસ તરફ વાળવાની ક્રિયામાં તેમની શ્રમ ને મહેનત કરવાની શક્તિ ઓછી ન થાય તેમ જ તેવા કામ તરફ અણગમો પેદા ન થાય તે પણ જોઇએ.

આજે બાલમંદિરોમાં એક જાતની નિર્જીવતા આવતી જાય છે, અમુક એક રૂપ, રંગ ને આકાર તેને મળ્યો છે. તેવું ઉપરનું સ્વરૂપ રહે એટલે બસ છે એમ બધાં માને છે. તેમ જ બાળકોની બરી પ્રગતિ કરતાં બાલમંદિરોનો બહારનો દેખાવ, અને મેળાવડાના કાર્યક્રમોપરથી, તેમાં પણ બાહ્ય સાધનોના ઠાઠ-ઠઠારાથી દેખાવ-પણું લાવવાના પ્રયત્ન પરથી બાલમંદિરની કિંમત અંકાય છે. શિક્ષકો પણ લોકો એ આવે વખતે કરેલા વખાણથી આત્મસંતોષ માની લે છે. ને પોતાનાં બાલમંદિરોમાં શું શું રહી જાય છે તે વારંવાર તપાસતાં રહેવાનું ભૂલી જાય છે.

પચીસ વર્ષ પહેલા શ્રી ગિજુભાઈએ બાલ-મંદિરો માટે જે પ્રતિષ્ઠા મેળવી તે અત્યારે રહી નથી એનાં અનેક કારણોમાંથી આ એક મુખ્ય કારણ છે કે શિક્ષકો પોતાના કામમાં આગળ વધ્યા નથી માટે જ આજે મેં તેમને ખાસ સૂચન કર્યું છે.

તારાબેન

નૂતન બાલ-શિક્ષણ સંઘ

રૌપ્યમહોત્સવ

ગુજરાતી, મરાઠી અને હિંદી ભાષીય પ્રાંતોમા બાલ-શિક્ષણનો પ્રચાર કરનારી આ સંસ્થા-નૂતન બાલશિક્ષણ સંઘ. ગયાં પચ્ચીસ વર્ષથી સતત એકધારું કામ કરતી આવી છે. આવતે વર્ષે તેનો રૌપ્યમહોત્સવ આવે છે. આપણે સૌએ આ મહોત્સવ કેવી રીતે ઉજવવો તેના પર વિચાર કરવો ઘટે છે. શિક્ષણ-પત્રિકાના સર્વ ગ્રાહકો તે સંઘના સભ્યો છે. એટલે સંઘનો આ મહોત્સવ તે બધા સભ્યોનો મહોત્સવ છે માટે સૌએ તે વિષે વિચાર કરવો ઘટે છે.

સામાન્યત: કોઇ પણ સંસ્થાનો રૌપ્ય-મહોત્સવ ઉજવવાની અમુક એક રીત ચાલુ છે. કોઈ મોટી સભા ભરીને તે ઉજવે છે. કોઈ એક આખા દિવસનો, કોઇ ચાર દિવસનો, તો કોઇ વધારે દિવસનો મોટો કાર્યક્રમ રાખી ઉત્સવ ઉજવે છે. એ ઠીક છે. ભેગા થએલા સૌની હાર્દિક શુભેચ્છાઓ અને આનંદ ઉત્સવથી વાતાવરણ ઉત્સાહી બને છે. સંસ્થાની કદર થાય છે. કાર્યકર્તાઓને પણ આવા પ્રસંગો બહુ ઉત્સાહી બનાવે છે.

ઘણીવાર મોટા પાયા ઉપર આવો મહોત્સવ યોજયો હોય તો મહોત્સવ ઉજવવો એ જ એક મોટું કામ થઇ પડે છે; અને તેથી તે પૂરો થાય કે સૌ કાર્યકર્તાઓ થાકી પાકીને લોથ થઈને બેસે છે. જેથી આગળ ચલાવવાનુ, રોજ ને રોજ ચાલનારું, શાંત રીતે ખૂણામા બેસીને તન્મયતાથી ચલાવવું જોઇએ એવા કામો માટે કોઇને શક્તિ કે સ્ફૂર્તિ રહેતી નથી. પૈસાનો ખર્ચ પણ સારી રીતે થાય છે.. એટલે ચાલુ કામમા વાપરવા માટે પૈસાની તાણ રહે છે. ટૂંકમા, મહોત્સવ ઉજવવાથી સંસ્થાના કામમા વધુ વેગ, વધુ જોર અને નાણા વગેરેની વધુ સગવડ મળવાને બદલે થોડા દિવસ મોટી દીવાળી ને પછી બધુ જ ઠંડુ પડી જાય છે.

બાળકની આંતર દિવ્યતા જોવા મથો.

નૂ. બા. શિ. સંઘનું કાર્ય એવું છે કે તે વર્ષના ૩૬૫ દિવસ સતત ચાલવું જોઇએ. તેના કાર્યને ૨૫ વર્ષ પૂરાં થાય છે એટલે આ કાર્યનો, શરૂઆતના કાર્યનો, એક ૨૫ વર્ષનો કાલખંડ પૂરો થાય છે. આથી આ મહોત્સવ પ્રસંગે અત્યાર સુધીનું કાર્ય કેટલું થયું છે ને કેવા પ્રકારનું થયું છે તેનું મૂલ્યમાપન કરીને સરવૈયું તારવવું એ એક પહેલું કામ થવુ જોઇએ. સંઘના સભ્યોમાં એવા ઘણા છે કે જે સંઘની શરૂઆતથી સંઘમાં જોડાએલાં છે; તેમણે સંઘની પ્રવૃત્તિઓ નજીકથી નિહાળી છે. સંઘના કાર્યનું મહત્વ તેમને મન વસ્યું છે ને તેમાં પોતે પણ થોડેઃ યા વધારે પ્રત્યક્ષ ભાગ લીધો છે. એમાંથી કોઈ વ્યકિત અથવા વ્યકિતઓ આગળ આવી સંઘના કાર્યનો ઇતિહાસ લખી, યોગ્ય સિંહાવલોકન કરે તે જરૂરનું છે.

ગયા રજત વર્ષનું કાર્ય જેટલું થયું હોય તેટલું જમે બાજુ લઈ સંતોષ માનવો એ મહોત્સવનું પહેલું કામ હોય છે. ઉત્સવ એટલે આનંદનો પ્રસંગ ઉજવાય છે તે. આ સંતોષદર્શન જ હોય છે. એ ઠીક છે પરંતુ ત્યાં કામ પૂરું થાય તો મહોત્સવનો કશો અર્થ નથી. જેટલું કામ થયું હોય તેટલું જમે બાજુ લઇને જેટલું બાકી રહ્યું હોય તેનો પણ હિસાબ કાઢવો જોઈએ. ન થયા બદલ અસંતોષ કે ખેદ કરવાની જરૂર નથી આ સાલથી જે નવો તબકકો શરૂ થાય છે તેને માટે કાર્યની રૂપરેખા આંકીને યોજના ઘડવી જોઇઇએ. એ નવી યોજનામાં બાકી રહેલાં બધાં કામોનો સમાવેશ થવો જોઇએ. મહોત્સવનું એ અંગ ખરું જોતા સૌથી વધારે મહત્વનું છે. નવા કામની શરૂઆત નવા ઉત્સાહથી, નવા જુસ્સાથી અને નવા કાર્યકર્તાઓથી થાય તે જ વધારે મહત્વનુ છે. તેને માટે જોઇતી પ્રેરણા અને માર્ગદર્શન તેમ જ શુભાશિષ અને શુભેચ્છાઓ મહોત્સવ પ્રસંગમાંથી મેળવી લેવાં એ જરૂરનું છે. તેટલા પૂરતી મહોત્સવ ઉજવવાની જરૂર પણ ખરી, પણ ઉજવતી વખતે એટલું જ જોવાનું કે તેમા જ સર્વ શકિત ખર્ચાઈ ન જાય

નવાં કામોની યાદી કરવી, યોજના ઘડવી વીગતવાર રૂપરેખા તૈયાર કરવાની સાથે તે બધું વ્યવહારમાં કેમ ઊતરે, પ્રત્યક્ષ કૃતિમાં કેમ આવે, તેનો પણ વિચાર થવો જોઇએ. પચ્ચીસ વર્ષ પહેલા જે શકય હતું તે અત્યારે છે કે કેમ તે વિચારવું જોઇએ, અને આવતાં પચ્ચીસ વર્ષના કામની પણ કલ્પના કરવી જરૂરી હોય છે. એટલે વિચારો માત્ર હવામા જ ન રહે, માત્ર સાહિત્યમા અને આકાંક્ષાઓ જ કે સ્વપ્નાં ન રહે તે પણ જોવુ જોઈએ. તે માટે ખૂબ મોટો કાર્યક્રમ આકવાને બદલે નાનો, સાદો આંકીને પાંચ પાંચ વર્ષના ખંડ પાડવામાં આવે તો તે વધારે આવકારદાયક ગણાય.

આજ સ્વતંત્ર ભારત અનેક રીતે ઉર્જીત થવા પ્રયત્ન કરે છે, તે પ્રયત્નોમાં નૂ. બા. શિ. સંઘનો પ્રયત્ન પણ ઘણો જ મહત્વનો છે. કારણ આજનું અજ્ઞાન, અશકત, નાનું એવુ બાળક જ આવતી કાલનો જુવાન અને સ્વતંત્ર ભારતની ધૂરા ચલાવવાવાળો થવાનો છે. આવતાં પચ્ચીસ વર્ષનો કાળ એટલે આપણા દેશના ઇતિહાસમા અત્યંત મહત્વનો અને નાજુક કાળ છે. તેમા દરેકે પોતાથી બનતું વધારેમાં વધારે કરી છૂટવાનું છે નૂ. બા. શિ. સંઘ પણ પોતાનું અંગીકૃત કાર્ય નવા જોશથી ને ઉત્સાહથી શરૂ કરે અને પાર પાડે તેમ કરવું એ જ સંઘનો ખરો રોપ્ય મહોત્સવ!

આ પ્રમાણે રોપ્ય મહોત્સવ વિષે સૌ સભ્યો વિચાર કરે અને પોતાના વિચારો વ્યવસ્થાપક મંડળને જણાવતા જાય તો કાર્યક્રમ આંકવામાં તેમની કિંમતી સહાય મળી ગણાશે.

આ મહિનાની ૨૫/૨૬ મીએ સંઘના કાર્યકર્તાઓનું એક સંમેલન વડોદરા મુકામે આ જ વિષય ઉપર વિચાર-વિમય કરી નિર્ણય લેવા મળવાનું છે તે નકકી કરી સંઘ આગળ મૂકશે; પછી તે પાર પાડવાનું કામ આપણા સૌની ઉપર રહેશે. અમને આશા અને ખાત્રી છે કે નૂ. બા. શિ સંઘના સૌ સંઘીઓ આવે શુભ ંગળ વખતે આવા મહત્વના કાર્યને પોતાથી બનતું બધું બળ આપશે.

તારાબેન મોડક

બાલજીવનની મુંઝવણોનું સ્મરણ કરો.

નૂ. બા. શિ. સંઘના ઠરાવો

નૂ બા. શિ. સંઘની આ સાલની બીજી બેઠક તા. ૨૨–૧૦–૫૦ ને રવિવારે મુંબઈમાં ટી. એન. માળવી બાલમંદિરમાં શ્રી સરલાદેવી સારાભાઈના પ્રમુખપદે મળી હતી.

આ સભામાં આઠ સભ્યો હાજર રહ્યા હતા, અને ઘણા મહત્વના મુદ્દાઓ ચર્ચાયા હતા.

ઠરાવ ૧. મુખ્ય મુખ્ય બાબત નીચે પ્રમાણે છે:–

બંધારણમાં કેટલાએક સુધારા સૂચવતો મુસદ્દો શ્રી મંત્રીજીએ રજૂ કર્યો હતો; તેના ઉપર સારી રીતે ચર્ચા થઈ અને બંધારણ સમિતિએ એના ઉપર ફરીથી વિચાર કરી વ્ય. મંડળની એક બેઠક એ પ્રશ્નને માટે જ બોલાવવી એમ નક્કી થયું હતું.

તેમાં ત્રણ ભાષામાં, ત્રણ જુદાં વ્ય. મંડળો નીમી એ ત્રણેનું મળીને એક મધ્યસ્થ મંડળ નીમવું. સંઘનું લવાજમ અને શિક્ષણ પત્રિકાનું લવાજમ જુદાં કરવાં વગેરે બાબતો ચર્ચાઈ હતી.

ઠરાવ ૨. ૧૯૪૫ સુધી સંઘના આજીવન સભ્યોનું લવાજમ માત્ર રૂા. ૫૦ હતું તે તા. ૨૩ – ૧૨ – ૪૫ થી રૂા. ૧૦૦ કરવામા આવ્યું હતું. એ જૂના, ૫૦ રૂા. વાળા આજીવન સભ્યોને માટે એમ ઠરાવવામાં આવ્યું કે તેમનું આજીવન સભ્યો તરીકેનું એ લવાજમ ચાલુ રહેશે જ પરંતુ તેમને રૂા. ૫૦ વધુ આપવા સંબંધી વિનતિ કરવી.

ઠરાવ ૩. ત્યાર પછી ભાષા–મંત્રીઓના અહેવાલો વાંચ્યા બાદ ગુ. ભાષામંત્રી શ્રી શાંતિભાઇ રાવળની સૂચના મુજબ એમ ઠરાવવામાં આવ્યું કે વેતન આપી આખો સમય સંઘનું કાર્ય-કંડ ઉઘરાવવાનું પણ – કરી શકે એવા યોગ્ય કાર્યકર્તા મળી શકે તો તેમને અખતરા માટે એક વર્ષ માટે રોકવા.

ઠરાવ ૪. સૌરાષ્ટ્ર શાખાએ કાર્યકર્તા સંમેલન ભાવનગરમાં ભરાય તો તેની બધી વ્યવસ્થા કરવા ખુશી બતાવી હતી; તે કાગળ વંચાયો હતો. પણ ભાવનગર કરતાં વડોદરા, સુરત જેવા કોઇ મધ્યસ્થ સ્થળે આવું સંમેલન ભરાય તો તે વધુ સગવડભર્યું થશે એમ લાગવાથી ઠરાવવામાં આવ્યું કે નવેમ્બર તા. ૨૫–૨૬ એ આવા કોઈ મધ્યસ્થ સ્થળે સંમેલન ભરવું. એ **કાર્યકર્તા સંમેલન** રજત મહોત્સવ ઉજવવા માટેની યોજના વિચારવા માટે જ બોલાવવું; એની સાથે સાથે તે જ જગાએ **સામાન્ય સભાની બેઠક** પણ રાખવી.

ઠરાવ ૫. ગિજુભાઇ સ્મા. પ્રકાશનમા વેચાણથી આવેલી રકમ ગિ. સ્મા. પ્ર. સમિતિ પાસે જ હાલ રહેવા દેવી અને તે વાપરવા સંબંધી નવી યોજના વિચારી વ્ય. મંડળ પાસે મૂકવી.

નોંધ :

કાર્યકર સંમેલન

સંઘના કાર્યકર્તાઓનું સંમેલન નવેમ્બરની તારીખ ૨૫–૨૬ મી એ વડોદરામાં રાખવાનું નક્કી થયું છે. તે વખતે ૧૯૫૧માં, સંઘને ૨૫ વર્ષ પૂરાં થાય છે ત્યારે રજત મહોત્સવ કેવી રીતે ઉજવવો એ પ્રશ્ન ઉપર વિચાર થવાનો છે. એ પ્રસંગે કાર્યમાં પ્રત્યક્ષ ભાગ લેનારા સૌ કાર્યકર્તાઓને બોલાવવા નિમંત્રણ મોકલવામા આવશે.

મંત્રીઓ

ગિજુભાઇના કામને મૂર્તિમંત કરો.

બા. સ. વિ. શા. ૧

નવેમ્બર ૧૯૫૦

બા અને બાળક

સાત સાહ બા બેતર જાય,
નાનું બાળક સાથે થાય;
પકડ્યો એણે બાનો હાથ,
તે પૂછે છે બાને વાત.

"કોણ જ એ બા! શું જ કરે!
આજ બધું યે કહેજ બરે;"
"બાપુ તારા સવાર સાંજ,
બેડ કરે છે બેતરમાં જ."

"શાને બા! એ એમ કરે!
ટાઢે ને તડકે એ મરે?"
"સાંભળ, એ જો રહેજ ઘરે,
દુનિયા આખી ભૂખે મરે."

"જો બા! ત્યાં એ બેતરમાંય,
એ બાપુજી, એ દેખાય;
બેડ મને, હું દોડી જઉં,
બાપુજીને ભેટી જઉં."

"શાને બા! એ બેમ કરે!
ટાઢે ને તડકે એ મરે?"
"સાંભળ, એ જો રહેજ ઘરે,
દુનિયા આખી ભૂખે મરે."

"જો બા! ત્યાં એ બેતરમાંય,
એ બાપુજી, એ દેખાય;
બેડ મને, હું દોડી જઉં,
બાપુજીને ભેટી જઉં."

"શાને બા! એ બેમ કરે!
ટાઢે ને તડકે એ મરે?"
"સાંભળ, એ જો રહેજ ઘરે,
દુનિયા આખી ભૂખે મરે."

"જો બા! ત્યાં એ બેતરમાંય,
એ બાપુજી, એ દેખાય;
બેડ મને, હું દોડી જઉં,
બાપુજીને ભેટી જઉં."

"શાને બા! એ બેમ કરે!
ટાઢે ને તડકે એ મરે?"
"સાંભળ, એ જો રહેજ ઘરે,
દુનિયા આખી ભૂખે મરે."

"જો બા! ત્યાં એ બેતરમાંય,
એ બાપુજી, એ દેખાય;
બેડ મને, હું દોડી જઉં,
બાપુજીને ભેટી જઉં."

"શાને બા! એ બેમ કરે!
ટાઢે ને તડકે એ મરે?"
"સાંભળ, એ જો રહેજ ઘરે,
દુનિયા આખી ભૂખે મરે."

"જો બા! ત્યાં એ બેતરમાંય,
એ બાપુજી, એ દેખાય;
બેડ મને, હું દોડી જઉં,
બાપુજીને ભેટી જઉં."

"શાને માડી! ઝટપટ જાય!
કામ કંઈ ત્યાં બોટી થાય?"
"સવારથી એ બેતર જાય,
કહીય શું ના ભૂખ્યા થાય?"

"બેડ કરીને વાવે ધાન,
ઊગતાં એને આવે પાનઃ
એ માંથી ડૂંડો લહેરાય,
અનાજના તો ઢગલા થાય."

આવી જ વાતો ચાલી જાય,
ને મારગડો ટૂંકો થાયઃ
મા ને બાળક હરોહાર,
આવ્યાં નિજ બેતરની માંય.

કહેતો બાળક દોડી જાય,
બાપુ હૈયે ચોંટી જાયઃ
જોતો માનું દિલ ઊલટાયઃ
બરબે પાંપણ ભીની થાય.

—પૂનમચંદ શાહ

શેરીનાં બાળકોને ભેગાં કરી ઉત્તરણી કરો.

રેવાને શાંતિ થઈ

રેવા નાનપણથી વનિતાવિશ્રામમાં આવી હતી. એને ન મળે બાપ, ન મળે મા, ન મળે ઘર. એ અહીં જ ખાતી પીતી ને ભણતી. રેવા મકૂત ભણતી. બીજી ઘણી છોકરીઓ એની નિશાળમાં આવતી. એમને મા હતા, બાપ હતા ને ઘર હતું.

રેવા જે નિશાળમાં ભણતી હતી તે નિશાળમાં એક દિવસ આસામની વાતો થઇ. "આસામમાં મોટો ધરતીકંપ થયો છે. કોઇએ કદી ન દીઠેલું ત્યાં બન્યું છે. લોકો ઘર વિનાનાં થઇ ગયાં. કોઇના મા, બાપ, કુટુમ્બીઓ દટાઇ ગયા છે, લોકો બીકમાં બેબાકળા બની ગયાં છે. આસામ ચાનો દેશ છે. ચાની જમીન પણ ઉથલ-પાથલ થઈ ગઇ છે. આવા લોકોને મદદ કરવા કપડાં જોઈએ છે; પૈસા જોઇએ છે; બાવાનું જોઇએ છે." બધા નિશાળિયાઓ આ સાંભળી રહ્યા હતા.

ઘણાં પોતાનાં ફાટેલાં, જૂનાં કપડાં લાવ્યાં. કોઇકે પૈસા આપ્યા. એ શું આપી શકે? એને નથી ઘર, નથી મા કે નથી બાપ. નથી પાસે પૈસા. નથી પાસે કપડાં.

બીજે દિવસે નિશાળમાં આવેલા ઢગલા પર એની નજર પડી. કપડાં તો ઘણાં ફાટેલાં હતાં. કેટલાંક પર બટન ન મળે; કેટલાંકમાં નાડી ન મળે.

રેવા શીવણકામ સારું જાણતી હતી. એને શીવણકામમાં ઇનામ પણ મળ્યું હતું. એ ઇનામના થોડા પૈસામાંથી બટન, નાડી વગેરે લાવી. થીગડાનું કપડું પોતાના જૂના કપડામાંથી ફાડ્યું.

બીજે દિવસે શિક્ષકને એણે પૂછ્યું. "સાહેબ! હું આ ફાટેલાં કપડાં સાંધી આપું? ફાટલાં કરતાં શીવેલાં કપડાં વધારે સારાં લાગશે ને વધુ ઉપયોગી જણાશે. હજુ તો કપડાં મોકલવાની વાર છે."

શિક્ષકે તો તરત જ રેવાને ખુશીથી એ કામ કરવા કહ્યું.

રાત દિવસ રેવા કામે બેઠી. કેટલાંક કપડાં શીવ્યાં; કેટલાંક સાંધ્યાં, કેટલાંય પર થીગડાં માર્યાં; કેટલાંયને બટનો ટાંકયાં. લેંઘાઓમાં નાડી નાંખી. બધાની ઘડી વાળી, તૈયાર રાખ્યાં. રેવાએ સફાઇથી એ ગોઠવીને મૂકયાં.

રેવાને હવે શાંતિ થઇ: એને હવે ઊંઘ આવી. હાશ! મેં પણ આસામના લોકોને થોડી મદદ તો કરી.

કપિલા ઠાકોર

મનગમતાં ગીતો ગાઇ, નાટક કરી, આનંદ માણો.

દૂઝણી ગાય

અનિલ એના છજામાં રોજ સાંજે એની કવિતા મોઢે કરતો હોય. ફરતો જાય અને ગાતો જાય. ત્યાં દૂરથી ઘંટડી વાગે અને તે ગાયને આવતી જુએ. એના ગામમાં દૂધ, ઘરને આંગણે ગાયને લાવી, દોહીને આપે. એ દોડતો ઘરમાં જાય અને દૂધનું વાસણ લઈ આવે.

ગાયને દુહે તે પહેલાં વાછરડાને થોડીવાર ધાવવા દે અને જેવું એ ધાવવા માંડે કે એને ખેંચીને આઘું બાંધી દે. પછી એ બિચારું ધીમું ધીમું આરડે, રડે. ગાયને તો દોરડેથી બાંધી હોય. અને પગ પણ દોહવા માટે બાંધ્યા હોય, એટલે એનાથી વાછરડા પાસે જવાય કઈ રીતે! દૂધવાળો તો અનિલનું વાસણ લઈને ગાયને દોહવા બેસી જાય.

આ બધું રોજ અનિલ જુએ અને આ જોઈ એને બહુ દુઃખ થાય. એને થાય કે શું કરું? એના ઘર માટે દૂધ તો લેવું જ જોઈએ. એ ન લે તો બીજું કોઈ દૂધ લઈ જાય. પણ પેલા બિચારા વાછરડાને અને ગાયને કેવી રીતે દુઃખી થતાં બચાવવાં?

એને એક વાર વિચાર આવ્યો કે લાવ દૂધવાળાને પૂછું કે એ ગાય અને વાછરડાને શું ખવડાવે છે! પૂછતાં ખબર પડી, ગાય અને વાછરડું શાકનાં અને અનાજનાં છોતરાં પણ ખાય છે. સાથે રાંધેલું પણ ખાય છે.

પછી તો એણે નક્કી કર્યું કે હવે તો ઘરમાં બધે ધ્યાન રાખવું. રસોડામાંથી રોજના અનાજનું થૂલું અને શાકનાં છોતરાં એ ભેગાં કરવા મંડ્યો અને જગ્યા બાદ જે થોડું ઘણું વધ્યું હોય તે પણ ભેગું કરતો. પોતાના દોસ્તને પણ એણે કહ્યું કે તું પણ જેટલું ભેગું થાય તેટલું ભેગું કરીને સાંજે પાંચ વાગે અહીં આવજે.

પછી જ્યારે દૂધ દોનાર વાછરડાને ગાય પાસેથી ખેંચીને આઘું કાઢે ત્યારે બેઉ જણ ગાયને અને વાછરડાને આ બધું ખવરાવે.

બેઉ દોસ્ત ગાયને અને વાછરડાને ખાતાં જુએ અને બહુ રાજી થાય અને બન્નેને પંપાળતા જાય. ગાય અને વાછરડું પણ એટલાં જ ખુશ થતાં.

લીલાબેન ઠક્કર

વાંદરાં બિચારાં

વડ નીચે અમે બેઠાં'તાં,
વાંદરાં ઉપર કૂદતાં'તાં;
કૂપા કૂપા ને કિકિયારી,
કોડમ કોડની બલિહારી.
કબ્બો પતરાનો બબડાવતાં,

વાંદરાં બિચારાં થરથરતાં;
કાળની બબ્બોલમાં કોડી છૂપાય,
ઠેકડો મારી નાસી જાય.
નાસતાં બિચારાં ગબડી પડ્યાં,
વીસે મોંએ અમે જોઈ રહ્યાં.

મૂળદેવ પંડ્યા

વિવિધ વેશ સજી આનંદ-બાલવ ઊભું કરે.

એવા આપણ ગિજુભાઇ

નાનાં સાથે નાનકડાં ને
મોટાં સાથે મોટાં;
હસતા, રમતા, કૂદતા એના
નં મળે જગમાં જોટા.
એવા આપણ ગિજુભાઇ,
વ્હાલા, મીઠા ગિજુભાઇ.

મીઠું, ગમતું, સુંદર લખતા,
વાતો નવલી નીત નીત કરતા;
બાળક સંગે રસભસ રમતા,
મા બાપોને બહુ યે ગમતા.
એવા આપણ ગિજુભાઈ,
વ્હાલા, મીઠા ગિજુભાઇ.

લાંબી મૂછો, ગેલ કરંતા,
વાંકડિયા વાળે એ ભમતા;
આંખડીને ચમકારે હસતા,
સૌને દિલડે એમ એ વસતા.

એવા આપણ ગિજુભાઇ,
વ્હાલા, મીઠા ગિજુભાઇ.

કયારેક બાળુડાંની સંગે,
નાચંતા એ એાર જ રંગે;
રૂડા ઢંગે, અજબ ઉમંગે,
કૂચ કરંતા ચાલ્યા જંગે.
એવા આપણ ગિજુભાઇ,
વ્હાલા, મીઠા ગિજુભાઇ.

યાદ એમની રોજ રહે છે,
મૂંગા સંદેશાઓ કહે છે;
બાળક—દુઃખે દિલ દહે છે,
બાલ-આનંદ જ રોજ ચહે છે.
એવા આપણ ગિજુભાઇ,
વ્હાલા, મીઠા ગિજુભાઈ.

જમુભાઈ દાણી

સિપાઇ બચ્ચો

હું સિપાઇ બચ્ચો છું... (૨)
જ્યાં જુઓ ત્યાં હું ...સિપાઇ૦

બેન્ક તણા બારણિયે બેસી,
ચોકી કરતો રહું;
મારગ મારગ ઊભો રહીને (૨)
રાહ બતાવી દઉં. જ્યાં... સિપાઇ૦

પોસ્ટ-મહીં કે સ્ટેશન ઉપર,
નિશદિન હાજર રહું;
ન્યાય કચેરી કોરટ કેરી (૨)
પહેરો ભરતો રહું. જ્યાં... સિપાઇ૦

જવ સીનેમા નાટક મધ્યે,
ત્યાં પણ હાજર રહું;
મંદિર, મેળા કે ટોળામાં (૨)
મારાં દર્શન દઉં. જ્યાં... સિપાઇ૦

ટંટો ફિસાદ આગ મહીં હું,
અદ્ધર આવી રહું;
રાત દિવસના ભેદ નડે નહિ (૨)
અખંડ હાજર રહું, જ્યાં... સિપાઇ૦

ચાર જ ડગલે હાજરી મારી,
હું જાણીતો બહુ
બીકણ કેરા બાળુડાંઓને (૨)
કદી ડરાવી દઉં. જ્યાં... સિપાઇ૦

—પ્રભાવતી પંજવાણી

નાનાં બુલકાંઓને હસાવો, કૂદાવો, રમાડો.

મુંબઇનું બાલસપ્તાહ : અખિલ હિંદ સ્ત્રી સંઘની બાલસપ્તાહ સમિતિ તરફથી મુંબઇમાં એક અદ્‌ભુત પ્રદર્શન તા. ૬ઠ્ઠી ના રોજ પંડિતજી જવાહરલાલને વરદ હસ્તે ખુલ્લું મુકાયું. દેશ વિદેશનું ઘણું ઘણું જોઇ, જાણી, શીખી લેવાનું, આમાંથી બાળકોને અને માબાપોને તથા શિક્ષકોને મળશે. આ સપ્તાહ દરમિયાન યોજાયેલા મનોરંજક કાર્યક્રમો પણ એટલા જ સુંદર છે ને સારી પ્રશંસા પામ્યા છે. મુંબઇની પ્રજાને આવો લાભ જે અહીં મળે છે તે હિંદનાં ઘણાં ગામડાંનાં ઘણાં બાળકોને મળી શકે તો કેટલું સારું?

મુંબઇશાખાની સમિતિ :

રા. બા. શિ. સંઘની સ્થાનિક શાખાની કારોબારી સમિતિમાં નીચેના સભ્યો ચૂંટાઇ આવ્યા છે. શ્રી તારાબેન, મા. પ્રેમચંદ, પ્રમુખ: સરોજબેનનં યોધ, ઉપપ્રમુખ: બાબીબેન મૂલજી, સરલાતાઇ દેવધર અને હુમલતા માળવી – મંત્રીઓ. તારાબેન ઝવેરી, જમુભાઇ દાણી, પ્રભુભાઇ ઉપાધ્યાય, અનસૂયાબાઇ અતાવર અને શેષ નામલે – સભ્યો. શ્રી ચંદુલાલ ઝવેરી અને કાંતિલાલ કારીઆ–કોઓપ્ટેડ સભ્યો. સર્વને અભિનંદન!

બાલઅધ્યાપન–શિક્ષણક્રમ :

આ પરીક્ષાનો એક વર્ગ ગયા જુનથી ઓકટોબર સુધી ચાલ્યો હતો. કુલ ૬૦ ભાઇબેનોએ ભાગ લીધેલો. પરીક્ષામા ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્રો આપવામા આવશે. હવે **૧લી ડીસેમ્બરથી** બાલઅધ્યાપન પ્રવેશનો બીજો શિક્ષણક્રમ શરૂ થશે, અને માર્ચમા પૂરો થશે. ૧૬ વર્ષની ઉપરના અને ૮. ફા. અથવા અંગ્રેજી ત્રીજા ધોરણ સુધી ભણેલાને સ્થાન મળશે. પત્રવ્યવહાર : મુખ્યાધ્યાપક, શિશુવિહાર, દાદર, મુંબઇ ૧૪ ને સરનામે કરવો.

સંઘનો રૌપ્યમહોત્સવ : સંઘને પચ્ચીસ વર્ષ પૂરા થાય છે એ નિમિત્તે આવતે વર્ષ ઉજવવાના મહોત્સવ માટે વિચારણા કરવા વ્ય. મંડળની એક બેઠક તા. ૬ઠ્ઠી નવે૦ ના રોજ વડોદરામાં મળશે. આપની સૂચના જલદી મંત્રીઓ ઉપર મોકલી આપશો તો આનંદ થશે.

"શિશુવિહાર"—પાક્ષિક :

સાતથી ચૌદ વર્ષની બાળકોને માટેના એક ગુજરાતી પાક્ષિકની યોજના શ્રી માનભાઇ ભટ્ટ ભાવનગરથી કરી રહ્યા છે. એની પાછળ બાળલેખકો અને કવિઓનો સારો સહકાર છે. પ્રથમ અંક ૧૫મી નવેમ્બરે શિશુભારતીના કાર્યસ્થાન ભાવનગરથી પ્રગટ થશે પત્રો: 'શિશુવિહાર' કૃષ્ણ નગર, ભાવનગરને સરનામે લખવા... અને સહકાર્ય ઇચ્છીએ છીએ.

ર. બા. સંઘ–વાર્ષિક સભા: ચોથો વડોદરા

તા. ૨૫–૧૧–૫૦ ને રોજ સવારે નવ વાગે જુમ્માતાદા વ્યાયામશાળામા વડોદરા મુકામે મળશે.

મુખ્ય કાર્યો : ૧૯૪૮–૪૯ ના કામનો અહેવાલ અને જમા–ખર્ચની મંજુરી આપવી.
સંઘના વ્ય. મંડળ ઉપર જરૂર પડયે બે સભાસદ વધુ લેવાની સત્તા મંડળને આપવી. એને અંગેના નિયમોમા જરૂરી ફેરફાર કરવો.
શૈક્ષ્ય મહોત્સવને માટેની રૂપરેખા વિચારવી.

સંઘના સર્વ સભ્યોને આમંત્રણ છે, આગ્રહભરી વિનતિ છે.

પત્રવ્યવહાર : C/o શ્રી. કમળાશંકર પંડ્યા, શિશુભારતી, તારકેશ્વર વડોદરા.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રણોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેવ્યંદ લલ્લુશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ મુંબઈ ૧

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.
દરેક સાધન, શાસ્ત્રીય પદ્ધતિથી નિષ્ણાતોની નજર તળે બનાવવામાં આવે છે.
સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર બાલ-મંદિરોને ૬૦ ટકા કમિશન.
લખો—મંગાવો

નૂતન શિક્ષણ-સાધનાલય એન્ડ
આર્ટ વર્ક્સ લિ૦
સુરેન્દ્રનગર—સૌરાષ્ટ્ર

આગ—અકસ્માત—ચોરી—

ઓટર ફાયર એક્સીડેન્સ કોમ્પ્રેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું :
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.
ધી ઇન્ડીયન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—. હેડ ઓફિસ :—
૬૧૫–૬૨૧ પ્રોપ્રેકટર ચેમ્બર્સ, હોર્નબી રોડ
મુંબઇ

બેંગલોરની કેપ અને ન્યોર્જેટની

સાડીઓ

ચોકડીવાળી અને વિવિધ રંગોમાં વિવિધ
પાલવ અને પાટલીપાલવથી સુશોભિત
તદ્દન નવીન જ સ્ટોક
આજે જ પધારો.

ધી બોમ્બે સ્વદેશી કો-ઓપરેટિવ

સ્ટોર્સ કું. લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ.
ફોર્ટ મુંબઇ નં. ૧.

ટેલીફોન : ૨૦૪૪૩

શાખા : પૂના અને સિકંદરાબાદ

હવાઈ–દરિયાઇ–રેલ્વેની દેશપરદેશની

મુસાફરી માટેની ટિકિટો

અને તેને લગતી બીનતો.

અમારે ત્યાંથી

મેસર્સ લી એન્ડ મુરહેડ (ઇંડિયા)

લિમિટેડની

શાખા મારફત મેળવો.

મુદ્રક અને પ્રકાશક : શ્રી પ્રાણજીવન મૂલજી, નાંતાગમ નારાયણ વૈદ્ય, વાલકેશ્વર, મુંબઈ ૬
મુદ્રણ સ્થળ રમેશ પ્રિન્ટીંગ વર્ક્સ, ૮ પાંડુરંગ સ્ટ્રીટ પ્રાર્થના સમાજ, મુંબઈ ૪

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૨૫] ડિસેમ્બર : ૧૯૫૦ [અંક : ૧૨



વાર્ષિક લવાજમ

ચાર રૂપિયા

છૂટક અંક

છ આના



— પ્રાર્થના —

હસતાં ફૂલડાં છે.
દેશનું સાચું ધન છે.
પ્રભુના પગરખાં છે.
આનંદનાં મહાધામ છે.
જીવનના બગીચા છે.
પ્રભુનાં વહાલાં છે.
પ્રભુ-દર્શનની બારી છે.
નિર્દોષતાની મૂર્તિ છે.
સરળતાનાં પ્રતીક છે.
ઉલ્લાસનાં દર્શક છે.
સંસારનો કિલ્લોલ છે
ભવદુઃખિયાની શાંતિ છે
આવતી કાલની કાંતિ છે.

ર. દ.

: આશ્રયદાતા :

સ્વ. ભોગીલાલ પ્રેમચંદ

: સહસંપાદક :

જયંતિલાલ દાણી

: સંપાદક :

ચીમનલાલ મોદક

ચાલુ વર્ષ માટે ભેટ પુસ્તકો

બાળ વિભાગ

૧ આમારી તકમી ... ... અનુભાઈ
૨ ધાન્યતાલના ચિત્ર-કુતકો-કવિતાઠાકોર
૩ ભાવ એટલુ માવુ નડિ ... જશભાઈ

૧. લક્ષ્મીનું શિક્ષણ ... ... તારાબેન
૨. સાચી મા કોણ? ... ... જયંત શુકલ
૩. બાલમંદિરમાં ભાષાશિક્ષણ શેષ નાગલ
૪ નૂતન બાલશિક્ષણ સંઘનો અહેવાલ ...
૫. બાલ-ક્રીડાંગણનાં સાધનો...શામજીભાઇ
૬. નવરચનાને પંથે ... ... પૂમનચંદ
૭. ક્રાન્તિકારી શિક્ષક ... ગોવિંદ યાજ્ઞિક

તંત્રીની નોંધ

૧. વડોદરાનું સંમેલન

ગયે માસે વડોદરામાં સંતના કાર્યકર્તાઓનું અને સામાન્ય સભ્યોનું સંમેલન અત્યંત સુંદર થઈ ગયું મુખ્ય મિત્રો ભેગા થયા હતા અને આગામી રૌપ્યમહોત્સવની વિવિધ યોજનાઓ ઉત્સાહથી ચર્ચાઈ હતી. ત્યાના એ સંમેલનનો બધો યશ શ્રી. કમળાશંકરભાઇ પંડિતને ઘટે છે. એ સંમેલનથી એમ આશા બંધાય છે કે ૧૯૫૧ના વર્ષમાં સંઘ સારી એવી પ્રગતિ કરી શકશે. ત્યાંનો ટૂંકો અહેવાલ આ અંકમા પ્રગટ કર્યો છે.

૨. સદ્‌ગત અરવિંદ આશ્રમ

એમના અચાનક અવસાનથી, હિન્દ આખે આખા જગતે એક વિરલ યોગીને ગુમાવ્યા છે એ આજન્મ શિક્ષક હતા; પણ સ્થૂલ ભૂમિકાના નહીં પણ અધ્યાત્મ. એમણે વાંચ્યુ, વિચાર્યું, તેને જીવનમાં મૂર્તિમંત કરી બતાવ્યું; પરોક્ષ છતા એમણે અસંખ્ય લોકોને અંતરે પ્રકાશ આપ્યો છે. એમનો એ પ્રકાશ અમર રહો અને માનવમાત્રને માર્ગદર્શક બનો.

૩. હિન્દી શિક્ષણ--પુસ્તિકા

નવેમ્બર માસની હિંદી શિક્ષક પત્રિકાએ સ્વ. ગિજુભાઈનું, સોમાભાઇ ભાવસારે લખેલુ અને કાશીનાથજી ત્રિવેદીએ અનુવાદિત કરેલુ સરળ જીવનચરિત્ર, બાલ અંક રૂપે પ્રગટ કરી હિંદી જનતાની ભારે સેવા કરી છે. ઘેર ઘેર ગિજુભાઇના આ જીવનની કથા પહોંચશે ને એનું નામ પણ ત્યા જશે. શ્રી. કાશીનાથ બહેનને એમના આ પ્રયાસ માટે આપણે અભિનંદન આપીએ છીએ

૪ 'શિશુવિહાર' પાક્ષિક

ભાવનગરથી પ્રગટ થતા 'શિશુ વિહાર' પાક્ષિકના બે અંકો જોતા આનંદ થાય કે બાળકોને અને કુમારોને રસમય એવું સાહિત્ય એમણે આપવા માંડયું છે એ માટે અમે તેની પાછળ રહેલા સંપાદકમંડળની ભાવનાને અંતર ધન્યવાદ ઘટે છે. સોળ પાનામા પણ ઘણી વિવિધતા આ પાક્ષિકમા અપાય છે તે આકર્ષક છે એમને અમે સફળતા ઇચ્છીએ છીએ

૫ ગિજુભાઇ જયંતિ

સ્થાનિક સંઘની આજ્ઞા મુજબ મુંબઈના અનેક બાળમંદિરોમા સ્વ. ગિજુભાઈની જયંતી ઉજવવામા આવી હતી. સ્થાનિક શાખા તરફથી એક દાદરમા અને બીજી મુંબઈમા બાલસભા યોજવામા આવી હતી અને ગિજુભાઈના કામ માટ બાકી રહ્યો રસ ઊભો કરવામા આવ્યો હતો. અખિલ સમાજ બાળવી બાળમંદિર, સુમન બાળમંદિર નરસિંહ જે. વીરજી બાળમંદિર, સરલા-સર્જન વગેરે સંસ્થાઓએ સ્વતંત્ર ઉજવણી પણ કરી હતી અને બાળશિક્ષણનો સંદેશ ફેલાવ્યો હતો

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૫ : અંક ૧૨] મુંબઇ [ડિસેમ્બર, ૧૯૫૦

લક્ષ્મીનું શિક્ષણ

આ વખતના બાલવિભાગમાં લક્ષ્મીનું એક શબ્દચિત્ર આપવામાં આવ્યું છે. લક્ષ્મીના જેવી સ્થિતિ અહીં અને ગામડાંઓમાં હજારો બાળકોની છે. લક્ષ્મીની ઉંમર ૮–૯ વર્ષની હશે. બરી રીતે તો એણે શાળામાં જવું જોઇએ; ફરજિયાત શિક્ષણ માટેની એની ઉંમર ગણાય. 'શાળામાં કેમ જતી નથી?' એ પ્રશ્ન સાંભળીને એણે એવી, કટાક્ષ ભરી નજર મારી સામે કરી કે હું એ જોઈ વિચારમાં પડી ગઇ. એ જાણે કે મને કહેવા લાગી; "જો હું કેવું સરસ કામ કરું છું? અઢી આના પણ મેળવ્યા; આ ઉપરાંત, ઘેર ટોપલી બનાવવામાં બાને મદદ કરું છું: નાની બેનને સંભાળું છું જરૂર પડયે વાસણ માંજું છું; કચરો સાફ કરું છું; અને કેવી હોંશિયાર થઇ ગયેલ છું! ધીમે ધીમે બા જેવી બની ગઇ છું. આ બધાનું મહત્વ તમને લોકોને શું છે! તમે લોકો કેમ સમજતા જ નથી કે શાળામાં જઈને ત્યાં કરવાનું શું? ત્યાં શું કાંઈ આવું આવું શીખવે છે! જંગલમાં જઈને ઘાસ કાપી આવવાનું, એવું કાંઇ ત્યાં છે? ત્યાં કેવી મજા આવે! ઉપરાત પાછા અઢી આનાં પણ મળે. પછી શાળામા જવાથી ફાયદો શો?"

મારી તરફ એણે એવું તુચ્છતાપૂર્વક જોયું કે એના મનમાં, મારા પ્રશ્નથી કયા વિચારો ઊઠયા હશે તેની કલ્પના હું કરી શકી. "શાળામા તું કેમ નથી જતી?" એ મારો પ્રશ્ન ખરેખર, એને માટે મૂર્ખતાભર્યો અને નિર્દયતાભર્યો જ હતો. માને મદદ કરીને, જંગલમાં ભટકી ભટકીને બે ચાર આનાનું કામ કરીને, બાના સંસારમાં સહાય કરવાનુ કામ એ શું જીવન-શિક્ષણનું કાર્ય નથી? અને આજના આવા ભયંકર મોંઘવારીના કાળમાં એ એની બરબી માટે મહેનત કરીને કમાઈ લાવી એ પણ સુંદર નથી? બધો ભર્યભાર માની ઉપર નાખીને, પાટીપેન લઇને માસ્તરની શાળામાં જઇને ૧૧ થી ૫ સુધી નકામો વખત બગાડવા કરતાં આ કામ તેણે કર્યું તેમા વધારે યોગ્યતા નથી લાગતી? વરનું કામ કરવાથી એનું શરીર ઘડાયું; બેન ભાઇને સાચવવાથી એને માતૃભાવનું શિક્ષણ મળ્યું; ઉપરાંત આમાથી જ્યારે વખત મળતો ત્યારે એ ટોપલી બનાવવાનો ધંધો શીખતી અને કરતી. વળી એના ઘેરથી એ જંગલમાં જઈ બે ચાર કલાક ગાળી ઘાસ લઈ આવી તો અઢી આના મળ્યા. હવે કાલે એ કદાચ ચાર પાંચ આના કમાતી થશે, એટલે એનુ આમાં બગડયું શું? એણે તો ગૃહશાસ્ત્ર અને માતૃવિદ્યાના શિક્ષણ ઉપરાંત માને મદદ પણ કરી. આથી માને પણ એટલી વધુ રાહત કામમાં મળી. આ ઉપરાત એણે ઘરના આર્થિક ઉત્પાદનમા પણ સ્વતંત્ર રીતે મદદ કરી; એટલે કુટુંબને બાતર કમાણી કરવાનું કામ છોડાવી, લક્ષ્મીને શીખવા બેસાડવી એ તે કેવું?

આજે જન્મથી ચૌદ વર્ષની ઉંમર સુધીમાં પોતાનાં બાળકો ભણાવી શકે એવાં કુટુંબો કેટલાં છે? આના ચોક્કસ આંકડાઓ મેળવવા જોઇએ. આપણે જોઇએ છીએ કે મોટાં શહેરોમા જે સાધનસંપન્ન છે તેમનાં, અને ગામડામાં પણ જેમની સ્થિતિ સંતોષજનક છે, તેમનાં જ બાળકો ૧૪ વર્ષની ઉંમર સુધી શાળામા જઈ શકે છે.

પણ આનો કરતા બીજો વધુ મોટો વર્ગ તો એવો છે કે જેને માટે આવા બાળકો એમની સાથે હોય તે બે રીતે સહાયભૂત થઈ શકે તેમ હોય છે. એક તો, ઘેર રહેનારા બાળકો ઘર કામમાં, નાના ભાઈ ભાંડુઓને સાચવવામાં મદદ કરે છે એટલે એમનાં વડીલો મજૂરી વગેરેમા વધારે વખત આપી શકે છે, વળી આને લીધે તેમનું દ્રવ્યઉપાર્જન કાર્ય પણ વધુ થઈ શકે છે. બીજું એ કે આજની મોંઘવારીમા માત્ર મોટાઓની કમાણીથી ઘરસંસાર ચાલવો મુશ્કેલ બનતો જાય છે. એટલે ૮–૯ વર્ષના બાળકો કોઈક કામમા મદદ કરીને એમની એકાદ ટંકની ભાખરી પણ કમાઈ લાવે તો તે વસ્તુ એમને માટે આવશ્યક બને છે. આજે લક્ષ્મીના જેવી સ્થિતિ આજુબાજુના અનેક બાળકોની આપણે જોઇએ છીએ. અમારી પાસે પેલો હરિ રહે છે. તે પાંચ વર્ષનો હતો ત્યારથી એના ભાઈ સાથે બકરી ચારવા જતો અને આઠ બાર આના મેળવી લાવતો. આજે સાત વર્ષનો થયો છે ત્યારે એ મોટા ભાઈ જેટલું, બકરી ચારવાનું કામ કરતો થઈ ગયો છે. પેલો ડાહ્યાભાઈ બે વરસથી ઘરનાં એના નાનાં ભાંડુઓને સાચવવાનું અને ઘરનું બીજું કામ કરે છે. એટલે જ એની મા ટોપલો ગૂંથીને એનું ગુજરાન ચલાવી શકે છે. આવાં બે ચાર નહિ પણ અસંખ્ય ઉદાહરણો આપણે ગામડાઓમાં જોઇએ છીએ. આવી પરિસ્થિતિમાં એ બાળકો શાળામાં કઈ રીતે જઈ શકે એ એક મોટો પ્રશ્ન છે. એટલે આજે ગામડાઓમા જેવી શાળાઓ ચાલે છે તેવી જ ચાલુ રાખવી રહી. બાળકોની ગેરહાજરી રહે તો તે તરફ-શિક્ષકોએ આંખ આડા કાન કરવા જોઈએ.

મોટો પ્રશ્ન તો એ છે કે મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની સરકારની જે મોટી યોજનાઓ છે તે, અને બૌદ્ધિક શિક્ષણના જે પ્રયોગો ચાલુ છે તે કઈ રીતે સાચા સફળ થાય? પ્રશ્ન એ છે કે સરકારના જે કરોડો રૂપિયા આવા પ્રયોગો માટે જાય છે એનો સાચો ઉપયોગ કઈ રીતે થઈ શકે!

બીજો પ્રશ્ન એ છે કે આજે લક્ષ્મીને એને પોતાને ઘેર જે ગૃહશિક્ષણ, માતૃવિદ્યાનું શિક્ષણ તથા જીવનશિક્ષણ મળે છે ત્યાંથી એને ઉપાડી લઈને ૧૪ વર્ષની થાય ત્યા સુધી ફરજિયાત શિક્ષણ લેવા શાળામાં બેસાડીશું તો તેથી શુ ખરેખર જ એ વધુ સુશિક્ષિત થવાની છે! એની જીવન તૈયારી વધુ થવાની છે! આજે આપણા માતાપીતા લોકોની બાળકીઓની શી સ્થિતિ છે! એ લોકો કામ કરતા થાકી જાય છે. વધુ ને વધુ કમતાકાત બનતી જાય છે, અને માંદી પડે છે. એમનો ખોરાક વટયો છે અને કામ કરવાની શક્તિ ઓછી થઇ ગઈ છે. ઉપરાત, મહેનત કરવાની વૃત્તિ જ ઓછી થતી જણાય છે. પહેલાની ૫૦–૬૦ વરસની સ્ત્રીઓ આજે પણ માથે ટોપલો મૂકીને બે પાચ માઇલ સુધી ચપ ચપ ચાલી શકે છે; અનેક કલાક સુધી કામ કરી શકે છે; એટલું કામ એના પૌત્ર પૌત્રીઓ નથી કરી શકતી એ તો આજે ડોશીઓની ફરિયાદ છે કારણ? એ છોકરીઓ ભણેલી છે. જ્યારે ગામડામા રહેનાર બાળકો ઘેર રહીને, જંગલમા રખડીને, વાડીઓમાં ભટકીને નાની વયમાં જે મડતલપણું કેળવે છે એ, પાચ કલાક સુધી શાળામા બેસી ભણનાર બાળકમા નથી હોતું એ તો અનુભવસિદ્ધ વાત છે.

પણ આજનું એ રીતે મળતું ગૃહશિક્ષણ અને માતૃવિદ્યા–શિક્ષણ એટલું જ બસ નથી. વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોતાં એમાં ઘણા સુધારા કરવા જરૂરી છે ઉપરાંત ટેવો, રીતરિવાજો વગેરેમાં પણ એમના જીવનમાં ઘણા ફેરફારો આવશ્યક છે; અને તેને માટે યોગ્ય શિક્ષણ આપવું જ પડશે.

આ પ્રમાણે ઉદ્યોગશિક્ષાનો પણ જીવન-શિક્ષા યા બુદ્ધિવિકાસની દૃષ્ટિએ જેટલો લાભ એમને મળવો જોઇએ એટલો ઘરમાં નથી મળતો. શિક્ષણની દૃષ્ટિએ એમણે સુંદર રીતે લખી વાચી શકે એવા થવું જોઇએ; પરંતુ ઘરનાં કામોથી તથા બકરી ચારવાથી આ નથી આવતું એવા બાળકો તો અનાડી, ધર્મની બાબતોમા અંધ-શ્રદ્ધાળુ અને સામાજિક રૂઢિઓમા બંધાયેલ

સંકુચિત દૃષ્ટિવાળા હોય છે અને એના એવા સંસ્કારો લઈને એ મોટા થાય છે.

એટલે આજે આપણા દેશની સામે જે શિક્ષણપ્રશ્ન છે તે એ કે આ બે વાતોનો સુમેળ કઈ રીતે કરવો? અને આજની સ્થિતિમા એને માટે કયા ઉપાયો લેવા! આ કોયડાના ઉકેલ માટે જ્યા સુધી યોગ્ય પ્રયોગ નહિ થાય ત્યા સુધી એ ચાલી શકશે નહિ. સો પાઠશાળાઓ ઉપર આટલો ખર્ચ થાય છે તો હજાર ઉપર કેટલો થશે, આવા પ્રકારના અંદાજથી તૈયાર કરેલી યોજનાઓથી પણ આ મહા પ્રશ્ન ઉકેલાવાનો નથી.

તારાબેન મોડક

સાચી મા કોણ?

માબાપો હંમેશાં બાળકોને ઉછેરતાં મોટી મોટી આશાઓ રાખે છે અને કલ્પનાઓ સેવેછે. મોટાં થઈ બાળકો અમારું રક્ષણ કરશે, અમારી માંદગી પ્રસંગે સારવાર કરશે, સારી સારી નામના મેળવી કુટુંબનુ નામ ઊંચું રાખશે વગેરે અનેક વાતો કલ્પે છે.

આ આશાઓને પૂરી પાડવા ધનિક માબાપો ચાર પાચ માસના બાળક માટે આયા (બાઈ) રાખે છે. જે તેની સંભાળ સારી રાખે, તેની માવજત બરાબર કરે, તેને આનંદમાં રાખે વગેરે અનેક રીતે બાળકને સગવડતા મળે એ ભાવના માબાપોને હોય છે, પણ તેમાં માબાપો ભૂલ જ ભૂલ કરે છે

પોતાના બાળકને સારું કરવામા અને સારી રીતે ઉછેરવા તેની સંભાળ બરાબર રહે એ દૃષ્ટિએ જ બાઈ રાખેલી હોય છે એમાં જરા પણ શંકા નથી; છતાં બાળકોને માટે એ બહુ જ નુકસાન કારક છે તે ન ભૂલવું જોઇએ

માની બાળકને મળતી મમતા, આપનો પ્રેમ અને વાર્તાલાપ વગેરેથી તે બાળક સાવ અળગું રહે છે અને તેની સાચી મા હોવા છતા તેને બાઈ જ પોતાની સાચી મા લાગે છે.

હું એક ધનિક કુટુંબમા ટ્યુશન માટે જતો હતો. એ કુટુંબ સારુ એવું સંસ્કારી કહેવાતું. તેમની એક બેબી લગભગ પાચથી છ વર્ષની મારી પાસે ભણતી. શરૂઆતમા તો હું સાવ અજાણ્યો અને એ કુટુંબમાં અપરિચિત હોવાથી જેમ ચાલે તેમ ચાલવા દેતો. થોડા દિવસો પછી મને બેબીની બા સાથે વાતોચીતો કરવાનો પ્રસંગ મળ્યો. મેં પૂછ્યું, "બેબીને સાચવવા માટે તમે બાઇ રાખીછે!" જવાબ મળ્યો, "જુઓને માસ્તર, અમારે તો આ એક છોકરી છે અને તે ઘરમાં લાડકી છે. એ પાંચ સાત મહિનાની થઇ ત્યારથી અમારે આ બાઇ રાખવી પડી છે."

"તમારે બાઇ કેમ રાખવી પડી?" મેં પૂછ્યું, જવાબ મળ્યો, "જુઓને, મારે આ ઘરમાં કામ-કાજ રહે છે, સવારમા રસોઇ વખતે મહારાજ (રસોઇ કરનાર) પાસે ઊભા રહેવું પડે છે. દિવાનખાનાની અને ઓરડાઓની સફાઈ વખતે રામા (કામ કરનારા) ઉપર પણ ધ્યાન આપવું પડે છે. પછી નહાવા ધોવામાં વખત જાય, અને જમવા વખતે બેબીના પપ્પા પાસે મારે તો બેસવું જ જોઇએ. પછી બપોરના મહિલા મંડળમાં જવું પડે છે અને ચાર વાગ્યા પછી તો ઘરમાં મહેમાનોની અવર જવર તો ચાલુ હોય; એટલે મારાથી પૂરતું ધ્યાન ન આપી શકાય અને તેની સંભાળ ન રાખી શકાય એટલા માટે આ બાઇ રાખીછે."

મને મનમા તો ખૂબ હસવું આવ્યું અને મધ્યમ વર્ગ તેમ જ ગરીબ વર્ગનો સાચો ખ્યાલ આવ્યો. ઘરમાં ચાર પાંચ બાળકો હોય અને કામે જતો મજૂર કેમ જીવતો હશે! ચાર પાંચ બાળકની, મધ્યમ વર્ગની માતા રસોઇ કરી

દરસ વાગે પોતાના પતિને કેમ જમાડતી હશે! અને તે કામ કેવી રીતે કરતી હશે! આ બધા જ વિચાર આવતાં મને થયું કે પૈસા છે તેનું જ આ કારણ છે; પણ ખરે જ, તે તેમને માટે નુકશાનકારક જ હતું અને તે અનુભવે તેમને લાગ્યું પણ ખરું.

એક દિવસ હું ભણાવવા બેઠો. બેબી ફ્રોક પહેર્યાં સિવાય બેઠી હતી. સામે જ કબાટ હતું અને તેમાં ફ્રોક હતું. બેબી પોતાનું ફ્રોક લઇ શકે તે સ્થિતિમાં પણ હતી. છતાં પાસે બેઠેલાં બેબીની બાએ બહાર કામ કરતી બાઇને બૂમ મારી, ને કહ્યું કે આ કબાટમાંથી બેબીને ફ્રોક કાઢી આપ. બેબીની પાટી, પેલા મણકા અને તેનાં રમકડાં પણ કાઢી આપ. આમ બાના હુકમથી બાઇએ બધું જ લાવી દીધું. પછી મેં તેમને કહ્યું– 'બેબીને જાતે જ ફ્રોક લેવા દેવું અને તેની જાતે જ પોતાનાં સાધનો –પાટી, પેન, મોતી વગેરે લાવવા દેવું, નહિ તો બાળક હંમેશા પરાવલંબી અને નબળું થતુ જાય છે.'

મને જવાબ મળ્યો, 'માસ્તર, એની પાછળ કેટલી આશાઓ છે! અમારે તેને ડોકટર બનાવવાની ઇચ્છા છે. અત્યારથી જ તેની સંભાળ ન રાખીએ તો કેમ ચાલે! અમારે ત્યાં આ છોકરા ઉછર્યાં તે પણ આ બાઈના હાથે જ.' મને થયું ખેર, આપણે આપણું કામ કરો અને મહિને પૈસા ગણો.

આ રીતે રોજ હું ત્યાં ભણાવવા જતો અને રોજ આવી રીતે બન્યા જ કરતું. મને પણ મારામાં શિક્ષક તરીકે ઊણપ છે એમ લાગ્યા કરતું છતાં મારો કોઈ પણ ઉપાય ત્યાં ચાલે એમ ન હતો.

અચાનક બેબીને સાચવનાર બાઇ તેના સગાવહાલાંને ત્યા બે દિવસ પોતાના શેઠની અને ખાસ કરીને શેઠાણીની રજા લઇને નીકળી. બાઇ જતી હતી તે વખતે બેબીએ પૂછ્યું,' બાઇ કયાં જાય છે? અહીં મારી પાસે બેસ, નહિ તો નહિ ભણું.' આમ કજીઓ કરવાથી બેબીની બાએ કહ્યું, 'બાઇ છે ને, તારે માટે નીચેથી બીસ્કીટ લઇ અને પાછી આવશે' તરત બેબીએ કજીઓ છોડી દીધો અને બાઇને જવાની રજા આપી. બાઇ તો પોતાને ઘેર ગઇ. થોડી વારમાં મારો સમય પૂરો થયો એટલે હું પણ ઘેર ગયો.

બીજે દિવસે સવારમાં હું વખતસર ભણાવવા ગયો ત્યાં તો બેબીને તાવ હતો. આંખો પણ રડી રડીને સૂઝી ગએલી. મને જોઇને તે રડવા લાગી. મેં કહ્યું, "આપણે આજે ભણવું નથી; ચાલો આજ આપણે વાતો કરીએ. તમે સૂતા સૂતા સાભળો." 'ના–ના મારે કાંઈ નથી કરવું; મારી બાઈ કયાં? બાઇ કયા?" એમ રડવા લાગી. મેં તેની બાને પૂછ્યું, "કેમ બેબીને આજે આમ કેમ છે? બેબીને તાવ જેવું લાગે છે ખરું?"

"માસ્તર, શું કરું આ બાઇના સગા માંદા થયા છે તે બે દિવસની રજા લઇને ઘેર ગઇ છે. આખી રાત બેબી તેને યાદ કરીને રડયા જ કરી છે. તે રોજ બાઇને પાસે રાખીને જ સૂઇ જાય છે"

"એટલે તે બૂબ રડી અને થોડીવાર ઉંઘી અને ઝબકીને ઉભી થઈ બાઇ! એમ કરી બૂમ મારી. આખી રાત આમ કાઢી છે. પછી તેને તાવ પણ આવ્યો. હવે શું થાય! બાઇ જોઇએ. બાઇને તેડવા મોકલ્યું છે, જો બાઇ આવશે તો ઠીક." આવી વાતચીત થતી હતી ત્યા જ સંદેશો આવ્યો, બાઇ આજે તો આવી શકે તેમ છે જ નહી; આ સાભળી બેબીના બાપાએ મોટર તૈયાર કરી. બેબીને લઇ બાઇને ઘેર ગયા. બાઇને જોઇ બેબી એકદમ કૂદતા રડતી આંખે બાઇને ભેટી પડી અને બાઇ!... એમ કરી જોરથી બૂમ પાડી

ખરે જ આ વખતે મને થયું કે બેબી પાસે ભાવિ આશાઓ રાખનાર મા અને બેબીને ઉછેરનાર બાઇ, એ બેમાં સાચી મા કોણ?

આ પ્રસંગ બનવાથી બીજે જ દિવસે મારી થોડી ઘણી વાતો બેબીની બાને સમજાઈ.

જયંત શુકલ

બાલમંદિરમાં ભાષાશિક્ષણ

[લેખાંક ૧૧ મો : પ્રતીક્ષાની રમતો]

: સર્વનામ :

નામનો પુનરુચ્ચાર ટાળવાની દૃષ્ટિથી આપણે ઘણું ખરું સર્વનામનો ઉપયોગ કરીએ છીએ. ભાષામાં સર્વનામનો પૂર્ણ ઉપયોગ ખૂબ જ મોડેથી એટલે કે ત્રણ અથવા ચાર વર્ષની વયે સામાન્ય રીતે જણાઈ આવે છે. "હું" એ પુરુષવાચક સર્વનામનો ઉપયોગ બાળક શરૂઆતમાં કરે છે. પરંતુ કેટલાંએ બાળકોના લક્ષમાં આ સર્વનામનો ઉપયોગ સ્પષ્ટપણે ન સમજવાથી તેઓ પોતાને માટે સર્વનામને બદલે પોતાના નામનો ઉપયોગ કરે છે. દા.ત "મને નથી જોઈતું" અથવા "મને જોઈએ છે" એને બદલે "બાબાને નથી જોઈતું" — "બાબાને જોઈએ છે" એમ તેઓ બોલે છે. સર્વનામનો ઉપયોગ બાળકને સમજાતો નથી એટલે ઘણીકવાર મોટાંઓ પણ નાની વયના બાળકો સાથે તેના જેવું જ બોલવાનો પ્રયત્ન કરે છે. દા. ત. "તારે શું જોઈએ છે" એમ પૂછવાને બદલે "બાબાને શું જોઈએ છે?" એમ પૂછે છે. બાળકો સાથે આવી રીતે બોલવામાં મોટાંઓની બાળકો માટેની સહાનુભૂતિ જ હોય છે એમાં જરાએ શંકા નથી; પરંતુ આવી રીતે સહાનુભૂતિ વ્યકત કરવાથી બાળકોના ભાષા-વિકાસમાં મદદ ન થતા એમના મનમાં ગોટાળો જ ઊભો થાય છે. એથી સર્વનામના ઉપયોગ બાબતની મુશ્કેલી, સર્વનામનો યોગ્ય ઉપયોગ કરીને બતાવવાથી જ આપણે દૂર કરી શકાએ છીએ. આ વસ્તુસ્થિતિ ધ્યાનમાં લઈને આપણી સહાનુભૂતિ યોગ્ય અને ઈષ્ટ રીતે વ્યકત કરવી જોઈએ.

અત્યાર સુધીની લેખમાળામા આપણે સર્વનામને લગભગ ભૂલી જ ગયા હતા, એમ કહેવું જોઈએ. પ્રાથમિક કક્ષાની રમતમાં એકાએક સર્વનામની રમતો સહજ રીતે યોજી શકાત; આથી આપણે આ લેખમાં પ્રાથમિક અને પ્રતીક્ષાની રમત એમ બન્ને પ્રકારની રમતોનો વિચાર કરીશું.

બધા મળીને સર્વનામના પાંચ પ્રકાર છે. પુરુષવાચક સર્વનામ, દર્શક સર્વનામ, પ્રશ્નાર્થ સર્વનામ, સંબંધી સર્વનામ અને સામાન્ય સર્વનામ. પ્રાથમિક રમતમાં આ બધાંએ સર્વનામનો ઉપયોગ અને સ્પષ્ટતા કરવાનો પ્રયત્ન શિક્ષકે કરવો જોઈએ.

રમતનો હેતુ: સર્વનામનો ઉપયોગ બતાવવો.

સાધનો :

યોગ્ય આકારની એક પેટી અથવા ડબ્બો; એમાં બે સરખા દડા, બે સરખા ચમચા, બે સરખી કોથળીઓ વગેરે.

પૂર્વતૈયારી :

અન્ય પ્રાથમિક રમત પ્રમાણે આ રમત સમૂહમાં લેવા જેવી હોવાથી તેને માટે નાસ્તાનો સમય અનુકૂળ થઈ પડે છે. પાઠ આપતી વખતે શિક્ષકે પેટીમાંથી થોડી વસ્તુઓ પોતાની સામેના ટેબલ ઉપર મૂકવી, તથા અન્ય વસ્તુઓ દૂરના ટેબલ ઉપર મૂકવી.

સ્વાધ્યાય-નિદર્શન:

વસ્તુની મદદથી શિક્ષકે જુદાં જુદાં સર્વનામોનો ઉપયોગ બતાવી શકાય એવાં વાકયો યોજવાં. નમૂના રૂપ થોડાંક વાકયો નીચે આપ્યાં છે. આ બધાં વાકયો "આજ્ઞા" ના સ્વરૂપમાં છે. શિક્ષકે આપેલી આજ્ઞા પ્રમાણે બાળકે કરી બતાવવાનું છે.

"આ દડો રમેશભાઈને આપો."
"પેલો દડો રેખાબેનને આપો."
"આ ચમચો તમે લો."
"પેલો ચમચો મને આપો."
"જે દડો તમે રમેશભાઈને આપ્યો છે તે દડો હવે તમે લો."
"જે ચમચો તમે લીધો છે તે મેનાબેનને આપો."

મહેશભાઇ બોલ્યા: "મહેશભાઇ ચડવાને તૈયાર છ."

માએ મયૂરભાઇને કહ્યું. "મયૂર દીકરા, મયૂરભાઇ હજુ નાના છે."

બહેને છોકરાંઓને કહ્યું: "છોકરાંઓએ એ સુંદર કામ કર્યું છે."

બહેને છોકરાંઓને કહ્યું: "છોકરાંઓ, ફરવા આવજો."

પૂર્ણિમા બાળકોને મોમરે હતી: પૂર્ણિમાના હાથમાં ધ્વજ હતો;

દાદીએ બાળકોને એક વાર્તા કહી; વાર્તા બાળકોને ખૂબ ગમી.

હું તું તમે અમે

તેનું તે તેમ એનો અને

એમને

"દડો કોને આપ્યો?"

"મેઘાબેનને શું આપ્યું?"

"આ દડો શરીફાબેનને આપો."

"આ ચમચો પણ એમને આપો."

"પહેલાં હું શ્લોક બોલું છું."

"પછી તમે બધાં શ્લોક બોલજો."

"હવે આપણે બધાં શ્લોક બોલીએ."

ઉપરનાં વાક્યો સૂચના માટે પૂરતાં થશે એમ લાગે છે. એમાં પુરુષવાચક સર્વનામ, દર્શક સર્વનામ, સંબંધી સર્વનામ, પ્રશ્નાર્થ સર્વનામ અને સામાન્ય સર્વનામનો સમાવેશ થયો છે. બાળકોની વય ૨॥ થી ૪॥ હોય છે. બાળકોને આ વાક્યો સમજાયા પછી પાલન કરવામાં મઝા પડે છે.

સર્વનામનાં પ્રતીકોની રમત

: રમત પહેલી :

હેતુ : સર્વનામનો ઉપયોગ સ્પષ્ટ કરવો તથા પ્રતીકની ઓળખ કરી લેવી.

સાધન :

૮" × ૪" નાં ત્રણ જાડાં પૂઠાં લો. દરેક ઉપર બે બે વાક્યો કાળી અથવા ભૂરી શાહીથી લખવાં. આ વાક્યોમાં જે શબ્દની આજુબાજુ લંબચોરસ દોર્યો છે તેનો રંગ લીલો હોવો જોઇએ. આ લીલા લંબચોરસમાંના નામની જગ્યાએ જે સર્વનામનો ઉપયોગ કરવાનો છે તે સર્વનામો, લંબચોરસમાં સમાઇ શકે એવી જાડી, છુટ્ટી ચિઠ્ઠી ઉપર લીલી શાહીથી અથવા રંગથી લખવાં.

નમૂના રૂપે પુરુષવાચક સર્વનામનો ઉપયોગ બતાવતાં એક સેટમાં યોજી શકાય એવાં ૬ વાક્યો આપું છું. આ રીતનાં ૬ ૬ વાક્યોનો એક સેટ બનાવીને શિક્ષકે તેમાં વધારો કરવો.

આ પૂંઠાની સાથે લીલા, નાના ત્રિકોણની (સર્વનામના પ્રતીકની) ડબ્બી જોઇએ.

સ્વાધ્યાય-નિદર્શન:

શરૂઆતમાં પહેલું શું લઇ અને સર્વનામની બધી ચિઠ્ઠીઓ લેવી. પૂંઠા ઉપરનાં વાક્યો વાંચી બતાવવાં, "મહેશભાઇ" શબ્દ બે વાર આવે છે. બીજા "મહેશભાઇ" શબ્દને બદલે આપણે છૂટી ચિઠ્ઠીમાંથી કયો શબ્દ વાપરી શકીશું, તે જોઇશું. જુદાં જુદાં સર્વનામોની ચિઠ્ઠીઓ વાપરીને વાક્ય વાંચી જોવું. "હું" સર્વનામ એ જ એક એવું છે જે વાપરવાથી વાક્યનો અર્થ કાયમ રહે છે, એ તરફ બાળકોનું લક્ષ ખેંચવું.

હવે આ જ પ્રમાણે એક અથવા બે પ્રૂંઠાં પર સર્વનામનો ઉપયોગ કેવી રીતે કરી શકાય છે એ બતાવ્યા પછી, બાળકોને સ્વયં એ રમત રમવા દેવી. બાળકોએ નામને બદલે સર્વનામની ચિઠ્ઠીઓ મૂકયા પછી એમને કહેવું કે, નામને બદલે આપણે જે શબ્દનો ઉપયોગ કર્યો તેને સર્વનામ કહેવાય. એવા પ્રકારના સર્વનામને ઓળખવા માટે આપણે લીલા ત્રિકોણનું પ્રતીક યોજીશું. પ્રત્યેક સર્વનામની નીચે સર્વનામનું પ્રતીક મૂકવાની રમત બતાવવી. એક સેટ પૂર્ણ થયા પછી રમતની બધી વસ્તુઓ એની જગ્યા પર મૂકી દેવી. પછી જોઇએ તો બીજો સેટ લઈને બાળકોને રમવા દેવા.'

રમત બીજી

આ રમતનો ઉદ્દેશ પ્રતીકોની મદદથી બાળકોએ સર્વનામ શોધવાં અને એમ કરતાં સર્વનામનું સ્વરૂપ ધ્યાનમા લેવું, એ છે. આ રમતમાં ઉપરની રમતમા જણાવ્યા પ્રમાણે, તે જ માપનાં પૂંઠા લેવાં અને તેના ઉપર સર્વનામનો ઉપયોગ કરીને બે બે વાકયો પૂરી અથવા કાળી શાહીથી લખવાં. આ વખતે જુદાં જુદાં પ્રકારનાં પ્રતીકોની ડબીઓ લેવી, બાળકોએ આ વાકયોનું પ્રતીકોની મદદથી પૃથક્કરણ કરવાનું છે. નમૂના તરીકે, એક પ્રૂંઠાનું પૃથક્કરણ નીચે બતાવ્યું છે.

જે પાન પાકે છે તે પહેલાં ખરી પડે છે.
X Δ O X O O
સરલા બોલી: આ જુઓ પેલું આકાશ,
Δ O X O X Δ
તે અહીં જ પડ્યુ છે.
X O O

(નામ અને સર્વનામના પ્રતીકમાં ફેર બતાવવાની દૃષ્ટિથી સર્વનામના પ્રતીકમાં લીટી દોરી છે.)

બાળકની વય : ૫॥ થી ૬॥.

આની આગળની રમતમાં શિક્ષકે કેટલાંએક વાકયો બાળકોને ઉતારી લેવા કહેવું અને તેનું પૃથક્કરણ, દરેક શબ્દની નીચે–પ્રતીકોનું ચિહ્ન પેન્સીલથી કરીને–બતાવવું.

શેષ નામલે

મૂ. બા. શિ. સંઘ

સંવત ૧૯૪૮–૪૯–૫૦ નો અહેવાલ

આ વખતે ૩ વર્ષ પછી સામાન્ય સભા ભરાય છે; અને તે પણ તા. ૨૫ મી એટલે ૧૯૫૦ નું વર્ષ પણ લગભગ પૂરું થયું છે. એટલે આ અહેવાલ ગયા વર્ષનો રજૂ કરું છું. એકંદરે આ ત્રણ વર્ષ દરમ્યાન કાર્યકર્તાઓની માંદગી અથવા બીજી અંગત મુશ્કેલીઓ તથા બીજા કામની તાણ રહેવાથી, એક બાજુથી સંઘનાં કેટલાંએક કામોમા શિથિલતા આવી દેખાય છે; જ્યારે બીજી બાજુથી સારાં, ઉત્સાહ પ્રેરક અને મોટા પાયા ઉપર કામો થએલાં દેખાય છે. જેમકે, એકંદરે શાખાઓના કામમાં કંઇક શિથિલતા દેખાય છે, જ્યારે બીજી બાજુએ મુંબઇનાં બા. શિ. નગર જેવા મોટા પાયા ઉપર થએલાં કાર્યો પણ છે એકંદર સરવાળે સંઘનું કામ ત્રણ વર્ષ દરમ્યાન પાછું તો નથી જ પડયું. થયું છે એનાથી વધારે વેગથી થઈ શકયું હોત, એટલું બહુ તો કહી શકીએ: એકંદરે ૨૫ વર્ષ જ્યારે કોઈ સંસ્થા કામ કરે ત્યારે એકાદ વર્ષ જરા શિથિલતામાં કે એકાદ વર્ષ વધારે વેગનું આવે એ સ્વાભાવિક છે. તો પણ કેટલાંએક મોટાં અને નવાં કાર્યો આ ત્રણ વર્ષ દરમ્યાન થયા તેની સહર્ષ નોંધ લઉં છું. ૧૯૪૮ ની દિવાળી પહેલાં મુંબઇમા થએલ બાલશિક્ષણ નગર એ સંઘનું એક મહાન કાર્ય ગણી શકાય. સંઘની તમામ શાખાઓનું મળીને એક મધ્યસ્થ સંમેલન જેવું જ ત્યારે હતું. ત્યા બધેથી સંઘના સભ્યો આવ્યા હતા અને ૧૫ દિવસ સાથે રહીને કામકાજ કરવામા મદદ કરી હતી. એની સાથે સાથે સંસ્કારવર્ગ પણ રાખવામા આવ્યો હતો. એમા દૂર દૂરથી શિક્ષકો અને કાર્યકર્તાઓ

આવ્યા હતા. ૨૦૦ થી વધારે શિક્ષકોએ એ વર્ગનો લાભ લીધો હતો. એ કાર્યક્રમ સાથે વિશેષ નોંધ લેવા જેવો કાર્યક્રમ તે મેડમ મોન્ટેસોરીની વ્યાખ્યાનમાળા ગણાય. મેડમ અને મિસ્ટર મારિયો મોન્ટેસોરી, અમારા આમંત્રણને માન આપી મદ્રાસથી ખાસ મુંબઇ આવી દસેક દિવસ રહ્યાં હતાં. નગરના ઉદ્‌ઘાટન પ્રસંગે મેડમનું આશીર્વાદાત્મક ભાષણ થયું હતું. એ અડવાડિયામાં સંઘ સાથે મિત્રાચારી ધરાવતી પચાસેક સંસ્થાઓ, સંઘના આમંત્રણ ઉપરથી મેડમને માનપત્ર આપવામાં જોડાઈ હતી. મુ. નાનાભાઇ ભટ્ટના પ્રમુખપણા નીચે આ કાર્યક્રમ કોન્વોકેશન હોલમા બહુ સરસ રીતે ઉજવાયો હતો.

બા. શિ. નગરના પ્રવેશદ્વારની ટિકિટોનું અને દાનપત્રિકાનું મળીને કુલ ઉત્પાદન રૂા. ૫૫,૦૦૦ થયું હતું. તેમાંથી લગભગ રૂા. ૩૦,૦૦૦ નો અર્ચ બાદ જતાં રૂા. ૨૫ હજાર બચ્યા હતા. સંઘ અને શિશુવિહારમંડળ વચ્ચે એ સરખે ભાગે વહેંચાયા હતા. આ બા. શિ. નગરનો એકંદર કાર્યક્રમ તદ્દન અવનવો હોઇ, મુંબઈની શિક્ષિત જનતાએ બહુ જ ઉત્તમ રીતે એને વધાવી લીધો હતો. એની તૈયારીમાં શિશુવિહારના અધ્યાપકવર્ગનો તો આઠ દસ મહિના જેટલો વખત ગયો હતો. મુંબઇ શાખાના કાર્યકર્તાઓ, મુંબઇના બાલશિક્ષકો તથા બીજી મિત્રસંસ્થાઓના કાર્યકર્તાઓએ પણ બે એક મહિના સતત મહેનત કરીને આ કાર્યક્રમ સફળતાથી પાર પડયો હતો. એમાં શિશુવિહારમંડળ અને સંઘની મુંબઇની શાખાએ ખૂબ જ મહેનત લીધી હતી; મુંબઇ શાખા સંબંધે અહીં નોંધ લેતાં હર્ષ થાય છે કે શરૂઆતની આર્થિક જવાબદારી તથા બધી મહેનતનો ભાર તેણે જ ઉપાડયો હતો. જ્યારે આવકની પાઇએ પાઇ તેમણે મધ્યસ્થને આપી દીધી હતી. બધી શાખાઓ મધ્યસ્થના કાર્ય વિષે અને એની આર્થિક જરૂરિયાત વિષે આ રીતે વિચાર કરે એ જરૂરનું છે. સંઘ અને તેની શાખાનો સંબંધ એક શરીરના અનેક અંગો જેવો છે. આપણે આપણા હાથ પગ હલાવીને આપણા શરીર આખાનું પોષણ કરીએ છીએ, તેવી જ રીતે સંઘની શાખાના જુવાન અને ઉત્સાહી કાર્યકર્તાઓ સંઘના હાથ પગ જેવા છે; તેથી મધ્યસ્થ શાખા તેમના તરફથી પોતાની આશા રાખે છે. આ વખતે સંઘે એક નવો જ ઉપક્રમ શરૂ કર્યો હતો અને તે, સ્વ. ગિ. સ્મા. પ્રકાશનનુ કાર્ય. બા. શિ. નગરના ઉદ્‌ઘાટન વખતે શ્રી. બાલાસાહેબ ખેરને હસ્તે સ્વ. ગિજુભાઇ સ્મારક પ્રકાશનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. સ્વ. ગિ. સ્મા. પ્ર. માં કોઇ પણ નવો ચીલો પાડવો એમ ધારીને, અમે ચિત્રપોથીઓ તથા કેટલાંએક નવાં સાધનોનાં ચિત્રો પ્રગટ કરવાનુ ઠરાવ્યું. તેમાં એક એવો અનુભવ થયો છે કે ચિત્ર – પુસ્તકોની માગ સામાન્ય જનતામાં બહુ જ ઓછી છે, જ્યારે શિક્ષણનાં સાધનો સારી રીતે વેચાયાં છે. એટલે હવે સ્વ. ગિ. સ્મા. સમિતિ, કયા પ્રકારના નવાં પ્રકાશનો કરવા એનો ફરીથી વિચાર કરે છે. બાળકોને માટે સારાં પુસ્તકોની જરૂર છે, એમ તો અમને લાગે જ છે; પણ અમારા પ્રયત્નમા અમે સફળ થયાં નથી. એનાં કારણોમાં મુખ્યતઃ અમે વેપારીદૃષ્ટિથી એની છપામણી તથા વેચાણ કરી શકયાં નથી એ જ હશે. બીજું, પરદેશની ચોપડીઓ, રંગ, ચિત્રો વગેરેની દૃષ્ટિએ જે આકર્ષકતા હોય છે, અને પ્રમાણમાં તેઓ જેટલી ઓછી કીમતે છાપી વેચી શકે છે તેટલું, આપણે અહીંના સંજોગોમાં નથી કરી શકયા, એ પણ એક કારણ હશે. એ જ વસ્તુનો બધી રીતે અભ્યાસ કરી તે જ કામો ઉપર બેઠેલા એવા જુદા કાર્યકર્તાની પણ ખાસ જરૂર જણાય છે. છતાં, આ પ્રયત્ન તદ્દન નિરાશાજનક તો નથી જ. એ વધારે જોશથી અને તજ્ઞની મદદથી આગળ વધારવા જેવું છે, એમ અમે માનીએ છીએ.

ત્રીજું આવકારદાયક અને સંઘને આનંદદાયક કાર્ય તે ભાવનગરનું શ્રી દ. મૂ. ભવનનું પુનરુજ્જીવન અને બાળઅધ્યાપન મંદિરની

શરૂઆત. એની નોંધ લેતાં મને હર્ષ થાય છે. આજે શ્રી દ. મૂ. ભવનનું કાર્ય સૌરાષ્ટ્ર સરકારે નીમેલા ટ્રસ્ટીઓની મારફતે ચાલે છે, એટલે તે સીધી રીતે સંઘનું કાર્ય ગણાતું નથી. પણ એની પાછળ સંઘની મહેનત છે, અને સંઘના પ્રમુખ તે જ આ વિશ્વસ્ત મંડળના પ્રમુખ છે. તેમ જ સંઘના મુખ્ય મંત્રી તે જ શ્રી દ. મૂ. ભવનના નિયામક છે. એટલે અપ્રત્યક્ષ રીતે એને સંઘનું કાર્ય માની શકાય. ૧૯૪૬ માં બગસરામાં જ્યારે સૌરાષ્ટ્ર શાખાનું સંમેલન ભરાયું હતું તે વખતે શ્રી વજુભાઈ દવે વગેરેએ શ્રી દ. મૂ. ભવન અંગે કોર્ટનો ચૂકાદો વગેરે થયો હોવાથી સંઘે એની વ્યવસ્થા માગી લીધી, અને સ્વ. ગિજુભાઈના વખતમાં જેમ અધ્યાપન મંદિર ચાલતું હતું તેમ ચલાવવું – એવો ઠરાવ સંમેલન આગળ મૂકયો હતો. સંમેલને તે વધાવી લીધો હતો. ત્યાર પછી શ્રી મુખ્યમંત્રી તથા પ્રમુખ શ્રી અને વિશ્વસ્ત મંડળના બીજા સભ્યોએ સૌરાષ્ટ્ર સરકારના મુખ્ય મંત્રી શ્રી ઢેબરભાઈની મદદ પણ એ માટે લીધી હતી. એને અંગે પ્રશ્નો પણ ચર્ચ્યા હતા. આ બધાને પરિણામે સૌરાષ્ટ્ર સરકારે એક સ્વતંત્ર ટ્રસ્ટી મંડળ નીમી તેને, આખી મિલ્કત તથા આ સંસ્થા ચલાવવાનું કામ સોંપ્યું. તે પ્રમાણે જુલાઇ ૧૯૫૦ થી ભાવનગરમાં અધ્યાપન મંદિર શરૂ થયું છે. એની સાથે સાથે સાત ધોરણ સુધીની મૂળ ઉદ્યોગ પદ્ધતિએ ચાલતી પ્રયોગ શાળા પણ ચલાવવી એવો નિર્ણય લેવામાં આવ્યો છે, અત્યાર સુધી આ બા. મંદિરમાં માત્ર મધ્યમ અને ઉચ્ચ વર્ગનાં બાળકો આવ્યાં છે; પણ તેનો લાભ ગરીબ અને પછાત વર્ગને મળ્યો નથી. માટે મુખ્ય બાલમંદિર સાથે આજુ બાજુમાં પછાત વસતીમાં બાલવાડી ચલાવવાનું કામ પણ શરૂ થયું છે. એ ઉપરાંત આ અધ્યાપન મંદિરમાં એક સાધનાલય પણ રાખવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓને સાધન બનાવવાની તાલીમ પણ આપવામાં આવે છે. આ અધ્યાપન મંદિરમાં મુંબઈ સરકારે જ મંજૂર કરેલો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે; બીજું ધોરણ પણ એ જ સ્વીકારવામાં આવ્યું છે. શ્રી. દ. મૂ. ભવનનું ઉજ્જવલ નામ સાંભળી ગુજરાતમાંથી કેટલાય વિદ્યાર્થીઓ ત્યાં દોડી ગયા છે. એકંદરે કચ્છ, કાઠિયાવાડ, ઉત્તર ગુજરાત, વગેરે વિભાગને માટે મુંબઇ કે પૂના સુધી જવું અગવડભર્યું અને વધારે ખર્ચાળ લાગતું હતું; તે મુશ્કેલી આ અધ્યાપન મંદિર શરૂ થવાથી દૂર થઈ છે,

મધ્યસ્થ તરફથી ચલાવવામાં આવતાં થોડાં કામોનો અહેવાલ પણ આપું છું.

મધ્યસ્થનાં બધાં કામોની પ્રગતિ ધીમી છતાં સંતોષકારક જણાશે.

(૧) શિક્ષણ – પત્રિકા

એની વ્યવસ્થા હવે વધારે સારી રીતે ચાલતી થઇ છે. પહેલાં તો પ્રકાશન એક જગાએ આણી, એક બીજાનો સંબંધ અને ધોરણ એક સરખું કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. પહેલાં શ્રી. ગોપાળરાવ વિદ્વાંસ અને પછીથી શ્રી. બાબીબહેન મૂળજીના પ્રયત્નથી વ્યવસ્થિતતા આવી ખરી, પણ તેમાં એક વાત નજરે આવી ને તે ભાષામાં લોકો સાથે વધારે નિકટ અને પ્રત્યક્ષ સંબંધ ઓછો થયો; તેથી તેનું ફરીવાર વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું છે. હવે હિંદીપત્રિકા પહેલાં ચાલતી હતી તેમ, ઇંદોરથી શ્રી. કાશીનાથજી ત્રિવેદીની દોરવણી નીચે ચાલે છે; મરાઠી પત્રિકા પૂનાથી શ્રી. માલિનીબાઈ પરાંજપેની દેખરેખ નીચે ચાલે છે, અને ગુજરાતી પત્રિકાની બધી વ્યવસ્થા મુંબઈમાં શ્રી બાબીબહેન મૂળજી રાખે છે. દરેક ભાષાનું સંપાદક મંડળ નીચે પ્રમાણે છે:

ગુજરાતી પત્રિકા	શ્રી તારાબેન મોડક.
	,, જમુભાઇ દાણી.
હિંદી પત્રિકા	શ્રી કાશીનાથજી ત્રિવેદી.
	,, બંસીધરજી.
મરાઠી પત્રિકા	શ્રી માલિનીબાઈ પરાંજપે.
	,, કમલિનીબાઇ દામલે.
	,, ભા. ધો. કર્વે.

ત્રણે પત્રિકાના ગ્રાહકો થોડા થોડા વધ્યા છે. ગુજરાતી પત્રિકાની નકલો સૌરાષ્ટ્ર સરકારે સારા પ્રમાણમાં લીધી છે. મુંબઇ સરકારે પણ, ગુજરાતી, મરાઠી અને થોડી એક હિંદી પત્રિકાની નકલો લે છે; હિંદી પત્રિકાને મધ્યભારત સરકાર તથા રાજસ્થાની સરકાર સારી રીતે મદદ કરે છે. આમ પત્રિકાનું કામ ચાલે છે, એમા સુધારાને ઘણો જ અવકાશ છે, એ તરફ મધ્યસ્થનું લક્ષ પૂરેપુરું છે જ ૨૫ વરસ સુધી એક ધારી રીતે એ જ વિષયના સંબંધમાં શાસ્ત્રીય વિચાર કરતું આ માસિક અત્યાર સુધી ચાલ્યું છે એ વાત, અભિમાનપૂર્વક સંતોષ માનવા જેવી તો છે જ. છતાં, ગયાં ૨૫ વરસમાં જે રીતે કામ થયું, તે હવે પછી નવા જોશમાં વધારે વ્યાપક કરવાની જરૂર છે જ, અને આવતા વર્ષમા રૌપ્યમહોત્સવના પરિણામે જે નવાં કાર્યો હાથ ધરાશે અથવા જૂનાને સંગઠિત કરવામાં આવશે, તેમાં શિક્ષણપત્રિકા અગ્રસ્થાન અને આમુલાગ્ર ફેરફાર પણ માગી લે છે.

અપૂર્ણ

નૂ. બા. શિ. સંઘની સામાન્ય સભાનો અહેવાલ

તા. ૨૫-૧૧-૫૦ નવેમ્બર સવારે વડોદરા-મા જુમાદાદા વ્યાયામ શાળામાં નૂ. બા. શિ. સંઘની સામાન્ય સભાની બેઠક મળી હતી. સભાનું પ્રમુખસ્થાન શ્રી સરલાદેવી સારાભાઇને આપવામાં આવ્યું હતું.

સામાન્ય સભાની બેઠકમાં ૧૦૦ ઉપર સભ્યોની હાજરી હતી. શ્રી કાશીનાથજી, શ્રી નાના-ભાઈ ભટ, શ્રી કોચરેકર, શ્રી હરભાઇ ત્રિવેદી તથા જમુભાઇ દાણી સભામાં હાજર ન રહી શકયા તે માટે દિલગીરી બતાવતા તેમના પત્રો સભામા વાંચી બતાવવામાં આવ્યા હતા.

શિશુભારતીના બાળકોના મધુર સંગીતથી કાર્યક્રમની શરૂઆત થઇ હતી. ત્યારપછી પ્રમુખ-શ્રીના પ્રાસ્તવિક ભાષણ પછી આગલી સભાના ઠરાવો વાંચવામાં આવ્યા હતા, અને તેને સર્વા-નુમતે મંજૂરી આપવામાં આવી હતી. ત્યાર પછી સંઘના મંત્રીઓએ ૩ વર્ષનો અહેવાલ (૧૯૪૮ ૪૯-૫૦) ની સાલનો વાંચી બતાવ્યો હતો.

વિશ્વસ્ત મંડળની લેવડ દેવડ ઉપર થોડી ચર્ચા થયા પછી સર્વાનુમતે અહેવાલ અને જમાખર્ચને મંજૂરી આપવામાં આવી જમા-ખર્ચ ઓડીટ થયા પછી પત્રિકામાં છાપવામાં આવે એમ ઠરાવવામા આવ્યું. ત્યાર પછી બંધા-રણના ઉપનિયમોમા નીચે પ્રમાણે ફેરફાર કરવાનો ઠરાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.

"એવું ઠરાવવામાં આવેછે કે મધ્યસ્થ વ્ય. મંડળને જરૂર પડે તો બે વધુ સભાસદ નીમી લેવાની સત્તા વ્ય. મંડળને આપવામા આવે છે."

ત્યાર પછી સભાનું કામ પૂરું થતા સભા સમાપ્ત થઇ હતી પરંતુ નીચેના મુદ્દા ઉપર એકત્ર થયેલા સભ્યોનો મત શો છે તે જાણવાની ઇચ્છાથી તે, સભાની આગળ અનૌપચારિક રીતે મૂકવામા આવ્યો હતો તે ઉપર બપોરે ૨॥ વાગે ચર્ચા થઈ હતી.

૧. સંઘના સભાસદોનુ લવાજમ તથા પત્રિકાનુ લવાજમ જુદું પાડીને પત્રિકાનુ લવા-જમ ૩. ૩॥ અને સંઘના સભાસદનું લવાજમ ૩. ૧ એમ ઠરાવવામાં આવ્યું અને બહુમતી એમ કરવામા અનુકૂળ માલમ પડી. તો પણ વિરુદ્ધ બાજુનો મુદ્દો લક્ષમા લેવા જેવો લાગતા રૌપ્યમહોત્સવના એક વર્ષ પૂરતા સંઘના સભા-સદનું લવાજમ ૧ ૩. લઈને સભાસદ કરવામા આવે એવો મત વ્યક્ત થયો હતો.

૨. સંઘના સભાસદના લવાજમ બાબત ૫૦ ટકા ભાગ શાખાને મળે એ મુદ્દા ઉપર

બહુમતી માલમ પડીહતી.

૩. ભાષાવિભાગના ત્રણ જુદા જુદાં વ્ય. મંડળ હોવાં જોઇએ તેના ઉપર સામાન્યરીતે અનુકૂળ પ્રતિકૂળ મતો જાણવામાં આવ્યા હતા. એ સંબંધમાં હજી પરિસ્થિતિ પરિપકવ થઇ નથી એમ એકંદરે માલમ પડયું હતું.

રાત્રેબ્રાહ્મણસભાના હોલમા કાર્યકર્તાઓની એક આવિધિસરની સભા મળી હતી. તે વખતે શ્રી. તારાબહેન મોડક, શ્રી. નામલે, તથા શ્રી. કાંતિભાઈ કારિયાએ રૌપ્યમહોત્સવ સંબંધી પોતાના વિચારો સભાની સામે વિચાર કરવા માટે મૂકયા હતા.

બીજે દિવસે સવારે તા. ૨૫ ને રોજ જુમ્માદાદા વ્યાયામ શાળામા મળેલી બેઠકમા એ મુદ્દા ઊપર સાંગોપાગ ચર્ચા થઇ. ચર્ચામા ઘણા લોકોએ ભાગ લીધો થોડાએક મુદ્દાઓ ઘણા જ ચર્ચાસ્પદ નિવડયા હતા.

એ ચર્ચાના ધોરણ ઉપરથી નૂ. બા. શિ. સંઘના વ્ય. મંડળે સાંજે પોતાની બેઠકમા એવું ઠરાવ્યું કે ૧૯૫૦ એ સાલ આખું વર્ષ સંઘના રૌપ્યમહોત્સવનું ગણીને તેના કાર્યની શરૂઆત જાન્યુઆરીની ૧લીથી કરવી. મહોત્સવના કાર્યક્રમની યોજના તૈયાર કરવા માટે નીચે પ્રમાણે યોજનાસમિતિ નીમવામાં આવી.

(૧) શ્રી. તારાબહેન પ્રેમચંદ
(૨) શ્રી. બાબીબહેન મૂળજી
(૩) શ્રી. ચંદુલાલ જવેરી
(૪) શ્રી. કાંતિલાલ કારિયા
(૫) શ્રી. પ્રભુભાઇ ઉપાધ્યાય
(૬) શ્રી. તારાબહેન મોડક
(૭) શ્રી. શેષ નામલે

આ સમિતિએ બને એટલી વહેલી યોજનાને તૈયાર કરી તેમાં યોગ્ય ફેરફાર સહિત સ્વીકાર કરીને તે અમલમાં મૂકવા માટે વ્ય. મંડળની બેઠક તા. ૧૭-૧૭-૫૦ને રોજે બોલાવવામાં આવી છે. બપોરે બધા કાર્યકર્તાઓએ એકત્ર મળીને ભોજન કરી એકમેકની આભારણા કરી લીધા પછી કાર્યક્રમ સમાપ્ત કરવામાં આવ્યો હતો.

આ સંમેલન માટેની તમામ વ્યવસ્થા જુમ્માદાદા વ્યાયામ શાળાના સંચાલક શ્રી. માણેકરાવભાઈ તથા શ્રી. કમળાશંકર પંડિત શિશુભારતી વડોદરા તેમ જ વડોદરાના અન્ય કાર્યકર્તાઓએ તન, મન, ધનથી ભોજન, તેમ જ ઉતારા વગેરેની ઉત્તમરીતે કરી આપી હતી. નૂ. બા. શિ. સંઘ એ બધાનું સાભાર ઋણી છે.

મંત્રીઓ

જોડાએલાં બાલમંદિરોને

ઓકટોબર સુધીમા સંઘ સાથે જોડાએલા બા. મંદિરો તરફથી જવાબો મળી ગયા છે. જે લોકો બાકી રહ્યા છે તે પણ વહેલી તકે અમારી સાથે પત્ર વહેવાર કરીને પોતાનું જોડાણ ચાલુ રાખવા બાબત અમને જણાવે એવી તેમને વિનતિ છે. બધાં બા મંદિરો ઉપર અગ્યે વાર કાર્યાલયમાંથી કાગળો ગયા છે અને વખત પણ ઘણો થઈ ગયો છે; એટલે જેમણે હજી સુધી જવાબ અને લવાજમ નહિ મોકલ્યું હોય તેઓ ઉતાવળ કરીને મોકલી આપે એ ઈચ્છનીય છે.

જે લોકોના કાગળો તથા લવાજમ આવી ગયા છે. તેમને જણાવવાનું કે અત્યાર પહેલા તેમના બા. મંદિરોની નિરીક્ષણની યોજના હું કરી શકી નથી માટે દિલગીર છું. હવે જાન્યુઆરીથી એ યોજના થશે.

તારાબેન મોડક
નિરીક્ષક. નૂ. બા. શિ. સંઘ.

— નવરચનાને પંથે —

આવો.....આવો.....આવો.....

આવો સંગમની દુનિયા રચવા આવો
ઘર ઘર ને ગામ ગામ જાગે છે જંગ આજ
સ્વાર્થ ભરી સૃષ્ટિના ધારી વિધવિધ સાજ
દુનિયાનાં દુઃખો એ હરવા આવો...
આવો સંગમની દુનિયા રચવા આવો.

બુદ્ધિ બહેકાવતા બાબુ દિસે છે કોઇ
નગડાં શરીર કરી ભડકાવે લોક કોઈ
આતમની આંખે જ જોવા આવો....
આવો સંગમની દુનિયા રચવા આવો.

ઊંચ નીચ ભેદો આ દુનિયામાં ઠેરઠેર
કોઇ કરે આજે છે કોના ભોગે જ લહેર
શ્રેણીવિહીન વિશ્વ કરવા આવો....
આવો સંગમની દુનિયા રચવા આવો.

પૈસો પૂજાય આજ માનવ હડધૂત થાય
વસમી આ વાત હવે સાંખી ના આજ જાય
હૈયામાં હિત એનું ધરવા આવો....
આવો સંગમની દુનિયા રચવા આવો.

પૂનમચંદ શાહ

બાલક્રીડાંગણનાં સાધનો

૨. સીડી

બાળક ચાલતાં શીખે પછી ઊંચે ચઢવાનો પ્રયત્ન કરે છે ઘરમાં સાવ નાનું બાળક ખુરશી પકડીને કે ટેબલ પકડીને તેની ઉપર ચઢવા પ્રયત્ન કરે છે. જે ઘરોમાં દાદર છે, તે ઠેકાણે બાળકો દાદરના પગથિયે પોતાની મેળે ચડવા લાગે છે. બાળકની આ ઉંમર જ એવી છે કે હાથથી પકડી પગ વડે ઊંચે ચડવાની એને ઈચ્છા થાય છે.

બાળક જ્યારે આમ ચડવા પ્રયત્ન કરે છે ત્યારે માબાપ તેને રોકે છે અને પડી જવાની અને વાગી જવાની બીક બતાવી ધમકાવે છે. અથવા કોઇ માબાપ બાળકને ઊંચકીને ટેબલ, ખુરશી પર બેસારી દે છે, કે દાદર પર ચડાવી દે છે. આ બન્ને રીત સાચી નથી. પહેલી રીત તો સાવ ખોટી જ છે. સમજુ માબાપોએ બાળકને ધમકાવવાની જરૂર નથી. તેજ પ્રમાણે બાળકને ઊંચકીને દાદર પર ચડાવી દેવું તે પણ બરોબર નથી. બાળકને, ઉપર ચડવાની પ્રવૃત્તિ કરીને તેના હાથ પગને અને સમતોલપણાને વિકસાવવું છે. પણ એ વિકાસમાં માબાપ આડે આવે છે.

૨ વર્ષથી ૨॥ વર્ષનાં બાળકો આ રીતે ઘરનાં પગથિયે, ઓટલે, ખુરશી પર, ખાટલા પર ચડવા મથે છે; આથી મોટી ઉંમરનાં બાળકો સીડી પર, દાદર પર ચડવા પ્રયત્ન કરે છે. બાળક દાદર પર ચડવાનું પોતાની મેળે શીખે છે. ઉતરવાની ક્રિયા પણ પોતે પોતાની મેળે કરે છે. ચડવા કરતાં ઉતરવાની ક્રિયા મુશ્કેલ છે. હા! મોટેરાંઓએ બાળક પડી ન જાય તેની સાવચેતી રાખવાની છે ખરી. આ રીતે ચડવા ઊતરવાની ક્રિયાથી બાળકમાં હિંમત આવે છે. તેને એમ થાય છે કે હું મારી શક્તિ વડે ઊંચે ચડયું. વળી આ ક્રિયાથી હાથ પગ કેળવાય છે ને સાથે-સાથ એકાગ્રતા અને શરીર પર કાબૂ આવે છે.

બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ તેને મુશ્કેલ રીતે ઊંચે ચઢવાનુ મન થાય છે. સાંકડાં પગથિયાંવાળી સીડી પર તેને ચડવું અને ઊતરવું ગમે છે. માટે આપણે બાળક્રીડાંગણમાં જાત જાતની સીડીઓ, બાળકના શરીરના કદને ખ્યાલમાં રાખીને વસાવવી જોઇએ. વળી એ સીડીઓને એવી જગ્યાએ અને એવી રીતે ગોઠવવી જોઇએ કે બાળકો પોતાની મેળે તેનો ઉપયોગ કરવો હોય ત્યારે કરી શકે.

સાવ નાનાં બાળકો જ્યારે સીડીનો ઉપયોગ કરે છે ત્યારે શિક્ષકે પાસે ઊભા રહેવાની જરૂર છે, પણ તેને ચડાવી દેવાની જરૂર નથી. એક બીજાને ચડતાં જોઇને બાળકો કેમ ચડવું ને ઊતરવું તે સ્વતઃ શીખી લે છે. છતાં એકાદ બે વાર શિક્ષકે બાળકની ગતિએ સીડી પર ચડવું અને ઉતરવું; એ બંને ક્રિયા પ્રત્યક્ષ કરી બતાવવી.

પોતાના બળે બાળક ઉપર ચડતું જાય છે તેથી તેને એક જાતનો આત્મસંતોષ થાય છે, તેને મજા પડે છે. જ્યારે બાળક છેક ઉપર સુધી ચડીને પહોંચી જાય છે ત્યારે તેને કંઇક મળ્યાનો અનેરો આનંદ થાય છે.

સાત વર્ષથી મોટી ઉંમરના બાળકોને સીડી ઉપર ફાવી ગયા પછી, સહેલાઈથી ચડી શકાય તેવાં, ઝાડ ઉપર ચડવાની તાલીમ પણ આપવી જોઇએ.

આ સીડીનું સાધન એવું છે કે બાળકને જ્યારે થાક લાગે ત્યારે તેને છોડી દે છે. સીડી પર વારે વારે ચડ ઊતર કરીને બાળક થાકે એટલે તેની મેળે એ છોડી દે છે. તેથી આ સાધન બાળકના શરીર–શિક્ષણને માટે ઉપયોગી છે. દરેક બાળશાળામાં અને બાળક્રીડાંગણમાં સીડીનું સાધન હોવું જોઇએ.

શામજી જમોડ

બા. લ. વિ. ભા. ૭.
ડિસેમ્બર ૧૯૫૦

અમારી લક્ષ્મી

લક્ષ્મી એક છોકરી છે.
નાની, સુંદર, શાણી છોકરી.
રોજ નિયમસર બાલવાડીમાં આવતી.
રોજ એની ઈચ્છા મુજબ રમતી.
એનાં બધાં કામ નિયમિત, વ્યવસ્થિત.
બે વરસ સુધી એ બાલવાડીમાં આવી.
એકાદ વરસ પ્રાથમિક શાળામાં ગઈ.
પછી તો ઘેર જ રહેવા લાગી;
ઘરનું કામકાજ કરવા લાગી.
એ એનાં બે નાનાં ભાઈબેનોને સંભાળેછે.
હવે એના વાળ ઓળેલા નથી.
એનાં કપડાં ફાટ્યાંતૂટ્યાં ને ગંદાં છે.
હવે એ સાફ, સુંદર, સુઘડ નથી દેખાતી.
"અનુતાઇ, ઘાસ ખરીદશો?"
આંગણમાં નાની ઘાસ વેચનારી આવી.
ભારો બરાબર બાંધ્યો ન હતો.
ચારે બાજુથી લટકતા ઘાસને કારણે
વેચનારીનું મોં દેખાતું ન હતું.
"એ અનુતાઈ, ઘાસ લઇ લ્યો તો!
કેવું મજાનું, લીલું ઘાસ છે?"
"આ ભારાનું શું લઇશ? અરે, પણ
આ આટલું નાનું કેમ છે?"
હું ઘાસ જોવા લાગી.
લક્ષ્મી મોં સંતાડી હસી રહી હતી.
"અરે કોણ, લક્ષ્મી છે આ?
છોકરી, તું પણ ઘાસ કાપવા ગઈ હતી?"
લક્ષ્મી બોલી: "ચાર આના આપો."
મેં કહ્યું," બે આના આપું: બીજું
આટલું લાવ તો ચાર આના આપીશ."
છેવટ અઢી આનામાં લક્ષ્મી રાજી થઇ.
ઘાસનો ભારો તેણે નીચે નાખ્યો.
એ ખડખડાટ હસી;એની આંખો ચમકી ઊઠી.
અઢી આના ગણતી એ ઘેર ગઇ.
લક્ષ્મી હવે કામ કરવા માંડી છે.
લક્ષ્મી હવે કમાવા માંડી છે.
લક્ષ્મી હવે એની માને મદદ કરે છે.
લક્ષ્મી હવે શાણી થઇ રહી છે.
એ હવે ઘાસ કાપવા જાય છે.
એની બેનને પારણામાં હિંચોળે છે.
એ ટોપલી બનાવતાં શીખે છે.
એ વાસણ માંજે છે ને આંગણું વાળે છે.
લક્ષ્મી આજે અઢી આના કમાણી.
આજ લક્ષ્મી ખૂબ ખુશ છે.

અનુવાદક:
જ.

અનુતાઇ

ઇસ્પિતાલનાં ચિત્ર-પુસ્તકો

"ઉષા, તું બજારની બાટલીનો ગુંદર ન લાવતી. ગુંદરના ગાંગડા લઇ ઘેર પલાળજે; આપણને એ ગુંદર સસ્તો પડશે."

"હા, નવનીત, મને બાએ પણ એ જ કહ્યું. આજે મોટાભાઇ એક રતલ ગુંદર લઇ આવ્યા છે." ઉષાએ કહ્યું.

"પણ કાલે તો ગુંદર તૈયાર થઈ જ જવો જોઇએ. આપણી ઈસ્પિતાલ ઉઘડવાને હવે આઠ જ દિવસ બાકી છે. રજાઓ પણ પૂરી થવા આવશે, ને ચિત્રોનો તો હજુ ઢગલો પડ્યો છે." નવનીતે કહ્યું. "જતાં જતાં માલતીને બૂમ પાડજે; કહે જે કે તારું કામ હવે જલદી તૈયાર કર."

નવનીત, ઉષા, માલતી સૌએ શ્યામલાલની બાળકોની ઇસ્પિતાલમાં આવનારાં નાનાં છોકરાંઓ માટે ચિત્રોની ચોપડીઓ બનાવી છે. નવનીતે જાત જાતનાં છાપાંઓમાંથી ચિત્રો કાપ્યાં છે.

દેશ દેશના લોકો,
દેશ દેશના પહેરવેશ,
રંગ બેરંગી માછલી,
ભાત ભાતનાં પતંગિયાં,
જાત જાતનાં જાનવરો,
જાણીતાં ઝાડો,
જાપાનની ઢીંગલીઓ,
અમેરિકાનાં યંત્રો,
મોટરો ને વિમાનો,

બધું જ ભેગું કરી રાખ્યું હતું; કાપી કૂપીને ઠીક કરી રાખ્યું હતું. વિષય પ્રમાણે ચોપડીઓ બનાવી હતી. માલતી ચિત્રો ચિતરવામાં બહુ હોશિયાર હતી. એણે કહ્યું, "નવનીત, હું તને 'રેડ રાઇડિંગ હૂડ,' 'સોનબાઇ,' 'ત્રણ રીંછ', એવી વાર્તાઓનાં ચિત્રો દોરી આપું છું. તું ઈંદિરાને કહે કે દરેક ચિત્ર સામે મોટા અક્ષરે વાર્તા લખી દે. એના અક્ષર સારા છે.

માલતીની ચિત્રવાર્તાઓનું એક સુંદર પુસ્તક બન્યું. પશુ, પંખી, યંત્રો, દેશદેશના માણસોનાં સુંદર ચિત્રો, છાપાંઓ, ચોપડીઓમાંથી કાપી મૂક્યાં હતાં તે ગોઠવી, ચોંટાડવા માંડ્યાં. નવનીત કાપતો જાય; ઉષા ગુંદર લગાડતી જાય; માલતી ચિતરતી જાય ને ઈંદિરા લખતી જાય, આમ છતાં પણ કંઇ પાર આવ્યો નહીં. હવે એક જ દિવસ બાકી રહ્યો છે. કાલે તો ઇસ્પિતાલ ઉઘાડવામાં આવશે. કામમાં જ સાંજ પડી. ૧૫–૨૦ ચિત્ર–ચોપડીઓ તૈયાર થઈ છે. પણ હજુ પાંચ સાત બાકી છે. બધાં છોકરાંઓએ નક્કી કર્યું, 'એક રાત નહીં ઊંઘીશું.'

રાત પડી ને સૌ પોતાની માતાને પૂછી એક સ્થળે ભેગાં થયાં. નવનીતને ત્યાં આખી રાત દીવો બળ્યો, કોઇએ ચિત્રો ચોંટાડ્યાં; કોઇએ લખી નાખ્યાં. ઝાઝા હાથ

રળિયામણા. સવારના બીજી છ સાત ચિત્ર-ચોપડીઓ તૈયાર થઇ ગઈ. નવનીતની મહેનત જોઇ સૌને શૂર ચડ્યું.

બીજે દિવસે ફૂલ-તોરણ ટંગાયાં. પ્રમુખે ઇસ્પિતાલ ખુલ્લી મૂકી. મોટા મોટા ફંડ આપનારાનાં નામો બોલાયાં પણ નવનીતની ચોપડીઓની કોઇએ નોંધ લીધી નહીં.

છેવટે પ્રમુખશ્રી, ખાટલે ખાટલે ફરવા નીકળ્યા. એમણે જોયું તો ખાટલા ઉપર ૨૫ જુદી જુદી ચિત્ર-ચોપડીઓ પડી હતી. પ્રમુખનું ધ્યાન એના તરફ ખેંચાયું. આ શું! આવાં સુંદર પુસ્તકો અહીં મૂકાયાં છે એની તો મને ખબર જ નહિ. આ બધું કોણે તૈયાર કર્યું છે? એ તો અમારા નવનીતે; માંદાં છોકરાંઓ આવશે એને માટે

દિવસો સુધી બેસી બેસી એણે આ કર્યું છે; કામ પૂરું ન થયું. એટલે છેવટે એણે ઉષા, માલતી, ઈંદિરા વગેરેને બોલાવ્યા. સૌ રાત આખી બેઠાં ને આ પુસ્તકો તૈયાર કર્યાં" શ્યામલાલે કહ્યું.

પ્રમુખને થયું, ઘણા દાતાઓનાં નામ મેં ગણાવ્યાં પણ આ બાળકોના ખરા દાનની કિંમત કરવી તો રહી ગઇ. મારાં ખરાં અભિનંદન તો આ બાળકોને ઘટે છે.

પછી ઇસ્પિતાલમાં આવતાં અપંગ બાળકોએ હરખભેર આ ચિત્રો જોયાં અને આનંદ લીધો એ જ એ બાળકોને માટે તો સાચાં અભિનંદન હતાં.

કપિલા ઠાકોર

ભાવે એટલું ખાવું નહિ–

દીવાળીના દિવસો જેમ જેમ નજીક આવતા ગયા તેમ તેમ મનુને ઘેર નવી નવી વાનગીઓ થવા માંડી. ધારી, ધૂધરા, સેવ, પાપડ, સંજોરી આમ દરેક વસ્તુ મનુને ત્યાં બનવા માંડી.

મનુને ધારી બહુ ભાવે; એટલે તેણે તો જે દિવસથી તે બની તે દિવસથી જ ખાવાનું ચાલતું કરી દીધું. હાલતાં ચાલતાં, ઊઠતાં બેસતાં, મનુ ધારી ખાવા લાગ્યો. મનુની બા મનુને કહેતી, 'બેટા, મનુ! આમ બા બા કરવું તે સારું નહિ; કારણકે આથી પેટમાં બગાડ થાય અને માંદા પડાય.' પણ મનુ સાંભળે શાનો! 'જોને, બા બહુ ધમકાવતા ત્યારે મનુ રીસાઇ જતો. અને ધમા-ચકડી કરતો. પછી બા ન છૂટકે એકાદ ધારી આપતા: અને બા જ્યારે આઘાં પાછાં થતાં ત્યારે મનુ છાનો માનો બે ચાર ખાઈ જતો.

જ્યારે દીવાળી આવી અને સર્વ છોકરાંઓ રમવાને ઘરમાંથી બહાર નીકળી પડ્યાં ત્યારે મનુના પેટમાં બહુ દુ:ખવા આવ્યું; ઉપરા છાપરી ઝાડા થવા લાગ્યા, અને મનુ માંદો પડ્યો. એની દીવાળી બગડી ગઈ.

મનુ બાને કહેવા લાગ્યો, "બા, મેં તારું કહેવું માન્યું નહિ તો આ દશા થઇ! હવેથી હું કદી પણ ભાવશે એટલું ખાઇશ નહિ..."

જશભાઇ અ. પટેલ

છું ક્રિસ્તોની ક્રિ ક્રૂ ક

હમણાં મને એક આલમ દિરના આચાર્ય ભેટયા. સાંજ પડી હતી. મોટી મંડળીના બે બળદો પિંજણ કરતાં હતાં. ભાઈશ્રી અ આવ્યા. બહુ જોયું, આનંદ વ્યક્ત કર્યો. હું એમને મરે લઈ ગયો.

વાતચીત ચાલી. પગાર પૂછયો. નાના પગારમાં મને કામ કરતો જોઈ નવાઈ પામ્યા એકદમ બોલી ઊઠયા. "તમારે વધારે પગારની માગણી કરવી જોઈએ." "હું તો ક્રાન્તિકારી શિક્ષક છું." મેં કહ્યું "સંસ્થાને પોસાય તેમ નથી." તેમણે કહ્યું, "છોડીદયો! અમદાવાદમા તમને પતિપત્નીને સહેજે દોઢસો બસો મળી શકશે." મેં કહ્યું. "સંસ્થા અમારી જ છે અમે સંસ્થા અને સંસ્થા એ જ અમે. શિક્ષક જેમ બને તેમ સાદો હોવો જોઈએ અને એ જરૂરિયાત વધારવી જોઈએ. શિક્ષકે બાવા નથી બનવાનું પણ બને તેટલી જરૂરિયાત વધારી આત્મસંતોષી બનવા પ્રયત્ન કરવો જોઈએ" થોડીક વાતચીત પછી ભાઈશ્રી અ છૂટા પડયા. છૂટા પડતી વખતે, ઓછા પગારમા સંસ્થામા રહી એક ચિત્તથી કામ કરતા બદલ ધન્યવાદ આપ્યો.

ભાઈશ્રી અ અમદાવાદના રંગે રંગાયેલા હતા, ત્યારે હું તો સમજપૂર્વક ઊઠાવેલી જવાબદારી અદા કરનાર સામાન્ય શિક્ષક છું જ્યારે મેં આચાર્યપદનો સ્વીકાર કર્યો ત્યારે પૂ. ઈશ્વરાચાર્યે ચોકખા શબ્દમા કહેલું. "તમને ઘણા ક્રાન્તિવાદી મળશે. હું જાણું છું કે તમને નજીવો પગાર મળે છે. તેથી જ તમને જોડકાંને ભણવા મોકલેલા. તમે દુનિયાનાં સર્જક છો. એટલે તમારે ઘણો ત્યાગ કરવો પડશે. રાત દિન બાલપયગંબરોની ઉપાસના જ કરવી પડશે. આજ પચ્ચીસ વર્ષ પછી જ્યારે મારું પ્રયોગમંદિર તમને સોંપી આશ્રમે સિધાવું છું ત્યારે મારી પાસ કકત બાર આના સિલક છે."

હું પણ યુવાન છું. ને પણ ક્રાન્તિ ઝંખે છે. પણ ક્રાન્તિનો આજનો જુવાન કાંઠેક જુદો છે. ક્રાન્તિનો એક તબકકો પૂરો થયો છે. બીજા તબક્કાની હાલની ક્રાન્તિ કદાચ પાયમાલી નોતરશે. તેમાથી શિક્ષકે હમેશા ચેતવાનું છે કદાચ તે ક્રાન્તિમા પોતે બીજાનું ભલું કરે છે એમ ભાસે છે ખરું, છતા સેવા કરતા કુસેવાનો એમાં વધુ ભય છે જ્યારે મને થોડા ક્રાન્તિવાદી મિત્રો મળ્યા ત્યારે હું પણ આવો જ હતો મારા એક શિક્ષક તે માટે વધુ જવાબદાર હતા. તે દરેક વિષયમાથી સામ્યવાદ તારવી કાઢતા. "ગાંધીજીને આમ બોલવાનો હક્ક નથી; તેમને હું નેતા તરીકે સ્વીકારતો નથી" એમ હું એકવાર ઈશ્વરાચાર્ય આગળ બોલી ગયા. તે વખતે ઈશ્વરાચાર્યે મને કહેલું કે પૂરું જાણ્યા વિના એક બાજુનો અભ્યાસ કરી, બીજાને વખોડવો તે સારું નથી. તમે એક જ બાજુ દોડો છો. કદાચ પડી જશો. તેમને આ સાભળી થોડુક દુઃખ પણ થયું પણ બાથે સાથે મેં તે જ દિવસથી ગાંધીસાહિત્યનો અભ્યાસ પણ શરૂ કર્યો આજના યુવાનોને આવો ઝીણવટ ભર્યો અભ્યાસનો સમય નથી પણ શિક્ષકે તો બહુ જ વાંચન રાખવુ પડશે. તેણે સમતુલા જાળવવાની છે. તેનાથી કોઈ પણ વસ્તુ અજાણ્યુ ન હોવી જોઈએ તેના જ્ઞાનસ્થાનોથી તેણે દૂર રહેવુ પડશે. કારણ તેને માથે નવી દુનિયા સર્જવાની જવાબદારી છે જે તેનામા સંપૂર્ણ, કમેકમે નિશ્ચયનું રાષ્ટ્રીય જ્ઞાન નહિ હોય તો આજના વર્ગવિગ્રહો અને અસંતોષ નહિ મિટાવતા બળતામાં વી હોમશે"

મને નવો વિચાર આવે છે કે ગામડા ક્રાન્તિવાદી કેમ થવાય?

ગોવિંદ રાણેકર

રળિયામણા. સવારના બીજી છ સાત ચિત્ર-ચોપડીઓ તૈયાર થઇ ગઈ. નવનીતની મહેનત જોઇ સૌને શૂર ચડ્યું.

બીજે દિવસે ફૂલ–તોરણ ટંગાયાં. પ્રમુખે હૉસ્પિતાલ ખુલ્લી મૂકી. મોટા મોટા ફંડ આપનારાનાં નામો બોલાયાં પણ નવનીતની ચોપડીઓની કોઇએ નોંધ લીધી નહીં.

છેવટે પ્રમુખશ્રી, બાટલે બાટલે ફરવા નીકળ્યા. એમણે જોયું તો બાટલા ઉપર ૨૫ જુદી જુદી ચિત્ર–ચોપડીઓ પડી હતી. પ્રમુખનું ધ્યાન એના તરફ ખેંચાયું. આ શું ! આવાં સુંદર પુસ્તકો અહીં મૂકાયાં છે એની તો મને ખબર જ નહિ. આ બધું કોણે તૈયાર કર્યું છે? એ તો અમારા નવનીતે; માંદાં છોકરાંઓ આવશે એને માટે દિવસો સુધી બેસી બેસી એણે આ કર્યું છે; કામ પૂરું ન થયું. એટલે છેવટે એણે ઉષા, માલતી, ઈંદિરા વગેરેને બોલાવ્યા. સૌ રાત આખી બેઠાં ને આ પુસ્તકો તૈયાર કર્યાં" શ્યામલાલે કહ્યું.

પ્રમુખને થયું, ઘણા દાતાઓનાં નામ મેં ગણાવ્યાં પણ આ બાળકોના ખરા દાનની કિંમત કરવી તો રહી ગઇ. સાચાં ખરાં અભિનંદન તો આ બાળકોને ઘટે છે.

પછી હૉસ્પિતાલમાં આવતાં અપંગ બાળકોએ હરખભેર આ ચિત્રો જોયાં અને આનંદ લીધો એ જ એ બાળકોને માટે તો સાચાં અભિનંદન હતાં.

કપિલા ઠાકોર

ભાવે એટલું ખાવું નહિ–

દીવાળીના દિવસો જેમ જેમ નજીક આવતા ગયા તેમ તેમ મનુને ઘેર નવી નવી વાનગીઓ થવા માંડી. ધારી, ધૂધરા, સેવ, પાપડ, સંજોરી આમ દરેક વસ્તુ મનુને ત્યાં બનવા માંડી.

મનુને ધારી બહુ ભાવે; એટલે તેણે તો જે દિવસથી તે બની તે દિવસથી જ ખાવાનું ચાલતું કરી દીધું. હાલતાં ચાલતાં, ઊઠતાં બેસતાં, મનુ ધારી ખાવા લાગ્યો. મનુની બા મનુને કહેતી, 'બેટા, મનુ! આમ બા બા કરવું તે સારું નહિ; કારણકે આથી પેટમાં બગાડ થાય અને માંદા પડાય.' પણ મનુ સાંભળે શાનો! 'જોને, બા બહુ ધમકાવતા ત્યારે મનુ રીસાઇ જતો. અને ધમા-ચકડી કરતો. પછી બા ન છૂટકે એકાદ ધારી આપતા: અને બા જ્યારે આઘાં પાછાં થતાં ત્યારે મનુ છાનો માનો બે ચાર ખાઈ જતો.

જ્યારે દીવાળી આવી અને સર્વ છોકરાંઓ રમવાને ઘરમાંથી બહાર નીકળી પડ્યાં ત્યારે મનુના પેટમાં બહુ દુ:ખવા આવ્યું; ઉપરા છાપરી ઝાડા થવા લાગ્યા, અને મનુ માંદો પડ્યો. એની દીવાળી બગડી ગઈ.

મનુ બાને કહેવા લાગ્યો, "બા, મેં તારું કહેવું માન્યું નહિ તો આ દશા થઇ.! હવેથી હું કદી પણ ભાવશે એટલું ખાઇશ નહિ..."

જશભાઇ ઝ. પટેલ

ક્રાન્તિકારી શિક્ષક

હમણાં મને એક બાલમંદિરના આચાર્ય ભેટ્યા. સાંજ પડી હતી. મોટી મંડળીના બળકો પિંજણ કરતાં હતા. ભાઈશ્રી અ આવ્યા બધું જોયું, આનંદ વ્યક્ત કર્યો. હું એમને ત્યાં ગયો.

વાતચીત ચાલી. પગાર પૂછ્યો. નાના પગારમાં મને કામ કરતો જોઈ નવાઈ પામ્યા. એકદમ બોલી ઊઠ્યા. "તમારે બધારે પગારની માગણી કરવી જોઈએ." "હું તો ક્રાન્તિકારી શિક્ષક છું." મેં કહ્યું "સંસ્થાને પોસાય તેમ નથી." તેમણે કહ્યું, "છોડીદયો! અમદાવાદમાં તમને પતિપત્નીને સહેજે દોઢસો બસો મળી શકશે." મેં કહ્યું. "સંસ્થા અમારી જ છે અમે સંસ્થા અને સંસ્થા એ જ અમે. શિક્ષક જેમ બને તેમ સાદો હોવો જોઈએ અને એ જરૂરિયાત વધારવી જોઈએ. શિક્ષકે બાવા નથી બનવાનું પણ બને તેટલી જરૂરિયાત ઘટાડી આત્મસંતોષી બનવા પ્રયત્ન કરનો જોઈએ." થોડીક વાતચીત પછી ભાઈશ્રી અ છૂટા પડ્યા. છૂટા પડતી વખતે, ઓછા પગારમાં સંસ્થામાં રહી એક ચિત્તથી કામ કરવા બદલ ધન્યવાદ આપ્યો.

ભાઈશ્રી અ અમદાવાદના રંગે રંગાયેલા હતા, ત્યારે હું તો સમજપૂર્વક ઊઠાવેલી જવાબદારી અદા કરનાર સામાન્ય શિક્ષક છું ત્યારે મેં આચાર્યપદનો સ્વીકાર કર્યો ત્યારે પૂ. ઈશ્વરાચાર્યે ચોકખા શબ્દમાં કહેલું. "તમને ઘણા ક્રાન્તિવાદી મળશે. હું જાણું છું કે તમને નજીનો પગાર મળે છે તેથી જ તમને જોડકાંને ભણવા મોકલેલા. તમે દુનિયાનાં સર્જકો છો. એટલે તમારે ઘણો ત્યાગ કરવો પડશે. રાત દિન બાલપ્રયોગમંદિરની ઉપાસના જ કરવી પડશે. આજ પર્યન્ત વર્ષ પછી જ્યારે મારું પ્રયોગમંદિર તમને સોંપી આશ્રમે સિધાવું છું ત્યારે મારી પાસે કદાચ બાર આના સિલક છે."

હું પણ યુવાન છું. મને પણ ક્રાન્તિ બ્રમે છે. પણ ક્રાન્તિનો આજનો જુવાન કાંઈક જુદો છે ક્રાન્તિનો એક તબક્કો પૂરો થયો છે. બીજા તબક્કાની હાલની ક્રાન્તિ કદાચ પાયમાલી નોતરશે. તેમાંથી શિક્ષકે હમેશા ચેતવાનું છે. કદાચ તે ક્રાન્તિમાં પોતે બીજાનું ભલું કરે છે એમ ભાસે છે મરે, છતાં મોતા કરતા કુસેવાનો એમાં વધુ ભય છે જ્યારે મને થોડા ક્રાન્તિવાદી મિત્રો મળ્યા ત્યારે હું પણ આવો જ હતો. મારા એક શિક્ષક તે માટે વધુ જવાબદાર હતા. તે દરેક વિષયમાંથી સામ્યવાદ તારવી કાઢતા. 'ગાંધીજીને આમ બોલવાનો હક્ક નથી; તેમને હું નેતા તરીકે સ્વીકારતો નથી' એમ હું એકવાર ઈશ્વરાચાર્ય આગળ બોલી ગયો. તે વખતે ઈશ્વરાચાર્યે મને કહેલું કે પુરું જાણ્યા વિના એક બાજુનો અભ્યાસ કરી, બીજાને વખોડવો તે સારું નથી. તમે એક જ બાજુ જોડો છો. કદાચ પડી જશો. તેમને આ સાભળી થોડુક દુઃખ પણ થયું પણ સાથે સાથે મેં તે જ દિવસથી ગાંધીસાહિત્યનો અભ્યાસ પણ શરૂ કર્યો આજના યુવાનોને આવો ઝીણવટ ભર્યો અભ્યાસનો સમય નથી પણ શિક્ષકે તો ખૂબ જ વાંચન રાખવું પડશે. તેણે સમતુલા જાળવવાની છે. તેનાથી કોઈ પણ વસ્તુ અજાણ ન હોવી જોઈએ તના ભયસ્થાનોથી તેણે દૂર રહેવું પડશે. કારણ તેને માથે નવી દુનિયા સર્જવાની જવાબદારી છે જો તેનામાં સંપૂર્ણ, દરેક વિષયનું રાસ્ત્રીય જ્ઞાન નહિ હોય તો આજના વર્ગવિગ્રહો અને અસંતોષ નહિ મિટાવતા બળતામાં ઘી હોમશે'

મને બધુ વાર વિચાર આવે છે કે ગાંધી ક્રાન્તિવાદી કેમ થવાય?

ગોવિંદ ગાડ્રિક

REGD. NO. 2241

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, ભાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેના સાધનો, નકશા અને ચિત્રપટના શીટ્સ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેવંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ મુંબઈ ૧

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતા પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.
દરેક સાધન, શાસ્ત્રીય પદ્ધતિથી નિષ્ણાતોની નજર તળે બનાવવામાં આવે છે.
સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર બાલમંદિરોને ૬૦ ટકા કમિશન.
લખો–મંગાવો.

નૂતન શિક્ષણ-સાધનાલય એન્ડ આર્ટ વર્કસ લિ૦
સુરેન્દ્રનગર–સૌરાષ્ટ્ર

બાગ–અકસ્માત–જિંદગી

સોદર દરિયાઈ વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું :
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.
ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્શ્યુરન્સ કું. લી.
—: હેડ ઓફિસ :—
૩૧૫–૩૨૧ પ્રોસ્પેકટ ચેમ્બર્સ, હોર્નબી રોડ
મુંબઇ

એંગલોરની કેપ અને જ્યોર્જેટની સાડીઓ

ચોકડીવાળી અને વિવિધ રંગોમાં વિવિધ પાલવ અને પાટલીપાલવથી સુશોભિત
તદ્દન નવો જ સ્ટોક
આજે જ પધારો

ધી બોમ્બે સ્વદેશી ક્રોએપરેટિવ
સ્ટોર્સ કું. લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ,
ફોર્ટ, મુંબઇ નં. ૧.

ટેલીફોન : ૨૦૪૪૩

શાખા : પૂના અને સિકંદરાબાદ

હવાઈ – દરિયાઇ – રેલ્વેની દેશપરદેશની મુસાફરી માટેની ટિકિટો

અને તેને લગતી બીનતો,

અમારે ત્યાંથી

મેસર્સ લી એન્ડ મુરહેડ (ઇંડિયા)
લિમિટેડની
શાખા મારફત મેળવો.

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાબુરાવ મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ ૬
મુદ્રણ સ્થળ: રમેશ પ્રિન્ટીંગ વર્કસ, ૮ પારેખ સ્ટ્રીટ, પ્રાર્થના સમાજ, મુંબઈ ૪

23123
23123

93123

শিক্ষা পত্রিকা
বর্ষ ৭ঃ ৭৮৫০